Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# પ્રવચન સુધા

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના 'પ્રવચનસાર'
ઉપરના પ્રવચનો (ભાગ-૨)
(ગાથા ૨૧ થી ૫૨)

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રાપ્તિ સ્થાન

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**
ગુરુ ગૌરવ, સોનગઢ
ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧
ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭
અમી અગ્રવાલ (અમદાવાદ) : (૦૭૯) R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩
**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
'વિમલાંચલ' હરિનગર, અલીગઢ.
ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨

પ્રથમાવૃત્તિ : પ્રત, ૭૫૦, ૦૩-૦૫-૨૦૦૩, (પૂજ્ય ગુરુદેવશ્રી ૧૧૪મી જન્મજયંતી)
દ્વિતીયાવૃત્તિ : પ્રત, ૪૦૦, ૦૧-૦૬-૨૦૦૬, (શ્રુતપંચમી)
પૃષ્ઠ સંખ્યા : ૮ + ૪૬૦ = ૪૬૮
પડતર કિંમત : ૧૧૦/-
મૂલ્ય : ૩૦/-

લેસર ટાઈપ સેટિંગ :
પૂજા ઇમ્પ્રેશન્સ
પ્લોટ નં. ૧૯૨૪/B
૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯

મુદ્રક :
ભગવતી ઑફસેટ
૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been donated by Vitraag Sat Sahitya Trust who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Pravachan Suddha Part 2 (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 17 November 2011 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રસ્તાવના
## (દ્વિતીયાવૃત્તિ)

શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ' નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદઆચાર્યના મહિમા દર્શાવતાં અનેક શીલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમ દેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદઆચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ શાસ્ત્રના પ્રવચનોમાં ફરમાવે છે – 'પ્ર + વચન + સાર. પ્ર નામ દિવ્યવચનો. જે દિવ્યધ્વનિ - ત્રણલોકના નાથ પરમાત્માની દિવ્યધ્વનિ - જે ૐ ધ્વનિ - તે અહીંયા કહે છે.' અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે. જે મુમુક્ષુજીવને મહા મિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું ? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો ! એ છે કહાન ગુરુદેવ !! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે ! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઇત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો.

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઇત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસાધારણ પ્રતિભાને વ્યક્ત કરે છે.

એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે. તે અનેક શાસ્ત્રોમાંના એક 'પ્રવચનસાર' જેવાં ગૂઢ પરમાગમ ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો પ્રકાશિત કરવાનું મહાન સૌભાગ્ય 'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ' ને સંપ્રાપ્ત થયું છે. 'પ્રવચનસાર' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં કુલ ૨૭૪ પ્રવચનો થયાં છે. મૂળ પરમાગમ ત્રણ અધિકારમાં વિભાજીત છે. તેની અંદર બીજાં અધિકારોના વિભાગ કરવામાં આવેલ છે. જે 'પ્રવચનસાર' શાસ્ત્રની અનુક્રમણિકામાં આપવામાં આવેલ છે. તદ્અનુસાર ૨૭૪ પ્રવચનોને આવરી લેવા અર્થે કુલ ૧૧ ભાગમાં આ પ્રવચનોને પ્રકાશિત કરવામાં આવશે. દ્વિતીય ભાગના આ પ્રવચનોમાં કુલ ૩૬ પ્રવચનો છે. જેમાં એકવીસથી બાવન ગાથાઓનો સમાવેશ થાય છે. ગાથા ૨૧ થી ૫૨ 'જ્ઞાન અધિકાર'ના મથાળા નીચે લેવામાં આવેલ છે.

પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાયમાં સરળતા રહે તે અર્થે મૂળ સૂત્રકાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ, સૂત્ર ટીકાકાર આચાર્ય ભગવાન શ્રીમદ્ ભગવત્ અમૃતચંદ્રઆચાર્યદેવની 'તત્ત્વદીપિકા' ટીકા તથા શ્રીમદ્ ભગવત્ જયસેનઆચાર્યદેવની 'તાત્પર્યવૃતિ' ટીકા સંસ્કૃતમાં આપવામાં આવેલ છે. તદ્ઉપરાંત ગુજરાતી હરિગીત તથા ટીકા પણ આપવામાં આવેલ છે.

સમાદરણીય, સિદ્ધાંતનિષ્ઠ, જિનવાણી રહસ્યજ્ઞ પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના માર્ગદર્શન નીચે આ પહેલાં 'પ્રવચન નવનીત' (ભાગ ૧ થી ૪) પ્રકાશિત કરવામાં આવ્યા છે. તે જ પ્રમાણે આ પ્રવચનોનાં સંકલનમાં પણ પૂર્ણ ચીવટ રાખી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી અક્ષરશઃ જળવાઈ રહે તથા ભાવોનો પ્રવાહ પણ યથાવત જળવાઈ રહે તેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના બધા જ પ્રવચનો પ્રકાશિત થાય તેવી તેઓશ્રીની ભાવના હતી. તદર્થ બધા જ પ્રવચનો કમ્પ્યુટરમાં પુસ્તકાકારરૂપે આવી જાય તેવી પણ તેઓશ્રીની શોધ ચાલતી હતી. આ વાત તેઓશ્રીની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની ભક્તિભાવનાને પ્રદર્શિત કરે છે. માટે આ ભાવનાને અનુસરીને આ કાર્ય કરવામાં આવી રહ્યું છે. અતઃ આ પ્રસંગે તેમના ઉપકારને સ્મરણમાં લઈ તેઓશ્રીના ચરણોમાં વંદન કરીએ છીએ.

'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'ની નીતિ અનુસાર આ પ્રવચનોને સી.ડી.માંથી સાંભળતા-સાંભળતા સંપાદન કરવામાં આવે છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. **જ્યાં-જ્યાં વ્યક્તિગ સંબોધન કરવામાં આવેલ છે અથવા વ્યક્તિગત વાત કરવામાં આવી છે તે લેવામાં નથી આવી**. પૂર્ણરૂપે પ્રવચનો તૈયાર થયાં બાદ ફરી એકવાર અન્ય મુમુક્ષુ દ્વારા તેને સી.ડી. પ્રવચન સાથે મેળવી લેવામાં આવે છે, જેથી કોઈપણ પ્રકારની ભૂલ રહી જવા ન પામે. પ્રસ્તુત ગ્રંથના પ્રકાશનાર્થ અન્ય જે જે મુમુક્ષુઓનો સહકાર મળેલ છે તેમનો પણ અત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આભાર માનવામાં આવે છે. ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ'નો તથા સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ મે. 'ભગવતી ઑફસેટ'નો આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનોનાં પ્રકાશનમાં પ્રમાદવશ અથવા અજાગૃતિવશ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ જિનેન્દ્રભગવાનની, આચાર્યભગવંતોની, જિનવાણી માતાની તથા સર્વ સત્પુરુષોની શુદ્ધ અંતઃકરણ પૂર્વક ક્ષમા યાચીએ છીએ.

અંતતઃ આ પ્રવચનોની દિવ્ય દેશનાને અંતરંગમાં ગ્રહણ કરી સર્વ જીવો આત્મહિતને શીઘ્ર પ્રાપ્ત થાય; એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

વૈશાખ સુદ-૨, તા. ૨૯-૦૪-૨૦૦૬
(પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૭મી જન્મજયંતી)

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
ભાવનગર

**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનોનો મુમુક્ષુસમાજ અધિક લાભ લે તે હેતુથી એક મુમુક્ષુ પરિવાર, મુંબઈ તરફથી વિશેષ આર્થિક સહયોગ પ્રાપ્ત થવાથી આ પુસ્તકની કીંમત ઓછી રાખવામાં આવેલ છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## અનુક્રમણિકા


| સળંગ પ્રવચન ક્રમાંક | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| પ્રવચન–૧૭ | ગાથા–૨૧ | ૦૦૧ |
| પ્રવચન–૧૭ | ગાથા–૨૨ | ૦૧૩ |
| પ્રવચન–૧૮ | ગાથા–૨૨ | ૦૧૫ |
| પ્રવચન–૧૯ | ગાથા–૨૩ | ૦૨૫ |
| પ્રવચન–૨૦ | ગાથા–૨૩ | ૦૩૭ |
| પ્રવચન–૨૦ | ગાથા–૨૪-૨૫ | ૦૪૬ |
| પ્રવચન–૨૧ | ગાથા–૨૬ | ૦૫૨ |
| પ્રવચન–૨૨ | ગાથા–૨૭ | ૦૬૭ |
| પ્રવચન–૨૩ | ગાથા–૨૮ | ૦૮૧ |
| પ્રવચન–૨૩ | ગાથા–૨૮ | ૦૯૨ |
| પ્રવચન–૨૪ | ગાથા–૨૮ | ૦૯૪ |
| પ્રવચન–૨૫ | ગાથા–૨૯ | ૧૦૬ |
| પ્રવચન–૨૬ | ગાથા–૨૯ | ૧૧૯ |
| પ્રવચન–૨૬ | ગાથા–૩૦ | ૧૨૭ |
| પ્રવચન–૨૭ | ગાથા–૩૧ | ૧૩૩ |
| પ્રવચન–૨૭ | ગાથા–૩૨ | ૧૪૪ |
| પ્રવચન–૨૮ | ગાથા–૩૨ | ૧૪૭ |
| પ્રવચન–૨૯ | ગાથા–૩૩ | ૧૫૯ |
| પ્રવચન–૩૦ | ગાથા–૩૩ | ૧૬૯ |
| પ્રવચન–૩૧ | ગાથા–૩૪ | ૧૭૮ |
| પ્રવચન–૩૨ | ગાથા–૩૪ | ૧૮૯ |
| પ્રવચન–૩૨ | ગાથા–૩૫ | ૧૯૪ |
| પ્રવચન–૩૩ | ગાથા–૩૬ | ૨૦૨ |
| પ્રવચન–૩૪ | ગાથા–૩૬ | ૨૧૫ |
| પ્રવચન–૩૪ | ગાથા–૩૭ | ૨૨૪ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





| | | |
|---|---|---|
| પ્રવચન–૩૫ | ગાથા–૩૭ | ૨૨૯ |
| પ્રવચન–૩૬ | ગાથા–૩૮ | ૨૪૦ |
| પ્રવચન–૩૭ | ગાથા–૩૮ | ૨૫૨ |
| પ્રવચન–૩૭ | ગાથા–૩૯ | ૨૬૧ |
| પ્રવચન–૩૮ | ગાથા–૩૯ | ૨૬૩ |
| પ્રવચન–૩૮ | ગાથા–૪૦ | ૨૬૪ |
| પ્રવચન–૩૮ | ગાથા–૪૧ | ૨૭૧ |
| પ્રવચન–૩૯ | ગાથા–૪૧ | ૨૭૬ |
| પ્રવચન–૪૦ | ગાથા–૪૨ | ૨૮૯ |
| પ્રવચન–૪૦ | ગાથા–૪૩ | ૨૯૯ |
| પ્રવચન–૪૧ | ગાથા–૪૪ | ૩૦૧ |
| પ્રવચન–૪૧ | ગાથા–૪૫ | ૩૦૬ |
| પ્રવચન–૪૨ | ગાથા–૪૫ | ૩૧૫ |
| પ્રવચન–૪૨ | ગાથા–૪૬ | ૩૨૬ |
| પ્રવચન–૪૩ | ગાથા–૪૬ | ૩૨૯ |
| પ્રવચન–૪૪ | ગાથા–૪૭ | ૩૪૧ |
| પ્રવચન–૪૫ | ગાથા–૪૭ | ૩૫૪ |
| પ્રવચન–૪૬ | ગાથા–૪૮ | ૩૬૬ |
| પ્રવચન–૪૭ | ગાથા–૪૮ | ૩૭૬ |
| પ્રવચન–૪૮ | ગાથા–૪૮ | ૩૮૭ |
| પ્રવચન–૪૮ | ગાથા–૪૯ | ૩૯૪ |
| પ્રવચન–૪૯ | ગાથા–૪૯ | ૪૦૧ |
| પ્રવચન–૫૦ | ગાથા–૪૯ | ૪૧૨ |
| પ્રવચન–૫૧ | ગાથા–૪૯ | ૪૨૫ |
| પ્રવચન–૫૧ | ગાથા–૫૦ | ૪૩૦ |
| પ્રવચન–૫૧ | ગાથા–૫૧ | ૪૩૫ |
| પ્રવચન–૫૨ | ગાથા–૫૨ | ૪૪૧ |
| પ્રવચન–૫૨ | શ્લોક–૪ | ૪૫૩ |



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



श्री सर्वज्ञवीतरागाय नमः

# શાસ્ત્ર સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।।१।।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः।
अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।।२।।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।।३।।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रुगुरुवे नमः।

## ।। श्रीपरमगुरुवे नमः, परम्पराचार्यगुरवे नमः।।

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री समयसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया श्रृणवन्तु।।

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी।।१।।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।
सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं।।२।।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ॐ

**नमः श्रीसिद्धेभ्यः**

अथ ज्ञानस्वरूपप्रपञ्चं सौख्यस्वरूपप्रपञ्चं च क्रमप्रवृत्तप्रबन्धद्वयेनाभिदधाति। तत्र केवलिनोऽतीन्द्रियज्ञानपरिणतत्वात्सर्वं प्रत्यक्षं भवतीति विभावयति -

**परिणमदो खलु णाणं पच्चक्खा सव्वदव्वपज्जाया।**
**सो णेव ते विजाणदि उग्गहपुव्वाहिं किरियाहिं।।२१।।**

**परिणममानस्य खलु ज्ञानं प्रत्यक्षाः सर्वद्रव्यपर्यायाः।**
**स नैव तान् विजानात्यवग्रहपूर्वाभिः क्रियाभिः।।२१।।**

यतो न खल्विन्द्रियाण्यालम्ब्यावग्रहेहावायपूर्वकप्रक्रमेण केवली विजानाति, स्वयमेव समस्तावरणक्षयक्षण एवानाद्यनन्ताहेतुकासाधारणभूतज्ञानस्वभावमेव कारणत्वेनोपादाय तदुपरि प्रविकसत्केवलज्ञानोपयोगीभूय विपरिणमते, ततोऽस्याक्रमसमाक्रान्तसमस्तद्रव्यक्षेत्रकालभावतया समक्षसंवेदनालम्बनभूताः सर्वद्रव्यपर्यायाः प्रत्यक्षा एव भवन्ति ।।२१।।

---

एवमनन्तज्ञानसुखस्थापने प्रथमगाथा केवलिभुक्तिनिराकरणे द्वितीया चेति गाथाद्वयं गतम्।

इति सप्तगाथाभिः स्थलचतुष्टयेन सामान्येन **सर्वज्ञसिद्धि**नामा द्वितीयोऽन्तराधिकारः समाप्तः।।

अथ ज्ञानप्रपञ्चाभिधानान्तराधिकारे त्रयस्त्रिंशद्गाथा भवन्ति। तत्राष्टौ स्थलानि। तेष्वादौ केवलज्ञानस्य सर्वं प्रत्यक्षं भवतीति कथनमुख्यत्वेन `परिणमदो खलु' इत्यादिगाथाद्वयम्, अथात्मज्ञानयोर्निश्चयेनासंख्यातप्रदेशत्वेऽपि व्यवहारेण सर्वगतत्वं भवतीत्यादिकथनमुख्यत्वेन `आदा णाणपमाणं' इत्यादिगाथापञ्चकम्, ततः परं ज्ञानज्ञेययोः परस्परगमननिराकरणमुख्यतया `णाणी णाणसहावो' इत्यादिगाथापञ्चकम्, अथ निश्चयव्यवहारकेवलिप्रतिपादनादिमुख्यत्वेन `जो **हि** सुदेण' इत्यादिसूत्रचतुष्टयम्, अथ वर्तमानज्ञाने कालत्रयपर्यायपरिच्छित्तिकथनादिरूपेण `तक्कालिगेव सव्वे' इत्यादिसूत्रपञ्चकम्, अथ केवलज्ञानं बंधकारणं न भवति रागादिविकल्परहितं छद्मस्थज्ञानमपि, किंतु रागादयो बन्धकारणमित्यादिनिरूपणमुख्यतया `परिणमदि णेयं' इत्यादिसूत्रपञ्चकम्, अथ केवलज्ञानं सर्वज्ञानं सर्वज्ञत्वेन प्रतिपादयतीत्यादिव्याख्यानमुख्यत्वेन `जं तक्कालियमिदरं' इत्यादिगाथापञ्चकम्, अथ ज्ञानप्रपञ्चोपसंहारमुख्यत्वेन प्रथमगाथा, नमस्कारकथनेन द्वितीया चेति `णवि परिणमदि' इत्यादि गाथाद्वयम्। एवं ज्ञानप्रपञ्चाभिधानतृतीयान्तराधिकारे त्रयस्त्रिंशद्गाथाभिः स्थलाष्टकेन समुदायपातनिका। तद्यथा- अथातीन्द्रियज्ञानपरिणतत्वात्केवलिनः सर्वं प्रत्यक्षं भवतीति प्रतिपादयति - **पच्चक्खा सव्वदव्वपज्जाया**

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



सर्वद्रव्यपर्यायाः प्रत्यक्षा भवन्ति। कस्य। केवलिनः। कि कुर्वतः। **परिणमदो** परिणममानस्य। **खलु** स्फुटम्। **किम्**। **णाणं** अनन्तपदार्थपरिच्छित्तिसमर्थ केवलज्ञानम्। तर्हि किं क्रमेण जानाति। **सो णेव ते विजाणदि उग्गहपुव्वाहिं किरियाहिं स** च भगवान्नैव तान् जानात्यवग्रहपूर्वाभिः क्रियाभिः, किंतु युगपदित्यर्थः। इतो विस्तरः - अनाद्यनन्तमहेतुकं चिदानन्दैकस्वभावं निजशुद्धात्मानमुपादेयं कृत्वा केवलज्ञानोत्पत्तेर्बीजभूतेनागमभाषया शुक्लध्यानसंज्ञेन रागादिविकल्पजालरहितस्वसंवेदनज्ञानेन यदायमात्मा परिणमति, तदा स्वसंवेदनज्ञानफलभूतकेवलज्ञानपरिच्छित्त्याकारपरिणतस्य तस्मिन्नेव क्षणे क्रमप्रवृत्तक्षायोपशमिकज्ञानाभावादक्रमसमाक्रान्तसमस्तद्रव्यक्षेत्रकालभावतया सर्वद्रव्यगुणपर्याया अस्यात्मनः प्रत्यक्षा भवन्तीत्यभिप्रायः।।२१।।

---

હવે, જ્ઞાનના સ્વરૂપનો વિસ્તાર અને સુખના સ્વરૂપનો વિસ્તાર ક્રમે પ્રવર્તતા બે અધિકારો દ્વારા કહે છે. તેમાં (પ્રથમ), અતીંદ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી કેવળીભગવાનને બધું પ્રત્યક્ષ છે એમ પ્રગટ કરે છે :-

**પ્રત્યક્ષ છે સૌ દ્રવ્યપર્યય જ્ઞાન-પરિણમનારને;**
**જાણે નહીં તે તેમને અવગ્રહ-ઇહાદિ ક્રિયા વડે. ૨૧.**

**અન્વયાર્થ** :- **[खलु]** ખરેખર **[ज्ञानं परिणाममानस्य]** જ્ઞાનરૂપે (કેવળજ્ઞાનરૂપે) પરિણમતા કેવળીભગવાનને **[सर्वद्रव्यपर्यायाः]** સર્વ દ્રવ્ય-પર્યાયો **[प्रत्यक्षाः]** પ્રત્યક્ષ છે; **[सः]** તે **[तान्]** તેમને **[अवग्रहपूर्वाभिः क्रियाभिः]** અવગ્રહ આદિ ક્રિયાઓથી **[नैव विजानाति]** નથી જાણતા.

ટીકા :– ઇંદ્રિયોને આલંબીને અવગ્રહ-ઈહા-અવાયપૂર્વક ક્રમથી કેવળીભગવાન જાણતા નથી, (પરંતુ) સ્વયમેવ સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ, અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે; માટે તેમને સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી સમક્ષ સંવેદનને (–પ્રત્યક્ષ જ્ઞાનને) આલંબનભૂત સમસ્ત દ્રવ્ય–પર્યાયો પ્રત્યક્ષ જ છે.

**ભાવાર્થ :--** જેની આદિ નથી તેમ જ અંત નથી, જેનું કોઈ કારણ નથી અને જે અન્ય કોઈ દ્રવ્યમાં નથી એવા જ્ઞાનસ્વભાવને જ ઉપાદેય કરીને, કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજભૂત શુક્લધ્યાન નામના સ્વસંવેદનજ્ઞાને જ્યારે આત્મા પરિણમે છે ત્યારે તેના નિમિત્તે સર્વ ઘાતિકર્મોનો ક્ષય થઈ જાય છે અને તે ક્ષય થવાના સમયે જ આત્મા સ્વયમેવ કેવળજ્ઞાનરૂપે પરિણમવા લાગે છે. તે કેવળજ્ઞાની ભગવાન ક્ષાયોપશમિક જ્ઞાનવાળા જીવોની માફક અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ ક્રમથી જાણતા નથી પરંતુ સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને યુગપદ્ જાણે છે; એ રીતે તેમને બધુંય પ્રત્યક્ષ વર્તે છે. ૨૧.

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## (તા. ૨૩-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૧૭)

'પ્રવચનસાર' ૨૧મી ગાથા. **'હવે, જ્ઞાનના સ્વરૂપનો વિસ્તાર અને સુખના સ્વરૂપનો વિસ્તાર,...'** બે (અધિકાર) ચાલશે. યથાર્થ જ્ઞાન (એટલે કે) કેવલજ્ઞાન શું છે ? અને પૂર્ણ સુખનું સ્વરૂપ શું છે ? તેનો **'...ક્રમે પ્રવર્તતા,...'** (અર્થાત્) પહેલા જ્ઞાનસ્વરૂપનો વિસ્તાર (કરશે) પછી સુખસ્વરૂપનો (વિસ્તાર કરશે). એ 'ક્રમે પ્રવર્તતા' (–નો અર્થ છે). અધિકાર–ક્રમે પ્રવર્તતા (કહેશે), હોં ! (જ્ઞાન અને સુખ) ક્રમે પ્રવર્તતા એમ નહિ. (એ તો અક્રમે સાથે જ વર્તે છે). અધિકારમાં - પહેલો જ્ઞાનનો અધિકાર, પછી સુખનો અધિકાર (કહેશે). એ (અધિકારો) દ્વારા કહે છે. **'તેમાં (પ્રથમ) અતીન્દ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી,...'** (અર્થાત્) કેવળજ્ઞાની ભગવાન અતીન્દ્રિય જ્ઞાનપણે પરિણમેલા હોવાથી, **'...કેવળી ભગવાનને બધું પ્રત્યક્ષ છે એમ પ્રગટ કરે છે :–'** આહા...! આત્માની જ્ઞાનપર્યાય (જેને) પૂર્ણ પ્રગટ થાય એને બધું પ્રત્યક્ષ છે. એવું એનું સામર્થ્ય છે !

**''परिणमदो खलु णाणं पच्चक्खा सव्वदव्वपज्जाया।**
**सो णेव ते विजाणदि उग्गहपुव्वाहिं किरियाहिं।।२१।।''**

**પ્રત્યક્ષ છે સૌ દ્રવ્યપર્યય જ્ઞાન-પરિણમનારને;**
**જાણે નહીં તે તેમને અવગ્રહ-ઇહાદિ ક્રિયા વડે. ૨૧.**

**ટીકા :– `ઇંદ્રિયોને આલંબીને અવગ્રહ-ઈહા-અવાયપૂર્વક ક્રમથી કેવળીભગવાન જાણતા નથી,...'** આહા..હા...! ત્રણકાળના દ્રવ્ય - ગુણ - પર્યાયને ઇન્દ્રિયને અવલંબીને (જાણતા નથી). (એટલે કે) પ્રથમ અવગ્રહ થાય, પછી વિચારણા થાય, પછી નિર્ણય થાય – એવા ક્રમથી કેવળી ભગવાન જાણતા નથી. આહા..હા...! **'...(પરંતુ) સ્વયમેવ સમસ્ત આવરણનાં ક્ષયની ક્ષણે જ,...'** સમસ્ત ઘાતિ આદિ આવરણના ક્ષયની ક્ષણે. ઘાતી એટલે જ્ઞાનાવરણીય આદિ. **'અનાદિ અનંત,...'** હવે કેવળજ્ઞાન કેમ ઉત્પન્ન થયું, એમ કહે છે. આહા..હા...! કે, **'...અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી,...'** 'જયસેનાચાર્ય'(દેવની ટીકામાં) અનાદિ–અનંત આત્મા લીધો છે. અહીં (અમૃતચન્દ્રાચાર્યદેવની ટીકામાં) જ્ઞાન લીધું છે, બધી એક જ વાત છે.

ભગવાનઆત્મા ! એનો જે જ્ઞાનસ્વભાવ અનાદિ અનંત છે, આહા...! એ અહેતુક (છે). એને કોઈ હેતુ નથી. અસાધારણ છે. એવા જ્ઞાનસ્વભાવને કારણપણે ગ્રહવાથી (કેવળજ્ઞાન પ્રગટ થયું છે). આહા..હા...! જેમ નીચે (–ના ગુણસ્થાનમાં) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં ત્રિકાળી આત્માને કારણપણે ગ્રહીને સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે. આહા..હા...! એમ આ કેવળજ્ઞાનીને પરનાં કોઈપણ આલંબન વિના ત્રિકાળી જ્ઞાનસ્વભાવને કારણપણે ગ્રહીને (કેવળજ્ઞાન પ્રગટ થાય છે). આહા..હા...!

(અહીંયાં) જ્ઞાન લીધું છે. (કેમકે) કેવળજ્ઞાનની ઉત્પત્તિની (વાત) કહેવી છે ને ! બાકી તો ત્રિકાળી દ્રવ્યને કારણપણે ગ્રહીને (કેવળજ્ઞાન થયું છે). એક જ્ઞાન અંદર જૂદું પાડવું (છે). એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. પણ અહીંયાં કેવળજ્ઞાન(ની) ઉત્પત્તિનું કારણ ત્રિકાળી જ્ઞાન (સ્વભાવ) છે, એમ સિદ્ધ કરવા (આમ કહ્યું છે). '**...અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી,...**' એમ (કહ્યું છે). (આમ) તો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને ગ્રહણ કરવાથી (થયું છે). આહા..હા...! પણ અહીં પૂર્ણ જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે (એટલે જ્ઞાનસ્વભાવને કારણપણે ગ્રહવાથી લીધું છે). આહા..હા...!

'જયસેનાચાર્ય'(દેવની) ટીકામાં 'આત્મા' લીધો છે. '**अनाद्यनन्तमहेतुकं चिदानन्दैकस्वभावं निजशुद्धात्मानमुपादेयं कृत्वा**' ઓલી કોર છે, પાછળના પાને છે. આહા..હા...! એ તો બધું એક જ છે. ત્યાં આત્મા લીધો છે, અહીં જ્ઞાન લીધું છે, પણ એ તો એક જ વાત છે. ત્રિકાળી આત્મા જે વસ્તુ છે તેનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે, આહા..હા...! તેને કારણપણે ગ્રહીને (કેવળજ્ઞાન પ્રગટ થાય છે). આહા..હા...! ત્યારે વળી કોઈ એમ કહે છે કે, કારણપરમાત્મા અને કારણજ્ઞાન ગુણ તો ધ્રુવ છે. ધ્રુવને કેમ ગ્રહાય ? એમ કહે (છે). હમણાં એ પ્રશ્ન આવ્યો હતો. (કે) પર્યાયને ગ્રહણ કરે. કારણપરમાત્મા તો ધ્રુવ છે. (તેને કેવી રીતે ગ્રહણ કરે) ? પણ અહીં તો ગ્રહનાર પર્યાય છે ને ! આહા..હા...!

હમણાં એક પંડિતનું લખાણ આવ્યું હતું કે, કારણપરમાત્મા (કહ્યું છે) એમાં દ્રવ્યને લેવું. કારણસમયસાર (મોક્ષમાર્ગની) પર્યાય લેવી અને કાર્યસમયસાર એ કેવળજ્ઞાનની પર્યાય લેવી-– એ પણ છે. કારણસમયસાર – મોક્ષનો માર્ગ – પર્યાય (એ) કારણસમયસાર (છે). પણ એ કારણસમયસારનું કારણ, કારણસમયસાર ત્રિકાળ (સ્વભાવ) છે. આહા..હા...! અનાદિ અનંત જ્ઞાયકભાવ જ્યાં લક્ષમાં કારણપણે ગ્રહે છે, ત્યાં દ્રવ્યસ્વભાવ જ કારણપણે આવી ગયો. સમજાણું ? આહા..હા...!

'**...અનાદિ અનંત, અહેતુક,...**' જે અનાદિ અનંત જ્ઞાનસ્વભાવ છે એને હેતુ કોઈ ન હોય. વસ્તુનો સ્વભાવ છે એને હેતુ શો ? પર્યાય ઉત્પન્ન થાય એને પણ હેતુ નથી તો જે વસ્તુ ત્રિકાળ છે – એ તો અહેતુક વસ્તુ પડી છે, આહા..હા...! એવા '**...અસાધારણ જ્ઞાનસ્વભાવને,...**' એક રૂપી (જેવું) જ્ઞાન (છે) એવો બીજો ગુણ નથી. એવા '**...અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી,...**' કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ આ (જ્ઞાનસ્વભાવ) છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ વ્યવહાર રત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતનાં પરિણામ એ કારણ નથી, આહા..હા...! એ અહીં સિદ્ધ કરવું છે. ભગવાનઆત્મા ! અરે...! અંદર કોણ છે એ વસ્તુ ? (એને જોવાનો પ્રયત્ન તો કરે) !

('પ્રવચનસાર') ૧૦૨ ગાથામાં લીધું છે ને, ભાઈ ! કે, જે સમયે ઉત્પન્ન થાય, તે જ સમયે નાશ થાય અને તે જ સમયે ધ્રુવ (રહે). એ તો દ્રવ્યમાં વિરોધ આવે છે. પહેલા એવી શંકા કરી છે ને ! ભાઈ ! ૧૦૨ ગાથા ! જે સમયે જન્મક્ષણ છે, તે જ સમયે વ્યયક્ષણ (છે) અને તે જ સમયે ધ્રુવક્ષણ – દ્રવ્યક્ષણ છે. – એ તો વિરોધ આવે. પણ વિરોધ તો (ત્યારે આવે કે) દ્રવ્યની જ જન્મક્ષણ છે, તે જ દ્રવ્યની નાશક્ષણ હોય અને તે જ દ્રવ્યની ધ્રુવક્ષણ હોય, તો વિરોધ આવે. પણ સમય–સમયની પર્યાય છે તે (તેના જન્મ) ક્ષણે ઉત્પન્ન થાય અને તે જ ક્ષણે નાશનો ક્ષણ – નાશનો ક્ષણ અને તે જ સમયે ધ્રુવનો ક્ષણ (છે). અહીં તો ત્રણ પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લેવી છે ને ! ભાઈ ! આ..હા..હા...!

જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની છે તે તેનો જન્મક્ષણ – ઉત્પત્તિનો કાળ છે. હવે, અહીં ઉત્પત્તિના કાળમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિનો કાળ છે. પણ એ ત્રિકાળી જ્ઞાયકને ગ્રહણ કરવાથી ઉત્પત્તિ (થાય) છે, એમ સિદ્ધ કર્યું. આગળ ૧૦૧ (ગાથા)માં તો એવું આવશે કે, પર્યાય ઉત્પન્ન થાય તેને ધ્રુવની અપેક્ષા નથી. ૧૦૧ ! અહીં બીજી અપેક્ષા છે. એ તો ત્યાં એક-એક સમયની પર્યાય ઉત્પાદ, વ્યય અને ધ્રુવ સ્વતંત્ર છે – સત્ છે, માટે એમ કીધું. અહીંયાં તો હજી શરૂઆત કરે છે કે, કેવળજ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ... આ..હા..હા...! ત્રિકાળી જ્ઞાયકને (ગ્રહણ કરવાથી થાય છે). જ્ઞાયકભાવ કહો કે જ્ઞાનસ્વભાવ કહો, એને કારણપણે ગ્રહવાથી (કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે). પણ કારણપણે ગ્રહે છે કોણ ? (તો કહે છે), પર્યાય ! સમજાય છે કાંઈ ?

અત્યારે એક પ્રશ્ન હમણાં કો'ક પંડિતનો આવ્યો હતો. કે, 'કારણ ત્રિકાળીને કારણ ન કહેવાય !' આહા..હા...! અરે..રે...!

અહીં કહે છે કે, ભાઈ ! કઈ અપેક્ષાથી (વાત ચાલે) છે ? જ્ઞાનસ્વભાવ અનાદિ અનંત અહેતુક ત્રિકાળી વસ્તુ છે. એનો (પર્યાય) આશ્રય કરે છે. પર્યાય સ્વતંત્રપણે કર્તા થઈને તેનો આશ્રય કરે છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? 'એને કારણપણે ગ્રહીને' એમ કહેવામાં (આવ્યું). પણ કારણપણે ગ્રહીને કર્યું કોણે ? (કે), કેવળજ્ઞાનની પર્યાયે ત્રિકાળ જ્ઞાયકને કારણપણે ગ્રહ્યો, એમ કહેવામાં આવ્યું. આ..હા..હા...! હવે આવી વાત ! એ તો છે એ છે. (એટલે) દ્રવ્ય પણ છે એ છે અને જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે એ છે. એમાં કાંઈ અદલ-બદલ (કે) કાંઈ ફેરફાર નથી. પણ તેને જેણે ગ્રહ્યો છે (એ પર્યાય છે), આ..હા..હા...!

એ પર્યાયે '**...અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા,...**' (અર્થાત્) શુક્લધ્યાનની પર્યાયે ત્રિકાળને કારણપણે ગ્રહ્યું છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? તેથી '**...તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે;...**' આહા...! જેમ ભગવાનઆત્મા ! ત્રિકાળી જ્ઞાયકભાવને કારણપણે ગ્રહીને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે, એ અલ્પ પર્યાયની વાત છે. નીચે પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન (ત્રિકાળી જ્ઞાયકભાવને ગ્રહણ કરવાથી પ્રગટ થયા છે). (તેમાં) સમ્યગ્જ્ઞાન પ્રત્યક્ષ છે. સમ્યગ્જ્ઞાન છે – મતિશ્રુત છે, એ પ્રત્યક્ષ છે. એને કોઈ રાગ અને મનના અવલંબનની જરૂર નથી. એ (સમ્યક્) મતિજ્ઞાન ત્રિકાળ દ્રવ્યને આશ્રયે થાય છે. અહીંયાં એમ કહે છે કે, ત્રિકાળી જ્ઞાયકભાવ અહેતુક છે. એના આશ્રયે કેવળજ્ઞાન થાય છે. એને કારણપણે ગ્રહવાથી કેવળજ્ઞાન થાય છે. આવું છે ! આહા...! સમજાણું કાંઈ ! આહા..હા...!

'**...(કારણપણે) ગ્રહવાથી તુરત જ પ્રગટતા,...**' આ..હા..હા...! સ્વભાવ તો જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... એકરૂપ જ્ઞાનસ્વભાવ સદૃશ્ય ધ્રુવ અનાદિ અનંત (છે). જેને કોઈ હેતુ નથી. દ્રવ્યને શું હેતુ હોય ? ત્રિકાળી ગુણને પણ શું હેતુ હોય ? આહા..હા...! વર્તમાન પર્યાય ઊપજે છે એને પણ સિદ્ધ કરવા માટે જ્યારે (એમ કહે કે) એને પણ દ્રવ્યની – ધ્રુવની અપેક્ષા નથી, આહા..હા...! તો અહીંયાં ત્રિકાળી ભગવાનઆત્મા (ને કોનો હેતુ હોય) ? અલૌકિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાતું છે, ભાઈ ! આહા..હા...!

'ભૂતાર્થને પરિગ્રહણ કરવાથી' એમ આવ્યું ને ? આજ સવારે આવ્યું હતું. ભાઈ ! 'ભૂતાર્થ' સવારમાં આવ્યું હતું – 'ભૂતાર્થ પરિગ્રહેણ' આહા..હા...! ૫૫મા કળશમાં આવ્યું હતું. હજુ થોડું બાકી રાખ્યું છે. આહા..હા...! ત્રિકાળી જ્ઞાયકભાવને પરિગ્રહણ નામ એને અનુભવવાથી જે કંઈ સમ્યગ્દર્શન – જ્ઞાન થાય છે, તે હવે પાછું પડતું નથી. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા ! દ્રવ્યે અને ગુણે જે ધ્રુવ છે. એનો જેણે – પર્યાયે આશ્રય (કર્યો) એટલે લક્ષ કર્યું, એને એણે જ્ઞાનમાં ગ્રહણ કર્યું (એમ કહેવામાં આવે છે). એને ગ્રહણ કરવાથી એને સમ્યગ્દર્શન અને જ્ઞાન (એટલે કે) ધર્મની પહેલી સીડી આ રીતે ઉત્પન્ન થાય છે.

(અહીંયાં) કહે છે કે કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં... આ..હા..હા...! પૂર્ણ જ્ઞાનની ઉત્પત્તિમાં પૂર્ણ ધ્રુવ જે અહેતુક ત્રિકાળી અસાધારણ (જ્ઞાનસ્વભાવને) શુક્લધ્યાનની પર્યાયમાં કારણપણે ગ્રહીને તુરત જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આ..હા..હા...! જોકે એ (સ્વરૂપને) કારણપણે ગ્રહ્યું એવું જે શુક્લધ્યાન (છે), એનાથી કેવળજ્ઞાન થાય છે, એમ અપેક્ષાથી અહીંયાં સમજાવવું છે. સમજાણું કાંઈ ? બાકી તો એ શુક્લધ્યાનની પર્યાય જે છે, તેનો વ્યય થાય છે અને ત્રિકાળી ભાવસ્વરૂપ ભગવાન (આત્મા) જે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ (છે) તેને આશ્રયે કેવળજ્ઞાન થાય છે. પણ અહીંયાં સમજાવવું છે કે રાગથી, દયા-દાનના વિકલ્પથી કેવળજ્ઞાન થતું નથી. એને ત્રિકાળી જ્ઞાનના આશ્રયથી કેવળજ્ઞાન થાય (છે). એમ સિદ્ધ કરવું છે. આ..હા..હા...!

તે વખતે '**...તુરત જ પ્રગટતા,...**' (એમ કહ્યું ને) ! શક્તિરૂપે તો કેવળજ્ઞાન હતું, સ્વભાવરૂપ તો કેવળજ્ઞાન છે, આ..હા..હા...! એને આમ કારણપણે જ્યાં પર્યાય પકડે છે (ત્યાં તુરત જ કેવળજ્ઞાન થાય છે). એ (સ્વભાવ) તો છે એ છે. પણ વર્તમાન પર્યાય એને પકડે છે (કે), તરત જ એને કેવળજ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ ? કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ શુક્લધ્યાન અને શુદ્ધ ઉપયોગની પરિણતી (છે) – એમ સિદ્ધ કરવું છે, ભાઈ ! નહીંતર ખરેખર તો કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ દ્રવ્યસ્વભાવ છે. એનાથી ખરેખર (ઉત્પન્ન થયું છે). ઉત્પત્તિનું કારણ (એ છે). કેવળજ્ઞાનની તે સમયે ઉત્પત્તિ (થઈ) તેનું કારણ અને કાર્ય એ છે. આ..હા..હા...! સમજાણું આમાં ? બાપુ ! મારગડા આ તો (સૂક્ષ્મ છે). આહા..હા...!

ચૈતન્ય ભગવાન ! આ..હા..હા...! એક-એક ગુણ – એમાં અનંતા ગુણનું રૂપ ! ઓ..હો..હો...!! એ પણ પૂર્ણરૂપ (છે). જ્ઞાનમાં અસ્તિત્વનું રૂપ થોડું છે, એમ નહીં. એ અસ્તિત્વનું રૂપ (અને બીજા) અનંત ગુણનું રૂપ (પૂર્ણ છે). એ વસ્તુ પૂર્ણ છે, ગુણ પૂર્ણ છે (અને) બીજા ગુણમાં તેનું રૂપ પણ પૂર્ણ છે, ઓ..હો..હો...!! એવો જે જ્ઞાનસ્વભાવ એમાં અનંતા ગુણનું રૂપ છે. એવા જ્ઞાન–સ્વભાવને કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટ થતાં કેવળજ્ઞાનપણે આત્મા પરિણમે છે. આહા..હા...!

શ્રોતા :– ગ્રહવાથી એટલે એનો મતલબ જ્ઞાનને જાણવાથી – એમ છે ?

સમાધાન :– એ પર્યાય પોતે ગ્રહે (છે) એટલે એના ઉપર લક્ષ કરે છે - એને ધ્યેય બનાવે છે. આહા..હા...! ધ્યાનના વિષયનું તે ધ્યેય છે. શુક્લધ્યાનની પર્યાયનું તે દ્રવ્ય (એટલે કે) અસાધારણ ત્રિકાળી જ્ઞાનભાવ તે ધ્યેય છે, આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધન્યકાળ...! આ..હા..હા...! પાંચમા આરાના પ્રાણીને પણ આમ સમજાવે છે ! આ..હા..હા...! આ પાંચમા આરાના પ્રાણીને સમજાવે છે કે ચોથા આરાના ? આહા..હા...! ભગવાન ! તારી શક્તિ એટલી છે, પ્રભુ ! આ..હા..હા...! કે, તેં જ્યારે આત્માને સમ્યગ્દર્શનમાં પણ કારણપણે– આશ્રયપણે ગ્રહણ કર્યો ત્યારે તને સમ્યગ્દર્શન – જ્ઞાન થયું (અને) હવે પછી પણ (એટલે કે) અત્યારે ભલે (કેવળજ્ઞાન) ન હો, પણ જ્યારે કેવળજ્ઞાન થશે અને જેને થયું છે – તેને (પણ) ત્રિકાળી જ્ઞાયકના આશ્રયે – જ્ઞાનના આશ્રયે તે થાય છે. વજનારાચ સંહનન છે, મનુષ્યપણું છે, ભગવાનની વાણી સાંભળવા મળી છે, માટે કેવળજ્ઞાન થાય છે, એમ નથી. આ..હા..હા...! અરે..રે...! પાંચમા આરાના પ્રાણીને પણ સંતો આમ કહે છે ! (કે) જેને અત્યારે કેવળજ્ઞાન થવાનું નથી. એવો (આ) કાળ છે. છતાં કહે છે કે, કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ આ (જ્ઞાયકભાવ) છે, એમ તું નિર્ણય રાખજે ! સમજાણું કાંઈ ? આહા..હા...! બહુ ક્રિયા કરું, દયા પાળું, વ્રત કરું, ભક્તિ કરું, એનાથી કેવળજ્ઞાન થાય – એ વાત કાઢી નાખજે ! આહા..હા...! આજે સાધુ આવ્યાં હતાં ને ! એ રાજકોટમાં કહેતાં હતાં કે, 'પુણ્ય હેય છે એમ ન કહેવું !' અરે પ્રભુ ! શું કરે છે ? ભાઈ...!

અહીં તો (કહે છે) શુક્લધ્યાનની પર્યાય પણ વ્યય થાય છે ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહા..હા...! એટલું અત્યારે અહીં સિદ્ધ કરવું છે કે, કેવળજ્ઞાન પરિણમે છે એને અવગ્રહ-ઈહાના ક્રમની ક્રિયાની જરૂર નથી. એ તો એકસાથે એકદમ અક્રમે પ્રગટ થાય છે, આહા..હા...! જેમ મતિ-શ્રુત જ્ઞાનમાં સાંભળે – પકડે – વિચારે – નિર્ણય કરે, ત્યારે તેને જ્ઞાન થાય, એમ આમાં (કેવળજ્ઞાનમાં) નથી, આ..હા..હા...!

'**...કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે;...**' ભાષા (જોઈ) ? ઉપયોગરૂપ થઈને પરિણમે છે ! જે સ્વભાવમાં કેવળજ્ઞાન હતું (તે ઉપયોગરૂપ થઈને પરિણમે છે). કેવળ એટલે એકલું જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ અહેતુક (છે) એને ગ્રહવાથી, પર્યાયમાં કેવળજ્ઞાન ઉપયોગરૂપ થઈને પરિણમે છે. આ..હા..હા...!

'**...માટે તેમને સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી,...**' આ..હા..હા...! અનાદિ અનંત દ્રવ્યનું, અનાદિ અનંત આકાશ આદિ ક્ષેત્રનું, અનાદિ અનંત કાળનું, અનાદિ અનંત એના ભાવનું (અક્રમે ગ્રહણ થાય છે), આ..હા..હા...! અક્રમે (એટલે) એક સમયમાં સાથે. '**...ગ્રહણ હોવાથી સમક્ષ સંવેદનને (–પ્રત્યક્ષ જ્ઞાનને) આલંબનભૂત સમસ્ત દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.**' આ..હા..હા...! '**જ્ઞાનને આલંબનભૂત**' (એટલે જે) નિમિત્ત ત્રણલોક – ત્રણકાળ. (સમસ્ત) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. એને આલંબન (એટલે) નિમિત્ત રૂપે (છે). એ બધાં દ્રવ્યો જેને નિમિત્તરૂપે છે (એ) એને પ્રત્યક્ષ થઈ જાય છે. આ..હા..હા...! અહીંયાં નીચે (છદ્મસ્થ અવસ્થામાં) જાણે છે એ ઇન્દ્રિયથી જાણતો નથી પણ એના જ્ઞાનમાં ઇન્દ્રિયનું નિમિત્તપણું છે. બાકી જાણે છે તો જ્ઞાનની પર્યાય ! પણ એને (ઇન્દ્રિયોનું) નિમિત્તપણું છે, એનું લક્ષ ત્યાં જાય છે, એટલે ત્યાં નિમિત્તપણું છે. (અહીંયાં) અતીન્દ્રિય જ્ઞાન ઉત્પન્ન થવામાં કોઈ પ્રકારની અપેક્ષા છે નહિ. આ..હા..હા...!

આ મોક્ષતત્ત્વની શ્રદ્ધા કરાવે છે. નવ તત્ત્વમાં કેવળજ્ઞાન – મોક્ષ છે ને ! તો નવ તત્ત્વમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોક્ષતત્ત્વની મોક્ષ પર્યાય – કેવળજ્ઞાન કેવી હોય ? આ..હા..હા...! એનું એને જ્ઞાન અને શ્રદ્ધા કરાવે છે. અહીં મફતની વાત નથી (કરતા). (કોઈને એમ લાગે કે) પંચમકાળના જીવને કેવળજ્ઞાન નથી છતાં આવી વાતું કરવી ! (તો કહે છે) એને મોક્ષતત્ત્વ કેવું હોય – કેવળજ્ઞાન તત્ત્વ (કેવું હોય) એની શ્રદ્ધા કરાવે છે. સમજાણું કાંઈ ?

કારણ કે એક પંડિત એમ કહેતા કે, 'કેવળજ્ઞાન એટલે કે વર્તમાનમાં જે કોઈ ઉત્કૃષ્ટ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે એ કેવળ(જ્ઞાન). ત્રણકાળને કેવળજ્ઞાન જાણે, એ (વાત) નહિ !' એ લલીતપુરમાં મળ્યાં હતાં. આહા..હા...! (આ વાત) એને બેસે નહિ. આ..હા..હા...! એક સમયમાં ત્રણકાળ– ત્રણલોક (જાણે), કેમ બેસે...? સમય એક અને જેની કાળની આદિ નહિ, દ્રવ્યની આદિ નહિ, ક્ષેત્રની–આકાશની આદિ નહિ. દ્રવ્યનો, ક્ષેત્રનો અંત નહિ. આમ ક્ષેત્રનો અંત નહિ. કાળે અંત નહિ (અને) ક્ષેત્રે અંત નહિ, આહા..હા...! એ બધાંને અક્રમે એક સમયે જાણે. (માત્ર) વર્તમાનમાં (ઉત્કૃષ્ટ) બધાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણનારો તે કેવળી એમ નહિ. સમજાણું કાંઈ ? ત્રીજી સાલમાં ૩૨ વર્ષ પહેલાં અહીંયાં બધા પંડિત ભેગા થયા હતા ત્યારે એક ચર્ચા ચાલી હતી. એ એક પંડિતને નહોતી બેસતી. ધોળી પર્યાય હોય એની બીજે સમયે લાલ (પર્યાય) પણ થઈ જાય. એ (ચર્ચા ચાલી) હતી. પરમાણુની કાળી પર્યાય બીજે સમયે લાલ થઈ જાય – એ સ્વતંત્ર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? રંગ (ગુણ) એ પરમાણુમાં કાયમ રહેનારો હોવા છતાં તેની વર્તમાન એક સમયની પર્યાય હોય કાળી (અને) બીજે સમયે થઈ જાય ધોળી. આહા..હા...! એ એને નહોતું બેસતું. એવી ચર્ચા થઈ હતી.

અહીં કહે છે કે પહેલે સમયે હોય ચાર જ્ઞાનની (અલ્પ) પર્યાય અને બીજે સમયે થઈ જાય કેવળજ્ઞાન ! એ ત્રિકાળી અખંડાનંદ નાથને જ્યાં અંદરમાં પકડ્યો... આ..હા..હા...! પર્યાયે ભગવાન પૂર્ણાનંદને જ્યાં પકડ્યો... આ..હા..હા...! (એટલે કે) ધ્યેયમાં લીધો, વર્તમાન જ્ઞાનની પર્યાયમાં તેને જ્ઞેય (બનાવ્યું) પૂર્ણ જ્ઞાનને જ્ઞેય બનાવ્યું, આ..હા..હા...! એની પર્યાયમાં તરત જ કેવળજ્ઞાન પરિણમે, એમ કહેવું (છે). આ..હા..હા...!

'**...સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી,...**' (અહીંયાં) ગ્રહણ એટલે જાણતું ગ્રહણ છે ને ! (એટલે) જાણતું હોવાથી (એમ લેવું). ઉપરમાં પણ એમ લેવું. '**...અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી,...**' એટલે કારણપણે જાણવાથી (એમ લેવું) આહા..હા...! આવો મારગ ! સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું અક્રમે જાણવું હોવાથી આહા..હા...! '**...(સમક્ષ સંવેદનને) (–પ્રત્યક્ષ જ્ઞાનને),...**' સમક્ષ એટલે પ્રત્યક્ષ (અને) સંવેદન એટલે જ્ઞાન એને '**આલંબનભૂત,...**' એટલે નિમિત્ત જે બધાં હતા એ '**...સમસ્ત દ્રવ્ય પર્યાયો પ્રત્યક્ષ જ છે.**' (એટલે કે) જાણે છે, આહા..હા...! એને પ્રત્યક્ષ જાણે છે, આહા..હા...! આવો જ દ્રવ્યનો – પર્યાયનો – કેવળજ્ઞાનનો સ્વભાવ છે.

ભવિષ્યની પર્યાય થઈ નથી એને પણ વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. ત્યારે કોઈને એમ લાગે કે, (જે પર્યાય) નથી થઈ તેને જ્ઞાન જાણે છે, એ તો ખોટું જ્ઞાન થયું, (પણ) એમ નથી. ત્યાં તે કાળે જે (પર્યાય) થવાની છે તે અસ્તિપણે છે, તેવું જ જ્ઞાન જાણે છે. એ (પર્યાય) નથી અને જાણે છે, એમ નથી. (તે પર્યાય) છે – તે કાળે છે, તેને તે પ્રકાર જાણે છે, આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ જીવને અમુક ભવે કેવળજ્ઞાન થશે એવું ભગવાન પહેલેથી જાણે છે કે નહીં ? કેવળજ્ઞાન (નહિતર વર્તમાનમાં) છે નહિ. આહા..હા...!

શ્રોતા :-- હજી તો એ જીવ નિગોદમાં હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– (છતાં) જાણે છે, આહા..હા...! (આ) નિગોદમાં જીવ છે એ તીર્થંકર થશે અને આ જીવ બે-ત્રણ–ચાર ભવે કેવળજ્ઞાન પામશે. એ અત્યારે 'છે' નહિ પણ છતાંય 'છે' તે રીતે જાણે છે ! આ..હા..હા...!

એ સ્વભાવની શું વાતું (થાય) ! આ..હા..હા...! જ્યાં સ્વભાવ દરિયો ઊછળે છે !! આ..હા..હા...! એક જ્ઞાનસ્વભાવમાં અનંતા ગુણનું રૂપ એવો એક (જ્ઞાન) ગુણ ! આ..હા..હા...! એવા ગુણને– ત્રિકાળીને – અહેતુકને જાણવાથી, ગ્રહવાથી એટલે જાણવાથી તરત જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે, આહા..હા...! એવી પ્રતીત અને શ્રદ્ધા કર ! કેવળજ્ઞાનરૂપી મોક્ષતત્ત્વની આ રીતે શ્રદ્ધા કર ! સમજાણું કાંઈ ? આહા..હા...!

**ભાવાર્થ :-- 'જેની આદિ નથી,...'** વસ્તુ છે – દ્રવ્ય અને આ જ્ઞાન, એને આદિ શી ? '**...તેમ જ અંત નથી,...**' (એટલે કે) ભવિષ્યમાં નાશ નથી (કે) છેડો નથી. આ..હા..હા...! '**...જેનું કોઈ કારણ નથી,...**' (ટીકામાં) અહેતુક કીધું હતું ને ? અનાદિ, અનંત અને અહેતુક, ત્રણની વ્યાખ્યા કરે છે.

ભગવાનઆત્માનો જે ત્રિકાળ જ્ઞાનસ્વભાવ (છે) એ જ્ઞાનસ્વભાવને કોઈ આદિ નથી, કોઈ અંત નથી, એનો – જ્ઞાનસ્વભાવનો કોઈ કારણ–હેતુ નથી, આહા...! એવો જ્ઞાનસ્વભાવ...! આ..હા..હા...! '**...અને જે અન્ય કોઈ દ્રવ્યમાં નથી,...**' આહા..હા...! જે જ્ઞાનસ્વભાવ અહીંયાં છે તે અન્ય કોઈ દ્રવ્યમાં નથી. '**...અને અન્ય કોઈ દ્રવ્યમાં નથી. એવા જ્ઞાનસ્વભાવને,...**' આ..હા..હા...! '**...જ ઉપાદેય કરીને,...**' આદિ - અંત વિનાનો પોતાનો સ્વભાવ, કોઈ દ્રવ્યમાં નથી એવો એનો સ્વભાવ ! આ..હા..હા...! એને ઉપાદેય કરીને (એટલે) એનો આદર કરીને, એને ગ્રહણ કરીને, એને જાણીને (અને) એને ઉપાદેય કરીને. (એમ) ત્રણબોલ લીધાં. આ..હા..હા...!

ત્રિકાળી અહેતુક, આદિ અંત વિનાનો, પર દ્રવ્યમાં નથી એવા સ્વદ્રવ્યનો જે જ્ઞાન (સ્વભાવ) તેને ગ્રહણ કરીને, તેને જાણીને, તેને ઉપાદેય કરીને – (એમ) ત્રણ શબ્દ લીધાં. આહા..હા...! ભાઈ ! આ કાંઈ વાર્તા નથી, આહા...! આ તો ભગવત્ સ્વરૂપ આત્મા ! એની આ પારાયણ છે ! આ..હા..હા...! સત્નારાયણની કથા છે ને ! એમાં એમ કહે કે, અહીંયાં આવ્યા અને પ્રસાદ લીધા વિના જાય તો એને નુકસાન થશે, એનાં વહાણ ડૂબી જશે – એમ આવે છે ને એમાં ! પ્રસાદ લઈને ન ગયો તો વહાણ ડૂબી ગયું. અહીં કહે છે કે જે વાત કહે છે, આ..હા..હા...! એની શ્રદ્ધાનો પ્રસાદ નહીં લ્યે... આ..હા..હા...! (તો) એના વહાણ ડૂબી જશે, એ સંસારમાં રખડશે. આહા..હા...! એણે શ્રદ્ધાની પ્રસાદી લઈ લેવી જોઈએ ! આહા..હા...!

(અહીંયાં કહે છે) '**...કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજભૂત,...**' (આ) 'જયસેનઆચાર્ય'ની ટીકામાંથી (નાખ્યું છે). '**...કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજભૂત શુક્લધ્યાન નામના સ્વસંવેદનજ્ઞાને,...**' સ્વસંવેદન (એટલે) પોતે પોતાથી (સ્વ ને વેદે એવા) વેદન(રૂપ) જ્ઞાને. '**...જ્યારે આત્મા પરિણમે છે ત્યારે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**તેના નિમિત્તે...**' આ..હા..હા...! (અહીંયાં શુક્લધ્યાનને) કારણ બતાવવું છે ને (એટલે તેના નિમિત્તે એમ કહ્યું). '**...તેના નિમિત્તે સર્વઘાતિકર્મોનો ક્ષય થઈ જાય છે,...**' આહા..હા...! નિમિત્તે (કહેતાં) ઘાતિકર્મની અવસ્થા ક્ષય થવાનો તેનો કાળ હતો (તેથી ક્ષય) થયો. આ તો (શુક્લધ્યાન તો) નિમિત્ત કહ્યું. આ..હા..હા...! (કોઈ એમ કહે કે, જુઓ ! આ નિમિત્ત નાખ્યું !) નિમિત્ત (છે) એટલે અહીંયાં ઘાતિ (કર્મોનો) નાશ થયો કે નહિ ! પણ એ તો બતાવ્યું છે કે, નિમિત્ત (આવું હોય). (બાકી તો) તે કાળે કર્મનાં પરમાણુનો અકર્મરૂપે પરિણમવાનો એનો કાળ છે, આહા..હા...! એ ઘાતિ કર્મના પરમાણુના ક્રમમાં એ આવ્યું હતું કે એ (કર્મરૂપ) પર્યાયનો અભાવ થવો. એવું એના ક્રમમાં આવ્યું હતું. એને આના (શુક્લધ્યાનના) નિમિત્તે નાશ કર્યું, એમ કહેવામાં (આવે છે). આવી વાત...! ભાઈ !

'**...ઘાતિકર્મોનો ક્ષય થઈ જાય છે અને તે ક્ષય થવાના સમયે જ આત્મા સ્વયમેવ કેવળજ્ઞાનરૂપે પરિણમવા લાગે છે.**' આ ભાષા સમજાણી ? 'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકામાં છે, જુઓ ! '**शुक्लध्यानसंज्ञेन रागादिविकल्पजालरहितस्वसंवेदनज्ञानेन यदायमात्मा परिणमति, तदा स्वसंवेदनज्ञानफलभूतकेवलज्ञानपरिच्छित्त्याकारणपरिणतस्य तस्मिन्नेव क्षणे क्रमप्रवृत्तक्षायोपशमिकज्ञानाभावादक्रमसमाक्रान्तसमस्तद्रव्यक्षेत्रकालभावतया सर्वद्रव्यगुणपर्याया अस्यात्मनः प्रत्यक्षा भवन्तीत्यभिप्रायः।।**' બહુ સાદી ભાષા છે, આહા..હા...! તે સમયે આત્મા સ્વયમેવ (કેવળજ્ઞાનરૂપે પરિણમવા લાગે છે). (ઘાતિકર્મોનો) ક્ષય થયો એની પણ જેને અપેક્ષા નથી. તે સમયે તે કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન (થવાનો) અવસર છે અને સમય છે. આહા..હા...! '**...કેવળજ્ઞાનરૂપે પરિણમવા લાગે છે. તે કેવળજ્ઞાની ભગવાન,...**' આ..હા..હા...! પાંચમા આરાના પ્રાણીને આ મોક્ષની વાતું કેમ કરે છે ? પણ નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વ શું છે એ એણે શ્રદ્ધવું તો જોશે કે નહિ ? મોક્ષતત્ત્વ ભલે તેને (અત્યારે) પ્રગટ ન થાય પણ મોક્ષ આવો હોય, કેવળજ્ઞાનની ઉત્પત્તિ આવી હોય – એવું એણે શ્રદ્ધામાં તો લાવવું પડશે કે નહિ ? આ..હા..હા...!

'**તે કેવળજ્ઞાની ભગવાન ક્ષાયોપશમિક જ્ઞાનવાળા જીવોની માફક અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ ક્રમથી જાણતા નથી,...**' આહા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો આઠ કર્મની વાત લીધી છે ને ! ત્યાં એ લીધું કે, 'જ્ઞાનાવરણીના ક્ષયથી આમ થાય, ક્ષયોપશમથી આમ થાય !' (ત્યાં તો) નિમિત્ત(નું સ્વરૂપ) સમજાવવું છે ને ! 'અંતરાય કર્મથી દાન દેવાનો ભાવ ન થાય !' એ તો એની પોતાની પર્યાયનો એવો સ્વકાળ છે. ત્યારે એને – કર્મને નિમિત્ત કહેવામાં આવે (છે). આવી વાતુ પણ આકરી પડે ! આહા..હા...!

જેને અંદર ગરજ હોય, ભવ ભયનો ડર (હોય) (કે) અરે..રે...! (મારો) ભવ ક્યાં થશે ? ભાઈ ! આહા..હા...! અહીંથી ક્યાં જઈશ ? પ્રભુ ! અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા કાળે ક્યાં જઈશ તું ? જો સમ્યગ્દર્શન અને જ્ઞાન ન કર્યું - અરે...! એના સંસ્કાર (પણ) ન નાખ્યા (તો) એને ચોરાશીના અવતારમાં ક્યાં જવું ? ભાઈ ! આ..હા..હા...! અહીં કહળ્યું કુટુંબ મૂકી, પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ રૂપિયા મૂકી, બંગલા ૫૦-૫૦ લાખના મૂકી અને લસણમાં ઊપજે ! આ..હા..હા...! તિર્યંચની કૂખે ઊપજે, બાપુ ! આ..હા..હા...! એવો જેને ભવનો ભય અને ડર લાગ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथास्य भगवतोऽतीन्द्रियज्ञानपरिणततत्वादेव न किंचित्परोक्षं भवतीत्यभिप्रैति -

**णत्थि परोक्खं किंचि वि समंत सव्वक्खगुणसमिद्धस्स।**
**अक्खातीदस्स सदा सयमेव हि णाणजादस्स।।२२।।**

**नास्ति परोक्षं किंचिदपि समन्ततः सर्वाक्षगुणसमृद्धस्य।**
**अक्षातीतस्य सदा स्वयमेव हि ज्ञानजातस्य।।२२।।**

अस्य खलु भगवतः समस्तावरणक्षयक्षण एव सांसारिकपरिच्छित्तिनिष्पत्तिबलाधानहेतुभूतानि प्रतिनियतविषयग्राहीण्यक्षाणि तैरतीतस्य, स्पर्शरसगन्धवर्णशब्दपरिच्छेदरूपैः समरसतया समन्ततः सर्वैरेवेन्द्रियगुणैः समृद्धस्य, स्वयमेव सामस्त्येन स्वपरप्रकाशनक्षममनश्वरं लोकोत्तरज्ञानजातस्य, अक्रमसमाक्रान्तसमस्तद्रव्यक्षेत्रकालभावतया न किंचनापि परोक्षमेव स्यात्।।२२।।

---

अथ सर्वं प्रत्यक्षं भवतीतत्यन्वयरूपेण पूर्वसूत्रे भणितमिदानीं तु परोक्षं किमपि नास्तीति तमेवार्थं व्यतिरेकेण दृढयति – **णत्थि परोक्खं किंचि वि** अस्य भगवतः परोक्षं किमपि नास्ति। किंविशिष्टस्य। **समंत सव्वक्खगुणसमिद्धस्स** समन्ततः सर्वात्मप्रदेशैः सामस्त्येन वा स्पर्शरसगन्धवर्णशब्दपरिच्छित्तिरूपसर्वेन्द्रियगुणसमृद्धस्य। तर्हि किमक्षसहितस्य। नैवम्। **अक्खातीदस्स** अक्षातीतस्येन्द्रियव्यापाररहितस्य, अथवा द्वितीयव्याख्यानम्–अक्ष्णोति ज्ञानेन व्याप्नोतीत्यक्ष आत्मा तद्गुणसमृद्धस्य। **सदा** सर्वदा सर्वकालम्। पुरपि किंरूपस्य। **सयमेव हि णाणजादस्स** स्वयमेव हि स्फुटं केवलज्ञानरूपेण जातस्य परिणतस्येति। तद्यथा–अतीन्द्रियस्वभावपरमात्मनो विपरीतानिक्रमप्रवृत्तिहेतुभूतानीन्द्रियाण्यतिक्रान्तस्य जगत्त्रयकालत्रयवर्तिसमस्तपदार्थयुगपत्प्रत्यक्ष-प्रतीतिसमर्थम-विनश्वरमखण्डैक प्रतिभासमयं केवलज्ञानं परिणतस्यास्य भगवतः परोक्षं किमपि नास्तीति भावार्थः ।।२२।।

---

હોય... ભલે સ્વર્ગમાં ઉપજે તોપણ એ ભવ કલંક છે. આહા..હા...! સ્વર્ગનાં ભવ પણ કલંક છે, આહા..હા...! એવા ભવના કલંકનો જેને ડર લાગ્યો છે, એણે આ નવ તત્ત્વમાં કેવળજ્ઞાન–મોક્ષતત્ત્વ આવું હોય, એ સમજવું પડશે, બાપુ ! આહા..હા...! સમજાણું કાંઈ ? આહા...!

નવ તત્ત્વની (શ્રદ્ધાને સમ્યગ્દર્શન) કહ્યું છે ને ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં અને (બીજે) નવ તત્ત્વની શ્રદ્ધા (તે સમ્યગ્દર્શન) ઘણે ઠેકાણે એમ કીધું છે. અહીંયાં ભલે એક આત્માની (શ્રદ્ધા) લીધી છે. એ તો (એવા) ચાર પ્રકાર લીધા છે ને ! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભેદજ્ઞાનથી, એક આત્માથી–એમ બધા પ્રકાર લીધા છે. પણ એનો સરવાળો તો આત્માનો આશ્રય લેવો એ છે. આ..હા..હા...! ભગવાન પૂર્ણાનંદનો નાથ ! ચૈતન્ય ચમત્કારી પ્રભુ ! પડ્યો છે. એની સામું જોવા માટે આ બધી શ્રદ્ધાની વાતું છે. સમજાણું કાંઈ... ?

(અહીંયાં કહે છે) 'એવા (ક્ષાયોપશમિક જ્ઞાનવાળા) જીવોની માફક ભગવાન અવગ્રહ-ઈહા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, અતીંદ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી જ, આ ભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી એવો અભિપ્રાય કહે છે :-

**ન પરોક્ષ કંઈ પણ સર્વતઃ સર્વાક્ષગુણસમૃદ્ધને,**
**ઇંદ્રિય-અતીત સદૈવ ને સ્વયમેવ જ્ઞાન થયેલને. ૨૨.**

**અન્વયાર્થ :–** **[सदा अक्षातीतस्य]** જે સદા ઇંદ્રિયાતીત છે, **[समन्ततः सर्वाक्षगुणसमृद्धस्य]** જે સર્વ તરફથી (- સર્વ આત્મપ્રદેશે) સર્વ ઇંદ્રિયગુણો વડે સમૃદ્ધ છે **[स्वयम् एव हि ज्ञानजातस्य]** અને જે સ્વયમેવ જ્ઞાનરૂપ થયેલા છે, તે કેવળીભગવાનને **[किंचिद् अपि]** કાંઈ પણ **[परोक्षं नास्ति]** પરોક્ષ નથી.

**ટીકા :–** સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ જે (ભગવાન) સાંસારિક જ્ઞાન નિપજાવવાના બળને અમલમાં મૂકવામાં હેતુભૂત એવી જે પોતપોતાના નિશ્ચિત વિષયોને ગ્રહણ કરનારી ઇંદ્રિયો તેમનાથી અતીત થયા છે, જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના જ્ઞાનરૂપ સર્વ ઇંદ્રિયગુણો વડે સર્વ તરફથી સમરસપણે સમૃદ્ધ છે (અર્થાત્ જે ભગવાન સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તેમ જ શબ્દને સર્વ આત્મપ્રદેશેથી સમાનપણે જાણે છે) અને જે સ્વયમેવ સમસ્તપણે સ્વપરને પ્રકાશવામાં સમર્થ એવા અવિનાશી લોકોત્તર જ્ઞાનરૂપ થયા છે એવા આ (કેવળી) ભગવાનને સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી કાંઈ પણ પરોક્ષ નથી.

**ભાવાર્થ :–** ઇન્દ્રિયનો ગુણ તો સ્પર્શાદિ એક ગુણને જ જાણવાનો છે, જેમ કે ચક્ષુઇન્દ્રિયનો ગુણ રૂપને જ જાણવાનો છે અર્થાત્ રૂપને જ જાણવામાં નિમિત્ત થવાનો છે. વળી ઈન્દ્રિયજ્ઞાન ક્રમિક છે. કેવળીભગવાન તો ઇન્દ્રિયોના નિમિત્ત વિના સમસ્ત આત્મપ્રદેશેથી સ્પર્શાદિ સર્વ વિષયોને જાણે છે, અને જે સમસ્તપણે પોતાનું ને પરનું પ્રકાશક છે એવા લોકોત્તર જ્ઞાનરૂપે (-લૌકિકજ્ઞાનથી ભિન્ન કેવળજ્ઞાનરૂપે) સ્વયમેવ પરિણમ્યા કરે છે; માટે સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અવગ્રહાદિ ક્રમ વિના જાણતા હોવાથી કેવળીભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી. ૨૨.

---

અવાય ધારણરૂપ ક્રમથી જાણતા નથી. જોકે ક્રમથી જાણનારનો પર્યાય પણ સ્વતંત્ર તે કાળે (થાય) છે. સમજાણું કાંઈ ? પણ ક્રમે જાણે છે, આનો (ભગવાનનો) પર્યાય અક્રમે (જાણે) એ પણ સ્વતંત્ર છે, આ..હા..હા...! '**...પરંતુ સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને યુગપદ જાણે છે;...**' (અર્થાત્) એક સમયમાં જાણે છે, આહા...! '**...એ રીતે તેમને બધુંય પ્રત્યક્ષ વર્તે છે.**' ભગવાનને બધું જ પ્રત્યક્ષ (વર્તે છે). એવો જ તારો સ્વભાવ છે. કેવળજ્ઞાન તારો સ્વભાવ છે. એમાંથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા...! એ ૨૧ (ગાથા પૂરી) થઈ.

'**હવે, અતીન્દ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી,...**' ભગવાન ઇન્દ્રિયાતીત અતીન્દ્રિય જ્ઞાનરૂપે થયેલા હોવાથી, '**...આ ભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી,...**' (એટલે કે) પર્યાય નથી થઈ માટે તેને પરોક્ષ છે, (પર્યાય) વીતી ગઈ એ વર્તમાન(માં) નથી માટે પરોક્ષ છે, એમ નથી. આહા..હા...! મોક્ષતત્ત્વની – કેવળજ્ઞાનની પર્યાય આવડી હોય ! આહા..હા...! કે જેને કાંઈપણ પરોક્ષ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેટલાક તો એમ કહે છે કે 'ભવિષ્યની પર્યાય નથી અને વર્તમાન(માં પ્રત્યક્ષ) છે એમ જાણે તો (એ) જ્ઞાન ખોટું થયું !' આહા..હા...! એમ નથી, ભાઈ ! કેવળજ્ઞાનમાં તો જ્યાં જે વખતે (થવાની) તે રીતે જ ત્યાં જણાય છે, આહા..હા...! જે વખતે ત્યાં (ભવિષ્યમાં) થશે અને જે વખતે ત્યાં (ભૂતકાળમાં) થઈ ગઈ, તે રીતે જ જ્ઞાનમાં જણાય છે. આ..હા..હા...! આ તે કંઈ વાત છે ! આહા..હા...!

અનંત - અનંત કાળ પછી (બીજા પદાર્થોની) પર્યાય થશે, અરે...! પોતાની પર્યાય પણ અનંતકાળ પછી (જે) થશે, આ..હા..હા...! એને વર્તમાનમાં (કેવળજ્ઞાની ભગવાન) પ્રત્યક્ષ જાણે છે. (અજ્ઞાની એમ કહે કે) 'નથી ને જાણે છે – એ (જ્ઞાન) ખોટું (છે).' અરે ! બાપુ ! એ વસ્તુ કોઈ એવી છે ! આ..હા..હા...! (કે) એ તર્કથી–કુતર્કથી બેસે એવું નથી, બાપુ ! આહા..હા...! એવો કોઈ ભગવાન આત્માનો પૂર્ણ જાણવાનો ત્રિકાલીક સ્વભાવ તો છે જ પણ વર્તમાનમાં નથી (એવી) ભૂતની પર્યાય (અને) ભવિષ્યની પર્યાયને વર્તમાનવત (જાણે છે). (એ વાત) આગળ લેશે (કે) 'વર્તમાનવત જાણે છે.' આહા..હા...! (છતાં કોઈ કહે કે) 'પણ (એ પર્યાયો તો) ભૂત-ભવિષ્યની છે !' ભાઈ ! આ..હા..હા...! જ્ઞાનનો સ્વભાવ કોઈ અલૌકિક છે ! આહા...! (કોઈ એમ કહે કે) 'જે થયેલી છે અને થશે– માટે એને પ્રત્યક્ષ જાણવામાં ન આવે. એને પરોક્ષરૂપે જાણે (અને) વર્તમાનને પ્રત્યક્ષ જાણે !' (તો) એમ નથી. આ..હા..હા...! એવો જ કોઈ ચૈતન્યની એક સમયની પર્યાયનો સ્વભાવ (છે) ! આહા...! તેને કાંઈ પણ પરોક્ષ નથી. અને જે પર્યાયનો અંત નથી એને પણ પ્રત્યક્ષ જાણે છે. આહા...! આ શું છે આ !? જે પર્યાયની આદિ નથી (એને પણ પ્રત્યક્ષ જાણે છે). (જેમ) દ્રવ્યની આદિ નથી એમ પર્યાયની આદિ નથી, આહા..હા...! એ અનાદિ - અનંત (પર્યાયો) જે રીતે છે તે રીતે વર્તમાન પ્રત્યક્ષ જાણે છે. બાપુ ! એ કોઈ (અલૌકિક વાત છે) ! આ..હા..હા...! આ સાધારણ વાત નથી. એનો પર્યાયનો આવો સ્વભાવ છે તો એની શક્તિ અને ગુણની શું વાતું કરવી !! આ..હા..હા...! એવી એને મોક્ષતત્ત્વની – કેવળજ્ઞાનની પર્યાય આવડી હોય (તેની શ્રદ્ધા કરવી પડશે). નહિ થયેલા અને થઈ ગયેલા (પર્યાયો પ્રત્યક્ષ જાણે છે). થઈ ગયેલા (પર્યાયો) ગયા – વીતી ગયા (અને) નહિ થયેલા (પર્યાયો) વર્તમાનમાં નથી – માટે તેને પરોક્ષ છે, એમ નથી. આ..હા..હા...! એવો જ (કોઈ) ભગવાનઆત્માની કેવળજ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. આહા..હા...! એવી-એવી અનંતી પર્યાય જેના ગુણમાં પડી છે – એ ગુણનું તો શું કહેવું ! (એમ) કહે છે. એવા-એવા અનંત ગુણોનો પિંડ જે દ્રવ્ય છે... આ..હા..હા...! એનું શું કહેવું !! ભાઈ ! આહા...! એની અહીંયાં પ્રતીતિ કરાવે છે.

આવો જેનો–પર્યાયનો સ્વભાવ, એવી અનંતી પર્યાયોનો પિંડ – ગુણ (છે). એ દરેક પર્યાય– (જે) શ્રદ્ધાની, ચારિત્રની પર્યાય ભવિષ્યમાં થશે, એ બધી (પર્યાયોને) વર્તમાનમાં જાણે છે. આ..હા..હા...! ગુણને તો જાણે છે (પણ) વર્તમાનમાં ક્યાંય કોઈ (પર્યાય) અત્યારે નથી એવી ભવિષ્યની અને ભૂત(કાળની પર્યાયોને) એ જાણે વર્તમાનમાં હોય તેમ એ જાણે છે ! શું છે આ !!

એ કેવળજ્ઞાનની શ્રદ્ધા (ક્યારે થાય) ? (કે) નવ તત્ત્વની શ્રદ્ધામાં જીવની શ્રદ્ધા કરે ત્યારે તેને આ (મોક્ષ) તત્ત્વની શ્રદ્ધા એમાં થાય. આ પર્યાયો એમાં નથી એનું જ્ઞાન થાય - આવડી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયો પણ જીવ દ્રવ્યમાં નથી (એનું જ્ઞાન થાય). સમજાણું કાંઈ...? આહા...!

શ્રોતા :– સમ્યક્‌દ્રષ્ટિને ભવિષ્યમાં જે કેવળજ્ઞાનની પર્યાય થશે એને અત્યારે પરોક્ષ જાણે ?

સમાધાન :– એને (સમ્યક્‌દ્રષ્ટિને) તો પરોક્ષ જ છે. એને પ્રત્યક્ષ નથી. પણ કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ છે – એવી એને પ્રતીતિ છે. મોક્ષની પ્રતીતિ છે કે નહિ ? આહા..હા...! (સમ્યક્‌દ્રષ્ટિનું) જ્ઞાન છે એ (ભલે) પૂરું ખીલ્યું નથી, પણ જેને ખીલ્યું છે (એવા કેવળજ્ઞાનીને ભૂત-ભવિષ્યની બધી પર્યાયો) પ્રત્યક્ષ છે – એવી પ્રતીતિ પરોક્ષ જ્ઞાનીને પણ છે, આ..હા..હા...!

આ ૨૨મી (ગાથાનું) ઉપોદ્‌ઘાત કર્યું, આહા...!

**''णत्थि परोक्खं किंचि वि समंत सव्वक्खगुणसमिद्धस्स।**
**अक्खातीदस्स सदा सयमेव हि णाणजादस्स।।२२।।''**

**''ન પરોક્ષ કંઈ પણ સર્વતઃ સર્વાક્ષગુણસમૃદ્ધને,**
**ઇંદ્રિય-અતીત સદૈવ ને સ્વયમેવ જ્ઞાન થયેલને. ૨૨.''**

ટીકા :-- '**સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ...**' સમજાવવું છે ને ? (એટલે એમ કહે છે). તે કાળ પણ આવરણના ક્ષય(નો) છે. એવા આવરણના ક્ષયની ક્ષણે જ, '**...જે (ભગવાન) સાંસારિક જ્ઞાન નિપજાવવાના બળને અમલમાં મૂકવામાં હેતુભૂત એવી જે પોતપોતાના નિશ્ચિત વિષયોને ગ્રહણ કરનારી ઇન્દ્રિયો,...**' (અર્થાત્) એક-એક ઇન્દ્રિય એક-એક વિષયને જાણનારી (છે), આહા..હા...! (અને) (સાંસારિક જ્ઞાન) નિપજાવવાના બળને અમલમાં મૂકવામાં હેતુભૂત (ઇન્દ્રિયો છે). અહીં તો જાણવાના બળને નિપજાવવાના (હેતુભૂત કહેવું છે) હોં ! '**...સાંસારિક જ્ઞાન નિપજાવવાના બળને અમલમાં મૂકવામાં હેતુભૂત,...**' (હેતુભૂત એટલે) નિમિત્ત. '**...એવી જે પોતપોતાના નિશ્ચિત વિષયોને ગ્રહણ કરનારી ઇન્દ્રિયો,...**' આહા..હા...! નિમિત્તને (નિપજાવવાના) બળભૂત, એમ નહિ. (પણ) સંસારિક જ્ઞાન નિપજાવવાના બળને અમલમાં મૂકવામાં નિમિત્તભૂત (એમ કહેવું છે). આહા..હા...! '**...એવી જે પોતપોતાના નિશ્ચિત વિષયોને ગ્રહણ કરનારી,...**' એટલે જાણનારી, '**...ઇન્દ્રિયો તેમનાથી અતીત થયા છે,...**' (અર્થાત્) ભગવાન તો એનાથી અતીત થયા છે.

'**...જે સ્પર્શ-રસ-ગંધ-વર્ણ અને શબ્દના જ્ઞાનરૂપ સર્વ ઇન્દ્રિયગુણો વડે સર્વ તરફથી સમરસપણે સમૃદ્ધ છે,...**' (અર્થાત્) બધી ઇન્દ્રિયોના જે શબ્દ આદિ (વિષય) છે – એ એક સમયમાં એકસાથે જાણવાને સમર્થ છે. સમજાણું ? '**...(અર્થાત્ જે ભગવાન સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તેમ જ શબ્દને સર્વ આત્મપ્રદેશેથી સમાનપણે જાણે છે),...**' (છદ્મસ્થનું) જ્ઞાન શબ્દને અહીં કાનમાં જાણે, રૂપને અહીં (આંખમાં) જાણે. (જ્યારે) અહીં (કેવળજ્ઞાનમાં) તો બધી ઇન્દ્રિયોના (વિષયોને) જ્ઞાનમાં એક સમયમાં જાણે છે, આહા..હા...! વિશેષ કહેશે....

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## (તા. ૨૪-૧-૧૯૭૯ – પ્રવચન નંબર-૧૮)

પ્રવચનસાર, ૨૨ ગાથા ચલતી હૈ. ક્યા (કહતે) હૈં ? ૨૧ (ગાથામેં) ઐસા ચલા કિ, કેવલજ્ઞાની કો સબ પ્રત્યક્ષ હૈ. સર્વજ્ઞ ભગવાનકો જો કેવલજ્ઞાન હૈ (ઉસમેં) સબ પ્રત્યક્ષ (હૈ). તીનકાલ, તીનલોક (કી) આદિ-અંત બિનાકી સબ ચીજ ઉનકો પ્રત્યક્ષ હૈ. ઈસ ગાથામેં પરોક્ષ નહીં હૈ, ઐસા કહતે હૈં. હૈ ન ? '**णत्थि परोक्खं**' ! ઉસમેં ઐસા કહા થા કિ, ભગવાન આત્મા ! સર્વજ્ઞ સ્વભાવી તો હૈ હી, પરંતુ ઉસકા અંતરમેં ધ્યાન કરને સે, શુદ્ધ ઉપયોગકા પરિણમન કરને સે, કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ. યહ કેવલજ્ઞાન પ્રત્યક્ષ હૈ. તીનકાલ–તીનલોકકી દશા (કો જાનતા હૈ). તીનકાલ-તીનલોક કે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ કી ત્રિકાલી સબ પર્યાય કો એક સમય મેં જાનનેકી તાકત રખતા હૈ, આહા..હા...! યહ મોક્ષતત્ત્વકી શ્રદ્ધા કરાતે હૈં (કિ), મોક્ષતત્ત્વ ઐસા હૈ !

કોઈ કહતે હૈં કિ, કેવલી (ભગવાન) ભવિષ્ય કો નહિ જાનતે (સિર્ફ) વર્તમાનકો જાનતે (હૈં). ભવિષ્યકી પર્યાય હુઈ નહીં તો ક્યા જાને ? (વહ) જૂઠ બાત હૈ. ભગવાન તો તીનકાલ તીનલોક(કી) ભવિષ્યકી પર્યાય (જો અભી) હુઈ નહીં, ઉસકો ભી પ્રત્યક્ષ જાનતે હૈં. ઔર ભૂતકાલ કી પર્યાય બીત ગઈ, વહ અભી નહીં હૈ, વહ ભી પ્રત્યક્ષ જાનતે હૈં. આહા..હા...! ભગવાનઆત્મા કા સ્વભાવ હી ઐસા હૈ. જ્ઞાનસ્વભાવી પ્રભુઆત્મા ! ઉસકી જો પૂર્ણ પર્યાય પ્રગટ હુઈ (ઉસમેં) સબ પ્રત્યક્ષ હોતા હૈ, ઐસી શ્રદ્ધા કરાતે હૈં.

યહાઁ (૨૨ ગાથામેં) કહતે હૈં કિ, (કેવલજ્ઞાનીકો કુછ ભી) પરોક્ષ નહીં હૈ. (૨૧ ગાથામેં) (કેવલજ્ઞાનીકો સબ) પ્રત્યક્ષ (હૈ, ઐસા) કહા થા, અબ ઉસકો કુછ પરોક્ષ નહીં હૈ (ઐસા કહતે હૈં). ૨૨ ગાથાકી ટીકા.

ટીકા :– '**સમસ્ત આવરણકે ક્ષયકે ક્ષણ હી...**' આવરણકા ક્ષય કૈસે હોતા હૈ ? અપના શુદ્ધ પ્રભુ, ચૈતન્ય આનંદકંદ આત્મા ! (હૈ), ઉસકે શુદ્ધોપયોગકી રમણતાસે (ક્ષય હોતા હૈ). (કેવલજ્ઞાન) દયા, દાન, વ્રત, ભક્તિ આદિ (કે) રાગસે ઉત્પન્ન નહીં હોતા. વહ રાગ તો બંધકી ક્રિયા હૈ, આહા..હા...! સમજમેં આયા ? દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા આદિકા ભાવ હૈ, વહ તો રાગ હૈ (ઔર) રાગ હૈ વહ તો બંધકા કારણ હૈ. કેવલજ્ઞાન(કી) ઉત્પત્તિમેં વહ કારણ નહીં. અપના શુદ્ધ ચૈતન્ય ભગવાનઆત્મા ! જો અનંત-અનંત ગુણકી સમૃદ્ધિસે સંપદાવાન પ્રભુ હૈ, ઉસકે શુદ્ધ ઉપયોગકે ધ્યાનસે (કેવલજ્ઞાન પ્રગટ હોતા હૈ). ક્રિયાકાંડ હૈ, વહ તો શુભ ઉપયોગ હૈ. (ઔર) યહ કેવલજ્ઞાન તો અંદર શુદ્ધ ચૈતન્યકે ઉપયોગસે (યાની) શુદ્ધ ઉપયોગકી પરિણતિસે ઉત્પન્ન હોતા હૈ. યહ સંવર-નિર્જરાકી (શુદ્ધ) દશા (હૈ). અંદર ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય (સ્વરૂપ) કે સન્મુખ હોકર વીતરાગી શુદ્ધ પર્યાય (હુઈ) (અર્થાત્) સંવર-નિર્જરા (કી જો પર્યાય) ઉત્પન્ન હુઈ, વહ શુદ્ધ ઉપયોગ હૈ. ઔર આગે બઢકર, જબ શુદ્ધ ઉપયોગ બઢ જાતા હૈ (યાની કિ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઐસે કેવલજ્ઞાની પરમાત્મા (ઔર) એક એક પરમાત્મા (સબકો જાનતે હૈં). અરિહંત તો બીસ બિરાજતે હૈં ઔર કેવલી લાખોં બિરાજતે હૈં. મહાવિદેહમેં બીસ વિહરમાન તીર્થંકર હૈં. સામાયિકમેં આજ્ઞા માંગતે હૈં ન !? ઉસકો કહાં ખબર હૈ ? કૌન (હૈ) ? કૌનસે તીર્થંકર (હૈં) ? કૌન કૌનસી ભૂમિમેં (વિચરતે હૈં) ? ('સીમંધર') ભગવાન બિરાજતે હૈં, ઐસે બીસ તીર્થંકર હૈં. ઔર એક તીર્થંકરકે પાસ દૂસરે લાખો કેવલી હૈં ! આ..હા..હા...! યે સબ કેવલી, અરિહંત ઔર અનંત સિદ્ધ – ઉનકી જ્ઞાનકી એક પર્યાયમેં – એક સમયકી એક પર્યાયમેં લોકાલોક જાનતે હૈં. ચક્ષુ જૈસે અગ્નિકો જાનતે હૈં, ઐસે કેવલજ્ઞાનકી પર્યાય તીનકાલકો જાને. ફિર ભી ચક્ષુ જૈસે અગ્નિમેં જાતે નહીં, વૈસે કેવલજ્ઞાનકી પર્યાય પરમેં જાતી નહીં – એક બાત. ફિર ભી, 'મેરે ચક્ષુ ફિરતે હૈં. ઐસે સબ જગહ ઘૂમતે હૈં !' ઐસા કહનેમેં આતા હૈ. ઐસે જ્ઞાનકી પર્યાય સબકો જાનતી હૈ – યહાં પરકા જ્ઞાન હુઆ, તો ઇસ અપેક્ષાસે પર, યહાં અંદરમેં આ ગયા, ઐસે વ્યવહારસે કહનેમેં આતા હૈ. આ..હા..હા...! ઐસી બાતેં...!

પર્વત પર ચડતે હૈં ન, પર્વત પર ! તો આંખ તો ઇતની (છોટી) – એક-ડેઢ ઇંચ હૈ, ઔર દિખતા તો બહુત હૈ ! પર્વત પર ચઢતે હૈં તો (ઉપરસે) પચ્ચીસ-પચ્ચીસ કૌસ (દૂર તક) દિખતા હૈ. 'જુનાગઢ'મેં ('ગિરનાર' પર) ચઢતે થે, તબ 'જેતપુર' કહાં હૈ ? યે સબ દેખતે થે. ઇતની (આંખમેં) દેખનેકી ચીજ ઇતની !! જ્ઞાન સબકો જાનતા હૈ. ઉપર ગયે થે ન ! તબ યહ વિચાર (આયા થા). વિચાર તો પ્રત્યેક ક્ષણ ચલતે હૈં ન ! ડોલીમેં બૈઠકર 'ગિરનાર' (પર્વત પર ગયે થે). જ્ઞાનકો સબ દિખતા હૈ – 'જેતપુર' કહાં ? દૂરસે સબ દિખતા હૈ. આંખ ઇતનેમેં રહકર (દેખતી હૈ). જ્ઞાનકી પર્યાય વહાં હૈ; વૈસે તો પૂરે શરીરપ્રમાણ (જ્ઞાનકી પર્યાય હૈ) પરંતુ યહાંસે (આંખસે) દેખતી હૈ. કિતની દૂર... તક દિખતા હૈ ! તો માનો આંખ વહાં – દિખતા હૈ વહાં ગઈ હૈ, ઐસા કહનેમેં આતા હૈ. ઔર વહ ચીજ માનો યહાં આ ગઈ ! ઐસા વ્યવહાર(સે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(કહતે) હૈં. યથાર્થમેં તો યહ જ્ઞાનકી પર્યાય જ્ઞાનમેં રહી હૈ – પરમેં ગઈ નહીં. ઔર પર (વસ્તુ) અંદરમેં આયી નહીં. આ..હા..હા...! ઐસા વસ્તુકા સ્વરૂપ હૈ, ઉસકી ખબર નહીં ઔર ધર્મ હો જાયે... (ઐસા નહીં હો સકતા). મર ગયા અનંતકાલસે...! આહા..હા...!

(યહાં કહતે હૈં) '**...આત્મા ભી, ઇન્દ્રિયાતીતતાકે કારણ પ્રાપ્યકારિતાકી વિચારગોચરતાસે દૂર હોતા હુઆ,...**' યાની ? જ્ઞાનકી પર્યાય પરકો પ્રાપ્ત કરતી હૈ, (ઐસા નહીં) ઇસસે દૂર હૈ. હૈ ? '**...જ્ઞેયભૂત સમસ્ત વસ્તુઓંકો સ્વપ્રદેશોંસે અસ્પર્શ કરતા હૈ,...**' (અર્થાત્) અપને પ્રદેશોમેં પરકો જાનતે હૈં, પરંતુ (પરકો) અસ્પર્શ કરતા હૈ, '**...ઇસલિયે અપ્રવિષ્ટ રહકર,...**' (અર્થાત્) પરમેં પ્રવેશ કિયે બિના, '**...જાનતા–દેખતા હૈ).**' આ..હા..હા...! યહ ભગવાનકી વાણી હૈ ! ઐસી (બાત) કહાં હૈ !

'**તથા,...**' ઐસા હોનેપર ભી, આંખ અગ્નિકો દેખતી હૈ, તો આંખ અગ્નિમેં ગયે બિના, પરમેં પ્રવેશ કિયે બિના જાનતી હૈ. ફિર ભી, અગ્નિકા યહાં જ્ઞાન હુઆ – અગ્નિ સંબંધીકા યહાં જ્ઞાન હુઆ, તો જૈસે અગ્નિ યહાં આ ગઈ, ઐસા વ્યવહારસે કહનેમેં આતા હૈ. ઐસે ભગવાનઆત્મા – કેવલી પરમાત્મા જ્ઞાનકી પર્યાયમેં લોકાલોકકો જાનતે હૈં. ફિર ભી, પરમેં પ્રવેશ કિયે બિના (જાનતે હૈં). ફિર ભી, વ્યવહારસે ઐસા કહનેમેં આતા હૈ (કિ) – જૈસા લોકાલોક હૈ – તીનકાલ, તીનલોક (હૈ), ઐસા યહાં જ્ઞાન હુઆ તો માનો ઉસકા (જ્ઞાન) હુઆ, ઐસા વ્યવહારસે કહનેમેં આતા હૈ. અથવા (લોકાલોક) અંદરમેં પ્રવેશ કિયા, ઐસા વ્યવહારસે કહનેમેં આતા હૈ. અથવા જ્ઞાનકી પર્યાયને વહાં (લોકાલોકમેં) પ્રવેશ કિયા, ઐસા વ્યવહારસે કહનેમેં આતા હૈ. આહા..હા...! યે નિશ્ચય ઔર વ્યવહારકી બડી તકરાર (ચલતી હૈ). આહા..હા...!

'**તથા શક્તિવૈચિત્ર્યકે કારણ,...**' હૈ ? સંસ્કૃતમેં મૂલ પાઠમેં હૈ, હાં ! '(**शक्तिवैचित्र्यवशतो**) ! શક્તિવિચિત્રતા.' આ..હા..હા...! દર્પણ બડા હો તો નીમકા પેડ ઉસમેં દિખે. તો (ક્યા) ઉસમેં નીમકા પેડ આયા હૈ ? વહ તો દર્પણકી અવસ્થા હૈ.

શ્રોતા :– જ્ઞાનમેં નરક દિખે તો નરક થોડી યહાં આ જાતી હૈ !?

પૂજ્ય ગુરુદેવશ્રી :-- નરક દેખે, દુઃખી પ્રાણી દેખે, યહાં કટતા હૈ – ઐસે-વૈસે (સબ દિખતા હૈ). આહા..હા...! ઇસસે ક્યા જ્ઞાન વહાં ગયા હૈ ? ઔર વહ ચીજ યહાં આ ગઈ હૈ ?

ગાયકો મારતે હૈં, ઉસે ક્યા કહતે હૈં ? 'કસાઈ...!' કસાઈખાનેમેં ! તુમ્હારી ભાષા ભૂલ જાતે હૈં ! 'અમરિકા'મેં બડા કસાઈખાના – કારખાના કિયા હૈ. ડેઢ મિલમેં કારખાના (ચલતા હૈ). કસાઈ અબજોપતિ હૈ. સેંકડો ગાયકો ઐસે રખતે હૈં. (ઉસકા) મુંહ ગમાણમેં (ગાયકો ચારા-પાની દેનેકે લિયે તેડી લકડી રખકર બનાઈ ગઈ જગહ) રખે. ઔર ઉપરસે એકસાથ સૌ-દોસો (ગાયકે) ઉપર હથિયાર ગિરે !

શ્રોતા :– ઉન્હેં દુઃખ ન હો ઇસ તરીકે સે કરતે હૈં !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- ઉસે જલ્દી–જલ્દી કામ કરના હૈ. (હથિયાર ઉપરસે) ગિરે તો સર એક બાજુ ગિરતા હૈ ઔર શરીર દૂસરી બાજુ ગિર જાતા હૈ. બડા કારખાના હૈ. વૈસે તો અભી ઘર પર લોગ મૂર્ગીકો મારતે હૈં ! લેકિન વહાં બડા કારખાના (હૈ). બડા પાપી હૈ ! પરંતુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અબજોપતિ...! ચાંદીકી કુર્સીપર બૈઠતા હૈ. આહા..હા...! ચાંદીકી કુર્સીપર (બૈઠતા હૈ, લેકિન) મર જાયેગા, નરકમેં જાયેગા, બાપુ ! આહા..હા...!

શ્રોતા :-- યહાં તો મૌજ–શૌખ મના લે ન !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- ધૂલ ભી મૌજ-શૌખ નહીં હૈ. વહ રાગ હૈ. મુજે તો યહાં દૂસરી (બાત) કહની થી કિ, ઐસે કાટતે હૈં, તો દેખનેવાલેકે જ્ઞાનમેં ખ્યાલ તો આતા હૈ કિ નહીં ! ઐસા (હો રહા હૈ). પરંતુ જ્ઞાન વહાં જાતા નહીં ઔર વહ ચીજ યહાં આતી નહીં. પરંતુ જ્ઞાનમેં વહ જાનતા હૈ તો 'મેરી આંખ વહાં ઘૂમ ગઈ હૈ, આંખ વહાં ગઈ હૈ !' ઐસા વ્યવહારસે કહનેમેં આતા હૈ. અથવા વહ ચીજ યહાં આયી હૈ, ઐસા વ્યવહારસે કહનેમેં આતા હૈ. આ..હા..હા...!

યહાં કહતે હૈં કિ, '**...શક્તિવૈચિત્ર્યકે કારણ વસ્તુમેં વર્તતે સમસ્ત જ્ઞેયાકારોંકો માનોં,...**' 'વસ્તુમેં વર્તતે સમસ્ત જ્ઞેયાકાર' યે ક્યા કહતે હૈં ? જો જાનનેલાયક જ્ઞેયાકાર હૈં વહ જ્ઞાનમેં આયા. તો જ્ઞાનમેં (વર્તતે) '**...સમસ્ત જ્ઞેયાકારોંકો માનો મૂલમેંસે ઉખાડકર,...**' જિતને જ્ઞેય પદાર્થ હૈ, સબકો મૂલમેંસે (ઉખાડકર) (યાની) જૈસી ચીજ હૈ ઐસા જ્ઞાન હોકર. આ..હા..હા...! '**...મૂલમેંસે ઉખાડકર ગ્રાસ કર લેનેસે,...**' 'કવલ છોટા હોતા હૈ ઔર મુંહ બડા હોતા હૈ' – ઐસે જ્ઞાનકી પર્યાયમેં લોકાલોક તો ગ્રાસ હો ગયા ! કવલ હો ગયા !! આ..હા..હા....! ઐસી બાતેં હૈં !

કિતને તો ઐસા કહતે હૈં -- યે કુછ નયા નિકાલા હૈ ? બાપુ ! યહ (તો) અનાદિકા હૈ. લેકિન તુજે (સુનને) મિલા નહીં. આહા..હા...! યહ શાસ્ત્ર તો દો હજાર વર્ષ પહલેકે હૈં. યહ ટીકા એક હજાર વર્ષ પહલેકી હૈ. ઔર ઇન શાસ્ત્રોંકા ભાવ હૈ, યહ તો અનાદિકાલકા હૈ. પરંતુ સંપ્રદાયમેં યહ બાત રહી નહીં. ઇસલિયે બેચારે કહાંકે–કહાં વિપરીત માર્ગ પર ચઢકર, ધર્મ માન બૈઠે હૈં. અરે..રે...!

યહાં કહતે હૈં કિ, જ્ઞાનકી એક વિચિત્ર શક્તિ સ્વપરપ્રકાશક (હૈ). પરકો પ્રકાશતે હૈં તો માનોં પરમેં પ્રવેશ કિયા, ઐસા વ્યવહારસે કહનેમેં આતા હૈ. ઔર વહી પરકો પ્રકાશતે હૈં તો પર યહાં આયા, (ઐસા વ્યવહારસે કહનેમેં આતા હૈ). (ઇસી) 'પ્રવચનસાર'મેં આગે આતા હૈ ન ! (કિ), લોકાલોક જ્ઞાનમેં ઘૂસ ગયા હો ! લોકાલોકકા આકાર આ ગયા હો ! ઐસા પાઠ હૈ. આગે આયેગા. યે તો ૨૯ (ગાથા) હૈ. આહા..હા...! જ્ઞાનકી પર્યાય ઇતની તાકતવાલી હૈ કિ, સારા લોકાલોક હૈ, ઉસકો ભી ગ્રાસ કર જાયે, કવલ કર જાયે, જ્ઞાનકી ઇતની તાકત હૈ કિ, ઉસસે અનંતગુના (લોકાલોક) હો તો ભી જાન લેતા હૈ ! આ..હા..હા...! ઐસી બાતેં હૈં, બાપુ ! આહા..હા...!

અરે...! પરમાત્માકા વિરહ હુઆ, વીતરાગ સર્વજ્ઞ રહે નહીં, વૈસે કેવલજ્ઞાનકી ઉત્પત્તિ રહી નહીં. ભગવાન ભલે ન હો, પરંતુ (કેવલજ્ઞાનકી) ઉત્પત્તિ રહી નહીં. અરે ! અવધિ ઔર મનઃપર્યય (જ્ઞાન) ઉત્પન્ન હોના યહ ભી રહા નહીં. આહા..હા...! ઉસમેં યહ સમ્યક્ મતિ ઔર શ્રુત (જ્ઞાન) રહ ગયા. ઉસમેં યહ બાત રહ ગઈ. આહા..હા...!

સમકિતીકો સમ્યક્ મતિ ઔર શ્રુતજ્ઞાન હૈ. યહ શ્રુતજ્ઞાનકી પર્યાય ભલે પરોક્ષ હો; સર્વજ્ઞ સબકો પ્રત્યક્ષ દેખે, શ્રુતજ્ઞાનકી પર્યાય ભી સબકો પરોક્ષ દેખે, આહા..હા...! ફિર ભી પરકો દેખનેમેં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અપની પર્યાય પરમેં જાતી નહીં, આ..હા..હા...! (સમકિતીકો) ભક્તિ ઔર દયા, દાનકા રાગ આયા, ઉસકા જ્ઞાન કરનેસે, જ્ઞાનપર્યાય રાગકો છૂતી નહીં ઔર રાગ ભી અપની જ્ઞાનપર્યાયકો છૂતા નહીં. ફિર ભી જ્ઞાનકી વિચિત્રતામેં જ્ઞાન રાગકો જાનતા હૈ, જાનતા હૈ તો માનો જ્ઞાન વહાં ગયા ઔર રાગકા જ્ઞાન હુઆ તો રાગ (યહાં) આ ગયા, ઐસા વ્યવહારસે કહનેમેં આતા હૈ.

કભી સુના નહીં થા. બંબઈમેં દસ-દસ હજાર આદમી આતે થે. લોગ કહતે થે, યે મહારાજ કૌન હૈ ? 'સોનગઢિયા છે' ઐસા કહતે થે ! ઐસા બોલે ન, બેચારે....બોલે ! વૈશાખ સુદ-બીજ 'ઘાટકોપર'મેં મનાઈ ન ! (વહાં) પંદ્રહ હજાર આદમી ! પંદ્રહ–સોલહ હજાર આદમી ! ક્યા કહતે હૈં યે ? ચૌવાલીસ સાલસે ચલતા હૈ. એક હી બાત (ચલતી હૈ). સુને તો સહી ! આહા..હા...! આતે હૈં... બહુત આદમી આતે હૈં.

શ્રોતા :– નયે નયે લોગ સુનને આતે હૈં !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- આતે હૈં... બહુત લોગ આતે હૈં. સ્થાનકવાસી, શ્વેતાંબર (સબ આતે હૈં). 'ભોપાલ'મેં પંચકલ્યાણક થા વહાં હમ ગયે થે, (વહાં) ચાલીસ હજાર આદમી (થે) ! ચાલીસ હજાર...!! 'સાગર'મેં પંદ્રહ હજાર ! 'મુંબઈ'મેં પંદ્રહ હજાર !

પ્રભુ ! તેરી જ્ઞાનકી તાકત ! તેરા તો (જાનન સ્વભાવ હૈ). (ઔર) જાનનેમેં તૂ હૈ. પરકો ભી જાનના (યહ તેરા સ્વભાવ હૈ). લેકિન અપનેમેં રહકર પરકો જાનના, ઐસા તેરા સ્વભાવ હૈ. ઇસ સ્વભાવસે વિરુદ્ધ તૂ માને (તો) મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જન્મ–મરણ(કરકે) ચૌરાશીકે અવતારમેં રખડનેવાલા હૈ.

કલ યહાં (એક પેપરમેં) આયા થા કિ, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ કરતે હૈં, વહ ધર્મધ્યાન હૈ. યહાં 'પ્રવચનસાર'મેં કહતે હૈં. યે પ્રવચનસાર હૈ ન ! દેખો ! ૭૭ ગાથા હૈ.

**'ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।'**

ક્યા કહતે હૈં ? દેખો ! ઉસકા હરિગીત –

'**નહિ માનતો -- એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,**' હૈ ઉસમેં ? (હિન્દીમેં) યે હરિગીત હૈ? '**નહિ માનતો -- એ રીતે પુણ્યે-પાપમાં**' (અર્થાત્) હિંસા, જૂઠકે પરિણામ પાપ (પરિણામ હૈં) ઔર દયા, દાન, વ્રતકે પરિણામ પુણ્ય (પરિણામ હૈં). યે દોનોં (પરિણામ) બંધનમેં સરીખે હૈં. ઐસા જો નહીં માનતા હૈ ઔર પુણ્ય ઠીક હૈ – પાપ અઠીક હૈ, ઐસા માનનેવાલા... દેખો ! મોહથી '**સંછન્ન**' (અર્થાત્) મિથ્યાત્વસે આચ્છાદિત હૈ, (ઔર વહ) '**ઘોર અપાર સંસારે ભમે**' – ઘોર સંસાર (યાની) નરક ઔર નિગોદમેં જાયેગા. આહા..હા...! યહ ભગવાનકે વચન હૈં કિ, જો કોઈ પ્રાણી પુણ્ય ઔર પાપમેં ફર્ક માનતા હૈ (અર્થાત્) દયા, દાન, વ્રત, ભક્તિકા પરિણામ ઠીક હૈ ઔર હિંસા, જૂઠ, આદિકે (પરિણામ) અઠીક હૈ (વહ સંસારમેં રખડેગા). દોનોં બંધકે હી કારણ હૈં. ફિર ભી દોનોંમેં ફર્ક માને, વહ મૂઢ મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમેં રખડેગા.

યહ કબકી ગાથા હૈ ? દો હજાર વર્ષ પહલે, 'કુંદકુંદાચાર્ય' ભગવાનકે પાસ ગયે થે, વહાંસે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આકર યહ (શાસ્ત્ર) બનાયા હૈ. આ..હા..હા...! સબ નયા લગે ઐસા (હૈ). પરંતુ સુનને જૈસા હૈ, બાપુ ! યહ સુનને જૈસા હૈ !

શ્રોતા :– ધર્મ કરનેકી રીત તો આપ સાહબ કહતે હો વહી બરાબર હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– યહ બાત હૈ... બાપુ ! ક્યા કહેં, ભાઈ ! રાગસે ભિન્ન આત્મા જ્ઞાનસ્વભાવ હૈ, ઐસા અનુભવ હોના, તબ ઉસકો ધર્મકી દશાકી પહલી શરૂઆત (હોતી) હૈ. આ..હા..હા....! શરીરસે તો ભિન્ન હૈ, વાણીસે ભિન્ન હૈ, કર્મ-જડ કર્મ – જ્ઞાનાવરણાદિ આઠ કર્મ હૈ, વહ તો જડ હૈ – અજીવ હૈ, પરંતુ અંદર પુણ્ય ઔર પાપકે ભાવ (હોતે હૈં), ઉસસે ભી પ્રભુ તો ભિન્ન હૈ. યહાં આત્માકો 'પ્રભુ' કહતે હૈં, હોં ! (પુણ્ય-પાપ) દોનોંસે ભિન્ન હૈ. ઔર દોનોં ભાવ બંધકા કારણ હૈ. (ફિર ભી) ઉન દોનોંમેં વિશેષતા માને, પાઠમેં 'વિશેષ' હૈ ન ! '**પુણ્યે પાપમાં ન વિશેષ છે**' – વિશેષ નહીં હૈ, ફિર ભી વિશેષ માને કિ, શુભભાવ – દયા, દાન, વ્રત, ભક્તિ (કે પરિણામ) અચ્છે હૈં ઔર હિંસા, જૂઠ, ચોરી ખરાબ હૈ – ઐસે દોનોંમેં ફર્ક માને તો વહ ઘોર સંસારમેં રખડેગા. હૈ ઉસમેં ? આ..હા..હા...! 'નહિ માનતો – એ રીતે પુણ્યે પાપમાં ન વિશેષ હૈ' - (ઐસા કહા હૈ ન) ! આ..હા..હા...!

'પાપ પાપકો તો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યકો ભી પાપ કહે' આ..હા..હા...! 'યોગીન્દ્રદેવ'મેં આતા હૈ. દોહરે હૈં ન ! ઉસમેં આતા હૈ. 'પાપ પાપકો તો સહુ કહે' (અર્થાત્) હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ, (આદિ તો પાપ પરિણામ હૈં) લેકિન દયા, દાન, વ્રત, ભક્તિકે પુણ્ય (પરિણામકો) યહાં તો પાપ કહતે હૈં ! કઠિન બાત (હૈ). ભાઈ ! ઉન દોનોંમેં ફર્ક માને કિ, શુભભાવ ઠીક હૈ ઔર અશુભ (ભાવ) અઠીક હૈ ! વહ '**મોહસંછન્ન**' (અર્થાત્) મિથ્યાત્વસે ઢંકા હુઆ હૈ. ઔર મિથ્યાદૃષ્ટિ ચારગતિમેં ઘોર સંસારમેં રખડેગા. ઐસા હૈ, બાપુ ! યહ દુકાન એક યહીં પર હી હૈ ! આહા..હા...!

શ્રોતા :– પૂરે ભારતમેં એક હી હૈ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુ, બાપુ ! ક્યા કહેં, ભાઈ ! ગરીબ ભરતક્ષેત્ર, ગરીબ 'ઉમરાલા' (ગાંવ), ઔર ગરીબ ઘરમેં અવતાર હો ગયા ! આહા...! બાત તો યે હૈ.

આહા...! યહાં કહતે હૈં, પૈસા રખનેકા ભાવ યહ પાપ (ભાવ), પરંતુ પૈસા દાનમેં દેનેકા ભાવ યહ પુણ્ય(ભાવ) – યે પુણ્ય–પાપમેં ફર્ક માને કિ, પુણ્ય ઠીક હૈ ઔર પાપ અઠીક હૈ, તો મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમેં રખડેગા (ઐસા કહતે હૈં). હૈ કિ નહીં અંદર ? આહા...! યહ તો ભગવાનકી સાક્ષી હૈ ! યે ભગવાનકે કાયદે હૈં, બાપુ ! આહા..હા...! પ્રભુ ! યહ માર્ગ અલગ હૈ, નાથ ! વીતરાગ પરમાત્મા જૈન શાસન(કા) ધર્મ કોઈ અલગ ચીજ હૈ ! લોગોંકો સુનને મિલી નહીં. આહા...! સુનને મિલે તો ઉસે ઐસા લગ જાયે કિ, 'અરે...! અર.ર..ર..! યે (બાત) !' ભડક જાતે હૈં ! ૭૭ ગાથામેં (યહ બાત) હૈ.

શ્રોતા :– યહ તો મુનિદશાકી બાત હૈ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– સમ્યક્દૃષ્ટિકી બાત હૈ ! 'મોહસંછન્ન' કહા ન ! મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મૂઢ જીવ, શુભ ઔર અશુભભાવમેં દોનોમેં ફર્ક હૈ – શુભ ઠીક હૈ (ઔર) અશુભ અઠીક હૈ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(ऐसा) माननेवाला मिथ्यादृष्टि घोर निगोदमें जायेगा. नरक और निगोद – संसारमें रखडेगा !

यहां यह कहते हैं '**...समस्त ज्ञेयाकारोंको मानो मूलमेंसे उखाडकर ग्रास कर लेनेसे अप्रविष्ट न रहकर,...**' (यानी) मानो कि ज्ञेय, ज्ञानमें आ गया ! (ऐसे) '**...जानता–देखता है. इसप्रकार इस विचित्र शक्तिवाले आत्माके पदार्थोंमें अप्रवेशकी भांति प्रवेश भी सिद्ध होता है.**' (अर्थात्) ऐसा व्यवहारसे कहनेमें आता है. विशेष कहेंगे....

❀ ❀ ❀

## (તા. ૧-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૨૬)

પ્રવચનસાર, ૨૯મી ગાથા ! એનો ભાવાર્થ. ટીકા કાલે ચાલી ગઈ છે. ભાવાર્થ છે ને !

અહીંયાં કેવળજ્ઞાનની વાત સિદ્ધ કરે છે. કેવળજ્ઞાન છે એ સર્વ લોકાલોકને જાણે છે. છતાં એ જ્ઞાન લોકાલોકમાં પેસતું નથી. પણ એક ન્યાયે જ્ઞાન બધાને જાણવા પહોંચી વળે છે, એ અપેક્ષાએ એમ પણ કહેવાય કે, આ લોકાલોક જ્ઞાનમાં અંદર આવી ગયા હોય અથવા જ્ઞાન લોકાલોકમાં પેઠું હોય, એમ વ્યવહારથી કહેવાય. ઝીણી વાત છે, ભાઈ !

ખરેખર તો આ જ્ઞાનસ્વભાવ સાધકમાં પણ છે. સવારે આવ્યું હતું – સમ્યક્દૃષ્ટિ – ધર્મી જ્યારે થાય છે (ત્યારે), આત્મા શુદ્ધ ચૈતન્યઘન, રાગના વિકલ્પથી પણ ભિન્ન એવા શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો અનુભવ થતાં, તેને સમ્યગ્દર્શનની દશામાં – પ્રથમ જ ધર્મની ભૂમિકામાં તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે (છે). અરે...! અરે...! આવી વાત છે. રાગનો સ્વાદ એનો નહીં. એ તો સવારમાં આવી ગયું હતું. આકરું કામ બહુ, બાપુ ! આહા..હા...!

શ્રોતા :-- 'પુદ્ગલનો સ્વાદ છે', એમ આવ્યું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :-- (રાગનો સ્વાદ) એ પુદ્ગલનો સ્વાદ છે. આહા..હા...! એમ અહીંયાં પણ જે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, એનું (જેને) ભાન થયું, એ પણ રાગને જાણે, પણ રાગમાં જ્ઞાન પેસે નહીં. છતાં જ્ઞાન રાગને જાણે (છે તો એમ લાગે) જાણે જ્ઞાન (રાગમાં) પહોંચ્યું હોય ! એમ વ્યવહારથી કહેવામાં આવે છે. હવે, આવી વાતું છે.

**ભાવાર્થ :-- 'જો કે આંખ,...'** આંખ (એટલે આ) આંખ. '**...પોતાના પ્રદેશો વડે,...**' (એટલે) પોતાના ક્ષેત્રમાં રહીને પોતાના પ્રદેશો વડે. આ પ્રદેશ વળી શું હશે ? આંખ છે, ત્યાં જીવના અસંખ્ય પ્રદેશ છે. આંખ છે, પણ આ તો જડ છે. આ ડોળો જડ છે. આ જડ–માટી (છે), એ કાંઈ આત્મા નથી. અંદર જે જ્ઞાન છે – જાણવાને લાયકવાળું એ જ્ઞાન (છે), (તેને) ચક્ષુનું જ્ઞાન એમ કહેવામાં આવે છે. એ જ્ઞાનના અસંખ્ય પ્રદેશ છે. આખા જ્ઞાનના અસંખ્ય પ્રદેશ છે અને અહીં જાણવાના અસંખ્ય પ્રદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ '**...આંખ પોતાના પ્રદેશો વડે રૂપી પદાર્થોને સ્પર્શતી નહિ હોવાથી નિશ્ચયથી તો તે જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે,...**' ખરેખર તો આંખ છે એ પરને જાણે છતાં પરમાં પ્રવિષ્ટ નથી. '**...જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે,...**' જ્ઞાન એમાં પેઠું નથી, આહા..હા...! '**...તોપણ તે રૂપી પદાર્થોને જાણતી–દેખતી હોવાથી વ્યવહારથી 'મારી આંખ ઘણા પદાર્થોમાં ફરી વળે છે,...**' એમ નથી કહેતા ? 'મારી આંખ બધામાં ફરી (વળે છે).' (તો) ફરી (છે) ક્યાં ? પણ જાણે છે (એમ કહેવું છે). જ્ઞાનમાં રહ્યાં જ્ઞાન બધાંને જાણે છે. પણ વ્યવહારથી એમ બોલાય કે 'મારી આંખ બધે ફરી વળે છે. ચારેકોર જેમ એને ઘેરી વળે તેમ જાણે છે'. એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા...!

'**...એમ કહેવાય છે. એવી રીતે,...**' (એટલે) એ આંખની પેઠે. '**જોકે કેવળજ્ઞાનપ્રાપ્ત આત્મા,...**' પરમાત્મા અરિહંત જિનેશ્વરદેવ, કેવલજ્ઞાન પ્રાપ્ત આત્મા છે. આહા...! એને તો એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે, એવું કેવળજ્ઞાન પ્રાપ્ત ભગવાન અરિહંત સર્વજ્ઞ જિનેશ્વરદેવ છે. એ '**...પોતાના પ્રદેશો વડે,...**' અસંખ્યપ્રદેશમાં કેવળજ્ઞાન છે. એ (આત્મા) '**...પોતાના પ્રદેશો વડે જ્ઞેય પદાર્થોને સ્પર્શતો નહિ હોવાથી,...**' (અર્થાત્) જ્ઞાનમાં જણાય તે ચીજને, તે જ્ઞાન અડતું નથી. આહા..હા...! આવી વાતું છે !

આ હાથ છે ને ! જુઓ ! (આ) હાથ, આને (બીજી ચીજને) અડતો નથી. ત્રીજી ગાથામાં (આવે) છે. 'સમયસાર' છે ને, એની ત્રીજી ગાથામાં (આવે છે). આ તો ભગવાનના કાયદા (છે) !

શ્રોતા :– પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને અડે, બીજાને નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– (બીજાને) અડે નહીં. જુઓ ! '**કેવા છે તે સર્વ પદાર્થો ?**' ભગવાને છ દ્રવ્ય જોયાં છે. (એમાં) અનંત આત્માઓ, અનંત પરમાણુઓ (છે). '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે,...**' દરેક આત્મા અને દરેક રજકણમાં અનંતા ગુણ છે અને નિત્ય–અનિત્ય, એક–અનેક આદિ અનંત ધર્મ છે. તો તે પદાર્થ પોતાના ગુણધર્મને ચુંબે છે – સ્પર્શે છે – અડે છે. છે ? ત્રીજી ગાથા છે. '**...તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' આહા..હા...! આ આત્મા છે એ શરીરને અડતો પણ નથી, એમ કહે છે. શરીર છે એ આત્માને અડતું નથી. આ ત્રીજી ગાથા છે. અહીં તો ઘણીવાર કહેવાય ગયેલું છે. દરેક પદાર્થ પોતામાં અસ્તિત્વપણે – હયાતીપણે રહેલા જે ગુણધર્મો છે, તેને તે ચુંબે છે. ચુંબે છે એટલે સ્પર્શે છે. પણ કોઈ પદાર્થ બીજા પદાર્થના ધર્મને (કે) ગુણને સ્પર્શતા નથી. આહા..હા...!

શ્રોતા :– રૂપિયાને સ્પર્શે નહીં ?

સમાધાન :– રૂપિયો તો ક્યાંય રહ્યો પણ આ આંગળીને આત્મા સ્પર્શતો નથી. આ આમ થાય છે ને ? તો આ નખ છે તે આને અડતો નથી, એમ કહે છે. અરે...! અરે...! આવી (વાત) ! ત્રીજી ગાથા છે (એની) ટીકા છે. અનાદિકાળથી ભગવાન પરમેશ્વર, સંતો આદિ આ ભાવ કહેતા આવ્યા છે. એક એક પદાર્થ પોતાના અનંત.... અનંત... અનંત.... અનંત.... સંખ્યાએ અનંત (એવા) ગુણને અને ધર્મ (નામ) યોગ્યતા(ને સ્પર્શે છે). દ્રવ્ય પોતાના ધર્મ(ને) – ગુણને સ્પર્શે, પણ પરપદાર્થને તે ચુંબતો નથી – અડતો નથી ! એમ કહ્યું, આ..હા..હા...! આ આંગળી શાસ્ત્રને અડતી નથી ! આ વાત કેમ બેસે ?!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– અડે તો બન્ને એક થઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અડે તો બન્ને એક થઈ જાય ! એકબીજામાં અભાવ છે તે અભાવ રહે નહીં. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! ભગવાનના શાસ્ત્રનો આવો પોકાર છે !!

શ્રોતા :– ભાઈ કહે છે કે, આ ભાષા માનવીની નથી !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- વાત સાચી (છે), પરમાત્માની (ભાષા) છે, બાપા ! સર્વજ્ઞ ત્રિલોકનાથ બિરાજે છે. ત્યાંથી આવેલી છે, બાપા ! શું કહીએ ? આહા...! સંપ્રદાયમાં (આવી વાત) ચાલે નહીં એટલે લોકોને એકાંત લાગે. આહા..હા...! પ્રભુ ! અહીંયાં ત્રીજી ગાથામાં તો એમ કહે છે કે, પાણી જે ઊનું થાય છે એને અગ્નિ અડતી જ નથી. અને ઊનું થાય છે તે પાણી અગ્નિને અડતું નથી. અરે...! પ્રભુ ! સમજાણું કાંઈ...? આ હોઠના પરમાણુને આ (જીભ) અડતી નથી. આ પરમાણુઓ આને અડતા નથી. બાપા ! આ તે વાતો શું છે ! 'સમયસાર'માં ત્રીજી ગાથા છે. જુઓ !

સર્વ પદાર્થો – સર્વ એટલે અનંત આત્માઓ અને અનંત રજકણો (છે). બાકી તો અસંખ્ય કાલાણુ છે, એક ધર્માસ્તિ, (એક) અધર્માસ્તિ, (એક) આકાશ (એમ) છ દ્રવ્ય છે. ભગવાને છ દ્રવ્ય જોયાં છે. તે સર્વ પોતપોતાના દ્રવ્યમાં – પોતાપોતાની વસ્તુમાં '**...અંતર્મગ્ન રહેલ,...**' (એટલે) અંતરમાં રહેલા '**...પોતાના અનંત ધર્મોના ચક્રને,...**' અનંત ધર્મોના સમૂહને '**...ચુંબે છે–સ્પર્શે છે,...**' એવું હોવા છતાં '**...જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...**' આહા..હા...! આવી વાત તો સાંભળવી (મુશ્કેલ છે). સાક્ષાત પોકાર છે ! આ કાંઈ અત્યારનું શાસ્ત્ર નથી. બે હજાર વર્ષ પહેલાં તો 'કુંદકુંદઆચાર્ય' ત્યાં ગયા હતા અને આ બનાવ્યું છે. અને આ ટીકાકાર 'અમૃતચંદ્રાઆર્ય' એક હજાર વર્ષ પહેલાં (થયા). ત્યારે કોઈ એમ કહે છે કે, 'નિશ્ચયથી ચુંબતા નથી પણ વ્યવહારે સ્પર્શે છે, એમ કહો !' એ તો અહીં કહે છે કે, વ્યવહારે કહે છે. પણ વસ્તુસ્થિતિ એમ નથી.

શ્રોતા :– એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કથન આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો નિમિત્ત કોણ છે (એ બતાવે છે). આહા..હા...! આ પાંપણ જે છે, એ આંખને અડતી નથી. આ ચશ્માં છે, એ નાકને અડતાં નથી. પ્રભુ ! આ કોના ઘરની વાત !

શ્રોતા :– (ચશ્મા) કાનને તો અડે ને ?

સમાધાન :– કાનને અડતા નથી. કાનને આ આંગળી આમ અડતી નથી. આ ચશ્માને આંગળી અડતી નથી. અરે પ્રભુ ! આવી વાતું (છે) !

શ્રોતા :– ક્યા દેશની ભાષા છે ?

સમાધાન :– એ ભગવાનના દેશની ભાષા છે ! આ..હા..હા....! પ્રભુ ! એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અભાવ છે. અભાવ છે માટે તેને અડતું નથી. અરે...રે...! આવી વાત...! આ મહેમાનને તો આકરું લાગે એવું છે. આ બધું કોઈ 'દિ સાંભળ્યું ન હોય, લ્યો !

દૂધી છે ને દૂધી, એને છરી અડતી નથી. પ્રભુ ! ગજબ છે મારા નાથ ! અને કટકા થાય છે એ એના પોતાના કારણે (થાય છે) ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– ચૂલામાં અગ્નિથી ચડે ને ?

સમાધાન :– અગ્નિથી ચડે નહિ ! એ પ્રશ્ન તો ક્યાંય રહી ગયો. અગ્નિ માથે (મૂકે એને) શું કહેવાય તમારે ? નામ ભૂલી ગયો ! રોટલી થાય (એ શું કહેવાય) ? તાવડી...તાવડી ! ભૂલી જવાય છે, ભાઈ ! તાવડીને અગ્નિ અડતો નથી ! નીચે અગ્નિ છે ને, એ તાવડીને અડતો નથી. અને તાવડીમાં રોટલી પડી, એ રોટલી તાવડીને અડતી નથી.

શ્રોતા :– તાવડી ઊની થઈને !

સમાધાન :– ઊની થઈ છે પોતાને કારણે, અગ્નિને લઈને નહિ. અરે પ્રભુ ! ભારે આકરું કામ !

દરેક દ્રવ્યની પર્યાય પોતાને કારણે (થાય છે). પરને કારણે છે જ નહિ. આહા...! આવી વાતું તો કેટલાકે સાંભળી ન હોય ! સાઠ-સાઠ (વર્ષ) જતાં રહ્યાં હોય, સિત્તેર (થયાં હોય, એને એમ લાગે) આ શું કહે છે, બાપા ! આ ('સમયસાર'ની) ત્રીજી ગાથા છે. '**एयत्तणिच्छयगदो**' દરેક પદાર્થ પોતપોતામાં રહેલો તે સુંદર છે. બંધકથા – કર્મનો બંધ – સંબંધ કહેવો, તે વિપરીતભાવ છે. આહા..હા...! ભગવાનઆત્માને કર્મનો સંબંધ છે કે આત્મા કર્મને અડે છે અને કર્મ જીવને અડે છે, એ વાત છે નહિ. આ..હા..હા...! આવી વાતું હવે...!

કેરીને આમ ઘોળે છે ને, તો કહે છે કે, હાથ આમ... આમ... થાય, એ કેરીને અડતા નથી. જુઓ ! આમ આ ખાડો પડ્યો ને આમ... (તો કહે છે કે) હાથ એને અડ્યો નથી અને ખાડો પડ્યો છે પોતાને કારણે ! આ તે કાંઈ વાત ! કોણ માને ! વીતરાગ સર્વજ્ઞદેવ ! એનું કહેલું તત્ત્વ કોઈ અલૌકિક છે !! આ..હા..હા...!

શ્રોતા :-- કર્મ નડે છે ને, પ્રભુ !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- કોઈ નડતું નથી. ધૂળ પણ (નડતી નથી) ! 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત, લોહકી સંગતિ પાઈ.' લોહમાં અગ્નિ જાય તો ઘણ પડે. એકલી અગ્નિને (ઘણ) પડતા નથી. કોઈ એકલા અગ્નિને મારે ? એમ (જીવ) કર્મના નિમિત્તનો સંબંધ કરે; સંબંધ કરે એટલે માને કે હું આનો સંબંધ કરું છું, ત્યારે તેને અંદર દુઃખ થાય છે. એ દુઃખ કર્મને લઈને નથી. રાગ થાય છે એ કર્મને લઈને નહીં, આહા..હા...! છતાં સવારમાં તો એમ કહ્યું કે, રાગ છે એ પુદ્‌ગલની દશા છે, જીવની નહિ, બાપુ ! એ શું કહ્યું ? આહા..હા...! આત્મા છે એ અનંત ગુણોનો પિંડ (છે) – પવિત્રતાનો પિંડ છે. (તેથી) એની પર્યાય થાય તે શુદ્ધ થાય. (છતાં પર્યાયમાં) જે અશુદ્ધતા થઈ, એ કોઈ ગુણ નથી. તેથી દયા, દાનના રાગની જે અશુદ્ધતા થઈ, એ (રાગ) કર્મના નિમિત્તના સંબંધે થયો (છે). માટે તેને પુદ્‌ગલની અવસ્થા કહેવામાં આવી છે. અરે..! આવી વાતું છે, બાપુ ! આહા...!

આ ક્યાંય મળે એવું નથી. પાંચ-સાત લાખ પેદા થાય ત્યાં ઓ..હો..હો...! બહુ જાણે (કમાઈ લીધું) ! ધૂળમાં પણ નથી (કમાણા) ! આહા..હા...! બાપુ ! હિરલો (તો) તું છો, પ્રભુ ! જેમ હીરામાં પાસા હોય છે, એમ ભગવાનઆત્મામાં અનંત ગુણના પાસા છે ! પ્રભુ ! તને ખબર નથી, આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા પોતાના ગુણને અને પોતાની પર્યાયને સ્પર્શે છે. અત્યારે તો પરથી ભિન્ન બતાવવું છે (એટલે આમ કહ્યું). બાકી ખરેખર તો દ્રવ્ય છે એ પર્યાયને અડતું નથી અને પર્યાય દ્રવ્યને અડતી નથી. એ વળી આઘી વાત છે. 'સમયસાર'ની ૪૯ ગાથામાં (એ વાત છે). એક સમયની જે પર્યાય છે, એની જ્ઞાનની દશા – અવસ્થા (છે) એ અવસ્થા ત્રિકાળી દ્રવ્યને અડતી નથી. અંશ અંશમાં છે, ત્રિકાળી ત્રિકાળીમાં (છે). અરે પ્રભુ ! આકરી વાત છે, બાપા ! આહા...! આ તો વીતરાગની College છે, પ્રભુ ! શું કહીએ ? આહા..હા...!

દરેક વસ્તુ – એક રજકણ બીજા રજકણને અડતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! કલમ કાગળને અડતી નથી ! અરે...અરે...! આવી વાતું ! આ તે કાંઈ ગાંડા કહે (એવી વાત લાગે) ! (પરંતુ) વીતરાગ પરમાત્મા આમ કહે છે ! (સામે) શાસ્ત્ર છે. 'સમયસાર'ની ત્રીજી ગાથા છે. '**...જેઓ પરસ્પર,...**' (એટલે કે) એક આત્મા બીજા આત્માને અડતો નથી. એક આત્મા રજકણને અડતો નથી. એક રજકણ બીજા રજકણને અડતો નથી. એ રજકણ આત્માને અડતો નથી. આહા..હા...! (આમ તેઓ) '**...એકબીજાને સ્પર્શ કરતા નથી, અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યાં છે,...**' આહા..હા...! પરમાણુ, આત્મા અને બધાં (દ્રવ્યો) એકક્ષેત્રે ભલે રહ્યાં હોય, છતાં '**...અનંત વ્યક્તિતા નાશ પામતી નથી,...**' આહા...! '**...જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી,...**' એટલે કે પોતાનો જે ગુણ છે અને પર્યાય છે તેમાં રહે છે. એમાંથી ખસી જઈને પરમાં જાય છે, એમ છે નહિ. અરે...! આવી વાતુ હવે કોઈ દિ' (સાંભળી ન હોય એટલે એમ લાગે કે) આ તે જૈનની હશે ? કે અન્યની ? ત્યારે કોઈ કહે કે, પણ એ ('સમયસાર') તો 'સોનગઢ'થી છપાણું છે. 'સોનગઢ'થી છપાણું પણ વસ્તુ કોની છે ? 'શ્રીમદ્'ની (સંસ્થા) તરફથી (પણ) છપાણું છે ! આહા..હા...!

આમ કાગળમાં છાપ મારે ને, Postman ! તો કહે છે કે આ (સિક્કો) છે એ કાગળને અડતો નથી ! આ અક્ષર છે એ કાગળને અડ્યો નથી ! આ 'સમયસાર'ની ત્રીજી ગાથા છે.

**`एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि ।।३।।'**

ભગવાન(આત્મા) એક સ્વરૂપે પ્રભુ ! પોતાના ગુણ – પર્યાયમાં (રહ્યો છે). એને કર્મનો સંબંધ અને બંધ કહેવો (એ) વિખવાદ છે – વિપરીત વાત છે. (એમ) કહે (છે). આ..હા..હા...! અબંધસ્વરૂપી ભગવાન(આત્માને) જડકર્મનો સંબંધ – બંધ કહેવો, એ વિપરીત ભાવ છે. આહા..હા...! હવે આવું (છે), શું કરવું ? આહા...! ઘણા પંડિતો અને સાધુઓને આ વાત બેસતી નથી. તેથી કરીને કાંઈ આ વસ્તુ ખોટી થઈ જાય એવી છે ?

શ્રોતા :– કોઈને ન બેસે તો કાંઈ વાત ખોટી થઈ જાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સત્ય, સત્ય જ છે, બાપુ ! આહા..હા...!

અહીંયા કહે છે, કેવળજ્ઞાની પરમાત્મા '**...કેવળજ્ઞાન પ્રાપ્ત આત્મા પોતાના પ્રદેશો વડે જ્ઞેય પદાર્થોને,...**' આત્મામાં અસંખ્ય પ્રદેશ છે. 'પ્રદેશ' સમજાય છે ? જેમ સોનાની સાંકળી છે સાંકળી– (જેને) અત્યારે સુધરેલા (લોકો) Chain કહે છે એ સાંકળીમાં હજાર મકોડા હોય – કડી હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ આખી સાંકળીને દ્રવ્ય કહીએ. સોનું 'દ્રવ્ય' (છે). અને એમાં પીળાશ, ચીકાશ, વજન છે, તેને 'ગુણ' કહીએ. અને તેની જે કડી છે, તેને 'પ્રદેશ' કહીએ. જેમ એ હજાર કડીની સાંકળી છે. તેમ ભગવાનઆત્મા અંસખ્ય પ્રદેશનો છે. હવે આ તે કોઈ દિ' (સાંભળ્યું ન હોય) ! 'શ્રીમદ્'માં આવે છે ;–

**'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ,**
**બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ.'**

આ..હા..હા...! એ તો ચૈતન્યઘન અસંખ્યપ્રદેશી ઘન – પિંડ છે. જેમ એ સોનાની સાંકળી હજાર કડીનો પિંડ છે, એમ આ (આત્મા) અસંખ્ય પ્રદેશનો (પિંડ છે). પ્રદેશની ખબર ન મળે ! આ (આંગળી) તો ઘણા રજકણનો પિંડ છે. (એમાં) આ Point છે ને રજકણ – છેલ્લો રજકણનો કટકો (જે) પરમાણુના બે ભાગ ન થાય તે – એ જેટલામાં રોકાય તેને 'પ્રદેશ' કહીએ. એવો આત્મા અસંખ્ય પ્રદેશી પહોળો છે. આહા..હા...! આ ઘરની વાતુની ખબર ન મળે ! ઘરમાં નળિયા કેટલા, એની ખબર હોય, આ બારીના સળિયા કેટલા નાખ્યા છે, બે ઇંચના અને દોઢ ઇંચના (કેટલાં નાખ્યા છે), એની ખબર હોય, આ દાદરાના પગથિયા કેટલા કર્યા છે, એની ખબર હોય, (બારીમાં) આગળ સળિયા નાખ્યા હોય એ પાકા હોય કેમકે કોઈ ચોર (આવી ન જાય) ! અને અંદરના ભાગમાં જરા પાતળા નાખે કેમકે માણસ અંદર જઈ ન શકે. પણ એની એને ખબર હોય કે આ દોઢ ઇંચનો છે અને આ અઢી ઇંચનો છે ને ઢીંકણો છે ! આ (આત્મા) અસંખ્ય પ્રદેશી કોણ છે અને એ પ્રદેશમાં અનંત ગુણો છે (એની કાંઈ ખબર ન હોય).

(અહીંયાં કહે છે) પરમાત્માનું – કેવળીનું – જિનેશ્વરદેવનું કેવળજ્ઞાન – પોતાના પ્રદેશમાં રહેલું કેવળજ્ઞાન, એ **'...કેવળજ્ઞાનપ્રાપ્ત આત્મા પોતાના પ્રદેશો વડે જ્ઞેય પદાર્થોને સ્પર્શતો નહિ હોવાથી નિશ્ચયથી તો તે જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે,...'** ખરેખર તો એ જ્ઞેયને અડતો નથી. માટે જ્ઞાન જ્ઞેયમાં પેસતું નથી. હવે વ્યવહારથી (વાત કરે છે). **'...તોપણ જ્ઞાયકદર્શક શક્તિની,...'** ભગવાન આત્મામાં જાણવા અને દેખવાની કોઈ અચિંત્ય શક્તિ... અચિંત્ય શક્તિ (છે) ! આહા..હા...! પોતાના અલ્પ ક્ષેત્રમાં રહેતા પણ અનંતને જાણે ! આહા..હા...! પોતાના અલ્પ ક્ષેત્રમાં રહેતા જ્ઞાન એક સમયમાં અનંતને જાણે – ત્રણકાળને જાણે ! આહા..હા...! આવી વાતો !

એ **'...જ્ઞાયકદર્શક શક્તિની કોઈ પરમ અદ્‌ભુત વિચિત્રતાને લીધે (નિશ્ચયથી દૂર રહ્યા રહ્યા પણ) તે સમસ્ત જ્ઞેયાકારોને જાણતો–દેખતો હોવાથી,...'** લોકાલોકના સર્વ – અનંત જ્ઞેયોને ભગવાનનું જ્ઞાન જાણતું હોવાથી, **'...વ્યવહારથી 'આત્મા સર્વ દ્રવ્ય–પર્યાયોમાં પેસી જાય છે' એમ કહેવાય છે.'**

'૮૪ની સાલમાં 'રાણપુર'માં એક વેદાંતીએ પ્રશ્ન કર્યો હતો. વ્યાખ્યાનમાં (તો) બધા આવે. '૮૪નું ચોમાસું હતું. એણે પ્રશ્ન કર્યો કે, 'મહારાજ ! તમે કહો છો કે આ (આત્મા) પરને જાણે (છે). તો પરમાં પ્રવેશ કરે તો જાણે કે પ્રવેશ કર્યા વિના જાણે ? અને પ્રવેશ કરે તો (આત્મા) સર્વવ્યાપક થઈ ગયો.' '૮૪ની વાત છે. કેટલા વર્ષ થયા ? એકાવન વર્ષ થયાં. (મેં) કીધું, અરે...ભાઈ ! એમ નથી. આ અગ્નિને જ્ઞાન જાણે છે તો જ્ઞાન ત્યાં પ્રવેશ કરે છે ? પ્રત્યક્ષ દેખાય છે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथैव ज्ञानामर्थेषु वर्तत इति सभावयति -

**रयणमिह इंदणीलं दुद्धज्झसियं जहा सभासाए।**
**अभिभूय तं पि दुद्धं वट्टदि तह णाणमट्ठेसु।।३०।।**
**रत्नमिहेन्द्रनीलं दुग्धाध्युषितं यथा स्वभासा।**
**अभिभूय तदपि दुग्धं वर्तते तथा ज्ञानमर्थेषु।।३०।।**

यथा किलेन्द्रनीलरत्नं दुग्धमधिवसत्स्वप्रभाभारेण तदभिभूय वर्तमान दृष्टं, तथा सवेदनमप्यात्मनोऽभिन्नत्वात् कर्त्रं शेनात्मतामापन्न करणांशेन ज्ञानतामापन्नेन कारणभूतानामर्थानां कार्यभूतान् समस्तज्ञेयाकारानभिव्याप्य वर्तमानं कार्यकारणत्वेनोपचर्य ज्ञानमर्थानभिभूय वर्तत इत्युच्यमानं न विप्रतिषिध्यते।।३०।।

---

अथ तमेवार्थं दृष्टान्तद्वारेण – दृढयति **रयणं** रत्नं **इह** जगति। किंनाम। **इंदणीलं** इन्द्रनीलसंज्ञम्। किंविशिष्टम्। **दुद्धज्झसियं** दूग्धे निक्षिप्तं **जहा** यथा **सभासाए** स्वकीयप्रभया **अभिभूय** तिरस्कृत्य। किम्। **तं पि दुद्धं** तत्पूर्वोत्त्कं दुग्धमपि **वट्टदि** वर्तते। इति दृष्टान्तो गतः। **तह णाणमत्थेसु** तथा ज्ञानमर्थेषु वर्तत इति। तद्यथा – यथेन्द्रनीलरत्नं कर्तृ स्वकीयनीलप्रभया करणभूतया दुग्धं नीलं कृत्वा वर्तते, तथाा निश्चयरत्नत्रयात्मकपरमसामायिकसंयमेन यदुत्पन्नं केवलज्ञानं तत् स्वपरपरिच्छित्तिसामर्थ्येन समस्ताज्ञानान्धकारं तिरस्कृत्व युगपदेव सर्वदार्थेषु परिच्छित्त्याकारेण वर्तते। अयमत्र भावार्थ :– कारणभूतानां सर्वपदार्थानां कार्यभूताः परिच्छित्त्याकारा उपचारेणार्थां भण्यन्ते, तेषु च ज्ञानं वर्तत इति भण्यमानेऽपि व्यवहारेण दोषो नास्तीति।।३०।।

---

નહિ ? (એને) એમ હતું કે, પરમાણુને – રજકણને આત્મા જાણે (છે), તો રજકણમાં આત્મા પેસે તો જાણી શકે. એટલે (એમ કહીને) એને (આત્મા) સર્વ વ્યાપક છે, એમ સિદ્ધ કરવું છે ! (પરંતુ) એમ છે નહીં, બાપુ ! જ્ઞાન પોતામાં રહીને પરમાં પ્રવેશ કર્યા વિના પરને જાણે છે. પણ પરમાં પ્રવેશ કરે છે, એમ ઉપચારથી -- વ્યવહારથી કહેવામાં આવે છે, આહા..હા...!

પણ ધર્મ કરવામાં આ આવું શું કામ (બધું સમજવું) ? પણ તને આત્મા કોણ ? એના ગુણ -- ધર્મ કોણ ? એની પર્યાય (કેવી) ? એની ખબર વિના ધર્મ ક્યાંથી થતો હતો ! આહા..હા...! ધર્મ તો -- સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ધર્મ છે. એ ધર્મ ક્યાંથી થાય ? કે, આત્મા અનંત ગુણનો પિંડ છે અને (અનંત ગુણો) પોતામાં છે, એનો આશ્રય કરે – દૃષ્ટિ કરે, ત્યારે એને સમ્યગ્દર્શન – ધર્મની પહેલી સીઢી (પ્રગટ) થાય. ધર્મનું પહેલું પગથિયું ત્યારે થાય. આહા..હા...! પણ આત્મા કેવો છે ? કેટલા ગુણ છે ? પરથી ભિન્ન છે, પોતે પરને અડતો નથી, એનામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, આ રીતે (નીચે પ્રમાણે) જ્ઞાન પદાર્થોમાં વર્તે છે એમ (દ્રષ્ટાંત દ્વારા) સ્પષ્ટ કરે છે :-

**જ્યમ દૂધમાં સ્થિત ઇંદ્રનીલમણિ સ્વકીય પ્રભા વડે**
**દૂધને વિષે વ્યાપી રહે, ત્યમ જ્ઞાન પણ અર્થો વિષે. ૩૦.**

**અન્વયાર્થ :–** **[यथा]** જેમ **[इह]** આ જગતને વિષે **[दुग्धाध्युषितं]** દૂધમાં રહેલું **[इंद्रनील रत्नं]** ઇંદ્રનીલ રત્ન **[स्वभासा]** પોતાની પ્રભા વડે **[तद् अपि दुग्धं]** તે દૂધમાં **[अभिभूय]** વ્યાપીને **[वर्तते]** વર્તે છે, **[तथा]** તેમ **[ज्ञानं]** જ્ઞાન (અર્થાત્ જ્ઞાતૃદ્રવ્ય) **[अर्थेषु]** પદાર્થોમાં વ્યાપીને વર્તે છે.

**ટીકા :–** જેમ દૂધમાં રહેલું ઇંદ્રનીલ રત્ન પોતાની પ્રભાના સમૂહ વડે દૂધમાં વ્યાપીને વર્તતું દેખાય છે, તેમ સંવેદન (જ્ઞાન) પણ, આત્માથી અભિન્ન હોવાથી કર્તા-અંશ વડે આત્માપણાને પામતું થકું જ્ઞાનરૂપ કરણ-અંશ વડે કારણભૂત પદાર્થોના કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારોમાં વ્યાપીને વર્તે છે, તેથી કાર્યમાં કારણનો (-જ્ઞેયાકારોમાં પદાર્થોનો) ઉપચાર કરીને 'જ્ઞાન પદાર્થોમાં વ્યાપીને વર્તે છે' એમ કહેવું વિરોધ પામતું નથી.

**ભાવાર્થ :–** જેમ દૂધથી ભરેલા વાસણમાં રહેલું ઇંદ્રનીલ રત્ન (નીલમ) સઘળા દૂધને પોતાની પ્રભા વડે નીલવર્ણ કરે છે તેથી વ્યવહારે રત્નની પ્રભા અને રત્ન સમસ્ત દૂધમાં વ્યાપેલાં કહેવાય છે, તેમ જ્ઞેયોથી ભરેલા વિશ્વમાં રહેલો આત્મા સમસ્ત જ્ઞેયોને (લોકાલોકને) પોતાના જ્ઞાનપ્રભા વડે પ્રકાશિત કરે છે અર્થાત્ જાણે છે તેથી વ્યવહારે આત્માનું જ્ઞાન અને આત્મા સર્વવ્યાપી કહેવાય છે (જોકે નિશ્ચયથી તો તેઓ પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ રહેલાં છે, જ્ઞેયોમાં પેઠાં નથી). ૩૦.

---

અનંતી શક્તિ હોવા છતાં પરને અડતો નથી. આહા..હા...! કર્મનો ઉદય જડ છે એને પણ ચૈતન્ય અડતો નથી, ઉદય જડ છે એ ચૈતન્યને અડતો નથી. (આવું વસ્તુનું સ્વરૂપ સમજ્યા વિના ધર્મ ક્યાંથી થાય ?)

છતાં સવારમાં જે કહ્યું હતું એ બીજી અપેક્ષા હતી. એ આત્માનું સ્વરૂપ જે છે એ અનંત... અનંત... અનંત... ગુણનો પિંડ છે. એ અનંત ગુણો પવિત્ર છે. તો જે પવિત્ર ગુણ છે એની અપવિત્ર દશા કેમ થાય ? એ અપેક્ષાએ અપવિત્રપણું જે છે એ પવિત્રતાથી ભિન્ન છે અને તેથી ભિન્ન દ્રવ્યથી થયેલું છે, એમ કહેવામાં આવે છે. આહા..હા...! આવી વ્યાખ્યા અને આવી (વાતો) ! ઓલુ તો પર્યુષણના આઠ દિવસ ધમાલ (ચાલે) -- બે અપવાસ કર્યા, આઠ કર્યા, ચોવિહારા કર્યા, નકોડા કર્યા, પાણી પીને કર્યા, વરઘોડા કાઢે....! અરે ભગવાન...!

અહીંયાં કહે છે, નિશ્ચયથી દૂર રહ્યા રહ્યા પણ તે સમસ્ત જ્ઞેયોને (જાણતો--દેખતો હોવાથી) '**...વ્યવહારથી 'આત્મા સર્વ દ્રવ્ય--પર્યાયોમાં પેસી જાય છે' એમ કહેવાય છે. આ રીતે વ્યવહારથી જ્ઞેય પદાર્થોમાં આત્માનો પ્રવેશ સિદ્ધ થાય છે.**' બધું જાણવમાં આવી જાય છે ને ! (એટલે) આ અપેક્ષાએ (પ્રવેશ સિદ્ધ થાય છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'હવે, આ રીતે (નીચે પ્રમાણે) જ્ઞાન પદાર્થોમાં વર્તે છે એમ (દૃષ્ટાંત દ્વારા) સ્પષ્ટ કરે છે'** :
૩૦ મી ગાથા :

**'रयणमिह इंदणीलं दुद्धज्झसियं जहा सभासाए।**
**अभिभूय तं पि दुद्धं वट्टदि तह णाणमट्ठेसु।।३०।।'**

નીચે હરિગીત :--

**જ્યમ દૂધમાં સ્થિત ઇંદ્રનીલમણિ સ્વકીય પ્રભા વડે**
**દૂધને વિષે વ્યાપી રહે, ત્યમ જ્ઞાન પણ અર્થો વિષે. ૩૦.**

આહા..હા...! **ટીકા :– 'જેમ દૂધમાં,...'** દૂધ હોય ને ! પાશેર કે શેર. એમાં એક નીલમણિ (નાખ્યું હોય). લીલા રંગના મણિ આવે છે એ (દૂધની) અંદર નાખ્યું હોય તો આખું દૂધ લીલું લાગે. (હવે) મણિ તો મણિમાં છે, પણ એની પ્રભાને લઈને એ (દૂધ લીલું) લાગે. **જેમ દૂધમાં રહેલું ઇંદ્રનીલ રત્ન,...'** લીલા રંગના રતન આવે (છે). નીલમણિ લીલા થાય છે અને લિંબોળી લીલી (હોય). લિંબોળી પણ લીલી હોય અને નીલમણિ પણ લીલું હોય. પણ નીલમણિ લાખ લિંબોળીએ મળે નહિ. એની જાત જ જુદી (હોય). એ લીલા રંગના નીલમણિને દૂધમાં નાખ્યું હોય તો આખા દૂધમાં લીલી... લીલી... ઝાંય લાગે. જાણે દૂધમાં પેસી ગયું હોય, એમ લાગે ! ખરેખર તો પેઠું (નથી). આહા..હા...! દાખલા જુઓ સંતોના !

એ '**...ઇંદ્રનીલ રત્ન પોતાની પ્રભાના સમૂહ વડે દૂધમાં વ્યાપીને વર્તતું દેખાય છે,...**' આખું દૂધ જાણે લીલું થઈ ગયું હોય, એમ દેખાય. આહા..હા...! આમાં દાખલો આવે છે ને, ભાઈ ! 'અનુભવ પ્રકાશ' !

કોઈ એક ગરીબ માણસ હશે. એ આ નીલમણિના ઢગલા પડ્યા હતા ત્યાં રહેતો હતો. પણ એને કાંઈ કિંમત નહિ. એટલે એક નીલમણિ – લીલા પથરા છે એટલે આપણે કામ આવશે (એમ સમજીને લીધો). એ નહાવા માટે (અંદર પાણીમાં ગયો) તો પાણી લીલું દેખાણું. ત્યાં એક ઝવેરી શેઠિયો હતો (તેણે જોયું). શેઠે જોઈને કહ્યું 'ભાઈ ! આ શું છે તારી પાસે ?' (એણે કહ્યું) 'આ એક લીલો પથરો છે.' (ત્યારે શેઠે કહ્યું) 'અરે ભાઈ ! એ લીલો પથરો નથી. એ તો નીલમણિ છે !' (ગરીબ માણસને થયું) 'હેં ! શું છે (આ) !?' (શેઠે એને કહ્યું) 'અમારી સોનાની વખારો ભરી છે એ સોનાની વખાર લે અને એ નીલમણિ અમને આપ !' (પેલા ગરીબ માણસને તો એમ થયું) કે, 'અર..ર...! જ્યાં હું ગયો હતો ત્યાં તો નીલમણિના ઢગલા પડ્યા હતા !! અને મને કાંઈ કિંમત નહિ ! આ એક ઉપાડીને લાવ્યો છું !' આહા..હા...!

એ નીલમણિ દૂધમાં મૂકે તો દૂધમાં (એની) છાયા આમ લીલી થઈ જાય. છે ને ? '**...પોતાની પ્રભાના સમૂહ વડે,...**' લીલા પ્રભાના સમૂહ વડે '**...દૂધમાં વ્યાપીને વર્તતું દેખાય છે, તેમ સંવેદન (જ્ઞાન) પણ,...**' (એટલે કોણ) ? આ આત્માનું જ્ઞાન. નીચે (અર્થ) છે. 'પ્રમાણદૃષ્ટિથી સંવેદન અર્થાત્ જ્ઞાન કહેતાં અનંત ગુણપર્યાયોનો પિંડ સમજાય છે. તેમાં જો કર્તા, કરણ આદિ અંશો પાડવામાં આવે,...' બહુ ઝીણું, બાપુ ! આહા..હા...! '...તો કર્તા–અંશ તે અખંડ આત્મદ્રવ્ય છે.' એ દ્રવ્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અપેક્ષાએ વાત (કરી છે). '...અને કરણ-અંશ તે જ્ઞાનગુણ છે.' આત્મા કર્તા અને જ્ઞાનગુણ – કરણ વડે જાણે. એ વ્યવહાર કહ્યો. ખરેખર તો એ કેવળજ્ઞાનની પર્યાય છે ને, (તે) પોતે કર્તા થઈ, (પોતે) પોતાનું કરણ થઈ જ્ઞાનને જાણે, પર વસ્તુને જાણે. પણ અહીંયાં એટલું સિદ્ધ કરવું નથી. અહીંયાં તો આત્મા કર્તા (છે) અને કરણ જ્ઞાન (છે). આ કરણ જ્ઞાન વડે પરને જાણે. (એ સિદ્ધ કરવું છે). કર્તા એક અંશ છે અને કરણ બીજો અંશ છે. આહા..હા...! છે ? 'કર્તા–અંશ તે અખંડ આત્મદ્રવ્ય છે અને કરણ–અંશ તે જ્ઞાનગુણ છે.'

એમ અહીંયાં '**...સંવેદન (જ્ઞાન) પણ, આત્માથી અભિન્ન હોવાથી કર્તા–અંશ વડે આત્માપણાને પામતું થકું,...**' કર્તા-અંશ વડે આત્માપણાને એટલે આત્મા પોતે દ્રવ્યપણાને પામતું થકું, '**...જ્ઞાનરૂપ કરણ–અંશ વડે,...**' 'જ્ઞાનરૂપ કરણ' (એટલે) જેમ હથિયાર વડે આમ કપાય છે, એ 'કરણ' કહેવાય. પણ એ કરણ ભિન્ન છે અને (વસ્તુ) ભિન્ન છે. સમજાણું કાંઈ ? વાંસલો છે ને વાંસલો ! એનાથી લાકડું છેદાય છે. (અહીંયાં) કહે છે, ના ! વાંસલો કરણ થઈને લાકડાને છેદે છે, એમ નહિ. પણ વાંસલો – દ્રવ્ય પોતે જ કર્તાપણાનો અંશ છે અને કરણ નામ સાધનનો અંશ એનો પોતાનો છે. એ સાધનનો અંશ પરમાં ગયો નથી કે (એ) પરને છેદે. અરે...! આવી વાતું હવે કોના ઘરની (હશે) ? એમ ભગવાનઆત્મા ! જ્ઞાનનો કર્તા જ્ઞાનગુણ અને જ્ઞાનગુણ તેનું કરણ નામ સાધન (છે). છે ? ભારે ઝીણું આ બધું, બાપુ !

'**...કર્તા–અંશ વડે આત્માપણાને પામતું થકું જ્ઞાનરૂપ કરણ–અંશ વડે કારણભૂત પદાર્થોના,...**' (એટલે) સામે બધાં (પદાર્થો) છે તે. ('કારણભૂત પદાર્થોના' તેનો) અર્થ નીચે છે. 'પદાર્થો કારણ છે અને તેમના જ્ઞેયાકારો (દ્રવ્ય–ગુણ–પર્યાય) કાર્ય છે.' આહા..હા...! અનંતા પદાર્થો છે તે કારણ છે અને અહીં જ્ઞેયાકાર થાય તે કાર્ય છે. છે તો જ્ઞેયાકાર, જ્ઞાનાકાર. પણ જ્ઞેયાકાર કહેવામાં આવે છે. જેમ લાકડાને, છાણાને અગ્નિ બાળતાં અગ્નિ તે લાકડાના, છાણાના આકારે થઈ, એમ કહેવાય. બાકી તો અગ્નિ પોતે તે આકારે થઈ છે. એને (લાકડાને) આકારે થઈ નથી. અરે...! અરે...! આવી વાતું છે !

અહીંયા કહે છે '**...જ્ઞાનરૂપ કરણ–અંશ વડે કારણભૂત પદાર્થોના કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારોમાં વ્યાપીને,...**' શું કહે છે ? કે, જ્ઞાનની દશા જે જાણે છે એ કાર્ય છે અને આ પદાર્થો તેના નિમિત્ત છે એ કારણ છે. વ્યવહારે (એમ કહેવાય). એ કારણનો કાર્યમાં આરોપ આપીને, જાણે કારણ (–પદાર્થ) એમાં (–જ્ઞાનમાં) આવી ગયો હોય ! (એમ વ્યવહારથી કહેવાય છે). '**...કારણભૂત પદાર્થોના કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારોમાં વ્યાપીને વર્તે છે, તેથી કાર્યમાં કારણનો (–જ્ઞેયાકારોમાં પદાર્થોનો) ઉપચાર કરીને,...**' શું કહ્યું એ ? શેર દૂધમાં લીલું મણિ મૂકે (તો દૂધમાં) લીલી પ્રભા થઈ જાય, એમ લાગે. ખરેખર તો લીલી પ્રભા એને પોતાને છોડીને બહાર ગઈ નથી. પણ એ પ્રભાના સમૂહ વડે લીલું દૂધ લાગે.

એમ ભગવાનઆત્મા અનંત જ્ઞેયોને જાણતાં, કર્તા અંશ આત્મા અને કરણ અંશ જ્ઞાન વડે કરીને, કારણભૂત જે પદાર્થ (એટલે) જાણવાનું જે કાર્ય થયું, એ કાર્યનું કારણ પદાર્થ (છે). એ કારણભૂત પદાર્થોના કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારો (એટલે કે) જ્ઞાનની પર્યાયના જેટલા જ્ઞેયો છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે રૂપે જ્ઞાનાકાર (જે) થયા, તે જ્ઞેયાકાર થયું એમ કહીને (જ્ઞાન પદાર્થોમાં) વ્યાપીને વર્તે છે (એમ કહ્યું). એ જ્ઞેયાકારોમાં જ્ઞાન વ્યાપીને–રહીને વર્તે છે. આ..હા..હા...! શું કહે છે ! છે કે નહિ સામે ? '**...તેથી કાર્યમાં કારણનો ઉપચાર કરીને,...**' શું કહ્યું એ ? ભગવાન એ તો કેવળજ્ઞાનપ્રાપ્ત આત્મા છે (એમને) જ્ઞાનની પર્યાયમાં – કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોકના જ્ઞેયાકારો જણાય છે. એ જાણવાનું કાર્ય (થાય) છે. તેનું કારણ એ નિમિત્ત – પદાર્થો છે. તેથી કારણનો કાર્યમાં ઉપચાર કરીને (એટલે કે) એ કાર્ય છે તો જ્ઞાનાકાર, પણ જ્ઞેયના કારણથી અહીંયાં જ્ઞાન થયું, એમ કહીને, એ કારણ (–પદાર્થ) આમાં આવ્યા છે (એમ કહેવાય છે). (અર્થાત્) એ જ્ઞેયાકારો જ્ઞાનમાં આવ્યા છે અને જ્ઞાનની પર્યાય જ્ઞેયાકારમાં ગઈ છે, એમ વ્યવહારે કહેવામાં આવે છે. અરે...! આવી વાતું છે !

ઓલુ તો કેટલું સહેલું હતું, લ્યો ! 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં...' (એમ બોલીને) બે ઘડી બેઠો હોય તો (માની લે કે) થઈ ગઈ સામાયિક ! ધૂળેય નથી, સાંભળ ને !

શ્રોતા :– જૂના વખતમાં એમ થાય, નવા વખતમાં આમ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જુના વખતમાં સાકર તો સાકર હોય. સાકર કાંઈ ઝેર થઈ જાય ? આહા..હા...! આ વસ્તુ બહુ ઝીણી, બાપુ ! Logic થી – ન્યાયથી સિદ્ધ કરે છે કે, ભગવાનનો આત્મા જ્ઞાનસ્વરૂપી છે. એની પર્યાયમાં – અવસ્થામાં લોકાલોક – જ્ઞેયનું જાણવું થાય છે. એથી (અહીંયાં એમ કહ્યું કે) આત્મા કર્તા (છે) અને જ્ઞાન કરણ (છે). પણ એમાં (જ્ઞાનમાં) જે જ્ઞેયનો આકાર જણાયો, એ કાર્યમાં જ્ઞેયાકારનું નિમિત્ત છે, એમ દેખીને તે કારણ (પદાર્થ) અહીંયાં છે (એટલે કે) કાર્યમાં કારણ છે, એમ ઉપચારથી કહેવામાં આવે છે.

હવે આમાં વાણિયાને નવરાશ ન મળે, એમાં આવી વાતું (સમજવી) ! (તોપણ) હવે તો લોકો સાંભળે છે, બાપા ! પ્રભુ ! તારી વાત છે. અત્યારે પણ તારું જ્ઞાન – રાગને, શરીરને, વાણીને (જાણે છે). એ જ્ઞાનાકારમાં, આ જ્ઞેયાકાર જે શરીર, વાણી (છે, તે) નિમિત્ત છે. તેથી તે (ખરેખર) તો જ્ઞાનાકાર છે. પણ જ્ઞેયાકાર (એટલે કે) જ્ઞેયો એમાં કારણ છે. માટે તેની પર્યાયમાં આ જ્ઞેયાકાર (એટલે કે) જ્ઞેયો આવ્યા, એમ વ્યવહારથી કહેવાય છે. આહા..હા...! (આમ થવા છતાં) એ જ્ઞેયને આકારે આત્મા થઈ જાય છે, એમ નથી. પણ જ્ઞેયાકારનું જ્ઞાન અહીંયાં પોતામાં થયું, એમાં એ (જ્ઞેય) નિમિત્ત હતું. એથી કારણનો કાર્યમાં આરોપ દઈને, એ જ્ઞેયાકાર અહીંયાં જ્ઞાનમાં આવ્યા, એમ વ્યવહારથી કહેવામાં આવે છે. અરે...રે...! આવું (બધું) સમજવું !

ભિન્ન–ભિન્ન તત્ત્વ છે તેને તેમ–તેમ જાણવું. એ વિના ગોટો ઊઠશે. આહા...! એક તત્ત્વને બીજા તત્ત્વમાં ભેળસેળ (કરીને) માનવું, એ તો મિથ્યાશ્રદ્ધા છે, આહા..હા...!

(અહીંયા શું કહે છે) ? '**(–જ્ઞેયાકારોમાં પદાર્થોનો) ઉપચાર કરીને,...**' 'જ્ઞેયાકારોમાં પદાર્થોનો ઉપચાર કરીને' એટલે શું ? કે, જ્ઞાનની પર્યાયમાં જેવું જ્ઞેયસ્વરૂપ છે એવું જણાય છે. તેથી કારણ તો એ (જ્ઞેય) છે અને કાર્ય અહીંયાં (જ્ઞાન) છે. (એટલે) એ કાર્યમાં કારણનો ઉપચાર કરીને, જ્ઞેયાકારો જ્ઞાનમાં આવ્યા, એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહા..હા...! આવી ભાષા ઘરમાં હોય નહિ (અને) ધર્મની દુકાને જાય તો (સાંભળવા) મળે નહિ. આવી વાત (છે) ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**...એમ કહેવું વિરોધ પામતું નથી.**' છે ? '**જ્ઞાન પદાર્થોમાં વ્યાપીને વર્તે છે એમ કહેવું વિરોધ પામતું નથી.**' વ્યવહારથી (એમ કહેવું વિરોધ પામતું નથી) એમ કહે છે.

ભગવાનનું પરમાત્માનું જ્ઞાન (એ) કેવળજ્ઞાન છે. અરિહંત પરમાત્માનું જ્ઞાન એ કેવળજ્ઞાન છે. એ જ્ઞાનમાં લોકાલોક જણાય છે અને તે લોકાલોક જ્ઞેય છે, જાણવાલાયક છે. એના આકારે અહીંયાં જ્ઞાન થયું, તેથી એ કાર્ય તો પોતાનું છે. પણ એ કાર્યમાં (લોકાલોક) નિમિત્ત હતા. એ કારણે જ્ઞાનમાં જ્ઞેય વ્યાપ્યું છે અને જ્ઞેય જ્ઞાનમાં આવ્યું છે. એમ વ્યવહારે કહેવામાં આવે છે. અરે...! અરે....! આવું છે. હવે, આમાં (ધંધા આડે) આવો નિર્ણય કરવાની નવરાશ ક્યાંથી મળે ! આહા..હા...! આ તો નવ તત્ત્વની ભિન્નતા બતાવે છે. નવ તત્ત્વની ભિન્નતાની જેને હજી ખબર નથી, એને શ્રદ્ધા ક્યાંથી થાય ? આહા..હા...!

અહીંયાં કહે છે, જ્ઞેયને જાણવાનું જ્ઞાન – કાર્ય, જ્ઞેયના કારણે થયું. (જ્ઞેય તો) નિમિત્ત છે. (તોપણ) એનું જ્ઞાન થયું એટલે કારણનો કાર્યમાં આરોપ કરીને, જ્ઞેય જ્ઞાનમાં આવ્યા છે અને જ્ઞાન જ્ઞેયમાં ગયું છે, એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

(નવા માણસને તો એવું લાગે છે કે) કોણ જાણે કાંઈક કહેતા હતા - નીલમણિ અને આમ ને તેમ ને...! દૂધમાં વ્યાપીને રહે. એમ આત્માની જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયાકાર વ્યાપે અને વ્યાપતો નથી પણ એનું જ્ઞાન થાય છે માટે એમાં વ્યાપે...! એવું કાંઈક કહેતા હતા. વ્યાપે શું ? કારણ શું ને કાર્ય શું ?

એટલે એમ કહ્યું, પ્રભુ ! આ આત્મા છે ને ! એનો જ્ઞાનગુણ સ્વભાવ છે. એ સ્વભાવ છે તેની વર્તમાન પર્યાય (હોય) છે. સ્વભાવ જે ગુણ છે, એ તો ત્રિકાળ છે. પણ અરિહંત પરમાત્માને કેવળજ્ઞાનની પર્યાય પ્રગટી, એ એક સમયની પર્યાય છે. એ એક (સમયની) પર્યાય લોકાલોકને જાણે છે. ખરેખર તો એમની પર્યાય ત્યાં જ્ઞેયમાં જાતી નથી અને જ્ઞેય અહીંયાં આવતાં નથી. પણ જ્ઞેયનું અહીંયાં જ્ઞાન થયું, એથી કાર્યમાં કારણનો ઉપચાર કરી, જ્ઞેયો અહીં આવ્યા છે, એમ કહેવામાં આવે છે. આહા..હા...! હવે, આવો મારગ...! '**જ્ઞાન પદાર્થોમાં વ્યાપીને વર્તે છે.**' (એમ કહ્યું) જોયું ? પદાર્થોમાં વ્યાપીને વર્તે છે ! વ્યવહારે '**...એમ કહેવું વિરોધ પામતું નથી.**' નિશ્ચયથી તો એમ છે નહીં. આહા..હા...!

**ભાવાર્થ :– 'જેમ દૂધથી ભરેલા વાસણમાં રહેલું ઇંદ્રનીલ રત્ન,...**' આહા..હા...! દૂધથી ભરેલા વાસણમાં રહેલું ઇંદ્રનીલ રત્ન – નીલમણિ. (આ નીલમણિના વેપારમાંથી લોકો લાખ્ખો રૂપિયા કમાય છે. એમ એ માને છે). (પણ એ તો) તેં રાગ કર્યો (છે). અને એ રાગ પણ મારો છે, એમ માન્યું છે, એ પણ મિથ્યાભાવ – અજ્ઞાન છે. આ..હા..હા...!

મારો પોતાનો હોય તે પોતાથી જુદો પડે નહિ અને જુદો પડે તે પોતાનો ન હોય, આત્મા સમ્યગ્દર્શન અને (સમ્યક્)જ્ઞાન પામે કે કેવળ(જ્ઞાન) પામે, ત્યારે રાગ એનો રહેતો નથી. સિદ્ધ પરમાત્મા થયા – 'ણમો (સિદ્ધાણં)' ! ત્યાં રાગ છે ? (નથી). કારણ કે એનો હોય તો–તો ત્યાં સાથે રહેવો જોઈએ. આહા..હા...!

'ણમો સિદ્ધાણં' – પરમાત્મા ! અનંત સિદ્ધો મુક્તિશિલા ઉપર બિરાજે છે. શરીરસહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય અને કેવળજ્ઞાની (હોય) એને 'અરિહંત' કહેવાય. શરીરરહિત હોય એ પરમાત્માને 'સિદ્ધ' કહેવાય. એ 'ણમો અરિહંતાણં' અને 'ણમો સિદ્ધાણં'ની (વ્યાખ્યા કહી). 'સીમંધર ભગવાન' બિરાજે છે તે 'ણમો અરિહંતાણં'માં છે અને 'મહાવીર' આદિ ચોવીસ તીર્થંકરો થઈ ગયા એ 'ણમો સિદ્ધાણં'માં છે. એ સિદ્ધ પરમાત્મા થઈ ગયા છે. એનું નામ લોકાલોકને જાણે. આહા..હા...! છતાં તે લોકાલોકમાં પ્રવેશ ન કરે અને લોકાલોક અહીંયાં આવે નહિ. પણ જ્ઞાનના કાર્યમાં – જાણવાના કાર્યમાં તે નિમિત્ત હતું. આ નિમિત્ત એટલે (અહીંયા) કારણ (કહેવું છે). એ કારણનો અહીં કાર્યમાં ઉપચાર કરીને, એ જ્ઞાન જ્ઞેયમાં વ્યાપ્યું છે (એમ વ્યવહારે કહેવામાં આવે છે). આહા..હા...! '**જ્ઞાન પદાર્થોમાં વ્યાપીને વર્તે છે એમ કહેવું વિરોધ પામતું નથી.**' આહા..હા...! આવી વાતું હવે...!

આમાં અમારે કરવું શું ? (એ કાંઈ સમજાતું નથી). કરવું એ કે, દેહથી અને વાણીથી તો તું ભિન્ન છો. એની ક્રિયા તો તું કરી શકતો નથી. પણ અંદર રાગ આવે એની ક્રિયા પણ તું કરી શકતો નથી. એવું તારું સ્વરૂપ છે. એ રાગ પણ વિકાર છે અને તારું સ્વરૂપ નિર્વિકાર છે. એ નિર્વિકારી સ્વભાવની દૃષ્ટિ કરવી અને વિકારથી ભિન્ન પાડવો. એ એનું કાર્ય (છે) અને એ સમ્યગ્દર્શન છે. આહા..હા...! સાચું દર્શન એ છે. સમ્યક્ એટલે સાચું (અને) દર્શન એટલે શ્રદ્ધા. આહા..હા...!

શ્રોતા :– અહીંયાં કેટલા દિવસ રહે તો સમજાય ?

સમાધાન :– આ રળવા જાય છે ત્યાં મુદ્દત મારે છે ? 'પાલનપુર' છોડીને 'મુંબઈ' ખેડ્યું. રળવાનો જેને પ્રેમ છે એ તો બાયડી, છોકરાને છોડીને ક્યાંય 'આફ્રિકા'માં જતા રહે છે. અહીંયાં વ્યવહાર, સગા-વ્હાલા, મા-બાપ (બધાંને) મૂકીને એકલા ત્યાં રખડે ! જેને રળવાનો પ્રેમ છે એની મુદ્દત શી ? કે મારે આટલું અહીં રહેવું ? એમ જેને આત્માનો પ્રેમ લાગે એની મુદ્દત શી કે આટલે કાળે આ જણાય ? આહા..હા...! છતાં શાસ્ત્રે આધાર આપ્યો છે કે, તને એનું રટણ કરતાં કદાચિત્ છ મહિના લાગશે. 'સમયસાર'માં કળશમાં (આવે) છે. થશે તો અંતમુહૂર્તમાં ! આહા..હા...! (એમ) અંદર 'ભાવાર્થ'માં લખ્યું છે. આહા..હા...!

રાગ અને નિમિત્તનું લક્ષ છોડી દઈ અને ભગવાન (આત્મા) પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે, એની દૃષ્ટિ અને એની શ્રદ્ધા અનુભવમાં કરવી, એ એને કરવાનું છે. એ કરવામાં જઘન્ય (કાળ) તો અંતમુહૂર્તમાં થઈ શકે છે (અને) બહુ વાર લાગે તો કહે (છે) છ મહિના (લાગશે). એવું કીધું છે. 'સમયસાર'માં એ કળશ છે. આહા..હા...! પણ એની લગની લાગવી જોઈએ. આહા..હા...! ધૂન લાગવી (જોઈએ) ધૂન ! ધ્રુવના ધામમાં ધ્યેયની ધૂન લાગવી જોઈએ.

બે વર્ષ પહેલાં 'ભાવનગર'માં (આવ્યું હતું). એ '**આત્મધર્મ**' માં આવ્યું છે. ધ્રુવધામ ભગવાન આત્મા ! ધ્રુવ... ધ્રુવ... નિશ્ચલ ધ્રુવ....! એવું જે પ્રભુનું – આત્માનું ધામ (છે) એના ધ્યાનની ધગશ ને ધીરજથી ધૂન લગાવવાથી... (એવા) 'ધ, ધા' ના તેર બોલ હતા.

'**ધ્રુવ ધામના ધ્યેયના ધ્યાનની ધખતી ધૂણી ધગશ અને ધીરજથી ધખાવવી, તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.**' બે વર્ષ પહેલા 'ભાવનગર'માં આવા શબ્દો (આવ્યા) છે.

નીચે પછી 'બેન'ના વચનો આવ્યા છે. 'તું તને જો. જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



('બહેનશ્રીના વચનામૃત' - ૩૦૫) 'દ્રવ્યે પરિપૂર્ણ મહાપ્રભુ છું, ભગવાન છું, કૃતકૃત્ય છું,' એમ માનતા હોવા છતાં 'પર્યાયે તો હું પામર છું' એમ મહામુનિઓ પણ જાણે છે. ('બહેનશ્રીના વચનામૃત' – ૩૫૨).

અહીંયાં એ કહ્યું, છે ને ? '**...તેમ જ્ઞેયોથી ભરેલા વિશ્વમાં રહેલો આત્મા સમસ્ત જ્ઞેયોને (લોકાલોકને) પોતાની જ્ઞાનપ્રભા વડે પ્રકાશિત કરે છે અર્થાત્ જાણે છે તેથી વ્યવહારે આત્માનું જ્ઞાન અને આત્મા સર્વવ્યાપી કહેવાય છે (જો કે નિશ્ચયથી તો તેઓ પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ રહેલાં છે, જ્ઞેયોમાં પેઠાં નથી).**' પણ વ્યવહારથી કહેવામાં આવે છે. વિશેષ કહેશે......

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथैवमर्थो ज्ञान वर्तन्त इति संभावयति –

**जदि ते ण संति अट्ठा णाणे णाणं ण होदि सव्वगयं।**
**सव्वगयं वा णाणं कहं ण णाणट्ठिया अट्ठा।।३१।।**
**यदि ते न सन्त्यर्था ज्ञाने ज्ञानं न भवति सर्वगतम्।**
**सर्वगतं वा ज्ञानं कथं न ज्ञानस्थिता अर्थाः।।३१।।**

यदि खलु निखिलात्मीयज्ञेयाकारसमर्पणद्वारेणावतीर्णाः सर्वेऽर्था न प्रतिभान्ति ज्ञाने तदा तन्न सर्वगतमभ्युगम्येत। अभ्युपगम्येत वा सर्वगतं, तर्हि साक्षात् सवेदनमुकुरुन्दभूमिकावर्तीण(प्रति) बिम्बस्थानीयस्वीयस्वीयसंवेद्याकारकारणानि परम्परया प्रतिबिम्बस्थानीयसंवेद्याकारकारणानीति कथं न ज्ञानस्थायिनोऽर्था निश्चीयन्ते।।३१।।

---

अथ पूर्वसूत्रेण भणितं ज्ञानमर्थेषु वर्तते व्यवहारेणात्र पुनरर्था ज्ञाने वर्तन्त इत्युदिशति– **जह** यदि चेत् **ते अट्ठा ण संति** ते पदार्थाः स्वकीयपरिच्छित्त्याकारसमर्पणद्वारेणादर्शे बिम्बवन्न सन्ति। क्व। **णाणे** केवलज्ञाने। **णाणं ण होदि सव्वगयं** तदा ज्ञानं सर्वगतं न भवति। **सव्वगयं वा णाणं** व्यवहारेण सर्वगतं ज्ञानं सम्मतं चेद्भवतां **कहं ण णाणट्ठिया अट्ठा** तर्हि व्यवहारनयेन स्वकीयज्ञेयाकारपरिच्छित्तिसमर्पणद्वारेण ज्ञानस्थिता अर्थाः कथं न भवन्ति किंतु भवन्त्येवेति। अन्नायमभिप्रायः – यत एव व्यवहारेण ज्ञेयपरिच्छित्त्याकारग्रहणद्वारेण ज्ञानं सर्वगतं भण्यते, तस्मादेव ज्ञेयपरिच्छित्त्याकारसमर्पणद्वारेण पदार्था अपि व्यवहारेण ज्ञानगता भण्यन्त इति।।३१।।

---

## (તા. ૨-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૨૭)

('પ્રવચનસાર') ૩૧મી ગાથા. શું અધિકાર ચાલે છે ? ભગવાન કેવળજ્ઞાની પરમાત્માને જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાઇ જાય છે. એટલે જાણે કે એ વસ્તુ (અહીંયાં જ્ઞાનમાં) આવી ગઈ હોય, એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ભગવાનના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક (જણાય છે). ભવિષ્યની પર્યાય થઈ નથી તેનું પણ જ્ઞાન ભગવાનને અત્યારથી હોય છે. ત્રણ કાળ જાણે ને ! એ કહે છે.

'**હવે, આ રીતે પદાર્થો જ્ઞાનમાં વર્તે છે,...**' જ્ઞાન એટલે આત્મા. લોકાલોકના પદાર્થ છે, એ જ્ઞાન એટલે આત્મા(માં વર્તે છે). કેવળજ્ઞાન પ્રાપ્ત પ્રભુ(ના જ્ઞાનમાં) વર્તે છે. '**...એમ વ્યક્ત કરે છે.**' વ્યવહારથી (વર્તે છે), હોં !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, આ રીતે પદાર્થો જ્ઞાનમાં વર્તે છે એમ વ્યક્ત કરે છે :–

**નવ હોય અર્થો જ્ઞાનમાં, તો જ્ઞાન સૌ-ગત પણ નહીં,**
**ને સર્વગત છે જ્ઞાન તો ક્યમ જ્ઞાનસ્થિત અર્થો નહીં ? ૩૧.**

**અન્વયાર્થ :–** **[यदि]** જો **[ते अर्थाः]** તે પદાર્થો **[ज्ञाने न सन्ति]** જ્ઞાનમાં ન હોય તો **[ज्ञानं]** જ્ઞાન **[सर्वगतं]** સર્વગત **[न भवति]** ન હોઈ શકે. **[वा]** અને જો **[ज्ञानं सर्वगतं]** જ્ઞાન સર્વગત છે તો **[अर्थाः]** પદાર્થો **[ज्ञानस्थिताः]** જ્ઞાનસ્થિત **[कथं न]** કઈ રીતે નથી ? (અર્થાત્ છે જ).

ટીકા :– જો સમસ્ત સ્વ-જ્ઞેયાકારોના સમર્પણ દ્વારા (જ્ઞાનમાં) ઊતર્યા થકા સર્વ પદાર્થો જ્ઞાનમાં ન પ્રતિભાસે તો તે જ્ઞાન સર્વગત ન માની શકાય, અને જો તે (જ્ઞાન) સર્વગત માનવામાં આવે, તો પછી (પદાર્થો) સાક્ષાત્ જ્ઞાનદર્પણભૂમિકામાં ઊતરેલા બિંબ-સમાન પોતપોતાના જ્ઞેયાકારોનાં કારણો (હોવાથી) અને પરંપરાએ પ્રતિબિંબ સમાન જ્ઞેયાકારોનાં કારણો હોવાથી પદાર્થો કઈ રીતે જ્ઞાનસ્થિત નથી નક્કી થતા ? (અવશ્ય જ્ઞાનસ્થિત નક્કી થાય છે).

**ભાવાર્થ :–** દર્પણમાં મયૂર, મંદિર, સૂર્ય, વૃક્ષ વગેરેનાં પ્રતિબિંબ પડે છે. ત્યાં નિશ્ચયથી તો પ્રતિબિંબો દર્પણની જ અવસ્થા છે; છતાં દર્પણમાં પ્રતિબિંબો દેખીને, કાર્યમાં કારણનો ઉપચાર કરીને 'મયૂરાદિ દર્પણમાં છે' એમ વ્યવહારથી કહેવાય છે. એવી રીતે જ્ઞાનદર્પણમાં પણ સર્વ પદાર્થોના સમસ્ત જ્ઞેયાકારોનાં પ્રતિબિંબ પડે છે અર્થાત્ પદાર્થોના જ્ઞેયાકારોના નિમિત્તે જ્ઞાનમાં જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારો થાય છે (કારણ કે જો એમ ન થાય તો તે જ્ઞાન સર્વ પદાર્થોને જાણી શકે જ નહિ). ત્યાં નિશ્ચયથી તો જ્ઞાનમાં થતા જ્ઞેયાકારો જ્ઞાનની જ અવસ્થા છે, પદાર્થોના જ્ઞેયાકારો કાંઈ જ્ઞાનમાં પેઠા નથી. નિશ્ચયથી આમ હોવા છતાં વ્યવહારથી જોઈએ તો, જ્ઞાનમાં થતા જ્ઞેયાકારોનાં કારણ પદાર્થોના જ્ઞેયાકારો છે અને તેમનાં કારણ પદાર્થો છે – એ રીતે પરંપરાએ જ્ઞાનમાં થતા જ્ઞેયાકારોનાં કારણ પદાર્થો છે; માટે તે (જ્ઞાનની અવસ્થારૂપ) જ્ઞેયાકારોને જ્ઞાનમાં દેખીને, કાર્યમાં કારણનો ઉપચાર કરીને 'પદાર્થો જ્ઞાનમાં છે' એમ વ્યવહારથી કહી શકાય છે. ૩૧.

---

**जदि ते ण संति अट्ठा णाणे णाणं ण होदि सव्वगयं।**
**सव्वगयं वा णाणं कहं ण णाणट्ठिया अट्ठा।।३१।।**

(૪૭) નયના (અધિકારમાં) આમ તો સર્વગતને એકાંત મિથ્યાત્વ કીધું છે, નહિ ? પણ અહીં તો (જાણે છે એટલે) એટલું સ્થાપે છે. જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક જણાઈ જાય છે. એ જણાય છે એ જ્ઞેયાકાર જ્ઞાન થયું. એથી જ્ઞેયાકાર અહીંયાં આવ્યા, એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ભગવાન તો ભવિષ્યની અનંતી પર્યાય (જાણે છે). આ જીવ આ ઠેકાણે સમ્યક્ત્વ પામશે, આ ઠેકાણે મોક્ષ જશે – એ બધું કેવળજ્ઞાનમાં આવ્યું છે. સમજાણું ?

સંપ્રદાયમાં (હતા) ત્યારે (સંવત) ૧૯૭૨ની (સાલમાં) આ મોટો પ્રશ્ન ઊઠ્યો હતો. ૧૯૭૨ની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(સાલના) ફાગણ સુદ તેરસ-ચૌદસની વાત છે. કેટલા વર્ષ થયા ? ત્રેસઠ. એ (સાધુ) વારંવાર એમ કહ્યા કરે, 'કેવળજ્ઞાનીએ દીઠું હશે એમ થશે. આપણે શું કરીએ ?' બે વર્ષ તો સાંભળ્યું, પછી (એક દિવસ) રાતે કહ્યું, 'કેવળજ્ઞાનીએ દીઠું એમ થાશે એ વાત સાચી. પણ એ શ્રદ્ધા કોને છે ? જગતમાં સર્વજ્ઞ પરમાત્મા છે – કેવળી છે, જેની એક (સમયની) જ્ઞાનની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જણાય છે. એવું જ્ઞાન જગતમાં છે, એની કોને પ્રતીતિ છે ? એને જેને એ પ્રતીતિ થઈ, એ તો જ્ઞાયકસ્વભાવ ઉપર જશે ત્યારે એને પ્રતીતિ થશે.' તે દિ' આટલું નહોતું કહ્યું. (તે દિવસે તો) એટલું કહ્યું હતું કે, કેવળજ્ઞાન આવું છે એમ જ્ઞાનમાં જણાશે તો-તો એને ભવ નહીં રહે. એમ કહ્યું હતું. આહા..! હીરાજી મહારાજ સાંભળે. પણ બીજા સાધુએ વિરોધ કર્યો કે, 'એમ નથી.' (પણ મેં કહ્યું) 'છે તો આમ જ !' દુનિયા માનો ન માનો... ભગવાન સર્વજ્ઞ પરમાત્મા દુનિયામાં છે – એ જ્ઞાનનો નિર્ણય, (જ્યારે) જ્ઞાનમાં પેસી જાય ત્યારે સર્વજ્ઞસ્વભાવ છે (એની પ્રતીતિ થાય). ત્યારે એટલું બધું નહોતું કહ્યું પણ એટલું જ્ઞાનમાં હતું કે, અંદર જ્ઞાનમાં સર્વજ્ઞ છે એટલું પેસી જાય, એના સર્વજ્ઞે ભવ દીઠાં જ ન હોય !

એમાં આ 'ક્રમબદ્ધ' તો પછી આવ્યું. એ તો (ટીકામાં) 'ક્રમનિયમિત' શબ્દ મૂક્યો છે. એક લેખ આવ્યો છે એમાં એમ લખ્યું છે, 'આ વાત 'કાનજીસ્વામી'થી નીકળેલી છે. આ વાત અમે પણ જાણતા નહોતા.' જે (પર્યાય થવાની) હશે તે થશે, એમ જે જાણે એને નિમિત્તથી (કાર્ય) થાય અને વ્યવહારથી (નિશ્ચય) થાય, એવું રહે જ નહિ. તેમ સમ્યગ્દર્શન પણ જે સમયે થવાનું છે, તે સમયે થવાનો તેનો કાળ છે. આહા..હા..! અને તે સમ્યગ્દર્શનના કાળમાં તે પર્યાય ત્રિકાળી જ્ઞાયક તરફ જાય છે, ત્યારે તેને સર્વજ્ઞની શ્રદ્ધા થાય છે, આહા..!

(લેખમાં એમ લખ્યું છે) – 'ક્રમબદ્ધપર્યાય દિગંબર જૈન સમાજકા બહુચર્ચિત વિષય હૈ.' દિગંબરમાં ચર્ચા (ચાલુ થઈ). શ્વેતાંબરમાં તો આ વાત જ ક્યાં છે ! એટલે બિચારા (ચર્ચા પણ ક્યાંથી કરે) ! આજે એક સાધુ આવ્યો હતો એ રાડે-રાડ પાડતો હતો–'કર્મથી થાય... કર્મથી ગતિ, કર્મથી વિકાર (થાય)... !' વિભાવ વળી આત્માને કેવો ? અરે...! ભગવાન ! શું કરે છે આ ? (એ એમ કહેતા હતા) 'કર્મથી સંસાર થાય અને કર્મ ટળે તો મોક્ષ થાય !' અરે... ભગવાન ! અહીંયાં કહે છે – 'ઇસકી ચર્ચા આજ તત્ત્વપ્રેમી સમાજમેં સર્વત્ર હોતી દેખી જાતી હૈ. 'કાનજીસ્વામી'ને ઇસ વિષયકો બડી ગંભીરતાસે પ્રસ્તુત કર, અધ્યાત્મ જગતમેં એક ક્રાંતિકા શંખનાદ કર દિયા હૈ. યહ મહત્ત્વપૂર્ણ વિષય સમાજમેં આજ ચર્ચાકા વિષય બના હૈ. તથાપિ ઇસકી ગહરાઈમેં જાનેવાલે વ્યક્તિ કમ હી નજર આતે હૈં. જૈનદર્શનસે અનુસંધાન કર જિસ ગહરાઈમેં મંથન કિયા જાના ચાહિયે, વહ દિખાઈ નહીં દે રહા. યહ મહાન દાર્શનિક ઉપલબ્ધિકો વ્યર્થકે વાદ-વિવાદમેં (નહીં લે જાના ચાહિયે).' 'યહ તો મહાન દાર્શનિક ઉપલબ્ધિ હૈ !' (એમ લખ્યું છે). દર્શન એટલે જૈનદર્શન. એની મૂળ ઉપલબ્ધિ આ ક્રમબદ્ધમાં છે. હવે એના નિર્ણયના તો ઠેકાણા નથી ને વાતો કરે કે, વ્યવહારથી થાય, આનાથી થાય ને ઢીકણાથી થાય ! આહા..હા..!

જે પર્યાયમાં સર્વજ્ઞપણાનો નિર્ણય થાય (એ) પ્રગટ પરિણમનમાં થાય (છે). દ્રવ્યમાં (નિર્ણય) ન થાય. પરિણમન–પર્યાય વિનાનું દ્રવ્ય નહિ અને પરિણમનમાં જો સર્વજ્ઞનો નિર્ણય થાય, તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગયા વગર રહે નહિ, આહા..હા..!

(લેખમાં તો એમ કહ્યું) આ તો દાર્શનિક ઉપલબ્ધિ છે. જૈનદર્શનનો જે સ્વભાવ છે એનું મૂળ તત્ત્વ આ છે ! આ અન્ય દર્શનમાં તો છે નહિ (માત્ર) જૈનદર્શનમાં જ છે. એને માટે ગંભીરતાથી વિચાર કરતા નથી અને આડા-અવળા (તર્ક કરે કે) આમ થાય ને આમ થાય.

અહીંયાં (ચાલતા વિષયમાં) એમ કહે છે કે, આત્મામાં ત્રણકાળ ત્રણલોકના પદાર્થો જણાઈ ગયા એટલે જાણે (કે) વ્યવહારે અંદરમાં આવ્યા (એમ કહેવાય) ! ત્રણકાળ ત્રણલોક (જાણે). ભવિષ્યમાં દ્રવ્યની જે અનંતી પર્યાય થશે (તેને પણ જાણે છે અને) પોતાની (જે પર્યાય) થશે એનું (પણ) જ્ઞાન એને કેવળજ્ઞાનમાં થઈ ગયું છે, આહા..હા..!

'**...આ રીતે પદાર્થો જ્ઞાનમાં વર્તે છે એમ વ્યક્ત કરે છે.**' (જ્ઞાનમાં એટલે) આત્મામાં. છે ?

**નવ હોય અર્થો જ્ઞાનમાં, તો જ્ઞાન સૌ-ગત પણ નહીં,**
**ને સર્વગત છે જ્ઞાન તો ક્યમ જ્ઞાનસ્થિત અર્થો નહીં ? ૩૧.**

આચાર્યોએ પણ (સત્) કહ્યું છે ને !

**ટીકા :–** '**જો સમસ્ત સ્વ-જ્ઞેયાકારોના સમર્પણ દ્વારા,...**' શું કહે છે ? આત્મા સિવાય જે અનંત પદાર્થો છે–અનંત આત્માઓ, અનંત પરમાણુઓ અને તેની ભૂત-ભવિષ્યની પર્યાયો, આહા..હા..! એ સ્વ-જ્ઞેયાકારોના–જે અનંત જ્ઞેય છે તેના આકારોના, '**...સમર્પણ દ્વારા (જ્ઞાનમાં) ઊતર્યા થકા,...**' એના આકારો જ્ઞાનમાં ઊતર્યા વિના. '**...સર્વ પદાર્થો જ્ઞાનમાં ન પ્રતિભાસે તો તે જ્ઞાન સર્વગત ન માની શકાય.**' આહા..હા..! ભગવાન કેવળી પરમાત્માની જ્ઞાનપર્યાયમાં જેટલા જ્ઞેયો (છે) – ત્રણકાળ ત્રણલોક, બધું ક્ષેત્ર (જણાય છે). એ એના સ્વ-જ્ઞેયાકાર છે. એ જો જ્ઞાનમાં ન ઊતરે એટલે જ્ઞાનમાં ન જણાય. છે (અંદર) ? '**સમર્પણ દ્વારા**' (એટલે) એ સર્વ જ્ઞેયાકારો જ્ઞાનમાં અર્પણ કરી દે છે. (અર્થાત્) જેવું એનું સ્વરૂપ છે તેવું ત્યાં જ્ઞાનમાં જણાઇ જાય છે. આહા..હા..! ઝીણી વાત બહુ, ભાઈ ! '**...સર્વ પદાર્થો જ્ઞાનમાં ન પ્રતિભાસે તો તે જ્ઞાન સર્વગત ન માની શકાય.**' તો સર્વને જાણનારું જ્ઞાન કહી શકાય નહિ, આ..હા..હા..!

ભગવાનના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક જણાયા અને સર્વજ્ઞે દીઠું તે પ્રમાણે થાશે. એ વાત તો એમ જ છે. પણ એનો નિર્ણય કોણ કરે ? આ..હા..હા..! એવા ત્રણકાળ ત્રણલોક એક જ્ઞાનની પર્યાયમાં સમર્પણ થઈ ગયા. (અર્થાત્) બધાં જ્ઞેયો છે એ આ જ્ઞાનમાં આવી ગયા. એવા જ્ઞાનનો જે નિર્ણય કરે, એને તો સ્વભાવ સન્મુખનો–સમ્યગ્દર્શનનો પુરુષાર્થ થયો. આહા..હા..! આવી વાત છે ! ઝીણી વાત (છે), બાપુ ! આ..હા..! આડી–અવળી પર્યાય થાય ને પરનું હું કરી શકું (એ બધી માન્યતા ઊડી જાય એવું છે).

ક્રમબદ્ધમાં પણ અકર્તાપણું સિદ્ધ કરવું છે. ભગવાને દીઠું તેમ થશે (અને) (બધાં દ્રવ્યની) અવસ્થા ક્રમસર થાય છે. એમ જેને નિર્ણય થાય, એને વર્તમાન રાગને કરું એવી કર્તાબુદ્ધિ રહેતી નથી. એ તો રહેતી નથી પણ પર્યાય કરું એવી પણ કર્તાબુદ્ધિ રહેતી નથી. કેમકે દ્રવ્યમાં એક 'ભાવ' નામનો ગુણ છે કે જેથી વર્તમાન પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ, આ..હા..હા..! ૪૭ શક્તિ છે ને ? (એમાં) 'ભાવ' શક્તિ છે. એ ભાવશક્તિનો અર્થ એ કે, વર્તમાન એની પર્યાય–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવ હોય જ. ભાવગુણની વર્તમાન (પર્યાય હોય જ). (ભાવગુણને કારણે) અનંત ગુણની (પર્યાય હોય જ). (એવો) ભાવ ગુણ છે ! ઝીણી વાત બહુ, બાપુ !

અનંતા ગુણમાં ભાવગુણનું રૂપ છે. અને જેથી તે ભાવગુણની પર્યાય વર્તમાનમાં ભાવરૂપ થયા વિના રહે જ નહિ. તેથી અનંત ગુણમાં તે ભાવ (ગુણનું) રૂપ છે. માટે અનંત ગુણની પણ એક સમયની પર્યાય જે સમયે (થાય છે તે) તેનો ભાવ છે, તે થયા વિના રહે જ નહિ. આહા..હા..! ઝીણું બહુ ! એવો જેને નિર્ણય થાય એને અંદર દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય. આ..હા..હા..! સર્વજ્ઞ સ્વભાવ છે–ભગવાન(આત્મા) તો સર્વજ્ઞ સ્વભાવી છે. સર્વજ્ઞે દીઠું એમ થાશે એમ જાણ્યું, એનો નિર્ણય સર્વજ્ઞ સ્વભાવ–જ્ઞાન ઉપર જાય, એમ કહી દીધું. એ 'જ્ઞાન' શબ્દે સર્વજ્ઞ સ્વભાવ (કહેવું છે). એના ઉપર દૃષ્ટિ જાય તેને સમકિત થાય. તેનો પુરુષાર્થ અંતરમાં વળ્યો છે અને તે સમયે પાંચે સમવાય છે. ઝીણી વાતું બહુ ! આ..હા..હા..!

'ક્રમબદ્ધ'નો લેખ સારો કર્યો છે. એમાં પાછળ એમ નાખ્યું છે–'યહ નિબંધ અભી અપૂર્ણ હૈ. આવશ્યક સંબોધન, સંશોધન ઔર પરિમાર્જન શેષ (બાકી) હૈ. શીઘ્ર પ્રકાશ ઇસ નિબંધકે સંદર્ભમેં વિદ્વાનોંકી મહત્ત્વપૂર્ણ સલાહ, સુઝાવ, સૂચના સાનુરોધ અપેક્ષિત હૈ. હમ વિશ્વાસ દિલાતે હૈં કિ, પ્રકાશન પૂર્વ પ્રાપ્ત સુઝાવોં પર ગંભીરતા પૂર્વક વિચાર કર આવશ્યક સંશોધન અવશ્ય કિયે જાયેંગે.' ઠીક કર્યું છે. આમાં (ક્રમબદ્ધનો નિર્ણય) કરવા જાય તો (બીજી) વાત તો બધી ઊડી જાય છે. જે સમયે જે પર્યાય (થવાની હોય) તે થાય (છે).

હજી એમાં (લેખમાં) 'નિજક્ષણ'ની (વાત) નથી નાખી. ('પ્રવચનસાર') ૯૯ ગાથા ! જે સમયે જે (પર્યાય) થવાની, (એટલે કે) પૂર્વ અવસરે થવાની (તે પૂર્વ અવસરમાં થાય), વર્તમાનમાં (થવાવાળી વર્તમાનમાં થાય). મુખ્ય ચીજ એ છે ! આ..હા..હા..!

અહીંયાં એમ કહે છે કે, કેવળજ્ઞાનની પર્યાયમાં, ત્રણ કાળમાં જગતની જે દ્રવ્યની, જે આત્માની પર્યાય ભવિષ્યમાં થવાની, ભૂતની થઈ (ગઈ) (અને) વર્તમાનમાં (થાય છે), એ બધું જ્ઞાનમાં સમર્પિત છે. બધાં જ્ઞેયાકારો સ્વ-જ્ઞેયાકાર (જ્ઞાનમાં) જણાઈ જાય છે. આહા..હા..! બહુ ઝીણું ! છે ? '**...(જ્ઞાનમાં) ઊતર્યા થકા સર્વ પદાર્થો જ્ઞાનમાં ન પ્રતિભાસે તો તે જ્ઞાન સર્વગત ન માની શકાય.**' 'જ્ઞાન' શબ્દે આત્મા. તો સર્વને જાણનારું જ્ઞાન કહી શકાય નહિ, આ..હા..હા..! ઝીણી વાતું બહુ, બાપુ !

'**...અને જો તે (જ્ઞાન) સર્વગત માનવામાં આવે,...**' 'જ્ઞાન' શબ્દે આત્મા લેવો. '**...તો પછી (પદાર્થો) સાક્ષાત્ જ્ઞાનદર્પણભૂમિકામાં,...**' આ..હા..હા..! '**...ઊતરેલા બિંબ-સમાન,...**' આ..હા..હા..! 'બિંબ'નો (અર્થ) નીચે છે. 'બિંબ = દર્પણમાં જેનું પ્રતિબિંબ પડ્યું હોય તે. (જ્ઞાનને દર્પણની ઉપમા આપીએ તો, પદાર્થોના જ્ઞેયાકારો બિંબ સમાન છે).' અરીસાની સામે અગ્નિ અને બરફ હોય એનું અહીંયાં પ્રતિબિંબ થાય, તો (અગ્નિ અને બરફ) બિંબ કહેવાય. '(અને જ્ઞાનમાં થતા જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારો પ્રતિબિંબ જેવાં છે).' અરીસો છે (એની સામે) અગ્નિ અને બરફ (પડ્યા) છે, એને બિંબ કહેવાય. અને (અરીસામાં) એની જે ઝલક દેખાય છે, એ પ્રતિબિંબ છે. છે તો એ અરીસાની અવસ્થા, પણ એનું પ્રતિબિંબ કહેવાય. એમ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયાકારો (થાય છે). જગતના અનંત પદાર્થો બિંબ છે અને આત્માની પર્યાયમાં એનું પ્રતિબિંબ પડે છે એટલે જાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. હજી તો અરિહંતનો નિર્ણય કરવામાં કેટલો પુરુષાર્થ છે ! એ આત્માનો પુરુષાર્થ છે, આ..હા..હા..!

(હવે કહે છે) '**...બિંબ–સમાન પોતપોતાના જ્ઞેયાકારોનાં કારણો (હોવાથી),...**' શું કીધું ? સામી ચીજ છે–જે અનંત આત્માઓ, અનંત રજકણો (છે) એના જે ત્રિકાળી પર્યાયો છે, ગુણ છે–એ એના (પોતાના) જ્ઞેયાકારો છે. એ '**...પોતપોતાના જ્ઞેયાકારોનાં કારણો (હોવાથી) અને પરંપરાએ પ્રતિબિંબ સમાન જ્ઞેયાકારોનાં કારણો હોવાથી,...**' આહા...! એ બધાં પર્યાયો પોતપોતાનાં કારણો છે. પણ અહીંયાં (જ્ઞાનમાં) જ્ઞેયાકારમાં એ વ્યવહાર કારણ છે. સમજાણું કાંઈ ?

'**...સાક્ષાત્ જ્ઞાનદર્પણભૂમિકામાં ઊતરેલા બિંબ–સમાન પોતપોતાના જ્ઞેયાકારોનાં કારણો (હોવાથી),...**' ખરેખર તો તે આત્માઓ અને અનંત પરમાણુઓ પોતપોતાના ગુણ–પર્યાયના કારણ છે. એ પોતપોતાના ગુણ–પર્યાયોના કારણ (એવા પદાર્થને) બિંબ કહીએ (અને) જ્ઞાનની પર્યાયમાં જણાય તેને પ્રતિબિંબ કહીએ. આવી ભાષા ! આવી વાતું !

(અપવાસ આદિ કરવાં) એ તો બધો રાગની મંદતાનો શુભભાવ હોય. એ પુણ્યબંધનું કારણ (છે). એ કોઈ ધર્મ નથી. ધર્મ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન (આત્મા એમાં) સર્વ જાણવા યોગ્ય વસ્તુ, એ બધી અહીં જ્ઞાનમાં જણાય છે. એવા જ્ઞાનને અંદર શ્રદ્ધવું, એવું માનવું એ પુરુષાર્થ છે અને એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન છે, આહા..હા..!

સવારમાં તો એ આવ્યું નહોતું ? (કે) રાગ આદિ પુદ્ગલની અવસ્થા (છે). હવે ત્યાં (એકાંત) એમ જ માની બેસે ! સવારમાં એક સાધુ આવ્યો હતો, એ રાડે-રાડ પાડતો હતો ! 'અમને એ બેસે નહિ... અમને એ બેસે નહિ. કર્મથી વિભાવ થાય...' શ્વેતાંબરમાં એ જ મોટી વાત છે–કર્મથી થાય ! હવે.., 'કર્મ બિચારે કૌન ? ભૂલ મેરી અધિકાઈ' તારી પર્યાય તું ન કર તો સંસાર કોનો ? જડનો છે સંસાર ? રખડવાનો ભાવ (કોનો) ? આ..હા..હા..!

અહીં કહે છે કે, કર્મ છે ! – કેવળજ્ઞાની ભગવાનને પણ ચાર કર્મ બાકી છે. ચાર ઘાતિકર્મોનો નાશ થયો છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય (આ ચારનો નાશ થયો છે). ચાર (અઘાતિકર્મો) બાકી છે–વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. છતાં એ કર્મનું જ્ઞાન અહીં આત્મામાં (થાય) છે. કર્મની અવસ્થા થશે, થઈ અને ક્યારે જશે–એ બધાં જ્ઞેયાકારનું કેવળજ્ઞાનમાં જ્ઞાન છે, આ..હા..હા..! એવા જે જડના અને આત્માના પોતપોતાના જ્ઞેયાકાર છે, એ પોતાના જ્ઞેયાકાર છે.

'**...પરંપરાએ પ્રતિબિંબ સમાન જ્ઞેયાકારોનાં કારણો (હોવાથી),...**' (અર્થાત્) જ્ઞાનમાં (થતાં) જ્ઞેયાકારોનાં કારણો હોવાથી, '**...પદાર્થો કઈ રીતે જ્ઞાનસ્થિત નથી નક્કી થતાં ? (અવશ્ય જ્ઞાનસ્થિત નક્કી થાય છે).**' શું કહ્યું એ ? કે, કેવળજ્ઞાની ભગવાન આત્મા જે છે અને આત્મા સિવાય બધા પદાર્થ (જે છે) એ અનંતા સિદ્ધો, કેવળીઓ, લાખ્ખો કેવળીઓ બધાં પોતાના જ્ઞેયાકારના કારણ છે. (બધાં) દ્રવ્ય, ગુણ, પર્યાય પોતાના સ્વ(જ્ઞેયાકારના) કારણ છે. એ કેવળજ્ઞાનમાં પ્રતિબિંબરૂપે ઊતરે છે, આહા..હા..! ભગવાનના જ્ઞાનમાં એ પૂર્ણ ઊતરે છે, આ..હા..હા..!

શ્વેતાંબરના બત્રીસ સૂત્રમાં એક 'વિપાક અધિકાર' છે. એમાં દસ અધિકાર (છે). છે તો બધાં ખોટા ! (એમાં એમ આવે છે) સાધુને આહાર દેનારો મિથ્યાદૃષ્ટિ હતો. એ સાધુને આહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આપી (તેણે) પરિત સંસાર કર્યો ! એક 'યુગમંધર' તીર્થંકરનું નામ આવે છે. બાકી બધાં સાધુને (નાખ્યા છે). પરને આહાર દેવો એ તો શુભભાવ છે. એનાથી સંસાર પરિત થાય નહિ–ઓછો થાય (નહિ), આ બધા વાંધા પહેલેથી ઊઠ્યા હતા.

(બીજી વાત એવી આવે છે કે) ભગવાનને રોગ થયો હતો અને ભગવાનની દવા લેવા ગયા હતા. 'રેવતી'એ સાધુને આહાર આપ્યો અને એનો સંસાર પરિત થયો. 'ભગવતી'નું પંદરમું શતક છે, એમાં એવો પાઠ છે. ખોટી કલ્પના ! બધું કલ્પિત ! ભગવાનને રોગ પણ ન હોય, દવા પણ ન હોય અને આહાર દીધો એનો સંસાર પરિત થાય, એમ પણ ન હોય. આ તો (સંવત) '૭૭ ની (સાલની) વાત છે. કેવળીને આહાર દીધો !! (એમ કહે છે). અરે..! કેવળીને આહાર હોય નહિ. અરે..! સાચા સાધુ-સંત હોય–અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત ભાવલિંગ (હોય) એને આહાર આપે તોપણ સંસાર પરિત ન થાય. (માત્ર) શુભભાવ થાય, પુણ્ય થાય. અરે..! આવી વાતો છે !

શ્રોતા :– પણ તીર્થંકરગોત્ર તો બાંધી શકે ને ?

સમાધાન :– તેથી શું ? તે શુભભાવ છે. એનાથી બંધાતું નથી. એક લેખમાં આવ્યું છે– 'એ બંધનું કારણ છે અને સમકિતીને જ તે વિકલ્પ હોય. છતાં એ ભાવના છે, (ધર્મ) ભાવ નહિ. ધર્મના ભાવ માટે આ ભાવ કારણ છે, એમ નથી.' ચર્ચાય છે (બધી વાત)... હળવે.. હળવે... શું થાય, બાપુ ? આ..હા...! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ હોય ? ધર્મથી બંધ થાય ? તીર્થંકર પ્રકૃતિ બંધાય એ ભાવ રાગ છે, અધર્મ છે ! (લોકો આવું સાંભળીને) રાડ નાખી જાય (છે) !

બોટાદ સંપ્રદાયમાં '૮૫ની (સાલમાં) વ્યાખ્યાન ચાલતું હતું. હજારો માણસ, ઘણું માણસ (હતું). '૮૫ના પોષ મહિનાની વાત છે. તે દિવસે કહ્યું હતું. કેટલાં વર્ષ થયાં ? પચાસ (થયાં) ! તે દિ' કહ્યું હતું... આ..હા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ (ભાવ) ધર્મ નથી, રાગ છે, પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી. આહા..હા..! ખળભળાટ થઈ ગયો...! (પણ) સભા સાંભળે. બાપુ ! 'મોક્ષપાહુડ' છે ને ? એમાં ૧૬મી ગાથામાં કહ્યું છે કે, **[परदव्वादो दुग्गइ]** – આત્મા જેટલું પરદ્રવ્ય તરફનું લક્ષ કરશે, તે બધો રાગ છે. સ્ત્રી, પુત્ર તરફ લક્ષ કરશે તો (તે) અશુભરાગ છે અને દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યે લક્ષ કરશે તો એ શુભરાગ છે. અને તે શુભરાગ તે આત્માની– ચૈતન્યની ગતિ નથી. તે દુર્ગતિ છે, એમ લખ્યું છે. આ..હા..હા..! છે ને ? 'મોક્ષપાહુડ' છે, એની ૧૬મી ગાથા છે, આહા..હા..! '**परदव्वादो दुग्गइ**' – ભગવાન એમ કહે છે કે, અમારા ઉપર તારું લક્ષ જશે અને અમારું સ્મરણ કરીશ તો રાગ થશે અને તે '**परदव्वादो दुग्गइ**' (છે). અમે તારા કરતાં પરદ્રવ્ય ભિન્ન છીએ. માટે અમારા પ્રત્યે તારું લક્ષ જશે, એ તારી દુર્ગતિ છે. એ ચૈતન્યની ગતિ નથી, આ..હા..હા..! '**परदव्वादो दुग्गइ सद्‌व्वादो हु सुग्गइ**' ભગવાન આનંદનો નાથ પ્રભુ ! જ્ઞાનનો સાગર પ્રભુ ! એ સ્વદ્રવ્યનો આશ્રય કરે તેને ચૈતન્યની સાચી ગતિ થાય, આહા..હા..! '**इय णाऊण**' – એમ જાણીને, '**सदव्वे कुणइ रई**' – અંદર સ્વદ્રવ્યમાં લીન થા- રતિ (કર) ! '**विरह इयरम्मि**' તારા દ્રવ્ય સિવાય બીજા અનંતા દ્રવ્યો (છે). ભગવાન એમ કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે કે, મારાથી પણ તું નિવૃત્તિ લે ! આ..હા..હા..!

ત્યાં (શ્વેતાંબરના શાસ્ત્રમાં) પંદરમાં અધ્યયનમાં એમ વાત આવે – રેવતીએ આહાર આપ્યો ! બધી કલ્પિત વાતું છે ! આહા..હા..! એવા બધા ખોટાં લખાણ, આહા..હા..! શું થાય પણ, પ્રભુ ! ફેરફાર થઈ ગયો. વીતરાગ (પરમાત્મા) ન મળે, ઇન્દ્રો અને દેવો પણ ન મળે !

'ઋષભદેવ ભગવાન' વખતે તો બીજા ચાર હજાર (રાજાઓ) સાધુ થયા હતા. ભગવાને દિક્ષા લીધી અને એમના જે મિત્રો હતા એમને એમ થયું કે, પ્રભુ દિક્ષા લે છે (એટલે આપણે પણ લ્યો). (એટલે) ચાર હજાર (રાજાઓએ દિક્ષા) લીધી. (દિક્ષા લીધી) પણ (આત્માનું) ભાન કાંઈ નહોતું. પછી ભગવાનને તો બાર મહિના સુધી આહાર ન મળ્યો. એ તો અતીન્દ્રિય આનંદમાં હતાં. અને આ લોકો (ભૂખ) સહન કરી શક્યા નહિ એટલે જે--તે ખાવા મંડ્યા ! પાંદડા, ફળ ને ફૂલ (બધું ખાવા મંડ્યા) ! (ત્યારે) દેવે આવીને કહ્યું કે, 'નગ્ન વેશમાં આ કરશો તો દંડ પામશો ! છોડી દો નગ્નપણું ! બીજો વેશ પહેરો ! ચાહે તો પાંદડા પહેરો (પણ) નગ્નપણામાં તમારાથી આ નહિ થાય.' (અને) અત્યારે તો (આવું કહેવાવાળું) કોઈ ન મળે. દેવ પણ ન મળે અને ભગવાન પણ ન મળે ! પછી તો બધાં ચાર હજાર (સાધુઓ) ફરી ગયા, અન્યમતી થઈ ગયા ! 'ભરત'નો એક દીકરો 'મરીચિ' હતો. ભગવાનના દીકરા 'ભરત'–એ તો ચક્રવર્તી હતાં અને એ (ચક્રવર્તીનું રાજ) છોડીને મોક્ષ ગયા. કેવળ(જ્ઞાન) પામીને મોક્ષ ગયા. પણ એમનો દીકરો 'મરીચિ' હતો તે વિરુદ્ધ પડેલો. (તેણે) 'સાંખ્યમત' બનાવ્યો. આહા..! છતાં ભગવાને તો કહ્યું હતું કે, 'આ 'મરીચિ' ક્રોડો ભવ પછી ચોવીસમા તીર્થંકર થશે !' આ..હા..હા..! અત્યારે એની દૃષ્ટિ વિપરીત છે, આહા..હા..! એ 'મરીચિ' 'ભરત'નો દીકરો હતો. (તેણે) મરીને ઘણા ભવો કર્યા અને પછી 'મહાવીરપ્રભુ' થયા. (એ પહેલાં) દસમા ભવે સિંહ હતા. આહા..હા..! સિંહ હરણને મારતો હતો ત્યાં બે મુનિ ઊપરથી ઉતર્યા ! એમને કેવળીએ કહેલું કે, એ સિંહનો જીવ (છે એ) તીર્થંકરનો જીવ છે ! એ દસમા ભવે 'મહાવીર' (તીર્થંકર) થવાના (છે), આ..હા..હા..!

આકાશગામી મુનિ હતા. એટલે મુનિ નીચે ઊતર્યા. નગ્ન દિગંબર મુનિ ! આત્મધ્યાની-જ્ઞાની (હતા) ! એ હેઠે ઊતર્યા. આમ સિંહને (કહેવા લાગ્યા). કોણ જાણે સિંહની ભાષા કેવી (હશે) ! અને મુનિએ કેમ સમજાવ્યું (હશે) ? મુનિએ કહ્યું, 'અરે સિંહ !' છે ને અહીંયા ફોટો ? સામે છે. એમાં સિંહ છે ને ! (તેને) મુનિ કહે છે કે, 'અરે સિંહ ! શું કરે છે આ ?' (એ) ભાષા કેવી હશે !? કે મુનિની ભાષા સમજી ગયો હશે !? મેળ કેવો છે ! (મુનિએ કહ્યું) 'શું કરે છે આ ? તારો જીવ તો તીર્થંકરનો (જીવ) છે. તું દસમા ભવે 'મહાવીર' થવાનો છે !' આ..હા..હા..! એ જ્યાં સાંભળે છે... સિંહની આંખમાંથી આંસુ (ચાલ્યાં) જાય છે... આમ હાથ જોડીને રોવે છે. સિંહ..! દસમે ભવે 'મહાવીર' થવાના (છે) ! આ..હા..હા..! મુનિરાજે શું કહ્યું ? અને એની ભાષા (કેવી હશે) ? ક્યાંના મુનિ હશે ? ભગવાનના સાચા સંત હતા. દિગંબર મુનિ (હતા). એમણે કહ્યું અને (સિંહની) આંખમાંથી આંસુ ચાલ્યાં ગયાં ! અને ત્યાં સમકિત પામ્યા ! એકદમ ઊતરી ગયા અંદરમાં ! આ..હા..હા..!

બીજે એક ઠેકાણે પણ કહ્યું છે ને ? કે, તમારી કાળલબ્ધિ પાકી ગઈ છે, એમ (આવે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એ તો જુગલિયામાં (આવે) છે. દેવકુરુ--ઉત્તરકુરુના જુગલિયા છે ને ? છ જુગલિયા છે ને ? બે એક સાથે જન્મે. પછી એ જોડકું પતિ-પત્ની થાય. એમાં મુનિએ આવીને એક જુગલિયાને કહ્યું 'હે જુગલિયાઓ ! તમારી કાળલબ્ધિ પાકી ગઈ છે, સમકિત પામો !' (એવો) લેખ છે. 'આદિપુરાણ'માં એવી કથા આવે છે. આહા..હા..! હવે એ મુનિની ભાષા અને (સામે) જુગલિયા છે, કેવી રીતે સમજ્યા હશે ? પાત્રતા કેવી રીતે (પ્રગટી) ? આ..હા..હા..! એ (જુગલિયા) ત્યાં સમકિત પામે છે ! આ..હા..હા..! જુગલિયામાં જઈને સમકિત પામ્યા છે ! એમ આ સિંહ પણ સમકિત પામે છે. આ..હા..હા..! એક તો હરણને મારીને (ખાધું છે), પેટમાં પડ્યું છે. પણ અંદરથી ભિન્ન થઈ ગયા ! આ..હા..હા..! રાગના વિકલ્પથી સાંભળે છે એ પણ રાગ છે. મુનિ કહે છે એ સાંભળે છે એ પણ રાગ છે. પણ એ રાગથી ભિન્ન પડી અંદર ચૈતન્યમાં ઊતરી ગયા ! આ..હા..હા..! સિંહના (ભવમાં) સમ્યગ્દર્શન પામ્યા છે અને ત્યાંથી મરીને સ્વર્ગમાં ગયા છે, આહા..હા..! પછી દસમે ભવે 'મહાવીર ભગવાન' થયા, આહા..હા..!

અહીં કહે છે, એ પરમાત્માના જ્ઞાનમાં, ત્રણકાળ ત્રણલોક–જગતની પર્યાયો, દ્રવ્ય-ગુણ છે એ આત્મામાં અર્પણ કરી દે છે. એટલે કે આત્મામાં જણાય છે. છે ને ? '**परदव्वादो दुग्गइ**' આ તો 'અષ્ટપાહુડ'ની વાત છે. સાચા સંતને આહાર--પાણી દેવા, એ પણ રાગ છે, વિકાર છે. એ ચૈતન્યનું પરિણમન નહિ.

શ્રોતા :– એને દુર્ગતિ કહેવાય ?

સમાધાન :– એને દુર્ગતિ (કહેવાય). ચૈતન્યની ગતિ તો એને કહીએ કે, જ્ઞાન, આનંદ ને શાંતિપણે પરિણમે એ ચૈતન્યગતિ કહેવાય. આ..હા..હા..! અને રાગ થાય તેને દુર્ગતિ (કહેવાય). એ ચૈતન્યની જાત નથી. આપણે તો અહીં ઘણી(વાર) વાત થઈ ગઈ છે. આહા..હા..! (આ 'અષ્ટપાહુડ') 'કુંદકુંદાચાર્ય'નું કરેલું પુસ્તક છે. ભગવાન પાસેથી આવીને (બનાવ્યું છે). આ..હા..હા..! ચોરાસી પુસ્તક (બનાવ્યા છે).

અહીં કહે છે (એ સમસ્ત પદાર્થો જ્ઞાનમાં) '**...પરંપરાએ પ્રતિબિંબ સમાન,...**' (જ્ઞેયાકારના કારણ છે). એ પર જ્ઞેયાકાર સીધા તો પોતાના ગુણ અને પર્યાયમાં રહેલાં છે અને પરંપરાએ ભગવાનના જ્ઞાનમાં આવ્યાં છે – જણાયા છે, આહા..હા..! (આ કારણે) '**...પદાર્થો કઈ રીતે જ્ઞાનસ્થિત નથી નક્કી થતા ? (અવશ્ય જ્ઞાનસ્થિત નક્કી થાય છે).**' જ્ઞાનમાં (એ પદાર્થો) જણાય એટલે પદાર્થો જ્ઞાનમાં છે, એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..!

હજી તો અરિહંતનું કેવળજ્ઞાન કેવડું ? એના (નિર્ણય કરવાના) પણ ઠેકાણા ન મળે ! અને 'ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં..' બોલે જાય ! આ..હા..હા..!

**ભાવાર્થ :–** '**દર્પણમાં મયૂર, મંદિર, સૂર્ય, વૃક્ષ વગેરેનાં પ્રતિબિંબ પડે છે.**' દર્પણ હોય ને ? તો સામે મોર હોય તો (એનું) પ્રતિબિંબ પડે. મંદિર (હોય), મોટું મંદિર (હોય) અને મોટો અરીસો હોય તો તેનું પ્રતિબિંબ પડે. સૂર્યનું (પ્રતિબિંબ) પડે, વૃક્ષ વગેરેનાં પ્રતિબિંબો પડે છે. '**ત્યાં નિશ્ચયથી તો પ્રતિબિંબો દર્પણની જ અવસ્થા છે;...**' પ્રતિબિંબ જે છે એ ખરેખર તો દર્પણની જ અવસ્થા છે. '**...છતાં દર્પણમાં પ્રતિબિંબો દેખીને, કાર્યમાં કારણનો ઉપચાર કરીને,...**' આહા..હા..! એ પ્રતિબિંબ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ તો કાર્ય છે અને બહારના પદાર્થો છે એ કારણ (છે) – નિમિત્ત છે. પણ '**...કાર્યમાં કારણનો ઉપચાર કરીને 'મયૂરાદિ દર્પણમાં છે',...**' એ મોર આદિ અરીસામાં છે એમ કહેવું, એ વ્યવહાર છે, આહા..હા..! આવી વાતું છે !

આમાં ધર્મ કેમ થાય ? એ કહો તો (ખબર પડે). આ ધર્મ હજી (કેમ થાય) એ સમજ તો ખરો ! (એમ) કહે છે. ભગવાન ! તારો સ્વભાવ જ્ઞાન છે અને એ જ્ઞાનનો અનુભવ થવો, એનું નામ 'ધર્મ' છે. અંદર વચ્ચે રાગાદિ આવે પણ એ કાંઈ ધર્મ નથી, આહા..હા..!

'**...'મયૂરાદિ દર્પણમાં છે' એમ વ્યવહારથી કહેવાય છે. એવી રીતે જ્ઞાનદર્પણમાં પણ,...**' આ જ્ઞાનરૂપી દર્પણ (છે), આહા..! '**...સર્વ પદાર્થોના સમસ્ત જ્ઞેયાકારોનાં પ્રતિબિંબ પડે છે,...**' (એટલે કે) જણાય છે. '**...અર્થાત્ પદાર્થોના જ્ઞેયાકારોના નિમિત્તે,...**' સામા (પદાર્થના) દ્રવ્ય-ગુણના નિમિત્તે '**...જ્ઞાનમાં જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારો થાય છે,...**' જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકાર થાય છે. '**(કારણ કે જો એમ ન થાય તો જ્ઞાન સર્વ પદાર્થોને જાણી શકે જ નહિ).**' એ અપેક્ષાએ કીધું, આહા..!

'**ત્યાં નિશ્ચયથી તો જ્ઞાનમાં થતા જ્ઞેયાકારો જ્ઞાનની જ અવસ્થા છે,...**' (અર્થાત્) જ્ઞાનમાં એ લોકાલોક જણાય છે, એ જ્ઞાનની અવસ્થા છે. એ કંઈ પરની અવસ્થા નથી, આહા..હા..! '**...(જ્ઞાનમાં થતા જ્ઞેયાકારોનાં કારણ પદાર્થોના જ્ઞેયાકારો છે) અને તેમનાં કારણ પદાર્થો છે; માટે તે (જ્ઞાનની અવસ્થારૂપ) જ્ઞેયાકારોને જ્ઞાનમાં દેખીને, કાર્યમાં કારણનો ઉપચાર કરીને,...**' જ્ઞાનની અવસ્થા તો અહીંની છે. એ કાર્ય છે (અને) ઓલા (પદાર્થો) તો કારણ છે. એ '**...કાર્યમાં કારણનો ઉપચાર કરીને 'પદાર્થો જ્ઞાનમાં છે' એમ વ્યવહારથી કહી શકાય છે.**' આહા..હા..! એવો એનો સ્વભાવ છે.

'**હવે, એ રીતે (વ્યવહારે) આત્માને પદાર્થો સાથે એકબીજામાં વર્તવાપણું હોવા છતાં, (નિશ્ચયથી) તે પરને ગ્રહ્યા-મૂક્યા વિના,...**' આ..હા..હા..! કેવળજ્ઞાન તે પદાર્થોને ગ્રહતું નથી તેમ મૂકતું પણ નથી. '**...તથા પરરૂપે પરિણમ્યા વિના,...**' (એટલે) જ્ઞાન છે એ લોકાલોકને જાણવા (છતાં) પરરૂપે પરિણમ્યા વિના '**...સર્વને દેખતો--જાણતો હોવાથી તેને (પદાર્થો સાથે) અત્યંત ભિન્નપણું છે એમ દર્શાવે છે**' :– આહા..હા..!

આ જ્ઞાન છે ને ! જુઓ ને ! આ સામે લીમડો છે ને ! એ લીમડાને જાણે છે, જ્ઞાનમાં જણાય છે. એ બિંબ છે અને અહીંયાં (જ્ઞાનમાં) પ્રતિબિંબ છે. છતાં આ જ્ઞાનમાં લીમડો આવ્યો છે (એમ કહેવાય). (ખરેખર તો) એ સ્વ-જ્ઞેયાકાર ત્યાં છે. અને અહીંયાં જ્ઞાનાકાર થયો એ વ્યવહાર થયો. છતાં પણ લીમડો અહીંયાં આવ્યો નથી. અહીં તો જ્ઞાનની અવસ્થા પોતાથી થઈ છે તેમાં લીમડાનું જ્ઞાન થયું છે. આવી વાત (છે).

આ મકાન છે, લ્યો ને ! આ પુસ્તક છે. એ પર જ્ઞેયાકાર છે. જ્ઞાનમાં એ પર જ્ઞેયાકારનું પ્રતિબિંબ પડે છે એટલે કે જાણે છે. તેથી વ્યવહારથી એમ કહેવાય છે કે, જ્ઞેયાકારો જ્ઞાનમાં (આવ્યા છે). પણ ખરેખર જ્ઞેયાકારો જ્ઞાનમાં આવતા નથી, આહા..હા..!

શ્રોતા :– જ્ઞાનમાં પદાર્થો આવી જાય તો તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– (જ્ઞાન) જડ થઈ જાય ! આ સામે લીમડો કડવો છે, લ્યો ! આ જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथैवं ज्ञानिनोऽर्थैः सहान्योन्यवृत्तिमत्त्वेऽपि परग्रहणमोक्षणपरिणमनाभावेन सर्वं पश्यतोऽध्यवस्यतश्चात्यन्तविविक्तत्व भावयति –

**गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं।**
**पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिखसेसं ।।३२।।**

**गृह्णाति नैव न मुञ्चति न परं परिणमति केवली भगवान्।**
**पश्यति समन्ततः स जानाति सर्वं निरवशेषम् ।।३२।।**

अयं खल्वात्मा स्वभावत एव परद्रव्यग्रहणमोक्षणपरिणमनाभावत्स्वतत्त्वभूतकेवलज्ञानस्वरूपेण विपरिणम्य निष्कम्पोन्मज्जज्ज्योतिर्जात्यमणिकल्पो भूत्वाऽवतिष्ठमानः समन्ततः स्फुरितदर्शनज्ञानशक्तिः, समस्तमेव निःशेषतयात्मानमात्मनात्मनि संचेतयते। अथवा युगपदेव सर्वार्थसार्थसाक्षात्करणेन ज्ञप्तिपरिवर्तनाभावात् संभावितग्रहणमोक्षलक्षणक्रियाविरामः प्रथममेव समस्तपरिच्छेद्याकारपरिणतत्वात् पुनः परमाकारान्तरमपरिणममानः समन्ततोऽपि विश्वमशेषं पश्यति जानाति च। एवमस्यात्यन्तविविक्तत्वमेव।।।३२।।

---

अथ ज्ञानिनः पदार्थैः सह यद्यपि व्यवहारेण ग्राह्यग्राहकसम्बन्धोऽस्ति तथापि संश्लेषादिसम्बन्धो नास्ति, तेन कारणेन ज्ञेयपदार्थैः सहः भिन्नत्वमेवेति प्रतिपादयति–गेण्हदि णेव ण मुंचदि गृह्णाति नैव मुञ्चति नैव ण परं परिणमदि परं परद्रव्यं ज्ञेयपदार्थ नैव परिणमति। स कः कर्ता। केवली भगवं केवली भगवान् सर्वज्ञः। ततो ज्ञायते परद्रव्येण सह भिन्नत्वमेव। तर्हि किं परद्रव्यं न जानाति। पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं तथापि व्यवहारनयेन पश्यति समन्ततः सर्वद्रव्यक्षेत्रकालभावैर्जानाति च सर्व निरवशेषम्। अथवा द्वितीयव्याख्यानम्–अभ्यन्तरे कामक्रोधादि बहिर्विषये पञ्चेन्द्रियविषयादिकं बर्हिर्द्रव्यं न गृह्णाति, स्वकीयानन्तज्ञानादिचतुष्टयं च न मुञ्चति यतस्ततः कारणादयं जीवः केवलज्ञानोत्पत्तिक्षण एव युगपत्सर्व जानन्सन् परं विकल्पान्तरं न परिणमति। तथाभूतः सन् किं करोति। स्वतत्त्वभूतकेवलज्ञानज्योतिषा जात्यमणिकल्पो निःकम्पचैतन्यप्रकाशो भूत्वा स्वात्मानं स्वात्मना स्वात्मनि जानात्यनुभवति। तेनापि कारणेन परद्रव्यैः सह भिन्नत्वमेवेत्यभिप्रायः।।३२।।

---

જાણે છે. જ્ઞાનમાં જો લીમડો આવે તો જ્ઞાન કડવું થઈ જાય ! આકરું કામ છે, બાપા ! પ્રભુનો માર્ગ, જિનેશ્વર વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે !! આહા..હા..!

લીંબુ ખાટું છે, એનું અહીં જ્ઞાન થાય. પણ ખાટાપણું જો આમાં આવી જાય તો જ્ઞાન ખાટું થઈ જાય – જડ થઈ જાય !

સાકર ગળી છે, એનું અહીં જ્ઞાન થાય છે કે, આ ગળી છે. પણ ગળપણ જો જ્ઞાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, એ રીતે (વ્યવહારે) આત્માને પદાર્થો સાથે એકબીજામાં વર્તવાપણું હોવા છતાં, (નિશ્ચયથી) તે પરને ગ્રહ્યા – મૂક્યા વિના તથા પરરૂપે પરિણમ્યા વિના સર્વને દેખતો-જાણતો હોવાથી તેને (પદાર્થો સાથે) અત્યંત ભિન્નપણું છે એમ દર્શાવે છે :–

**પ્રભુકેવળી ન ગ્રહે, ન છોડે, પરરૂપે નવ પરિણમે,**
**દેખે અને જાણે નિઃશેષે સર્વતઃ તે સર્વને. ૩૨.**

**અન્વયાર્થ :–** **[केवली भगवान]** કેવળીભગવાન **[परं]** પરને **[न एवं गृह्णाति]** ગ્રહતા નથી, **[न मुंचति]** છોડતા નથી, **[न परिणमति]** પરરૂપે પરિણમતા નથી; **[सः]** તેઓ **[निरवशेषं सर्वं]** નિરવશેષપણે સર્વને (આખા આત્માને, સર્વ જ્ઞેયોને) **[समन्ततः]** સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશેથી) **[पश्यति जानाति]** દેખે-જાણે છે.

ટીકા :– આ આત્મા, સ્વભાવથી જ પરદ્રવ્યને ગ્રહવા-મૂકવાનો તથા પરદ્રવ્યરૂપે પરિણમવાનો (તેને) અભાવ હોવાથી, સ્વતત્ત્વભૂત કેવળજ્ઞાનરૂપે પરિણમીને નિષ્કંપ નીકળતી જ્યોતિવાળા ઉત્તમ મણિ જેવો થઈને રહ્યો થકો, (૧) જેને સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશેથી) દર્શનજ્ઞાનશક્તિસ્ફુરિત છે એવો થયો થકો, નિઃશેષપણે આખાય (પરિપૂર્ણ) આત્માને આત્માથી આત્મામાં સંચેતે-જાણે-અનુભવે છે, અથવા (૨) એકીસાથે જ સર્વ પદાર્થોના સમૂહનો સાક્ષાત્કાર કરવાને લીધે જ્ઞપ્તિપરિવર્તનનો અભાવ થવાથી જેને ગ્રહણત્યાગસ્વરૂપ ક્રિયા વિરામ પામી છે એવો થયો થકો, પ્રથમથી જ સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમ્યો હોવાથી પછી પરરૂપે–આકારાન્તરરૂપે નહિ પરિણમતો થકો, સર્વ પ્રકારે અશેષ વિશ્વને, (માત્ર) દેખે-જાણે છે. આ રીતે (પૂર્વોક્ત બન્ને રીતે) તેનું (આત્માનું પદાર્થોથી) અત્યંત ભિન્નપણું જ છે.

---

આવી જાય તો એ (ગળપણ) જડ છે, તો અહીં જ્ઞાન (પણ) જડ થઈ જાય, આહા..હા..! આવી વાતું ! આ તો ભેદજ્ઞાનની વાત છે. પરથી તદ્દન જુદો (છે), પ્રભુ ! આ..હા..હા..! (હવે) બત્રીસ (ગાથા).

**गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं।**
**पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं ।।३२।।**

નીચે હરિગીત :–

**પ્રભુકેવળી ન ગ્રહે, ન છોડે, પરરૂપે નવ પરિણમે,**
**દેખે અને જાણે નિઃશેષે સર્વતઃ તે સર્વને. ૩૨.**

એક બાજુથી એમ કહે કે (પર પદાર્થ જ્ઞાનમાં) આવી ગયા. પણ નિશ્ચયથી પરને ગ્રહતો નથી, આહા..હા..! સંતોએ સત્‌ને સમજાવવા ઘણા પ્રકારથી (વાત કરી છે). વિકલ્પ આવ્યો છે અને ટીકા થઈ ગઈ છે. એ ટીકાના કરનારા પણ એ નથી. એ તો જડની પર્યાય છે, આહા..હા..! જડની પર્યાયનું જ્ઞાન થાય છતાં એ જ્ઞાન જડનું નથી. જ્ઞાન થાય તે આત્માનું છે, આ..હા..હા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :–** કેવળીભગવાન સર્વ આત્મપ્રદેશેથી પોતાને જ અનુભવ્યા કરે છે; એ રીતે તેઓ પરદ્રવ્યથી તદ્દન ભિન્ન છે. અથવા, કેવળીભગવાનને સર્વ પદાર્થોનું યુગપદ્ જ્ઞાન હોવાથી તેમનું જ્ઞાન એક જ્ઞેયમાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજામાં પલટાતું નથી તેમ જ તેમને કાંઈ જાણવાનું બાકી નહિ હોવાથી કોઈ વિશેષ જ્ઞેયાકારને જાણવા પ્રત્યે પણ તેમનું જ્ઞાન વળતું નથી; એ રીતે પણ તેઓ પરથી તદ્દન ભિન્ન છે. (જો જીવની જાણનક્રિયા પલટો ખાતી હોય તો જ તેને વિકલ્પ–પરનિમિત્તક રાગદ્વેષ હોઈ શકે અને તો જ એટલો પરદ્રવ્ય સાથેનો સંબંધ કહેવાય. પરંતુ કેવળીભગવાનની જ્ઞપ્તિને તો પરિવર્તન–પલટો નથી તેથી તેઓ પરથી અત્યંત ભિન્ન છે). આ રીતે કેવળજ્ઞાનપ્રાપ્ત આત્મા પરથી અત્યંત ભિન્ન હોવાથી અને દરેક આત્મા સ્વભાવે કેવળીભગવાન જેવો જ હોવાથી, નિશ્ચયથી દરેક આત્મા પરથી ભિન્ન છે એમ સિદ્ધ થયું. ૩૨.

---

આવી વાતું (છે) !

(એકવાર) 'વિહુય રય મલા' (કહ્યું હતું ને ?) 'લીમડી'માં દસાશ્રીમાળી અને વીસાશ્રીમાળીને વાંધા (હતા). દસાશ્રીમાળીની (એક) બાઈ સામાયિક કરવા બેઠેલી. એની માનેલી ! સામાયિક હતી કે દિ' ? દૃષ્ટિ હજી મિથ્યાત્વ છે ત્યાં (સાચી સામાયિક કેવી) ? લોગસ્સમાં–'લોગસ્સ ઉજ્જોઅગરે... માં વિહ્ય રય મલા' (આવે છે). (તો) 'વિહા રોઈ મળ્યા' એમ સીધો અર્થ કર્યો ! અરર..ર...! આટલી પણ ખબર ન મળે !

'ઉમરાળા'માં અમે રહેતા હતા ને ત્યાં વિધવા સ્ત્રીઓ ઘણી (હતી). એ (આવી સામાયિક) લઈને બેસે. પણ કાંઈ ખબર ન મળે ! ભાન ન મળે ! મોઢે મુહપત્તિ (બાંધી હોય), સાથે દસ-બાર વર્ષનો છોકરો હોય, અમે તો 'માસી' કહેતા ને ! અમારી બા ત્યાંના એટલે અમે 'માસી' કહીએ. 'માસીબા સામાયિક કરવા બેઠા છે' (એમ બોલીએ). કાંઈ ધૂળેય ન મળે ! આહા..હા..! કાંઈ ખબરુ ન મળે, હોં !

એ તો 'વિહુય રય મલા' – ત્યાં એનો અર્થ કર્યો કે 'વિહા રોઈ મળ્યા' ! એલા પણ 'વિહા રોઈ મળ્યા' લોગસ્સમાં ક્યાંથી આવ્યું આ ? આહા..હા..! લોગસ્સમાં આવે છે ને ? 'એવં મએ અભિથુઆ, વિહ્યરયમલા પહીણજરમરણા' અરે..! કાંઈ અર્થની ખબર ન મળે !

ત્યાં તો એમ (અર્થ છે) – 'હે નાથ ! હે પરમાત્મા ! સિદ્ધ ભગવાન ! આપે 'વિહ્ય' નામ ટાળ્યા છે – 'રય' (નામ) રજ. જડકર્મને 'રજ' કીધી. અને પુણ્ય-પાપના ભાવને 'મલા' (નામ) મળ કીધો. એ 'રય મલા' (નો અર્થ છે). રજને–મળને, હે નાથ ! આપે ટાળ્યા છે, આહા..હા..! અરે..રે..! તત્ત્વની શું ચીજ છે (એની ખબર નથી).

અહીં કહે છે – બત્રીસ (ગાથાની) **ટીકા :– 'આ આત્મા, સ્વભાવથી જ પરદ્રવ્યને ગ્રહવા–મૂકવાનો,...'** આહા..હા..! ખરેખર તો આત્મામાં પરદ્રવ્યના ગ્રહણ અને ત્યાગ (નથી). (એનાથી) આત્મા શૂન્ય છે. અનાદિથી (આવો છે). પરમાણુને ગ્રહે નહિ અને પરમાણુને છોડે નહિ. (એવી) 'ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ' શક્તિ (છે). આત્મામાં અનંત ગુણો છે. એમાં એક ગુણ એવો છે કે, (તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણે) પરનો ત્યાગ અને ગ્રહણ એનામાં છે નહિ. બહુ તો રાગરૂપે થાય અને પછી વીતરાગરૂપે થાય, એ થાય. પણ પરને ગ્રહે અને મૂકે, એ આત્મામાં છે જ નહિ, આહા..હા..! એ કહે છે, જુઓ !

**'આ આત્મા, સ્વભાવથી જ પરદ્રવ્યને ગ્રહવા–મૂકવાનો તથા પરદ્રવ્યરૂપે પરિણમવાનો (તેને) અભાવ હોવાથી,...'** એ લોકાલોકને જાણે છતાં લોકાલોકને ગ્રહે નહિ, લોકાલોકને છોડે નહિ અને લોકાલોક રૂપે પરિણમે નહિ, આહા..હા..! ભાષા તો બહુ ટૂંકી પણ ભાવ બહુ ઊંચા (છે), બાપા ! આ તો વીતરાગ પરમેશ્વરની વાણી છે ! આ..હા..હા...! સંતો જગતને જાહેર કરે છે.

ભાઈ ! આત્મા...! (કહેતાં) **'આ આત્મા, સ્વભાવથી જ,...'** એનો સ્વભાવ જ એવો છે કે, **'...પરદ્રવ્યને ગ્રહવા–મૂકવાનો,...'** અભાવ હોવાથી, **'...તથા પરદ્રવ્યરૂપે પરિણમવાનો,...'** આ..હા..હા..! આત્માને સ્વભાવથી જ આ શરીરને ગ્રહવું અને મૂકવું એનામાં નથી અને શરીરરૂપે પરિણમવું એનામાં નથી. આહા..હા..! એનો સ્વભાવ જ એવો છે કે, પરદ્રવ્યને ગ્રહવા–મૂકવાનો અભાવ (છે) અને પરદ્રવ્યપણે થવાનો–પરિણમવાનો અભાવ (છે), આહા..હા...! સમજાણું કાંઈ ?

(હવે કહે છે) **'...સ્વતત્ત્વભૂત કેવળજ્ઞાનરૂપે પરિણમીને,...'** પરમાત્મા, સર્વજ્ઞ અરિહંતદેવ **'...સ્વતત્ત્વભૂત કેવળજ્ઞાન,...'** (કેવળજ્ઞાન) સ્વતત્ત્વભૂત છે, આ..હા..હા..! (એવા) **'...કેવળજ્ઞાનરૂપે પરિણમીને નિષ્કંપ નીકળતી જ્યોતિવાળા ઉત્તમ મણિ જેવો થઈને,...'** નિષ્કંપ નીકળતી જ્યોતિવાળા ઉત્તમ મણિ હોય ને મણિ ! એમાંથી પ્રકાશ (નીકળે). પણ પ્રકાશ બહાર જાતો નથી. પ્રકાશ ત્યાં ને ત્યાં (રહે છે). ઊંચું મણિ હોય ને ? ચમક.. ચમક... ચમક... (થાય) પણ એ ચમક ત્યાંને ત્યાં છે. એ ચમક કાંઈ બહાર આવતી નથી, આહા..હા..! એમ (કેવળજ્ઞાનરૂપે પરિણમેલો આત્મા) **'...નિષ્કંપ નીકળતી જ્યોતિવાળા ઉત્તમ મણિ જેવો થઈને રહ્યો થકો,...'** આ..હા..હા..! મણિમાં જેમ ચમક ઊઠે છે, પણ ચમક એમાં (રહે) છે. એમ ભગવાનના જ્ઞાનની ચમક ઊઠે છે. એ ચમક ઊઠે છે તેમાં આ લોકાલોક જણાઈ જાય છે. (એટલે) **'...જ્યોતિવાળા ઉત્તમ મણિ જેવો થઈને રહ્યો થકો,...'** (એમ કહ્યું), આ..હા..હા..!

સર્વજ્ઞ, કેવળજ્ઞાનપણે થાય, પણ પ્રભુ ! એ ઉત્તમ મણિ જેવો પોતાના (જ્ઞાન) પ્રકાશમાં પરિણમે છે. પરદ્રવ્યનો પ્રકાશ ત્યાં આવતો નથી અને પરદ્રવ્ય એમાં આવતું નથી, આહા..હા..!

(૧) **'જેને સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશેથી) દર્શનજ્ઞાનશક્તિ સ્ફુરિત છે,...'** શું કહે છે ? ભગવાનઆત્મામાં દર્શન અને જ્ઞાન સ્વભાવ છે. તેથી સર્વ આત્મપ્રદેશે એને દર્શન અને જ્ઞાનની પર્યાય સ્ફુરિત–પ્રગટ થઈ ગઈ છે. છે ? **'...સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશેથી) દર્શનજ્ઞાનશક્તિ સ્ફુરિત છે એવો થયો થકો,...'** આ..હા..હા..! પોતાનો જે દર્શન–જ્ઞાન સ્વભાવ છે એ સ્ફુરિત નામ પર્યાયમાં પ્રગટ થયો છે. એ દૃષ્ટા-જ્ઞાતાપણે પરિણમ્યો છે. પરદ્રવ્યપણે (પણ) નહિ અને પરના ગ્રહણ–ત્યાગપણે પણ (પરિણમતો નથી). આહા..હા..! આવું તત્ત્વ જે કેવળીનું છે, એવું તત્ત્વ તારું છે !!

વર્ષીતપ કરે ત્યારે આહાર છોડે. અહીંયાં કહે છે, છોડવું–ગ્રહવું સ્વરૂપમાં છે જ નહિ, આ..હા..હા..! તેનું અહીં જ્ઞાન થાય. એ (જે) જ્ઞાન થાય (છે) એ જ્ઞાનપણે પરિણમે પણ (પરના)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગ્રહવા–મૂકવાથી રહિત અને પર(પણે પરિણમવાના) પરિણમનથી રહિત (છે). આહા..હા..! આવું ક્યારે શીખવા જાય? છે (અંદર) ?

'**...નિઃશેષપણે આખાય (પરિપૂર્ણ) આત્માને આત્માથી આત્મામાં સંચેતે–જાણે–અનુભવે છે,...**' આહા..હા..! ('નિઃશેષપણે'નો અર્થ) નીચે છે. નિઃશેષપણે = કાંઈ જરાય બાકી ન રહે એ રીતે. કેવળજ્ઞાનમાં કોઈ વસ્તુ (જાણવાની) બાકી ન રહે, તે રીતે જ્ઞાનપણે પરિણમે છે. જાણ્યા વિનાનું (કાંઈ બાકી રહેતું નથી). અનંત... અનંત... અનંત... અનંત... અનંત... કાળ પછી થશે, એને પણ તે જાણ્યા વિના ન રહે, એવું કેવળજ્ઞાનીનું જ્ઞાન છે, આ..હા..હા..!

નિઃશેષપણે (એટલે) બાકી રાખ્યા વિના, આહા..હા..! '**...આખાય (પરિપૂર્ણ) આત્માને આત્માથી આત્મામાં,...**' આત્માને આત્માથી આત્મામાં જાણે (છે) – અનુભવે છે. (અર્થાત્) એ તો પોતાને જાણે--દેખે (છે) અને અનુભવે છે. એ પરને જાણે અને દેખે, એવું છે નહિ. કેમકે પર(દ્રવ્ય) તો ભિન્ન છે, આ..હા..હા..! વિશેષ કહેશે....

❀ ❀ ❀

## (તા. ૩-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૨૮)

પ્રવચનસાર, ૩૨મી ગાથા. પાંચ લીટી ચાલી છે. (પણ) ફરીથી લઈએ. આમાં શું કહેવાય છે ? કે, ભગવાનઆત્માને કેવળજ્ઞાન થાય છે, એમાં ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવે છે. છતાં તે આત્મા જ્ઞાનમાં તે ચીજને ગ્રહતો નથી. તેમ તેને મૂકતો નથી. ગ્રહણ–(ત્યાગ) તેમાં છે નહિ. ફક્ત જાણવું... જાણવું... (થાય છે). આહા..હા..! જિનેશ્વરદેવ જ્યારે કેવળજ્ઞાન પામે છે ત્યારે કેવળજ્ઞાનમાં આખા ત્રણકાળ ત્રણલોક આમ જણાય છે. એ જ્ઞાનમાં તો જગતની જે ચીજની– જે દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની તે થવાની, તેમ જ્ઞાન જાણે છે, આહા..હા..!

'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા, અનહોની કબહુ ન હોવે, કાહે હોત અધીરા'– વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવે લોકાલોક (જોયા). (તેમાં) જગત(ના) જે દ્રવ્યની તે સમયની પર્યાય થવાની તે થવાની, એમ દીઠું છે (અને) તેમ થાશે. જો કે દીઠું છે એટલે જ્ઞાનને લઈને ત્યાં (પર્યાય) થશે, એમ નહિ. થશે તો તે દ્રવ્યની પોતાની પર્યાયને કારણે, આ..હા..હા..! પણ ભગવાને જ્ઞાનમાં દીઠું છે કે, આ વસ્તુની આ સમયે, આ ક્ષેત્રે, આ રીતે આ પર્યાય થવાની. એમ બીજે (સમયે), ત્રીજે (સમયે). એમ અનાદિ-અનંત ક્રમસર જે પર્યાય થાય છે, એ ભગવાનના જ્ઞાનમાં બધું જણાયું છે, આહા..હા..! અને તેથી તો દરેક વસ્તુની સમય–સમયની પર્યાય ક્રમબદ્ધ છે, એ સિદ્ધ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ વિષય એટલો ઝીણો છે કે, લોકોને એમ લાગે છે કે, આ નવું કાઢ્યું ? દરેક આત્મા અને દરેક પરમાણુની જે સમયે (જે) પર્યાય ઉત્પન્ન થવાની તે થવાની. બીજે સમયે જે થવાની (તે જ થવાની), ત્રીજે સમયે જે થવાની (તે જ થવાની), એમ અનંતકાળમાં જે સમયે (જે) થવાની તે થવાની, આઘી–પાછી નહિ, આહા..હા..!

શ્રોતા :– પૂરી કે દિ' થાય ?

સમાધાન :– પૂરી થાય કે દિ' ? દ્રવ્ય અનાદિ-અનંત છે (તો) તેની પર્યાય પણ અનાદિની (છે). પહેલી પર્યાય હતી અને દ્રવ્ય નહોતું, એમ છે ? અને દ્રવ્ય હતું ને પર્યાય નહોતી, એમ છે ? ઝીણી વાત (છે), બાપુ ! દ્રવ્ય–વસ્તુ પણ અનાદિની છે અને તેની પર્યાય એટલે અવસ્થા પણ અનાદિની છે. અને અનંતકાળ દ્રવ્ય–વસ્તુ રહેવાની છે તો તેની પર્યાય પણ અનંતકાળ એમને એમ રહેવાની છે. આહા..હા..! આકરું કામ, ભાઈ ! અને એ દ્રવ્યનો સ્વભાવ (જ એવો છે કે) ક્રમસર એક પછી એક પર્યાય થાય–એવો એનો સ્વભાવ છે. એમ ભગવાને દીઠું (છે), આ..હા..હા..! કેવળજ્ઞાનીએ દીઠું છે કે આ જગતમાં, આ પર્યાય, આ સમયે થશે–તે પ્રકારે દ્રવ્યમાં પર્યાય થાય, આહા..હા..! (આ) વાત સાંભળી નથી ને (એટલે) લોકોને આકરું પડે છે.

એમ કહે છે કે, ભગવાને દીઠું એ પ્રમાણે થશે તો પછી અમારે પુરુષાર્થ ક્યાં કરવાનો રહ્યો ? એમ પ્રશ્ન ચાલે છે. સંપ્રદાયમાં (હતાં) ત્યારે (સંવત) '૭૨ની (સાલના) ફાગણ સુદ ચૌદસ(નો દિવસ હતો). 'વીંછિયા'થી 'પાળિયાદ' જતાં વચ્ચે 'હરવા' ગામ છે. ત્યાં રાત્રે કુદરતી પ્રશ્ન નીકળ્યો. અમારા સંપ્રદાયના ગુરુ હતા એ આમ શાંત હતા. પણ આ વસ્તુ ક્યાંય હતી જ નહિ. તમે કહો છો કે, 'કેવળજ્ઞાનીએ દીઠું હશે તેમ થશે એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ?' પછી મેં કહ્યું, ભાઈ ! કેવળજ્ઞાનીએ દીઠું હશે એમ થશે, એ પછી વાત. પણ કેવળજ્ઞાન જગતમાં છે – પરમાત્મા અરિહંત (છે), એનું એક સમયનું જ્ઞાન ત્રણકાળને જાણે એવી પર્યાયની સત્તાની તને શ્રદ્ધા છે ? આ '૭૨ની (સાલની) વાત છે. કેટલાં વર્ષ થયાં ? ત્રેસઠ વર્ષ થયાં !

શ્રોતા :– જ્યારે મોક્ષ થવાનો હશે ત્યારે નહિ થાય ?

સમાધાન :– થવાનો હશે (ત્યારે થશે) પણ ક્યારે ? એ થવાનો તે થવાનો, એ ભગવાને દીઠો છે. પણ કોને ? કે, જેને જગતમાં કેવળજ્ઞાન છે, એવો નિર્ણય કર્યો છે, એણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, એને ક્રમે–ક્રમે મોક્ષ થશે. સમજાણું કાંઈ ?

શ્રોતા :– કેવળીએ જોયું છે ત્યારે થાશે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કેવળીએ જોયું (ત્યારે થાશે) પણ જગતમાં કેવળી છે કે નહિ ? એની સત્તાનો સ્વીકાર કોણે કર્યો ? પછી એણે દીઠું (એમ થાશે)–એ વાત પછી, આહા..હા..! મોટો પ્રશ્ન ચાલ્યો હતો. અમારા ગુરુએ તો સાંભળ્યું હતું પણ બીજા સાધુએ (એમ કહ્યું) કે, 'નહિ, આવું ક્યાંથી કાઢ્યું ?' મેં કીધું 'જુઓ ભાઈ ! એ રહેવા દો. કેવળજ્ઞાની છે એ એક સમયમાં ત્રણકાળ (ત્રણલોક જાણે છે). જ્ઞાનગુણ છે, એની એક સમયની પર્યાય છે. એ પર્યાય ત્રણકાળ ત્રણલોકને જોવે છે. એ પર્યાય જગતમાં છે (એનો નિર્ણય છે) ?' દીઠું (એમ થાશે) એ વાત પછી. અહીંયાં એ જ કહે છે. જગતમાં અરિહંતને કેવળજ્ઞાન છે (એની) એક સમયની પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રણકાળ ત્રણલોકને જાણે, એવી પર્યાયની સત્તા એટલે હોવાપણું છે, એની તમને શ્રદ્ધા છે ? જ્યારે કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ જાણે એવા કેવળીઓ છે–એની સત્તા છે, એનો સ્વીકાર કરવા જાય તો જ્ઞાનમાં એની દૃષ્ટિ ચાલી જશે. એની દૃષ્ટિ પર્યાય ઉપર નહિ રહે, આ..હા..હા..! ઝીણી વાત છે, બાપુ ! બહુ આકરું ! આ તો અંદરથી આવ્યું હતું. જે 'પ્રવચનસાર'ની ૮૦(મી) ગાથામાં આવે છે ને ? '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**' (અર્થાત્) જે કોઈ આત્મા અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે તે આત્માને જાણે. કેમકે મારામાં પણ કેવળજ્ઞાન (સ્વભાવ છે).

એ (વાત) અહીંયાં હમણાં કહેશે. ભાવાર્થમાં છેવટે કહેશે. ભાવાર્થની છેલ્લી લીટી છે, ભાઈ ! '**આત્મા પરથી અત્યંત ભિન્ન હોવાથી અને દરેક આત્મા સ્વભાવે કેવળીભગવાન જેવો જે હોવાથી,...**' ૩૨ ગાથાનો ભાવાર્થ, એની છેલ્લી લીટી છે. છે (અંદર) ? '**...દરેક આત્મા સ્વભાવે કેવળીભગવાન જેવો જ હોવાથી, નિશ્ચયથી દરેક આત્મા પરથી ભિન્ન છે એમ સિદ્ધ થયું.**' આ..હા..હા..! તે દિ' તો આ વાંચ્યું પણ નહોતું !

વાત એ છે કે, જગતમાં જ્યારે કેવળજ્ઞાની પરમાત્મા છે–એક ગુણની, એક સમયની, એક પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણે એવી પર્યાયની સત્તા છે, એવા કેવળીઓ, સિદ્ધ (તરીકે) તો અનંત છે. અરિહંત તરીકે (કેવળીઓ) સંખ્યાતા–લાખો છે. એવી કેવળજ્ઞાનની પર્યાયની જગતમાં સત્તા છે, એની હયાતીનો સ્વીકાર કરવા જાય, તો પોતે તો અલ્પજ્ઞ છે, સમજાય છે ? એ અલ્પજ્ઞ(પણાં) સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય ત્યારે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જશે–જ્ઞાનમાં જશે. તે દિ' એટલું કહ્યું (હતું). જ્ઞાન જે ત્રિકાળ સ્વભાવ છે ને ત્યાં એની દૃષ્ટિ જશે. આ તો ઘણાં વર્ષ (પહેલાંની) વાતું છે, આહા..હા..! **આ તો પૂર્વના સંસ્કાર હતા ને** ! આ..હા..હા..! પછી બીજા બે જણા હતા એ એમ બોલ્યા કે, 'ભગવાને દીઠું હશે... એમાં ભવ ઘટે એવું છે ?' પણ ભગવાન છે એવો નિર્ણય કર્યા પછીની વાત છે ને ? આહા..હા..!

આ આત્મા જ પોતે કેવળજ્ઞાનમય છે ! જેવો ભગવાનનો આત્મા કેવળ(જ્ઞાન) પામ્યો અને ત્રણકાળ ત્રણલોક જોયા, એવો આ આત્મા કેવળજ્ઞાન (સ્વભાવી છે). કેવળ એટલે જ્ઞાનમય સ્વરૂપ છે. કેવળજ્ઞાનની સત્તાની હયાતીનો સ્વીકાર કરવા જાય ત્યારે તેને જ્ઞાનસ્વરૂપ ભગવાનનો નિર્ણય થઈ જાય, આ..હા..હા..! તે દિ' તો આ '**जो जाणदि अरहंतं...**' વાંચ્યું પણ નહોતું. પણ આ જે ૮૦ મી ગાથા છે–એ જ ભાવ અંદરથી આવ્યો હતો ! આ..હા..હા..!

એક સમયમાં ત્રણકાળ ત્રણલોક ભગવાનના જ્ઞાનમાં જણાયા અને તેમ થશે, તેમ થશે જ ત્યાં. જે સમયે જ્યાં (જે) થવાનું છે, તે ભગવાને જાણ્યું છે. પણ એ ભગવાનનું જ્ઞાન પૂર્ણ છે, એ સત્તાનો સ્વીકાર–'છે' એનો સ્વીકાર કરવા જાય, ત્યારે એની પર્યાય ઉપર દૃષ્ટિ નહીં રહે, એની દૃષ્ટિ જ્ઞાનમાં ચાલી જશે. તે વખતે આવું નહોતું આવ્યું. પણ અત્યારે કહે છે કે, જ્ઞાન એટલે સર્વજ્ઞસ્વભાવ. સર્વજ્ઞસ્વભાવ ઉપર દૃષ્ટિ જાશે ત્યારે એને કેવળીનો નિર્ણય થાશે અને પોતાનો (નિર્ણય) થાશે, આ..હા..હા..! આવું છે બાપુ !

અહીંયા કહે છે.... **ટીકા :– 'આ આત્મા, સ્વભાવથી જ પરદ્રવ્યને ગ્રહવા–મૂકવાનો,...**' ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવળજ્ઞાનમાં બધાં ત્રણકાળ ત્રણલોકને જાણે. પણ છતાં તે જ્ઞેયને ગ્રહવું અને છોડવું, એ એના આત્મામાં નથી, આ..હા..હા..! અને કેવળજ્ઞાનની પર્યાયે જાણ્યું છે કે, આની પર્યાય આ (થશે). તો એ જાણ્યું છે માટે ત્યાં થાય છે, એમ નથી. એ તો એના દ્રવ્યની પર્યાયની લાયકાતથી જ ત્યાં પર્યાય થાય છે, આહા..! શું થાય ?

**'આ આત્મા, સ્વભાવથી જ પરદ્રવ્યને ગ્રહવા–મૂકવાનો તથા પરદ્રવ્યરૂપે પરિણમવાનો (તેને) અભાવ,...'** છે. શું કીધું ? ભગવાને જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક જોયા, તેથી ભગવાને ત્રણકાળ ત્રણલોકને ગ્રહ્યા છે, એમ નથી. એને એ જ્ઞાનમાં ગ્રહવું–છોડવું છે જ નહિ.

શ્રોતા :– બધું જણાય એમાં ગ્રહવું–છોડવું ક્યાં છે !

સમાધાન :– એ તો પહેલાં આવ્યું હતું ને ? કે, બધાંને જાણતાં અંદર પ્રવેશ થઈ ગયો, એમ વ્યવહારે જે કહ્યું હતું ને ? એનો આ ખુલાસો કરે છે, આહા..હા..! અપ્રવિષ્ટ–પ્રવિષ્ટ છે, એમ બન્ને આવ્યું હતું.

ભગવાન અરિહંત પરમેશ્વરનું જ્ઞાન, જેના જ્ઞાનની એક સમયની દશા, એક સમયની...! ત્રણકાળ ત્રણલોકને જાણે, છતાં (ત્રણ)લોકને ત્રણકાળને ગ્રહતા નથી. એનું જ્ઞાન પોતામાં પોતાથી થાય છે, આ..હા..હા..! છે ? **'...સ્વતત્ત્વભૂત કેવળજ્ઞાનરૂપે પરિણમીને,...'** પરને ગ્રહ્યા--મૂક્યા વિના અને પરપણે થવાના અભાવ(સ્વભાવ) સ્વરૂપ (છે), આહા..હા..! પરપણે થવાના અભાવસ્વરૂપ હોવાથી, **'...સ્વતત્ત્વભૂત કેવળજ્ઞાનરૂપે પરિણમીને,...'** પોતાનું જ્ઞાનસ્વરૂપ (છે). ભગવાન સર્વજ્ઞ(ને) કેવળજ્ઞાન છે, એ કેવળજ્ઞાનરૂપે પરિણમે છે. 'સ્વતત્ત્વભૂત !' (કહ્યું છે). આ..હા..હા..! સ્વતત્ત્વભૂત કેવળજ્ઞાનરૂપે થાય છે. (એવા) **'...(કેવળજ્ઞાનરૂપે) પરિણમીને, નિષ્કંપ નીકળતી જ્યોતિવાળા ઉત્તમ મણિ જેવો,...'** મણિ–રત્ન જેમ લાખ (રૂપિયાનું) હોય એ નિષ્કંપ છે, કંપતું નથી–ધ્રૂજતું નથી. છતાં ઝળક-ઝળક દેખાય. એમ ભગવાનનું જ્ઞાન ત્રણકાળ ત્રણલોકને જાણતાં કંપતુ નથી, ધ્રૂજતું નથી, અસ્થિર થતું નથી, આ..હા..હા..! હજી આ તો અરિહંતને ઓળખવાની વાતું છે, આ..હા..હા..! અને જેણે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણ્યા કે ભગવાનની પર્યાય આવડી (છે) !! ૮૦મી (ગાથા)માં આવશે. એ પોતે પોતાની પર્યાયને ગુણમાં ભેળવીને–દ્રવ્ય, ગુણમાં સમ્યગ્દર્શનનો અનુભવ કરે, ત્યારે એને પોતાની પર્યાયનો અનુભવ થયો અને સર્વજ્ઞની પર્યાય પર છે, એવો અનુભવ થયો, આહા..હા..! ઝીણો માર્ગ બહુ, બાપુ ! એમાં આ વર્તમાનમાં એવી બધી ગડબડ થઈ છે.

ભગવાનઆત્મા ! કેવળજ્ઞાનપણે થયો એ પોતે પરિણમીને **'...નિષ્કંપ નીકળતી જ્યોતિવાળા ઉત્તમ મણિ જેવો થઈને રહ્યો,...'** છે. હવે (કહે છે) (૧) **'જેને સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશેથી),...'** (આત્માના) અસંખ્ય પ્રદેશ છે, એની પણ ખબરુ ન મળે. **'...દર્શનજ્ઞાન શક્તિ સ્ફુરિત છે,...'** (એટલે કે) દર્શન અને જ્ઞાનની પર્યાય જેને પ્રગટ થઈ ગઈ છે. સર્વજ્ઞ, સર્વદર્શી શક્તિરૂપે તો હતું (પરંતુ) જેને પર્યાયમાં સર્વદર્શન અને સર્વજ્ઞાન પ્રગટ થઈ ગયા છે, આહા..હા..! આ તો હજી અરિહંતની ઓળખાણ આપે છે. પછી એવો જ આ આત્મા છે, એમ કહેશે. આહા...! **'...એવો થયો થકો, નિઃશેષપણે આખાય (પરિપૂર્ણ) આત્માને આત્માથી આત્મામાં,...'** આખાય આત્માને (એટલે) પરિપૂર્ણ ભગવાન આત્માને આત્માથી (એટલે) પોતાથી, આત્મામાં (એટલે) પોતામાં **'...સંચેતે–જાણે–**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અનુભવે છે,...**' આહા..હા..! ભગવાન અરિહંતદેવનો આત્મા પોતામાં પોતાથી પોતાને અનુભવે (છે)–જાણે છે, આહા..હા..! છે ? અહીં સુધી કાલે આવ્યું હતું.

(હવે કહે છે), '**અથવા (૨) એકીસાથે જ સર્વ પદાર્થોના સમૂહનો,...**' (અર્થાત્) એક જ સમયમાં, એકસાથે ત્રણકાળ ત્રણલોકના પદાર્થનો '**...સાક્ષાત્કાર કરવાને લીધે,...**' સાક્ષાત્કાર નામ પ્રત્યક્ષ કરવાને લીધે. એક જ સમયમાં ત્રણકાળ અને ત્રણલોકને (પ્રત્યક્ષ કરી લે છે), આહા..હા..! આદિ નહિ, અંત નહિ એને પણ પ્રત્યક્ષ કરી લીધું, આહા..હા..! (સાક્ષાત્કારનો અર્થ) છે ને નીચે ! સાક્ષાત્કાર કરવો = પ્રત્યક્ષ જાણવું. '**...સાક્ષાત્કાર કરવાને લીધે જ્ઞપ્તિપરિવર્તનનો અભાવ થવાથી,...**' શું કહે છે ? જ્ઞાનની પર્યાયે એકસાથે ત્રણકાળ ત્રણલોકને જોઈ (લીધાં) એટલે જ્ઞપ્તિપરિવર્તનનો (અભાવ થઈ ગયો). (જ્ઞપ્તિપરિવર્તન) એટલે જ્ઞાનની પર્યાય બદલે, એમ નથી. એવીને એવી પર્યાય અનંતકાળ રહેશે. આહા..હા...! છે ?

'**અથવા (૨) એકીસાથે જ સર્વ પદાર્થોના સમૂહનો સાક્ષાત્કાર કરવાને લીધે જ્ઞપ્તિપરિવર્તનનો,...**' એટલે પર્યાય ઓછી હતી અને વધારે થઈ એવા પરિવર્તનનો, '**...અભાવ થવાથી જેને ગ્રહણત્યાગસ્વરૂપ ક્રિયા વિરામ પામી છે,...**' આહા..હા..! (ગ્રહણત્યાગસ્વરૂપનો અર્થ) છે ને નીચે ? જ્ઞપ્તિક્રિયાનું પલટાયા કરવું અર્થાત્ જ્ઞાનમાં એક જ્ઞેય ગ્રહવું.... પલટવું એટલે ? જ્ઞાનમાં એક (જ્ઞેયને) ગ્રહવું અને બીજું છોડવું, પહેલાંને છોડવું, બીજાને ગ્રહવું–એ (જે) ગ્રહણ-ત્યાગ છે, એવું આમાં (કેવળજ્ઞાનમાં) નથી. ભગવાનને એ છે નહિ. નીચલા (ગુણસ્થાનવાળાને) તો અમુક જ્ઞેયને જાણે અને પછી છોડે, પછી બીજાને જાણે–એમ ભગવાનને નથી, આ..હા..હા..!

એક જ સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાતા હોવાથી, પહેલું આને જાણે અને પછી આને જાણે, એવું ત્યાં રહેતું નથી, આહા..હા..! જુઓ આ અરિહંતનું જ્ઞાન ! આ..હા..હા..! આવું છે. એ પરિવર્તનરૂપ '**...ક્રિયા વિરામ પામી છે,...**' એટલે કે તેને પરિવર્તન છે નહિ. ક્યું પરિવર્તન (વિરામ પામ્યું છે) ? એક (જ્ઞેયને) જાણવું અને એને છોડીને બીજું જાણવું, એવું પરિવર્તન નથી. પરિણમન છે (પરંતુ પરિવર્તન નથી). (અર્થાત્) જે પહેલે સમયે કેવળજ્ઞાન છે, એ બીજે સમયે ન રહે. બીજે સમયે બીજી પર્યાય થાય. પર્યાય છે ને ! પણ અહીંયાં એ વાત નથી કરવી.

અહીંયાં તો કહે છે કે, જ્ઞેયને જાણવામાં પહેલાં અમુક જ્ઞેયને જાણ્યા પછી એને છોડીને બીજા જ્ઞેયને જાણ્યું, એવું જ્ઞેયનું પરિવર્તન કેવળીને હોતું નથી, આહા..હા..! '**...જેને ગ્રહણત્યાગસ્વરૂપ ક્રિયા વિરામ પામી છે,...**' જુઓ ! શું કીધું ? થોડા જ્ઞેયને જાણે અને પછી બીજા (જ્ઞેયને) જાણે, એવી જે જ્ઞપ્તિક્રિયાનું પરિવર્તન તેનો અભાવ થવાથી, (ગ્રહણત્યાગસ્વરૂપ ક્રિયા) '**...વિરામ પામી છે એવો થયો થકો પ્રથમથી જ સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમ્યો હોવાથી,...**' (અર્થાત્) પહેલા જ સમયે ત્રણકાળ ત્રણલોકના જાણવા લાયક જ્ઞેયોના જ્ઞાનાકારે પરિણમ્યો હોવાથી '**...પછી પરરૂપે–આકારાન્તરરૂપે નહિ પરિણમતો થકો,...**' આ..હા..હા..! અન્ય આકાર–બીજો આકાર બીજે સમય થાય, એમ છે નહિ. જે પહેલે સમયે છે, તેવો જ બીજે સમયે છે, તેવો જ ત્રીજે સમયે (છે). પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પરમાત્માને (ક્યારેય ઓળખ્યા નથી). આ..હા..હા..! અરે..! કોને પડી છે ? આ તો 'ણમો અરિહંતાણં... ણમો સિદ્ધાણં...' કરીને (માને કે) થઈ ગયા (દર્શન) ! કોણ અરિહંત ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને (અરિહંત) કોને કહેવા ? કેવળી શું છે ? બાપુ ! આ..હા..હા..!

જેનો એક સેકંડનો અસંખ્યમો ભાગ–'ક' બોલીએ એમાં અસંખ્ય સમય જાય, એના અસંખ્યમા ભાગમાં–એક સમયમાં ભગવાનનું જ્ઞાન ત્રણકાળ ત્રણલોકને એકસાથે જાણે (છે). તેથી તેને પહેલાં થોડું જાણે, પછી વિશેષ જાણે એવું પરિવર્તન તેને હોતું નથી. આ..હા..હા..! આવો તે માર્ગ ક્યાંનો હશે !? આહા..હા..! છે ?

'**...પરરૂપે–આકારાન્તરરૂપે નહિ પરિણમતો થકો, સર્વ પ્રકારે અશેષ વિશ્વને,...**' (એટલે) આખા વિશ્વને. 'વિશ્વ' શબ્દે આખો લોકાલોક. ભગવાન તો બસ દેખે છે અને જાણે છે. એક સમયમાં બધું (જાણે છે) ! આ..હા..હા..!

અરે.. ભાઈ ! ભગવાનનું આવું જ્ઞાન છે, જેની સત્તામાં (લોકાલોક જણાય). જગતમાં એવી હયાતી (છે તેનો)–સત્તાનો સ્વીકાર (ક્યારે થાય ? કે) જ્ઞાનસ્વભાવી ભગવાન(આત્મા) ઉપર જાય ત્યારે એની સત્તાનો સ્વીકાર થાય. ત્યારે હું પણ સર્વજ્ઞસ્વભાવી છું (એમ નિર્ણય થાય). આ..હા..હા..! પરમાત્માને સર્વજ્ઞ(પણું) પ્રગટ થયું (છે) અને મારો ત્રિકાળ સ્વભાવ સર્વજ્ઞ છે. હતું તેમાંથી આવ્યું છે ને ? 'કૂવામાંથી અવેડામાં આવે' – એમ અંદર સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ આત્મા છે. દરેકનો આત્મા (સર્વજ્ઞસ્વરૂપી છે). એ સર્વજ્ઞની જ્યાં પ્રતીતિ કરવા જાય છે, ત્યારે હું પણ સર્વજ્ઞસ્વરૂપી છું (એવો સ્વીકાર થઈ જાય છે). આહા..હા..! અને સર્વજ્ઞદેવ, પરમગુરુ હું છું ! આ..હા..હા..! જિનપ્રતિમા છું ! વીતરાગસ્વરૂપે ચૈતન્યપ્રતિમા સ્વરૂપ છું ! પૂર્ણ જ્ઞાન અને દર્શનથી ભરેલો પૂર્ણ ભગવાન સ્વરૂપ છું ! આ..હા..હા..હા...!

'**આ રીતે (પૂર્વોક્ત બન્ને રીતે) તેનું (આત્માનું પદાર્થોથી) અત્યંત ભિન્નપણું જ છે.**' (અર્થાત્) બધાંને દેખે–જાણે છતાં પરરૂપે થાય નહિ, ગ્રહણ–ત્યાગ કરે નહિ (અને) પરરૂપે પરિણમે નહિ, આહા..હા..! આવો ઉપદેશ ! અજાણ્યા માણસને તો એમ લાગે કે, આ શું (કહે છે) !? કાંઈક (એમ) કહો ને કે, આ કરો... વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો... પણ શું કરવું (છે તારે) ? સાંભળને હવે ! એ કરવું... કરવું... તો મરવું છે ! એ તો રાગ છે, આ..હા..હા..!

ભગવાનના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક એકસાથે જણાય તેથી તે જ્ઞાનમાં પરિવર્તન નામ આકારાન્તર (થતો નથી), બદલાતો નથી, આહા..હા..! એવો જ આ ભગવાનઆત્મા છે, સર્વજ્ઞસ્વરૂપી (છે) !

ગાથામાં આવ્યું છે ને ભાઈ ? કે, સર્વજ્ઞ સર્વદર્શી હોવા છતાં (સર્વને સર્વ પ્રકારે જાણતો નથી). એ પ્રશ્ન ચાલ્યો હતો ને ! આહા..હા..! (કોઈ) કહે કર્મને લઈને (આવરણ) છે. અહીં કહે છે કે, (એમ) નથી. પોતાના ઊંધા પુરુષાર્થને લઈને કેવળજ્ઞાન અટક્યું છે. 'નિજ કર્મરજ આચ્છાદને' (એવો) પાઠ છે ને ? ટીકાકારે 'રજ'નો અર્થ જ પોતાનો અપરાધ કર્યો (છે). ભાવકર્મ (લીધું છે). આહા..હા..! સર્વ જીવ સર્વદર્શી અને સર્વજ્ઞ હોવા છતાં પોતાના નિજ અપરાધને લઈને સર્વને દેખતો અને જાણતો નથી, આહા..હા..! ઘણી બધી મોટી ચર્ચા થઈ (ગઈ છે).

('સમયસાર'ની ૧૬૦ ગાથા છે). '**તે સર્વજ્ઞાની–દર્શી પણ,...**' ભગવાનઆત્મા સર્વજ્ઞાની અને સર્વદર્શી છે. '**તે સર્વજ્ઞાની–દર્શી પણ નિજ કર્મરજ–આચ્છાદને,...**' એ લોકો એમ કહે છે કે, 'કર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે (જડ દ્રવ્ય)કર્મને લઈને (સર્વને દેખતો–જાણતો નથી) !' તો કહ્યું, 'એમ નથી. ભાવકર્મ(ના) અપરાધને લઈને છે.' આ મોટી ચર્ચા થઈ હતી. એ એમ કહેતા હતા કે, 'દીવાની સામે ટોપી મૂકીએ તો દીવો ઢંકાઈ જાય છે કે નહિ ?' એટલે નિમિત્તથી ઢંકાણું છે કે નહિ ? (એમ એમનું કહેવું હતું). એમ (કેવળજ્ઞાન) કર્મના રજથી ઢંકાઈ ગયેલું છે. મેં કહ્યું 'બિલકુલ જૂઠી વાત છે.'

જુઓ ! (ટીકામાં) અર્થ છે. **'જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને,...'** આ જે ('પ્રવચનસાર'માં) 'વિશ્વ' આવ્યું ને ? **'...(સર્વ પદાર્થોને) સામાન્ય–વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિકાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી,...'** ચોત્રીસ વર્ષ પહેલાં (ચર્ચા) થઈ હતી. **'...પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું,...'** (એટલે) ભાવકર્મ વડે લેપાયું છે. આહા..હા..! અપરાધ એની પર્યાયનો છે. આ મોટી ચર્ચા થઈ હતી.

અહીં કહે છે, આ રીતે આત્માનું (પર પદાર્થોથી) અત્યંત ભિન્નપણું (છે). આત્મા (જ્ઞાન)ની એક સમયની દશામાં ત્રણકાળ ત્રણલોકને જાણવા છતાં તેને ગ્રહવું–મૂકવું નથી અને જ્ઞેયાન્તર થતું નથી. એવું આત્માનું જ્ઞાન પરથી ભિન્ન છે. પોતાનો પર્યાય પર (એવા) લોકાલોકથી ભિન્ન છે. છે ?

(હવે) **ભાવાર્થ :– 'કેવળીભગવાન સર્વ આત્મપ્રદેશેથી,...'** (એટલે કે) આખા અસંખ્ય પ્રદેશેથી. **'...પોતાને જ અનુભવ્યા કરે છે;...'** આ..હા..હા..! **'...એ રીતે તેઓ પરદ્રવ્યથી તદ્દન ભિન્ન છે. અથવા, કેવળીભગવાનને સર્વ પદાર્થોનું યુગપદ્ જ્ઞાન હોવાથી,...'** એકસાથે ત્રણકાળ ત્રણલોકને (જાણે છે). આ..હા..હા..! દરેક દ્રવ્યની અને દરેક ગુણની વર્તતી અવસ્થા અને નહિ વર્તતી અવસ્થા (એટલે કે) વીતી ગઈ અને વીતશે–થશે, (એ) બધાંને ભગવાન એક સમયમાં જાણે છે, આહા..હા..! ભાઈ ! એ અંદરથી બેસવું આકરી વાત છે, આહા...!

**'...તેમનું જ્ઞાન એક જ્ઞેયમાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજામાં પલટાતું નથી,...'** એકસાથે બધાંને જાણે (એમાં) આને પહેલાં જાણે ને આને પછી જાણે, ભૂતકાળને પહેલાં જાણે ને ભવિષ્ય(કાળને) પછી જાણે, એમ છે કાંઈ ? આ..હા..હા..! અનંત... અનંતકાળ ભવિષ્યનો અને અનંતો ભૂતકાળ–બધું એક સમયમાં ભગવાન જાણે છે. સર્વજ્ઞ કોને કહીએ ! સર્વ + જ્ઞ = સર્વને જાણે. આહા..હા..! **'...તેમ જ તેમને કાંઈ જાણવાનું બાકી નહિ હોવાથી કોઈ વિશેષ જ્ઞેયાકારને જાણવા પ્રત્યે પણ તેમનું જ્ઞાન વળતું નથી; એ રીતે પણ તેઓ પરથી તદ્દન ભિન્ન છે. (જો જીવની જાણનક્રિયા પલટો ખાતી હોય તો જ તેને વિકલ્પ–પરનિમિત્તક રાગ-દ્વેષ હોઈ શકે,...)'** આહા..હા...! ક્યાં નવરાશ (છે) ?

એક વાર એક છોકરો આવ્યો હતો, જુવાન હતો. પચીસ–ત્રીસ લાખ રૂપિયા (હતા). એને એક દુકાન ખોલવી હતી. સૌને એમ (છે) કે અહીંયા (પૂજ્ય ગુરુદેવશ્રીના) દર્શન કરીને જઈએ તો કાંઈક થાય ! થાય તો કાંઈ નહિ. એના પુણ્યને લઈને થાય, અહીંને લઈને કાંઈ થાતું નથી. એની સાથે વાત કરી કે, 'આ આયુષ્ય કહેવાય છે–૬૦નું, ૫૦નું ને ૭૦ (વર્ષનું), એ શરીરનું કે આત્માનું ?' તો કહે, 'મને કાંઈ ખબર નથી !' આત્માની ક્યાં ખબર પડે છે, આત્મા કોણ છે ? આત્મા તો અનાદિ-અનંત છે. આત્માની મુદત હોય નહિ. એ મુદત છે એ તો દેહની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે કે, આ સિત્તેર થયા, નેવ્યાસી થયા, પંચાવન થયા, એકસઠ (થયા), બોંતેર થયા, એ તો જડને માટે છે. પ્રભુ તો (આત્મા તો) અનાદિ-અનંત છે. આહા..હા..! (પૈસા મળવા) એ તો સૌના પુણ્ય હોય એ પ્રમાણે થાય છે, (કોઈનાથી) થાતું નથી.

શ્રોતા :– ક્યારેક સાચું પડ્યું હશે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ના, ના..! એના પુણ્યને લઈને (મળે છે). જેની જે સમયે જે પર્યાય થવાની તે તેને કારણે થાય, બીજાને કારણે થાય નહિ. અહીં તો ચોખ્ખી વાત છે. અરે...! આ આત્માને સમજો ને બાપુ ! બાકી બધી ભ્રમણા મૂકી દો ને ! આહા..હા..!

અહીંયાં એ કહે છે, જુઓ ! એ રીતે (આત્મા) પરથી તદ્દન ભિન્ન છે. કૌંસમાં છે ને ? '**(જો જીવની જાણનક્રિયા પલટો ખાતી હોય તો જ તેને વિકલ્પ–પરનિમિત્તક રાગદ્વેષ હોઈ શકે અને તો જ એટલો પરદ્રવ્ય સાથેનો સંબંધ કહેવાય. પરંતુ કેવળીભગવાનની જ્ઞપ્તિને,...)**' (જ્ઞપ્તિને એટલે) કેવળીભગવાનની જાણવાની દશાને, '**...તો પરિવર્તન–પલટો નથી તેથી તેઓ પરથી અત્યંત ભિન્ન છે).**' આહા..હા..! '**આ રીતે કેવળજ્ઞાનપ્રાપ્ત આત્મા પરથી અત્યંત ભિન્ન હોવાથી,...**' હવે આત્મા ઉપર સિદ્ધાંત મૂકે છે. કેવળીભગવાન પરથી અત્યંત ભિન્ન હોવાથી, '**...અને દરેક આત્મા સ્વભાવે કેવળીભગવાન જેવો જ હોવાથી,...**' છે ? દરેક આત્મા સ્વભાવે કેવળજ્ઞાન નામ સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવી હોવાથી, '**...કેવળીભગવાન જેવો જ હોવાથી,...**' આહા..હા..! એને પર્યાયમાં (પ્રગટ) છે, આને (દરેક આત્માને) સ્વભાવ છે. 'સ્વભાવ'થી કીધું છે ને ? આ..હા..હા..! 'સ્વભાવ'થી કીધું છે ને ? આહા..હા..!

ભગવાન કેવળજ્ઞાનની પર્યાયપણે છે. અને આ દરેક આત્મામાં એકલું જ્ઞાન–સર્વજ્ઞ અને સર્વદર્શી સ્વભાવ છે. ભગવાન જેવો જ એનો સ્વભાવ છે. આહા..હા..! ક્રમબદ્ધની પર્યાયનો નિર્ણય કરવા જાય કે કેવળજ્ઞાનની પર્યાયનો નિર્ણય કરવા જાય તો જિનસ્વરૂપ ભગવાન(આત્મા) છે તેના ઉપર તેની નજર જાય. જિનસ્વરૂપી ભગવાન તો સર્વજ્ઞ સર્વદર્શીસ્વરૂપી પ્રભુ છે. સ્વભાવ હોં ! સ્વ + ભાવ = પોતાનો ભાવ. દરેક આત્મા કેવળજ્ઞાન સ્વભાવ સ્વરૂપે પ્રભુ છે, આહા..હા..! સ્વભાવથી (એવો છે) ! એથી એનું ધ્યાન કરવાથી પર્યાયમાં, કેવળજ્ઞાનની પર્યાય સ્વભાવમાંથી પ્રગટ થાય છે. આવું છે. કોઈ વ્યવહાર–દયા, દાન ને ભક્તિ કરવાથી કેવળજ્ઞાન થાય છે, એમ નથી. આવું છે. છે ?

'**...દરેક આત્મા...**' આ..હા..હા..! 'સર્વ જીવ છે સિદ્ધ સમ' ! 'શ્રીમદ્'માં પણ કહ્યું છે. અંદર સિદ્ધસ્વરૂપી પ્રભુ આત્મા છે. નિર્મળાનંદ પૂર્ણ શુદ્ધ (છે), આ..હા..હા..! 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય' જે એનું જ્ઞાન કરે અને અનુભવ કરે, એને સર્વજ્ઞપણું પ્રગટ થાય. 'જે સમજે તે થાય' રાગ કરે, દયા પાળે ને વ્રત કરે તો થાય, એમ નથી. એવું એનામાં કહ્યું છે છતાં પણ એ લોકો કહે છે કે, 'આપણે ભક્તિ કરીએ (તો) ભક્તિથી કલ્યાણ થાશે !' ભક્તિમાં (તો) રાગ છે. પરદ્રવ્યની ભક્તિ–ભગવાન ત્રણલોકના નાથની ભક્તિ કરે તોપણ રાગ છે, પુણ્ય છે, એ કાંઈ ધર્મ નથી, આહા..હા..!

અંદર સર્વજ્ઞસ્વભાવી ભગવાનનો અંતરમાં નિર્ણયમાં (કરવો)–અનુભવ કરવો, એ પ્રથમ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન છે. પછી એમાં ઠરવું કરતાં... કરતાં... કરતાં... ઠરતાં કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટ થાય છે, આહા..હા..! આ એની ક્રિયા છે. વાંધા મોટા (અને) તકરાર ઉઠાવે !

જે–જે વસ્તુ–દ્રવ્ય છે, પરમાણુ (કે) આત્મા તેની પર્યાય થવાનો તેનો જન્મ–ઉત્પત્તિકાળ છે. નિશ્ચયથી તો એવી એક વાત છે કે, સમ્યગ્દર્શન થાય છે એ પર્યાય પણ ષટ્કારકના પરિણમનથી સ્વલક્ષે થાય છે. એક સમયની પર્યાયના બે ભાગ ! જે સમ્યગ્દર્શન(ની) પર્યાય–ધર્મની પહેલી દશા (પ્રગટ થાય છે એ દશાનું) ભલે લક્ષ હો દ્રવ્યનું, પણ દ્રવ્યનું લક્ષ પણ પર્યાય પોતે સ્વતંત્ર કર્તા થઈને કરે છે. આહા..હા..! અને તે સમ્યગ્દર્શનની પર્યાય–ધર્મની પહેલી દશા (જે પ્રગટ થઈ) એ પણ ષટ્કારકના (પરિણમનથી ઉત્પન્ન થઈ છે). સમકિતની પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ (એમ પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થઈ છે). અને એની સાથે રાગની જે પર્યાય છે એ પણ (પોતાના) ષટ્કારકથી પરિણમેલી છે. આહા..હા..! એ નિર્મળ પર્યાયને કારણે મલિન (પર્યાય) નથી અને મલિન (પર્યાયને) કારણે નિર્મળ (પર્યાય) નથી. અરે..અરે..! આવી વાતું...! આવું છે. કેમકે આત્મા સર્વજ્ઞ સર્વદર્શીસ્વરૂપ (છે) એમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન (આદિ) ષટ્કારક પડ્યાં છે. અને ખરેખર તો, જ્ઞાનગુણમાં પણ પર્યાય થાય છે એ ષટ્કારકના પરિણમનથી થાય છે. એને પરની અપેક્ષા નથી, આહા..હા..! સમજાણું કાંઈ ? ખરેખર તો એ સમ્યગ્દર્શનની પર્યાય પરિણમે છે, એને દ્રવ્ય–ગુણની પણ અપેક્ષા નથી. ભારે ગજબ વાત ! આ શું કહે છે આ ? અને તે કાળે જે રાગનું પરિણમન છે (તે પણ પોતાના ષટ્કારકથી થાય છે).

મોટી ચર્ચા થઈ હતી. ('પંચાસ્તિકાય'ની) ૬૨મી ગાથામાં એમ કહ્યું, રાગ (જે) થાય છે, પુણ્ય-પાપની દશા (જે થાય છે), એ ષટ્કારકના પરિણમનથી પોતાથી થાય (છે). એને કર્મની અપેક્ષા નથી. કાલે એક શ્વેતાંબર સાધુ આવ્યો હતો (એ એમ કહેતો હતો કે) 'વિભાવ કર્મને લઈને થાય, ગતિ કર્મને લઈને થાય.' મેં કહ્યું 'એમ નથી, બાપુ !' વિકાર તો પોતાથી થાય છે, આહા..હા..! પણ એને ન બેસે. એ શ્વેતાંબરમાં તો કર્મથી વિકાર થાય, એ માનીને બેઠા છે. કર્મ તો જડ છે. વિકાર તો તારી પ્રતિકૂળ દશા છે. એ પ્રતિકૂળ દશા, સમ્યગ્દર્શન હોવા છતાં પણ જે રાગ થાય, એ ષટ્કારકના પરિણમનથી થાય છે. પરની અપેક્ષાથી નહિ. નિર્મળ (પર્યાયની) અપેક્ષાથી પણ નહિ અને પરની અપેક્ષાથી પણ નહિ. અરે..રે...! આવું કોણ (સમજે) ? આહા..હા..!

આત્મા સર્વજ્ઞ સર્વદર્શીસ્વભાવી છે. એ (સ્વભાવ) સર્વજ્ઞ પરમાત્માને પ્રગટ થયો, એ સર્વજ્ઞ સ્વભાવની પરિણતિથી (પ્રગટ થયો). ષટ્કારકની પરિણતિથી એ સર્વજ્ઞપણું પ્રગટ થયું, આ..હા..હા..! એ સર્વજ્ઞ કેવળજ્ઞાનની પર્યાય પણ ષટ્કારકના પરિણમનથી પ્રગટ થઈ (છે). સર્વજ્ઞ સ્વભાવ છે માટે તે પર્યાય તેના આશ્રયે પ્રગટી (એમ કહીએ છીએ) એ તો આશ્રય નામ લક્ષ ત્યાં હતું, એટલું (બતાવવું છે). પણ એની પર્યાય પ્રગટવામાં દ્રવ્ય–ગુણની અપેક્ષા પણ નથી, આહા..હા..! આવી વાતું છે !

એ સર્વજ્ઞપર્યાય થઈ, એ જ્ઞાનાવરણીય (કર્મનો) અભાવ થયો માટે (પ્રગટ થઈ) એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(નથી). પૂર્વની મોક્ષમાર્ગની ચાર જ્ઞાનની દશા હતી માટે થઈ, એમ (નથી). તેમ તે ષટ્કારકે પરિણમતા તે દ્રવ્ય–ગુણની અપેક્ષા પણ (નથી), આ..હા..હા..! તેમ જ્ઞાનાવરણીયના નિમિત્તના અભાવની પણ અપેક્ષા (નથી). આવું સ્વરૂપ ! એવું જ સત્ છે. આહા..હા..! શું થાય પણ ? ભાઈ !

(અહીંયાં) કહ્યું ને ? '**દરેક આત્મા**' (એટલે) અભવીનો આત્મા પણ ! '**સર્વ જીવ છે સિદ્ધસમ**' છે ને ? પર્યાયમાં પ્રગટે ભલે નહિ પણ એનો સ્વભાવ તો સર્વજ્ઞ સર્વદર્શી જ છે, આહા..હા..! અભવી હોય કે ભવી '**...દરેક આત્મા સ્વભાવે કેવળીભગવાન જેવો જ હોવાથી, નિશ્ચયથી દરેક આત્મા પરથી ભિન્ન છે એમ સિદ્ધ થયું.**' આહા..હા..! એ રાગથી ભિન્ન છે, નિમિત્તથી ભિન્ન છે, આહા..હા..! એક સમયની પર્યાયથી પણ સર્વજ્ઞ સર્વદર્શીસ્વભાવ ભિન્ન છે, આ..હા..હા..! આકરી વાત છે ! સીધી વાત છે, બહુ સીધી વાત છે પણ અત્યારે જરી આકરું અને અટપટું થઈ ગયું ને ! (એટલે કઠણ લાગે), આ..હા..હા..!

દરેક દ્રવ્યનું સમય--સમયમાં પરિણમન છે. પર્યાય વિનાનું કોઈ દિ' દ્રવ્ય હોય નહિ અને તે પર્યાય છે તે ષટ્કારક શક્તિરૂપમાં પડી છે, પણ વર્તમાન પર્યાય છે તે ષટ્કારકની શક્તિથી ભિન્ન (છે). એની અપેક્ષા વિના (સ્વયંના) ષટ્કારકના પરિણમનથી પરિણમે છે. આ..હા..હા..! આવું છે, ભગવાન ! પરમાત્મા આમ કહે છે અને એમ છે !!

એમ કહ્યું (કે), આત્મા સ્વભાવે સર્વજ્ઞ સર્વદર્શી છે. પરથી ભિન્ન (છે). પણ જ્યારે એને સર્વજ્ઞ અને સર્વદર્શી શક્તિ છે અને તેમાંથી પરિણમન થાય છે, (ત્યાં) તે પરિણમન શક્તિમાંથી આવ્યું, એમ કહેવું તે વ્યવહાર છે. બાકી તો પર્યાય પોતે સ્વતંત્રપણે (સ્વયંના ષટ્કારકથી પરિણમે છે), આહા..હા..! એ સર્વજ્ઞ સર્વદર્શી પર્યાય – તે સર્વજ્ઞની પર્યાય (પોતે) કર્તા, સર્વજ્ઞની પર્યાય તે કાર્ય, સર્વજ્ઞની પર્યાય તે સાધન, એકને એક સમયમાં (છે). સર્વજ્ઞ પર્યાય પોતા માટે થઈ છે એટલે સંપ્રદાન, સર્વજ્ઞની પર્યાય પર્યાયથી થઈ છે માટે અપાદાન, પર્યાયના આધારે પર્યાય થઈ છે, ગુણ અને દ્રવ્યના આધારે નહિ માટે અધિકરણ (પણ પોતે જ છે), આહા..હા..!

કાલે તો એ (સાધુ) આવ્યો હતો એ (એમ જ કહેતો હતો કે) 'બસ ! કર્મને લઈને થાય... બધું કર્મને લઈને થાય !'

અહીંયાં કહે છે, ભગવાનઆત્માનો સ્વભાવ તો સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવ છે. માટે તે પરથી, રાગથી (અને) પર્યાયથી પણ ભિન્ન છે. હવે પર્યાયમાં જ્યારે એને સર્વજ્ઞ અને સર્વદર્શી(પણું પ્રગટ થાય)... આહા..હા..! એ ષટ્કારકના ત્રિકાળ ગુણો તો ગુણમાં રહ્યાં પણ એનો અંશ જે પર્યાયમાં આવ્યો એ સ્વતંત્રપણે આવ્યો છે, આહા..હા..! પ્રભુની વાણી જુદી છે, બાપા ! આહા..હા..! એ ૩૨ ગાથા (પૂરી) થઈ, લ્યો... (વિશેષ કહેશે....).

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ केवलज्ञानिश्रुतज्ञानिनोरविशेषदर्शनेन विशेषाकांक्षाक्षोभं क्षपयति-

**जो हि सुदेण विजाणदि अप्पाणं जाणगं सहावेण**
**तं सुदकेवलिमिसिणो भणंति लोगप्पदीवयरा ।।३३।।**
**यो हि श्रुतेन विजानात्यात्मानं ज्ञायकं स्वभावेन।**
**तं श्रुतकेवलिनमृषयो भणन्ति लोकप्रदीपकराः ।।३३।।**

यथा भगवान् युगपत्परिणतसमस्तचैतन्यविशेषशालिना केवलज्ञानेनानादिनिधननिष्कारणासाधारणस्वसंचेत्यमानचैतन्यसामान्यहिम्नश्चेतकस्वभावेनैकत्वात् केवलस्यात्मन आत्मनात्मनि संचेतनात् केवली, तथाय जनोऽपि क्रमपरिणममाणकतिपयचैतन्यविशेषशालिना श्रुतज्ञाननेनानादिनिधननिष्कारणासाधारणस्वसंचेत्यमानचैतन्यसामान्यहम्रश्चेतकस्वभावेनैकत्वात् केवलस्यात्मन आत्मनात्मनि संचेतनात् श्रुतकेवली। अलं विशेषाकांक्षाक्षोभेण, स्वरूपनिश्चलैरेवावस्थीयते।।३३।।

---

एवं ज्ञानं ज्ञेयरूपेण न परिणमतीत्यादिव्याख्यानरूपेण तृतीयस्थले गाथापञ्चक गतम्। अथ यथा निरावरणसकलव्यक्तिलक्षणेन केवलज्ञानेनात्मपरिज्ञानं भवति तथा सावरणैकदेशव्यक्तिलक्षणेन केवलज्ञानोत्पत्तिबीजभूतेन स्वसंवेदनज्ञानरूपभावश्रुतेनाप्यात्मपरिज्ञानं भवतीति निश्चिनोति। अथवा द्वितीयपातनिका – यथा केवलज्ञानं प्रमाणं भवति तथा केवलज्ञानप्रणीतपदार्थप्रकाशकं श्रुतज्ञानमपि परोक्षप्रमाणं भवतीति पातनिकाद्वयं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति – जो यः कर्ता हि स्फुटं सुदेण निर्विकारस्वसंवित्तिरूपभावश्रुतपरिणामेन विजाणदि विजानाति विशेषेण जानाति विषयसुखानन्दविलक्षणनिजशुद्धात्मभावनोत्थपरमानन्दैकलक्षणसुखरसास्वादेनानुभवति। कम् । अप्पाणं निजात्मद्रव्यम्। जाणगं ज्ञायकं केवलज्ञानस्वरूपम्। केन कृत्वा। **सहावेण** समस्तविभावरहितस्वस्वभावेन **तं सुयकेवलि** तं महायोगीन्द्रं श्रुतकेवलिनं भणंति कथयन्ति। के कर्तारः। इसिणा ऋषयः। किंविशिष्टाः। लोयप्पदीवयरा लोकप्रदीपकरा लोकप्रकाशका इति। अतो विस्तर :– युगपत्परिणतसमस्तचैतन्यशालिना केवलज्ञानेन अनाद्यनन्त-निष्कारणान्यद्रव्यासाधारणस्वसंवेद्यमानपरमचैतन्यसामान्यलक्षणस्य परद्रव्यपरहितत्वेन केवलस्यात्मन आत्मनि स्वानुभवनाद्यथा भगवान् केवली भवति, तथायं गणधरदेवादिनिश्चयरत्नत्रयाराधकजनोऽपि पूर्वोक्तलक्षणस्यात्मनो भावश्रुतज्ञानेन स्वसंवेदनान्निश्चयश्रुतकेवली भवतीति। किंच-यथा कोऽपि देवदत्त आदित्योदयेन दिवसे पश्यति, रात्रौ किमपि प्रदीपेनेति। तश्चादित्योदयस्थानीयेन केवलज्ञानेन दिवसस्थानीयमोक्षपर्याये भगवानात्मानं पश्यति, संसारी विवेकिजनः पुनर्निशास्थानीयसंसारपर्याये प्रदीपस्थानीयेन रागादिविकल्परहितपरमसमाधिना निजात्मानं पश्यतीति। अयमत्राभिप्रायः – आत्मा परोक्षः, कथं ध्यानं कियते इति सन्देहं कृत्वा परमात्मभावना न त्याज्येति।।३३।।

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે કેવળજ્ઞાનીને અને શ્રુતજ્ઞાનીને અવિશેષપણે દર્શાવીને વિશેષ આકાંક્ષાના ક્ષોભને ક્ષય કરે છે (અર્થાત્ કેવળજ્ઞાનીમાં અને શ્રુતજ્ઞાનીમાં તફાવત નથી એમ દર્શાવીને વધારે જાણવાની ઇચ્છાના ક્ષોભને નષ્ટ કરે છે) :–

**શ્રુતજ્ઞાનથી જાણે ખરે જ્ઞાયકસ્વભાવી આત્મને,**
**ઋષિઓ પ્રકાશક લોકના શ્રુતકેવળી તેને કહે. ૩૩**

**અન્વયાર્થ :– [यः हि]** જે ખરેખર **[श्रुतेन]** શ્રુતજ્ઞાન વડે **[स्वभावेन ज्ञायकं]** સ્વભાવથી જ્ઞાયક (અર્થાત્ જ્ઞાયકસ્વભાવ) **[आत्मानं]** આત્માને **[विजानाति]** જાણે છે, **[तं]** તેને **[लोकप्रदीपकराः]** લોકના પ્રકાશક **[ऋषयः]** ઋષીશ્વરો **[श्रुतकेवलीनं भणन्ति]** શ્રુતકેવળી કહે છે.

**ટીકા :–** જેમ ભગવાન, યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે, અનાદિનિધન–નિષ્કારણ–અસાધારણ–સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (–એકલો, નિર્ભેળ, શુદ્ધ, અખંડ) છે એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે કેવળી છે; તેમ અમે પણ, ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા શ્રુતજ્ઞાન વડે, અનાદિનિધન–નિષ્કારણ–અસાધારણ–સ્વસંવેદ્યમાન– ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (નિર્ભેળ) છે એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ. (માટે) વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ; સ્વરૂપનિશ્ચળ જ રહીએ છીએ.

**ભાવાર્થ :–** ભગવાન સમસ્ત પદાર્થોને જાણે છે તેથી કાંઈ તેઓ 'કેવળી' કહેવાતા નથી, પરંતુ કેવળ અર્થાત્ શુદ્ધ આત્માને જાણતા-અનુભવતા હોવાથી તેઓ 'કેવળી' કહેવાય છે. કેવળ (–શુદ્ધ) આત્માને જાણનાર–અનુભવનાર શ્રુતજ્ઞાની પણ 'શ્રુતકેવળી' કહેવાય છે. કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત એટલો છે કે–કેવળી જેમાં ચૈતન્યના સમસ્ત વિશેષો એકીસાથે પરિણમે છે એવા કેવળજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે અને શ્રુતકેવળી જેમાં ચૈતન્યના કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે એવા શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે; અર્થાત્, કેવળી સૂર્ય સમાન કેવળજ્ઞાન વડે આત્માને દેખે–અનુભવે છે અને શ્રુતકેવળી દીવા સમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે–અનુભવે છે. આ રીતે કેવળીમાં ને શ્રુતકેવળીમાં સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ જ મુખ્ય છે, વત્તુંઓછું (વધારે-ઓછા પદાર્થો) જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે. માટે ઘણું જાણવાની ઇચ્છારૂપ ક્ષોભ છોડી સ્વરૂપમાં જ નિશ્ચળ રહેવું યોગ્ય છે. એ જ કેવળજ્ઞાનપ્રાપ્તિનો ઉપાય છે. ૩૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## (તા. ૪-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૨૯)

'પ્રવચનસાર', ૩૩ ગાથા. (એની ઉપર મથાળું) છે ને ? '**હવે કેવળજ્ઞાનીને,...**' (એટલે) સર્વજ્ઞ પરમાત્માને '**...અને શ્રુતજ્ઞાનીને,...**' આ..હા..હા..! ભગવાન કેવળજ્ઞાન વડે આત્માને જાણે છે. અહીં એમ કહેવું છે, હોં ! નીચે પણ (ચતુર્થ આદિ ગુણસ્થાને પણ) શ્રુતજ્ઞાન વડે આત્માને જાણે છે. એ અપેક્ષાએ બન્ને સરખા છે, એમ કહે છે. આહા..હા..! ઝીણી વાત છે. '**...કેવળજ્ઞાનીને અને શ્રુતજ્ઞાનીને,...**' (એમાં) શ્રુતજ્ઞાની સમજાય છે ? ભાવશ્રુતજ્ઞાની, હોં ! એટલે કે જે આત્મા શુદ્ધ આનંદ (અને) જ્ઞાયકસ્વરૂપ (છે) તેને જાણે છે (તે શ્રુતજ્ઞાની છે). (આવા આત્માને) એ કેવળી પણ જાણે છે. અને નીચે શ્રુતજ્ઞાની–ભાવશ્રુતજ્ઞાની, ભાવશ્રુતજ્ઞાન દ્વારા એ આત્મા સામાન્ય છે તેને જાણે છે. એ અપેક્ષાએ બન્ને સરખા છે, (એમ) કહે છે. કેવળીને પ્રત્યક્ષ છે, આને પરોક્ષ છે, આ..હા..હા..! (આગળ) ટીકા કરશે.

'**...કેવળજ્ઞાનીને અને શ્રુતજ્ઞાનીને અવિશેષપણે,...**' (એટલે) ફેર વિના–વિશેષ નહિ–સામાન્યપણે '**...દર્શાવીને,...**' આહા..હા..! જેણે કેવળજ્ઞાનથી આત્માને જાણ્યો અને જેણે શ્રુતજ્ઞાનથી (આત્માને જાણ્યો તે બન્ને સરખા છે) ભાવશ્રુતજ્ઞાન હોં ! દ્રવ્યશ્રુતજ્ઞાન–વાણી નહિ, તેમ દ્રવ્યશ્રુતજ્ઞાન કોઈ વિકલ્પ, રાગ એ પણ નહિ, (પરંતુ) અંતરમાં ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને જાણે તો કેવળી અને શ્રુતકેવળી બન્ને આ અપેક્ષાએ સરખા છે, આહા..હા...! છે ?

'**...વિશેષ આકાંક્ષાના ક્ષોભને ક્ષય કરે છે,...**' આ..હા..હા...! જેણે અંતર ભાવશ્રુતથી આત્માને જાણ્યો (એ એમ કહે છે) હવે વિશેષ જાણવાના ક્ષોભથી બસ થાઓ ! આહા..હા...! જે જાણવું હતું તે જણાણું, હવે વિશેષ ક્ષયોપશમ અને ઉઘાડની આકાંક્ષાથી '**अलम**' (બસ થાઓ) ! આ..હા..હા...! સંસ્કૃતમાં '**क्षोभं क्षपयति**' (છે). (એટલે કે) એ ક્ષોભનો નાશ કરે છે. એટલે ? '(**અર્થાત્ કેવળજ્ઞાનીમાં અને શ્રુતજ્ઞાનીમાં તફાવત નથી એમ દર્શાવીને વધારે જાણવાની ઇચ્છાના ક્ષોભને નષ્ટ કરે છે**)' :– આહા..હા..!

એ કળશમાં પણ આવ્યું ને ? કે, શ્રુતજ્ઞાન દ્વારા અનુભૂતિ કરી એને હવે વિશેષ ભણવાની કાંઈ અટક નથી. (આવે) છે ? શૈલી તો (જુઓ) ! આ..હા..હા..! કળશમાં (આવે) છે. બાર અંગની અંદર આત્મા આનંદ અને પૂર્ણ શુદ્ધ પવિત્ર સ્વરૂપ (છે) એની અનુભૂતિ કરવાનું કહ્યું છે, આ..હા...હા..! જેણે અંદર એ ભાવશ્રુત–નિર્મળ ભાવશ્રુત (જ્ઞાન) દ્વારા જેણે આત્માને જાણ્યો, એને હવે શાસ્ત્ર ભણવાની અટક નથી, આ..હા..હા..! 'કળશટીકા' છે ને એમાં આ છે. જોવું છે ?

(૧૩મો શ્લોક છે) '**એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે.**' આત્મા શુદ્ધ વીતરાગમૂર્તિ પ્રભુ એનો અનુભવ કરવો એ મોક્ષમાર્ગ છે. '**આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.**' (અર્થાત્) બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વ છે (એમ લાગે તો) '**તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.**' આ..હા..હા..! પર તરફનું બાર અંગનું જ્ઞાન પણ ભેદ છે–વિકલ્પ છે. '**તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છે.**' આ..હા..હા..! બાર અંગ–ભગવાનની બાર અંગની વાણી, એમાં ચૌદ પૂર્વ પણ આવી ગયા, એમાં પણ ભગવાને એમ કહ્યું છે કે, આ ભગવાનઆત્મા ! પૂર્ણ શુદ્ધ આનંદઘન (છે) તેની અનુભૂતિ કર ! એ બધાનો સાર છે, આહા..હા..! એમ છે, જોયું ? '**તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં,...**' આ..હા..હા..! સમજાય છે કાંઈ ? શુદ્ધ આત્માનો અનુભવ થતાં '**...શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.**' આ તો (ચાલતા વિષયની) સાથે મેળવવું છે ને ! આહા..હા..! જાણનારો જણાઈ ગયો ! આહા..હા..! (અહીંયાં) દ્રવ્યશ્રુત નહિ–શાસ્ત્રજ્ઞાન નથી (કહેવું). શાસ્ત્રજ્ઞાન છે એ તો પરલક્ષી છે. એને તો શબ્દજ્ઞાન કહ્યું છે. એ આત્મજ્ઞાન નથી, આ..હા..હા..!

ભાવશ્રુત (એટલે) નિર્મળ મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા આત્માને જાણે, એ અનુભૂતિ કરવાનું ભગવાને બાર અંગમાં કહ્યું છે. આહા..હા..! ચાર અનુયોગનો સાર વીતરાગતા કહ્યું છે ને ? (પંચાસ્તિકાય સંગ્રહ-૧૭૨ ગાથા). ઓ..હો..હો..! શું શૈલી !! ચારે કોરથી જુઓ તો (સત્ય ઊભું થાય છે) ! એમાં અનુભૂતિ તે વીતરાગી પર્યાય છે અને તે અનુભૂતિ વીતરાગ જિનસ્વરૂપી પ્રભુ (આત્મા)ના આશ્રયે થાય છે, આહા..હા..! એવી આત્માની અનુભૂતિ જેને થઈ... આહા..હા..! એને હવે શાસ્ત્ર ભણવા–એવું કોઈ બંધન નથી, આ..હા..હા..! સમજાણું કાંઈ ? જે જાણનારો ભગવાન (છે) એ એને અંદરથી જણાઈ ગયો, આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ !

પ્રભુ ! જ્ઞાન અને આનંદ (આદિ) અનંત ગુણોનો સાગર, પ્રભુ ! એવી જે સામાન્ય વસ્તુ એટલે કે ગુણ-પર્યાયના ભેદ વિનાનું (અને) રાગના સંબંધ વિનાનું, એવું આત્માનું જેને અંદર જ્ઞાન થયું–અનુભૂતિ થઈ, હવે (તેને શાસ્ત્ર ભણવાની) અટક નથી. (પણ એવો) વિકલ્પ આવે, વાંચે, સાંભળે, વિચારે.. આહા..હા..! એ અનુભૂતિ થઈ (એટલે) તેણે હવે મોક્ષનાં બીજડાં વાવ્યાં ! આ..હા..હા..! બહુ આકરું કામ (છે). સવારે પણ એવું હતું અને અત્યારે આ (આવ્યું). બહુ વાત (કઠણ છે), બાપા ! વસ્તુસ્થિતિ (અને) પરમાત્માની વાણી (એવી છે) ! આ..હા..હા..!

શ્વેતાંબર શાસ્ત્રો કાંઈ ભગવાનનાં કહેલાં નથી. શું કહીએ ? કલ્પિત કરેલાં છે. એને દુઃખ લાગે પણ આ તો બાપુ ! સત્યની વાત છે, પ્રભુ ! આ..હા..હા..!

આ તો વીતરાગી વાણી...! સંતો...! વીતરાગી સંતો...! આ..હા..હા..! દિગંબર મુનિઓ જંગલવાસી...! એના શ્લોકો છે અને એની આ ટીકા છે, આ..હા..હા...!

અહીં કહે છે કે, (જેને) અનુભૂતિ થઈ (એને) હવે શાસ્ત્ર વિશેષે ભણવા, ઉઘાડ થાય – એવી કોઈ અટક નથી–બંધન નથી, આહા..હા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો એમ કહ્યું કે, સામાન્યથી વિશેષ બળવાન છે. એ તો (એ) અપેક્ષાએ (કહ્યું છે કે) જેને શાસ્ત્ર ભણવું જ નથી અને પ્રમાદમાં રહેવું છે, એને એ કહે છે. આહા..હા..! ચારે કોર શૈલી તો જુઓ ! આ..હા..હા..!

ભગવાન અંદર ચૈતન્યઘન પ્રભુ ! જિનસ્વરૂપી ! વીતરાગમૂર્તિ ! અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ ! (છે). આ..હા..હા..! જેમ કંદમૂળમાં મૂળ (હોય) છે ને ? શું કહેવાય એને ? મૂળા.. મૂળા.. મૂળામાં ધોળો કંદ છે ને (એ) કસવાળો છે. એ કાંદો છે એમાં અનંત જીવ છે. એક રજકણમાં અનંત જીવ છે. (એ) કંદ.. કંદ છે. એમ ભગવાન(આત્મા) અનંત આનંદનો કંદ છે. એને જેણે અંતરમાં અંતર્મુખ થઈને (જાણ્યો એ અને કેવળી બન્ને સમાન છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીંયાં '**विजानाति**' શબ્દ છે. (બીજે ઠેકાણે) '**अभिगच्छइ**' (શબ્દ છે). આહા..હા..! જેણે વર્તમાન નિર્મળ ભાવશ્રુતજ્ઞાન (દ્વારા) આત્માની સન્મુખ થઈને આત્માને જાણ્યો, અહીં કહે છે કે જેણે ભાવશ્રુત દ્વારા આત્માને '**विजानाति**' (એટલે કે) જાણ્યો (અને) કેવળીએ આત્માને જાણ્યો, બન્ને એ અપેક્ષાએ સરખા છે, આ..હા..હા..! વિશેષ (ટીકામાં) કહેશે. આ તો હજી (સામાન્ય અર્થ કહે છે).

ભાઈ ! આ કાંઈ કથા–વાર્તા નથી. આ તો ત્રણલોકના નાથ વીતરાગની વાણી (છે). (જેને) ઇન્દ્રો સાંભળવા (આવે) અને એકાવતારી ઇન્દ્રો સાંભળવા આવે (છે) ! આ..હા..હા..!

(અહીંયાં એ કહે છે) '**...કેવળજ્ઞાનીમાં અને શ્રુતજ્ઞાનીમાં તફાવત નથી એમ દર્શાવીને વધારે જાણવાની ઇચ્છાના ક્ષોભને નષ્ટ કરે છે).**' આહા..હા...! ગાથા...! બહુ ગાથા સારી આવી છે ! 'ભાવનગરવાળા' રવિવારે આવે ત્યારે આવું બધું (આવે છે) ! આ..હા..હા..! ગાથા :--

**जो हि सुदेण विजाणदि अप्पाणं जाणगं सहावेण**
**तं सुदकेवलिमिसिणो भणंति लोगप्पदीवयरा ।।३३।।**

નીચે હરિગીત :–

**શ્રુતજ્ઞાનથી જાણે ખરે જ્ઞાયકસ્વભાવી આત્મને,**
**ઋષિઓ પ્રકાશક લોકના શ્રુતકેવળી તેને કહે. ૩૩.**

'અન્વયાર્થ' લઈએ. પહેલા શબ્દાર્થ (આપ્યો) છે ને ? શબ્દાર્થ લેતા નથી પણ આમાં (લઈએ). **[यः हि] જે ખરેખર.** '**हि**' છે ને '**हि**' ? (એટલે ખરેખર). '**य**' એટલે 'જે'. '**यः हि**' આ..હા..હા..! '**જે ખરેખર શ્રુતજ્ઞાન વડે**' (એટલે) અંતરના ભાવશ્રુતજ્ઞાન દ્વારા. '**[स्वभावेन ज्ञायकं]**' '**સ્વભાવથી જ્ઞાયક**' એવો જે આત્મા. સ્વભાવથી (એટલે) સહજ સ્વભાવથી જ્ઞાયક–જાણક સ્વભાવ એવો આત્મા. એને જે જાણે છે, '**[विजानाति]**' છે ને ? એટલે કે શાસ્ત્ર--શ્રુતથી જાણ્યું કે, આત્મા છે–એમ નહિ. શબ્દોથી જાણ્યું કે–આ આત્મા, એમ નહિ. (પરંતુ) '**विजानाति**' ! આ..હા..હા..! એની નિર્મળ શ્રુતજ્ઞાનની પર્યાય દ્વારા જેણે જાણ્યું (એમ કહે છે). આ..હા..હા..! અરે..રે..! કેવળીના વિરહ પડ્યા પણ કેવળીની વાણી રહી ગઈ ! આહા..હા..!

એ (શ્રુતજ્ઞાન વડે જે) આત્માને જાણે છે તેને '**[लोकप्रदीपकराः]**' '**લોકના પ્રકાશક**' લોકનો પ્રકાશ કરનારા સંતો–ઋષીશ્વરો (એટલે) કેવળીઓ અને તીર્થંકરો, તેને 'શ્રુતકેવળી' કહે છે. આ તો શબ્દાર્થ થયો, આહા..હા..! હવે એની ટીકા. ટીકા છે ને ?

'**જેમ ભગવાન,...**' પાઠમાં તો એક જ વાત છે, ભાઈ ! કે, જેણે '**सुदेण**' (એટલે કે) ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માને જાણ્યો તે શ્રુતકેવળી છે. (આ) પાઠ (છે). પણ ટીકાકાર હવે એને (શ્રુતજ્ઞાનીને) ભગવાન સાથે મેળવે છે. સમજાણું કાંઈ ? પાઠ તો આટલો છે–'**जो हि सुदेण विजाणदि**' '**विजाणदि**' (એટલે) જેવો છે તેવો ભાવશ્રુતજ્ઞાનમાં જણાયો, આ..હા..હા..! '**अप्पाणं**' (એટલે) આત્માને–જાણકસ્વભાવને જાણ્યો, આ..હા..હા..! '**तं सुदकेवलिमिसिणो भणंति**' તેને સંતો શ્રુતકેવળી કહે છે. ઋષિઓ–મુનિઓ (આમ કહે છે). અન્ય મતના ઋષિની વાત નથી હોં...! અહીંયાં ઋષિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે (એટલે) મુનિ, સાચા સંત–જૈનના સંતો–આત્માના આનંદના અનુભવીઓ, (એવા) ઋષિઓ, જેણે ભાવશ્રુતથી આત્માને જાણ્યો તેને 'શ્રુતકેવળી' કહે છે, આ..હા..હા..! છે ટીકામાં ? ૩૩ (ગાથાની) ટીકા.

'**જેમ ભગવાન, યુગપદ્,...**' આ તો ટીકાકાર પોતે ભગવાનની સાથે શ્રુતકેવળીને મેળવે છે. જેમ ભગવાન કેવળી પરમાત્મા '**...યુગપદ્ પરિણમતા,...**' (અર્થાત્) એને તો એક સમયમાં બધું પરિણમન એકસાથે છે. ભગવાનને તો એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણવું (થાય છે). 'ક' એમ બોલીએ એમાં અસંખ્ય સમય જાય. એવા એક સમયમાં ભગવાન અરિહંત કેવળી યુગપદ્ ત્રણકાળ ત્રણલોક જાણે છે, આહા..હા..! એવા (ભગવાન) '**...યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા,...**' (એટલે કે) ચૈતન્યની વિશેષ દશાવાળા, '**...કેવળજ્ઞાન વડે,...**' ચૈતન્યના વિશેષોવાળા કેવળજ્ઞાન (વડે), આહા..હા..! 'સામાન્ય' પછી કહેશે.

અહીંયાં તો ચૈતન્યના વિશેષો એ કેવળજ્ઞાન (છે, એમ કહેવું છે). ચૈતન્યની વિશેષ દશા–વિશેષપણું એવું જે કેવળજ્ઞાન (તેની વાત કરે છે). છે (અંદર) ? એ વડે (એટલે) એ (કેવળજ્ઞાન) વડે ભગવાન કોને જાણે છે ? '**...અનાદિનિધન-**' નીચે (અર્થ આપ્યો) છે. 'અનાદિ-અનંત. (ચૈતન્યસામાન્ય આદિ તેમ જ અંત રહિત છે).' શું કીધું ? ચૈતન્યના વિશેષો દ્વારા એટલે કેવળજ્ઞાન દ્વારા સામાન્ય એવા આત્માને જાણે છે.

'સામાન્ય' એટલે શું ? કે, ત્રિકાળી (આત્મ) વસ્તુ. આ તો વિશેષ અવસ્થા થઈ. કેવળજ્ઞાન તો ચૈતન્યની વિશેષ દશા થઈ. પણ તે વિશેષ દ્વારા જાણે છે કોને ? કે, ત્રિકાળી જે ભગવાન આત્મા અનાદિ--અનંત (છે, તેને જાણે છે). આહા..હા..! અનાદિ (એટલે) આદિ નહિ (અનંત એટલે) અંત નહિ, એવો જે અંદર આત્મા–વસ્તુ પ્રભુ (છે, તેને જાણે છે). છે ?

'**...નિષ્કારણ-**' (એટલે) જેનું કોઈ કારણ નથી. (એવી) સ્વયંસિદ્ધ વસ્તુ–સામાન્ય–જ્ઞાયકપ્રભુ. જ્ઞાન (સ્વભાવ) – જ્ઞાયકસ્વભાવ સ્વરૂપ આત્મા સ્વયંસિદ્ધ (છે). કોઈ એનો કર્તા છે, કોઈએ એને બનાવ્યો છે, એમ નથી. આહા..હા..! સ્વયંસિદ્ધ આત્મા–જ્ઞાયક સ્વયંસિદ્ધ આત્મા ! આ..હા..હા..! નિષ્કારણ (છે). કોઈપણ કારણથી થયેલો નથી, આહા..હા..! અનાદિ-અનંત સ્વતઃ ચીજ સત્ છે.

'**...અસાધારણ-**' (એટલે) જે બીજા કોઈ દ્રવ્યમાં નથી એવું. જ્ઞાન કહેવું છે ને ! (એટલે 'અસાધારણ' કહ્યું), આ..હા..હા..! આત્મા જ્ઞાયકસ્વભાવ એવો છે કે, આ જે જ્ઞાયકસ્વભાવ છે, એ બીજા કોઈ દ્રવ્યમાં નથી. છે ? આવી વાતો ! એક–એક શબ્દે (ગંભીરતા ભરી છે) ! અસાધારણ એટલે કે પોતામાં એવો અનાદિ-અનંત જ્ઞાયકસ્વભાવ–સ્વરૂપ (છે).

'**...સ્વસંવેદ્યમાન,...**' સ્વ નામ પોતાથી વેદાતું–અનુભવાતું હોવાથી. સ્વસંવેદ્યમાન–સ્વ નામ પોતે પોતાથી વેદાતો હોવાથી. એવું '**...ચૈતન્યસામાન્ય,...**' આ..હા..હા...! પહેલાં (જે) કેવળજ્ઞાન (કહ્યું) એ ચૈતન્યની વિશેષદશાઓ છે. અને આ ચૈતન્ય કાયમ છે એ સામાન્યસ્વરૂપ ધ્રુવ છે, આ..હા..હા...! આવી વાર્તા–ઉપદેશ ! નવા માણસ હોય (એવા) લોકોને એવું લાગે કે, શું આ તે ધર્મ ક્યો ? ક્યાંથી કાઢ્યું આવું ? અરે પ્રભુ ! ધર્મ તો અનાદિનો આમ જ છે. આહા..હા..! સાંભળવા મળ્યો ન હોય માટે કાંઈ નવો છે, એમ છે ? અરે પ્રભુ ! માર્ગ તો અલૌકિક છે ! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં શું કહેવું છે ? કે, ચૈતન્યવિશેષવાળી એવી જે કેવળજ્ઞાનપર્યાય (છે) એ વડે શું જાણ્યું ? કે, **અનાદિનિધન**–અનિધન એટલે અંત નહિ (એવું અનંત). **નિષ્કારણ**–સામાન્ય–જ્ઞાયક (સ્વરૂપ) જેને વિશેષે (પર્યાયે) જાણ્યું, એવું જે સામાન્ય (સ્વરૂપ). (**નિષ્કારણ**) કોઈ કારણ વિનાનું. **અસાધારણ**– (જે) બીજામાં ન હોય એવું. **સ્વસંવેદ્યમાન**–(એટલે) પોતે પોતાથી વેદી શકાય એવું (સ્વરૂપ જાણ્યું).

(આવો) '**ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે,...**' આ..હા..હા..! શું કીધું આ ? કેવળજ્ઞાન(રૂપ) વિશેષ સ્વભાવ વડે એટલે પર્યાય વિશેષ દ્વારા અનાદિ–અનંત, અસાધારણ, નિષ્કારણ, સ્વસંવેદનમયી સામાન્ય વસ્તુ તેને કેવળી જાણે છે, આહા..હા..! છે ? '**...જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી,...**' (ચેતક એટલે) ભગવાનઆત્માનો ત્રિકાળ દર્શક–જ્ઞાયક સ્વભાવ. આહા..હા..! (એવા) '**...ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (-એકલો,..)**' આ..હા..હા..! જેમાં રાગ તો નથી પણ વિશેષ કેવળજ્ઞાનની પર્યાય પણ જેમાં નથી, એવો એકલો–સામાન્ય (સ્વભાવ છે), આહા..હા..! અરે..! આ શું પણ...?

'**...ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે,...**' (એટલે કે) ત્રિકાળ દર્શન–જ્ઞાન સ્વભાવ વડે '**...એકપણું હોવાથી,...**' એ એકસ્વરૂપે છે, આ..હા..હા..! '**...જે કેવળ (-એકલો, નિર્ભેળ...)...**' જેમાં પર્યાયનો ભેદ નથી, આ..હા..હા..! એવું ચૈતન્ય ધ્રુવ તત્ત્વ પ્રભુ ! જ્ઞાયક અને દર્શન સ્વભાવરૂપ એકરૂપ '**...(નિર્ભેળ, શુદ્ધ, અખંડ)...**' ત્રિકાળી પ્રભુ તો શુદ્ધ છે. અખંડ છે– જેમાં પર્યાયનો પણ ખંડ નથી, આ..હા..હા..! સામાન્ય ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપી અનાદિ–અનંત નિષ્કારણ એકલું સ્વરૂપ જેનું છે એવા ચૈતન્યસ્વભાવની મહિમાવાળો પદાર્થ (છે).

આહા..હા...! '**...એવા આત્માને,...**' કેવળી (જાણે છે). કેવળજ્ઞાન વિશેષ સ્વભાવ છે. કેવળજ્ઞાન કંઈ સામાન્ય સ્વભાવ નથી. સામાન્ય તો ત્રિકાળ (સ્વભાવ) છે. કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે–વિશેષ છે, આહા..હા..! એ કેવળજ્ઞાનની પર્યાય વિશેષ છે તે દ્વારા અનાદિ-અનંત, નિષ્કારણ– સહજ સ્વસંવેદન (સ્વરૂપ) ચૈતન્યસામાન્ય ! આહા...! '**...એવા આત્માને,...**' આવા આત્માને '**...આત્માથી,...**' આ..હા..હા..! '**...આત્મામાં અનુભવવાને લીધે કેવળી છે;...**' આ તો હજી કેવળીની વ્યાખ્યા કરી.

પરમેશ્વર જિનેશ્વરદેવ(ને) એક સમયનું જે વિશેષ (કેવળ)જ્ઞાન પ્રગટ્યું છે, એ વિશેષ દ્વારા સામાન્યને–એકરૂપતાને,... આ..હા..હા..! એવા આત્માને આત્માથી (એટલે) સ્વભાવથી, આત્મામાં (એટલે) સ્વભાવમાં અનુભવવાને લીધે કેવળી છે. બહુ ગાથા ઊંચી આવી છે ! આ..હા..હા..! શું કીધું ? જે ભગવાનઆત્મા અનાદિ-અનંત, નિષ્કારણ, અસાધારણ (એટલે) એવા ગુણ બીજામાં નથી, ત્રિકાળ સ્વસંવેદન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે (એટલે) જાણન– દેખન સ્વભાવ વડે એકપણું હોવાથી–અંદર ભગવાન (આત્મા) એકસ્વરૂપે છે, આ..હા..હા..! આવી વાતું હવે ક્યાં (સાંભળી હોય) ? (આ તો) પરમાત્મા જિનેશ્વરદેવની વાણી છે, પ્રભુ ! અરે..! અરે..! (પરંતુ) અત્યારે ફેરફાર પડી ગયો. સત્ય વાતને પણ લોકો એકાંત કહે (છે) ! અને પોતાના તદ્દન એકાંત મિથ્યાત્વને અનેકાંત કહે !! અરે..રે...! પ્રભુ ! આહા..હા..!

વસ્તુ–આત્મામાં કેવળજ્ઞાન છે એ પર્યાય છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, ગુણ નથી. જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણ છે એ ત્રિકાળ છે. આત્મા ત્રિકાળ સામાન્ય છે અને કેવળજ્ઞાનની પર્યાય એક સમયની અવસ્થા છે. તેથી તે વિશેષજ્ઞાન વડે સામાન્ય ત્રિકાળી આત્માને (એટલે કે) ભેળસેળ વિનાના (આત્માને), એકલાને–આત્માને આત્માથી આત્મામાં (અનુભવે છે). આહા..હા...! '**...એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે કેવળી છે;...**' આ તો હજી આવા કેવળીની વ્યાખ્યા કરી. અરે.. પ્રભુ ! આ..હા..હા..! ભાષા તો સાદી છે, પ્રભુ ! તારા માહાત્મ્યનો તો પાર ન મળે, ભાઈ ! આહા..હા..! એવો જે ભગવાન એકરૂપ અખંડ તેને કેવળી જાણે છે, આહા..હા...! તેથી (એવા આત્માને) અનુભવવાને લીધે કેવળી છે. આ તો દૃષ્ટાંત કહ્યો. સિદ્ધાંત તો હવે કહેવો છે. ગાથામાં જે કહેવું છે એ તો હવે કહેવું છે, આહા..હા...!

(હવે કહે છે) '**...અમે પણ,...**' આ..હા..હા..! છે (અંદર) ? '**...અમે પણ,...**' ! (આ) પંચમ આરાના મુનિ (આમ કહે છે) !! (એક) હજાર વર્ષ પહેલા તો આ 'અમૃતચંદ્રાચાર્ય' થયા. બે હજાર વર્ષ પહેલાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' થયા. એ આચાર્ય પોતે કહે છે, આ..હા..હા..! '**...અમે પણ,...**' જેમ કેવળી વિશેષ (કેવળજ્ઞાન) વડે કરીને સામાન્યને જાણે છે, તેમ અમે પણ... આ..હા..હા..! આહા..હા..હા..! જુઓ ! આ સંતો ! જૈનના મુનિઓ આવા હોય !! આહા..હા..! આવી વાત છે, આહા..હા..! હજાર વર્ષ પહેલાં (થયેલાં) 'અમૃતચંદ્રાચાર્ય' મૂળ ગાથાની ટીકા કરે છે. ગાથા બે હજાર વર્ષ પહેલાંની છે. 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. ('સીમંધર') પ્રભુ પાસે જઈ, આઠ દિ' રહી, (અહીં) આવીને આ શાસ્ત્ર બનાવ્યા. એ ભગવાનનું કહેલું 'કુંદકુંદાચાર્ય(દેવે)' શાસ્ત્રમાં રચ્યું. એક હજાર વર્ષ 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત થયા ! આ..હા..હા...! જેમ દરિયાને કાંઠે પાણીની છોળું આવે, એમ મુનિને (પોતાની) દશામાં અતીન્દ્રિય આનંદની છોળું આવે છે ! આ..હા..હા..! બાપુ ! મુનિ કોને કહેવા ! ભાઈ ! આ..હા..હા..!

એક સ્થાનકવાસી સાધુએ 'ણમો લોએ સવ્વ સાહુણં'નો અર્થ એવો કર્યો કે, 'જુઓ ! આમાં ક્યાં કહ્યું છે કે જૈનના સાધુ(ને જ નમસ્કાર કર્યા છે) ?' અરે.. પ્રભુ ! એમ નથી, બાપુ ! વીતરાગમાર્ગના આવા અનુભવીઓ (મુનિઓ) છે, તે લોકમાં ગમે તે ઠેકાણે હોય, એમને અમે વંદન કરીએ છીએ, એમ કહે છે. અને હું તો એમાં વધારે કહું છું, '**ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં**' અરે.. બાપુ ! મારગડા જુદા ભાઈ ! આહા..હા..! એ ચોરાશીના અવતાર કરીને દુઃખી છે, એનાથી છૂટવાનો ઉપાય આ છે, પ્રભુ !

કેવળજ્ઞાનીએ જેમ આત્માને આત્માથી આત્મામાં જાણ્યો... આ..હા..હા..! એમ મુનિરાજ કહે છે, હજાર વર્ષ પહેલાંના સંત કહે છે... આ..હા..! '**...અમે પણ,...**' છે (પાઠમાં) ? '**પણ**' કેમ લીધું ? (કેમકે) જેમ ભગવાન (આત્માને જાણે) છે, એમ '**અમે પણ**' (જાણીએ છીએ) !

શ્રોતા :– 'ત્રિકાળવર્તી સવ્વ સાહુણં' એટલે શું ?

સમાધાન :– ત્રિકાળવર્તી એટલે ત્રણે કાળના સંતો આવા હોય, તેમને હું વંદન કરું છું, એમ એનો અર્થ છે. ભવિષ્યમાં થનારાને પણ હું તો અત્યારે વંદન કરું છું. એ 'ધવલ'માં પાઠ છે. આમ તો, 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં, ણમો ઉવ્વજ્જાયાણં, ણમો લોએ સવ્વ સાહુણં' (છે). (તેમાં) 'લોએ સવ્વ' એ શબ્દ બધાંને (બધાં પરમેષ્ઠીને) લાગુ પડે છે. એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાઠ છે. એ અંતઃ દીપક છે. જેમ 'ણમો લોએ સવ્વ સાહુણં' (બોલીએ છીએ) એમ પહેલેથી લેવું – 'ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આયરિયાણં, ણમો લોએ સવ્વ ઉવ્વજ્જાયાણં, ણમો લોએ સવ્વ સાહુણં' એવો પાઠ છે. હવે, એના ઉપરાંત 'ધવલ'માં એક 'ત્રિકાળવર્તી'નો પાઠ છે. 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં' એમ પહેલેથી લેવું – 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં' (એટલે) અરિહંતદેવો જે થયા, થાય છે અને થશે – એવા ત્રિકાળ(વર્તી) ભગવાનને હું નમન–વંદન કરું છું, આ..હા..હા..! 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં' – જે સિદ્ધ થઈ ગયા, (થાય) છે અને થશે–(એવા ત્રિકાળવર્તી સિદ્ધોને હું વંદન કરું છું). 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આયરિયાણં' – આચાર્ય પણ આ (દિગંબર ભાવલિંગી સંત) હોં ! બીજા–બીજા જૈન સિવાયના છે એ સાધુ છે જ નહિ. એ બધા અજ્ઞાની (છે).

(કોઈક) એમ કહેતું હતું કે, 'આમાં અમારા પણ સાધુ નાખો !' એમણે એમ કહ્યું કે, 'જુઓ ! આમાં 'ણમો લોએ સવ્વ સાહુણં' કહ્યું છે. અહીંયાં અત્યારે તો કોઈ સાધુ દેખાતા નથી. માટે અન્યમતીના પણ સાધુ લેવા !' એ વાત છે નહિ, બાપુ ! તને ખબર નથી, ભાઈ ! (સંવત) '૮૨(ની સાલમાં) મેં એને ખાનગીમાં કહ્યું,'બાપુ ! આ માર્ગ નથી. તમે આ જે ક્રિયાકાંડ કરો છો, પોસા વગેરે, પણ એ રાગ છે, એ ધર્મ નથી. એનાથી પુણ્યબંધ થશે.' માણસ નરમ (હતા). '૮૨ની વાત છે. કેટલા વર્ષ થયા ? ત્રેપન (થયા). અપાસરામાં અમારી પાસે ખાનગીમાં આવ્યા અને કહ્યું 'મહારાજ ! આ બધો ફેરફાર થઈ જશે !' મેં કહ્યું 'ફેરફાર થાય તો શું છે ? વાત તો આ છે. લાઓ તમારું 'જ્ઞાનસાગર' !' 'પુનાતર' થી છપાયેલું 'જ્ઞાનસાગર' છે. (મેં કહ્યું) 'જુઓ ! એમાં શું કહ્યું છે ? ચાર કારણે પુણ્ય--શુભ બંધાય. એ ચાર કારણ ક્યા ? જુઓ ! મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતા, ઝઘડારહિત ભાવ. એ શુભભાવ (છે). એ ભાવથી પુણ્ય બંધાય, ધર્મ (થાય) નહિ.' (કોઈ દિવસ) સાંભળેલું નહિ. પછી તો બિચારા સાંભળતા હતા. એ મનની સરળતા શુભભાવ (છે). એનાથી પુણ્ય બંધાય, ધર્મ નથી. દેખો ! આ 'પુનાતર'માંથી 'જ્ઞાનસાગર' છપાયું એમાં લખ્યું છે. નરમ માણસ (હતા). પછી કાંઈ બોલે નહિ.

આ તો બહારની ક્રિયા–દયા, વ્રત, તપ, ભક્તિ, પૂજા (કરે). (પણ) એ તો રાગ છે, બાપુ ! તને ખબર નથી. આ કરું... કરું... કરું... એ તો વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે. એ પુણ્ય બંધનનું કારણ છે. ધર્મ નથી.

અહીં તો કહે છે, જેમ કેવળી(એ)–કેવળજ્ઞાન(ની) વિશેષ દશા દ્વારા સામાન્ય (સ્વરૂપને) જાણ્યું... આ..હા..હા..! વિશેષ (શું) ને સામાન્ય શું ? ભાઈ ! વિશેષ છે એ પર્યાય છે. કેવળજ્ઞાન પર્યાય છે ને એ વિશેષ છે અને વસ્તુ છે એ ત્રિકાળી–સામાન્ય–ધ્રુવ છે. કેવળી ભગવાને એ વિશેષ દ્વારા સામાન્યને જાણ્યો.

હવે, આ આચાર્ય પોતે કહે છે, '**...અમે પણ,...**' આ..હા..હા...! '**...ક્રમે પરિણમતા,...**' (ઉપર કેવળજ્ઞાનીમાં) પહેલી લીટી(માં) '**યુગપદ્ પરિણમતા**' (કહ્યું) હતું. કેવળીને તો એક સમયમાં આખું–પૂરું પરિણમન છે. શ્રુતજ્ઞાનમાં એકસાથે આખું–પૂરું પરિણમન નથી. આહા..હા..! છે ? એની સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(મેળવીએ). (ઉપર) '**જેમ ભગવાન**' (કહ્યું) (તો અહીંયાં) '**તેમ અમે**', એ '**યુગપદ્ પરિણમતા**' છે તો આ '**ક્રમે પરિણમતા**' (છે). ક્રમે–ક્રમે (જાણે) છે. એક સમયમાં બધું એકસાથે પરિણમન નથી. (કેમકે) શ્રુતજ્ઞાન છે ને ! (અહીંયાં) '**ક્રમે પરિણમતા કેટલાક**' (તો ઉપર) '**યુગપદ્ પરિણમતા સમસ્ત**' (છે). યુગપદ્ પરિણમતા સમસ્ત–આમાં ક્રમે પરિણમતા કેટલાક (છે). આહા..! છે ને ? જુઓને અંદર ! આ..હા..હા..! બાપુ ! આ તો વીતરાગ પરમાત્મા(ની વાણી છે) ! આહા..હા..!

શ્રોતા :– દર્શન, જ્ઞાન ક્રમે–ક્રમે પરિણમે, એમ કહેવું છે ?

સમાધાન :– જ્ઞાન ક્રમે–ક્રમે (પરિણમે છે). એકસાથે–આખું (પરિણમતું નથી). અહીં (તો) જ્ઞાનની વાત છે ને ! જ્ઞાનમાં બધું પરિણમન એકસાથે નથી, એમ કહે છે. કેવળીને એક સમયમાં બધું (પરિણમન) છે. આ (શ્રુતજ્ઞાનીને) એક સમયમાં બધું (પરિણમન) નથી. બધું જાણવાની તાકાત (છે) ખરી ! પણ (અત્યારે) ક્રમે–ક્રમે (જાણે છે), આ..હા..હા..!

(અહીંયાં) '**ક્રમે પરિણમતા કેટલાક**' (છે)–(ઉપરમાં) '**સમસ્ત**' (છે). (ઉપરમાં) '**ચૈતન્યવિશેષોવાળા**' (છે) – અહીંયાં પણ '**ચૈતન્યવિશેષોવાળા**' (છે). આહા..હા..! શું કહે છે ? બાપુ ! આ તો ભગવાન ત્રિલોકનાથ(ની વાણી છે). આ..હા..હા...! આ કોઈ કથા–વાર્તા નથી, ભાઈ ! આહા..હા..! આ તો ભાગવત્–ભગવત્ સ્વરૂપ પ્રભુ (નિજ આત્માની) વાર્તા છે, નાથ ! અરે..રે...! એને મોંઘી પડે (પણ) ભાષા તો સાદી છે, આ..હા..હા..!

કેવળી પરમાત્મા '**...યુગપદ્...**' (એટલે) એકસાથે '**...પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે,...**' આ (આચાર્ય) કહે છે, '**...અમે પણ, ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા,...**' આ..હા..હા..! (ઉપર) કહ્યું '**કેવળજ્ઞાન વડે**' તો (અહીંયા કહે છે) અમે '**શ્રુતજ્ઞાન વડે**' (જાણીએ છીએ). અમને ભાવશ્રુતજ્ઞાન થયું છે એના વડે (જાણીએ છીએ). એ ભાવશ્રુતજ્ઞાન વિશેષ છે. સમજાય છે કાંઈ ? ભાષા તો સાદી છે, પ્રભુ ! તું સાદો અંદર એવો છો... આ..હા..હા..! પૂર્ણ હીરો–ચૈતન્યહીરો અંદર પડ્યો છે. જેની ચમકમાં અનંતા ગુણો ચમકે છે. એવું જે સામાન્ય તત્ત્વ એને અહીંયા કહે છે, અમે '**...શ્રુતજ્ઞાન વડે, અનાદિનિધન,...**' પહેલાંમાં (કેવળજ્ઞાનમાં) પણ 'અનાદિનિધન' હતું. છે ?

(હવે કહે છે) '**...નિષ્કારણ,...**' વસ્તુ જે સામાન્ય છે એ અનાદિ–અનંત છે. એ કારણ વિનાનું (છે). કોઈ એની ઉત્પત્તિ છે (કે) કોઈએ (ઉત્પત્તિ) કરી, એમ છે નહિ. એવો ધ્રુવ ભગવાનઆત્મા ! સામાન્ય (એટલે) પર્યાયના વિશેષ વિનાનો (છે). વિશેષ પર્યાય વડે સામાન્ય જણાય–વિશેષ વડે સામાન્ય જણાય, એ સામાન્યદ્રવ્ય કેવું છે ? આહા..હા..! કે, અનાદિ-અનંત નિષ્કારણ (છે). વસ્તુ છે એ કારણ વિનાની છે. 'છે' એ 'છે'. (કોઈ) ઈશ્વર કેવો ? ને કોઈ એનો કર્તા કેવો ? આ..હા..હા..!

'**...સ્વસંવેદ્યમાન,...**' સ્વ નામ પોતાથી અનુભવાય એવો. '**...ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે,...**' એ બધી ભાષા એક આવી. છે ને ? '**...અનાદિનિધન–નિષ્કારણ–અસાધારણ–સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે,...**' ત્યાં (ઉપર) પણ એવા શબ્દો (છે) ને અહીંયાં પણ એવા (શબ્દો છે). '**...તથા ચેતકસ્વભાવ વડે,...**' એમાં પણ એ હતું. ચેતકસ્વભાવ વડે (એટલે) દર્શન અને જ્ઞાન જેનો (સ્વભાવ છે). ત્રિકાળી જ્ઞાતા–દૃષ્ટા એનો સ્વભાવ છે, આ..હા..હા...! '**...એકપણું**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હોવાથી,...**' એમાં પણ એમ હતું – 'એકપણું હોવાથી'. સામાન્ય જ્ઞાન ત્રિકાળ (છે), દર્શન ત્રિકાળ (છે). (એવો) એ એકરૂપે છે. '**...એકપણું હોવાથી જે કેવળ (નિર્મળ) છે,...**' એમાં પણ એમ હતું– 'જે કેવળ નિર્મળ અખંડ છે', આહા..હા...!

'**...એવા આત્માને,...**' આ..હા..હા..! જુઓ ! આ મુનિઓ પોતે પોતાની વાત જાહેર કરે છે ! એમને કાંઈ માન જોઈતું નથી. આ તો વિકલ્પ આવ્યો (અને) ટીકા થઈ ગઈ છે, આહા..હા...! મને કોઈ ઓળખે–જાણે તો હું ટીકા કરું, એમ નથી. એને (માટે) પણ કહેશે કે, અરેરે...! આ ટીકા અમે કરી નથી, ભાઈ ! આ..હા..હા...! એ તો શબ્દ વડે થઈ ગઈ છે. અમે શબ્દના કરનારા નથી, પ્રભુ ! આ..હા..હા..! અમે તો જ્ઞાન (દ્વારા)–શ્રુતજ્ઞાનના વિશેષ દ્વારા ત્રિકાળી સામાન્ય અનાદિનિધન નિષ્કારણ સ્વસંવેદન(મય) એકરૂપ વસ્તુને અમે અનુભવીએ છીએ, આહા..હા..! કહો ! સમજાય છે કે નહિ ?

વાણિયાને વેપાર આડે નવરાશ ન મળે અને આવી વાતું...! આ..હા..હા...! ભાઈ...! નિવૃત્તિ લેવી પડશે, પ્રભુ ! અરે..રે...! ચોરાશીના અવતારમાં રખડે છે, ભાઈ ! આહા..હા..! રેલમાં કચરાઈને મરી જાય છે ! આહા..હા...! આવું તો અનંતવાર થયું (છે), બાપા ! આહા..હા...! અહીંયાં હમણાં થયું હતું ને ? એક જણ મરી ગયો. બસમાં કચરાઈને મરી ગયો ! આહા..હા...! કચરાઈને તરત મરી ગયો હતો. બસવાળો ઊભી રાખવા જાય ત્યાં... (તો) મોટરસાયકલવાળા બે જણા હતા. એમાં એક જણ (ત્યારે જ) મરી ગયો ! અને એક જણ (મરવાની) તૈયારીમાં હતો, આહા..હા...! (કોઈ) કણબી હતા. બાપુ ! એ સમયની અવસ્થા અને એ તરફડીયાં મારીને દેહ છૂટે...! આહા..હા...! કોઈ મા–બાપ, સ્ત્રી, છોકરા કોઈ નહિ, આહા..હા..! બાપુ ! તારાં આવાં મરણ અનંતવાર થયાં છે, આહા..હા..! એ જન્મ-મરણના (આવા) અવતારથી છૂટવું હોય તો ભવગાન (આત્મા) જે નિષ્કારણ અનાદિઅનંત ચૈતન્યવસ્તુ છે તેને ભાવશ્રુતજ્ઞાન દ્વારા જાણવો પડશે. આહા..હા...! દ્રવ્યશ્રુત (એવા) શાસ્ત્રથી પણ નહિ જણાય, આ..હા..હા...! શાસ્ત્રજ્ઞાન એ શબ્દજ્ઞાન છે. શબ્દજ્ઞાનથી ભગવાન જણાય એવો નથી, આ..હા..હા..!

આહા..હા...! '**અમે પણ**' કહીને (આચાર્ય મહારાજ) જગતને જાહેર કરે છે કે, મુનિ પણ શ્રુતકેવળી છે, આ..હા..હા..! જો કે, 'સમયસાર' ૯મી ગાથામાં તો '**सुदेणहिगच्छदि**' (એટલે) ભાવશ્રુત(જ્ઞાનથી) આત્મા(ને) જાણે તે શ્રુતકેવળી (છે). એ ચોથે ગુણસ્થાને પણ ત્યાં 'શ્રુતકેવળી' કહ્યું છે. નિશ્ચયથી તો એમ છે. આ તો મુનિ છે ! નગ્ન દિગંબર મુનિ અંદર આત્માના અનુભવી (છે). પંચમહાવ્રતના વિકલ્પ પણ તેનો સ્વભાવ નથી, એ તો રાગ છે, આહા..હા..!

'અમેરિકા'માં એક... હમણાં બહુ પડે છે, શું કહેવાય એ મોટું ? પ્લેન ! 'અમેરિકા'માં એક મોટું પ્લેન પડ્યું હતું. કેટલા માણસો (હતા)...! જંગલમાં પડ્યું ને બધાં મરી ગયા ! એક સત્તર વર્ષની છોકરી હતી, એ અસાધ્ય થઈ ગઈ. આમ જોવે ત્યાં મા--બાપ અને બધાં મરી ગયેલાં. જંગલમાં...! અને સર્પો અને વીંછી ને કેવા દેડકા કહેવાય એ ? વિષીલા–ઝેરીલા દેડકાઓ ! સત્તર વર્ષની જુવાન દીકરી ! આમ આંખ કરી ત્યાં... આ..હા..હા..! એ જંગલમાં અગિયાર દિવસ સુધી ફરી. ત્યાં માણસ નહિ, કોઈ નહિ. ત્યાં તેણે શું કર્યું હશે ? ક્યાં ખાધું હશે ? અગિયાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દિ' સુધી ફરી. પગમાં ઇયળ નીકળી. (એવા) જંગલમાં પગમાં ઇયળો પડી ! આ..હા..હા..! બારમા દિવસે જંગલમાં એને એક શિકારીની ઝૂંપડી મળી. શિકારીઓ આવતા હશે. એ ઝૂંપડી પાસે ઊભી રહી. અરે..રે..! ક્યાં જાવું ? ક્યાંય ગામ ન મળે, પચીસ-પચાસ (ગાઉ સુધી) ! અરે..રે..! પગમાં ઇયળો પડી, જીવડાં નીકળ્યાં ! આ..હા..હા..! એમાં (એ) શિકારી આવ્યા. (છોકરીને જોઈને કહ્યું) 'અરે..! બેન ! અહીંયાં ક્યાંથી તમે ?' જંગલ.. જંગલ... એકલા નાગ, સર્પ ને વીંછી ! (છોકરીએ કહ્યું) 'ભાઈ ! આ પ્લેન પડી ગયું છે અને અગિયાર દિવસથી ફરું છું.' શરીરમાં સોજા હતા. બધે કરડેલું એટલે સોજા.. સોજા.. સોજા... (થઈ ગયા હતા). આયુષ્ય છે ને એટલે એ લોકો બિચારા લઈ ગયા, આહા..હા..! છેટે ગામ હશે ત્યાં દવાખાને લઈ ગયા, આહા..હા..! જુઓ ! આ દશા ! અગિયાર દિવસ કેવી રીતે કાઢ્યા હશે !? જંગલ...! ઉપર આભ ને નીચે ધરતી ! ને વચમાં બધાં સર્પો, વીંછી ને દેડકા ઝેરીલા ! આહા..હા..! આયુષ્ય હતું એટલે (બચી ગઈ). (પણ) આખા શરીરે સોજા ! પગમાં ઇયળો નીકળી. પેલા શિકારી આવ્યા એને દયા આવી, અરર..ર..! આ..! એને લઈ ગયા શહેરમાં દવાખાને, આહા..હા..! એ વખતે ત્યાં એને શું થતું હશે ? અરે...! ક્યાં પાણી ? ક્યાં આહાર ? ક્યાંક એવા અજાણ્યા ફળ હશે એ ખાધાં હશે અને અગિયાર દિ' નભ્યા. આવા અવતાર થયા છે, બાપા ! આ..હા..હા..!

અહીં કહે છે કે, એ જન્મ–મરણથી છૂટવું હોય તો, પ્રભુ ! તારા ભાવશ્રુતજ્ઞાન દ્વારા તું ત્રિકાળી ભગવાનને જો ! એને જાણ (તો) તને સમકિત થશે ને તેનાથી જન્મ–મરણનો અંત આવશે. આહા..હા..! તારા જ્ઞાનની પર્યાયમાં તું પરને જ્ઞેય બનાવે છો, એ તો અનાદિથી બનાવ્યું, પ્રભુ ! એ કાંઈ તું નહિ. પણ જ્ઞાનની પર્યાયમાં (તું) તને–ત્રિકાળ (સ્વભાવને) જ્ઞેય બનાવ ! આ..હા..હા..! કઈ વાત આ તે !! ભગવાનની વાત છે, પ્રભુ ! આહા..હા..! ભગવાન, ભગવાન થવાની વાત કરે છે !! આહા..હા...!

આ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, '**...અમે પણ,** ક્રમે **પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા,...**' શ્રુતજ્ઞાન છે ને ! (એ) વિશેષ અવસ્થા (છે). કેવળજ્ઞાન જેમ વિશેષ (અવસ્થા) છે, તેમ આ પણ (વિશેષ અવસ્થા છે). (એવા) '**...શ્રુતજ્ઞાન વડે, અનાદિનિધન--નિષ્કારણ--અસાધારણ--સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે,...**' (એટલે કે) આત્મા એકરૂપ રહેનારો (છે). શ્રુતજ્ઞાન તો પર્યાય છે. કેવળજ્ઞાન પણ વિશેષદશા છે. એ વિશેષ વિનાનું '**...ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (નિર્ભેળ) છે એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ.**' આ..હા..હા..! આ જગતને કરુણાથી બતાવે છે, હોં ! આહા..હા..! અમે પણ શ્રુતકેવળી છીએ ! ભગવાને પણ કેવળ(જ્ઞાન)થી આત્માને જાણ્યો (એમ) અમે પણ શ્રુતજ્ઞાનથી આત્માને જાણ્યો. (માટે શ્રુતકેવળી છીએ). ભગવાને ત્રણકાળ ત્રણલોકને જાણ્યા એ વાત ન લીધી, આહા..હા..!

કેવળજ્ઞાનીએ વિશેષ દ્વારા સામાન્ય એવા આત્માને આત્માથી આત્મામાં જાણ્યો. એમ અમે પણ ભાવશ્રુતજ્ઞાન દ્વારા એવા જ અનાદિનિધન આત્માને આત્માથી (આત્મામાં) જાણ્યો (છે). એટલે કે રાગ અને વિકલ્પ વચ્ચે (આવ્યા) એનાથી જણાયો, (એમ) નહિ, આ..હા..હા..! એમ કહે (છે),

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વચ્ચે શુભરાગ તો આવે, પૂર્ણ ન (થાય ત્યાં સુધી), પણ એ રાગથી આત્મા જણાય નહિ, આહા..હા..! વ્રત અને તપનો વિકલ્પ હોય પણ એ રાગ છે, એનાથી આત્મા ન જણાય, આ..હા..હા..! સમજાણું કાંઈ ?

(આવા આત્માને) '**...અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ. (માટે) વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ;...**' વિશેષ જાણવાની અપેક્ષાથી ક્ષોભ થાય તેને બસ કરો ! '**अलं**' આહા..હા..! '**स्वरूपनिश्चलैरेवावस्थीयते**' આ..હા..હા...! '**अलं**' શબ્દ (સંસ્કૃતમાં) છે ને અંદર ? ભાઈ ! '**अलं**'– '**अलं**' એટલે બસ થાઓ...! સંસ્કૃતમાં છે ને ? સંસ્કૃત (ટીકામાં) છે. '**ક્ષોભથી બસ થાઓ**' એ '**अलं**' નો અર્થ છે, આ..હા..હા..! આ વાંચીએ, આ સાંભળીએ, આ કરીએ ને આ લખીએ – એ બધી આકાંક્ષાથી બસ થાઓ ! (એમ) કહે છે. અમે પણ આત્માને જાણ્યો ત્યાં ઠરીએ છીએ. એ વાત છે. બાકી બધું હવે ક્ષયોપશમજ્ઞાન ઓછું--વત્તું (હોય) એની સાથે કાંઈ (નિસ્બત નથી). (તેનાથી) બસ થાઓ...! છે (અંદર) ? '**...આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ; સ્વરૂપનિશ્ચળ જ રહીએ છીએ.**' સ્વરૂપનિશ્ચળ જાણીને અમે ત્યાં રહીએ છીએ, આહા..હા..! અમે અમારા ઘરમાં રહીએ છીએ. એ (વિશેષ આકાંક્ષાથી) બસ થાઓ ! બીજું હવે વિશેષ જાણવું હોય કે ન જાણે... એનો ભાવાર્થ કહેશે....

❀ ❀ ❀

## (તા. ૫-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૩૦)

(પ્રવચનસાર) ૩૩મી ગાથાનો ભાવાર્થ. શું કહે છે ? કે, '**ભગવાન સમસ્ત પદાર્થોને જાણે છે તેથી કાંઈ તેઓ 'કેવળી' કહેવાતા નથી,...**' આ..હા..હા...! કેવળી ભગવાન સર્વ પદાર્થને જાણે છે માટે તે કેવળી કહેવાતા નથી. '**...પરંતુ કેવળ અર્થાત્ શુદ્ધ આત્માને જાણતા-,...**' ભગવાન– આત્મા ! શુદ્ધ ચૈતન્ય વસ્તુ તેને '**...જાણતા–અનુભવતા હોવાથી તેઓ 'કેવળી' કહેવાય છે.**' આહા..હા..! કેવળી સર્વજ્ઞ પરમાત્મા લોકાલોકને જાણે છે, માટે 'કેવળી' કહેવાય છે, એમ નથી. આહા..હા...! કારણ કે લોકાલોકને જાણે છે એમ કહેવું એ તો વ્યવહાર છે, આ..હા..હા...! પણ પોતાનો ભગવાન આત્મા ! અનંત.. અનંત.. ગુણનો દરિયો–સાગર પ્રભુ ! એને તે જાણે છે માટે 'કેવળી' કહેવાય છે. કેવળ (અર્થાત્) એકલો ભગવાનઆત્મા જ્ઞાનમાં જણાય છે માટે તેને 'કેવળી' કહેવામાં આવે છે, આ..હા..હા..!

'**કેવળ (--શુદ્ધ) આત્માને જાણનાર,...**' હવે કહે છે કે, ભગવાન સર્વજ્ઞ પ્રભુ પોતાનો એકલો પૂર્ણ શુદ્ધ આત્મા તેને જાણે (છે) માટે કેવળી (કહેવાય છે). કેવળ એકને જાણે માટે કેવળી (છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા..! એ પ્રમાણે '**...કેવળ (--શુદ્ધ) આત્માને જાણનાર,...**' (અર્થાત્) શુદ્ધ સ્વરૂપ જે આત્મા એકલા ધ્રુવ સામાન્ય ત્રિકાળને જાણનાર, '**–અનુભવનાર શ્રુતજ્ઞાની પણ 'શ્રુતકેવળી' કહેવાય છે.**' આ..હા..હા...! ઝીણી વાત છે, આહા..હા...!

'કેવળી' ! કેવળ પૂર્ણ આત્મા જે અનંત શુદ્ધ ગુણનો પિંડ (છે) તેને જાણે (છે) માટે 'કેવળી' કહેવાય છે, આ..હા..હા..! એમ શ્રુતકેવળી (કે, જે) નીચલા દરજ્જામાં (--ગુણસ્થાનમાં) છદ્મસ્થ (છે) પણ કેવળ શુદ્ધ ભગવાન પૂર્ણાનંદને જ્ઞેય બનાવીને જાણે છે. આહા..હા..! (આવા શુદ્ધ આત્માને જાણનાર) કેવળી જેવો (છે). છે (અંદર) ? '**...શ્રુતજ્ઞાની પણ 'શ્રુતકેવળી' કહેવાય છે.**' આ..હા..હા..! ભાવશ્રુતજ્ઞાન.. હોં ! શબ્દો–દ્રવ્ય (શ્રુતજ્ઞાન) નહિ. ભાવશ્રુતજ્ઞાન છે એ રાગ વિનાનું (છે). ત્રિકાળી સ્વભાવ તરફ ઝૂકેલું એવું ભાવશ્રુતજ્ઞાન તેમાં શ્રુતજ્ઞાની કેવળ પૂર્ણ (શુદ્ધ સ્વભાવને) જાણે છે, માટે તેને 'શ્રુતકેવળી' કહેવાય છે, આહા..હા..! આવું છે.

(હવે કહે છે કે) '**કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત એટલો છે,..**' આ..હા..હા..! નીચેના (ગુણસ્થાને) શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણે છે, તેથી તેને 'શ્રુતકેવળી' કહેવામાં આવે છે. ભાવશ્રુત(જ્ઞાનથી) કેવળ–એકલા–પૂર્ણ આત્માને જાણે છે માટે 'શ્રુતકેવળી' કહેવામાં આવે છે. આહા..હા..! ત્યારે (કહે છે કે) બન્નેમાં ફેર કેટલો ? આ..હા..હા...! આવો વિષય...! '**કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત એટલો છે કે–કેવળી જેમાં ચૈતન્યના સમસ્ત વિશેષો,...**' ચૈતન્યના સમસ્ત વિશેષો !! કે જે '**...એકીસાથે પરિણમે છે,...**' આહા..હા...! ભગવાન પરમેશ્વર કેવળીને ચૈતન્યના વિશેષો પૂર્ણ એકીસાથે પરિણમે છે, આ..હા..હા...! '**...એવા કેવળજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે અને શ્રુતકેવળી જેમાં ચૈતન્યના કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે,...**' આ..હા..હા...! કેવળજ્ઞાનીને પર્યાયમાં (ચૈતન્યના) વિશેષો એકસાથે પરિણમે છે. (એટલે કે) પૂરા આત્માને જાણે છે, આહા..હા...! અને શ્રુતકેવળીને કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે. કારણ કે કેવળ પ્રત્યક્ષ પૂરું જ્ઞાન નથી ને ! આહા..હા..! (એટલે ક્રમે પરિણમે છે).

'**...કેટલાક વિશેષો,...**' એટલે ? જ્ઞાનની પર્યાયના કેટલાક વિશેષો. '**...ક્રમે પરિણમે છે,...**' આહા..હા..! આવો અધિકાર આવ્યો ! ધર્મી જીવને (એટલે) નીચેના દરજ્જાવાળા (ગુણસ્થાનવાળા) જીવને આત્માના ચૈતન્યના વિશેષો–પ્રકારો–ભેદો ક્રમે પરિણમે છે. છે ? આ..હા..હા..! '**...એવા શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે;...**' એકલા આત્માને (અનુભવે છે). કેવળજ્ઞાનીને કેવળજ્ઞાનના વિશેષો એક સમયમાં પૂરા પરિણમે છે (એટલે કે) જાણે છે. અને શ્રુતકેવળીને ચૈતન્યના વિશેષો (ક્રમે પરિણમે છે). સામાન્ય તો ત્રિકાળ છે. (પરંતુ) તેના વિશેષો ક્રમે--ક્રમે જાણતા હોવાથી–ક્રમે-ક્રમે પરિણમતા હોવાથી, '**...એવા શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે,...**' આ.હા..હા...!

કેવળીપ્રભુ, ચૈતન્યસામાન્ય જે એનો સ્વભાવ (છે) તેને પૂર્ણ વિશેષોથી જાણે છે. તેના વિશેષોની પરિપૂર્ણતાથી તેને (ચૈતન્યસામાન્યને) જાણે છે.

શ્રોતા :– આ અવિભાગ પ્રતિચ્છેદની વાત છે ?

સમાધાન :– વિશેષદશાની વાત છે. એ (અવિભાગ પ્રતિચ્છેદની) અહીંયાં વાત નથી. અહીં કહ્યું ને ! ભાષા તો બધી આવે છે. કેવળી પરમાત્માના જ્ઞાનના વિશેષો એકસાથે પરિપૂર્ણપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણમે છે. વિશેષો (પરિણમે છે) ! અને શ્રુતકેવળીને જ્ઞાનના વિશેષો ક્રમે પરિણમે છે, આ..હા..હા...! અલૌકિક વિષય છે, બાપા ! આ..હા..હા...! છે ? ફરીને (લઈએ).

'...**(કેવળી અને શ્રુતકેવળીમાં) તફાવત એટલો છે કે–કેવળી જેમાં ચૈતન્યના સમસ્ત વિશેષો,...**' (વિશેષો એટલે) પર્યાયો, '**...એકીસાથે પરિણમે છે,...**' (એટલે) પૂર્ણ (પરિણમે છે). '**...એવા કેવળજ્ઞાન વડે...**' અહીં કેવળજ્ઞાન વડે (કહ્યું એટલે) પૂર્ણ વિશેષોપણે પરિણમે છે એવા કેવળજ્ઞાન વડે આત્માને જાણે છે. અલૌકિક વાતું છે, બાપા ! આ..હા..હા....!

'**...અને શ્રુતકેવળી,...**' નીચેના (ગુણસ્થાને રહેલાં) સમ્યક્દૃષ્ટિ, સમ્યક્જ્ઞાની શ્રુતજ્ઞાન વડે, '**...(જેમાં ચૈતન્યના) કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે,...**' આ..હા..હા...! (અર્થાત્) એક સમયમાં ચૈતન્યના વિશેષો પૂર્ણપણે (પરિણમે) એવું એને નથી. તેથી ચૈતન્યના વિશેષો ક્રમે–ક્રમે પરિણમે છે, આહા..હા...! '**...એવા શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે,...**' ભલે કેવળી ચૈતન્યના સમસ્ત વિશેષો વડે (આત્માને) જાણે છે અને શ્રુતજ્ઞાની જ્ઞાનના ક્રમે પરિણમતા વિશેષો વડે આત્માને જાણે છે, આ..હા..હા...! જુઓ ! આ ધર્મની દૃષ્ટિ ! આ..હા..હા...! ગજબ વાત છે !!

શ્રોતા :– 'કેટલાક' અને 'ક્રમે' (એમ) બે શબ્દ છે.

સમાધાન :– કેટલાક ક્રમે છે ને ! બધાં ક્યાં એકસાથે પરિણમે છે ? પૂર્ણ કેવળજ્ઞાન ક્યાં છે ! કેટલાક પરિણમે છે (એમ પહેલાં કહ્યું) પછી ક્રમે પરિણમે છે, એમ કહે છે, આહા..હા...! કેવળજ્ઞાનીને કેવળજ્ઞાનના વિશેષો એકસાથે પૂરા–પૂર્ણ પરિણમે છે. તે પૂર્ણ પરિણમે છે, તેના દ્વારા આત્માને જાણે છે અને શ્રુતજ્ઞાનીને કેટલાક (વિશેષો) ક્રમે પરિણમે (છે). બધાંનું એકસાથે એને પરિણમન નથી. એટલે કેટલાક ક્રમે પરિણમે છે તે દ્વારા આત્માને જાણે છે, આ..હા..હા...! વિષય તો એવો આવ્યો છે... ! સમજાય છે કાંઈ ? આ..હા..હા...!

(શ્રુતજ્ઞાનીને) '**...વિશેષો ક્રમે પરિણમે છે,...**' એકસાથે પરિણમતા (નથી). કેવળ(જ્ઞાનનું) જેવું પૂર્ણ પરિણમન છે એવું અહીંયાં પરિણમન નથી, એમ (કહેવું છે). છતાં શ્રુતજ્ઞાની પરોક્ષપણે પૂર્ણ જાણે (છે), એમ કહેવાય. પણ એ ક્રમે પરિણમતા (વિશેષો દ્વારા) પૂર્ણને જાણે (છે). સમજાણું કાંઈ ? આ..હા..હા...!

શ્રોતા :– કેટલાક એટલે કુછ–થોડે, એમ કહેવું છે ?

સમાદાન :– કેટલાક એટલે કેવળજ્ઞાનને છે એવાં બધાં પૂર્ણ ચૈતન્યના વિશેષો છે, એવા પૂર્ણ વિશેષો (શ્રુતજ્ઞાનીને) ક્યાં છે ! કેવળજ્ઞાનીને એક સમયમાં પૂર્ણ વિશેષો (પરિણમે) છે, એટલા પૂર્ણ વિશેષો શ્રુતજ્ઞાનમાં ક્યાં છે ! છદ્મસ્થ છે ને ! આ..હા..હા..! અલૌકિક વાતું છે, બાપુ ! આહા..હા...! પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગનો માર્ગ બહુ ઝીણો, ભાઈ ! આ..હા..હા...!

કેવળજ્ઞાની પરમાત્મા(ને) છે તો એક સમયની પર્યાય, પણ પૂર્ણ વિશેષ છે અને શ્રુતકેવળીને કેવળજ્ઞાનનો પૂર્ણ પર્યાય નથી, માટે કેટલાક (વિશેષો) ક્રમે પરિણમે છે. પણ કેટલાક ક્રમે પરિણમે (છે) તે દ્વારા આત્માને જાણે છે. (કેવળજ્ઞાની) પૂર્ણ સમસ્ત એકસાથે વિશેષ પરિણમે છે તે દ્વારા જાણે છે અને આ (શ્રુતજ્ઞાની) ક્રમે પરિણમતા કેટલાક જ્ઞાન(વિશેષો) દ્વારા આત્માને જાણે છે. આમ તો બન્ને આત્માને જાણે છે, એ અપેક્ષાએ બન્ને સરખાં (છે). કોઈ દિ' આ સાંભળ્યું નહોતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્યાંય ! આ..હા..હા...! આવી વાતું બહુ આકરી (લાગે) બાપા ! (પરંતુ) છે તો એની પોતાની ચીજ, બાપુ ! આ..હા..હા..!

(શ્રુતજ્ઞાનીને) જ્ઞાનમાં (જેટલા) વિશેષો છે તેને કાંઈ પરની સહાય નથી. કેવળજ્ઞાનીને જ્ઞાન(ના) પૂર્ણ વિશેષો છે તેને પણ કોઈ પરની સહાય નથી. સ્વતંત્રપણે તે કેવળજ્ઞાનના પૂર્ણ વિશેષો પૂર્ણને–પૂર્ણ કેવળ(જ્ઞાન સ્વરૂપને) જાણે છે. તેમ આ (શ્રુતજ્ઞાની) કેટલાક વિશેષો દ્વારા પૂર્ણ પ્રભુને જાણે છે. આટલો તફાવત છે, આહા..હા...! માર્ગ પ્રભુ આકરો, ભાઈ ! આ..હા..હા...! છે તો સત્‌સ્વરૂપ, પ્રભુ ! ચૈતન્ય સત્–સૂર્ય ! ઝળહળ પ્રકાશમાન જ્યોતિ (સ્વરૂપ) છે) ! આ..હા..હા...! જગતના પ્રકાશો પાસે (સામે) આ પ્રકાશ કોઈ અલૌકિક છે !! પૂર્ણ (ચૈતન્યસૂર્ય) હોં...! પૂર્ણ...! આહા...!

એવો ચૈતન્ય પ્રકાશનો પુંજ પ્રભુ... ! (એવા) સામાન્ય (સ્વરૂપને) કેવળી પૂર્ણ સમસ્ત વિશેષો દ્વારા જાણે છે. એવો જ ચૈતન્યસૂર્ય...! પૂર્ણ પ્રકાશનો પુંજ પ્રભુ...! (તેને) શ્રુતજ્ઞાની કેટલાક ક્રમે પરિણમતા જ્ઞાન (વિશેષો) દ્વારા જાણે છે, આહા..હા...! ભાષા તો સાદી છે, બાપુ ! પણ ભાવ તો (સૂક્ષ્મ છે), ભાઈ ! શું થાય ? ભાઈ ! આ..હા..હા...!

(અહીંયાં કહે છે) '**...એવા શ્રુતજ્ઞાન વડે,...**' કેવા શ્રુતજ્ઞાન (વડે) ? '**...ચૈતન્યના કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે એવા શ્રુતજ્ઞાન વડે,...**' પણ જાણે છે (કેવળ આત્માને). '**...કેવળ આત્માને અનુભવે છે.**' અહીંયાં આ સિદ્ધ કરવું છે. કેવળજ્ઞાની સમસ્ત વિશેષો દ્વારા, એકીસાથે પરિણમે છે (એવા વિશેષો) દ્વારા આત્માને જાણે છે ! આ..હા..હા...! અહીં તો પર જ્ઞેય છે અને પોતે જ્ઞાન છે, એમ પણ નહિ. (અર્થાત્) પોતાના કેવળજ્ઞાનના પૂર્ણ વિશેષો દ્વારા પોતાને જાણે છે, આહા..! એ સ્વજ્ઞેય છે, જુઓ ! આ..હા..હા...! અને શ્રુતજ્ઞાની પણ (કે) જેને અંતર પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાનની દૃષ્ટિ અને જ્ઞાન થયાં છે, તેવો ધર્મી જીવ પણ, પોતે ચૈતન્યના કેટલાક વિશેષોથી પરિણમતો, જાણે છે પૂર્ણ આત્માને ! ફેર છે એ (એટલો છે કે) (અહીંયાં) કેટલાક વિશેષો (છે) અને (કેવળજ્ઞાનીને) પૂર્ણ વિશેષો (છે). બાકી (બન્ને) જાણે છે આત્માને ! આ..હા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

શ્રોતા :– કેવળી અને સર્વજ્ઞ વચ્ચે કાંઈ ફેર ખરો ?

સમાધાન :– સર્વજ્ઞ કહો કે કેવળી કહો (બન્ને એકાર્થ છે). સર્વજ્ઞ એટલે આત્મજ્ઞ.

શ્રોતા :– સર્વજ્ઞ સર્વને જાણે.

સમાધાન :– નહિ, એ નહિ... નહિ... સર્વજ્ઞનો અર્થ જ 'આત્મજ્ઞ' છે. (૪૭) શક્તિમાં આવ્યું છે. આહા..હા..! સર્વજ્ઞ એટલે ? સર્વ એટલે પરિપૂર્ણ ભગવાન (આત્માનું) આત્મજ્ઞાન (છે). (માટે જે) આત્મજ્ઞ છે. તેને જાણવું એ તો એક સમયની પર્યાયમાં પોતાના સામર્થ્યથી જાણે છે. એવા જે પોતાના પોતાથી થયેલા વિશેષો દ્વારા આત્માને જાણે છે, આ..હા..હા...! આવો માર્ગ...!

'**કેવળ આત્માને**' શબ્દ (છે) – અહીં વજન છે, હોં...! '**કે..વ..ળ.. આત્માને**' ત્યાં વજન છે. વિશેષ છે ને એ પર્યાય (છે). કેવળી (ભગવાન એવી) એક સમયની વિશેષ પર્યાયો દ્વારા, એક સમયમાં વિશેષ(રૂપ) પરિણમતી (પર્યાય) દ્વારા કેવળ–એકલા ભગવાન આત્માને જાણે છે. એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રુતજ્ઞાની (કેટલાક વિશેષો દ્વારા આત્માને જાણે છે). આ..હા..હા...! રાગનું અહીંયા જરી પણ કામ નથી, (એમ) કહે છે. દયા, દાન, વ્રત ને ભક્તિ એ તો રાગ છે. તેનાથી આત્મા(ને) જાણે, એમ છે નહિ. એમ સિદ્ધ કરે છે, આ..હા..હા...!

ધર્મી જીવ ભલે ગૃહસ્થાશ્રમમાં હો, રાજ–કુટુંબમાં હો ! પણ જેને અંદર ભાવશ્રુતજ્ઞાન પ્રગટ્યું છે, એ શ્રુતજ્ઞાનના વિશેષ પ્રકારો તેને એકસાથે પૂર્ણ નથી (પ્રગટ્યા) એટલે ક્રમે પરિણમતા કેટલાક પરિણમન દ્વારા પણ જાણે છે કેવળ ભગવાનઆત્માને ! જાણવાના (વિષયમાં) ફેર નથી પણ જાણવાની અવસ્થામાં ફેર છે. આટલો ફેર છે, ભાઈ ! આ..હા..હા...!

(હવે) દૃષ્ટાંત (કહે છે). '**...કેવળી સૂર્યસમાન કેવળજ્ઞાન વડે,...**' આ..હા..હા...! આ અધિકાર એવો આવ્યો...! (શરીરમાં વ્યાધિ આવી પડે) પણ શું થાય ? આહા..હા...! આવી દશા છે, બાપુ ! જે સમયે જડની જે દશા થવાની (હોય) તે થાય, આહા..હા..! તેને જાણનારો જાણનાર જાણનારમાં (રહીને) જાણે, આ..હા..હા..! (આ તો) માખણ છે, પ્રભુ ! આ..હા..હા..! કેવળજ્ઞાન એટલે પર્યાય. પર્યાય એટલે વિશેષ. અને તે વિશેષ–એકસાથે પૂર્ણ વિશેષ છે. અને એવા એકસાથે પૂર્ણ પરિણમતા વિશેષ દ્વારા ભગવાનઆત્મા–પૂર્ણ સ્વરૂપને જાણે છે. કેવળ–એકલા આત્માને જાણે છે. આહા..હા...!

અરે.. ભાઈ ! આ નક્કી કરવું પડશે, ભાઈ ! (અનાદિથી) ચોરાશીમાં રખડે છે, બાપુ ! આહા..! દુઃખી છે... આહા..! (પણ) દુઃખ તેનું સ્વરૂપ નથી, આહા..હા...! ભગવાન(આત્મા) તો આનંદસ્વરૂપ છે.

એવા પૂર્ણ આનંદસ્વરૂપને કેવળજ્ઞાનીની પર્યાય (જાણે છે). પર્યાય તો વિશેષ છે પણ એ વિશેષમાં એકસાથે પૂરું પરિણમન છે. પૂર્ણ વિશેષ દ્વારા સામાન્યને જાણે છે, આહા..હા...! અને શ્રુતજ્ઞાની ક્રમે પરિણમતા વિશેષો (દ્વારા) – તેવા પરિણમન દ્વારા આત્માને જાણે છે. આહા..હા..! (બન્ને વચ્ચે) તફાવત ફક્ત (એટલો છે કે) (કેવળજ્ઞાની) પૂર્ણ–સમસ્ત વિશેષો દ્વારા (આત્માને જાણે છે) અને અહીં (શ્રુતજ્ઞાની) ક્રમે પરિણમતા (કેટલાક) વિશેષો દ્વારા (આત્માને જાણે છે). આટલો ફેર (છે), આહા..! પણ જાણે છે, ત્રણ લોકનો નાથ ભગવાન પરમાત્મા પોતે (છે, તેને) ! આહા..હા..!

જેમાં એક સમયની પૂર્ણ વિશેષ અવસ્થા (પ્રગટ છે), એવી--એવી તો અનંતી પૂર્ણ અવસ્થાનો પિંડ તો પ્રભુ જ્ઞાન(ગુણ) છે. અને ભગવાનને એવી--એવી શ્રદ્ધાની–સમકિતની અનંતી પર્યાયો છે. પૂર્ણ પર્યાય છે. એવી--એવી પર્યાયનો પિંડ તો ત્યાં શ્રદ્ધાગુણ છે. ભગવાનને સ્વરૂપમાં સ્થિરતાના જે યથાખ્યાત (ચારિત્રના) પરિણામ છે... આ..હા..હા...! એવી--એવી અનંતી પર્યાયોનો પિંડ તો અંદર એ ચારિત્રગુણ છે. ભગવાનને પર્યાયમાં જે વિશેષપણે આનંદ પ્રગટ્યો છે, એવા આનંદની પરિપૂર્ણતા પણ વિશેષ દશા છે. એવી અનંતી--અનંતી આનંદની દશા–શક્તિનો પિંડ પ્રભુ આનંદગુણ છે. કેવળી(ભગવાનને) એવી--એવી અનંતી પર્યાયો એક સમયમાં (પ્રગટ છે). આ..હા..હા..! એવા કેવળજ્ઞાનની પર્યાય દ્વારા, ક્રમે પરિણમ્યા વિના(ના) સંપૂર્ણ વિશેષો (અર્થાત્) અક્રમ(રૂપ) પરિણમન દ્વારા સામાન્ય (સ્વરૂપ) ભગવાનને જાણે છે, આ..હા..હા...!

ત્યારે શ્રુતજ્ઞાની (એટલે કે) ભાવશ્રુતજ્ઞાની, કેટલાક ક્રમે પરિણમતા (વિશેષો દ્વારા આત્માને જાણે છે). પૂર્ણ હોય તો તો એક સમયમાં (જાણવામાં) આવી જાય. આહા..હા..! જ્ઞાનાદિ ગુણની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ક્રમે પરિણમતી કેટલીક પર્યાયો--વિશેષો દ્વારા ભગવાનઆત્માને જાણે છે. આત્માને જાણવામાં તો બન્ને સરખાં છે. પણ (બન્નેની) પર્યાયમાં (ફેર છે). (શ્રુતજ્ઞાની) ક્રમે પરિણમે છે (અને કેવળજ્ઞાની) એકસાથે પૂર્ણ (પરિણમે છે). એટલો ફેર છે, આ..હા..હા...! ધન્ય વાર...! ધન્ય કાળ...!! આ.હા..હા..હા..! અમૃત વરસાવ્યા છે !! આહા..!

હવે (બન્ને વચ્ચેના) તફાવતનો–ફેરનો દાખલો આપે છે. '**અર્થાત્, કેવળી સૂર્યસમાન કેવળજ્ઞાન વડે આત્માને દેખે–અનુભવે છે,...**' આ..હા..હા..! સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ સૂર્યસમાન કેવળજ્ઞાન વડે આત્માને દેખે (છે) અને અનુભવે છે. '**...અને શ્રુતકેવળી દીવા સમાન શ્રુતજ્ઞાન વડે,...**' (આત્માને અનુભવે છે). આટલો ફેર છે. આ..હા..હા..! (કેવળી ભગવાન) કેવળજ્ઞાન(રૂપ) સૂર્ય વડે જાણે છે. જાણે છે તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ દ્રવ્ય સ્વભાવ જે છે (તેને જાણે છે). આહા..હા..! આ..હા..હા..! વીતરાગ... વીતરાગ... વીતરાગ....!! જેમ સૂર્ય દ્વારા (બધું) જણાય છે તેમ વીતરાગ કેવળજ્ઞાનની પૂર્ણ પર્યાયો–વિશેષો દ્વારા (ભગવાનઆત્માને) જાણે છે. અને નીચેના (ગુણસ્થાને વર્તતા) શ્રુતકેવળી–ધર્મીજીવ... આ..હા..હા...! '**...દીવા સમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે--અનુભવે છે.**' આ..હા..હા..! આવું છે, પ્રભુ !

(એક) સૂર્ય દ્વારા દેખે અને એક દીવા દ્વારા દેખે. દેખવામાં કાંઈ ફેર છે ? આહા..હા..! એક અમૃતનો કુંડ હોય તેને સૂર્યના પ્રકાશ દ્વારા દેખે અને અમૃતનો કુંડ હોય તેને દીવા દ્વારા દેખે. (બન્નેના) દેખવામાં કાંઈ ફેર છે ? આહા..હા..!

શ્રોતા :– બહુ મોટો ફેર કહેવાય !

સમાધાન :– અહીં તો પ્રકાશ (દ્વારા) દેખે છે, તેમાં ફેર નથી એમ (કહેવું છે). દીવો છે એ ઓછી પર્યાય છે અને (સૂર્ય) છે એ વધારે (પર્યાયો) છે. પણ દેખે છે પૂર્ણ (વસ્તુને). દીવા દ્વારા પણ દેખાય છે અમૃતનો કુંડ ! અને સૂર્ય દ્વારા (પણ) દેખાય છે અમૃતનો કુંડ ! આ..હા..હા..! ફક્ત દેખવાની પર્યાયમાં ફેર છે. પણ (જે વસ્તુને) દેખે છે તેમાં કાંઈ ફેર નથી, આ..હા..હા..! આવી વાતું (છે), ભાઈ !

અરે..! સંતો જગત પાસે જાહેર કરે છે, પ્રભુ ! તું જો સમકિતી હો.... આ..હા..હા...! જો તને ધર્મ પરિણમ્યો હોય, તને જો સમ્યગ્દર્શન, જ્ઞાન થયું હોય,... આ..હા..હા..! તો તું, કેવળજ્ઞાની પરમાત્મા જેમ સૂર્યની પેઠે સૂર્યપણાને દેખે, તેમ ભલે તને શ્રુતજ્ઞાનની પર્યાય છે,.. આ..હા..હા...! (તેના દ્વારા આત્માને જાણ). (તે શ્રુતજ્ઞાનની પર્યાય) દીવા સમાન છે. પ્રકાશમાં ફેર છે, પણ દેખાનાર વસ્તુમાં ફેર નથી. આવી વાતું છે, પ્રભુ ! આ..હા..હા..!

શ્રોતા :– (એકને) દેખવામાં અસંખ્ય સમયનો ઉપયોગ છે અને (એકને) એક સમયનો ઉપયોગ છે.

સમાધાન :– (શ્રુતજ્ઞાનીને) અસંખ્ય સમયનો (ઉપયોગ છે) એટલે ક્રમે કામ કરે અને (કેવળજ્ઞાનીને) એક સાથે (કામ કરે છે).

અહીંયાં તો સિદ્ધ એ કરવું છે કે, કેવળ ભગવાન પૂર્ણસ્વરૂપ મહા પરમાત્મસ્વરૂપ પ્રભુ ! આત્મા પરમાત્મસ્વરૂપ જ છે !! જિનસ્વરૂપ જ છે ! વીતરાગસ્વરૂપ જ છે ! અકષાયસ્વરૂપ

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ! આ..હા..હા...! તેને જાણનારના બે પ્રકાર (છે). એક કેવળી જાણે અને એક શ્રુતજ્ઞાની જાણે. જાણવાનું તો એક જ તત્ત્વ (કે) જે પૂર્ણ છે, આહા..હા..! કેવળજ્ઞાની સૂર્યસમાન (કેવળજ્ઞાન વડે) આત્માને જાણે. શ્રુતજ્ઞાની દીવા સમાન (શ્રુતજ્ઞાન વડે જાણે) – પણ જાણે આત્માને ! આ..હા..હા..! દીવાથી એક અમૃતકુંડ જોયો અને એક સૂર્યથી જોયો (તો) કાંઈ અમૃતકુંડમાં ફેર છે ? આ..હા..હા..!

શ્રોતા :– એક એરોપ્લેનમાં જાય છે અને બીજો ગાડામાં જાય છે !

સમાધાન :– અહીંયાં અત્યારે એ (વાત) નથી. અહીં તો અંતરદશામાં ભલે જ્ઞાનની ક્રમે (પરિણમતી) વિશેષદશાઓ હોય, છતાં જાણનારો આખો તેનામાં જણાય છે, આ..હા..હા...! આકરી વાત છે, બાપા ! અરે..! આ તો પરમાત્માના ઘરની વાતો છે, ભાઈ !

જિનેશ્વરદેવ, સર્વજ્ઞ એમ ફરમાવે છે કે, અમે કેવળજ્ઞાની છીએ, એથી અમે આત્માને પૂર્ણ જાણીએ છીએ. અને છદ્મસ્થ શ્રુતજ્ઞાની ધર્મી હોય, (તે ક્રમે પરિણમતા કેટલાક વિશેષો દ્વારા આત્માને જાણે છે). ભલે તેને (કેવળજ્ઞાનીને) પૂર્ણ દશા–વિશેષ પૂર્ણ દશા અક્રમે હોય છે, છતાં જાણનારો ભગવાન (છે) તેને તે અક્રમે વિશેષ દશા દ્વારા જાણે છે. આ..હા..હા..! ભાઈ ! આ વાત સાંભળવા મળવી, પ્રભુ ! ભાગ્ય હોય ત્યારે મળે !! આ..હા..હા...!

પ્રભુના વિરહ પડ્યા પણ પ્રભુ તો અહીં કહે છે, ભલે હું ત્યાં નથી અને તને કેવળજ્ઞાન નથી, પણ તને જો અંદર આત્માનું જ્ઞાન–ધ્યાન થયું હોય તો એ શ્રુતજ્ઞાનના ક્રમે પરિણમતા વિશોષો દ્વારા પણ તું તને જાણે છે, આ..હા..હા..! આ..હા..હા..! આવું વ્યવહારના રસિકને આકરું પડે ! આહા..!

એક લેખ આવ્યો છે (એમાં લખ્યું છે કે), (બધી પર્યાયો) ક્રમસર છે. નગ્ન સાધુ છે તેણે લખ્યું છે. 'જે સમયે, જે સમયની જે દ્રવ્યની પર્યાય થવાની તે થવાની. નિયત છે !' એમ નાખ્યું છે. 'અને તેમાં (તેમ માનવામાં) આકુળતા ટળે છે.' એમ લખ્યું છે. જે સમયે (પર્યાય) થાય છે, તેને જાણે છે, પછી આકુળતા શેની ? આ..હા..હા..!

શ્રોતા :– મોક્ષની પણ ઇચ્છા નહિ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇચ્છા થઈ એટલે આકુળતા થઈ ને ! નિયત છે ત્યાં પછી એની ઇચ્છા અત્યારે કરે તો (આકુળતા) કરવી પડે. ફક્ત એણે આટલું વધારે નાખવું જોઈએ કે, જે સમયે તે થવાની છે તે થશે પણ તેનું લક્ષ દ્રવ્ય ઉપર છે. અને તેથી તેને સ્વભાવનું જ્ઞાન છે, સ્વભાવનો પુરુષાર્થ છે, કાળલબ્ધિ તે સમયે થવાની માટે કાળલબ્ધિ પણ થઈ, તે ટાણે તે ભાવ થવાનો હતો (માટે) ભવિતવ્યતા થઈ, અને તે ટાણે તેટલાં કર્મના નિમિત્તનો અભાવ જ હોય, આહા..હા..! ભાઈ !

પહેલાં બધાં વિરોધ કરતા (હતા). દિગંબરના (મોટા) વિદ્વાને વિરોધ કર્યો હતો (કે) ક્રમસર એક પછી એક (પર્યાય) થાય (એ બરાબર છે). (પણ) આ પછી આ જ થાય તેવું નહિ. એક પછી એક થાય પણ આ (થાય) પછી આ જ થાય,... આ પછી આ જ થાય, એમ નહિ. (અહીંયાં) તો આ પછી આ જ થાય (એમ કહેવું છે) ! આ..હા..હા...!

(અહીંયાં કહે છે) ભગવાન ! એવું જે શ્રુતજ્ઞાન (એટલે) શાસ્ત્ર નહિ. આગળ પછી કહેશે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે, શ્રુત–ભગવાનની વાણી છે એ તો પુદ્‌ગલ છે. એ કંઈ જ્ઞાન નથી. પણ તે પુદ્‌ગલ–શ્રુતવાણી–ભગવાનની વાણી છે તેનું જે અહીં જ્ઞાન થાય–જ્ઞપ્તિ (એટલે) જ્ઞાન થાય, તે જ્ઞાન છે. તે જ્ઞાનને શ્રુતઉપાધિનું લગાડવું છોડી દેવું. શ્રુતજ્ઞાન એટલે સાંભળેલું જ્ઞાન, એમ જે ઉપાધિ છે તે ઉપાધિ છોડી દે ! આ..હા..હા...! સમજાણું ? એ પછીની ગાથામાં કહેશે. આટલું અહીં કહીને પછી કહેશે, આ..હા..હા..!

(હવે કહે છે) '**...શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે–અનુભવે છે. આ રીતે કેવળીમાં ને શ્રુતકેવળીમાં સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ,...**' શું કહે છે ? કેવળી પરમાત્માને સ્વરૂપની પૂર્ણ સ્થિરતા છે. જ્ઞાન દ્વારા જાણવામાં બન્નેમાં ફેર નથી. શ્રુતજ્ઞાનીને સ્વરૂપની સ્થિરતા થોડી છે. અસ્થિરતા થોડી છે, આહા..હા..! ભગવાનને પૂર્ણ સ્થિરતા છે. પરમાત્મા આનંદમાં–પૂર્ણ આનંદમાં લીન છે. નીચે (એટલે) શ્રુતજ્ઞાનીને એટલી સ્થિરતા નથી. પણ જ્ઞાનનો જે સ્વભાવ છે, તેનાથી જાણનારો જે છે તેને તો એ પૂર્ણ જાણે છે, આ..હા..હા..! અરે..! ભાગ્યશાળી જીવો...! આહા...! આવી વાત રહી ગઈ ! આ..હા..હા..હા....!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું હતું ને ? તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત–એમાં કાંઈ ફેર નથી. અરે.. આ કેમ (બેસે) ? બાપુ ! શું કહે છે ? તિર્યંચ છે–પશુ (છે)... અઢી દ્વિપ બહાર અસંખ્ય પશુ છે. (તેમાં) સમકિતી અસંખ્ય છે !! ભલે એક સમકિતી (હોય) અને અસંખ્ય મિથ્યાદૃષ્ટિ (હોય). (તો) પણ અસંખ્ય આત્મજ્ઞાન (સહિત) સમકિતી જીવો છે. તેના સમકિતમાં અને કેવળીના સમકિતમાં કાંઈ ફેર નથી, આ..હા..હા..!

તેમ અહીંયાં કહે છે કે, કેવળી આત્માને જાણે અને શ્રુતજ્ઞાની આત્માને જાણે–એમાં જાણવામાં ફેર નથી. પર્યાયમાં ફેર છે. આ..હા..હા..! છે ? '**...કેવળીમાં ને શ્રુતકેવળીમાં સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ જ મુખ્ય છે,...**' તેને અહીંયા ગણવું નહિ. '**...વત્તું--ઓછું (વધારે--ઓછા પદાર્થો) જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે.**' સ્થિરતાની વાત મુખ્ય નથી, એ અહીં લેવું નહિ. અને જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે. (શ્રુતજ્ઞાનીને) થોડા વિશેષો છે ને ? (એટલે એમ કહ્યું).

'**...માટે ઘણું જાણવાની ઇચ્છારૂપ ક્ષોભ છોડી,...**' આ..હા..હા..! '**...સ્વરૂપમાં જ નિશ્ચળ રહેવું યોગ્ય છે.**' ભગવાન આત્માનું જ્ઞાન થયું–અનુભવ થયો, હવે કહે છે કે અંદરમાં સ્થિર રહેવું એ જ સિદ્ધ (યોગ્ય) છે. આ..હા..હા...! '**એ જ કેવળજ્ઞાનપ્રાપ્તિનો ઉપાય છે.**' આ..હા..હા..!

શ્રુતજ્ઞાન દ્વારા જે આત્માને જાણ્યો એ જાણવામાં તો કેવળીએ જાણ્યું અને (શ્રુતજ્ઞાનીએ) જાણ્યું, બધું સરખું (છે). (બન્નેની) સ્થિરતામાં ફેર છે. તારી સ્થિરતા ઓછી છે અને ભગવાનની સ્થિરતા પૂરી છે, તો કહે છે કે, હવે વધારે જાણવાનો ક્ષોભ મટાડી સ્વરૂપમાં સ્થિરતા કર ! તને કેવળજ્ઞાન થઈ જશે !! વિશેષ કહેશે....

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ ज्ञानस्य श्रुतोपाधिभेदमुदस्यति –

**सुत्तं जिणोवदिट्ठं पोग्गलदव्वप्पगेहिं वयणेहिं।**

**तं जाणणा हि णाणं सुत्तस्स य जाणणा भणिया।।३४।।**

**सूत्रं जिनोपदिष्टं पुद्गलद्रव्यात्मकैर्बचनैः**

**तज्ज्ञप्तिर्हि ज्ञानं सूत्रस्य च ज्ञप्तिर्भणिता।।३४।।**

श्रुतं हि तावत्सूत्रम्। तच्च भगवदर्हत्सर्वज्ञोपज्ञं स्यात्कारकेतनं पौद्गलिकं शब्दब्रह्म। तज्ज्ञप्तिर्हि ज्ञानम्। श्रुतं तु तत्कारणत्वात् ज्ञानत्वेनोपचर्यत एव। एवं सति सूत्रस्य ज्ञप्तिः श्रुतज्ञानमित्यायाति। अथ सूत्रमुपाधित्वान्नाद्रियते ज्ञप्तिरेवावशिष्यते। सा च केवलिनः श्रुतकेवलिनश्चात्मसंचेतने तुल्यैवेति नास्ति ज्ञानस्य श्रुतोपाधिभेदः।।३४।।

---

अथ शब्दरूपं द्रव्यश्रुतं व्यवहारेण ज्ञानं निश्चयेनार्थपरिच्छित्तिरूपं भावश्रुतमेव ज्ञानमिति कथयति। अथवात्मभावनारतो निश्चयश्रुतकेवली भवतीति पूर्वसूत्रे भणितम्। अय तु व्यवहारश्रुतकेवलीति कथ्यते–सुत्तं द्रव्यश्रुतम्। कथम्भूतम्। **जिणोवदिट्ठं** जिनोपदिष्टम्। कैः कृत्वा। **पोग्गलदव्वप्पगेहिं** वयणेहिं पुद्गलद्रव्यात्मकैर्दिव्यध्वनिवचनैः। **तं जाणणा हि णाणं** तेन पूर्वोक्तशब्दश्रुताधारेण ज्ञप्तिरर्थपरिच्छित्तिर्ज्ञानं भण्यते हि स्फुटम्। **सुत्तस्स य जाणणा भणिया** पूर्वोक्तद्रव्यश्रुतस्यापि व्यवहारेण ज्ञानव्ययपदेशो भवति न तु निश्चयैनेति। तथा हि-यथा निश्चयेन शुद्धबुद्धैकस्वभावो जीवः पश्चाद्व्यवहारेण नरनारकादिरूपोऽपि जीवो भण्यते; तथा निश्चयेनाखण्डैकप्रतिभासरूपं समस्तवस्तुप्रकाशकं ज्ञानं भण्यते, पश्चाद्व्यवहारेण मेघपटलावृतादित्यस्यावस्थाविशेषवत्कर्मपटलावृताखण्डैकज्ञानरूपजीवस्य मतिज्ञानश्रुतज्ञानादिव्यपदेशो भवतीति भावार्थः।।३४।।

---

હવે, જ્ઞાનના શ્રુત-ઉપાધિકૃત ભેદને દૂર કરે છે (અર્થાત્ શ્રુતજ્ઞાન પણ જ્ઞાન જ છે, શ્રુતરૂપ ઉપાધિને કારણે જ્ઞાનમાં કાંઈ ભેદ પડતો નથી એમ દર્શાવે છે) :-

**પુદ્‌ગલસ્વરૂપ વચનોથી જિન-ઉપદિષ્ટ જે તે સૂત્ર છે;**

**છે જ્ઞપ્તિ તેની જ્ઞાન, તેને સૂત્રની જ્ઞપ્તિ કહે. ૩૪.**

**અન્વયાર્થ :–** **[सूत्र]** સૂત્ર એટલે **[पुद्गलद्रव्यात्मकैः]** પુદ્‌ગલદ્રવ્યાત્મક વચનો વડે **[जिनोपदिष्टं]** જિનભગવંતે ઉપદેશેલું તે, **[तज्ज्ञप्तिः हि]** તેની જ્ઞપ્તિ તે **[ज्ञानं]** જ્ઞાન છે **[च]** અને તેને **[सूत्रस्य ज्ञप्तिः]** સૂત્રની જ્ઞપ્તિ (શ્રુતજ્ઞાન) **[भणिता]** કહી છે.

**ટીકા :–** પ્રથમ તો શ્રુત એટલે સૂત્ર; અને સૂત્ર એટલે ભગવાન અર્હંત–સર્વજ્ઞે સ્વયં જાણીને ઉપદેશેલું, સ્યાત્કાર જેનું ચિન્હ છે એવું, પૌદ્‌ગલિક શબ્દબ્રહ્મ. તેની જ્ઞપ્તિ (–શબ્દબ્રહ્મને જાણનારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણનક્રિયા) તે જ્ઞાન છે; શ્રુત (–સૂત્ર) તો તેનું (–જ્ઞાનનું) કારણ હોવાથી જ્ઞાન તરીકે ઉપચારથી જ કહેવાય છે (જેમ અન્નને પ્રાણ કહેવાય છે તેમ). આમ હોવાથી એમ ફલિત થાય છે કે 'સૂત્રની જ્ઞપ્તિ' તે શ્રુતજ્ઞાન છે. હવે જો સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે તો 'જ્ઞપ્તિ' જ બાકી રહે છે; આત્માની છે; સૂત્ર જ્ઞપ્તિના સ્વરૂપભૂત નથી, વધારાની વસ્તુ અર્થાત્ ઉપાધિ છે; કારણ કે સૂત્ર ન હોય ત્યાં પણ જ્ઞપ્તિ તો હોય છે. માટે જો સૂત્રને ન ગણીએ તો 'જ્ઞપ્તિ' જ બાકી રહે છે;) અને તે (–જ્ઞપ્તિ) કેવળીને અને શ્રુતકેવળીને આત્મઅનુભવનમાં તુલ્ય જ છે. માટે જ્ઞાનમાં શ્રુત-ઉપાધિકૃત ભેદ નથી. ૩૪.

---

## (તા. ૬-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૩૧)

'પ્રવચનસાર', ગાથા--૩૪. માથે બે લીટી છે ને ? અહીં શું કહે છે ? જરી ઝીણી વાત છે. આ આત્મા જે છે આત્મા ! એ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન (છે). અનંત અનંત ગુણનો પિંડ આત્મા છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ કેવળજ્ઞાન વડે આખા પૂર્ણ આત્માને એક સમયમાં જાણે છે. તેથી તેને 'કેવળી' કહેવામાં આવે છે. લોકાલોક પરને જાણે છે એ તો (વ્યવહારથી કહેવામાં આવે છે). (એક) સેકંડનો અસંખ્યમો ભાગ (તે) એક સમય (છે). (એવો) આત્મા પોતે એક સમયમાં અનંત... અનંત... અનંત... અનંત... પવિત્ર ગુણનો પિંડ આત્મા વસ્તુ (છે). જિનસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, પરમાત્મસ્વરૂપે આત્મા છે, આહા..હા...! એને જે કેવળજ્ઞાની કેવળજ્ઞાન વડે જાણે છે, એ પૂર્ણ પર્યાયથી એક સમયમાં પૂર્ણ પરિણમનથી જાણે છે. તેમ નીચે(ના ગુણસ્થાને વર્તતાં) ધર્મી જીવ... આહા..હા...! ધર્મી એને કહીએ કે નીચે–નીચલી દશામાં ભલે એને કેવળજ્ઞાન નથી પણ ભાવશ્રુતજ્ઞાન છે, ભાવશ્રુતજ્ઞાન (તેના દ્વારા આત્માને જાણે છે). ઝીણી વાત બહુ, બાપુ ! ભાવશ્રુતજ્ઞાન છે જે સમ્યક્જ્ઞાનની નિર્મળ પર્યાય છે, તેને 'ભાવશ્રુતજ્ઞાન' કહીએ. એમાં તે પૂર્ણસ્વરૂપને જાણે છે. આહા...! તેથી તેને 'શ્રુતકેવળી' કહીએ. કેવળજ્ઞાની પરમાત્મા કેવળજ્ઞાન વડે (આત્માને) જાણે માટે 'કેવળી' કહીએ. શરીર, વાણી, મન તો જડ--માટી છે. તેમ પર તરફનાં જે રાગ અને દ્વેષના વિકલ્પ ઊઠે છે એ પણ કંઈ આત્મા નથી. એનાથી આત્મા જણાય એવો નથી, આહા..હા...! આત્મા આનંદસ્વરૂપ અને અનંત શાંતિનો સાગર પ્રભુ ! (છે). નીચલા દરજ્જામાં છદ્મસ્થને શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન (કે) જે જ્ઞાન નિર્મળ છે, રાગના સંબંધ વિનાનું છે, (તે) છે ભલે અલ્પ, પણ એ શ્રુતજ્ઞાન ત્રિકાળી આત્માને જાણે છે. તેથી તેને શ્રુતકેવળી–ધર્મી કહેવામાં આવે છે, આહા..હા...! આવી વાતું આકરી વાતું છે.

જિનેશ્વરદેવ પરમાત્મા એમ કહે છે કે, જુઓ ! '**હવે, જ્ઞાનના શ્રુત–ઉપાધિકૃત ભેદને દૂર કરે છે...**' છે લીટી ? 'શ્રુતજ્ઞાન' શબ્દ આવ્યો ને ? ભગવાનને કેવળજ્ઞાન છે એ તો એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક સહિત આખા આત્માને (અર્થાત્) પૂર્ણ ત્રિકાળી (સ્વરૂપને) જાણે છે. હવે, શ્રુતજ્ઞાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ આત્માને જાણે છે, તો 'શ્રુત' શબ્દ છે એ (શ્રુત શબ્દના) ઉપાધિકૃત ભેદને દૂર કરે છે. (અર્થાત્) શ્રુત એટલે સાંભળું. અને સાંભળવાથી જ્ઞાન થવું, એ દૂર કરે છે. આહા..હા...! આવી વાતો છે !

સમ્યક્દ્રષ્ટિ જીવને–ધર્મની પહેલી સીઢી, ચોથે ગુણસ્થાને (ભાવશ્રુતજ્ઞાન હોય છે). શ્રાવક તો પાંચમે (ગુણસ્થાને હોય). આ વાડાના શ્રાવક કંઈ શ્રાવક છે નહિ. શ્રાવક થવા પહેલાં પણ સમ્યગ્દર્શનની સાથે ભાવશ્રુતજ્ઞાન થાય છે. અહીં જ્ઞાનની પ્રધાનતાથી કથન છે ને ? એ શ્રુતજ્ઞાનથી આત્માને જાણે. એ 'શ્રુત' (શબ્દ) છે એટલે સાંભળેલું – એવી ઉપાધિ તેને નથી. છે (અંદર) ? '**...જ્ઞાનના શ્રુત--ઉપાધિ...**' શ્રુતજ્ઞાન દ્વારા આત્માને જાણે (એટલે કે) અંતરમાં રાગથી રહિત અને ભાવશ્રુતજ્ઞાનની શુદ્ધ પરિણતિ દ્વારા આત્માને જાણે તે ધર્મી. આહા...! આવી વાત છે. તેને ધર્મ થયો એમ કહીએ. આહા...! બાકી ક્રિયાકાંડ–દયા, દાન ને વ્રત, ભક્તિ, પૂજા આદિ કરે, એ રાગ છે, એ કોઈ ધર્મ નથી, આહા..હા...!

અહીંયાં કહે છે કે, કેવળીભગવાન જેમ પૂર્ણ આત્માને જાણે (છે) એમ અહીં નીચે શ્રુતજ્ઞાની આત્માને જાણે, પણ એ શ્રુતની ઉપાધિ તેને નથી. 'શ્રુત' શબ્દ ભલે હો ! પણ એ શ્રુત--ઉપાધિકૃત ભેદ (તેને નથી). વીતરાગની વાણી છે તે જડ છે, એ હમણાં કહેશે. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણી છે તે જડ છે. એ વાણી શ્રુતમાં–જ્ઞાનમાં નિમિત્ત છે, પણ એ શ્રુતની ઉપાધિ તેને નથી. શ્રુતનાં શબ્દોથી જ્ઞાન થયું અને શ્રુતના શબ્દોથી જ્ઞાન થાય, એ જ્ઞાન થાય ભલે પોતાની પર્યાયમાં, પણ એ જ્ઞાન પરલક્ષી છે. આવું ઝીણું છે, બાપુ ! વીતરાગ માર્ગ બીજે ક્યાંય છે નહિ. આહા...!

જૈનશાસનનો જે આત્મા (અર્થાત્) ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો તે આત્માને નીચે શ્રુતજ્ઞાની પણ શ્રુતજ્ઞાનથી જાણે છે. પણ એમાં 'શ્રુત' શબ્દ પડ્યો છે, એથી જાણે સાંભળેલું જ્ઞાન (છે) અને વીતરાગની વાણી છે એ જ્ઞાન (છે), એમ નથી. વીતરાગની વાણી છે એ તો જડ છે.

ભગવાન પરમાત્મા 'સીમંધર પ્રભુ' મહાવિદેહમાં બિરાજે છે. ૐધ્વનિનો ઉપદેશ નીકળે છે. વર્તમાન(માં) પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. વીસ તીર્થંકર છે, લાખો કેવળીઓ છે. તીર્થંકરની ધ્વનિ ઊઠે છે. ૐ... એવી ધ્વનિ ઊઠે. આવી (અક્ષરરૂપ) વાણી તેને ન હોય. છતાં કહે છે કે ૐધ્વનિ છે એ પુદ્‌ગલની દશા છે. એ શ્રુતમાં પુદ્‌ગલને સાંભળ્યું માટે તેને જ્ઞાન થયું, એમ નથી. અથવા શ્રુતને (એટલે કે) ભગવાનની વાણી સાંભળી અને જ્ઞાન થયું પોતામાં પોતાની પર્યાયમાં, પણ એ શ્રુતથી થયેલું જ્ઞાન પરલક્ષી છે. આહા..! એ જ્ઞાન સ્વને ન જાણી શકે. આહા..હા...!

જે જ્ઞાન પરનાં લક્ષવાળું છૂટીને અંતરનાં લક્ષવાળું જ્ઞાન થાય, તે ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા જણાય, તેને અહીંયાં ભાવશ્રુતજ્ઞાની–શ્રુતકેવળી કહેવામાં આવે છે. આવી વાતું...! હવે આમાં ક્યાંય (સાંભળવા મળે એવું નથી). 'મુંબઈ'માં તો ઉપાધિનો પાર ન મળે, પૂરી ઉપાધિ... આખો દિ' હોળી સળગે ! આ કરું ને આ કરું ને આ કરું....! એમાં આ આત્મા શું ચીજ છે ? (તે સાંભળવા પણ ન મળે). આહા..હા...!

આત્મા અંદર સત્ ચિદાનંદ–સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદના શાશ્વત સ્વભાવથી ભરેલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ છે ! અરે.. આહા...! એવા આત્માને જાણનારું જે જ્ઞાન તેને ભલે નીચે(નાં ગુણસ્થાને) 'શ્રુતજ્ઞાન' કહીએ. પણ એ શ્રુત છે એ સાંભળેલું (છે) અને તેનાથી જ્ઞાન થયું, એ ઉપાધિ તેને નથી. આહા..હા...! વીતરાગ માર્ગ ઝીણો બહુ બાપુ...! ભવનો અંત આવે એવું જે શ્રુતજ્ઞાન એ કોઈ અલૌકિક છે !!

શ્રોતા :– કેવળજ્ઞાનનો અંશ છે ?

સમાધાન :– કેવળજ્ઞાનનો અંશ છે. પણ પેલું 'શ્રુત' કીધું ને ? એટલે જાણે કે ભગવાનની વાણીની એને ઉપાધિ છે ? સાંભળેલું છે માટે એમ છે ? તો કહે છે, 'ના !' એ કહે છે, જુઓ ! '**...જ્ઞાનના શ્રુત--ઉપાધિકૃત ભેદને દૂર કરે છે (અર્થાત્ શ્રુતજ્ઞાન પણ જ્ઞાન જ છે),...**' (અર્થાત્) અંતરનું જે રાગના વિકલ્પની વૃત્તિ વિનાનું જ્ઞાન અને સ્વ ત્રિકાળી ભગવાનને જાણનારું જે જ્ઞાન એ શ્રુતજ્ઞાન (છે). એ '**(...શ્રુતરૂપ ઉપાધિને કારણે જ્ઞાનમાં કાંઈ ભેદ પડતો નથી,..)**' ઉપાધિને કારણે જ્ઞાનમાં કાંઈ ભેદ પડતો નથી એટલે વાણી છે અને તેથી અહીં જ્ઞાન થયું, એમ નથી. આહા..હા...!

અહીંયા તો ભગવાનઆત્મા પોતે વર્તમાન ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતરમાં વળે છે ત્યારે તેને આત્માનું જ્ઞાન એટલે આત્મજ્ઞાન (થાય છે). ત્યારે તેને સમ્યગ્દર્શન (એટલે) ધર્મ થાય છે. આહા...! સમજાણું કાંઈ ? એ કહે છે, જુઓ ! મૂળ ગાથા. ૩૪ ગાથા :--

**सुत्तं जिणोवदिट्ठं पोग्गलदव्वप्पगेहिं वयणेहिं।**
**तं जाणणा हि णाणं सुत्तस्स य जाणणा भणिया।। ३४।।**

નીચે હરિગીત :--

**પુદ્‌ગલસ્વરૂપ વચનોથી જિન–ઉપદિષ્ટ જે તે સૂત્ર છે;**
**છે જ્ઞપ્તિ તેની જ્ઞાન, તેને સૂત્રની જ્ઞપ્તિ કહે. ૩૪.**

તેની ટીકા. ઓલી કોર ટીકા (છે). '**પ્રથમ તો શ્રુત એટલે સૂત્ર;...**' 'સૂત્ર' (કહ્યું). અહીં 'શ્રુત' છે ને તેનો અર્થ કર્યો–સૂત્ર. '**...અને સૂત્ર એટલે ભગવાન અર્હંત–સર્વજ્ઞે સ્વયં જાણીને ઉપદેશેલું,...**' ત્રિલોકનાથ અરિહંત પરમાત્મા સર્વજ્ઞદેવ ! ભગવાન અર્હંતદેવે એટલે સર્વજ્ઞ પરમાત્માએ. આહા...! '**...સ્વયં જાણીને,...**' (એટલે) પોતે ત્રિકાળી આત્માને જાણીને. '**...ઉપદેશેલું...**' વાણી નીકળી.

'ૐ કાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે' ભગવાનનાં મુખમાં આવી (અક્ષરરૂપ) વાણી ન હોય. હોઠ બંધ હોય, કંઠ હલે નહિ (અને) આખા શરીરમાંથી (ૐ ધ્વનિ નીકળે છે). એ તો સર્વજ્ઞ છે, વીતરાગ છે. એને વાણી બોલવું–એ કાંઈ છે નહિ. પરમાત્મા–પૂર્ણ પરમાત્મા વીતરાગ છે, પણ ઇચ્છા વિના અંદર વાણીનો--ૐ નો ધોધ ઊઠે ! 'ૐ કાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે' સંતો–ગૌતમ આદિ ગણધરો અહીંયા હતાં (તેવાં) ત્યાં મહાવિદેહમાં ભગવાન પાસે ગણધર છે. એ ભગવાનની વાણી – 'ૐ કાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે' (અર્થાત્) ભગવાનની વાણી સાંભળતાં જે જ્ઞાનની પર્યાય થઈ, તેને પણ છોડીને અંતરની જ્ઞાનપર્યાય દ્વારા આત્માને જાણે. આહા..હા...! આકરું કામ છે, ભાઈ...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીતરાગમાર્ગ અનંતકાળમાં એક સેકંડ પણ કોઈ દિ' જાણ્યો નથી. સાધુ થયો, પંચમહાવ્રત પાળ્યાં... 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રિવેક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' – આતમજ્ઞાન ન કર્યું. એ નગ્ન દિગંબર થયો, પંચમહાવ્રત પાળ્યાં, ૨૮ મૂળગુણ પાળ્યાં પણ એ પંચમહાવ્રતનાં પરિણામ તો રાગ અને દુઃખ છે, આહા..હા...! એ તો આસ્રવ છે. તેનાથી ભિન્ન ભગવાન(આત્મા) છે તેનું તેણે જ્ઞાન ન કર્યું. તેથી અનંત વાર પંચમહાવ્રતધારી સાધુ થયો છતાં નરક અને નિગોદમાં રખડતો રહ્યો, આહા..હા...!

ભગવાનઆત્મા જે સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ, હોં..! અજ્ઞાની અન્યમતિઓ જેટલાં આત્મા... આત્મા... કરે છે એ બધાં કલ્પનાથી કરે છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ! વીતરાગદેવે જે આત્મા જોયો, જાણ્યો, અનુભવ્યો અને કહ્યું, એ કહ્યું એ '**...ઉપદેશેલું...**' (એ) શબ્દ (છે). '**...સ્યાત્કાર જેનું ચિહ્ન છે,...**' 'સ્યાત્કાર = 'સ્યાત' શબ્દ. (સ્યાત્ = કથંચિત્; કોઈ અપેક્ષાથી).' (અર્થાત્) ભગવાનની વાણી સ્યાદ્‌વાદ હોય છે. જેમ આત્મા ત્રિકાળી નિત્ય છે. કથંચિત્ નિત્ય છે અને પર્યાયે પલટે છે, માટે અનિત્ય છે. એમ ભગવાનની વાણીમાં, એક–એક ગુણનું કથંચિત્ ધ્રુવપણું છે અને પર્યાયપણું તે અધ્રુવ છે. એમ પ્રભુએ કથંચિત્ સ્યાદ્‌વાદથી વાત કરી છે.

ત્રિલોકનાથ 'મહાવીર' પરમાત્મા અહીં હતાં ત્યારે તો વાણી હતી. (તેઓ) અરિહંત હતાં. હવે તો અત્યારે સિદ્ધ થઈ ગયા–'ણમો સિદ્ધાણં !' હવે વાણી, શરીર નથી. ચાર કર્મ બાકી હતાં એ ચારેય(નો ક્ષય થઈ ગયો). અરિંહત(પદે) હતાં ત્યારે વાણી હતી. (સીમંધર) ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. તેમને ચાર કર્મનો નાશ છે અને ચાર કર્મ બાકી છે. વાણી ૐધ્વનિ નીકળે છે. એ ૐધ્વનિ ધ્વનિ કેવી છે ? કે, '**...સ્યાત્કાર જેનું ચિહ્ન,...**' (છે). (અર્થાત્) કોઈ અપેક્ષાએ કહેવું. નિત્ય કે કાયમ રહે માટે આત્મા. અનિત્ય કે પલટે માટે. આહા..હા...! ગુણો કે ત્રિકાળી ધ્રુવ માટે. પર્યાય કે એક ક્ષણની અવસ્થા પલટે માટે. એમ ભગવાનની વાણીમાં '**...સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવું,...**' પણ છે કેવું ? (તો કહે છે) '**...પૌદ્‌ગલિક શબ્દબ્રહ્મ.**' એ પુદ્‌ગલ જડની પર્યાય છે, આહા..હા...હા...! ૐધ્વનિ ઊઠે છે, પણ છે એ પુદ્‌ગલની પર્યાય. જડની–પરમાણુની પર્યાય (છે), આત્માની નહિ. આહાહા...!

શ્રોતા :– શ્વતાંબર તો કહે ઉપમા અલંકાર કર્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :-- શ્વેતાંબરની વાતમાં કાંઈ (માલ નથી). આ તો વસ્તુ સ્થિતિ છે. ઝીણી વાત છે, ભાઈ ! શ્વેતાંબરમાં તો મોટો ફેર છે. એ તો ભગવાનને રોગ કહે, એને દવા લ્યે (એમ કહે), દવાથી રોગ મટે ! એ બધી વાતું વીતરાગને ન હોય. આહા..હા...! અને તેથી છ મહિના લોહીખંડ ઝાડો રહ્યો, આહા..હા...! ઉપદેશ બંધ રહ્યો. એ બધી કલ્પનાથી વાતો કરી છે. આ તો ત્રિકાળી ભગવાનની વાણી છે, આહા..હા...!

ભગવાન એમ ફરમાવે છે કે, જે વાણી નીકળી એ પુદ્‌ગલની દશા છે. આહા..હા..હા...! આત્મા તો અરૂપી (છે). વાણીથી ભિન્ન છે. શું આ કહે છે ? વીતરાગની વાણી એ પુદ્‌ગલની જડની અવસ્થા છે ! આ વાણી છે ને, જુઓ ! એ તો જડની દશા છે. એ આત્મા છે ? આત્મા તો જડની દશાથી ભિન્ન છે. આહા.હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીંયાં એ કહે છે, '**...સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવું, પૌદ્ગલિક શબ્દબ્રહ્મ.**' (અર્થાત્) (એ) પુદ્ગલનો શબ્દબ્રહ્મ (છે). એટલે ? એ શબ્દબ્રહ્મમાં બધું કહેવામાં આવે. માટે તેને 'શબ્દબ્રહ્મ' કહેવામાં આવે છે. વાણીમાં સ્વપર કહેવાની શક્તિ છે. સ્વપર કથન કરવાની શક્તિ છે. આત્મામાં સ્વપર જાણવાની શક્તિ છે. વાણીમાં સ્વપરને કહેવાની શક્તિ છે, પણ છે એ જડ. આહા..હા...! ભાઈ ! વીતરાગ માર્ગ બહુ ઝીણો, બાપુ !

અનંત વાર નવમી ગ્રિવેક ગયો, અનંતા ભવ કર્યાં, દિગંબર જૈન સાધુ થઈને હોં..! આહા..હા...! પણ એ રાગથી ભિન્ન (અર્થાત્) એ દયા, દાન ને વ્રતના વિકલ્પ આસ્રવ છે–દુઃખ છે, એનાથી ભિન્ન ભગવાન(આત્મા) છે, તેનું તેણે ભાવશ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાન ન કર્યું. તેથી તેને જન્મ–મરણ ન મટ્યાં. આહા...! આહાહા...! સમજાણું કાંઈ ?

ભગવાનની વાણી પૌદ્ગલિક શબ્દબ્રહ્મ (છે). શબ્દબ્રહ્મ કેમ કહ્યો ? કે, જેમ ભગવાન કેવળજ્ઞાની આનંદબ્રહ્મ છે, એમ આ શબ્દબ્રહ્મ (છે). કેવળજ્ઞાનમાં જેમ બધું જણાય છે એમ શબ્દમાં બધું કહેવાય છે. વાતું ફેરે ફેર છે, બાપુ ! મારગડાં જુદા, ભાઈ ! આહા..હા...! આહા..હા...!

ભગવાનની વાણી ૐ નીકળે. આમ એને (છદ્મસ્થ જેવી) વાણી ન હોય. (કેમકે) એ તો વીતરાગ છે. રાગનો નાશ કરીને વીતરાગ થયાં છે અને વીતરાગ થયાં પછી કેવળ(જ્ઞાન) થયું છે. વીતરાગ તો બારમે ગુણસ્થાને થાય. ચૌદ ગુણસ્થાન છે. (તેમાં) કેવળજ્ઞાન તેરમે (ગુણસ્થાને) થાય. આહા..હા...! નિસરણીનાં જેમ ચૌદ પગથિયાં (હોય) છે ને ? એમ ચૌદ ગુણસ્થાન (છે, તે) પગથિયાં છે. બારમે ગુણસ્થાને પરમાત્મા વીતરાગ થાય. (એટલે) ઇચ્છાનો નાશ થઈ જાય ત્યારે તેરમે (ગુણસ્થાને) કેવળજ્ઞાન થાય. ત્યારે ઇચ્છા પણ નથી અને ચાર ઘાતિકર્મ એ પણ નથી, ટળી ગયાં. એને જે વાણીનો યોગ (છે, તે) પૂર્વે નામકર્મ બંધાઈને પડ્યું છે, (તો) એ વાણી નીકળે (છે). હોઠ બંધ (હોય), કંઠ ધ્રૂજે નહિ, આખા શરિરમાંથી ૐ એવો ધ્વનિ ઊઠે. પણ એ ધ્વનિ પુદ્ગલની દશા છે, (એમ અહીંયાં) કહે છે. છે ? '**પૌદ્ગલિક શબ્દબ્રહ્મ !**' આ..હા..હા...!

(હવે કહે છે) '**તેની જ્ઞપ્તિ,...**' એ શબ્દોનું જ્ઞાન. '**(--શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા) તે જ્ઞાન છે;...**' અહીં શબ્દબ્રહ્મને જાણનારી ક્રિયા તે જ્ઞાન છે (એમ કહ્યું) પણ એ જ્ઞાને જીવને જાણ્યો માટે તેને જ્ઞાન કહીએ. એકલાં શબ્દને જાણવાનું જ્ઞાન તે (જ્ઞાન નથી). એ તો 'બંધ અધિકાર'માં લીધું ને, ભાઈ ? એ શબ્દજ્ઞાન છે. આહા..હા...! અહીં તો કહેવાનો આશય એ છે (કે) તેનું (શબ્દબ્રહ્મનું) જ્ઞાન થતાં સ્વનું જ્ઞાન થયું, ત્યારે તેનું (શબ્દબ્રહ્મનું) જ્ઞાન થયું (એમ કહેવાય). આહા...! સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા સત્ ચિદાનંદ પ્રભુ ! 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવું એને અંતર જ્ઞાન થયું ત્યારે પેલી વાણીથી જ્ઞાન (થયું) હતું એ તો નિમિત્તરૂપે જ્ઞાન (હતું). પણ એ જ્ઞાને જ્યારે સ્વને જાણ્યું ત્યારે (જે) જ્ઞાન થયું ત્યારે તેણે સ્વને અને પરને જાણ્યું એવું જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! ભારે વાતું ! આવો માર્ગ છે, ભાઈ !

સંવત ૪૯ (માં) 'કુંદકુંદઆચાર્ય' દિગંબર મુનિ ભગવાન પાસે ગયા હતા. સંવત ૪૯..! બે હજાર વર્ષ થયાં. ('સીમંધર') ભગવાનનું આયુષ્ય તો મોટું (છે), ક્રોડ પૂર્વનું છે. બે હજાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હાથ ઊંચો, પાંચસો ધનુષનો દેહ છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં ૭૦ લાખ ક્રોડ ૫૬ હજાર ક્રોડ વર્ષ જાય. આહા..હા...! આ સામાયિકમાં ભગવાનની આજ્ઞા નથી લેતાં ? એને એ પણ ક્યાં ખબર છે કે ભગવાન શું ? ને કેવળી કોને કહેવાં ? આહા..હા....! સામાયિક કરતી વખતે આજ્ઞા માંગે છે ને ? એ પરમાત્મા બિરાજે છે. એમની વાણી પણ પુદ્ગલ છે, (એમ) કહે છે. આહા..હા...! એ વાણીનું જ્ઞાન થવું, એ જ્ઞાન થવું ક્યારે કહેવાય ? કે, તે જ્ઞાને સ્વને જાણ્યું ત્યારે વાણીનું જ્ઞાન છે, એમ નિમિત્તથી કહેવામાં આવે. આહા..હા...!

કેમકે વાણીમાં એમ કહેવામાં આવ્યું હતું કે, 'પ્રભુ ! તું પૂર્ણાનંદનો નાથ છો ને નાથ ! તેને જાણ ને !' એમ વાણીમાં કહેવામાં આવ્યું હતું. એવું જ્ઞાન થઈને પોતે પોતાને જાણ્યું ત્યારે એ જ્ઞાનમાં સૂત્રની ઉપાધિ દૂર થઈ ગઈ. સૂત્રથી જે જાણેલું જ્ઞાન તે દૂર થઈ ગયું ! ભાઈ ! વાત આકરી છે, ભાઈ ! આહા..હા..! પ્રભુ ! શાંતિથી સમજવાં જેવું છે, બાપુ ! આ તો ત્રણલોકના નાથ (ની વાણી છે). અરે..રે...! તીર્થંકરના વિરહ પડ્યાં, ભરતક્ષેત્રમાં વાણી રહી ગઈ. (પણ) એનાં અર્થો કરનારાં ઊંધા આવી ગયા. આહા..હા...!

અહીં તો કહે છે... આહા..હા...! શું શૈલી ! કહે છે કે 'શ્રુત' જે શબ્દ આવ્યો (અર્થાત્) જ્ઞાની શ્રુતજ્ઞાન દ્વારા જાણે (એમ જે કહ્યું તો તેમાં) 'શ્રુત' એ શબ્દ આવ્યો તો જાણે શ્રુત એટલે વાણી અને વાણીનું જ્ઞાન એ શ્રુત ! (પણ) એમ નથી. આહા..હા...! ભગવાનની વાણીમાં એમ આવ્યું હતું (કે) 'પ્રભુ ! તું પૂર્ણાનંદનો નાથ છો તેની દૃષ્ટિ કર ! તેને જાણ !' વીતરાગની વાણીનું તાત્પર્ય વીતરાગતા છે ને ? અને વીતરાગતા તાત્પર્ય છે તો વીતરાગતાનો પર્યાય ક્યારે પ્રગટે ? કે, ત્રિકાળી દ્રવ્ય જિનસ્વરૂપી પ્રભુ છે તેનો આશ્રય કરે તો વીતરાગી પર્યાય (પ્રગટ થાય). એટલે વાણીમાં એમ આવ્યું હતું. આહા..હા...! ત્યારે અહીંયાં જે જ્ઞાન થયું (તેમાં) વાણી નિમિત્ત (છે). એટલે શ્રુતની ઉપાધિ તેને નથી. પણ એ જ્ઞાન પણ ક્યારે કહેવાણું ? કે, એ જ્ઞાને આત્માનું જ્ઞાન કર્યું ત્યારે જ્ઞાન કહેવાણું. આ..હા..હા...! આવું છે ! જગતને મુશ્કેલી પડે. સંપ્રદાયમાં વાતું બધી બીજી હાલે (અને) માર્ગ કાંઈક બીજો ! આહા..હા...!

અહીં એ કહે છે કે, એ પૌદ્ગલિક શબ્દબ્રહ્મ, '**તેની જ્ઞપ્તિ (–શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા) તે જ્ઞાન છે;...**' પણ તે જ્ઞાનનો અર્થ ? એ સાંભળેલું જ્ઞાન છે તે પણ ઉપાધિવાળું છે, (એમ) કહે છે. પણ સાંભળવામાં એમ કહ્યું હતું કે, 'તારું જે સ્વરૂપ છે તેનું જ્ઞાન કર !' તે જ્ઞાન (છે). એવું જ્યારે તેણે સ્વરૂપનું જ્ઞાન કર્યું ત્યારે તે શ્રુત ભાવશ્રુત થયું. તેમાંથી દ્રવ્યશ્રુત એટલે શ્રુતની ઉપાધિ તો રહી નહીં પણ શ્રુતથી થયેલું (પર) લક્ષવાળું જ્ઞાન પણ રહ્યું નહીં. આ..હા..હા...! આવી વાતું છે, બાપા !

અનંતકાળથી રખડે છે. ચોરાશીના અવતાર કરી કરીને દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી.... (થઈ રહ્યો છે). અબજોપતિ, કરોડપતિ બિચારા દુઃખી છે. આત્માનું જ્ઞાન નથી એ બિચારાં દુઃખી છે, ભિખારા છે ! માંગે છે... પૈસા લાવો ! બાયડી લાવો..! આ માંગણ મોટા.. ! આહા..હા...! તેને અંતરમાં અતીન્દ્રિય આનંદનો નાથ ભર્યો છે તેની ઉપર તેની દૃષ્ટિ નથી, ત્યાંથી તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માંગણી નથી. માંગણી આ ધૂળની (કરે છે), પૈસા લાવો, બાયડી લાવો, છોકરા લાવો, આબરૂ લાવો, કો'ક મોટો માનો...! અરર..ર..! ભિખારી બહારની ભીખ માંગે છે !

અંદર ભગવાન બાદશાહ પડ્યો છે ! અનંત જ્ઞાન અને અનંત આનંદથી ભરેલો ભગવાન (છે). તેનું જેણે જ્ઞાન કર્યું ત્યારે પેલી શ્રુત–ઉપાધિ (ગઈ). એટલે શ્રુતનું નિમિત્તપણું હતું (તેવું) (પરલક્ષી) જ્ઞાન અને ઉપાધિ પણ ગઈ. આહા..હા..! સમજાય એટલું સમજવું પ્રભુ ! આ તો ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવની વાણી છે ! સંતો... દિગંબર સંતો આડતિયા થઈને કેવળીની વાતું કરે છે ! આહા..હા...! માલ તો સર્વજ્ઞનો છે, આહા..હા...! પણ શ્રુતજ્ઞાની સંતો એ પોતે વાત કરે છે કે, પ્રભુ ! અમને જે જ્ઞાન થયું એ વાણીથી થયું નથી. વાણીથી (થયેલું) પરના લક્ષવાળું જે અમારું જ્ઞાન તે પણ સાચું જ્ઞાન નથી, આ..હા..હા...! એ ઉપાધિથી રહિત, આત્મા ત્રિકાળી આનંદનો નાથ તેનું અમને જ્ઞાન થયું તેને અમે 'શ્રુતજ્ઞાન' કહીએ છીએ. આ..હા..હા...! તેને અમે 'ભાવશ્રુતજ્ઞાન' અને તેને અમે 'શ્રુતકેવળી' કહીએ છીએ, આહા..હા...! એ તો આપણે આવી ગયું છે કે, 'અમે શ્રુતકેવળી છીએ !' એ તો આવી ગયું છે ને ? પહેલાં આવી ગયું છે. 'અમે શ્રુતકેવળી છીએ !' આ.હા..હા..હા...!

દિગંબર મુનિઓ જંગલમાં નગ્નપણે વસતાં હતાં. એને વસ્ત્રનો ધાગો પણ નહોતો, પ્રભુ ! અંદર વિકલ્પનો અંશ પણ સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવમાં નહોતો, આહા..હા...! એવાં મુનિઓ જંગલમાં વસતાં હતાં. આ વસ્ત્રસહિત શ્વેતાંબર તો પછી નીકળ્યાં. બે હજાર વર્ષ થયાં. એ દિગંબરમાંથી નીકળ્યા. વસ્ત્રપણું સ્થાપ્યું ને... એ બધી કલ્પનાની વાતું છે. આ તો અનાદિ સનાતન વીતરાગમાર્ગ ત્યાં વર્તે છે – મહાવિદેહમાં વર્તે છે, તે આ વાત છે ! આહા..હા...!

અહીં તો એમ કહ્યું કે, શ્રુતજ્ઞાનથી આત્માને જાણે. તો 'શ્રુત' (જે આવ્યું) એ તો સાંભળેલું (થયું) (અને) એ તો ઉપાધિ છે. આહા..હા...! વાણી (સાંભળવી) તો ઉપાધિ છે ! ભગવાનની વાણી તો અનંતવાર સાંભળી છે. સમવસરણમાં અનંત વાર ગયો છે. મહાવિદેહમાં ભગવાન તીર્થંકરનો વિરહ હોય નહિ. વીસ તીર્થંકર તો બિરાજે છે. મોક્ષ જાય તો બીજા થાય. ત્યાં ભગવાન તો કાયમ બિરાજે (છે). અને ત્યાં જીવનો અનંત વાર અવતાર થયો છે. અનંતા પુદ્ગલ પરાવર્તનમાં ત્યાં અવતાર કર્યા (છે). ત્યાં અવતાર કરીને અનંતવાર સમવસરણમાં ગયો છે. વાણી પણ અનંત વાર તેણે સાંભળી છે. પણ વાણીમાં શું કહેવું છે ? (જેમાં) સ્વનું જ્ઞાન કરાવવું છે એ જ્ઞાન તેણે ન કર્યું. આહા..હા...! વાણીનું જ્ઞાન કરીને ત્યાં અટકી ગયો કે, આપણને ભગવાનનું ઘણું છે. આ..હા..હા...!

ખરેખર તો શ્રુતનું જ્ઞાન છે એ શબ્દબ્રહ્મ છે, ભાઈ ! આવ્યું ને 'બંધ અધિકાર'માં ? શાસ્ત્રનું જ્ઞાન થાય, વાણી સાંભળીને જ્ઞાન થાય, એ બધું શબ્દબ્રહ્મ છે, એ આત્મજ્ઞાન નથી. આહા..હા...! આ.હા..હા..હા...! (અહીંયાં એ) કહે છે કે, એ શબ્દબ્રહ્મ(થી થયેલું) જે શાસ્ત્રનું જ્ઞાન છે, સાંભળીને થયેલું (જે જ્ઞાન છે તે) થયેલું છે પોતાના ઉપાદાનથી, પણ તેની ઉપાધિ છોડીને... આ.હા..હા..હા..! નિજ આનંદનો નાથ પોતે શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપે છે. 'જિન સો હી આતમા, અન્ય સો હી કર્મ, એહિ વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ' આહા..હા...! કેમ બેસે ? એક બીડી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પીવે ત્યાં જાણે આમ તલપ ચડી જાય અંદરથી ! સવારમાં દોઢ પા શેર ચા નો ઉકાળો પીએ (પછી કહે) 'મગજ સ્થિર છે !' (અથવા એમ કહે) ચા પીધા વિના આવ્યો છું તો મગજ ઠેકાણે નથી !!' આહા..હા...! તારા અપલખણ તો જો ! દોઢ પા શેર ચા નો ઉકાળો તારા મગજને ઠેકાણે રાખે !! આહા..હા...! પ્રભુ ! તું ક્યાં ગયો ?! આ..હા..હા...!

અહીં કહે છે કે, એ તો ક્યાંય રહી ગયું, પણ ત્રિલોકના નાથની વાણી સાંભળીને જે જ્ઞાન થયું તે જ્ઞાન પણ ઉપાધિવાળું છે ! આ.હા..હા..હા..! એને છોડીને જેણે અંદર આત્માનું જ્ઞાન કર્યું તેને શ્રુતની જ્ઞપ્તિ કહેવામાં આવે છે. આહા..હા...! આવું છે, બાપુ ! આહા..હા...! એ તો જ્ઞાનનું નિમિત્તકારણ છે. ભગવાનની વાણી નિમિત્ત છે. અને વાણીના નિમિત્તથી પરલક્ષી જ્ઞાન થયું તે પણ સ્વરૂપના જ્ઞાનમાં નિમિત્ત છે. એટલે કે એનાથી થતું નથી. આ.હા..હા..હા..! છે (અંદર) ?

જ્ઞપ્તિ એટલે '**...(—શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા) તે જ્ઞાન છે;...**' આહા..હા...! શબ્દબ્રહ્મને જાણનારી (જાણનક્રિયા) તે જ્ઞાન છે. તેનો અર્થ ? કે, શાસ્ત્રનું જ્ઞાન અને વાણીનું જ્ઞાન થયું, તેને પણ જાણનારું જ્ઞાન. આહા..હા...! એ સ્વને જાણનારું જ્ઞાન તો એને પણ જાણનારું જ્ઞાન તે જ્ઞપ્તિક્રિયા છે. આહા..હા...! ભાષા(ની) જુદી જાત ! પેલામાં તો એકન્દ્રિયા, બેઈન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચોઈન્દ્રિયા, અભિયા વત્તીયા, લેશ્યા... મિચ્છામી દુક્કડમ્...! થઈ ગયું. (તેમાં) કાંઈ સમજવાનું છે ? તત્સૂતરી,... ઠાણંગ... અપ્પાણમ... વોસરામી...! અપ્પાણમ્ એટલે શું ? ને વોસરે એટલે શું ? એની ખબર ન મળે. આત્મા વોસરે...વોસરે...!!

અહીં કહે છે કે, શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા તે જ્ઞાન છે. એનો અર્થ ? કે, શબ્દબ્રહ્મ જે વાણી છે એનાથી જે જ્ઞાન થયું એનાથી પણ ભિન્ન ભગવાનની જ્ઞપ્તિ છે, તે જ્ઞાન છે. આ..હા..હા...! તેને સમ્યક્જ્ઞાન કહીએ, તેને અજ્ઞાનનો નાશ કહીએ, અને તેને અનંત ભવના ભ્રમણનો નાશ થઈ જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ...? હવે આમાં વાણિયાને નવરાશ ન મળે ! આખો દિ' ધંધા... પાપના..! એમાં મોહમયી નગરી—'મુંબઈ !! આખો દિ' આ કર્યું ને આ લીધું ને આ દીધું, ભલે પાંચ-પચાસ લાખ પેદા થતાં હોય.. ધૂળ..! થોડો વખત મળે તો બાયડી--છોકરાને રાજી કરવામાં રહે. છ--સાત કલાક ઊંઘમાં જાય ! સાંભળવા (માટે) કલાક(નો) વખત મળે, ત્યાં કુગુરુ લૂંટી લે...!! કે 'તમે વ્રત કરો, તપ કરો એમાંથી કલ્યાણ થશે !' આહા..હા...! વ્રત ને તપ એ તો વિકલ્પ-રાગ છે, ભાઈ ! તને ખબર નથી, બાપુ ! આહા..હા...! વ્રત, તપ, દયા, દાન, પૂજા, ભક્તિ એ બધો વિકલ્પ ને રાગ છે, ભાઈ ! તને ખબર નથી.

ચૈતન્યમૂર્તિ પ્રભુ તો અંદર રાગથી ભિન્ન છે. આહા..હા...! એનું જ્ઞાન તેને 'જ્ઞાન' કહીએ. વાણીનું જ્ઞાન એ શબ્દબ્રહ્મ છે. એનાથી ભિન્ન પડીને સ્વનું જ્ઞાન કર્યું તેને જ્ઞપ્તિ અને આત્માનું જ્ઞાન કહીએ. સમજાય એટલું સમજો બાપુ ! આ તો વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞની વાણી છે. આ સીધી ત્યાંથી આવી છે !! આહા..હા...!

(આગળ કહે છે), '**...શ્રુત (—સૂત્ર) તો તેનું (—જ્ઞાનનું) કારણ હોવાથી જ્ઞાન તરીકે ઉપચારથી જ કહેવાય છે,...**' એ 'શ્રુત' શબ્દથી (એમ કહેવું છે કે) એ શ્રુતનું જ્ઞાન પોતે ઉપાધિ છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રુતનું જ્ઞાન પણ ઉપચારથી 'શ્રુતજ્ઞાન' કહેવામાં આવે છે. આત્માનું જ્ઞાન તે વાસ્તવિક જ્ઞાન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..! ફક્ત એ શ્રુત (સૂત્ર) તો (જ્ઞાનનું) કારણ હોવાથી જ્ઞાન તરીકે ઉપચારથી–વ્યવહારથી (કહેવામાં આવે છે). ઉપચાર કહો કે વ્યવહાર કહો (બન્ને એકાર્થ છે). **'(જેમ અન્નને પ્રાણ કહેવાય છે તેમ).'** 'અન્ન સમા પ્રાણ' એમ આપણે ગુજરાતીમાં નથી કહેતાં ? તમારે હિન્દીમાં ('અન્ન વહી પ્રાણ' કહે). અમારે ગુજરાતીમાં 'અન્ન સમા પ્રાણ' છે, બાપા ! અન્ન હોય તો પ્રાણ રહે...! ધૂળેય નથી..! 'અન્ન સમા પ્રાણ' આપણે ગુજરાતીમાં કહેવાય છે.

(જેમ) અન્નને પ્રાણ કહેવાય તેમ એ સૂત્રના જ્ઞાનને જ્ઞાન (કહેવાય છે). અન્નને પ્રાણ કહેવાય, તેવો વ્યવહાર છે. આહા..હા..હા...! **'આમ હોવાથી એમ ફલિત થાય છે કે `સૂત્રની જ્ઞપ્તિ'...'** (અર્થાત્) એ સૂત્રનું જે જ્ઞાન, **'...તે શ્રુતજ્ઞાન છે.'** આહા..હા..હા...! સૂત્રની જ્ઞપ્તિ અથવા શ્રુતથી થયેલું, નિમિત્તથી શુદ્ધ ઉપાદાનમાં થયેલું જ્ઞાન, તેની જ્ઞપ્તિ. આહા..હા...!

તેથી ઘણાં કહે છે ને કે, 'સોનગઢે' નવો ધર્મ કાઢ્યો ! અરે પ્રભુ..! નવો ધરમ નથી, બાપુ ! આ તો અનાદિ(થી) પરમાત્માનો (કહેલો છે). ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ત્યાં મહાવિદેહક્ષેત્રમાં ફરમાવી રહ્યાં છે. ઇન્દ્રો, ગણધરો ત્યાં જાય છે. આહા..! એ વાણી અહીં આવી છે, પ્રભુ ! સંતોએ એ વાણીને શાસ્ત્રમાં રચી છે, આહા..હા...!

(હવે કહે છે), **'...`સૂત્રની જ્ઞપ્તિ' તે શ્રુતજ્ઞાન છે. હવે જો સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે,...'** આહા..હા..હા...! એ સૂત્ર શબ્દો અને તેનાથી થતું જ્ઞાન–શબ્દજ્ઞાન (તેને ઉપાધિ કહી) ! સમજાય છે કાંઈ ? ભગવાનની વાણી સાંભળી અને જ્ઞાનની પર્યાય થઈ (તેમાં) તે સૂત્રોને અને શબ્દોને જાણ્યા. શબ્દોને જાણ્યા તેથી આ જ્ઞાનને 'શબ્દજ્ઞાન' કહેવામાં આવે (છે). એ શબ્દજ્ઞાનથી પણ ભગવાનઆત્માનું ભાવશ્રુતજ્ઞાન ભિન્ન છે. સમજાણું કાંઈ ? એમાં 'શબ્દબ્રહ્મ' કહ્યું છે ને ભાઈ ? વીતરાગની વાણી(રૂપ) શબ્દ તો શબ્દ ભલે રહ્યાં. પણ એ વાણીનું નિમિત્ત છે અને અહીં જ્ઞાન થયું એ શબ્દબ્રહ્મ છે. આહા..હા..હા..! એવી ઉપાધિનું લક્ષ છોડી દઈને... (એમ કહે છે). અને ભગવાન પૂર્ણાનંદનો નાથ એને ભાવશ્રુતજ્ઞાન દ્વારા (અર્થાત્) તેને જાણનારા જ્ઞાનથી તે જ્ઞાનને (એટલે કે આત્માને) જાણ. આહા..હા...!

અરે..! આવું હજી તો સાંભળવા મળે નહિ ! અને મળે તો પકડવું કઠણ પડે. અરે..રે...! એ કે 'દિ આત્માનું જ્ઞાન કરે ? અને તેને જન્મ-મરણના આરા (ક્યારે મટે) ? અબજોપતિ માણસો જેને આત્મા શું ચીજ છે તેનું જ્ઞાન નથી, એ મરીને ઢોરમાં–પશુમાં અવતરવાના ! એમ ભગવાન કહે છે. કેમકે એણે તો રાગ અને દ્વેષ, વિષય કષાયોનાં ભાવ સેવ્યાં (છે). ભલે કોઈ પુણ્ય (કર્યાં) હોય (તો) એ પણ રાગ–વિકાર છે. એ ભગવાનના સ્વભાવથી વિકારભાવ (છે તે) આડોડાઈ છે (અર્થાત્ વિરુદ્ધભાવ છે). એ આડોડાઈને સેવનારાં તિર્યંચ (થઈને) આડા શરીર થાશે. આ મનુષ્ય આમ ઊભા છે. પેલાં તિર્યંચ આમ આડા છે. ગાય, ભેંસ, ઘોડા, ખિસકોલી, નોળિયો આમ આડા છે, આડા. એ આડોડાઈ કરીને આડા શરીરમાં અવતર્યાં (છે), પ્રભુ ! આહાહા...! આહા..હા...! અહીં અબજોપતિ હોય, હીરાનાં... શું કહેવાય એ તમારું ? હેં ? પલંગ.. પલંગ..! ભૂલી જવાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(છે) તમારી ભાષા ! હીરાનાં પલંગે સૂતો હોય એ દેહ છોડીને ઢોરમાં અવતરે ! અને જો માંસ અને દારૂ ખાતાં હોય તો મરીને નરકમાં અવતરે !!

'બ્રહ્મદત્ત' જેવો ચક્રવર્તી ! (જેને) ૯૬ હજાર સ્ત્રી, ૪૮ હજાર પાટણ, ૭૨ હજાર નગર, ૯૬ કરોડ પાયદળ, ૯૬ કરોડ ગામ (હોય), આહા..હા...! પણ તેણે આત્મજ્ઞાન કર્યું નહિ, અનુભવ કર્યો નહિ. પુણ્ય પણ કર્યાં નહિ ! શાસ્ત્રવાંચન, શ્રવણ, સત્‌સમાગમ થાય તો એને પુણ્ય પણ થાય. ધર્મ તો બીજી ચીજ છે, બાપુ ! એ તો આકરી (વસ્તુ છે). (આમ) પુણ્ય પણ નહિ અને ધર્મ પણ નહિ, (એટલે) મરીને સાતમી નરકનો નારકી થયો. છેલ્લો 'બ્રહ્મદત્ત ચક્રવર્તી !' અત્યારે તો હજી ૮૫ હજાર વર્ષ ગયાં છે. હજી તો ૩૩ સાગર(નું) (આયુષ્ય છે). અસંખ્ય ક્રોડા--ક્રોડી પલ્યોપમ વર્ષનો એક પલ્યોપમ ! આહા..હા...! એવા ૩૩ સાગરની સાતમી નરકની સ્થિતિ છે. આ જીવ ત્યાં અનંત વાર જઈ આવ્યો છે, હોં ! આહા..હા...! (પણ) ભૂલી ગયો... ભૂલી ! પણ ભૂલી જાય માટે નહોતું, પ્રભુ ! એમ કેમ કહેવાય ? આહા..! જન્મીને છ મહિના, બાર મહિના માતાએ તને શું ધવરાવ્યો, નવરાવ્યો એની ખબર છે ? ખબર નથી માટે નહોતું (એમ) કેમ કહેવાય ? ભાઈ ! આહા..હા..! એમ અનંત અનંત સાગરોમાં... ૩૩-૩૩ સાગરે નરકમાં અનંત વાર ગયો. આહા..હા...! નિગોદ...! એ લસણની કળી અને ડુંગળીની કટકીમાં અનંતવાર ઊપજ્યો છે. આહા..હા...! ભૂલી ગયો એટલે નહોતું પ્રભુ ! એમ કેમ કહેવાય ? ભાઈ ! આહા..હા...! એને મટાડવાનો ઉપાય આ છે.

જે જ્ઞાન દ્વારા આત્મા જણાય અને આત્માને જાણનારું જે જ્ઞાન તે ભાવશ્રુત(જ્ઞાન) છે અને (તેનાથી) ભવનો અંત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા..! બાકી પૈસે મોટા થયાં ને આબરૂએ મોટા થયાં ને બાર–બાર છોકરા થયાં ને એક–એક છોકરો બે–બે લાખની પેદાશમાં (છે) ને (માને) મોટા વધી ગયા ! પાપમાં વધ્યાં છે ! સોજા વધ્યા છે !! એ સોજા સમાશે, બાપા ! તે દિ' રાડ નાખીશ !!

અંતર ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની શાંતિનો સાગર (છે) એને જે જાણે તેને 'જ્ઞાન' કહેવામાં આવે છે. બાકી આ બધાં તમારા વકીલાતનાં જ્ઞાન, એલએલ. બી. ના પૂંછડા, દાક્તરના, એમ. એ. નાં મોટા પૂંછડા – એ બધાં કુજ્ઞાન છે. મરીને જશે (સંસારમાં રખડવા). દુનિયા વખાણ કરે એટલે શું થાય ? આહા..હા...! આ વાત ક્યાં છે બાપુ ? આહા..! લોકો તો કહે – વ્રત કરો ને અપવાસ કરો, ભક્તિ કરો ને પૂજા કરો, દાન કરો ને દયા કરો, એ તો બધી રાગની ક્રિયા છે, બાપુ ! તને ખબર નથી, ભાઈ ! એ ધર્મ નહિ..! આહા..હા...! એ રાગથી ભિન્ન જ્ઞાનથી આત્માને ઓળખે એવું જે આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન તે ભવના ભ્રમણના નાશનો ઉપાય છે. બાકી બધાં થોથા... થોથા.. છે. આહા..હા...!

એ અહીં કહ્યું, **'આમ હોવાથી એમ ફલિત થાય છે કે `સૂત્રની જ્ઞપ્તિ' તે શ્રુતજ્ઞાન છે. હવે જો સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે તો `જ્ઞપ્તિ' જ બાકી રહે છે;...'** આહા..હા...! ખરેખર તો એ સૂત્રનું જ્ઞાન એ જ્ઞપ્તિ (છે). સૂત્ર અને સૂત્રના જ્ઞાનથી તેનું જ્ઞાન. તો તેનું જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન. આહા..હા...! એ જ્ઞપ્તિ (એટલે) સ્વને જાણનારી જ્ઞપ્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો હવે આને કેવળી સાથે મેળવવું છે કે, જેમ કેવળીભગવાન પોતાના જ્ઞાનથી ત્રિકાળ આત્માને જાણે (છે) તેમ શ્રુતજ્ઞાની પોતાની જ્ઞપ્તિ ક્રિયાથી આત્માને જાણે છે. માટે તે અપેક્ષાએ બન્ને સરખાં છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

(સૂત્રનો) '**...આદર ન કરવામાં આવે તો `જ્ઞપ્તિ' જ બાકી રહે છે; (`સૂત્રની જ્ઞપ્તિ' કહીએ છીએ ત્યાં નિશ્ચયથી જ્ઞપ્તિ કાંઈ પૌદ્‌ગલિક સૂત્રની નથી,...**' આહા..હા...! એ શબ્દબ્રહ્મ(માં) શબ્દ પણ પુદ્‌ગલ છે ને ? શાસ્ત્રનું જ્ઞાન થવું એ શબ્દબ્રહ્મ છે. એ પણ ખરેખર જડનું જ્ઞાન છે. આ..હા..હા...!

અંદર સત્‌ચિદાનંદ પ્રભુ ! સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો તે; એવો જે આત્મા તેને અંદરમાં જાણવું, તેની સન્મુખ થઈને તેનું જ્ઞાન (થયું) (અર્થાત્‌) તે જ્ઞાન તેની સન્મુખ થઈને થયું, તેને જ્ઞપ્તિ–જ્ઞાનની ક્રિયા–આત્માની ક્રિયા કહેવામાં આવે છે. આહા..હા...! છે ? આહા...! '**...સૂત્ર જ્ઞપ્તિના સ્વરૂપભૂત નથી,...**' સૂત્ર–શબ્દો અને શબ્દોથી થયેલું જ્ઞાન, એ જ્ઞપ્તિના સ્વરૂપભૂત નથી, આહા..હા...હા...!

ભગવાનઆત્મા ત્રિકાળીને જાણે એવું જે જ્ઞાન એ જ્ઞપ્તિક્રિયા (છે). છે (અંદર) ? '**...સૂત્ર જ્ઞપ્તિના સ્વરૂપભૂત નથી, વધારાની વસ્તુ અર્થાત્‌ ઉપાધિ છે; કારણ કે સૂત્ર ન હોય ત્યાં પણ જ્ઞપ્તિ તો હોય છે.**' આહા..હા..! એ સૂત્ર (એટલે) ભગવાનની વાણી અને વાણીથી થયેલું જ્ઞાન... આહા..હા..! એ (સૂત્ર) ન હોય ત્યાં પણ જ્ઞપ્તિ તો હોય છે. આહા..હા..! આ ફેરી જરી નવો અર્થ આવ્યો છે !

આહા..હા..! ચૈતન્યપ્રકાશનો પૂર અંદર છે ! ક્રોડો–ક્રોડો સૂર્યના પ્રકાશથી પણ પ્રભુનો ચૈતન્ય પ્રકાશ અંદર અનંત ગુણો પડ્યો છે ! ક્રોડો–ક્રોડો ચંદ્રથી પણ અનંતી શીતળતા ભગવાનઆત્મામાં અંદર પડી છે ! આ..હા..હા...! ક્રોડો સાગરથી, ક્રોડો સાગરની ગંભીરતાથી પણ અનંતગણી ગંભીરતા ભગવાનઆત્મામાં પડી છે ! અરે.. ક્યાં એને ખબર છે કાંઈ ? આહા..! અને જ્યાં આકાશનો પાર નથી... ક્યાં આકાશ (પૂરું) થઈ રહ્યું (એવું) છે ક્યાંય ? આકાશ... આકાશ... આકાશ... લોક(ની) બહાર આકાશ ક્યાં થઈ રહ્યું ? (જેમ) આકાશનો પાર નથી એમ ભગવાન(આત્માના) અનંત ગુણનો અંદર પાર નથી !! આહા..હા..હા...! આવા આત્માને જેણે શ્રુતજ્ઞાન દ્વારા જાણ્યો તેને શ્રુતકેવળી (એટલે) શ્રુતમાં પૂરો છે તેમ કહેવામાં આવે છે, આ..હા..હા...! ભારે વાતું બધી આ તો !

કહેવાય છે ને ? 'આનંદ કહે પરમાનંદા, માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે ને એક તાંબિયાના તેર' એમ ભગવાન કહે છે કે, તારે ને મારે બાપુ, વાતુંમાં બહુ ફેર છે, ભાઈ ! આહા..હા...! આવી વાત છે, બાપા ! આહા...હા..! તું ભગવાન છો ને પ્રભુ ! આહા..હા...! એ ભગવાનઆત્માનું જ્ઞાન જેને થાય તેને જ્ઞાન કહેવામાં આવે (છે). બાકી એકલાં શાસ્ત્રનાં જ્ઞાન ને આ બધાં એમ. એ. ને એલએલ. બી. નાં પૂંછડાં, એ બધાં જ્ઞાન તો બંધનાં કારણ છે. આ જ્ઞપ્તિક્રિયા–આત્માનું જ્ઞાન તે તો અબંધનું કારણ છે. આહા..હા...! સમજાય એટલું સમજવું, પ્રભુ !

તારી મોટપનો પાર નથી, પ્રભુ ! આહા...! તારી મોટપ વીતરાગની વાણીમાં પણ પૂરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવી શકી નથી ! વાણી જડ અને અંદર પ્રભુ ચૈતન્ય ! દુશ્મન પાસે સજ્જનની વાત કરાવવી (તો) એ કેટલી કરે ? એમ આ વાણી જડ માટી, ૐધ્વનિ પણ જડ–પુદ્‌ગલ, એ ભગવાન(આત્મા) અનંત આનંદનો નાથ–એ એની કેટલીક વાત કરે ? આ..હા..હા...!

'(**...માટે જો સૂત્રને ન ગણીએ તો `જ્ઞપ્તિ' જ બાકી રહે છે;) અને તે (–જ્ઞપ્તિ) કેવળીને અને શ્રુતકેવળીને આત્મઅનુભવનમાં તુલ્ય જ છે.**' આહા..હા...! જુઓ ! સરવાળો આ લીધો છે. જ્ઞપ્તિ એને કહી. પેલું સૂત્રની ઉપાધિનું જ્ઞાન પણ દૂર કર્યું... આહા..હા...! (હવે કહે છે) કેવળી અને શ્રુતકેવળી (અર્થાત્) કેવળજ્ઞાની પરમાત્મા જેણે ત્રણકાળ ત્રણલોક સહિત ત્રિકાળી આત્માને જાણ્યો અને આ જ્ઞપ્તિક્રિયાવાળાએ પણ આત્માને જાણ્યો (માટે તે બન્ને સરખાં છે). આહા..હા...! છે ? '**...આત્મઅનુભવનમાં તુલ્ય જ છે.**' આત્માને જાણવામાં તુલ્ય છે, એમ અહીં લેવું છે. શ્રુતજ્ઞાનને જાણવું એ વાત ન લીધી. આહા..હા...!

'**માટે જ્ઞાનમાં શ્રુત–ઉપાધિકૃત ભેદ નથી.**' એ (કેવળજ્ઞાનીની) જ્ઞાનની નિર્મળ પર્યાય પોતાને જાણે છે. તેમ શ્રુતકેવળી પણ પોતાને જાણે છે. એ અપેક્ષાએ જાણવામાં બન્ને સરખાં છે. વિશેષ કહેશે...

❀ ❀ ❀

## (તા. ૭-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૩૨)

('પ્રવચનસાર'), ૩૪ ગાથા થઈ. છેલ્લી બે લીટી ફરીને લઈએ. જુઓ ! છે ? (**...માટે જો સૂત્રને ન ગણીએ તો 'જ્ઞપ્તિ' જ બાકી રહે છે;)**' શું કહે છે ? કે, ભગવાનની વાણી છે એ 'સૂત્ર' કહેવાય છે. એ પુદ્‌ગલની દશા છે. એને સાંભળવાથી પોતાની જે જ્ઞાનની પર્યાય થાય એ પણ પરલક્ષી ઉપાધિ(રૂપ) જ્ઞાન છે. અહીંયાં તો જે જ્ઞાન આત્માને જાણવાનું કામ કરે એ 'જ્ઞપ્તિ' (છે). (એ જ્ઞપ્તિ એટલે) જાણવાની ક્રિયા કેવળીને અને શ્રુતકેવળીને (બન્નેને) સરખી છે, (એમ કહેવું છે). ઝીણી વાત છે, ભાઈ !

આ તમારા ભણતર–બણતરનું જ્ઞાન તો કુજ્ઞાન (છે). એનાથી તો આત્મા જણાય નહિ, એમ કહે છે. કુજ્ઞાન...! માસિક છ–સાત હજારનો પગાર, આઠ હજારનો પગાર (હોય તો) જાણે મોટા હુશિયાર થઈ ગયા ! (એમ અજ્ઞાની માને). (પણ) અહીં એ (જ્ઞાનની વાત) નથી, એમ કહે છે.

અહીં વાતમાં જરી ખૂબી એ છે કે, સૂત્રજ્ઞાન એમ કીધું–શ્રુતજ્ઞાન ! એમાં 'સૂત્ર' શબ્દ આવ્યો માટે કોઈ એમ માને કે ભગવાનની વાણી છે એ સૂત્ર છે, અને એનાથી આત્માનું જ્ઞાન થાય, (તો) એમ નથી. – એક વાત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીજી વાત – કે, સૂત્ર–ભગવાનની વાણી પુદ્‌ગલ–જડ છે. એનાથી અહીં સાંભળ્યું અને સાંભળવામાં જે જ્ઞાનની પર્યાય થઈ, એ થઈ છે પોતાથી. છતાં તે જ્ઞાન પણ પરલક્ષી છે. એ જ્ઞાનથી આત્મા જણાય નહિ, આ..હા..હા..!

શ્રોતા :-- આત્મા જણાય જ નહિ, આ તો એમ થયું !

સમાધાન :-- એનાથી જણાય નહિ. એ માટે તો અહીં વાત મૂકી. ભવગાનઆત્મા જ્ઞાન, આનંદસ્વરૂપ (છે) એને લક્ષે જે જ્ઞાન થાય (તે જ્ઞાન દ્વારા જણાય). ભાવશ્રુતજ્ઞાન દ્વારા તે જણાય. એ ભાવશ્રુતજ્ઞાન, સૂત્રનું–શાસ્ત્રનું જ્ઞાન (છે) એનાથી ભિન્ન છે. અરે..! આવી વાતું...! વકીલાત ને આ તમારા એમ. એ.ના ને ડૉક્ટરના જાણપણા બધાં પુછડાં કુજ્ઞાન (છે) ! એનાથી આત્મા ન જણાય, એમ કહે છે.

એ તો ઠીક, પણ ભગવાનની વાણી સાંભળીને જે જ્ઞાન થાય; થાય ભલે પોતાના ઉપાદાનમાં, પણ તેનાથી આત્મા ન જણાય, આ..હા..હા..! કેમકે એ પણ પરલક્ષી ઉપાધિજ્ઞાન છે !

અહીંયાં તો આત્મા જ્ઞાનનો દરિયો, ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ ! એને લક્ષે અથવા જે ભાવશ્રુતજ્ઞાન (કે) જે સૂત્રના જ્ઞાનથી પણ ભિન્ન (છે), એવી જ્ઞપ્તિક્રિયા–જાણવાની ક્રિયાથી આત્મા જણાય. (શ્રુતજ્ઞાનીને) એ જાણવાની ક્રિયાથી (આત્મા) જણાય (અને) કેવળીને કેવળજ્ઞાનથી જણાય. બન્નેનું (જ્ઞાન) સરખું છે, એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? આ..હા..હા...! એમ કહેવું છે ને ? જુઓ ને !

‘**...તે (જ્ઞપ્તિ) કેવળીને અને શ્રુતકેવળીને આત્મઅનુભવનમાં તુલ્ય જ છે.**’ છેલ્લો શબ્દ છે એનો અર્થ એ છે કે, જે ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ પ્રભુ ! એને જે જાણવાની જ્ઞપ્તિ (ક્રિયા) – જાણવાની ક્રિયા (એવું) જે સમ્યક્‌જ્ઞાન છે, એ જ્ઞપ્તિક્રિયા છે, તેનાથી આત્મા જાણે છે. કેવળી કેવળજ્ઞાનથી (આત્માને) જાણે છે અને આ (શ્રુતકેવળી) ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા જાણે છે. બન્ને જાણવાની અપેક્ષાએ તુલ્ય છે, એમ કહેવું છે. આ..હા..હા...!

અહીં તો (એમ કહે છે કે), શાસ્ત્રજ્ઞાન જે થાય તે પણ પરજ્ઞેયમાં નિષ્ઠ છે ! એ કંઈ સ્વજ્ઞેયનું જ્ઞાન નથી, આહા..હા..! આ..હા..હા...! અહીંયાં તો પરમાત્મા એમ કહે છે કે, અમારી વાણી જે જડ છે, એ સૂત્રરૂપ જ્ઞાનને ‘સૂત્ર’ – શબ્દોની ઉપાધિ છે, એ (વાત) દૂર રહો, પણ એ સૂત્રના શબ્દોથી થયેલું જ્ઞાન એ પણ શબ્દજ્ઞાન છે ! આ..હા..હા..! એ શબ્દજ્ઞાન છે ! એ શબ્દજ્ઞાનથી આત્મા ન જણાય. ભાઈ ! ‘બંધ અધિકાર’માં આવે છે ને ? કાલે એ વાત જરી નવી હતી. પહેલાં નહોતી આવી.

આત્મા...! સૂત્રજ્ઞાનથી એ આત્મા ન જણાય, આહા..હા..! કેમકે સૂત્ર જે વીતરાગની વાણી (છે) એ સૂત્ર પુદ્‌ગલ (છે). અને બીજી રીતે કહીએ તો ભગવાન સૂત્રજ્ઞાન દ્વારા વાત કરે છે, કેવળ દ્વારા નહિ. એ શું કહ્યું ?

કેવળી પરમાત્મા શ્રુત દ્વારા શ્રુતનું જ્ઞાન કહે છે. કેમકે એમની વાણીમાં સૂત્રજ્ઞાન આવે છે, કેવળજ્ઞાન નહિ. શું કહેવાય એ ? ‘ધવલ’...! ‘ધવલ’માં પાઠ છે કે, ભગવાનની વાણી જડ (છે) અને તેના લક્ષે થયેલું જ્ઞાન પરજ્ઞેયનું જ્ઞાન છે. એ સ્વજ્ઞેય–ચૈતન્યપ્રભુ છે તેનું જ્ઞાન નહિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...!

આ તમારા સંસારની બધી બુદ્ધિઓ બધી જડ છે (એમ) કહે છે. એનાથી આત્મા જણાય નહિ. અરે...! શાસ્ત્રજ્ઞાનથી આત્મા જણાય નહિ ! આ..હા..હા..! ફક્ત આત્મજ્ઞાનથી આત્મા જણાય, આ..હા..હા...!

એ જ્ઞપ્તિક્રિયા–જાણનક્રિયા એનાથી આત્મા જણાય (અને) કેવળીને કેવળજ્ઞાનથી જણાય. એ જાણવાની અપેક્ષાએ બન્ને સરખા છે. ભલે અહીં ઓછું જ્ઞાન છે, ત્યાં પૂરું (જ્ઞાન) છે, પણ જ્ઞપ્તિક્રિયા જે ચૈતન્યને જાણે છે એવી ક્રિયાથી આત્મા જણાય. કેવળી કેવળજ્ઞાનથી (જાણે). છે (પાઠમાં) ? '**...કેવળીને અને શ્રુતકેવળીને આત્મઅનુભવનમાં તુલ્ય જ છે.**' – '**આત્મઅનુભવનમાં તુલ્ય જ છે**' ! (એમ કહ્યું), આ..હા..હા..! ભગવાનને તો નિરાવરણ પૂર્ણ જ્ઞાન થઈ ગયું છે અને શ્રુતજ્ઞાનમાં હજી આવરણ છે. પણ એ આવરણને છોડીને એટલે કે જે કાંઈ પરલક્ષી જ્ઞાન થાય તેટલું એને આવરણ છે, આહા..હા...! એને છોડીને (પરલક્ષી જ્ઞાનને છોડીને) જે અંશે ચૈતન્યને જાણવાનો વિકાસ થયો છે, એવી જ્ઞપ્તિની–જાણવાની વિકાસની ક્રિયા, તેનાથી ભગવાન જણાય, આ..હા..હા..! આવું સ્વરૂપ !! માર્ગ એવો છે, ભાઈ ! આહા..હા..!

વળી, (એમ) કહ્યું કે, બન્ને સરખા છે. (નિજ સ્વરૂપ) જાણવામાં.. હોં..! પર્યાયમાં ભલે ફેર છે. જે આત્મા આનંદનો નાથ પ્રભુ (છે) એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા (જણાય છે). સૂત્ર–ભગવાનની વાણી આવી એનાથી (આત્મા જણાય) નહિ. અને એનાથી અહીંયાં જ્ઞાન થયું–થયું છે પોતાથી– એ તો નિમિત્ત છે, એનાથી (–એ પરલક્ષી જ્ઞાનથી પણ આત્મા જણાય) નહિ. પણ ભાવશ્રુતજ્ઞાનની જે પર્યાય સ્વદ્રવ્યને આશ્રયે થઈ (તે) ભાવશ્રુત(જ્ઞાન) છે, તે સ્વદ્રવ્યને જાણે છે. તેનું નામ 'આત્મજ્ઞાન' કહેવામાં આવે છે, આહા..હા..!

શ્રોતા :– આત્મજ્ઞાન પ્રગટ કરવાની કોઈ વિધિ બતાવો !

સમાધાન :-- આ વિધિ છે, આ..હા..હા...! આ વિધિ છે. અંતર સ્વરૂપનું લક્ષ કરવું. પૂર્ણાનંદનો નાથ ! નિશ્ચયથી તેના દરેક ગુણમાં 'અકાર્યકારણ' નામની શક્તિ છે, આ..હા..હા...! એથી સૂત્રનું જે જ્ઞાન છે, એ કારણ અને જ્ઞપ્તિ કાર્ય થાય, એમ નથી. 'અકાર્યકારણ !' ભગવાનઆત્મામાં જે જ્ઞાન ગુણ છે એમાં અકાર્યકારણનું રૂપ છે. ભલે અકાર્યકારણ શક્તિ એમાં નથી (પણ એનું રૂપ છે).

ઘણા વિચાર કર્યા ! એક 'વિભુ શક્તિ' આવે છે ને ! (એનો અર્થ) વ્યાપક (થાય છે). પણ એ વ્યાપક છે. પણ એમાંથી 'રૂપ' નથી નીકળતું. ભાઈ ! 'વિભુ શક્તિ' આવે છે ને ? 'પ્રભુ' અને 'વિભુ' (એમ બે આવે છે). એ આઠમી (શક્તિ છે). જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ–આઠમી. એ 'વિભુત્વશક્તિ' નો અર્થ એવો છે કે, (તે) દરેક ગુણમાં વ્યાપે છે. અને જ્ઞાન પણ બધાંમાં વ્યાપે–એટલું. પણ દરેક ગુણનું રૂપ (દરેકમાં છે) એ ક્યાંથી કાઢવું ? એ જરા મુશ્કેલ પડે છે. સમજાણું કાંઈ ?

દરેક ગુણમાં અકાર્યકારણ (શક્તિનું) રૂપ છે. એટલે ? પ્રભુ આત્મામાં એક અકાર્યકારણ નામનો ગુણ છે. (આ ગુણને કારણે) કોઈના કારણે એ પ્રગટે અને કોઈનું એ કાર્ય થાય, એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા નથી, આ..હા..હા..! આવી વાતું હવે...! ઓલું તો સહેલુંસટ હતું – દયા પાળવી, વ્રત કરવા... લ્યો...! એ તો બધી મૂઢતા હતી !! આહા...!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ એમ ફરમાવે છે કે, જે જ્ઞાન વડે કરીને આત્મા જણાય એ ભાવશ્રુતજ્ઞાન પરની અપેક્ષા વિનાનું છે, આહા..હા..! સૂત્રથી (જે) જ્ઞાન થયું એની અપેક્ષા વિનાનું (ભાવશ્રુત) જ્ઞાન છે. ભાઈ ! આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ !

સૂત્ર–શબ્દ જેમ પુદ્‌ગલ (છે અને) વધારાની ચીજ છે, એમ સૂત્રથી થયેલું જ્ઞાન એ પણ વધારાની ચીજ છે, આ..હા..હા...! પ્રભુ.. પ્રભુ... પ્રભુ...! ઓ..હો..હો...! એ ભાવશ્રુતજ્ઞાન જે છે, એ જ્ઞાનને શાસ્ત્રના જ્ઞાનની પણ અપેક્ષા નથી, આહા..હા..! એવું જે જ્ઞાન–જ્ઞપ્તિ, એનાથી આત્મા જાણે (અને) ભગવાન કેવળજ્ઞાનથી (આત્મા) જાણે – (એ) આત્માને જાણવાની અપેક્ષાએ બન્ને સરખાં છે, આ..હા..હા...! આવું તો ક્યાંય તમારા (લૌકિક) ભણતરમાં આવ્યું નહિ હોય ! આહા..હા..! અહીં કહે છે કે, સૂત્રનું જે જ્ઞાન છે તે દ્વારા આત્મા જણાય, એવો એ નથી. આહા..હા..!

ભગવાન ! તું સ્વતંત્ર છો ને, પ્રભુ ! તારા એક–એક ગુણ પરના કારણની અપેક્ષા ન રાખે અને પરના કાર્ય પોતે કરે નહિ–એવો તો તારામાં ગુણ છે ! આ..હા..હા...! પ્રભુમાં એક 'અકર્તૃત્વ' નામનો ગુણ છે. આત્માને 'પ્રભુ' કહીએ છીએ ! એ અકર્તૃત્વ ગુણમાં અકાર્યકારણ (શક્તિનું) રૂપ છે. 'અકર્તૃત્વ' (ગુણના કારણે), – કર્મના નિમિત્તે જે રાગ થાય તેનો એ કર્તા નથી, તેમ રાગનું એ કારણ નથી, તેમ રાગનું એ કાર્ય નથી. રાગ હતો માટે અહીં જ્ઞાન થયું એમ નથી. અને જ્ઞાન થયું માટે રાગ થયો (અર્થાત્‌) જ્ઞાન કારણ અને રાગ કાર્ય, એમ નથી. ભારે વાતું, ભાઈ ! આહા..હા...! ભણેલાના તો પાણી ઉતારી નાખે એવું છે !!

શ્રોતા :– આ વખતે 'પ્રવચનસાર'ના અર્થ જ બીજી રીતે થાય છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ દિવ્યધ્વનિ (છે) ! તદ્દન જુદો અર્થ ! કાલે વિસ્તારથી (અર્થ) કર્યો હતો, આ..હા..હા...!

અહીં તો પાછું (એમ કહ્યું કે) જ્ઞપ્તિથી (આત્માને) જાણે છે અને કેવળી (કેવળજ્ઞાનથી આત્માને) જાણે છે, બન્ને જાણનાર(ને) સરખાં કહ્યાં ! (તો પછી) એ જ્ઞાન કઈ જાતનું ? એ સૂત્રનું જ્ઞાન નહિ, આ..હા..હા..! બહુ ઝીણું બાપુ ! જન્મ–મરણ રહિત થવાનો ઉપાય અલૌકિક છે ! આ..હા..હા...!

આપણે અત્યારે છેલ્લી લીટીનો અર્થ (ચાલે છે). '**...કેવળીને અને શ્રુતકેવળીને આત્મઅનુભવનમાં તુલ્ય જ છે. માટે જ્ઞાનમાં શ્રુત–ઉપાધિકૃત ભેદ નથી.**' આ..હા..હા...! શું શૈલી ! શું સંતોની શૈલી !! દિગંબર મુનિઓ... કેવળજ્ઞાનના કેડાયતો...!! આ..હા..હા...! અને પહેલાં (૩૩-ગાથામાં) આવી ગયું છે – 'અમે શ્રુતકેવળી છીએ !' અરે.. પ્રભુ ! શું કહો છો તમે ?! (કેમકે) 'અમે ભાવશ્રુત(જ્ઞાનથી) આત્માને જાણ્યો (છે માટે) અમે શ્રુતકેવળી છીએ !' (આ) પંચમ આરાના (સંત કહે છે) !! આરો-ફારો ક્યાં અંદરમાં હતો ? આહા..! અમે તો શ્રુતકેવળી છીએ ! આ..હા..હા...! ભલે અમને બાર અંગ આદિનું જ્ઞાન ન હો ! પણ ભગવાનઆત્મા ! અંતર આનંદનો નાથ જે જ્ઞાન વડે જણાયો એ ભાવશ્રુત (જ્ઞાન) છે. એ ભાવશ્રુત (જ્ઞાનથી) જણાયો. માટે ભાવશ્રુતકેવળી છીએ ! શ્રુતકેવળી છીએ !! આ..હા..હા...! જુઓ ! એ દશા !!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथात्मज्ञानयोः कर्तृकरणताकृतं भेदमपनुदति –

**जो जाणदि सो णाणं ण हवदि णाणेण जाणगो आदा।**
**णाणं परिणमदि सयं अट्ठा णाणट्ठिया सव्वे।।३५।।**

**यो जानाति स ज्ञानं न भवति ज्ञानेन ज्ञायक आत्मा।**
**ज्ञानं परिणमते स्वयमर्था ज्ञानस्थिताः सर्वे।।३५।।**

अपृथग्भूतकर्तृकरणत्वशक्तिपारमैश्वर्ययोगित्वादात्मनो य एव स्वयमेव जानाति स एव ज्ञानमन्तर्लीनसाधकतमोष्णत्वशक्तेः स्वतंत्रस्य जातवेदसो दहनक्रियाप्रसिद्धेरुष्णव्यपदेशवत्। न तु यथा पृथग्वर्तिना दात्रेण लावको भवति देवदत्तस्तथा ज्ञानेन ज्ञायको भवत्यात्मा। तथा सत्युभयोरचेतनत्वमचेतनयोः संयोगेऽपि न परिच्छित्तिनिष्पत्तिः। पृथक्त्ववर्तिनोरपि परिच्छेदाभ्युपगमे परपरिच्छेदेन परस्य परिच्छित्तिर्भूतिप्रभृतीनां च परिच्छित्तिप्रसूतिरनङ्कुशा स्यात्। किंच-स्वतोऽव्यतिरिक्तसमस्तपरिच्छेद्याकारपरिणतं ज्ञानं स्वयं परिणममानस्य कार्यभूतसमस्तज्ञेयाकारकारणीभूताः सर्वेऽर्था ज्ञानवर्तिन एव कथंचिद्भवन्ति; किं ज्ञातृज्ञानविभागक्लेशकल्पनया।।३५।।

---

अथ भिन्नज्ञानेनात्मा ज्ञानी न भवतीत्युपदिशति – **जो जाणदि सो णाणं** यः कर्ता जानाति स ज्ञानं भवतीति। तथा हि – यथा संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि सति पश्चादभेदनयेन दहनक्रियासमर्थोष्णगुणेन परिणतोऽग्निरप्युष्णो भण्यते, तथार्थक्रियापरिच्छित्तिसमर्थज्ञानगुणेन परिणत आत्मापि ज्ञानं भण्यते। तथा चोक्तम् – `जानातीति ज्ञानमात्मा'। **ण हवदि णाणेण जाणगो आदा** सर्वथैव भिन्नज्ञानेनात्मा ज्ञायको न भवतीति। अथ मतम्-यथा भिन्नदात्रेण लावको देवदत्तस्तथा भिन्नज्ञानेन ज्ञायको भवतु को दोष इति। नैवम्। छेदनक्रियाविषये दात्रं बहिरङ्गोपकरणं तद्भिन्नं भवतु, अभ्यन्तरोपकरणं तु देवदत्तस्य छेदनक्रियाविषये शक्तिविशेषस्तच्चाभिन्नमेव भवति; तथार्थपरिच्छित्तिविषये ज्ञानमेवाभ्यन्तरोपकरणं तथाभिन्नमेव भवति, उपाध्यायप्रकाशादिबहिरङ्गोपकरणं तद्भिन्नमपि भवतु दोषो नास्ति। यदि च भिन्नज्ञानेन ज्ञानी भवति तर्हि परकीयज्ञानेन सर्वेऽपि कुम्भस्तम्भादिजड़पदार्था ज्ञानिनो भवन्तु, न च तथा। **णाणं परिणमदि सयं** यत एव भिन्नज्ञानेन ज्ञानी न भवति तत एव घटोत्पत्तौ मृत्पिण्ड इव स्वयमेवोपादानरूपेणात्मा ज्ञानं परिणमति। **अट्ठा णाणट्ठिया सव्वे** व्यवहारेण ज्ञेयपदार्था आदर्शे बिम्बमिव परिच्छित्त्याकारेण ज्ञाने तिष्ठन्तीत्यभिप्रायः ।।३५।।

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે આત્મા અને જ્ઞાનનો કર્તૃત્વ-કરણત્વકૃત ભેદ દૂર કરે છે (અર્થાત્ પરમાર્થે અભેદ આત્મામાં, 'આત્મા જાણનક્રિયાનો કર્તા છે અને જ્ઞાન કરણ છે' એમ વ્યવહારે ભેદ પાડવામાં આવે છે, તોપણ આત્મા ને જ્ઞાન જુદાં નહિ હોવાથી અભેદનયથી 'આત્મા જ જ્ઞાન છે' એમ સમજાવે છે) :--

**જે જાણતો તે જ્ઞાન, નહિ જીવ જ્ઞાનથી જ્ઞાયક બને;**
**પોતે પ્રણમતો જ્ઞાનરૂપ, ને જ્ઞાનસ્થિત સૌ અર્થ છે. ૩૫.**

**અન્વયાર્થ :–** **[यः जानाति]** જે જાણે છે **[सः ज्ञानं]** તે જ્ઞાન છે (અર્થાત્ જે જ્ઞાયક છે તે જ જ્ઞાન છે), **[ज्ञानेन]** જ્ઞાન વડે **[आत्मा]** આત્મા **[ज्ञायकः भवति]** જ્ઞાયક છે **[न]** એમ નથી. **[स्वयं]** પોતે જ **[ज्ञानं परिणमते]** જ્ઞાનરૂપે પરિણમે છે **[सर्वे अर्थाः]** અને સર્વ પદાર્થો **[ज्ञानस्थिताः]** જ્ઞાનસ્થિત છે.

**ટીકા :--** આત્મા અપૃથગ્ભૂત કર્તૃત્વ અને કરણત્વની શક્તિરૂપ પારમૈશ્વર્યવાળો હોવાથી, જે સ્વયમેવ જાણે છે (અર્થાત્ જે જ્ઞાયક છે) તે જ જ્ઞાન છે; જેમ સાધકતમ ઉષ્ણત્વશક્તિ જેનામાં અંતર્લીન છે એવા સ્વતંત્ર અગ્નિને, દહનક્રિયાની પ્રસિદ્ધિ હોવાથી ઉષ્ણતા કહેવાય છે તેમ. પરંતુ એમ નથી કે જેમ પૃથગ્વર્તી દાતરડા વડે દેવદત્ત કાપનાર છે તેમ (પૃથગ્વર્તી) જ્ઞાન વડે આત્મા જાણનાર (–જ્ઞાયક) છે. જો એમ હોય તો બન્નેને અચેતનપણું આવે અને બે અચેતનનો સંયોગ થતાં પણ જ્ઞપ્તિ નીપજે નહિ. આત્મા ને જ્ઞાન પૃથગ્વર્તી હોવા છતાં આત્માને જ્ઞપ્તિ થતી માનવામાં આવે તો તો પર જ્ઞાન વડે પરને જ્ઞપ્તિ થઈ શકે અને રાખ વગેરેને પણ જ્ઞપ્તિનો ઉદ્ભવ નિરંકુશ થાય. ('આત્મા ને જ્ઞાન પૃથક્ છે પણ જ્ઞાન આત્મા સાથે જોડાવાથી આત્મા જાણવાનું કાર્ય કરે છે' એમ માનવામાં આવે તો તો જ્ઞાન જેમ આત્મા સાથે જોડાય તેમ રાખ, ઘડો, થાંભલો વગેરે સર્વ પદાર્થો સાથે જોડાય અને તેથી તે પદાર્થો પણ જાણવાનું કાર્ય કરે. પરંતુ આમ તો બનતું નથી. તેથી આત્મા ને જ્ઞાન પૃથક્ નથી.) વળી, પોતાથી અભિન્ન એવા સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમેલું જે જ્ઞાન તે-રૂપે સ્વયં પરિણમનારને, કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારોના કારણભૂત સર્વ પદાર્થો જ્ઞાનવર્તી જ કથંચિત્ છે. (માટે) જ્ઞાતા ને જ્ઞાનના વિભાગની ક્લિષ્ટ કલ્પનાથી શું પ્રયોજન છે ? ૩૫.

---

'**માટે જ્ઞાનમાં,...**' (એટલે કે) આત્માને જાણવાનું જે જ્ઞાન છે તેમાં અને કેવળી આત્માને જાણે છે તેમાં '**...શ્રુત–ઉપાધિકૃત ભેદ નથી.**' (અર્થાત્) અહીં 'શ્રુતજ્ઞાન' કહ્યું માટે એમાં શ્રુત-ઉપાધિ છે, એમ નથી, આહા..હા...! એ ૩૪ (ગાથા પૂરી) થઈ. હવે ૩૫ (ગાથા).

'**હવે આત્મા અને જ્ઞાનનો કર્તૃત્વ–કરણત્વકૃત ભેદ દૂર કરે છે,...**' આ..હા..હા..! (અર્થાત્) આત્મા કર્તા અને જ્ઞાન – કરણ વડે જાણે એવો ભેદ દૂર કરે છે. ઝીણી વાતું બહુ, બાપુ ! આત્મા અને જ્ઞાન – (એમ કહ્યું, તો) આત્મા જ્ઞાન વડે જાણે છે, એવો ભેદ દૂર કરે છે, આહા..હા..! છે (પાઠમાં) ? '**હવે આત્મા અને જ્ઞાનનો કર્તૃત્વ–કરણત્વકૃત ભેદ દૂર કરે છે (અર્થાત્ પરમાર્થે અભેદ આત્મામાં, 'આત્મા જાણનક્રિયાનો કર્તા છે અને જ્ઞાન કરણ છે' એમ વ્યવહારે ભેદ પાડવામાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આવે છે,...**' આ..હા..હા..! આ વસ્તુ ! સિદ્ધાંત તો જુઓ ! ભાઈ ! આહા..! '**(...તોપણ આત્મા ને જ્ઞાન જુદાં નહિ હોવાથી અભેદનયથી 'આત્મા જ જ્ઞાન છે',...)**' (અર્થાત્) આત્મા જ જાણે છે. આત્મા જ્ઞાન વડે જાણે છે, એમ નહિ, આહા..હા..! એ ૩૫ ગાથા(માં) કહે છે.

'**जो जाणदि सो णाणं ण हवदि णाणेण जाणगो आदा।**' આહા..હા..! '**ण हवदि णाणेण जाणगो**' એટલે જ્ઞાન વડે જાણે (છે), એમ નહિ. (જે) જાણે એ પોતે જ્ઞાન છે. '**णाणं परिणमदि सयं अट्ठा णाणट्ठिया सव्वे।**'

નીચે હરિગીત :--

**જે જાણતો તે જ્ઞાન, નહિ જીવ જ્ઞાનથી જ્ઞાયક બને;**
**પોતે પ્રણમતો જ્ઞાનરૂપ, ને જ્ઞાનસ્થિત સૌ અર્થ છે. ૩૫.**

(કોઈને એમ લાગે) આવો જૈનદર્શનનો માર્ગ ! આવો જૈનધર્મ હશે !? વેદાંતવાળા મોટી-મોટી વાતું કહે છે –'આત્મા સર્વવ્યાપક છે. આત્મા અને આત્માનો અનુભવ એવા ભેદ ક્યાં છે ?' (એમ) કહે છે. અહીં કહે છે કે, આત્મા જ્ઞાન વડે જાણે–એવો ભેદ ક્યાં છે ? આત્મા જ જ્ઞાનસ્વરૂપ છે, આત્મા જ જાણનાર છે. આત્મા જ્ઞાન વડે જાણે છે, એવો પણ ભેદ અહીં (તો) નથી. આ..હા..હા..! સમજાય છે કાંઈ ? આવી વાતું છે, લ્યો..!

**ટીકા :-- 'આત્મા અપૃથગ્ભૂત કર્તૃત્વ અને કરણત્વની શક્તિરૂપ,...**' એટલે કર્તા અને સાધન બન્ને આત્મામાં જ છે. સાધન જ્ઞાન અને કર્તા આત્મા (અથવા) આત્મા જ્ઞાન વડે જાણે, એવું નથી. આત્મા અપૃથગ નામ જુદું નથી, એવું કર્તૃત્વ અને કરણ (એટલે) સાધન(ની) શક્તિરૂપ '**...પારમૈશ્વર્યવાળો હોવાથી,...**' આ..હા..હા...! (આત્મા) જ્ઞાનનો કર્તા (છે) અને જ્ઞાન(રૂપ) કરણ (છે), એવો ભેદ નથી. આત્મામાં જ એ કર્તા અને કરણ શક્તિ પડી છે. આહા...! (આત્મા) જ જ્ઞાનનો કર્તા (છે) અને જ્ઞાયક (જ) જાણે, એ એની કરણ ને કર્તા શક્તિ પોતામાં પડી છે. જ્ઞાન વડે (આત્મા) જાણે, એવો ભેદ એમાં નથી, (એમ) કહે છે. આહા..હા..! બહુ ઝીણું..! છે ?

રાગ વડે જાણે એ તો નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રથી જાણે એ તો નહિ,... આ..હા..હા...! સૂત્રના જ્ઞાનથી જાણે એમ તો નહિ પણ આત્મા જ્ઞાન વડે જાણે–પોતાના જ્ઞાન વડે જાણે, એવો ભેદ (પણ) નથી. કેમકે કર્તા અને કરણ બન્ને ગુણ આત્મામાં પડ્યા જ છે. એટલે એને કરણ જુદું છે, એમ નથી, આહા..હા...! આવું ઝીણું છે ! આ..હા..હા...!

શ્રોતા :– આપ અમને ચાંદલો કરી દ્યો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ વાત કંઈ ચાંદલો કરે મળે એવી છે ? આહા..હા..!

ત્યાં (૩૪ ગાથામાં) તો એમ કહ્યું હતું કે જ્ઞાન–જ્ઞપ્તિથી આત્માને જાણે (છે). હવે અહીં કહે છે કે, આત્મા જ્ઞાન વડે જાણે (એટલે કે) આત્મા કર્તા અને જ્ઞાન કરણ–સાધન વડે (જાણે), એ ભેદ પણ એમાં નથી. પોતામાં જ એ (કર્તા) અને કરણ શક્તિ છે. આત્મા જ કર્તા (છે) અને આત્મા જ આત્મા વડે જાણનારો (છે). ઝીણી વાતું છે, બાપુ ! સમજાણું કાંઈ ?

(કહે છે કે) '**આત્મા અપૃથગ્ભૂત કર્તૃત્વ અને કરણત્વની શક્તિરૂપ પારમૈશ્વર્યવાળો હોવાથી,...**' (પારમૈશ્વર્યવાળો એટલે) પરમ સામર્થ્ય, પરમેશ્વરતા. એવા પરમ સામર્થ્યવાળો પ્રભુ છે. પોતે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણનારો અને પોતે જ જાણવાની ક્રિયાનું સાધન, આહા..હા..! સમજાણું કાંઈ ? ધીમેથી તો કહેવાય છે.

શ્રોતા :– સાહેબ ! આપનું આ કાંઈ યાદ રહેતું નથી, ભૂલી જવાય છે !

સમાધાન :– આ ભણવાનું કેટલું યાદ રહે (છે) !

અહીં તો કહે છે, પ્રભુ ! એક વાર સાંભળ તો ખરો ! આહા..હા..! આત્મા રાગ વડે તો જણાય નહિ, શાસ્ત્રના જ્ઞાન વડે જણાય નહિ પણ જ્ઞાન વડે જાણે એવો ભેદ પણ એમાં નથી, આહા..હા...! છે ?

આત્મા, જુદું નહિ એવું કર્તૃત્વ અને કરણત્વ (શક્તિરૂપ). અપૃથગ્ભૂત એટલે જુદું નહિ – પૃથક નહિ. (અર્થાત્) આત્માથી કર્તાપણું, કરણપણું પૃથક નથી. એટલે આત્મા કર્તા અને જ્ઞાન કરણ, એવું નથી. (આત્મા) કર્તા અને કરણની શક્તિરૂપ પારમૈશ્વર્યવાળો છે, પોતે જ એવી શક્તિવાળો છે.

(હવે કહે છે) '**...જે સ્વયમેવ જાણે છે,...**' જ્ઞાન વડે જાણે છે, એમ નહિ. સ્વયમેવ જાણે છે. આહા..હા..! આવું છે. '**...(અર્થાત્ જે જ્ઞાયક છે),...**' એ જ્ઞાયક–જાણનારો જ છે. જ્ઞાન વડે જાણે છે, એમ નહિ. એ જાણનારો જ છે. આવો ભેદ...! આત્મા કર્તા અને જ્ઞાન કરણ–એના વડે આત્મા જાણે, એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

શ્રોતા :– તો પછી ક્યો ભેદ છે ?

સમાધાન :– ભેદ છે જ નહિ. ભેદથી કથન (કર્યું) છે. વસ્તુમાં ભેદ છે જ નહિ. ગુણ–ગુણી(નો) ભેદ નથી ત્યાં પછી કર્તા ને કરણનો ભેદ ક્યાં છે !

શ્રોતા :– સ્વરૂપ ભેદે ભેદ તો છે ને ?

સમાધાન :– એ તો ગુણનો ભેદ ગણો તો વ્યવહારથી છે. નિશ્ચયથી ગુણ ને ગુણી બન્ને એક જ–અભેદ છે. આહા..હા..! ભારે કામ, ભાઈ ! ઓહો..! આવો ઉપદેશ હવે ! આ તે કઈ જાતનો હશે !! બાપુ ! ભગવાનના ઘરનું આ છે. સમજાણું કાંઈ ? એક–એક લીટીમાં કેટલું ભર્યું છે !!

શ્રોતા :-- આપ ભાવ પણ એવા કાઢો છો ને !!

પૂજ્ય ગુરુદેવશ્રી :-- એમાં છે..!

ભગવાનઆત્મા ! એનાથી જુદા નહિ (એવા) કર્તૃત્વ અને કરણત્વ (એટલે) કર્તા અને સાધન બન્ને જુદાં નહિ, એવી કર્તૃત્વ અને કરણત્વની શક્તિરૂપ જ પોતે છે. એવા પારમૈશ્વર્યવાળો પોતે છે ! આ..હા..હા...! એવું પરમ સામર્થ્ય અને પરમેશ્વરતા હોવાથી '**...જે સ્વયમેવ જાણે છે,...**' (અર્થાત્) જ્ઞાયક છે માટે સ્વયમેવ જાણે છે. '**...તે જ જ્ઞાન છે;...**' આત્મા તે જ જ્ઞાન છે, એમ. (જે) સ્વયમેવ જાણે છે તે જ જ્ઞાન છે. આત્મા જુદો અને જ્ઞાન જુદું, એમ છે નહિ. આહા..હા..! આવી વાતું હવે !

'**...જેમ સાધકતમ ઉષ્ણત્વશક્તિ જેનામાં અંતર્લીન છે,...**' (એવો) અગ્નિ. સાધકતમ (નીચે અર્થ) છે ? 'ઉત્કૃષ્ટ સાધન તે કરણ', ઉત્કૃષ્ટ સાધનતમ. – (પાઠમાં) 'સાધકતમ' છે ને ? સાધકતમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(એટલે) ઉત્કૃષ્ટ સાધન. (સાધકતમ) ઉષ્ણત્વ શક્તિ જેનામાં (એટલે) અગ્નિમાં ઉષ્ણત્વશક્તિ લીન છે. અગ્નિમાં ઉષ્ણત્વશક્તિ લીન છે, '**...એવા સ્વતંત્ર અગ્નિને,...**' (સ્વતંત્રનો અર્થ) જે સ્વતંત્રપણે કરે તે કર્તા (એવા) અગ્નિને '**...દહનક્રિયાની પ્રસિદ્ધિ,...**' (દહનક્રિયા એટલે) અગ્નિ બાળવાની ક્રિયા કરતો હોવાથી અગ્નિને ઉષ્ણતા અર્થાત્ ગરમી કહેવામાં આવે છે. અગ્નિ ઉષ્ણતાથી બાળે છે, એમ નહિ. અગ્નિ પોતે જ બાળે છે, એમ કહે છે. ઉષ્ણતા અને ગરમી બન્ને ભિન્ન નથી. આ..હા..હા...! ધીમે--ધીમે સમજવાની વાતું છે, બાપા !

'**...જેમ સાધકતમ ઉષ્ણત્વશક્તિ,...**' (એટલે) અગ્નિમાં સાધકતમ ઉષ્ણત્વશક્તિ (છે). એવી (ઉષ્ણશક્તિ) અગ્નિમાં અંતર્લીન છે. '**...એવા સ્વતંત્ર અગ્નિને,...**' (અર્થાત્) અગ્નિ એવી બાળવાની ક્રિયા કરતો હોવાથી અગ્નિને ઉષ્ણતા–ગરમી કહેવામાં આવે છે. ઉષ્ણતા જુદી (છે, એમ નથી). અગ્નિ જ ગરમ છે, આહા...! અગ્નિ જ ઉષ્ણતાસ્વરૂપ છે. છે ? (એવા સ્વતંત્ર અગ્નિને, દહનક્રિયાની) '**...પ્રસિદ્ધિ હોવાથી ઉષ્ણતા કહેવાય છે,...**' અગ્નિને ઉષ્ણતા કહેવાય છે. તેમ જ્ઞાયક તે જ્ઞાન છે.

હવે (એમ સિદ્ધ કરે છે કે) જ્ઞાયક જ્ઞાન વડે જાણે (છે, એમ નથી). (પરંતુ) જ્ઞાયક પોતે જ જ્ઞાન છે. (જેમ) ઉષ્ણતા પોતે જ અગ્નિ છે (તેમ). આહા..હા..! જેમ ઉષ્ણતા વડે અગ્નિ ઊની છે, એમ નહિ. ઉષ્ણસ્વરૂપ જ ગરમી છે. ગરમી જ અગ્નિ છે,... ગરમી જ અગ્નિ છે. એમ (જ્ઞાયક) જ્ઞાન વડે જાણે છે, એમ નહિ. આત્મા જ જ્ઞાનસ્વરૂપ છે. અરે...! આવો ફેર..! સમજાણું કાંઈ ?

(હવે દૃષ્ટાંત આપે છે) '**પરંતુ એમ નથી કે જેમ પૃથગ્વર્તી દાતરડા વડે દેવદત્ત કાપનાર છે,...**' આહા..હા..! 'દેવદત્ત' નામનો માણસ દાતરડા વડે કાપે છે, એમ નથી. આહા..હા...! '**...તેમ (પૃથગ્વર્તી) જ્ઞાન વડે આત્મા જાણનાર (–જ્ઞાયક) છે.**' એમ આત્માથી જ્ઞાન જુદું છે અને જ્ઞાન વડે જાણે છે, (એમ નથી). જેમ ઓલો (દેવદત્ત) દાતરડા વડે કાપે છે, એમ આ જ્ઞાન વડે જાણે છે, એવો ભેદ નથી. આહા...! જાણનાર જ જ્ઞાયક છે. આત્મા જાણનાર જ જ્ઞાનસ્વરૂપ છે, આહા..હા...! જ્ઞાનનો અધિકાર છે ને આ ! આહા..હા...! શું કહ્યું ?

જેમ અગ્નિ ઉષ્ણતા વડે બાળે છે – એમ ન કહેતાં અગ્નિ પોતે ઉષ્ણસ્વરૂપ છે. તેથી અગ્નિ જ ગરમી છે, અગ્નિ જ ગરમ છે. ઉષ્ણતા વડે ગરમ છે, એમ નહિ. અગ્નિ જ પોતે ગરમ છે. એમ આત્મા જ્ઞાન વડે જાણે છે, એમ નથી. જેમ 'દેવદત્ત' નામનો માણસ દાતરડા વડે કાપે છે, એમ આત્મા જ્ઞાન વડે જાણે છે, એવું નથી. આહા..હા...! આવો ઉપદેશ હવે...!

'**...જ્ઞાન વડે આત્મા જાણનાર (–જ્ઞાયક) છે. જો એમ હોય તો બન્નેને અચેતનપણું આવે,...**' શું કહે છે ? આત્મા જ્ઞાન વડે (જાણે છે)–એમ ભેદ પાડો તો જ્ઞાન આત્માથી ભિન્ન થઈ ગયું અને આત્મા જ્ઞાનથી ભિન્ન રહી ગયો. (તો) બન્ને અચેતન થયા. ઝીણી વાત છે, બાપુ ! આ તો ન્યાયમાર્ગ છે ને ! Logicથી સિદ્ધ કરે છે. એમને એમ માનવું, એ વસ્તુ નથી. એમને એમ માનશે તો પછી બીજો કો'ક કાંઈક કહેશે તો ફરી જશે. (તે) વાસ્તવિક તત્ત્વને Logic–ન્યાયથી સમજશે તો નહિ ફરે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેમ ઉષ્ણતા અગ્નિમાં અંતર્લીન છે, ઉષ્ણતા જુદી અને અગ્નિ જુદી હોય, તો એ અગ્નિ ઉષ્ણતા વિનાની અને ઉષ્ણતા અગ્નિ વિનાની જુદી થઈ જાય. એમ ભગવાનઆત્મા ! દાતરડા વડે જેમ 'દેવદત્ત' કાપે છે, એમ (આત્મા) જ્ઞાન વડે જાણે છે અને આત્મા જાણનાર જુદો છે– એમ જો કહો તો બન્ને અચેતન થઈ જશે. જ્ઞાનમાં આત્મા નહિ રહે અને આત્મામાં જ્ઞાન નહિ રહે. આવું છે ! આહા..હા...! વસ્તુની સ્થિતિ આ પ્રમાણે છે. એને એ રીતે ઓળખાવે છે. આવું જો યથાર્થ જ્ઞાન નહિ કરે તો એને સાચું જ્ઞાન નહિ થાય. સાચું જ્ઞાન નહિ થાય તો અજ્ઞાન (ચાલુ) રહેશે અને રખડી મરશે. આહા..હા..!

(બન્નેને અચેતનપણું આવે એમ કહ્યું તો) બન્નેને કોને ? આત્મા અને જાણનાર. આત્મા જ જ્ઞાયક છે. પણ પૃથગ્વર્તી જ્ઞાન વડે આત્મા જાણનાર છે, એમ નથી. આત્મા જ જાણનાર છે. આહા..હા..! એક--એક શબ્દમાં કેટલું ભર્યું છે ! '**...દાતરડા વડે દેવદત્ત કાપનાર છે તેમ (પૃથગ્વર્તી) જ્ઞાન વડે આત્મા જાણનાર છે (–જ્ઞાયક) છે. જો એમ હોય તો બન્નેને અચેતનપણું આવે,...**' (અર્થાત્) જ્ઞાન ભિન્ન અને આત્મા ભિન્ન–(જો એમ હોય) તો આત્મા વિનાનું જ્ઞાન (થયું) તો આત્મા અચેતન થઈ જાય. અને જ્ઞાન આત્મા વિના (થાય) તો એ પણ અચેતન થઈ જાય. જ્ઞાન વિનાનો આત્મા અચેતન થઈ જાય અને આત્મા વિનાનું જ્ઞાન અચેતન થઈ જાય.

શ્રોતા :– અહીં તો બરાબર કહીએ છીએ પણ ક્યાં સુધી જ્ઞાનમાં બરાબર રહે છે, એ વિચારવા જેવું છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઓલું કેમ યાદ રહે છે ? કો'ક ગાળ દે તો કેવું યાદ રહે છે ? પચીસ વર્ષ સુધી યાદ રહે કે, ફલાણા લગ્નમાં એનો જમાઈ આવ્યો હોય અને ખરે ટાણે એમ (કહી દીધું હોય કે) 'તમે તો કાંઈ સમજતા જ નથી !' એમ જો કહ્યું હોય તો પચીસ વર્ષ યાદ રાખે કે, 'મારા સસરાએ મને છોડીના લગ્નમાં કે છોકરાના સાળાના લગ્નમાં મને આવું કીધું !!' ગાળ યાદ રહે તો આ ગુણ કેમ યાદ ન રહે ? આ તો ન્યાયની (વાત છે ને) ! આહા..હા...!

'બોટાદ' પાસે 'ખલહ' ગામ છે ને ત્યાં બનેલું. ત્યાં એક સાળો--બનેવી હતા, (જાતે) કાઠી હતા. એમાં, બનેવીએ સાળાને કોઈ વખતે કાંઈ કીધું હશે. એ એણે યાદ રાખ્યું. એમાં (એક દિવસ સાળો) છરો લઈને (ગયો). એનો બનેવી ખાવા બેઠો હતો. એની બેન રાંધતી હતી. આ (બનેવીને) કાંઈ ખબર નહિ. (તેણે કહ્યું) 'આવો, આવો...! આપા આવો !' એ ત્યાં ગયો, (ત્યાં) એના સાળાએ છરો મારી દીધો !! પૂર્વે કાંઈક શબ્દ કીધો હશે એ અપમાન યાદ રાખીને (મારી નાખ્યો). સગા બનેવીને ! બેન બેઠી હતી, રાંધતી હતી (અને) આ ખાતો હતો. છરો લઈને ગયો, એને ખબર ન પડે (એ રીતે), જોડે બેઠો (અને છરો મારી દીધો) ! આહા..! એ વાત યાદ રાખે ! આ વાત યાદ રહેવા જેવી છે, એ (યાદ) ન રાખે ! આહા..હા...!

અહીં તો પ્રભુ એમ કહે છે કે, આત્માનું કર્તા–જ્ઞાન અને કરણ–જ્ઞાન, એ એની પોતાની શક્તિ છે. જ્ઞાનનું કારણ છે માટે જાણે, એમ નહિ. કરણ તો પોતાની શક્તિ છે. કર્તા પણ શક્તિ છે અને કરણ શક્તિવાળો પ્રભુ પરમેશ્વર છે. એ પોતે જ જ્ઞાયક છે. જ્ઞાન વડે જાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, એમ નહિ. પોતે જ જ્ઞાયક છે. એ જ્ઞાનથી જાણે છે એટલે આત્માથી જાણે છે. આહા..! આમાં ફેરફાર શું છે ? ભેદ પડ્યો એ વિરોધ છે, (એમ) કહે છે. કારણ કે જો આત્મા અને જ્ઞાન બે જુદા પડે તો જ્ઞાન આત્મા વિનાનું રહે તો અચેતન થઈ જાય અને આત્મા જ્ઞાન વિનાનો રહે તો અચેતન થઈ જાય. કહો ! આવી ઝીણી વાતું છે ! આવો ઉપદેશ કોઈ દિ' ક્યાંય અપાસરામાં ન હોય, દેરાસરમાં (સાંભળવા) મળે નહિ !

શ્રોતા :– આત્મા અને જ્ઞાન અભેદ છે (એમ કહેવું છે) ?

સમાધાન :– ભેદ નથી. આત્મા પોતે જ જ્ઞાનસ્વરૂપ છે. (શ્રોતા :– જ્ઞાન અને આત્મા એક જ છે). જેમ અગ્નિ અને ઉષ્ણતા એક છે એમ (જ્ઞાન અને આત્મા) એક જ છે. આહા..હા...!

અહીં તો એટલું સિદ્ધ કરે છે કે, આ આત્મા વસ્તુ (છે) અને એનો જ્ઞાન ગુણ (છે) તો આત્મા એ ગુણ વડે જાણે છે, એવું પણ એમાં નથી. એ પોતે જ જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાયક છે. એ જ્ઞાયક છે તે જાણે છે (એટલે કે) આત્મા જાણે છે. જ્ઞાન વડે જાણે છે એમ નહિ કહેતાં આત્મા જાણે છે. અરે.. આવા ભેદ ! આહા..હા...!

જો એમ ન હોય તો જ્ઞાન અને આત્મા બન્ને ભેદ–જુદાં પડી જાય. ભેદ પડતાં, આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ ન માનો તો જ્ઞાનથી ભિન્ન પડેલો આત્મા ભિન્ન થઈ જાય, તો આત્મા જ્ઞાન વિનાનો અચેતન થઈ જાય. (અને) જ્ઞાન આત્મા વિનાનું (થતાં) એ જ્ઞાન અચેતન થઈ જાય. આવો માર્ગ છે, બાપા ! વીતરાગ ત્રણલોકનો નાથ ચૈતન્યને સિદ્ધ કરે છે, પ્રભુ ! આહા...!

જેમ અગ્નિ ઉષ્ણસ્વરૂપ જ છે, અગ્નિ ઉષ્ણતા વડે બાળે છે, એમ નહિ. અગ્નિ પોતે જ ગરમ છે તે બાળે છે. એમ આત્મા જ્ઞાન વડે જાણે છે, એમ નહિ. આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે માટે આત્મા જ્ઞાયક છે અને જાણનારો છે, આહા..હા..!

(કહે છે) '**...બન્નેને અચેતનપણું આવે,...**' કોને ? જ્ઞાનને અને આત્માને. '**...અને બે અચેતનનો સંયોગ થતાં પણ જ્ઞપ્તિ નીપજે નહિ.**' (એટલે) જાણવાની ક્રિયા નહિ નીપજે. (કારણ કે) બન્ને અચેતન થયા. અને (બે) અચેતનનો સંયોગ થતાં જાણવાની ક્રિયા ઊભી નહિ થાય, આ..હા..હા..! જ્ઞપ્તિક્રિયાથી આત્માને જાણે છે, એ સિદ્ધ કરવા (આ ન્યાય આપે છે). આહા..હા...! ભગવાન–આત્મા પોતાના ભાવશ્રુતજ્ઞાન (દ્વારા) જાણે છે. પણ કહે છે કે, એ જ્ઞાન પોતે જ જ્ઞાયક છે માટે જાણે છે. સમજાણું કાંઈ ?

બાપુ ! (આ તો) વીતરાગ વાણી છે, ભાઈ ! જિનેશ્વરદેવ ત્રણ લોકનો નાથ (જે વાત કહે) એ તે કાંઈ સાધારણ વાત હશે ? જેને ઇન્દ્રો સાંભળવા આવે છે, જેને ગણધરો–ચાર જ્ઞાનના ધણી સાંભળે છે ! એ વાત કેવી હશે !! એ, ચકી લાવી ચોખાનો દાણો, ચકો લાવ્યો મગનો દાણો, એની કરી ખીચડી, એ કુંભારને આપી ને કુંભારે ઘડો કર્યો... કુંભારે ઘડો આપ્યો ને ઘડાનો ખજૂર આપ્યો...! એ નાની ઉમરમાં વાતું કરતા ! (એના જેવી ભગવાનની વાણી હોય ?) બાપુ ! એ તો બધી કથાઓ (છે), આહા..હા...! (જ્યારે) આ તો ધર્મકથા (છે) !! ત્રણલોકના નાથ (આ વાત ફરમાવે છે) !!

આત્મા અને (જ્ઞાન) ગુણ ભિન્ન માનો તો બન્ને અચેતન થઈ જશે. માટે આત્મા જ્ઞાનસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. અગ્નિ અને ઉષ્ણતા જુદી માનો તો અગ્નિ અને ઉષ્ણતા જુદાં રહેતાં નથી. અગ્નિ ઉષ્ણ નહિ રહે અને ઉષ્ણતામાં અગ્નિ નહિ રહે, આ..હા..હા...! ઝીણું છે, બાપુ ! (પણ) અપૂર્વ વાત છે !! આહા...!

(અહીંયાં કહે છે) '**...બે અચેતનનો સંયોગ થતાં,...**' શું કીધું એ ? કે, જ્ઞાન અને આત્મા જુદાં માનતા, જ્ઞાન વિના આત્મા અચેતન (થઈ જાય) અને આત્મા જ્ઞાન વિના અચેતન (થઈ જાય). એમ બે નો સંયોગ થતાં (એટલે કે) અચેતનનો સંયોગ થતાં પણ જડ (જ) થશે. આ..હા..હા...! (બે અચેતનનો સંયોગ) '**...થતાં પણ જ્ઞપ્તિ નીપજે નહિ.**' (અર્થાત્) જાણવાની ક્રિયા નહિ થાય, આહા..હા...! જાણનારો આત્મા અને જાણનારું જ્ઞાન–એ બે જુદા હોય તો બે અચેતન થઈ ગયા. અને બે અચેતનના સંયોગમાં જાણવાની ક્રિયા ઊભી નહિ થાય, આહા..હા...!

(હવે કહે છે) '**આત્મા ને જ્ઞાન પૃથગ્વર્તી હોવા છતાં,...**' (અર્થાત્) આત્મા ને જ્ઞાન જુદા હોવા છતાં, '**...આત્માને જ્ઞપ્તિ થતી માનવામાં આવે તો તો પર જ્ઞાન વડે પરને જ્ઞપ્તિ થઈ શકે,...**' આ..હા..હા...! શું કહે છે ? કે, જ્ઞાન અને આત્મા બે જુદા માનો તો બે અચેતન થયા. બે અચેતનના સંયોગથી જ્ઞપ્તિક્રિયા ન થાય અને સંયોગ ન થાય. અને '**આત્મા ને જ્ઞાન પૃથગ્વર્તી હોવા છતાં આત્માને જ્ઞપ્તિ થતી માનવામાં આવે તો તો પર જ્ઞાન વડે પરને જ્ઞપ્તિ થઈ શકે,...**' (અર્થાત્) રાખ અને ઘડામાં પણ જ્ઞાનનું જોડાણ થઈ જાય ! આહા..હા...! '**...પર જ્ઞાન વડે પરને જ્ઞપ્તિ થઈ શકે અને રાખ વગેરેને પણ જ્ઞપ્તિનો ઉદ્‌ભવ નિરંકુશ થાય.**' તો રાખને પણ જાણવાની ક્રિયા થાય. જ્ઞાન જુદું અને આત્મા જુદો એમ માનો તો એ જ્ઞાન રાખમાં આવે, બે નો સંયોગ થાય તો રાખમાં પણ જ્ઞાનનો સંયોગ થયો, તો રાખ પણ જાણે ! ઝીણું બહુ, બાપુ ! આહા..હા...!

આત્મા(નું)–વસ્તુ સ્વરૂપ શું છે ? એ ભગવાને (જે) જોયું તો અહીં સિદ્ધ કરે છે. એ જાણવાની ક્રિયા જ્ઞાન વડે થઈ હોય અને આત્મા વડે નહિ (થઈ હોય) તો એ બધો ભેદ પડી જાય છે. આહા...! અને ભેદ પડતાં બન્ને અચેતન થઈ જાય છે. અને અચેતન થતાં બે નો સંયોગ થતાં પણ જાણવાની ક્રિયા ન થાય. કેમ ? (કેમ કે) જેમ રાખને જ્ઞાનનો સંયોગ થાય તો જ્ઞપ્તિક્રિયા ત્યાં થવી જોઈએ. આત્માની સાથે (જ્ઞાન જોડાઈને) જેમ જ્ઞપ્તિ ક્રિયા થાય અને જાણવું થાય તો રાખ સાથે પણ (જ્ઞાનનું) જોડાણ થઈ જાય તો રાખ પણ જાણવાનું (કામ) કરે. છે (અંદર) ? આહા...! '**...રાખ વગેરેને પણ જ્ઞપ્તિનો ઉદ્‌ભવ નિરંકુશ થાય.**'

'**('આત્મા ને જ્ઞાન પૃથક છે પણ જ્ઞાન આત્મા સાથે જોડાવાથી આત્મા જાણવાનું કાર્ય કરે છે' એમ માનવામાં આવે તો તો જ્ઞાન જેમ આત્મા સાથે જોડાય તેમ રાખ, ઘડો, થાંભલો વગેરે સર્વ પદાર્થો સાથે જોડાય,...)**' આત્મા સાથે જોડાય તો એ જ્ઞાન જુદું છે (માટે) જડ સાથે પણ જોડાય. આહા..હા...! આવી વાતું છે ! ઓ..હો..હો...! રાગથી તો જુદો (છે) પણ જો જ્ઞાનથી પણ જુદો માને તો બન્ને જુદાં જુદાં અચેતન થઈ જાય. અને બે જુદાં ભેગાં થઈને પણ અચેતન થાય. અને તો તો પછી જ્ઞાન, જડ રાખ સાથે ભેગું થાય, થાંભલા સાથે ભેગું થાય તો ત્યાં પણ જ્ઞપ્તિક્રિયા થાય ! સમજાણું કાંઈ ? શું કીધું એ ?

જાણવાનો ગુણ અને આત્મા – બે તદ્દન જુદાં હોય અને ભેગા થઈને કામ કરે તો તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન જેમ આત્મા સાથે જોડાય છે, તેમ જ્ઞાન રાખ સાથે, થાંભલા સાથે, ઘડા સાથે જોડાય. તો ત્યાં પણ નિરંકુશ જ્ઞાન થાય. અંકુશ વિના જાણવાનું કાર્ય ત્યાં પણ થાય. આવું ઝીણું છે ! (કોઈક) કહેતું હતું—ક્યાં સુધી ઝીણું (આવશે) ? ક્યાં સુધી શું, હજી સાંભળ્યું નથી ! ભાઈ ! મારગડા જુદા,... બાપા ! આહા..હા...! અરે..! ભગવાનનું કહેલું કથન શું છે ? કોઈ અલૌકિક છે !! એની ઝીણી વાતું, અપૂર્વ વાતું, જેણે સાંભળી નથી ! આહા...! કહે છે કે, એક વાર સાંભળ તો ખરો પ્રભુ !

(જો) આત્મા જ્ઞાન વડે જાણે; (અર્થાત્) જેમ 'દેવદત્ત' દાતરડા વડે કાર્ય કરે—એમ આત્મા જ્ઞાન વડે જાણે તો બન્ને જુદાં પડી ગયાં. અને જ્ઞાન જુદું અને આત્મા જુદો (થઈ ગયા). તો પછી જ્ઞાન અને આત્મા બન્ને અચેતન થયા. અને બે અચેતનનો સંયોગ થાય તોપણ જ્ઞપ્તિક્રિયા થશે નહિ. એ (જ્ઞપ્તિક્રિયા) ન થતાં, જ્યારે જુદું જ્ઞાન આત્મા સાથે જોડાય, તેમ જ્ઞાન રાખ સાથે પણ જોડાશે, થાંભલા સાથે પણ જોડાશે, આ લાકડી સાથે પણ જોડાશે, તો ત્યાં પણ જાણવાની ક્રિયા ઉત્પન્ન થશે. પણ એમ છે નહિ. આવું ઝીણું છે ! આ..હા..હા..! આવો ઉપદેશ (કેવો) ? બાપુ ! તને ખબર નથી.

જ્ઞાનસ્વરૂપ જ પ્રભુ છે, એ જ્ઞાયકસ્વરૂપ છે, જ્ઞાયક છે. એ જ્ઞાન વડે જાણે છે, એમ નથી. એ જાણનારો... જાણનારો જાણે છે, આહા..હા...! આવું (વસ્તુનું સ્વરૂપ) પ્રભુને સિદ્ધ કરવું છે !! સમજાણું કાંઈ ? આહા..! '(**'આત્મા ને જ્ઞાન પૃથક છે પણ જ્ઞાન આત્મા સાથે જોડાવાથી આત્મા જાણવાનું કાર્ય કરે છે' એમ માનવામાં આવે તો તો જ્ઞાન જેમ આત્મા સાથે જોડાય તેમ રાખ, ઘડો, થાંભલો વગેરે સર્વ પદાર્થો સાથે જોડાય અને તેથી તે પદાર્થો પણ જાણવાનું કાર્ય કરે. પરંતુ આમ તો બનતું નથી. તેથી આત્મા ને જ્ઞાન પૃથક નથી.**')' આ..હા..હા..! કેટલું Logic—ન્યાય મૂકે છે !! આ રંગ ચડાવવાની વાત કરે છે ! આહા...! બાપુ ! જ્ઞાન અને આત્માનો રંગ એક છે, આહા..હા...!

રાગ જુદો છે, શરીર જુદું છે, વાણી જુદી છે—એમ કોઈ જ્ઞાન અને આત્મા જુદા માની લે તો મેળ નહિ ખાય. આહા..હા...! આત્મા જ પોતે જ્ઞાયક છે માટે આત્મા જ જાણનારો છે. જ્ઞાન વડે જાણે છે, એવું નથી. એમાં કર્તૃત્વ અને કરણત્વશક્તિ પોતામાં પડી છે. એટલે પરનાં કરણ વડે જાણે, એવું છે નહિ. એ કરણશક્તિ પોતામાં છે, કર્તાશક્તિ પોતામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ નવી—નવી બાયું (બહેનો), નવા અજાણ્યા આવે એને એમ થાય કે, આ શું કહે છે !? આવો તે ધર્મ ક્યાંથી કાઢ્યો ? અહીં તો ઘણા (રહે) છે, (એ તો) પરિચયમાં છે. અજાણ્યા આવે એને (એમ થાય કે) શું કહે છે આ !? બાપુ, તને ખબર નથી, ભાઈ !

ભગવાનઆત્મા...! જ્ઞાનસ્વરૂપ જ છે, (જેમ) અગ્નિ ઉષ્ણસ્વરૂપ જ છે. એમ પ્રભુ જ્ઞાયકસ્વરૂપ જ છે. એમાં પણ જ્ઞાન જુદું અને આત્મા જુદો (એમ નથી). જ્ઞાન વડે આત્મા જાણે (અથવા) આત્મા કર્તા અને જ્ઞાન કરણ—(એમ બે) જુદા પડ્યા, એમ નથી. આત્મા કરનારો અને જ્ઞાન સાધન—કરણ, એમ નથી. એ કર્તા અને કરણ (શક્તિ) આત્માનું પોતાનું જ સ્વરૂપ છે. આહા..હા...! ભારે વાત..! (આમ આત્માનું અને જ્ઞાનનું જુદાપણું) બનતું નથી. '**તેથી આત્મા ને જ્ઞાન પૃથક**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નથી.**'

હવે, બીજી વાત કરે છે. '**વળી, પોતાથી અભિન્ન એવા સમસ્ત જ્ઞેયાકારોરૂપે,...**' (અર્થાત્) જ્ઞાન જે જ્ઞેયોને જાણે છે ને ! એ જ્ઞાન જ્ઞેયાકાર રૂપે થયું છે, એ જ્ઞાનાકાર છે. આ..હા..હા...! '**...સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમેલું જે જ્ઞાન તે--રૂપે સ્વયં પરિણમનારને, કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારોના કારણભૂત સર્વ પદાર્થો જ્ઞાનવર્તી જ કથંચિત્ છે.**' (અર્થાત્) આ જ્ઞાન બધાં જ્ઞેયાકારને જાણે છે, તેથી તે જ્ઞેયાકાર થયેલું જ્ઞાન–જાણે કે પરનું જ્ઞાન છે, (જાણે કે) પર એમાં આવી ગયા ! એમ કથંચિત્ (વ્યવહારથી) કહેવામાં આવે છે. લોકાલોકના જ્ઞેયોનું જ્ઞાન (થતાં) એ જ્ઞેયાકાર જાણે જ્ઞાનાકારમાં આવી ગયાં એમ કથંચિત્ વ્યવહારથી કહેવામાં આવે છે. બાકી ખરેખર તો જ્ઞેય જ્ઞેયમાં છે ને જ્ઞાન જ્ઞાનમાં છે.

'**(માટે) જ્ઞાતા ને જ્ઞાનના વિભાગની ક્લિષ્ટ કલ્પનાથી શું પ્રયોજન છે ?**' (અર્થાત્) આ જાણનાર અને જાણનારો–એમ વહેંચણી–ભિન્ન પાડવા(ની) ક્લિષ્ટ કલ્પનાથી શું પ્રયોજન છે ? વિશેષ કહેશે...

❁ ❁ ❁

## (તા. ૮-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૩૩)

'પ્રવચનસાર', ૩૬ ગાથા. (૩૫મી ગાથામાં) તો એમ કહેવાણું કે, આત્મા અને જ્ઞાન અભેદ છે. આત્મા જ્ઞાન વડે જાણે છે, એવો ભેદ ન કરતાં આત્મા જ જ્ઞાયક છે, જાણનાર છે–એવી અભેદ દૃષ્ટિ કરવી. આહા..હા..! રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ તો એનાથી ભિન્ન છે પણ ગુણ–ગુણીનો ભેદ પણ કાઢી નાખવો. આહા...! આત્મા ગુણી અને જ્ઞાન ગુણ, એ જ્ઞાન ગુણ વડે જાણે છે, કર્તા આત્મા અને કરણ–સાધન જ્ઞાન, એવો ભેદ પણ ત્યાં કરવા જેવો નથી, ઓ..હો..હો...! આવું ઝીણું છે !

એ તો જ્ઞાયકસ્વરૂપ છે. જ્ઞાયક છે, એ જાણનાર પોતે પોતાથી જાણે છે. જ્ઞાન વડે જાણે અને કર્તા આત્મા (એમ નથી). કર્તા–કરણ શક્તિ જ એની પોતાની છે. આહા..હા...! આવું ઝીણું છે !

હવે, કેવળજ્ઞાનને સિદ્ધ કરતાં (એમ કહે છે કે), કેવળજ્ઞાની પણ એવા છે અને આ આત્મા પણ એવો છે. આહા..હા..! આત્મા પણ શરીર, વાણી, મનથી ભિન્ન (છે). પુણ્ય–પાપના રાગ, દયા, દાનના વિકલ્પથી પણ ભિન્ન છે. અને તે જ્ઞાન વડે જાણે છે એટલો પણ એમાં ભેદ નથી, કહે છે. આહા..! આત્મા જ જાણનાર છે–એવી આત્માની અંતર દૃષ્ટિ કરવી. જેમ કેવળજ્ઞાનને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथं किं ज्ञानं किं ज्ञेयमिति व्यनक्ति –

**तम्हा णाणं जीवो णेयं दव्वं तिहा समक्खादं।**
**दव्वं ति पुणो आदा परं च परिणामसंबद्धं।।३६।।**

**तस्मात् ज्ञानं जीवो ज्ञेयं द्रव्यं त्रिधा समाख्याताम्।**
**द्रव्यमिति पुनरात्मा परश्च परिणामसंबद्धः।।३६।।**

यतः परिच्छेदरूपेण स्वय विपरिणम्य स्वतंत्र एव परिच्छिनत्ति ततो जीव एव ज्ञानमन्यद्रव्याणां तथा परिणन्तुं परिच्छेद्ये चाशक्तेः। ज्ञेयं तु वृत्तवर्तमानवर्तिष्यमाणविचित्रपर्याय-परम्पराप्रकारेण त्रिधाकालकोटिस्पर्शित्वादनाद्यनन्त द्रव्यं, तत्तु ज्ञेयतामापद्यमानं द्वेधात्मपरविकल्पात्। इष्यते हि स्वपरपरिच्छेदकत्वादवबोधस्य बोध्यस्यैवंविधं द्वैविध्यम्।

ननु स्वात्मनि क्रियाविरोधात् कथं नामात्मपरिच्छेदकत्वम्। का हि नाम क्रिया कीद्दशश्च विरोधः। क्रिया ह्यत्र विरोधिनी समुत्पत्तिरूपा वा ज्ञप्तिरूपा वा। उत्पत्तिरूपा हि तावन्नक स्वस्मात्प्रजायत इत्यागमाद्विरुद्धैव। ज्ञप्तिरूपायास्तु प्रकाशनक्रिययेव प्रत्यवस्थितत्वान्न तत्र विप्रतिषेधस्यावतारः। यथा हि प्रकाशस्य प्रदीपस्य परं प्रकाश्यतामापन्न प्रकाशयतः स्वस्मिन् प्रकाश्ये न प्रकाशकान्तरं मृग्यं, स्वयमेव प्रकाशनक्रियायाः समुपलम्भात्; तथा परिच्छेदकस्यात्मनः परं परिच्छेद्यतामापन्नं परिच्छिन्दतः स्वस्मिन् परिच्छेद्ये न परिच्छेदकान्तरं मृग्य, स्वयमेव परिच्छेदनक्रियायाः समुपलम्भात्।

ननु कुत आत्मनो द्रव्यज्ञानरूपत्वं द्रव्याणां च आत्मज्ञेयरूपत्वं च। परिणामसंबन्धत्वात्। यतः खलु आत्मा द्रव्याणि च परिणामैः सह संबध्यन्ते, तत आत्मनो द्रव्यालम्बनज्ञानेन द्रव्याणां तु ज्ञानमालम्ब्य ज्ञेयाकारेण परिणतिरबाधिता प्रतपति।।३६।।

---

અને પરને કાંઈ સંબંધ નથી. પરને જાણે છે એમ કહેવું એ પણ એક વ્યવહાર છે. એમ આ ભગવાનઆત્મા(ને) રાગ, પુણ્ય, દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પો સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા...! એ એને જાણે છે. જાણનાર કેવળજ્ઞાન સમાન પ્રભુ છે ! એને જાણે છે, એટલો વ્યવહાર સંબંધ કહેવામાં આવે છે. નિશ્ચયથી તો જ્ઞાયક જ્ઞાયકને જાણે છે, આહા..હા...!

હવે અહીંયાં કહે છે, – '**...શું જ્ઞાન છે અને શું જ્ઞેય છે,...**' જ્ઞાન અને આત્મા બે અભિન્ન કહ્યાં (તો) જ્ઞાન શું (છે) ? અને જણાવાયોગ્ય જ્ઞેય શું ચીજ છે ? '**...તે વ્યક્ત કરે છે.**' પ્રગટ (કરે છે). ૩૬ ગાથા.

**तम्हा णाणं जीवो णेयं दव्वं तिहा समक्खादं।**
**दव्वं ति पुणो आदा परं च परिणामसंबद्धं।।३६।।**

નીચે (હરિગીત) :--

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथात्मा ज्ञानं भवति शेषं तु ज्ञेयमित्य वेदयति – **तम्हा णाणं जीवो** यस्मादात्मैवोपादानरूपेण ज्ञानं परिणमति तथैव पदार्थान् परिच्छिनत्ति, इति भणित पूर्वसूत्रे, तस्मादात्मैव ज्ञानं। **णेयं दव्वं** तस्य ज्ञानरूपस्यात्मनो ज्ञेयं भवति। किम्। द्रव्यम्। **तिहा समक्खादं** तच्च द्रव्यं कालत्रयपर्यायपरिणतिरूपेण द्रव्यगुणपर्यायरूपेण वा तथैवोत्पादव्ययध्रौव्यरूपेण च त्रिधा समाख्यातम्। **दव्वं ति पुणो आदा परं च** तच्च ज्ञेयभूतं द्रव्यमात्मा भवति परं च। कस्मात्। यतो ज्ञानं स्वं जानाति परं चेति प्रदीपवत्। तच्च स्वपरद्रव्यं कथंभूतम्। परिणामसंबद्धं कथंचित्परिणामीत्यर्थः। नैयायिकमतानुसारी कश्चिदाह – ज्ञानं ज्ञानान्तरवेद्यं प्रमेयत्वात् घटादिवत्। परिहारमाह-प्रदीपेन व्यभिचारः, प्रदीपस्तावत्प्रमेयः परिच्छेद्यो ज्ञेयो भवति न च प्रदीपान्तरेण प्रकाश्यते, तथा ज्ञानमपि स्वयमेवात्मानं प्रकाशयति न च ज्ञानान्तरेण प्रकाश्यते। यदि पुनर्ज्ञानान्तरेण प्रकाश्यते तर्हि गगनावलम्बिनी महती दुर्निवारानवस्था प्राप्नोतीति सूत्रार्थः।।३६।।

---

હવે શું જ્ઞાન છે અને શું જ્ઞેય છે તે વ્યક્ત કરે છે :--

**છે જ્ઞાન તેથી જીવ, જ્ઞેય ત્રિધા કહેલું દ્રવ્ય છે;**
**એ દ્રવ્ય પર ને આતમા, પરિણામસંયુત જેહ છે. ૩૬.**

**અન્વયાર્થ :--** **[तस्मात्]** તેથી **[जीवः ज्ञानं]** જીવ જ્ઞાન છે **[ज्ञेयं]** અને જ્ઞેય **[त्रिधा समाख्यातं]** ત્રિધા વર્ણવવામાં આવેલું (ત્રિકાળસ્પર્શી) **[द्रव्यं]** દ્રવ્ય છે. **[पुनः द्रव्यं इति]** (એ જ્ઞેયભૂત) દ્રવ્ય એટલે **[आत्मा]** આત્મા (સ્વાત્મા) **[परः च]** અને પર **[परिणामसंबद्धः]** કે જેઓ પરિણામવાળાં છે.

---

**છે જ્ઞાન તેથી જીવ, જ્ઞેય ત્રિધા કહેલું દ્રવ્ય છે;**
**એ દ્રવ્ય પર ને આતમા, પરિણામસંયુત જેહ છે. ૩૬.**

**ટીકા :--** '**(પૂર્વોક્ત રીતે) જ્ઞાનરૂપે સ્વયં પરિણમીને,...**' એમ (કહે છે) કે, જ્ઞાન દ્વારા (આત્મા) જાણે છે એમ નહિ (પણ) જ્ઞાનરૂપ સ્વયં પરિણમીને–એમ. આહા..હા..! '**...સ્વતંત્રપણે જ જાણતો હોવાથી,...**' જીવ જ્ઞાન વડે (જાણે) એમ નહિ (પણ) પોતે જ જાણતો હોવાથી, આહા...! '**...જીવ જ જ્ઞાન છે,...**' (અર્થાત્) આત્મા જ્ઞાન જ છે. જ્ઞાન એટલે આ શાસ્ત્રના પાના(નું) જ્ઞાન નહિ. જાણવાનો જે સ્વભાવ છે તે જ્ઞાન (છે). (અને) તે જીવ છે. આહા..હા..! વચમાં જે કંઈ રાગ, દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધના પરિણામ થાય–એ જીવ નથી, એ જીવમાં નથી, એ જીવનું સ્વરૂપ નથી, આહા..હા...! ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. આવી વાતું...!

'**...કારણ કે અન્ય દ્રવ્યો એ રીતે (જ્ઞાનરૂપે) પરિણમવાને તથા જાણવાને અસમર્થ છે.**' શું કીધું એ ? આત્મા જ જ્ઞાન છે, આહા..હા...! કેમકે અન્ય દ્રવ્યો એટલે આત્મા સિવાય અન્ય દ્રવ્યો એ રીતે (એટલે) જ્ઞાનરૂપે પરિણમવાને–જાણવારૂપે થવાને–જાણવાને અસમર્થ છે. જેમ આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :--** (પૂર્વોક્ત રીતે) જ્ઞાનરૂપે સ્વયં પરિણમીને સ્વતંત્રપણે જ જાણતો હોવાથી જીવ જ જ્ઞાન છે, કારણ કે અન્ય દ્રવ્યો એ રીતે (જ્ઞાનરૂપે) પરિણમવાને તથા જાણવાને અસમર્થ છે. અને જ્ઞેય, વર્તી ચૂકેલા, વર્તતા અને વર્તશે એવા વિચિત્ર પર્યાયોની પરંપરાના પ્રકાર વડે ત્રિવિધ કાળકોટિને સ્પર્શતું હોવાથી અનાદિ-અનંત એવું દ્રવ્ય છે. (આત્મા જ જ્ઞાન છે અને જ્ઞેય સમસ્ત દ્રવ્યો છે.) તે જ્ઞેયભૂત દ્રવ્ય આત્મા ને પર (–સ્વ ને પર) એવા બે ભેદને લીધે બે પ્રકારનું છે. જ્ઞાન સ્વપરજ્ઞાયક હોવાથી જ્ઞેયનું એવું દ્વિવિધપણું માનવામાં આવે છે.

(પ્રશ્ન–) પોતામાં ક્રિયા થઈ શકવાનો વિરોધ હોવાથી આત્માને સ્વજ્ઞાયકપણું કઈ રીતે ઘટે છે ? (ઉત્તર–) કઈ ક્રિયા અને ક્યા પ્રકારનો વિરોધ ? ક્રિયા, કે જે અહીં (પ્રશ્નમાં) વિરોધી કહેવામાં આવી છે તે, કાં તો ઉત્પત્તિરૂપ હોય, કાં તો જ્ઞપ્તિરૂપ હોય. પ્રથમ, ઉત્પત્તિરૂપ ક્રિયા તો 'કોઈ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ' એવા આગમકથનથી વિરુદ્ધ જ છે. પરંતુ જ્ઞપ્તિરૂપ ક્રિયામાં વિરોધ આવતો નથી, કારણ કે તે, પ્રકાશનક્રિયાની માફક, ઉત્પત્તિક્રિયાથી વિરુદ્ધ રીતે (જુદી રીતે) વર્તે છે. જેમ જે પ્રકાશ્યભૂત પરને પ્રકાશે છે એવા પ્રકાશક દીવાને સ્વ પ્રકાશ્યને પ્રકાશવાની બાબતમાં અન્ય પ્રકાશકની જરૂર પડતી નથી, કારણ કે સ્વયમેવ પ્રકાશનક્રિયાની પ્રાપ્તિ છે; તેમ જે જ્ઞેયભૂત પરને જાણે છે એવા જ્ઞાયક આત્માને સ્વ જ્ઞેયને જાણવાની બાબતમાં અન્ય જ્ઞાયકની જરૂર પડતી નથી, કારણ કે સ્વયમેવ જ્ઞાનક્રિયાની પ્રાપ્તિ છે. (આ રીતે સિદ્ધ થયું કે જ્ઞાન સ્વને પણ જાણી શકે છે).

(પ્રશ્ન–) આત્માને દ્રવ્યોના જ્ઞાનરૂપપણું અને દ્રવ્યોને આત્માના જ્ઞેયરૂપપણું શાથી (–કઈ રીતે ઘટે) છે ? (ઉત્તર–) તેઓ પરિણામવાળાં હોવાથી, આત્મા અને દ્રવ્યો પરિણામયુક્ત છે, તેથી આત્માને, દ્રવ્યો જેનું આલંબન છે એવા જ્ઞાનરૂપે (પરિણતિ), અને દ્રવ્યોને, જ્ઞાનને અવલંબીને જ્ઞેયાકારરૂપે પરિણતિ અબાધિતપણે તપે છે–પ્રતાપવંત વર્તે છે. (આત્મા અને દ્રવ્યો સમયે સમયે પરિણમન કર્યા કરે છે, કૂટસ્થ નથી; તેથી આત્મા જ્ઞાનસ્વભાવે પરિણમે છે અને દ્રવ્યો જ્ઞેયસ્વભાવે પરિણમે છે. એ રીતે જ્ઞાનસ્વભાવે પરિણમતો આત્મા જ્ઞાનના આલંબનભૂત દ્રવ્યોને જાણે છે અને જ્ઞેયસ્વભાવે પરિણમતાં દ્રવ્યો જ્ઞેયના આલંબનભૂત જ્ઞાનમાં–આત્મામાં–જણાય છે). ૩૬.

---

જ્ઞાનરૂપે પરિણમે છે તેમ પરદ્રવ્યો જ્ઞાનરૂપે પરિણમવાને અને જાણવાને અસમર્થ છે. બીજા પદાર્થો જ્ઞાનરૂપે પરિણમવાને અને જાણવાને અસમર્થ છે. સમજાય છે કાંઈ ? જ્ઞાન પોતે સ્વતંત્રપણે જાણવાને સમર્થ છે, આહા..હા...! જ્ઞાન વડે (જાણે) એટલો ભેદ પણ જ્યાં નથી, આ..હા..હા..! એવું જે જ્ઞાન (છે) તે આત્મા (છે). આહા...!

અહીં તો જાણનારો તે આત્મા (એમ કહેવું છે). જ્ઞાન વડે જાણે એમ પણ નહિ–જાણનારો તે આત્મા ! આહા..હા...! અને એ જાણનારને જાણે, જાણનારને માને અને જાણનારમાં ઠરે– એ જિનની નીતિ છે. આહા..હા...! લૌકિકમાં જેમ નીતિ કહેવાય છે–કોઈ માણસ સજ્જન હોય, પરસ્ત્રીનો ત્યાગ હોય, એવા કુડા–કપટ આદિ ન કરે–(એ) લૌકિક સજ્જન (કહેવાય). લૌકિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નીતિ એ તો સંસારનું કારણ છે. આ તો જિનનીતિ (છે) ! આવે છે ને ભાઈ ? '**જિનનીતિ અલંઘ્યં**' ! આહા..હા...!

વીતરાગ જિનની નીતિ એ છે કે, પોતે જ્ઞાનસ્વરૂપી, વીતરાગસ્વરૂપ છે તેની નીતિ. (અર્થાત્) જ્ઞાનસ્વરૂપનું શ્રદ્ધાન કરે, જ્ઞાનસ્વરૂપને જાણે અને જ્ઞાનમાં ઠરે–એ મોક્ષનો માર્ગ (છે), એ જિનની નીતિ છે. વ્રત ને તપ ને ભક્તિના વિકલ્પ છે, એ જિનનીતિ નથી, આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ અહીં કહે છે કે, જ્ઞાનસ્વરૂપ આત્મા (છે). હવે જ્ઞેય એટલે શું ? કે, જ્ઞેય (એટલે) એ પોતે પણ જ્ઞેય છે અને પર જ્ઞેય છે. છે ? (અને જ્ઞેય), '**...વર્તી ચૂકેલા,...**' (એટલે) ગયા કાળમાં થઈ ગયેલા પર્યાયો. '**...વર્તતા,..**' (એટલે) વર્તમાનમાં (વર્તતા) પર્યાયો. '**...અને,..**' ભવિષ્યમાં '**...વર્તશે એવા વિચિત્ર પર્યાયોની પરંપરાના પ્રકાર વડે,...**' 'વિચિત્ર પર્યાય' ! આ..હા..હા...! રાગાદિની પર્યાય થઈ ગઈ, જ્ઞાનપર્યાય થઈ ગઈ, વર્તમાનમાં રાગાદિ અને જ્ઞાનની પર્યાય થાય અને ભવિષ્યમાં જીવને રાગાદિ અને જ્ઞાનની પર્યાય થાય અને કેવળજ્ઞાનીને ભવિષ્યમાં કેવળજ્ઞાનની પર્યાય થાય, આહા..હા...!

'**...એવા વિચિત્ર પર્યાયોની પરંપરાના પ્રકાર વડે ત્રિવિધ કાળકોટિને સ્પર્શતું હોવાથી,...**' (કોણ ?) જ્ઞાન. (જ્ઞાન) એ દ્રવ્ય. જ્ઞાન આને જાણે એમ કહે છે. '**...ત્રિવિધ કાળકોટિને સ્પર્શતું હોવાથી અનાદિઅનંત એવું દ્રવ્ય છે.**' ત્રણ કાળના પ્રકારને સ્પર્શતું હોવાથી–એવી વસ્તુ (છે). અનંત અવસ્થાઓ–પર્યાયો વીતિ ગઈ, પર્યાયો વર્તે છે અને (ભવિષ્યમાં) વર્તશે–એવું ત્રણ કાળની પર્યાયને સ્પર્શતું દ્રવ્ય. અરે.. અરે..! આવી વાતું...! (અર્થાત્) '**(આત્મા જ જ્ઞાન છે અને જ્ઞેય સમસ્ત દ્રવ્યો છે).**'

'**તે જ્ઞેયભૂત દ્રવ્ય આત્મા,...**' (એટલે) જણાવા લાયક આત્મા અને પર પણ જણાવા લાયક (એમ). સ્વ ને પર તે જ્ઞેય છે. શું કહે છે ? આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. અને એના જ્ઞેયો– ત્રણકાળના પર્યાયો – થઈ ગયેલી, વર્તમાન ને ભવિષ્ય – એવી પર્યાયને સ્પર્શતું જે દ્રવ્ય– તે સ્વદ્રવ્ય (પણ જ્ઞેય) છે અને પર દ્રવ્ય (પણ જ્ઞેય) છે. બન્ને (જ્ઞેય) છે. સ્વદ્રવ્ય તે સ્વજ્ઞેય છે–જ્ઞાન તેને જાણે. અને ત્રિકાળી પર્યાયવાળું પરદ્રવ્ય તેને પણ જ્ઞાન જાણે. આ..હા..હા...! આવું ઝીણું છે ! કરવા–ફરવાનું આમાં કાંઈ નથી, એમ કહે છે. આહા..હા...!

'**વિચિત્ર પર્યાયોની પરંપરા**' (એમ કહ્યું છે ને ?) (એટલે) કોઈની કેવળજ્ઞાનની પર્યાય અને કોઈની મિથ્યાત્વની પર્યાય–એવી બધી પર્યાયોનો સમૂહ તે દ્રવ્ય. આહા..હા...! તે (પણ) દ્રવ્ય અને આ આત્મા પણ દ્રવ્ય. પોતાના જ્ઞાનમાં સ્વજ્ઞેયને જાણે અને પરજ્ઞેયને જાણે. 'જાણે'–એ એનું સ્વરૂપ છે. પરદ્રવ્યનું કાંઈ કરવું કે પરદ્રવ્ય તરફના લક્ષવાળો રાગ–એ એનું સ્વરૂપ નથી. પરદ્રવ્યને જાણવું અને સ્વદ્રવ્યને જાણવું એ એનું સ્વરૂપ છે. જાણવું–એમ વ્યવહાર સિદ્ધ કરવો છે ને (એટલે એમ કહ્યું). સમજાણું કાંઈ ? આહા..હા...! પરની દયા પાળી શકે, પરનું રક્ષણ કરી શકે, એવું આત્માના જ્ઞાનમાં નથી, આહા..હા...!

ભવગાન જ્ઞાનસ્વરૂપ (છે). જ્ઞાનની પ્રધાનતાથી (જ્ઞાનસ્વરૂપ કહેવાય છે). બાકી અનંત ગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ (છે). સવારમાં ('સમયસાર' ગાથા–૯૬માં) આવ્યું હતું ને ? 'બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ છે.' ભગવાન તો બેહદ–જેના જ્ઞાનની હદ નથી, મર્યાદા નથી–એવું જેનું બેહદ શુદ્ધ જ્ઞાન, ચૈતન્યધાતુ (સ્વરૂપ) હોવા છતાં તેને ભૂલીને અજ્ઞાની દયા, દાનના રાગનો કર્તા થાય છે અને પરદ્રવ્ય મારા છે (એમ માને છે). આ..હા..હા...! આ મારો દીકરો છે ને આ મારી બાયડી છે ને આ મારા પૈસા છે ને આ મારું મકાન છે–એમ મૂઢ જીવ પરદ્રવ્યને પોતાના માનીને, જાણીને જે વિકલ્પ કરે છે, એ અજ્ઞાની વિકલ્પનો કર્તા છે. આત્માના જ્ઞાનનો કર્તા નથી. આહા..હા...! આવું ગંભીર સ્વરૂપ છે !!

અહીં કહે છે કે, '**...જ્ઞેય વર્તી ચૂકેલા, વર્તતા અને વર્તશે એવા વિચિત્ર પર્યાયોની પરંપરાના પ્રકાર વડે ત્રિવિધ કાળકોટિને સ્પર્શતું હોવાથી અનાદિ-અનંત એવું દ્રવ્ય છે. (આત્મા જ જ્ઞાન છે અને જ્ઞેય સમસ્ત દ્રવ્યો છે). તે જ્ઞેયભૂત દ્રવ્ય આત્મા,...**' (અર્થાત્) જ્ઞાનમાં આત્મા પણ જાણવા લાયક (છે). આ તો વીતરાગની વાણી છે, બાપા ! આ કાંઈ સાધારણ કથા –વાર્તા નથી, આહા..હા..! ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ જ છે. જ્ઞાન વડે જાણે (એમ નથી). (પણ) જ્ઞાયકસ્વરૂપ છે (એટલે) આત્મા જાણનારો જાણે છે. એ જાણવામાં શું જાણે છે ? ત્રિકાળી પોતાનું સ્વરૂપ છે એને પણ જાણે છે અને ત્રિકાળી પર્યાયોને સ્પર્શતું (એવું પર) દ્રવ્ય–અનંત પર દ્રવ્યો તેને પણ જ્ઞાન જાણે છે, આહા..હા...! કેવળજ્ઞાનીઓ જે કેવળજ્ઞાનની પર્યાયપણે પરિણમ્યા છે, એને પણ આ જ્ઞાન પરજ્ઞેય તરીકે જાણે છે, એમ કહે છે. આહા..હા...!

પોતાનો સ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે. તે જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા વડે સ્વને જાણે છે અને આત્મા વડે પરને જાણે છે. જાણવાના બે દ્રવ્ય–સ્વદ્રવ્ય અને ત્રિકાળી બીજા પર દ્રવ્ય. આહા..હા..! એ જાણવાનો વ્યવહાર સંબંધ વ્યવહારે કહેવાય. પણ 'મારા' તરીકે માનવું એવો સંબંધ સ્વરૂપમાં નથી. આવું ઝીણું છે ! ક્યારે નિવૃત્તિ લઈને (આને પ્રાપ્ત કરે ?) જન્મ–મરણ ટાળવાનો તો આ ઉપાય છે. બાકી તો મરીને.. રખડીને... (ચાલ્યા જવાના) ! આહા..હા...!

એ અબજોપતિ અહીં બધાં ઠાઠ–માઠમાં રહેતા હોય પણ એ મરીને બાપા....! (રખડવા ચાલ્યા જાશે). જેણે રાગ અને પુણ્યના વિકારી પરિણામને મારા માન્યા છે, એનો એ જાણનાર છે એમ ન માનતા, એ 'મારા છે' એમ માન્યું છે, એ જિનનીતિની બહાર–આઘો ચાલ્યો ગયો છે. એ રખડવાના પંથે પડ્યો છે ! આહા..હા...! એ ચોરાશીના અવતારમાં ક્યાં જઈને પડશે ? પ્રભુ...!

અહીં કહે છે, પ્રભુ ! આત્મા પણ ત્રણ કાળની પર્યાયને સ્પર્શતું એવું સ્વદ્રવ્ય (છે) એને (પણ) આત્મા જાણે છે અને ત્રણ કાળની પર્યાયને સ્પર્શતાં એવા પરદ્રવ્યો (તેને પણ આત્મા જાણે છે). કેવળીઓ પણ પરદ્રવ્યમાં આવ્યા ! ભાઈ ! આ..હા..હા...! કેવળજ્ઞાની જે થાય છે, અનંત કેવળીઓ, સિદ્ધો (થયા) એ કેવળજ્ઞાનની પર્યાય, પરની બધી પર્યાય, ત્રણ કાળની પર્યાયનો સમુદાય તે દ્રવ્ય. જ્ઞાન તે દ્રવ્યને જાણે, આહા..હા...! પણ એ કેવળી મારા છે – એવું (માનવું) વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..! તો પછી આ બાયડી, છોકરા, કુટુંબ ને પૈસા–ધૂળ-ધાણી એ મારા અને હું એનો.... (એ વાત તો બહુ દૂર રહી ગઈ) !! અરે.. પ્રભુ ! મરી ગયો તું, હોં...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનસ્વરૂપી પ્રભુને તેં મારી નાખ્યો !! આહા...! જાણનારને તેં કર્તા ઠરાવ્યો ! આ..હા..હા...!

પ્રભુનું જાણનારનું જીવન (છે). જાણનારનું (જાણવાનું) પ્રભુનું–આત્માનું જીવન છે. એને પરના કરવાપણાનું જીવન માનીને, જાણનારનું જીવન એ હું નહિ, એમ (માનીને) આત્માની હિંસા કરી, પ્રભુ ! આ..હા..હા...! આવો માર્ગ...!

અહીં તો પ્રભુ એમ કહે છે – પ્રભુ ! તું જાણનારો પોતે (છો). જ્ઞાન વડે જાણવાવાળો એમ પણ નહિ, આ..હા..હા...! 'જ્ઞાયક' સિદ્ધ કરવો છે ને ! જાણનાર ભગવાન પોતે, એ પોતાના જ્ઞાનમાં પોતાના ત્રણકાળની પર્યાય સહિત સ્વદ્રવ્યને જાણે અને ત્રણકાળની પર્યાયને સ્પર્શતા એવા બીજાં અનંત દ્રવ્યોને જ્ઞાન જાણે. એ આત્માનું જ્ઞાન થતાં, તે જ્ઞાન સ્વને જાણે અને પરને જાણે, આ..હા..હા...! એવો એ જીવનો–ભગવાનનો સ્વભાવ છે ! આહા...હા...! અને એ જિનનીતિ છે. જ્ઞાન, જ્ઞાનને–આત્માને જાણે અને પરને જાણે. એ જાણવાનું કાર્ય એનું (છે). એ રીતે એનું માનવાનું અને એ રીતે ઠરવાનું એનું (સ્વરૂપ છે). આહા..હા...! આવી વાત સાંભળવા મળે નહિ (એટલે) એવું લાગે કે, આ તે શું હશે ? બાપુ ! પાંચમાં આરામાં પણ ધર્મી જીવ આવા હોય છે, એમ કહે છે. નહિતર એને ધર્મ છે નહિ. આ..હા..હા...!

ભગવાનઆત્મા જાણનારો (છે). એ જ્ઞાન વડે (જાણે એમ) નહિ. પણ જાણનારો (પોતે છે). એ ત્રિકાળી સ્વ–સ્વભાવ છે તેને જાણે અને એમાં રાગાદિ થાય તેને પરદ્રવ્ય તરીકે જાણે, આહા..હા...! અને પરદ્રવ્યો જે શુદ્ધપણે પરિણમેલું અને અશુદ્ધપણે પરિણમેલું આખું દ્રવ્ય જે છે, તેને પરદ્રવ્ય તરીકે જ્ઞાન જાણે. સ્વદ્રવ્ય તરીકે પોતાના જ્ઞાયકભાવને જાણે. અરે...! આવી વાતું છે ! ક્યાં માણસને નવરાશ (મળે છે) ? ભાઈ ! જન્મ–મરણ રહિત (થવાના) પંથ કોઈ જુદા છે ! આ..હા..હા..!

અહીં તો આપણે સવારે એક શબ્દ આવ્યો હતો ને ? 'બેહદ શુદ્ધ ચૈતન્યધાતુ છે તોપણ...' એમ આવ્યું હતું, આહા..હા...! એમાંથી પછી બહુ લાંબા વિચાર થઈ ગયા !! કે, બેહદ એટલે અનંત ચૈતન્યધાતુ છે. એમ બેહદ અનંત જીવતરધાતુ છે. ધાતુ (એટલે) જીવતરશક્તિ છે. એણે ધારી રાખી છે ને ! એમ બેહદ અનંત શુદ્ધ ચિતિશક્તિ રૂપ ધાતુ ધારી રાખી છે. એમ બેહદ એવી દશિશક્તિ રૂપ ધાતુ ધારી રાખી છે. એવી બેહદ સુખશક્તિની ધાતુ ધારી રાખી છે. અનંત બેહદ વીર્યશક્તિની ધાતુ એણે ધારી રાખી છે. એવા અનંતા ગુણોની ધાતુ એણે ધારી રાખી છે. આ..હા..હા...! ભગવાન ! તું આવો છો ને, પ્રભુ ! આહા..! આ..હા..હા...! દયા, દાનના વિકલ્પને ધારી રાખ્યો છે, એ આત્મા નહિ, આહા..હા..! આકરું કામ, બાપા...! જૈનધર્મ... જૈનનીતિ અને જૈનનો માર્ગ અત્યારે ક્યાંય દુનિયામાં મેળ ખાય એવો નથી. આહા..હા...!

અહીં તો કહે છે – અમે ૩૫ (ગાથામાં) એમ કહ્યું હતું કે, જ્ઞાન વડે જાણે છે એ પણ નહિ. એવો ભેદ પડે એ (સ્વરૂપ) નહિ. આત્મા તો જાણનાર છે... જાણનાર છે... જાણનારો જાણનારથી જાણે છે, આહા..હા...! કોને જાણે છે ? કે, સ્વને પણ જાણે છે અને પરને પણ જાણે છે. એટલું અત્યારે અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? ખરેખર તો સ્વને જાણે છે અને પરને જાણે છે, એવું જે જ્ઞાન છે એને એ જાણે છે. એ જ્ઞેય પોતે દ્રવ્ય, ગુણ, પર્યાય છે તેને એ જાણે છે, આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો અત્યારે સ્વ-પરપ્રકાશક (સ્વભાવ) સિદ્ધ કરવો છે ને ! જાણનારો પરને પોતાનું માનનારો—એવું એના સ્વરૂપમાં નથી. પણ પરને અને સ્વને જાણવું—જાણનારો—એવું એનું સ્વરૂપ છે. એમ કહીને સ્વ-પરપ્રકાશક (સ્વભાવ) સિદ્ધ કરવો છે, આહા..હા...!

'**...(સ્વ ને પર) એવા બે ભેદને લીધે,...**' છે ? '**...તે જ્ઞેયભૂત દ્રવ્ય આત્મા,...**' (એટલે) જણાવા લાયક દ્રવ્ય પોતે આત્મા અને પર – બે (જ્ઞેય). જણાવા લાયક જ્ઞેય બે—સ્વજ્ઞેય અને પરજ્ઞેય, આહા..હા...! છે ? ઉપર શું કીધું ? '**(આત્મા જ જ્ઞાન છે અને જ્ઞેય સમસ્ત દ્રવ્યો છે).**' તેનો ખુલાસો (કરે છે). '**તે જ્ઞેયભૂત દ્રવ્ય આત્મા,...**' (એટલે) પોતે. જાણનારા આત્માથી આત્માને જાણે અને જાણનાર આત્માથી પરને જાણે, આહા..હા...! સંતોએ ટીકા કરી હશે તે કેટલું (કામ) કર્યું હશે અંદરમાં !! આ..હા..હા...! (ટીકા કરવાનો) વિકલ્પ ઊઠ્યો છે તેના પણ અમે તો જાણનારા છીએ. સ્વને અને પરને જાણનારા છીએ. અમે આત્મામાં છીએ, અમે રાગમાં નથી. આહા..હા...! આવું સ્વરૂપ... !

'**...એવા બે ભેદને લીધે,...**' '**એવા બે ભેદ**' એટલે શું ? જાણવા લાયક દ્રવ્ય આત્મા અને પર. – '**...એવા બે ભેદને લીધે બે પ્રકારનું છે.**' જ્ઞેય બે પ્રકારનું છે. જાણનારને બે પ્રકારનું જ્ઞેય છે. જાણનારને સ્વજ્ઞેય અને પરજ્ઞેય એવા બે પ્રકારનાં જ્ઞેય છે. આહા..હા...! '**(જ્ઞાન સ્વપરજ્ઞાયક હોવાથી) જ્ઞેયનું એવું દ્વિવિધપણું માનવામાં આવે છે.**'

(હવે પ્રશ્ન પૂછે છે) પ્રશ્ન :-- '**પોતામાં ક્રિયા થઈ શકવાનો વિરોધ હોવાથી આત્માને સ્વજ્ઞાયકપણું કઈ રીતે ઘટે છે ?**' આહા..હા...! એમ કહે (છે) કે, આત્મા(ને) સ્વક્રિયા કરવાનો વિરોધ હોવાથી (એટલે) જ્ઞાન ઉત્પન્ન થાય અને જ્ઞાનને જાણે એવું કેમ બને ? એ તો વિરોધ છે. જ્ઞાન સ્વ—પરને જાણવાનું ઉત્પન્ન થાય અને જાણવાને ઉત્પન્ન થયેલું જ્ઞાન સ્વને અને પરને જાણે (એવું કેમ બને ?) આહા..હા..! એકલા Logic—ન્યાયથી વાત સિદ્ધ કરે છે ! આહા..હા...! વકીલોના Logic તો બધાં સમજવા જેવા હોય ! સરકારે બાંધ્યા હોય એ પ્રમાણે (ન્યાય) કરે. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્માએ સર્વજ્ઞ સ્વભાવને સિદ્ધ કરવા Logicથી વાત કરી છે, આહા..હા..!

પ્રભુ ! તું સર્વજ્ઞસ્વરૂપી છો, હોં..! 'સર્વજ્ઞ' શબ્દે 'આત્મજ્ઞસ્વરૂપ' (છો). આહા..હા..! સ્વ અને પરને જાણે એ આત્મજ્ઞસ્વરૂપ છે. પણ 'સર્વજ્ઞ' કેમ કહ્યું ? કે, બીજા જણાય છે એ અપેક્ષાએ કહ્યું. બાકી સર્વજ્ઞપણું એ આત્મજ્ઞપણું છે. એ (૪૭) શક્તિમાં આવ્યું છે ને ? ભાઈ ! આહા..હા...!

(અહીંયાં) શિષ્યનો પ્રશ્ન છે – '**પોતામાં ક્રિયા થઈ શકવાનો વિરોધ હોવાથી આત્માને સ્વજ્ઞાયકપણું (કઈ રીતે ઘટે છે) ?**' (અર્થાત્) પોતે ઉત્પન્ન થાય અને પોતાને જાણે—એ તો વિરોધ છે, (એમ) કહે છે. ઉત્પન્ન થયું અને સ્વજ્ઞાયક—પોતાને જાણે ? (તો) ગુરુ પૂછે છે—'**કઈ ક્રિયા અને ક્યા પ્રકારનો વિરોધ ?**' ક્યા પ્રકારનો વિરોધ અને કઈ ક્રિયાની તું વાત કરે છે ? આહા...! '**ક્રિયા કે જે અહીં (પ્રશ્નમાં) વિરોધી કહેવામાં આવી છે તે, કાં તો ઉત્પત્તિરૂપ હોય, કાં તો જ્ઞપ્તિરૂપ હોય.**' (અર્થાત્) તે જ્ઞાનની પર્યાય ઉત્પત્તિ(રૂપ) હોય અને કાં જાણવારૂપ હોય. સમજાય છે ?

(આગળ કહે છે) '**પ્રથમ, ઉત્પત્તિરૂપ ક્રિયા તો 'કોઈ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ'**' (અર્થાત્) પર્યાય પર્યાયમાંથી ઉત્પન્ન થઈ શકે નહિ. એ (વાત) તો બરાબર છે. શું Logic નાખ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે !! કોઈ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ. 'છે' એ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે (નહિ). એ તો દ્રવ્યમાંથી (ઉત્પન્ન) થાય. **'એવા આગમકથનથી વિરુદ્ધ જ છે.'** તારી એ વાત તો બરાબર છે.

**'પરંતુ જ્ઞપ્તિરૂપ ક્રિયામાં વિરોધ આવતો નથી,...'** આ..હા..હા...! શું કીધું એ ? જે ઉત્પન્ન થાય, એ ઉત્પન્ન થાય એમાંથી ઉત્પન્ન થાય, એમ નથી. એ ઉત્પન્ન થાય છે દ્રવ્યથી. પણ ઉત્પન્ન થયેલી જ્ઞાનની પર્યાય, તે જ્ઞાન ઉત્પન્ન થઈને (જ્ઞાનને) જાણે, એમાં વિરોધ નથી. આહા..હા..! આ Logicથી તો વાત (કરે) છે.

જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય, એ પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન ન થાય. એ તો દ્રવ્યમાંથી (ઉત્પન્ન) થાય. પણ જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય, એ પોતે ઉત્પન્ન થાય અને પોતાને ન જાણે, એમ નથી. ઉત્પન્ન થાય અને પોતાને જાણે, એ સાથે છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! શું કહે છે ?

શિષ્યએ પ્રશ્ન કર્યો કે, એ (જ્ઞાનની પર્યાય) પોતે ઉત્પન્ન થાય અને વળી પોતે પોતાને જાણે– આ શું ? એક સમયમાં બે શી રીતે થાય ? (ત્યારે ગુરુ સામે પૂછે છે કે) ભાઈ ! તું કઈ રીતે કહે છે ? શું કહે છે ? કે, ઉત્પન્ન થાય એ પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન થાય, એમ નહિ. ઉત્પન્ન થાય એ દ્રવ્યથી ઉત્પન્ન થાય. પણ ઉત્પન્ન થાય એવી જે જ્ઞાનની ક્રિયા, એ ઉત્પન્ન થાય અને સ્વને જાણે એમાં વિરોધ નથી. આ..હા..હા...! આવો માર્ગ છે ! શું કહ્યું ?

(ફરીથી), શિષ્યનો પ્રશ્ન છે કે, **'પોતામાં ક્રિયા થઈ શકવાનો વિરોધ હોવાથી,...'** (અર્થાત્) પર્યાય ઉત્પન્ન થાય–એ ઉત્પન્નમાંથી ઉત્પન્ન થાય, એ વિરોધ છે. અને તે **'...આત્માને સ્વજ્ઞાયકપણું કઈ રીતે ઘટે છે ?'** (એટલે કે) ઉત્પન્ન થાય અને સ્વને જાણે–એ શી રીતે ઘટે ? (તો ગુરુ કહે છે) સાંભળ ! **'કઈ ક્રિયા અને ક્યા પ્રકારનો વિરોધ,...'** આવે છે ? **'ક્રિયા, કે જે અહીં (પ્રશ્નમાં) વિરોધી કહેવામાં આવી છે તે, કાં તો ઉત્પત્તિરૂપ હોય, કાં તો જ્ઞપ્તિરૂપ હોય. પ્રથમ, ઉત્પત્તિરૂપ ક્રિયા તો 'કોઈ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ,...'** (અર્થાત્) પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન થઈ શકે નહિ. આહા..હા..! વાણિયાને વેપાર અને ધંધા આડે નવરાશ મળે નહિ અને (એમાં) આ (સમજવું) ! આખો દિ' પાપ ! ધંધા–પાણી, પૈસા આવ્યા ને ગયા...! હવે, અહીંયાં આ Logic–ન્યાય, ભગવાનના કાયદા સમજવા...!! આહા..હા..!

શિષ્યનો પ્રશ્ન એમ હતો કે, ઉત્પન્ન થાય... એ પોતે પોતામાંથી ઉત્પન્ન થાય ? ઉત્પન્ન થઈ તે પોતાથી ઉત્પન્ન થાય ? અને ઉત્પન્ન થઈ તે સ્વને જાણે ? હજી ઉત્પન્ન થઈ અને ઉત્પન્ન થયેલી પર્યાય સ્વને જાણે ? ભાઈ ! સાંભળ ભાઈ...!

જુઓ ! (હવે શું કહે છે ?) **'...જ્ઞપ્તિરૂપ ક્રિયામાં વિરોધ આવતો નથી, કારણ કે તે, પ્રકાશનક્રિયાની માફક,...'** દીવાની પ્રકાશ શક્તિ છે ને ? **'...ઉત્પત્તિક્રિયાથી વિરૂદ્ધ રીતે (જુદી રીતે) વર્તે છે.'** આહા...! ઉત્પત્તિ ઉત્પત્તિરૂપ રહે છે. **'જેમ જે પ્રકાશ્યભૂત પરને પ્રકાશે છે,...'** (અર્થાત્) પ્રકાશભૂત પર્યાય ઉત્પન્ન થાય છે અને પરને પ્રકાશે છે. **'...એવા પ્રકાશક દીવાને સ્વ પ્રકાશ્યને પ્રકાશવાની બાબતમાં અન્ય પ્રકાશકની જરૂર પડતી નથી,...'** શું કહે છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દીવાનો જે પ્રકાશ ઉત્પન્ન થયો એ પ્રકાશ પોતે પ્રકાશે છે, એમાં વિરોધ નથી. પ્રકાશ થયો એને પણ પ્રકાશે છે. એ પ્રકાશ થયો છે દીવાથી પણ (એ) પ્રકાશ (જે) થયો છે એ પ્રકાશમાંથી પ્રકાશ થયો નથી, એ દીવાથી થયો છે. પણ પ્રકાશ થયો છે એ પોતાને પ્રકાશે છે. ઉત્પન્ન થયો અને પોતાને પ્રકાશે છે–એ તો પ્રત્યક્ષ દેખાય છે. સમજાણું કાંઈ ? આવી નવરાશ ક્યાં (છે) માણસને ! 'इच्छामि पड्डिकम्मणा... तत्सूत्रि करणेन...' જાઓ ! થઈ ગઈ સામાયિક ! ધૂળેય નથી ! સામાયિક ક્યાં હતી તારે ! હજી તારી દૃષ્ટિમાં ઠેકાણા નથી (ત્યાં સામાયિક આવી ક્યાંથી) ? આ..હા..હા...!

(શું કહે છે અહીંયાં ?) '**...(પ્રકાશક) દીવાને સ્વ પ્રકાશ્યને પ્રકાશવાની બાબતમાં અન્ય પ્રકાશકની જરૂર પડતી નથી. કારણ કે સ્વયમેવ પ્રકાશનક્રિયાની પ્રાપ્તિ છે;...**' કોને ? દીવાને. દીવાની પ્રકાશક્રિયાને પ્રકાશશક્તિ જાણે (છે)–પ્રકાશે છે, એ સ્વયમેવ છે. (જે) પ્રકાશશક્તિ ઉત્પન્ન થઈ એને પ્રકાશવામાં બીજા કોઈની જરૂર નથી. એ પ્રકાશશક્તિ ઉત્પન્ન થઈ એ પોતે જ (પોતાને) પ્રકાશે છે, આહા..હા..! છે (અંદર) ?

'**...તેમ જે જ્ઞેયભૂત પરને જાણે છે એવા જ્ઞાયક આત્માને સ્વ જ્ઞેયને જાણવાની બાબતમાં અન્ય જ્ઞાયકની જરૂર પડતી નથી,...**' આહા..હા...! જ્ઞેયભૂત એવો જે આત્મા અને જ્ઞેયભૂત એવું જે પર, એમાં જાણવાની ક્રિયા જે ઉત્પન્ન થઈ, એ ઉત્પત્તિ સ્વને પણ જાણે છે. ઉત્પન્ન થાય અને સ્વને જાણે, એક સમયમાં બન્ને ભેગું છે. આહા...! જ્ઞાનની ઉત્પત્તિ થઈ એને જાણવા માટે બીજાની જરૂર નથી, એમ કહે છે. (જેમ) દીવાના પ્રકાશની પર્યાયને પ્રકાશવામાં બીજા પ્રકાશની જરૂર નથી. દીવાના પ્રકાશને પ્રકાશવામાં એ પ્રકાશશક્તિ પોતે પોતાને પ્રકાશે છે. એમ જ્ઞાનપર્યાયને જાણવામાં બીજા જ્ઞાનની જરૂર નથી. (જે) જ્ઞાન(ની) ઉત્પત્તિ થઈ તે જ તેને જાણે છે, આ..હા..હા...! આવું તમારી મેળે વાંચવા બેસે તો (સમજાય) ? નહિ ? હુશિયાર કહેવાઓ છો ને !? ઝીણું પડે.

(આ) 'પ્રવચનસાર' છે ! આ તો વીતરાગની દિવ્યધ્વનિ !! ત્રણ લોકના નાથ અરિહંતો તીર્થંકરોની દિવ્યધ્વનિ છે !! આ..હા..હા...! ભગવાનના વિરહ પડ્યા પણ વાણી રહી ગઈ, આહા..હા...!

શ્રોતા :– બે રહી ગઈ. વાણી પણ રહી ગઈ અને વાણીના સમજાવનારા આચાર્યો પણ રહી ગયા !!

પૂજ્ય ગુરુદેવશ્રી :– આચાર્યો સમજાવનારા થયા, ત્યારે (વાણી) રહી ગઈ કહેવાય ને ! આહા..હા...!

જોયું ! '**કારણ કે સ્વયમેવ પ્રકાશનક્રિયાની પ્રાપ્તિ છે,...**' શું કીધું ? નીચે.. નીચે.. (અર્થ) આપ્યો છે ને ! 'કોઈ પર્યાય પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ,..' (એટલે) પર્યાય પર્યાયમાંથી ઉત્પન્ન થઈ શકે નહિ. '...પણ તે દ્રવ્યના આધારે–દ્રવ્યમાંથી–ઉત્પન્ન થાય,...' દ્રવ્યમાંથી પર્યાય ઉત્પન્ન થાય. ઉત્પન્ન થઈ એમાંથી ઉત્પન્ન ન થાય. ઉત્પન્ન થાય એ દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય. '...કારણ કે જો એમ ન હોય તો તો દ્રવ્યરૂપ આધાર વિના પર્યાયો ઉત્પન્ન થાય, જળ વિના તરંગો

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય.' પાણી ન હોય ને તરંગ ઊઠે, તરંગની ઉત્પત્તિ (થાય). તરંગમાંથી તરંગ (ઉત્પન્ન થાય) નહિ, તરંગ જળમાંથી ઊઠે. 'એ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે; તેથી પર્યાયને ઉત્પન્ન થવા માટે દ્રવ્યરૂપ આધાર જોઈએ.'

'આ રીતે જ્ઞાનપર્યાય પણ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ,...' શું કીધું એ ? જાણનાર પર્યાય (ઉત્પન્ન) થઈ, સ્વ અને પરને જાણવાની પર્યાય થઈ, એ પર્યાય પર્યાયમાંથી ઉત્પન્ન ન થાય. એ તો બરાબર છે. 'આત્મદ્રવ્યમાંથી ઉત્પન્ન થાય–એ વાત તો બરાબર છે. પરંતુ જ્ઞાનપર્યાય પોતે પોતાથી જણાઈ શકે નહિ એ વાત યથાર્થ નથી. આત્મદ્રવ્યમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય પોતે પોતાથી જ જણાય છે.' છતાં તે ઉત્પન્ન થતો જ્ઞાનનો પર્યાય, ઉત્પન્ન થાય અને તેને તે સમયે જાણે છે. જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થયો, એ ઉત્પન્ન થયો (પણ) પર્યાયમાંથી પર્યાય ન થઈ, પર્યાય દ્રવ્યમાંથી થઈ. પણ (જે) પર્યાય ઉત્પન્ન થઈ તેને તે સમયે જાણે છે. આવી વાત છે ! આ તો વીતરાગની કોર્ટ છે !! આહા...! વીતરાગની કૉલેજ છે !! કેટલુંક જાણ્યું હોય, જાણપણું કર્યું હોય, વાંચ્યું હોય, વિચાર્યું (હોય) તેને આ બેસે. પણ એકદમ અધ્ધરથી (સમજવા બેસે તો એમ લાગે) કે, શું કહે છે આ ? આહા..!

એમ કહે છે કે, જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય તે પર્યાય પર્યાયથી ઉત્પન્ન થઈ, એમ નથી. એ પર્યાય દ્રવ્યથી ઉત્પન્ન થઈ છે, એ બરાબર છે. પર્યાયથી પર્યાય ઉત્પન્ન થાય, એ ક્રિયાનો વિરોધ છે. પણ (દ્રવ્યથી) જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ અને તે જ સમયે એ જાણે, એમાં વિરોધ નથી. જે સમયે જ્ઞાનની પર્યાય (ઉત્પન્ન થઈ) – કેવળજ્ઞાન(ની પર્યાય ઉત્પન્ન થઈ) અને આ રાગને જાણવાની જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ, તે સમયે તે જ્ઞાનની પર્યાય જ્ઞાનને પણ જાણે છે. એને જાણવા માટે કોઈ બીજો સમય જોઈએ કે બીજાની મદદ જોઈએ, એમ નથી. આહા..હા..!

એમ કહીને સિદ્ધ શું કરવું છે ? કે, જ્ઞાનપર્યાય (અર્થાત્) આત્મા જે જાણે છે એવી પર્યાય, એ પર્યાયમાંથી પર્યાય થઈ નથી. (પરંતુ) જાણનારમાંથી થઈ (છે). છતાં તે પર્યાય (જે) ઉત્પન્ન થઈ, તેને તે, તે જ સમયે જાણે છે. ઉત્પન્ન થઈ અને તેને તે (જાણે છે). ઉત્પન્ન (થવાનો) સમય (છે) તે જ તેને જાણવાનો સમય (છે). આહા..હા..! સમજાય છે કાંઈ ? ભાષા તો સાદી (છે) પણ ભાવ બાપા...! વીતરાગ સંતોના એવા ઝીણા છે !! દિગંબર સંતોની વાણી અલૌકિક છે !! આહા...! સર્વજ્ઞના કેડાયતો..! સર્વજ્ઞની પર્યાયને સિદ્ધ કરવા માટે આ બધા તર્ક ઉઠાવ્યા છે ! આહા..હા...!

કેવળજ્ઞાનની પર્યાય, પર્યાયમાંથી પર્યાય ન થાય, દ્રવ્યમાંથી થાય. પણ કેવળજ્ઞાનની પર્યાય, પર્યાયને ન જાણે, એમ નથી. ઉત્પન્ન થઈ અને તે જ સમયે તેને જાણે. એવો એનો સ્વભાવ છે ! આહા..હા...! (આ) સ્વપ્રકાશકની વાત કરી.

અહીંયાં નીચે(ના ગુણસ્થાને) પણ રાગને જાણે એવી જે જ્ઞાનની પર્યાય (છે), એ રાગથી ઉત્પન્ન થઈ નથી, તેમ પર્યાયથી પર્યાય ઉત્પન્ન થઈ નથી. એ પર્યાય જ્ઞાયકસ્વભાવથી ઉત્પન્ન થઈ છે. છતાં એ ઉત્પન્ન થયેલી જ્ઞાનપર્યાયને (જ્ઞાન) પર્યાય જાણે છે, તે સમય (પણ) તે જ છે, આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા...! ચૈતન્યપર્યાય જે ઉત્પન્ન થઈ, એ ઉત્પન્ન (થયેલી પર્યાયમાંથી) ઉત્પન્ન થઈ નથી, એ દ્રવ્યમાંથી થઈ (છે). પણ પર્યાયમાંથી પર્યાય ન થાય. પણ પર્યાય થઈ એ પર્યાયને (પોતાને) ન જાણે, એમ નથી. આ..હા..હા...! સ્વની પર્યાય ઉત્પન્ન થઈ અને સ્વને જાણે. આહા...! એ જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ તે દ્રવ્યથી (થઈ). છતાં ઉત્પન્ન થયેલી પર્યાય સ્વ દ્રવ્ય-ગુણને (જાણે). સ્વની પર્યાય એને જાણે. આહા..હા...! આવી વાતું છે. આવું ક્યાં (સાંભળ્યું હોય) ! આહા..હા...! શું સંતોની યુક્તિ ને ન્યાય !! આ..હા..હા...!

પ્રભુ ! તું કોણ છો ? તું જાણનારો છો ! આત્મા વડે જાણનારો છો, હોં ! આ..હા..હા....! અને એ જાણનારાની જાણવાની પર્યાય ઉત્પન્ન થાય, એ પર્યાય જાણનારમાંથી થઈ છે. પર્યાયમાંથી પર્યાય (થઈ) નથી. આહા..હા...! પણ જાણનારની જે પર્યાય ઉત્પન્ન થઈ તે જ સમયે તેને ન જાણે, એમ નથી. ઉત્પન્ન થઈ છે અને તેને તે જાણે છે-(બન્નેનો) સમય ભેગો છે. આહા..હા...! આવું સાંભળવા મળે નહિ અને વિરોધ કરે ! 'એઈ...! સોનગઢીયા તો એકલી નિશ્ચયની વાતું (કરે છે) !' ભગવાન ! સાંભળ તો ખરો પ્રભુ ! તારા ઘરની વાતું છે, પ્રભુ !

આહા...! તું જાણનારો છો ! જાણનાર દ્રવ્ય તત્ત્વ (છો) ! હવે જાણનારને જાણવાની જે પર્યાય થાય... આ..હા..હા...! એ પર્યાય પર્યાયમાંથી ઉત્પન્ન ન થાય. એ તારો વિરોધ હોય તો બરાબર છે. પણ ઉત્પન્ન થયેલી પર્યાય પોતાને ન જાણે, એમ નથી. આહા..હા...! કેટલો ન્યાય સિદ્ધ કર્યો છે !! નિરાળો માર્ગ છે ! એને અંદરમાં બેસવું જોઈએ, બાપુ ! આહા..હા...!

(અહીંયાં કહે છે) '**...સ્વયમેવ જ્ઞાનક્રિયાની પ્રાપ્તિ છે.**' નીચે કહ્યું એ. છે ને (નીચે) ? '...આત્મદ્રવ્યમાંથી ઉત્પન્ન થાય-એ વાત તો બરાબર છે. પરંતુ જ્ઞાનપર્યાય પોતે પોતાથી જણાઈ શકે નહિ એ વાત યથાર્થ નથી. આત્મદ્રવ્યમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય પોતે પોતાથી જ જણાય છે.' જ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલો પર્યાય પોતે પોતાને (જાણે). 'જેમ દીવારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો પ્રકાશપર્યાય,...' દીવામાંથી પ્રકાશપર્યાય ઉત્પન્ન થઈ. પર્યાય છે ને એ તો ! એ '...પ્રકાશપર્યાય સ્વપરને પ્રકાશે છે,...' એ પ્રકાશપર્યાય સ્વને પ્રકાશે છે અને ઘટ-પટને પણ પ્રકાશે છે. દીવાનો પ્રકાશપર્યાય તે દીવાથી ઉત્પન્ન થાય છે. એ પ્રકાશપર્યાય પર્યાયમાંથી ઉત્પન્ન ન થઈ. પણ એ ઉત્પન્ન થયેલી પ્રકાશપર્યાય પોતાને પ્રકાશે છે અને પરને પ્રકાશે છે. પોતાની પ્રકાશની પર્યાયને પ્રકાશે છે અને ઘટ-પટ છે એને પણ પ્રકાશે છે. એમાં વિરોધ શું છે ? કહે છે. આહા...!

'...તેમ આત્મારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય,...' પર્યાય છે ને અહીં તો ? આહા..! દ્રવ્ય તો ત્રિકાળી જ્ઞાયક છે. પણ જ્ઞાયકમાંથી જ્ઞાયકને જાણનારો જે પર્યાય ઉત્પન્ન થયો, તે ઉત્પન્ન થયેલો પર્યાય જ્ઞાયકને જાણે, ગુણને જાણે અને પર્યાયને જાણે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'જેમ દીવારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો પ્રકાશપર્યાય સ્વપરને પ્રકાશે છે તેમ આત્મારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય સ્વપરને જાણે છે.' જોયું ? આહા..હા...! 'વળી જ્ઞાન પોતે પોતાને જાણે છે એ અનુભવસિદ્ધ પણ છે.' (અર્થાત્) જાણવાનો પર્યાય જાણનારને-પર્યાયને જાણે છે એ પણ અનુભવસિદ્ધ છે-પ્રત્યક્ષ છે. જાણવાની પર્યાય જાણે છે કે નહિ ? કે જાણવાની પર્યાય પોતાને જાણતી નથી ? અને (માત્ર) પરને જાણે છે ? કે પરની સહાયથી જાણે છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા..હા...!

જાણવાની પર્યાય દ્રવ્યથી ઉત્પન્ન થઈ, પણ જાણવાની પર્યાય... આ..હા..હા...! દ્રવ્યનો આધાર છે માટે પર્યાય દ્રવ્યને જાણે છે, એમ નથી. અહીં તો એમ કહે છે. શું કીધું ? જાણનાર પર્યાય જે થઈ એ દ્રવ્યથી ઉત્પન્ન થઈ, પણ એ જાણનાર પર્યાય દ્રવ્ય, ગુણ, પર્યાયને એ સમયે જાણે છે. એ સ્વને જાણે છે. 'કળશટીકા'માં નહોતું આવ્યું ? 'પરિણતિ જાણે છે, એમાં દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય લીધું હતું.' 'કળશટીકા'માં આવ્યું હતું. આહા..હા...!

એમ અહીંયાં જાણનાર પર્યાય દ્રવ્યમાંથી ઉત્પન્ન થઈ, પણ (જે) જાણનાર પર્યાય ઉત્પન્ન થઈ તે જાણનાર પર્યાય તે સમયે દ્રવ્ય-ગુણ-પર્યાયને જ્ઞપ્તિ તરીકે જાણે છે. આહા..હા...! દ્રવ્યમાંથી ઉત્પન્ન થઈ તે સમયે દ્રવ્યને જાણે છે. દ્રવ્યમાંથી ઉત્પન્ન થઈ તે સમયે ગુણને જાણે છે. જે સમયે તે પર્યાય ઉત્પન્ન થઈ (તે) પર્યાયને (તે) જાણે છે. આહા..હા...! સ્વ(ને) જાણે છે, સ્વ લેવું છે ને ! એકલી પર્યાય (નથી લેવી). ભાઈ ! ત્યાં ('કળશટીકા'માં) આવ્યું હતું ને ? – સ્વ-પર પરિણતિ. પરિણતિનો અર્થ કર્યો હતો–દ્રવ્ય, ગુણ, પર્યાય અને ઉત્પાદ્, વ્યય, ધ્રુવ.

આવું ઝીણું ! સમ્યક્–સત્ય નિર્ણય કરવા નવરાશ ક્યાં છે માણસને ! વખત ચાલ્યો જાય છે, પ્રભુ ! અને ચોરાશીના અવતારમાં ચાલ્યો જશે, આહા..હા...! ત્યાં ક્યાંય કોઈનો સાથ નહિ મળે. જેને વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિ નથી અને વિપરીત દૃષ્ટિ છે, બાપા ! એના ફળ (બહુ આકરાં છે) ! ભલે તેણે દયા, દાન કદાચિત્ કર્યાં હોય તો સ્વર્ગમાં જાય પણ ત્યાંથી પછી ચાર ગતિમાં રખડશે ! એ રખડવાના ભાવ છે ! આ..હા..હા...!

(અહીંયાં કહે છે) જાણનાર જાણવાની પર્યાયને ઉત્પન્ન કરે અથવા જાણનારથી પર્યાય ઉત્પન્ન થઈ, એ પર્યાય સ્વ દ્રવ્ય, ગુણ, પર્યાયને ઉત્પન્ન થતાં જ જાણે છે. આહા..હા...! એવો તારા જ્ઞાતા–દ્રષ્ટા પર્યાયનો સ્વભાવ છે. એવો અંદર અનુભવ થવો... આ..હા..હા...! એને સમ્યગ્દર્શન કહે છે. અને આ સમ્યગ્દર્શન વિના બધાં થોથાં (છે). વ્રત ને તપ ને ભક્તિ ને દાન ને દયા.. (બધાં) ચાર ગતિમાં રખડવાના (ભાવ) છે ! આવું છે ! બહુ સરસ વાત (છે), સવારમાં પણ બહુ સરસ હતી ! આહા..!

સવારે (બે મુમુક્ષુ) આવ્યા હતા. એમણે કહ્યું, 'મુંબઈ'માં 'સમયસાર' આદિનાં વ્યાખ્યાનો છપાવવાનાં છે. આ (ટેપમાં) ઉતાર્યા છે ને એમાંથી છપાવાનાં છે. લગભગ ત્રીસ–પાંત્રીસ પુસ્તક છપાવાનાં છે. બેનનું પુસ્તક આ 'બહેનશ્રીનાં વચનામૃત' પચીસ હજાર (છપાવાનાં છે). અને ત્રીસ–પાંત્રીસ પુસ્તક છપાવાના છે. એ લોકો કહેતા હતા, સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, અષ્ટપાહુડ (વગેરેના) વ્યાખ્યાનોનાં ત્રીસ–પાંત્રીસ પુસ્તક થાશે !! ઓ..હો..હો...!

શ્રોતા :– બહુ સારી વાત !

પૂજ્ય ગુરુદેવશ્રી :– બહુ સારી વાત !! અને બેનનાં પચીસ હજાર (છપાશે). આહા..હા...! લોકો જાણે તો ખરા કે શું તત્ત્વ છે ? અરે...! સમ્યગ્દર્શન વિના એને આ વાત ન બેસે. આહા...! સમ્યક્જ્ઞાનનું યથાર્થપણું શું છે એવું જાણવામાં ન આવે ત્યાં સુધી એની સાચી દૃષ્ટિ ન થાય. સાચી દૃષ્ટિ વિનાનું જ્ઞાન પણ ખોટું અને વ્રત, તપ આદિ બધાં બાળતપ અને બાળવ્રત (છે) !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મૂર્ખાઈ ભરેલાં વ્રત ને તપ (છે) !! આહા..હા...!

**'આ રીતે સિદ્ધ થયું કે જ્ઞાન સ્વને પણ જાણી શકે છે.'** એમ કહે છે કે પોતે ઉત્પન્ન થાય ને પોતાને જાણે ? એમ. બાપુ ! એનો (એવો) સ્વભાવ છે. ઉત્પન્ન થતાં પણ એનો સ્વ–પરને જાણવાનો સ્વભાવ છે. આહા..હા...! ઉત્પન્ન થયો છે જ્ઞાનપર્યાય, ઉત્પન્ન થયો છે ઉત્પાદ્. ખરેખર તો એ ઉત્પાદ્‌ની પર્યાયને દ્રવ્ય–ગુણની અપેક્ષા નથી. પણ અહીં તો ઉત્પન્ન (સિદ્ધ કરવું) છે ને એટલે દ્રવ્યથી થાય છે, એમ કહ્યું. આ..હા..હા...! બાકી જે જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થાય, (એ) ઉત્પાદ્‌ને દ્રવ્ય અને ગુણની અપેક્ષા નથી, વ્યયની (અપેક્ષા નથી). આહા..હા..! આવું નિરાલંબી તત્ત્વ, પ્રભુ !! એની જેને ખબરે ન મળે અને એને ધર્મ થઈ જાય...! (એ કેમ બને) ? આ..હા..હા...!

હવે પ્રશ્ન છે. પ્રશ્ન :-- **'આત્માને દ્રવ્યોના જ્ઞાનરૂપપણું અને દ્રવ્યોને આત્માના જ્ઞેયરૂપપણું શાથી (–કઈ રીતે ઘટે) છે ?'** શું પૂછે છે ? કે, આ આત્માને (એટલે) જાણવાપણાને પરનું અને સ્વનું જ્ઞાનરૂપપણું. અને દ્રવ્યોને આત્માના જ્ઞેયરૂપપણું (અર્થાત્) આ જે પર દ્રવ્યો છે એનું જ્ઞેયરૂપપણું. એ પોતે પલટતાં (દ્રવ્યો) છે અને આ એકબીજા એકબીજાને એકસાથે જાણે (અર્થાત્) આ જાણે અને ઓલા જણાય. (કેમકે) પલટતી પર્યાય–પરિણામ સંબંધ છે માટે જાણે. સ્વને જાણે, પરને જાણે. એ જરી ઝીણી વાત છે. છે ? મૂળ પાઠ છે. ૩૬ (ગાથા) છે ને ? મૂળ પાઠ છે :-- '**दव्वं ति पुणो आदा परं च परिणामसंबद्धं।**' એ ચોથા પદની વ્યાખ્યા છે. '**परिणामसंबद्धं**' – એ ચોથા પદની વ્યાખ્યા હવે પૂછે છે. ત્રણની વ્યાખ્યા થઈ ગઈ, ચોથાની વિશેષ આવશે...

❀ ❀ ❀

## (તા. ૯-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૩૪)

'પ્રવચનસાર', ૩૬ ગાથા. (છેલ્લા પેરાગ્રાફમાં પ્રશ્ન પૂછે છે). પ્રશ્ન :-- **'આત્માને દ્રવ્યોના જ્ઞાનરૂપપણું અને દ્રવ્યોને આત્માના જ્ઞેયરૂપપણું શાથી (–કઈ રીતે ઘટે) છે ?'** એમ (કહે છે) કે, આત્મા જ્ઞાનસ્વરૂપ–જાણનારું અને જ્ઞેયસ્વરૂપ જણાવનારું છે, (તો એ) બન્નેનો મેળ શી રીતે છે ? પ્રશ્ન સમજાણો ? **'આત્માને દ્રવ્યોના જ્ઞાનરૂપપણું,...'** (એટલે) આત્માને બીજા અનંત ત્રિકાળી દ્રવ્યો (છે) તેનું જ્ઞાનરૂપપણું. **'...અને દ્રવ્યોને આત્માના જ્ઞેયરૂપપણું...'** (એટલે) દ્રવ્યો આત્મામાં જ્ઞેયપણે જણાય. એવું જ્ઞેયપણું, **'...(કઈ રીતે ઘટે) છે ?'**

**ઉત્તર :– 'તેઓ પરિણામવાળાં હોવાથી,...'** વસ્તુ અહીં છે. આત્મા અને પરદ્રવ્યો બન્ને પરિણમનારા–બદલનારા છે. જો બદલનારા ન હોય તો એકબીજા (જાણે તથા જણાય નહિ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણનાર જો બદલતો ન હોય અને જણાવા યોગ્ય બદલાતું ન હોય, તો એકબીજાને જાણે શી રીતે ? આહા..હા...! ઝીણી વાત છે. ન્યાયથી સિદ્ધ કરે છે.

'**તેઓ પરિણામવાળાં,...**' (છે). બન્ને પરિણામ(વાળા)–બદલવાવાળા છે. આત્માનું અનંત જ્ઞાનાદિ સ્વરૂપ તે પણ પલટતી દશાવાળું છે. પરિણામ (અર્થાત્) પરિણમનવાળું છે. અને એમાં જે જ્ઞેય જણાય એ પણ પરિણમનવાળા છે. '**તેઓ પરિણામવાળાં હોવાથી. આત્મા અને દ્રવ્યો પરિણામયુક્ત છે,...**' આત્મા પણ, ભલે કેવળજ્ઞાની હો, પણ બદલવાવાળા–પરિણામવાળાં છે. દરેક ગુણની સમય–સમયે પરિણતિ–પરિણામ (થાય) છે. (તેથી) આત્મા અને દ્રવ્યો બન્ને પરિણામયુક્ત છે.

આત્માના જ્ઞાનમાં જણાય તે જ્ઞાન પણ પરિણામવાળું છે અને જ્ઞેયો જે આમાં (જ્ઞાનમાં) જણાય, એ જ્ઞેયો પણ પરિણમનવાળાં છે, કૂટસ્થ નથી. આહા..હા...! '**તેથી,...**' (એટલે) બન્નેને પરિણમવાવાળો–બદલવાવાળો સ્વભાવ હોવાથી, '**...આત્માને, દ્રવ્યો જેનું અવલંબન છે,...**' 'દ્રવ્યો જેનું અવલંબન (છે)' – (તેનો અર્થ) નીચે છે – 'જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન અર્થાત્ નિમિત્ત છે.' શું કહ્યું એ ? આત્માનું જ્ઞાન કેવળજ્ઞાનપણે પરિણમે તેમાં જ્ઞેયો જે છે તે નિમિત્ત છે. આલંબન એટલે નિમિત્ત. છે (અંદર) ? 'જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞાન જ્ઞેયને ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું ?' (અર્થાત્) જ્ઞાન અનંત અનંત જ્ઞેયોને ન જાણે તો જ્ઞાનનું જાણપણું–જ્ઞાનત્વ શું ? આહા...!

બીજાઓ (વસ્તુને–આત્માને) કૂટસ્થ માને છે ને ! વેદાંતી આદિ કૂટસ્થ માને છે (એટલે આમ કહ્યું છે). આજે અન્યમતીનું એક અધ્યાત્મનું મોટું માસિકપત્ર આવ્યું છે. (એમાં એમ આવ્યું છે કે) 'અવતારી પુરુષ છે ને આમ થશે ને....' ગપ્પે ગપ્પા... ! 'અવતારી પુરુષ છે ને એણે આમ કહ્યું છે ને...' એવો મોટો પત્ર છે. અહીંનું ('સોનગઢ'નું) અધ્યાત્મનું (ક્ષેત્ર) મોટું ને એટલે મોકલે. અને એક બાઈએ 'પોરબંદર'માં અહીંનું વ્યાખ્યાન વાંચ્યું હશે. એમાં ઘરે જઈને અંદર કાંઈક પ્રકાશ થઈ ગયો ! (તો એનો) પત્ર આવ્યો છે (કે) 'શું છે આ ?' એ બધી ચૈતન્યને મૂકીને વાતું છે ! (પછી લખ્યું છે) 'મારી ભૂલ હોય તો ક્યાં છે ?' કોણ લખે ? મૂળ આ ચીજ તો સર્વજ્ઞ સિવાય અને તે પણ દિગંબર ધર્મ સિવાય બીજે ક્યાંય નથી. સત્ય ક્યાંય છે નહિ.

આ તો સર્વજ્ઞ પરમેશ્વર..! એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના જ્ઞેયોને જેણે પ્રત્યક્ષ જાણ્યા, એવું જેનું જ્ઞાન પ્રગટ થયું, એમાં વાણી દ્વારા આ વસ્તુ આવી. આહા..હા...! એ વાણી–આ સંતોની વાણી એ કેવળીની વાણી છે !! આહા..હા...! આકરી વાતું...!

અહીં તો એમ સિદ્ધ કરે છે – નીચેના (ગુણસ્થાનની વાત) જો લઈએ તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવો અનુભવ–ભાન થયું તો હજી જ્ઞાનની પરિણતિ બદલ્યા જ કરે છે અને સામે રાગ–દ્વેષ પણ એક જાતના આવતા નથી. શું કહ્યું સમજાણું ? સાધકજીવ–ધર્મીને જ્ઞાયક આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે, એવું જ્ઞાન–પરિણમવું થયું. ભલે પૂરું કેવળજ્ઞાન નથી. એ જ્ઞાનનું પરિણમન બદલે છે. કેમકે સામે રાગ ને દ્વેષ, દયા, દાનના વિકલ્પો ઊઠે એ પણ એક જાતના નથી. પરિણમતા... પરિણમતા... ભિન્ન–ભિન્ન જાતના છે. એ ભિન્ન–ભિન્ન જાતનું (જે) પરિણમન (થાય છે) અને અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનનું પરિણમન (જે થાય છે) એ જ્ઞાનના પરિણમનમાં જ્ઞેયો જાણવાના નિમિત્ત છે. અને (જે) જ્ઞેય જણાવવામાં જ્ઞેય છે તેને જ્ઞાન નિમિત્ત છે. આહા..હા...!

(એક જગ્યાએ) કીધું છે ને ? લોકાલોક છે એ કેવળજ્ઞાનને નિમિત્ત છે. નિમિત્તનો અર્થ – કાંઈ કરે (એવો નથી). અને લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે. અરે..! આવી વાતું હવે ! સમજાણું કાંઈ ?

એમ અહીંયાં જે કેવળજ્ઞાન થયું એના પરિણમનમાં અનંત જ્ઞેયો છે તે નિમિત્ત છે. આલંબન છે એટલે નિમિત્ત છે. સમજાણું કાંઈ ? કેમકે જેમ જ્ઞેયો પલટતા જાય છે (અર્થાત્) ભવિષ્યની પર્યાય વર્તમાન થાય અને વર્તમાનની પર્યાય ભૂત(કાળ)માં જાય, તો અહીં જ્ઞાન પણ એ રીતે પરિણમે છે. તેની વર્તમાનપર્યાયને વર્તમાન તરીકે જાણે, વીતી ગઈ તેને તે રીતે જાણે, ભવિષ્યની (થવાની) છે તેને તે રીતે જાણે. અને ત્યાં ભવિષ્યની પર્યાય વર્તમાન થઈ ગઈ અને વર્તમાનની પર્યાય ભૂત(કાળ)ની થઈ ગઈ, એ રીતે અહીં ન જાણે તો એનું જ્ઞાન શું ? આહા..! આવી વાતું છે ! અને જ્ઞેય પણ પરિણમતું જ્ઞાનમાં આલંબન નામ નિમિત્ત ન હોય તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું ? આહા..હા...!

અહીંયાં તો કેવળજ્ઞાનની વાત છે. પણ સાધક (દશામાં) પણ ધર્મીજીવ જેને કહીએ એને આત્મા આનંદસ્વરૂપ છે, પૂર્ણ આનંદઘન છે (તેનું ભાન થયું છે, તેને પણ જ્ઞાન અને જ્ઞેયની આવી સ્થિતિ વર્તે છે).

'ધાતુ' શબ્દ ઉપર વિચાર કર્યો હતો, ભાઈ ! એક ઠેકાણે 'ધાતુ' એટલે સ્વરૂપ (એવો) અર્થ પણ આવે છે. 'ચૈતન્યધાતુ.. ચૈતન્યસ્વરૂપ' એવું આવે છે. સવારમાં ('સમયસાર'–૯૬ ગાથામાં) 'અનુભૂતિ'(ની વાત) આવી હતી ને ? 'ભાવક' (જે આવ્યું હતું) એ 'ભાવક' દ્રવ્ય છે. અનુભૂતિ (એટલે) પર્યાય નહિ. 'ભાવક' છે ખરું. 'ભાવક' એટલે ત્રિકાળી દ્રવ્ય એ 'ભાવક' છે અને વર્તમાન નિર્મળપર્યાય તેનું 'ભાવ્ય' છે. 'ભાવક' કીધું હતું ને ? (એટલે) ત્યાં પર્યાય નથી (લેવી). કારણ કે, 'ભાવક' છે ને ? ભાવ કરનાર છે. 'અનુભૂતિ' એટલે ત્રિકાળી દ્રવ્ય – જે ('સમયસાર') ૭૩ (ગાથામાં) કહ્યું હતું તે. તોંતેરમાં આવ્યું હતું ને ? ઝીણી વાતું બહુ...!

એક (સમયની) પર્યાયનું ષટ્કારકનું પરિણમન છે. નિર્મળપર્યાય હોં..! એ પર્યાય પર્યાયની કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ–સાધન, પર્યાય સંપ્રદાન, પર્યાયથી પર્યાય થઈ (અપાદાન), પર્યાયના આધારે પર્યાય થઈ–એ ષટ્કારક. એ ષટ્કારકના પરિણમનથી અનુભૂતિ ભિન્ન છે. અનુભૂતિ એટલે દ્રવ્ય. શું કહે છે આ ? વીતરાગમાર્ગ એવો કોઈ ઝીણો છે !! લોકોને મળ્યો જ નથી. અજૈનપણું મળ્યું ને માને છે કે અમે 'જૈન' છીએ ! આહા..હા...!

અહીંયાં કહે છે, આત્માનું જે જ્ઞાન છે–એ જ્ઞાનનું ભાન થયું, છતાં તે સમ્યક્દૃષ્ટિનું જ્ઞાન પણ પરિણમે છે. અને તે પરિણમનમાં સામે (જ્ઞેયભૂત) રાગાદિ નિમિત્તો પણ ભિન્ન–ભિન્ન જાતથી પરિણમે છે. એ ભિન્ન–ભિન્ન જાતનું પરિણમન છે તેથી અહીં ભિન્ન–ભિન્ન જાતનું જ્ઞાનનું પરિણમન છે. (એ) પોતાથી (છે). એ જ્ઞાનના પરિણમનમાં ભિન્ન–ભિન્ન જાતનું પરિણમન નિમિત્ત છે. અને જ્ઞેયના ભિન્ન–ભિન્ન જાતના પરિણમનમાં જ્ઞાન નિમિત્ત છે. આવી વાતું હવે...! વાણિયાને વખત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્યાં મળે છે ! વ્રત કરો ને દયા પાળો...! મરી ગયો અનંતકાળથી કરી કરીને...! વસ્તુ શું છે ? એની દૃષ્ટિની ખબર ન મળે. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

અહીં કેવળજ્ઞાનને સિદ્ધ કરતાં સાધકપણું પણ સિદ્ધ થાય છે, ભાઈ ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે ત્રિકાલી હોં...! એનું જ્ઞાન–ભાન થયું તો પરિણમનમાં સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થયું. એ સમ્યગ્દર્શન અને (સમ્યક્)જ્ઞાનનું પણ પરિણમન છે. અને સામે દયા, દાન આદિના રાગાદિ આવે, કોઈ તીવ્ર રાગ આવે, મંદ રાગ આવે, ઇચ્છા આવે–એ ભિન્ન–ભિન્ન જાતના વિકારનું પરિણમન, એ પણ અહીંયાં જ્ઞાનમાં નિમિત્ત થાય છે. અને ભિન્ન–ભિન્ન જાતનું રાગનું પરિણમન (છે) તેને જ્ઞાન નિમિત્ત થાય છે. આવી વાતું છે ! (સંપ્રદાયમાં) તો એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા... કરી દ્યો મિચ્છામી દુક્કડમ્... જાઓ..! થઈ રહ્યું...! અરે... ભાઈ ! સામાયિક શું હજી તારા સમ્યગ્દર્શનના ઠેકાણા નથી, સમ્યક્જ્ઞાન નથી અને વ્રત ને તપ આવ્યા ક્યાંથી ! આહા..હા...!

અહીં કહે છે કે, '**...આત્માને, દ્રવ્યો જેનું આલંબન છે,...**' (અર્થાત્) આત્માના જ્ઞાનસ્વરૂપ આત્મા પરિણમ્યો છે તેમાં પરદ્રવ્યો નિમિત્ત છે. '**...એવા જ્ઞાનરૂપે,...**' (એટલે) પરદ્રવ્યો નિમિત્ત છે એવા જ્ઞાનરૂપે, '**...(પરિણતિ),...**' આ..હા..હા...! કેવળજ્ઞાનની પર્યાય પરિણમે છે. કેવળજ્ઞાનની પર્યાય એક સમય થઈ એ એમને એમ રહેતી નથી. બીજે સમયે બીજી... ત્રીજે સમયે ત્રીજી... કેવળજ્ઞાનની પર્યાય.. હોં..! આહા..હા..! ગુણ છે એ ત્રિકાળ છે, દ્રવ્ય છે એ ત્રિકાળ છે. પણ એની પરિણતિ જે કેવળજ્ઞાન છે, એ પરિણતિ સમયે સમયે બદલે છે. અને સમયે સમયે બદલે છે એવી પરિણતિમાં જ્ઞેયો જે સમયે સમયે પરિણમે છે, એ જ્ઞેયોમાં આ જ્ઞાન નિમિત્ત છે. એ જ્ઞેયો જ્ઞાનમાં નિમિત્ત છે અને જ્ઞેયો જે પરિણમે છે, એમાં જ્ઞાન એને નિમિત્ત છે. આ..હા..હા...!

સમયે સમયે લોકાલોક પરિણમે છે એમાં જ્ઞાન નિમિત્ત છે. અને જ્ઞાન પરિણમે છે એમાં લોકાલોક જ્ઞેય નિમિત્ત છે. નિમિત્તનો અર્થ–એનાથી થાય છે, એ પ્રશ્ન નથી, એ નિમિત્ત નહિ. (ફક્ત) એ ચીજ છે, આહા..હા...! લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે, ત્યારે શું લોકાલોક(ને) આ કેવળજ્ઞાને બનાવ્યો (છે) ? રચ્યો છે ? અને કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે તો લોકાલોકે આ કેવળજ્ઞાનની પર્યાય બનાવી છે ? આવી બહુ ઝીણી વાતું, બાપુ ! વીતરાગ માર્ગ...! આહા..હા...!

(અહીંયાં કહે છે) '**...દ્રવ્યો જેનું આલંબન છે,...**' આલંબન એટલે નિમિત્ત. કોને ? આત્માના કેવળજ્ઞાનની પર્યાયમાં ત્રણકાળના ત્રણલોકના જે અનંત દ્રવ્યો (છે) (એવું) લોકાલોક, અને અનંત સિદ્ધો, અનંતા નિગોદો, એ બધાં દ્રવ્ય-ગુણ-પર્યાય કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. '**...એવા જ્ઞાનરૂપે (પરિણતિ),...**'

(ગઈકાલે) રાતે પરિણામ સંબંધીની વાત લીધી હતી ને ? કે, એકલો આત્મા પરિણમે છે, એમ નહિ. બન્ને પરિણમે છે. જાણે છે અને પરિણમે છે. એમ એ પરિણમે છે એટલું સિદ્ધ નથી કરવું. અહીં તો (એમ કહેવું છે કે) જાણનારો પરિણમે છે અને જણાય છે તે ચીજ પણ પરિણમે છે. સમજાણું કાંઈ ? (દૃષ્ટાંત તરીકે) જ્ઞાનમાં જાણવામાં આવ્યું કે આ પાના આમ છે. હવે પાના આમ થયા (તો) એ અવસ્થા પલટી. (તો આ બાજુ) જ્ઞાનમાં પણ જ્ઞાન એવું જાણે છે, આહા..હા...!

એમ, નીચે(ના ગુણસ્થાને) આત્મજ્ઞાન થયું, આત્મજ્ઞાન થયું એટલે આત્મા ચિદાનંદ પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધ (સ્વરૂપની) સન્મુખ થઈને, એનો આશ્રય લઈને જે જ્ઞાન થયું–(એ) સમ્યક્જ્ઞાનમાં પણ હજુ જ્ઞાનનું પરિણમન છે. જ્ઞાન એકરૂપ રહેતું નથી. ગુણ એકરૂપ રહે (છે). પર્યાય એકરૂપ રહેતી નથી. તેથી તે પરિણતિ એકરૂપ રહેતી નથી. એમાં સામે રાગાદિ થાય એ પણ એકરૂપે નથી રહેતા. સામે રાગાદિ થાય એ જ્ઞાનની પરિણતિમાં નિમિત્ત છે. એવું જ્ઞાનરૂપે પરિણમેલું જ્ઞાન (તેની વાત ચાલે છે). આવી વાતું હવે...! અરે.રે...! વીતરાગમાર્ગ બહુ લોપ થઈ ગયો ! લોકોએ બહારની ક્રિયાકાંડમાં–રાગમાં જે અજૈનપણું છે તેને ધર્મ મનાવ્યો !! આહા...!

અહીં તો કહે છે કે, રાગ જે થાય એ રાગ પણ એકરૂપે નથી (રહેતો), પરિણમે છે. અને એનું આ જ્ઞાન થાય એ પણ એકરૂપે ન રહે. એ જ્ઞાનમાં રાગ જ્ઞેય–નિમિત્ત છે અને જ્ઞેયને–રાગને જ્ઞાન નિમિત્ત છે. આહા..હા...! આવું છે !

હવે પરની (વાત કરે છે). '**...અને દ્રવ્યોને,...**' (અર્થાત્) જે સામે દ્રવ્યો છે ને ! કેવળીઓ, નિગોદના જીવ, પરમાણુઓ, સ્કંધો–એ '**...જ્ઞાનને અવલંબીને,...**' એટલે કે જ્ઞેયોને આત્માનું જે જ્ઞાન છે એ નિમિત્ત છે. '**...જ્ઞાનને અવલંબીને,...**' એટલે કે જ્ઞાનને જ્ઞેય નિમિત્ત છે પણ જ્ઞેયને જ્ઞાન નિમિત્ત છે. છે હેઠે ? 'જ્ઞેયને જ્ઞાન આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞેય જ્ઞાનમાં ન જણાય તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું ?' આહા..હા...! ઘણા Logic–ન્યાયથી સિદ્ધ કરે છે, ભાઈ !

'**..દ્રવ્યોને,..**' એટલે ત્રિકાળી વસ્તુને. '**...જ્ઞાનને અવલંબીને,...**' એટલે જ્ઞાનમાં નિમિત્ત થાય એવી '**...જ્ઞેયાકારરૂપે પરિણતિ,...**' (એટલે) એ જ્ઞેયને જ્ઞાન નિમિત્ત થાય છે એ રીતે સામે જ્ઞેયાકારરૂપ પરિણતિ. '**...અબાધિતપણે તપે છે–પ્રતાપવંત વર્તે છે.**' આહા..હા...! સામે જ્ઞેયનું પરિણમન (છે) અને અહીંયાં જ્ઞાનનું પરિણમન (છે). એ જ્ઞાનના પરિણમનમાં જ્ઞેયનું પરિણમન નિમિત્ત (છે) અને જ્ઞેયના પરિણમનમાં જ્ઞાનનું પરિણમન નિમિત્ત (છે). એ રીતે અબાધિત પ્રતાપ વર્તે છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

(ઉપર જે કહ્યું તેનો ખુલાસો કરે છે) – '(**આત્મા અને દ્રવ્યો સમયે સમયે પરિણામ કર્યા કરે છે,...)**' ભગવાનઆત્મા કેવળજ્ઞાન પામ્યો તોપણ સમયે સમયે બદલ્યા કરે છે. પર્યાય છે ને ? કેવળજ્ઞાનની પર્યાય પણ સમયે સમયે બદલે છે.

પહેલાં આપણે ત્રણ બોલ આવ્યા હતાં ને ? કે, સંસારનો નાશ અને મુક્તિની ઉત્પત્તિ–એક એ પણ વ્યય–ઉત્પાદ્ છે. સિદ્ધમાં પણ એ રીતે છે. અને બીજું–અગુરુલઘુ(ગુણને) લઈને પણ એમાં પરિણમન બદલે છે. ત્રીજું – જે જ્ઞેય પલટે છે તે રીતે અહીં જ્ઞાનાકાર પણ પલટે છે. (એ રીતે) ત્રણ બોલ હતાં. આહા...! માર્ગ(ને) ન્યાયથી ન સમજે ત્યાં (સુધી) એને સાચી શ્રદ્ધા થાય નહિ અને સાચી શ્રદ્ધા વિના બધાં થોથે–થોથાં (છે) ! એ અપવાસ કરે ને તપસ્યા કરે ને સાધુપણું લઈને મહાવ્રત (પાળે)–બધાં મીંડાં છે.

કાલે નહોતું કહ્યું ? 'જિનનીતિ' ! જિનનીતિ એટલે જૈનનો માર્ગ, જિનમાર્ગ ! આહા..! એટલે ? જિન એવું જે આત્માનું સ્વરૂપ તેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા–એવો જે મોક્ષનો માર્ગ એ 'જિનનીતિ' છે. આહા..હા...! આ લૌકિક નીતિ કહે છે ને કે, લૌકિકમાં સજ્જનતા (હોય), કોઈના પૈસાનો દગો ન કરવો, સજ્જનતાથી કામ (કરવું)–એ તો લૌકિક વાત છે. આ ધર્મનીતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લોકોત્તર નીતિ છે. 'સમયસાર'માં 'જૈનનીતિ–જિનનીતિ' એવો પાઠ છે. જિન એવો ભગવાન આત્માનો વીતરાગસ્વભાવ (છે), આ..હા..હા...! એને માનવું, એને જાણવું અને એમાં ઠરવું–એ જિનનીતિ છે. એ જિનનો માર્ગ છે. અંદર રાગાદિ થાય એ જૈનનીતિ–જૈનમાર્ગ નથી. આહા...!

જ્ઞાન પોતે પોતામાં રહીને, રાગાદિ થાય તેને સ્પર્શ્યા વિના–અડ્યા વિના (જાણે છે). અને તે જ્ઞેય છે માટે અહીં એનું જ્ઞાન થાય છે, એમ નથી. આહા..! રાગ અને પુણ્યના દયા, દાનના વિકલ્પો હો, પણ તે ખરેખર ધર્મીના જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે છે. 'મારા' તરીકે એ નથી. 'મારા' તરીકે માને તો તો એ જૈન જ નથી, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! આવું (સમજવાની) નવરાશ ક્યાં (છે) ? માર્ગ બહુ ઝીણો, બાપુ ! આહા..હા...!

પરમેશ્વર જિનેશ્વરે કહ્યું કે, પ્રભુ ! તું તો જિનસ્વરૂપ છો ને ! અમે પર્યાયમાં જિન થયા. તારો 'સ્વભાવ' જિનસ્વરૂપ છે !! એ જિનસ્વરૂપનો માર્ગ એ અમે કહેલો માર્ગ (છે). આહા..હા...! વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા ! અમૃતનું વિજ્ઞાનઘન (છે). એની જે શ્રદ્ધા અંદર (સ્વભાવ) સન્મુખ થઈને થાય, એવા વિજ્ઞાનઘનનું જ્ઞાન થાય અને વિજ્ઞાનઘનમાં–પર્યાયમાં એની રમણતા થાય– એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (છે). એ જિનનીતિ છે. આહા..હા...! બહુ ફેર.. વાતે–વાતે ફેર..!

અહીં કેવળજ્ઞાનની વાત છે. પણ એનો અર્થ સાધકજ્ઞાનમાં પણ એ (હોય છે). '**(આત્મા અને દ્રવ્યો સમયે સમયે પરિણામ કર્યા કરે છે,...)**' જુઓ ! બન્ને હોં..! એકલો આત્મા (પરિણામ કરે છે) એમ નહિ. બન્ને (પરિણામ કરે છે). '**(...કૂટસ્થ નથી;...)**' કૂટસ્થ નામ જેમ શિખર હોય ને (એ) હલે નહિ, એમ (આત્મા) નથી. પાણીમાં જેમ તરંગ ઊઠે એમ દરેક દ્રવ્ય પોતાની પર્યાયમાં બદલ્યા કરે છે–તરંગ થયા કરે છે. દ્રવવું... દ્રવવું (થયા કરે છે). આ..હા..હા...!

'**(...તેથી આત્મા જ્ઞાનસ્વભાવે પરિણમે છે,...)**' પર્યાય લેવી છે ને અહીંયાં ! કૂટસ્થ નથી. (તેથી) આત્મા જ્ઞાનસ્વભાવે થાય છે–પરિણમે છે '**(...અને દ્રવ્યો જ્ઞેયસ્વભાવે પરિણમે છે.)**' અહીં બન્ને લેવા છે. '**(...એ રીતે જ્ઞાનસ્વભાવે પરિણમતો આત્મા જ્ઞાનના આલંબનભૂત દ્રવ્યોને જાણે છે,...)**' (એટલે) જ્ઞાનના નિમિત્તભૂત દ્રવ્યોને જાણે છે. આલંબનભૂત એટલે નિમિત્ત. ભગવાનનું જ્ઞાન ત્રણકાળ ત્રણલોકનાં બધાં (દ્રવ્યોને) જાણે છે. આહા..હા...! '**(...અને જ્ઞેયસ્વભાવે પરિણમતાં દ્રવ્યો જ્ઞેયના આલંબનભૂત જ્ઞાનમાં–આત્મામાં–જણાય છે.)**' આહા..હા...! આવું ઝીણું છે !

હજી તો કેવળજ્ઞાન કોને કહેવું એની ખબર ન મળે ! આજે તો 'લોગસ્સ'માં આવે છે ને એ ત્રણ બોલ યાદ આવ્યા ! 'ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિંય પયાસયરા; સાગરવરગંભીરા' (આ) ત્રણ બોલ એમાં આવે છે. લોગસ્સમાં...!

'ચંદેસુ નિમ્મલયરા' (અર્થાત્) હે પ્રભુ ! આપનું જ્ઞાન ચંદ્રના નિર્મળ (પ્રકાશથી) પણ નિર્મળતર (છે) ! – અનંતુ નિર્મળ છે !

'આઈચ્ચેસુ અહિયં પયાસયરા' – 'આઈચ્ચેસુ' - આદિત–આદિ એટલે સૂર્ય. 'આઈચ્ચેસુ અહિયં પયાસયરા' – હે નાથ ! આપનું જ્ઞાન તો સૂર્યના પ્રકાશથી પણ અનંતગણું પ્રકાશવાળું છે !! આ..હા..હા...!

'સાગરવરગંભીરા' (અર્થાત્) સાગર જે દરિયો છે, અસંખ્ય જોજનનો સ્વયંભૂરમણ સમુદ્ર (છે),

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મહા ગંભીર..! આ..હા..હા..! એમ પ્રભુ ! આપનું જ્ઞાન 'સાગરવરગંભીરા' (છે) !!

(એમાં) એક ચોથું (પદ) 'આકાશ' (નું) ભર્યું ! આકાશ જેમ અમાપ છે, ક્યાંય (એનું) માપ નથી, એમ પ્રભુ ! તમારા જ્ઞાનનું કોઈ માપ નથી !! આ..હા..હા...!

(અહીંયાં કહે છે) '(**...જ્ઞેયસ્વભાવે પરિણમતાં દ્રવ્યો જ્ઞેયના આલંબનભૂત જ્ઞાનમાં–આત્મામાં–જણાય છે**).' એ '**परिणामसंबद्धं**' ની વ્યાખ્યા થઈ. ૩૬મી (ગાથા) છે ને ? (એમાં ચોથા પદમાં) '**परिणामसंबद्धं**' (છે). ત્રણ પદની વ્યાખ્યા થઈ ગઈ હતી. આ ચોથા પદની વ્યાખ્યા અત્યારે ચાલી – '**परिणामसंबद्धं**' ! એટલે કે અહીંયાં પરિણમન (છે) અને ત્યાં પરિણમન (છે), તેનો સંબંધ છે. નિમિત્ત–નૈમિત્તિક (સંબંધ છે). આ..હા..હા...! '**परिणामसंबद्धं**' – (આ) એક પદની આટલી વ્યાખ્યા કરી !! અડધો કલાક થયો !!

આ 'જ્ઞાન અધિકાર' છે ને ! માથે (ઉપર) છે ને ? – '**જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન**' ! પછી '**જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન**' બીજો ભાગ આવશે. અહીં જ્ઞાનતત્ત્વનો અધિકાર છે. (માટે કહે છે) જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ! કેવળજ્ઞાન–સર્વજ્ઞ સ્વરૂપી જ છે ! એવા સર્વજ્ઞસ્વરૂપનું પર્યાયમાં–ધ્યાનમાં પ્રતીત કરીને, સર્વજ્ઞસ્વરૂપનું જ્ઞાન કરીને, સર્વજ્ઞસ્વરૂપમાં ઠરીને–તેને (સમ્યક્) દર્શન, જ્ઞાન, ચારિત્ર કહીએ. તેમાંથી તેના ફળ તરીકે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય.

જેવું સર્વજ્ઞસ્વરૂપ છે... રાગની પ્રતીતિ નહિ (અને) પર્યાય જેટલો નહિ. આ..હા..હા...! ભગવાન ! ચૈતન્યસર્વજ્ઞ–સૂર્ય પ્રભુ ! બધાનો હોં...! સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ ! (છે).

(આજે) એક પત્ર આવ્યો છે. અહીંયાં અધ્યાત્મની વાત છે, જાણે ને એટલે મોટો (પત્ર) આવ્યો છે. (એમાં લખ્યું છે) 'અવતારીપુરુષ આમ થાશે ને આમ થાશે...!' ગપ્પેગપ બધાં છે ! વીતરાગ સર્વજ્ઞ સિવાય કોઈએ વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જાણ્યું નથી. આહા..હા...! (લખ્યું છે) 'અવતાર આમ થાશે ને પછી આમ થાશે... પરમાત્માનો અવતાર થશે ને પરમાત્માએ આ જગત રચ્યું છે...!' બધી કલ્પનાઓ છે ! આ..હા..હા...!

અહીં તો (કહે છે) આત્મા રાગને તો રચે નહિ. આત્માને તો કોઈ રચે નહિ, આત્માના કોઈ ગુણને રચે નહિ, એની પર્યાયને પણ આત્મા રચે નહિ ! પર્યાય પર્યાયથી રચાય ! આ..હા..હા...! આવું એનું સ્વરૂપ જ છે. એવું ભગવાને જોયું અને ભગવાને કહ્યું (છે). અરે...! પણ સાંભળવા મળે નહિ ! ને ભગવાનને નામે... બચારા (લોકોના) જીવન ચાલ્યા જાય છે ! આહા..હા...! અને એની વાસ્તવિક શ્રદ્ધા અને જ્ઞાન વિના એના જન્મ–મરણ મટે એવાં નથી, પ્રભુ ! આહા..!

અબજોપતિ બધાં, દસ–દસ લાખ, વીસ–વીસ લાખની પેદાશ(વાળા) વાણિયા હોય (એટલે) માંસ–દારૂ ખાતા ન હોય, પણ એ મરીને... બાપુ ! શું કહીએ ? (તિર્યંચમાં જવાના) ! પ્રભુ એમ કહે છે કે, પંચેન્દ્રિય તિર્યંચ–પશુની જાતિ ઘણી છે ! એમાં એ (અબજોપતિ) પશુ થવાના !! અર..ર..ર..! માંસ ને દારૂ ખાનારા હોય એ તો મરીને નરકમાં જવાના. પણ (એ બધું) વાણિયાને–આર્ય માણસને તો હોય નહિ. સમજાણું કાંઈ ? પણ ધર્મની ખબર નથી. સમ્યગ્દર્શન શું ? ને એનો વિષય શું ? તેમ ચાર–ચાર કલાક સાચો સત્સમાગમ અને સાચા શાસ્ત્ર(નું) વાંચન હોય તો એને પણ્યે બંધાય, એ પણ ન મળે ! અડધો કલાક–કલાક વાંચીને (પૂરું કરે) ! અરે..રે...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઈ ! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ 'આત્મા' કોને કહે છે ? 'ગુણ' કોને કહે છે ? એની 'ધર્મની પર્યાય' કોને કહે છે ? એની 'અધર્મની પર્યાય' કોને કહે છે ? એની ખબર વિના બાપા...! ક્યાં જઈશ ભાઈ ! આહા...! સમ્યક્જ્ઞાનનો દોરો નહિ પરોવ્યો હોય તો દોરા વિનાની સોય ખોવાઈ જશે, ભાઈ ! આ..હા..હા...! ભલે પાંચ–પચાસ લાખ ભેગા કર્યાં હોય અને વરસે દસ હજાર–વીસ હજાર દાનમાં આપતા હોય, એટલું બધું તો આપે નહિ પણ કદાચ આપતા હોય લ્યો ને ! (પણ તેથી શું ?) આ શું ચીજ છે ? ભગવાન શું કહે છે એનું જ્ઞાન પણ સાચું ન હોય તો એ દોરા વિનાની સોય ખોવાઈ જશે ! ભાઈ ! ચોરાશીના અવતારમાં ક્યાં જશે ? આહા..હા...!

શ્રોતા :– ઘણાને તો પુનર્જન્મનો ભરોસો નથી !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીંથી જાવું છે, બાપુ ! આ દેહ તો પાંચ-પચાસ-સો વર્ષ (છે). પછી દેહ છોડીને ક્યાં જઈશ, ભાઈ ? આત્મા કંઈ નાશ થાય એવો નથી, આહા..હા...! ક્યા તારા પરિણામ છે ને એ પરિણામના ફળ(માં) ક્યાં જઈશ, બાપા...? આહા..હા...!

અહીં કહે છે – ઓ..હો..હો...! આત્માનો કેવળજ્ઞાન સ્વભાવ, અરિહંતના કેવળજ્ઞાન સ્વભાવનું આ વર્ણન છે !!

૩૭ ગાથા(માં) ઉપર (મથાળું છે). **'હવે દ્રવ્યોના અતીત,...'** વસ્તુના અતીત એટલે ભૂતકાળ થઈ ગયો એની અનંતી પર્યાયો. **'...અને અનાગત પર્યાયો પણ,...'** અને ભવિષ્યમાં નથી થયેલી એવી અનાગતની અનંત પર્યાયો... અનંતી.. અનંતી... આહા..હા...! **'...તાત્કાળિક પર્યાયોની માફક,...'** જાણે હમણાં આ છે – એમ વર્તમાનમાં ભગવાન કેવળજ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ ?

અનંતકાળ થયો અને અનંતી દશા વીતી ગઈ અને ભવિષ્ય હજી અનંતકાળ છે એની પર્યાયો થઈ નથી પણ ભગવાનનું જ્ઞાન, વર્તમાન જેમ આમ દેખે છે તેમ ત્રણકાળને વર્તમાન દેખે (છે) !! આહા..હા...! પ્રભુ ! તારા જ્ઞાનના સ્વભાવની સ્થિતિ–મર્યાદા તો જો ! આહા..! એવો સર્વજ્ઞસ્વભાવ પ્રભુ ! તારામાં ભર્યો છે !! આ..હા..હા..હા...!

અનંત પર્યાયો વીતી ગઈ. અનંત પરમાણુઓની, અનંત આત્માઓની, એક ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળની અનંતી પર્યાયો વીતી ગઈ. અને અનંતી પર્યાય ભવિષ્યમાં થશે. અંત નહિ ત્યાં સુધીની અનંતી પર્યાયો...! આ..હા..હા...! એ બધી પર્યાયોને–અવસ્થાઓને ભગવાનનું જ્ઞાન... આહા..હા...! **'...તાત્કાળિક પર્યાયોની માફક,...'** આમ જાણે આ વર્તમાન છે !! એમ. આ..હા..હા...! **'...પૃથક્પણે,..'** પાછી દરેક પર્યાય ભિન્ન ભિન્ન છે તે રીતે જ્ઞાન જાણે ! આ..હા..હા...! અનંતા પરમાણુઓની, અનંતા સિદ્ધોની, (અનંતા) જીવોની અનંતી પર્યાયો થઈ ગઈ, એને પૃથક્–પૃથક્ (જાણે છે). દરેકને પૃથક્–પૃથક્ (જાણે છે). બે ખીચડો થાય એમ નહિ. આહા..હા...! શું વાત છે !!

શ્રોતા :– આ પણ એક ચમત્કાર છે !!

પૂજ્ય ગુરુદેવશ્રી :– ચૈતન્ય ચમત્કાર !! પ્રભુ ! ચૈતન્ય એટલે શું !! બાપા..! એ જ્ઞાન પરમેશ્વર છે !! આહા..! એના એક–એક ગુણમાં પ્રભુતા પડી છે. એના જ્ઞાનગુણમાં ઈશ્વરતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પડી છે. એના દર્શનગુણમાં ઈશ્વરતા–પ્રભુતા પડી છે. એના આનંદગુણમાં પ્રભુતા પડી છે. એવા અનંત ગુણમાં પ્રભુતા પડી છે. આહા..હા...!

એવો જે પ્રભુ ! જેણે (એના) અંતરમાંથી સર્વજ્ઞપણું પ્રગટ કર્યું, 'છે' એ પ્રાપ્તની પ્રાપ્તિ કરી, એવા કેવળજ્ઞાની પરમાત્મા અનંત અનંત પદાર્થોની પર્યાયો વીતી ગઈ અને હજી ભવિષ્યની અનંત (પર્યાયો) થઈ નથી, એને આમ વર્તમાનવત્ જાણે !! આહા..હા...! (ટીકામાં) દૃષ્ટાંત આવશે.

જેમ (એક) સાધારણ બાઈ છે (તેણે) લોટના પિંડમાંથી (થોડો પિંડ) કાઢ્યો. એના ખ્યાલમાં છે કે આ પર્યાય છે. તે જ (વખતે) ખ્યાલમાં છે કે પહેલી લોટની પર્યાય હતી. તેને વર્તમાન(માં) ખ્યાલમાં છે. અને આની રોટલી થશે, તે સમયે એ ખ્યાલમાં આવી જાય છે, આહા..હા..! આ તો એક દૃષ્ટાંત (છે). એમ દરેક દ્રવ્યની પર્યાયનું જ્ઞાન છદ્મસ્થને પણ આવી જાય છે, આહા..હા...! પણ તેણે વિચાર કે દિ' કર્યો છે ? આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા..!

રોટલીનો થોડો લોટ લીધો આમ... પણ એના ખ્યાલમાં આવ્યું કે પહેલાં આ પિંડ હતો, અત્યારે વણાય છે એટલે પહોળી થાય છે અને પછી રોટલી થશે. છદ્મસ્થને પણ એનો એક સમયમાં વર્તમાનવત્ ખ્યાલ આવી જાય છે !

એમ કુંભાર(નું દૃષ્ટાંત છે). કુંભારના ખ્યાલમાં માટી છે, એની પર્યાયનો ખ્યાલ છે. એ માટીમાંથી ઘડો થશે, પિંડની અવસ્થા(નો) વ્યય થશે, (પછી) ઘડાની અવસ્થા થશે. એ (ઘડાની અવસ્થા) થશે. એ (ઘડાની અવસ્થા) થશે, એ પહેલેથી ખ્યાલમાં છે (કે) આવો ઘડો થશે ! આહા..હા..! સમજાય છે કાંઈ ?

એમ કલમ કરે કલમ.. તો કલમ કરતાં પહેલાં આવી પર્યાય હતી, હવે આવી થાય છે અને એવી રહેશે. એવો એને ખ્યાલ આવી જાય છે કે નહિ ?

શ્રોતા :-- એકી સાથે આવે છે કે ક્રમે--ક્રમે ?

સમાધાન :-- એકસાથે ! (ખ્યાલમાં આવે છે). એવો એનો 'સ્વભાવ' છે ! આ..હા..હા..! સમજાણું કાંઈ ? આમ એકસાથે ખ્યાલ છે. ભલે ક્રમ પડે પણ આમ એકસાથે ખ્યાલ આવે છે.

એમ ભગવાનના જ્ઞાનમાં અનંતાં દ્રવ્યો જે છે, એની અનંતી પર્યાયો થઈ ગઈ, અનંતી પર્યાયો ભવિષ્યમાં થશે–એને આમ વર્તમાનવત્ જાણે છે ! આ રહી.. આ રહી... (એમ) ! આ..હા..હા..! એ જ્ઞાનનું સામર્થ્ય છે ! પર્યાયનું હોં..! આહા..હા...! અને જ્ઞેયોની પણ એવી શક્તિ છે કે, (પોતે) જેવી જાતનું જેવું છે–તે તેને અર્પી દે ! જ્ઞાનમાં જણાઇ જાય. આહા..હા..!

અહીં તો કેવળજ્ઞાનને સિદ્ધ કરવું છે. પણ જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! એ જ્ઞાનનું જ્યાં ભાન થયું ત્યારે એ વર્તમાન પર્યાયને જાણે, ભવિષ્યની આવી (પર્યાય) થશે એ પણ અત્યારે જાણે અને આ વીતી ગઈ એને પણ જાણે. એવો જ્ઞાનપર્યાયનો સ્વભાવ (છે). તે પણ સામે રાગાદિ, શરીરાદિની પર્યાય થઈ, (થાય) છે અને થશે એ પણ એના ખ્યાલમાં (છે). (દા.ત.) શરીર અત્યારે આમ છે, આ લેવા માટે આમ વળશે. શાક લેવા માટે (જે) આમ છે, એ આમ વળશે – (એમ) એ વર્તમાન પર્યાય, વળશે એવી પર્યાય અને થઈ ગઈ પર્યાય, એ પણ એના ખ્યાલમાં આવી જાય છે. એને કરે નહિ. (પણ એના જ્ઞાનમાં આવી જાય છે), આ..હા..હા...! આવી વાતું હવે..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथातिवाहितानागतानामपि द्रव्यपर्यायाणां तादात्विकवत् पृथक्त्वेन ज्ञाने वृत्तिमुद्योतयति-

**तक्कालिगेव सव्वे सदसब्भूदा हि पज्जया तार्सि।**
**वट्टंते ते णाणे विसेसदो दव्वजादीणं।।३७।।**

**तात्कालिका इव सर्वे सदसद्भूता हि पर्यायास्तासाम्।**
**वर्तन्ते ते ज्ञाने विशेषतो द्रव्यजातीनाम्।।३७।।**

सर्वासामेव हि द्रव्यजातीनां त्रिसमयावच्छिन्नात्मलाभभूमिकत्वेन क्रमप्रतपत्स्वरूपसंपदः सद्भूतासद्भूततामायान्तो ये यावन्तः पर्यायास्ते तावन्तस्तात्कालिका इवात्यन्तसंकरेणाप्यवधारित-विशेषलक्षणा एकक्षण एवावबोधसौधस्थितिमवतरन्ति। न खल्वेतदयुक्तं-द्रष्टाविरोधात्। दृश्यते हि छद्मस्थस्यापि वर्तमानमिव व्यतीतमनागतं वा वस्तु चिन्तयतः संविदालम्बितस्तदाकारः। किंच चित्रपटीस्थानीयत्वात् संविदः। यथा हि चित्रपट्यामतिवाहिताना मनुपस्थितानां वर्तमानानां च वस्तूनामालेख्याकाराः साक्षादेकक्षण एवावभासन्ते, तथा संविद्भित्तावपि। किंच सर्वज्ञेयाकाराणां तादात्विकत्वाविरोधात्। यथा हि प्रध्वस्तानामनुदितानां च वस्तूनामालेख्याकारा वर्तमाना एव, तथातीतानामनागतानां च पर्यायाणां ज्ञेयाकारा वर्तमाना एव भवन्ति।।३७।।

---

આવો ઉપદેશ..!

'સર્વ વ્યાપક' (માને છે) એનો મોટો કાગળ આવ્યો છે. અહીંનું નામ અધ્યાત્મમાં (મોટું) છે ને એટલે મોકલ્યું છે. (લખ્યું છે, કોઈ) 'અવતારી પુરુષ જાગ્યા છે ને અવતારી થાશે ને આવી-આવી બાયું (સ્ત્રીઓ) થઈ ગઈ ને...!' અરે..રે..! ભાઈ ! માર્ગ બાપા...! વીતરાગ સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. આહા...! એના વાડાને ખબરું નથી તો બીજાને ક્યાં (ખબર હોય) ? આહા...!

(૩૭ ગાથા).

**तक्कालिगेव सव्वे सदसब्भूदा हि पज्जया तासिं।**
**वट्टंते ते णाणे विसेसदो दव्वजादीणं।।३७।।**

'**तक्कालिगेव सव्वे...**' (એટલે) '**तात्कालिका इव...**' (સંસ્કૃતમાં છે ને ?) (તે એનો અર્થ છે). '**विसेसदो दव्वजादीणं...**' (એટલે) ભિન્ન–ભિન્ન પ્રકારે બધું છે તે બધું જાણે છે.

હરિગીત :--

**તે દ્રવ્યના સદ્ભૂત–અસદ્ભૂત પર્યયો સૌ વર્તતા,**
**તત્કાળના પર્યાય જેમ, વિશેષપૂર્વક જ્ઞાનમાં. ૩૭.**

'સદ્ભૂત' એટલે વર્તમાન અને 'અસદ્ભૂત' એટલે ભૂત(કાળ) અને ભવિષ્ય(કાળ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



एवं निश्चयश्रुतकेवलिव्यवहारश्रुतकेवलिकथनमुख्यत्वेन भिन्नज्ञाननिराकरणेन ज्ञानज्ञेयस्वरूपकथनेन च चतुर्थस्थले गाथाचतुष्टयं गतम्। अथातीतानागतपर्याया वर्तमानज्ञाने सांप्रता इव दृश्यन्त इति निरूपयति–**सव्वे सदसब्भूदा हि पज्जया** सर्वे सद्भूता असद्भूता अपि पर्यायाः ये हि स्फुटं वट्टंते ते ते पूर्वोक्ताः पर्याया वर्तन्ते प्रतिभासन्ते प्रतिस्फुरन्ति। क्व। **णाणे** केवलज्ञाने। कथंभूता इव। तक्कालिगेव तात्कालिका इव वर्तमाना इव। कासां सम्बन्धिनः। **तासिं दव्वजादीणं** तासां प्रसिद्धानां शुद्धजीवद्रव्यादिद्रव्यजातीनामिति। व्यवहितसंबन्धः। कस्मात्। **विसेसदो** स्वकीयस्वकीयप्रदेशकालकारविशेषैः संकरव्यतिकरपरिहारेणेत्यर्थः। किंच-यथा छद्मस्थपुरुषस्यातीतानागतपर्याया मनसि चिन्तयतः प्रतिस्फुरन्ति, यथा च चित्रभित्तौ बाहुबलिभरतादिव्यतिक्रान्तरूपाणि श्रेणिकतीर्थंकरादिभाविरूपाणि च वर्तमानानीव प्रत्यक्षेण दृश्यन्ते तथा चित्रभित्तिस्थानीयकेवलज्ञाने भूतभाविनश्च पर्याया युगपत्प्रत्यक्षेण दृश्यन्ते, नास्ति विरोधः। यथायं केवली भगवान् परद्रव्यपर्यायान् परिच्छित्तिमात्रेण जानाति, न च तन्मयत्वेन, निश्चयेन तु केवलज्ञानादिगुणाधारभूतं स्वकीयसिद्धपर्यायमेव स्वसंवित्त्याकारेण तन्मयो भूत्वा परिच्छिनत्ति जानाति, तथासन्नभव्यजीवेनापि। निजशुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयपर्याय एव सर्वतात्पर्येण ज्ञातव्य इति तात्पर्यम्।।३७।।

---

આહા..હા...! ભગવાન ! તારો સ્વભાવ જાણવાનો છે ! કોઈ રાગનું કરવું કે શરીરનું કરવું, ધંધાનું કરવું – એ તારું સ્વરૂપ જ નથી, આહા..હા...! (કળશમાંથી) થોડું જોયું હતું – 'સ્વરૂપગ્રાહીજ્ઞાન જાણે એને...' ('સમયસાર'-૬૦ નંબરના) કળશમાં આવે છે ને ? અગ્નિ ઉષ્ણ છે, પાણી ઊનું છે, અને વસ્તુ ઠંડી છે. એવું જાણે કોણ ? કે, જેને સ્વરૂપનું જ્ઞાન થયું હોય તે તેને બરાબર જાણે. કળશમાં (આવે) છે ને ? (જ્યારે) 'કળશટીકા'માં એમ મૂક્યું છે–'**ज्ञानेन भेदज्ञान...**' એમ કરીને (લીધું છે). જેને, રાગથી ભિન્ન આત્મા ચૈતન્યસ્વરૂપ છે એનું જ્ઞાન થયું છે–તેવો ભેદજ્ઞાની જીવ અગ્નિ ઊની છે ને પાણી ઠંડું છે ને આ ઊનું થયું છે–એવો બે નો ભેદ, સ્વરૂપનું જ્ઞાન થયું હોય તે પરને યથાર્થ જાણે. પણ જેને સ્વરૂપનું જ્ઞાન નથી તે પરને યથાર્થ જાણી શકે નહિ. એ કળશમાં–'કળશટીકા'માં આવી ગયું છે–'સ્વરૂપગ્રાહીજ્ઞાન !' એનો અર્થ શું કર્યો છે ? (એ જોયું). આમાં ('સમયસાર'માં) શું કર્યો છે ? અને ('કળશટીકા'માં) શું કર્યો છે ? એ બપોરે જોયું આહા...!

એનો અર્થ એ થયો કે, આ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એ રાગથી ભિન્ન છે, એક સમયની પર્યાય માત્ર પણ નથી, એવું જેને જ્ઞાન થયું એ સ્વરૂપનું જ્ઞાન થયું. એ સ્વરૂપનું જે જ્ઞાન થયું તે પરવસ્તુને જેમ છે તેમ બરાબર જાણી શકે. સ્વરૂપનું જેને જ્ઞાન નથી એ પરવસ્તુને યથાર્થ જાણી શકે નહિ. કાંઈક ને કાંઈક અંદર ગોટો ઊઠે ! આહા..હા...! આવું છે !

ટીકા :-- '**(જીવાદિ),..**' છ દ્રવ્યો '**...સમસ્ત દ્રવ્યજાતિઓના પર્યાયોની ઉત્પત્તિની મર્યાદા,...**' (અર્થાત્) દરેક પરમાણુ, દરેક આત્મા, ધર્માસ્તિ આદિ છ દ્રવ્ય જાતિ. દ્રવ્યની જાતિ છ છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે દ્રવ્યોના અતીત અને અનાગત પર્યાયો પણ, તાત્કાળિક પર્યાયોની માફક, પૃથકપણે જ્ઞાનમાં વર્તે છે એમ સમજાવે છે :--

**તે દ્રવ્યના સદ્‌ભૂત–અસદ્‌ભૂત પર્યાયો સૌ વર્તતા,**
**તત્કાળના પર્યાય જેમ, વિશેષપૂર્વક જ્ઞાનમાં. ૩૭.**

**અન્વયાર્થ :--** **[तासाम् द्रव्यजातीनाम्]** તે (જીવાદિ) દ્રવ્યજાતિઓના **[ते सर्वे]** સમસ્ત **[सदसद्‌भूताः हि]** વિદ્યમાન અને અવિદ્યમાન **[पर्यायाः]** પર્યાયો, **[तात्कालिकाः इव]** તાત્કાળિક (વર્તમાન) પર્યાયોની માફક, **[विशेषतः]** વિશિષ્ટતાપૂર્વક (પોતપોતાના ભિન્ન ભિન્ન સ્વરૂપે) **[ज्ञाने वर्तन्ते]** જ્ઞાનમાં વર્તે છે.

ટીકા :-- (જીવાદિ) સમસ્ત દ્રવ્યજાતિઓના પર્યાયોની ઉત્પત્તિની મર્યાદા ત્રણે કાળની મર્યાદા જેટલી હોવાથી (અર્થાત્ તેઓ ત્રણે કાળે ઉત્પન્ન થયા કરતા હોવાથી), તેમના (તે સમસ્ત દ્રવ્યજાતિઓના), ક્રમપૂર્વક તપતી સ્વરૂપસંપદાવાળા (–એક પછી એક પ્રગટતા), વિદ્યમાનપણાને અને અવિદ્યમાનપણાને પામતા, જે કોઈ જેટલા પર્યાયો છે, તે બધાય, તાત્કાળિક (વર્તમાનકાલીન) પર્યાયોની માફક, અત્યંત મિશ્રિત હોવા છતાં સૌ પર્યાયોનાં વિશિષ્ટ લક્ષણ સ્પષ્ટ જણાય એ રીતે, એક ક્ષણે જ, જ્ઞાનમહેલમાં સ્થિતિ પામે છે. આ (ત્રણે કાળના પર્યાયોનું વર્તમાન પર્યાયોની માફક જ્ઞાનમાં જણાવું) અયુક્ત નથી; કારણ કે–

(૧) તેનો દૃષ્ટની સાથે (જગતમાં જે જોવામાં આવે છે–અનુભવાય છે તેની સાથે) અવિરોધ છે. (જગતમાં) દેખાય છે કે છદ્મસ્થને પણ, જેમ વર્તમાન વસ્તુ ચિંતવતાં તેના આકારને જ્ઞાન અવલંબે છે તેમ, વ્યતીત અને અનાગત વસ્તુ ચિંતવતાં (પણ) તેના આકારને જ્ઞાન અવલંબે

---

'**સમસ્ત દ્રવ્યજાતિઓના પર્યાયો**' એટલે અવસ્થાઓ. તેની '**...ઉત્પત્તિની મર્યાદા ત્રણે કાળની મર્યાદા જેટલી હોવાથી,..**' (એટલે) ભૂતકાળમાં ઉત્પન્ન થઈ, વર્તમાનમાં ઉત્પન્ન (થાય છે) અને ભવિષ્યમાં ઉત્પન્ન (થશે). દરેક પરમાણુ અને દરેક આત્મા–જેટલા જગતમાં પદાર્થો છે–અનંતા પરમાણુઓ અને અનંતા આત્માઓ, એની જે પર્યાયો થઈ ગઈ, છે અને થશે–એ ત્રણે કાળની મર્યાદા જેટલી છે.

એક–એક દ્રવ્યની ત્રણે કાળની મર્યાદા જેટલી પર્યાયો છે, આહા..હા...! આ શરીર(ના) પરમાણુ છે, એમાં પણ સમય–સમયની અનંતી પર્યાયો થઈ ગઈ, છે અને ભવિષ્યમાં થશે–એ ત્રણકાળના સમયની પર્યાયોને ત્રણકાળ સ્પર્શે છે, આહા..હા...!

એમ આત્માની જે પર્યાય છે–ત્રણકાળ(ની) અવસ્થાઓ (છે), (તેની) ઉત્પત્તિની મર્યાદા ત્રણકાળની મર્યાદા જેટલી (છે), આહા..હા..! ઝીણું બહુ, બાપુ ! વીતરાગમાર્ગ ઝીણો બહુ !!

'સમસ્ત દ્રવ્યજાતિ' એટલે 'છ' દ્રવ્ય જાતિ. (પણ) સંખ્યાએ અનંત. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. પુદ્‌ગલ (અને) જીવ–(એમ) છ દ્રવ્ય છે–જાતિ છ છે પણ સંખ્યા અનંત છે. દરેકની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે.

(૨) વળી જ્ઞાન ચિત્રપટ સમાન છે. જેમ ચિત્રપટમાં અતીત, અનાગત અને વર્તમાન વસ્તુઓના આલેખ્યાકારો (-આલેખ્ય આકારો) સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે, તેમ જ્ઞાનરૂપી ભીંતમાં (-જ્ઞાનભૂમિમાં, જ્ઞાનપટમાં) પણ અતીત, અનાગત અને વર્તમાન પર્યાયોના જ્ઞેયાકારો સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે.

(૩) વળી સર્વ જ્ઞેયાકારોનું તાત્કાળિકપણું (વર્તમાનપણું, સાંપ્રતિકપણું) અવિરુદ્ધ છે. જેમ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓના આલેખ્યાકારો વર્તમાન જ છે, તેમ અતીત અને અનાગત પર્યાયોના જ્ઞેયાકારો વર્તમાન જ છે.

**ભાવાર્થ :--** કેવળજ્ઞાન સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોને યુગપદ્ જાણે છે. અહીં પ્રશ્ન થવાયોગ્ય છે કે નષ્ટ અને અનુત્પન્ન પર્યાયોને જ્ઞાન વર્તમાન કાળે કેમ જાણી શકે ? તેનું સમાધાન :- જગતમાં પણ દેખાય છે કે અલ્પજ્ઞ જીવનું જ્ઞાન પણ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓને ચિંતવી શકે છે, અનુમાન દ્વારા જાણી શકે છે, તદાકાર થઈ શકે છે; તો પછી પૂર્ણ જ્ઞાન નષ્ટ અને અનુત્પન્ન પર્યાયોને કેમ ન જાણી શકે ? ચિત્રપટની માફક જ્ઞાનશક્તિ જ એવી છે કે તે અતીત અને અનાગત પર્યાયોને પણ જાણી શકે છે. વળી, આલેખ્યત્વશક્તિની માફક, દ્રવ્યોની જ્ઞેયત્વશક્તિ એવી છે કે તેમના અતીત અને અનાગત પર્યાયો પણ જ્ઞાનમાં જ્ઞેયરૂપ થાય-જણાય. આ રીતે આત્માની અદ્ભુત જ્ઞાનશક્તિ અને દ્રવ્યોની અદ્ભુત જ્ઞેયત્વશક્તિને લીધે કેવળજ્ઞાનમાં સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોનું એક જ સમયે ભાસવું અવિરુદ્ધ છે. ૩૭.

---

પર્યાયની ઉત્પત્તિની મર્યાદા (અર્થાત્) દરેક દ્રવ્ય અને પદાર્થની અવસ્થાની ઉત્પત્તિનો કાળ-મર્યાદા-હદ ત્રણકાળની હદ જેટલી છે, આ..હા..હા...! અનંત કાળ ગયો એની અનંતી પર્યાય ઉત્પન્ન થઈ હતી, અત્યારે અનંત ગુણની અનંતી પર્યાય છે અને ભવિષ્યમાં અનંતી થશે-એ ત્રણ કાળની મર્યાદા જેટલી પર્યાયો છે, આ..હા..હા...!

'**(અર્થાત્ તેઓ ત્રણે કાળે ઉત્પન્ન થયા કરતા હોવાથી),...**' જોયું ? વસ્તુ જે છે એ તો દ્રવ્ય ને ગુણ ત્રિકાળ છે પણ એની અવસ્થા છે એ ઉત્પન્ન થયા કરે છે. '**(...ત્રણે કાળે ઉત્પન્ન થયા કરતા હોવાથી), તેમના (તે સમસ્ત દ્રવ્યજાતિઓના), ક્રમપૂર્વક તપતી,...**' આ..હા..હા...! દરેક દ્રવ્યની પર્યાય ક્રમપૂર્વક-એક પછી એક... એક પછી એક... ક્રમપૂર્વક થાય. આ તો 'ક્રમબદ્ધ' આવી ગયું !! આ..હા...! અમસ્તુ પણ 'ક્રમવર્તી પર્યાય' કહેવાય છે ને ! એ 'ક્રમવર્તી'(ને) અહીં 'ક્રમપૂર્વક' કીધું ! બીજે 'ક્રમબદ્ધ' કીધું. (અર્થાત્) ક્રમે થાય અને નિયમિત (એટલે) (જે) પર્યાય થવાની તે જ થાય.

દરેક આત્મા અને દરેક રજકણની જે સમયે જે પર્યાય થાય તે ક્રમપૂર્વક થશે. જે સમયે જે થવાની તે તેનો જન્મ(ક્ષણ)-ઉત્પત્તિકાળ છે, જન્મકાળ છે. આત્મામાં અને પરમાણુમાં જે સમયે જે પર્યાય થવાની... જે થવાની... તે તેનો ઉત્પત્તિ-જન્મક્ષણ છે, ઉત્પત્તિનો કાળ છે, આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આડી-અવળી નહિ થાય. આજે થવાની (એ) પછી થશે, પછીની (આજે થશે) એનો અર્થ શું ? આહા..હા...! 'ક્રમવર્તી' લીધી છે ને ? અહીંયાં 'ક્રમપૂર્વક' (કહ્યું છે). '**...ક્રમપૂર્વક તપતી સ્વરૂપસંપદા,...**' આ..હા..હા...!

સર્વજ્ઞ વીતરાગ કેવળી છે, (એ) એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે છે, એનો કહેલો આ માર્ગ છે ! કેવળજ્ઞાન છે (એમાં) સામે જોયું છે. જે સમયે જે પર્યાય થવાની (તે) ભગવાને જોઈ છે, આહા..હા...! 'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા, અનહોની કબહુ ન હોસે, કાહે હોત અધીરા ?' આહા..હા...!

શ્રોતા :– 'ક્રમબદ્ધપર્યાય' છે તે સર્વજ્ઞનો પ્રાણ છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રાણ છે...! પર્યાય વ્યવસ્થિત ક્રમપૂર્વક થાય છે. આત્મામાં અને પરમાણુમાં જે સમયે જે (પર્યાય) થવાની તે થાય, બીજે સમયે જે થવાની તે થાય, ત્રીજે સમયે જે થવાની તે થાય... આ..હા..હા...! પણ એ ક્રમપૂર્વક પર્યાયનો નિર્ણય કરનાર પર્યાયમાં નજર રાખીને નિર્ણય નહિ કરી શકે. જ્ઞાયકસ્વરૂપ ભગવાનઆત્મા છે એનો નિર્ણય કરતાં એ ક્રમપૂર્વકનું જ્ઞાન તેને યથાર્થ થશે. ભારે વાતું બાપા..! આ..હા..હા...!

શ્રોતા :– પહેલાં ધારણામાં તો સ્પષ્ટ ધારવી જોઈએ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધારણામાં બરાબર ખ્યાલ આવે તો જ્ઞાન કામ કરે. હજી તો ધારણામાં જ જ્ઞાન ખોટા (હોય), આનું કરી દઉં... આનું કરી દઉં... ને આડું–અવળું કરી દઉં (એમ) થાય, આહા..હા...! કોણ કરે ? જે થવાની હતી તે પર્યાય ભવિષ્યમાં થશે, આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ..! વિશેષ કહેવાશે...

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## (તા. ૧૦-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૩૫)

'પ્રવચનસાર', ગાથા--૩૭. અહીં સુધી એકડા પહેલાં આવી ગયું છે. શું કહ્યું છે આમાં ? કે, આત્મા છે એ સર્વજ્ઞસ્વરૂપી છે. દરેક આત્મા...! એટલે કે શક્તિએ કેવળજ્ઞાનસ્વરૂપી જ છે. એની જ્યારે પ્રગટતા–કેવળજ્ઞાન થાય છે; સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના સાધન વડે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવું કેવળજ્ઞાન થાય (છે), (ત્યારે) એ કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે. વર્તમાન વર્તતી પર્યાયને તો જાણે પણ ભૂતકાળ–ગયા કાળની જે પર્યાયો નષ્ટ થઈ તેને પણ વર્તમાનવત્ જાણે ! આહા..હા...! અને ભવિષ્યમાં (થવાવાળી) જે અનંતી પર્યાય થશે, અત્યારે થઈ નથી, તેને પણ વર્તમાનવત્ જાણે !! ઓ..હો..હો...! એવો ચૈતન્યનો ચમત્કારિક જ્ઞાનસ્વભાવ છે !! આહા..!

એવું કેવળજ્ઞાન જગતમાં છે અને ત્રણકાળ, ત્રણલોકની પર્યાય જાણે છે. તો એનો અર્થ એ થયો કે, વીતરાગે જે સમયે, જે પર્યાય, જેની (થવાની) દીઠી, તે થાશે. એમાં વીતરાગ(ને) પણ પોતાની (જે) પર્યાય જે સમયે થશે તે થાય છે, એને (વીતરાગ પોતે) પણ ફેરવી શકે નહિ. તો બીજાની પર્યાયને બીજો ફેરવી શકે એ તો નથી પણ એ બીજો પણ પોતાની પર્યાયને આડી–અવળી કરી શકે (કે) ફેરફાર (કરી શકે) એ નથી. અરે...! આવી વાત ! ઝીણો માર્ગ છે !

ભગવાને જે દીઠું – 'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા, અનહોની કબહુ ન હોસી, કાહે હોત અધીરા ?' એવી જેની દૃષ્ટિ થાય, એની દૃષ્ટિનો વિષય સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ છે. એ સર્વજ્ઞને (અર્થાત્) પોતાના સ્વભાવને એ જાણે ને માને. આહા..! અને સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ એટલે કે જ્ઞાનસ્વરૂપી–પૂર્ણ જ્ઞાનસ્વરૂપને જે જાણે અને સ્વસન્મુખ થઈને એની પ્રતીતિ કરે અને સ્વરૂપમાં રમણતા કરે એને કેવળજ્ઞાન થાય, આહા..હા...! કોઈ ક્રિયાકાંડને લઈને કેવળજ્ઞાન થાય, એમ નથી. કેમકે એનો જાણવાનો સ્વભાવ છે કે જેથી કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોકની પર્યાયને જાણે.

એમ નીચે શ્રુતજ્ઞાની પણ પરોક્ષ રીતે ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે. અને જાણવા છતાં એની દૃષ્ટિ સ્વરૂપ ઉપર હોય. ધર્મીની દૃષ્ટિ પર્યાયમાં જાણે એની ઉપર ન હોય. અરે..! આવી વાતું છે ! ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છે તેમાં તેની દૃષ્ટિ હોય છે તેથી તેને સમ્યગ્દર્શનમાં શ્રદ્ધા છે કે જે સમયે જે જડની, જે ચૈતન્યની જે પર્યાય થાય તે થાય, એવી માન્યતાને લઈને એ પરનો પણ ફેરફાર ન કરી શકે; પરનો તો કરી શકે જ નહિ પણ પોતાની પર્યાયમાં ફેરફાર કરી શકે નહિ, આહા..હા...!

પ્રશ્ન :– કર્મમાં તો ફેરફાર થાય કે નહિ ?

સમાધાન :– કર્મમાં પણ કાંઈ ફેરફાર (થઈ શકે નહિ). ક્રમબદ્ધપર્યાય તેમાં થવાની તે થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રશ્ન :– ઉદીરણા કેમ કહેવાય ?

સમાધાન :– ઉદીરણાનું તો નામ કહેવાય છે. બાકી એ સમયે ઉદીરણા થવાને લાયક છે (માટે થાય છે). એવો પાઠ શાસ્ત્રમાં છે. ઉદીરણા થવાને લાયક છે તેની ઉદીરણા થાય, એમ વાત છે.

પ્રશ્ન :– વહેલો ઉદય આવી ગયો ?

સમાધાન :– નહિ.. નહિ.., ઉદીરણાનો સમય તે છે. તે સમયે તે કર્મની ઉદીરણાનો પર્યાય થવાનો તેનો સ્વકાળ છે. આવી વાત છે ! ઝીણી બહુ...! સમજાય છે ? એ પ્રશ્ન અમારે સંપ્રદાયમાં પણ ઘણો થઈ ગયો છે કે, આ કર્મને તો ફેરવી શકે ને ? પણ કર્મના પરમાણુમાં પણ જે સમયે જે પર્યાય કર્મની થવાની છે તે સમયે થાય અને જે સમયે જવાની તે સમયે જાય. આત્માએ પુરુષાર્થ કર્યો માટે ત્યાં જાય (છે, એમ નથી). એના પર્યાયમાં કર્મપણે નહિ થવાની પર્યાયની લાયકાત હતી તેથી અકર્મપણે થઈ. આકરું કામ બહુ !

જીવમાં જ ક્રમબદ્ધ છે અને જડમાં નથી, એમ નથી. દરેક પરમાણુમાં પણ જે સમયે જે પર્યાય ઉત્પત્તિનો જન્મક્ષણ છે, તે વખતે તે પર્યાય ઉત્પન્ન થાય. આત્માને લઈને નહિ. અને જે સમયે તે પર્યાયનો વ્યય થવાનો છે તે જ સમયે થાય, તે આત્માને લઈને નહિ, આહા..હા...! વીતરાગમાર્ગ ઝીણો માર્ગ બહુ, બાપુ !

અહીંયાં તો એ સિદ્ધ કરવું છે કે, ‘(**ત્રણે કાળના પર્યાયોનું વર્તમાન પર્યાયોની માફક,...**)’ છે એકડાની ઉપર ? ‘ત્રણે કાળના પર્યાયોનું’ – પર્યાય એટલે અવસ્થા. આહા..હા..!

આ મોટો અત્યારે વાંધો (ચાલે) છે ને ! કે, પર્યાયને આડી-અવળી–ફેરફાર કરી શકે ! એણે નથી જાણી પદાર્થની વ્યવસ્થા (અને) કેવળજ્ઞાનમાં જાણ્યું તે થાય, એની એને શ્રદ્ધા નથી. આહા..હા...! આકરી વાત છે !

‘સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા’માં આવે છે ને, ભાઈ ? ‘કાળાદિ લબ્ધિ જોતાં,...’ (એટલે) જે સમયે તે પર્યાયની કાળ પ્રાપ્તિ છે તે સમયે (તે પર્યાય) થશે. જડમાં કે ચૈતન્યમાં કે છ દ્રવ્યમાં (બધાંમાં આ જ સિદ્ધાંત લાગુ પડે છે). આહા..હા...! આકરું કામ, ભાઈ ! અત્યારે તો ગડબડ બહુ થઈ ગઈ છે.

એની દૃષ્ટિ જ્ઞાયકસ્વરૂપ (ઉપર) છે. અને ભગવાન જેમ જાણે છે એમ હું પણ એક જાણનાર છું. ભલે અલ્પજ્ઞાનમાં (એમ જાણે છે) પણ જાણનારો ત્રિકાળ છે ને ! એ ત્રિકાળી જાણનાર ઉપર જેની દૃષ્ટિ છે, એને જે સમયે જે પર્યાય થવાની, તેને એ જાણનારો રહેશે. આહા..હા...! ઝીણું ખરું...!

ખરેખર તો એનામાં એક ‘ભાવ’ નામનો ગુણ છે. એ ગુણને લઈને તે સમયે પર્યાય થાય. થવાની તે (થાય). અનંતગુણની (પર્યાય) થશે. ‘ભાવ’ (ગુણને) લઈને (થશે) પણ ‘ભાવ’નું રૂપ બધાં ગુણમાં છે ને ! તો જ્ઞાનમાં પણ જે સમયની જે પર્યાય થવાની છે, એવું જ્ઞાનગુણમાં ભાવગુણનું રૂપ છે. આહા..હા...! આકરું કામ બહુ, બાપુ ! વીતરાગમાર્ગ (બહુ ઝીણો) ! વાણિયાને નવરાશ ન મળે અને બે ઘડી સાંભળવા જાય ને જે કહે, ઇ, હા (પાડે)..! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણકાળની પર્યાયને જાણે ! આ..હા..હા...! થઈ ગઈ, છે અને થશે. એ કહ્યું ને (અહીંયાં) ? '**(ત્રણે કાળના પર્યાયોનું),...**' પર્યાય એટલે અવસ્થા, '**(...વર્તમાન પર્યાયોની માફક,...)**' આ..હા..હા...! વર્તમાન અવસ્થા વર્તે છે તેની માફક ! ત્રણે કાળની પર્યાય તેની (વર્તમાન પર્યાયની) પેઠે, '**(...જ્ઞાનમાં જણાવું) અયુક્ત નથી;...**' આ..હા..હા..!

જે સમયે જે પર્યાય જેની જે થવાની તે તે દ્રવ્યની થાય. અને તે તે ભગવાને જોયું છે, માટે થાય એમ પણ નથી. ત્યાં થવાનો કાળ છે માટે ત્યાં થાય છે, આહા..હા..!

(અહીંયાં) એ કહે છે, '**(ત્રણે કાળના પર્યાયોનું વર્તમાન પર્યાયોની માફક જ્ઞાનમાં જણાવું) અયુક્ત નથી,...**' ત્યાં સુધી આવ્યું હતું. '**કારણ કે–**' હવે ન્યાય આપે છે.

(૧) '**તેનો દ્દષ્ટની સાથે (જગતમાં જે જોવામાં આવે છે–અનુભવાય છે તેની સાથે) અવિરોધ છે.**' (એટલે તેની સાથે) વિરોધ નથી આવતો. શું ? '**(જગતમાં) દેખાય છે કે છદ્મસ્થને પણ, જેમ વર્તમાન વસ્તુ ચિંતવતાં તેના આકારને જ્ઞાન અવલંબે છે તેમ,...**' આ..હા..હા...! કાલે 'લોટ'નો દાખલો આપ્યો હતો, નહિ ?

લોટ--આટો જે છે, એમાંથી આમ કાપે છે એ કાપવાની ક્રિયા તો એનાથી એ વખતે થવાની છે, આંગળીથી થઈ નથી. અને એ વખતે લોટની–આટાની રોટલી થશે, એ આવી થશે એવું જ્ઞાન તો તે વખતે થઈ જાય છે. વર્તમાન લોટનો લોયો... 'લોયો' કહે છે ને શું કહે એને ? પિંડલો...! એની પર્યાયનું જ્ઞાન, ભૂત(કાળ)માં એ પોતે ઘઉં હતા, લોટ હતો એનો આ લોટ (પિંડલો) થયો છે. એ ઘઉંની પર્યાયનું જ્ઞાન, લોટનું જ્ઞાન અને પછી રોટલી થશે–એ પણ વર્તમાનમાં જાણે છે, આહા..હા...! આવી વાત... ધર્મને નામે...! બાપુ ! વીતરાગધર્મ બહુ સૂક્ષ્મ છે ! લોકોએ (જે) જૈનધર્મ માન્યો છે એનાથી વિરુદ્ધ (છે). આહા..હા...!

જે સમયે જે પર્યાય થાય તે તે વસ્તુનો સ્વભાવ છે. આગળ ૯૯ (ગાથામાં) 'હાર'નો દ્દષ્ટાંત આવશે. હાર છે ને હાર ? એમાં જે સ્થાનમાં મોતી છે તે સ્થાનમાં (તે) છે. આઘા--પાછા સ્થાનમાં નહિ. તેમ આત્મારૂપી હાર અને પરમાણુરૂપી હાર, એની જે સમયે જે પર્યાય છે, તે સમયે તે થશે. (હારમાં મોતીનું) ક્ષેત્ર છે (અહીંયાં આત્મા તથા પરમાણુમાં) કાળ (લેવો) છે. તત્ત્વનું સ્વરૂપ જ આવું છે ! હવે એના સ્વરૂપની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય... (એમ કોઈ દિવસ બને નહિ). સમ્યક્જ્ઞાન પણ ન મળે, સમ્યગ્દર્શન ન મળે અને એને ચારિત્ર–સામાયિક ને પોહા ને પડિકમણા ને સાધુપણું આવી જાય...!! (એમ) ત્રણકાળમાં આવે નહિ, આહા..હા...!

(અહીંયાં કહે છે) '**(જગતમાં) દેખાય છે કે છદ્મસ્થને પણ,...**' (એટલે) અલ્પજ્ઞાનીને પણ '**...જેમ વર્તમાન વસ્તુ ચિંતવતાં,...**' આહા..હા...! (દ્દષ્ટાંતમાં) એ ઘઉં લ્યો, આમ ઘઉં (છે). ઘઉં કહેવાય છે ને ? પહેલાં એની પર્યાય ધૂળની હતી, અત્યારે ઘઉંની થઈ અને એ ઘઉંનો આમ લોટ થશે. એની પર્યાય ખ્યાલમાં (આવી જાય છે). (આ રીતે) ઘઉંનો ખ્યાલ આવતાં ભૂત--વર્તમાન–ભવિષ્યનો ખ્યાન નથી આવતો ? સમજાણું કાંઈ ? આહા...!

આ હાથ છે, લ્યો ! એની આ પર્યાય છે. પહેલી પર્યાય આમ હતી ને પછી આમ થઈ તો એ પહેલી પર્યાયનું જ્ઞાન છે, વર્તમાનનું જ્ઞાન છે અને પછીની પર્યાય પણ આમ થશે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમ થશે–એનું પણ તેને એક સમયમાં જ્ઞાન છે. આત્મા કરશે તો થશે, એ પ્રશ્ન નથી. ઝીણું બહુ આવું !

વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ જે જોયું છે... આ..હા..હા...! તે ત્રણકાળની પર્યાય વર્તમાનવત્ જોઈ છે, (એમ) કહે છે. આહા...! વર્તમાનમાં પર્યાય અભૂતાર્થ છે છતાં કેવળજ્ઞાન તો ભૂતાર્થ તરીકે જાણે છે ! સમજાણું કાંઈ ? આવી ધર્મની વાતું ! સંસારની કેળવણીમાં એમ.એ. ને એમાં રોકાવું (ભણવું) હોય તો પાંચ–દસ વર્ષ કાઢે, વીતરાગ કહે છે એ તત્ત્વ શું છે એને સમજવા માટે વખત નથી !! આહા..હા...!

અહીંયાં કહે છે કે, '**(જગતમાં) દેખાય છે કે છદ્મસ્થને પણ, જેમ વર્તમાન વસ્તુ ચિંતવતાં તેના આકારને જ્ઞાન અવલંબે છે,...**' જેમ કે એક શરીર છે એ જીવ વિનાનું મડદું થયું. તો પહેલાં જીવ અંદર હતો તો આમ હલતી અવસ્થા હતી, અત્યારે (મડદારૂપ) સ્થિર અવસ્થા (છે) અને હમણાં એ પરમાણુની પર્યાય રાખ થાશે, (એમ) ખ્યાલ આવે છે કે નહિ ? આહા..હા...! જગતના છદ્મસ્થ માણસો પણ પરપદાર્થને ચિંતવતાં તેની ભૂત, વર્તમાન ને ભવિષ્ય–ત્રણેનો આકાર એને ખ્યાલ(માં) આવી જાય છે. તો સર્વજ્ઞ પરમાત્માને ત્રણકાળ, ત્રણલોકનો ખ્યાલ આવે એમાં વિશેષ શું છે ? આ..હા..હા...! આકરું કામ છે ! છે (અંદર) ?

'**...છદ્મસ્થને પણ, જેમ વર્તમાન વસ્તુ ચિંતવતાં તેના આકારને જ્ઞાન અવલંબે છે,...**' અવલંબે એટલે ? જ્ઞાનમાં તે નિમિત્ત તરીકે જણાય, આહા...! '**....તેમ, વ્યતીત અને અનાગત વસ્તુ ચિંતવતાં (પણ) તેના આકારને જ્ઞાન અવલંબે છે.**' એટલે તેના જ્ઞાનમાં તે વસ્તુ જણાય છે, આહા..હા...!

દાખલો (લઈએ). એક સીસપેન છે. સીસપેન કહે છે ને ? હવે, એ (સીસપેન) પહેલાં આખી હતી, પછી આમ છરી મૂકી એટલે અવસ્થા (આમ) થઈ, હવે પહેલી (જે પર્યાય) હતી તે પર્યાયનો પણ ખ્યાલ છે અને આ વર્તમાન થઈ એનો ખ્યાલ છે અને એ તૂટી જશે–ભાંગી જશે ત્યારે આમ થશે, તેનો પણ ખ્યાલ છે. અથવા (સીસપેનથી) આમ લખાશે, એ લખાશે એની પર્યાયનો ખ્યાલ છે. કરશે તો લખાશે એમ અહીં નથી (કહેવું), આહા..હા...! આવું છે !

દૂધી...! દૂધી... દૂધી... (હોય છે ને) ? દૂધી આમ છે એ ખ્યાલમાં છે. હવે એના કટકા થાય છે. થાય છે હોં...! કટકા કરે છે (એમ) નથી. તો આખી દૂધીનો ખ્યાલ છે અને કટકા થયા તેનો ખ્યાલ છે અને આ હવે પછી રંધાશે ત્યારે પોચા પડી જશે એનો પણ ખ્યાલ છે. છે કે નહિ ? આ..હા..હા...!

છદ્મસ્થ પણ જગતની ચીજનો વિચાર કરતાં, તેના ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળનો એના જ્ઞાનમાં ખ્યાલ આવી જાય છે, આહા..હા...! એ કોઈને કરે છે, એમ અહીંયાં પ્રશ્ન નથી. જે થાય છે તેના વર્તમાન, ભૂત અને ભવિષ્યને જાણે છે, આહા...! એને હું આમ કરું, કલમ આમ કરું, સીસપેન આમ કરું–એ પ્રશ્ન નથી. એ કંઈ આત્મા કરી શકતો નથી, આહા..હા....! આવું હવે...! ભાઈ ! ધર્મ કેમ થાય અમને એ કહોને ! પણ એ આ વાત છે. તારો જ્ઞાનસ્વભાવ–ધર્મ એવો છે કે એક સમયમાં ત્રણકાળ જાણે એવી તાકાતવાળું તારું સ્વરૂપ છે, આહા..હા...! એવા સર્વજ્ઞસ્વભાવીની દૃષ્ટિ કર અને એમાં ઠર–એનું નામ ધર્મ છે. આવી આકરી વાતું !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(સંપ્રદાયમાં) તો કહે, 'વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને જાત્રા કરો....!' એ તો રાગ છે અને શરીર ચાલે એ તો જડની ક્રિયા છે. 'ગિરનાર' કે 'શેત્રુંજય'ની જાત્રામાં જડ શરીર ચાલે એ તો જડની ક્રિયા છે અને તે જડની તે સમયે તે પર્યાય (થાય છે) અને એ પગ આમ થાય છે, એ ખ્યાલ છે. કરે છે નહિ (પણ) ખ્યાલ છે. આમ થતાં–થતાં આ પગ આમ જશે એ પણ ખ્યાલ છે, આહા...! ખ્યાલ છે હોં...! આત્મા એનો કર્તા નથી. આ તો અજ્ઞાની (એમ માને છે) કે, શરીરની અવસ્થાને હું કરું છું, પગને ઉપાડું છે ને આમ મૂકું છું–એ પરની ક્રિયાનો કર્તા મિથ્યાદૃષ્ટિ છે. એને જૈનધર્મની ખબર નથી, આહા..હા....! આવું કામ છે ! પહેલો એકડો (૧) હતો (એ પૂરો થયો).

(૨) '**વળી જ્ઞાન ચિત્રપટ સમાન છે, જેમ ચિત્રપટમાં અતીત, અનાગત અને વર્તમાન વસ્તુઓના આલેખ્યાકારો (–આલેખ્ય આકારો),...**' જેમ પાટિયામાં કે સ્થંભમાં ગયા કાળના તીર્થંકરો, વર્તમાનના તીર્થંકરો અને ભવિષ્યના તીર્થંકરો આમ ચીતરે તો (એનો) એક સમયમાં બધો ખ્યાલ આવી જાય છે. (શ્રી 'જયેસનાચાર્યદેવે') 'બાહુબલી'નો દાખલો આપ્યો છે. '**बाहुबलिभरतादि...**' પણ એ બાહુબલિને ચિતર્યા હોય (કે) તીર્થંકરને સ્થંભમાં કોતર્યા હોય, ચોવીશ તીર્થંકરો–ભૂતકાળમાં થયા એને વર્તમાન અને ભવિષ્યના (કોતર્યા હોય) તો અહીં એક સમયમાં બધાં તીર્થંકરો જણાય છે. જણાય છે કે નહિ ? આહા..હા...! ભલે છદ્મસ્થને થોડો ક્રમ લાગે, એ જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ ? પણ એનો સ્વભાવ તો એક સમયમાં જાણવાનો જ છે. આહા...! કોઈ પરનું કાંઈ કરી શકું એ વસ્તુ નથી. કેમકે પરવસ્તુમાં જે સમયે જે પર્યાય થવાની તે થવાની, હવે એને બીજો કરે શું ? આહા...! આવું છે ! આખા જગતથી ઊંધી વાત છે. ઊંધાથી ઊંધી (વાત) છે ! જગતની વાતો બધી ઊંધી અને ભગવાનનો માર્ગ એનાથી ઊંધો ! આહા..હા...!

અહીં કહે છે કે, છદ્મસ્થ અલ્પજ્ઞાની પણ કોઈ પણ ચીજને ચિંતવતાં તેની વર્તમાન પર્યાય, ગઈ એ પર્યાય અને ભવિષ્યની પર્યાય (તેના) ખ્યાલમાં આવી જાય છે, આહા..હા...!

(દા.ત.) ચણાનો લોટ છે, એ પહેલાં આખો ચણો હતો એ પર્યાયનો ખ્યાલ આવી જાય છે. અત્યારે આ (લોટ) છે અને તરત હમણાં શેકાશે (એટલે) ભજિયું થશે. હું શેકીશ ને અગ્નિથી શેકાય–એ પ્રશ્ન અત્યારે નથી. ભજિયા કહે છે શું કહે છે (હિન્દીમાં) ? 'પકોડા...!' આહા..હા...!

આ ચશ્માં છે, જુઓ ! પહેલી અવસ્થા આમ છે (અત્યારે) આમ આવે છે અને પછી પણ આમ ઊતરશે ત્યારે આમ થાશે, એવો એક સમયમાં ખ્યાલ આવે છે. એને કરી શકે કે કાને ચડાવી શકે, એ પ્રશ્ન અહીં છે નહિ, આહા..હા...!

પહેરણ લ્યો પહેરણ...! શું કહે છે અત્યારે ઓલાને ? 'ખમીસ.. ખમીસ...!' એ ખમીસ અત્યારે ખુલ્લું છે, (પછી) હાથ નાખ્યો, (એ વખતે) ખ્યાલ આવશે કે આ ખમીસની (બાંય) આમ છે, એ અહીં (ઉપર) આવી જશે, રહેશે. (તો) પહેલી અવસ્થા, રહેશે એ અવસ્થા અને પછી પાછી તરત અવસ્થા બદલશે–આમ થાય... આમ થાય... એનો પણ ખ્યાલ છે. એની અવસ્થા બદલશે હોં...! આત્મા બદલાવશે, એમ નહિ ! આહા..હા...!

આ તો, ત્રણકાળ ત્રણલોક ભગવાન જાણે છે તેથી ક્રમબદ્ધપર્યાય થાય છે, એવી સમકિતીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રદ્ધા હોય છે. આહા...! કોઈ પણ સમયની પર્યાય કોઈ ફેરવી શકે, બીજો તો કરી નહીં શકે પણ એ પોતે ફેરવી શકે, એમ નથી. આવે છે ને ભાઈ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં ? ત્રણકાળ, ત્રણલોકની જે સમયે જે પર્યાય થાય તે જિનેન્દ્ર પણ ફેરવી શકે નહિ. (ફક્ત) જાણે ! આહા..હા...! આ વાત અંદરથી (બેસવી જોઈએ).

જાણનારો હું છું, એ જાણનારો જાણવાનું કામ કરે. અહીં તો પરને જાણે એટલી અપેક્ષા લેવી છે ને ? એ પર (પદાર્થ) જે સ્થિતિમાં છે અને પહેલી સ્થિતિમાં હતો અને પછીની સ્થિતિમાં થશે એને જ્ઞાન જાણે. પણ જ્ઞાન પરને ફેરવે અથવા ત્રણકાળને ન જાણે, એમ નહિ. વર્તમાન જ જાણે અને ભૂત–ભવિષ્યને ન જાણે, એમ નહિ. આહા..હા...! જ્યારે એ રીતે જેના જ્ઞાનમાં એ વાત(નો) નિર્ણય થઈ જાય ત્યારે એ ક્રમબદ્ધની પર્યાયને જાણનારો થાય, કરનારો પણ નહિ, આહા...!

વસ્તુ છે–એનો નિર્ણય જે જ્ઞાનમાં થયો તે નિર્ણય (જે) થયો, તે પણ તેનો સમય છે, આહા..હા...! અને એ નિર્ણય પણ ષટ્કારકના પરિણમનથી થયો છે, આહા..હા...! ફક્ત લક્ષ છે જ્ઞાયક ઉપર. (ભલે) લક્ષ છે, લક્ષ હોવા છતાં પણ કર્તા થઈને, પોતાનું કર્મ, કરણ ને સંપ્રદાન પોતાથી કરે છે, આહા..હા...! સમજાણું કાંઈ ? વીતરાગમાર્ગ બહુ ઝીણો, ભાઈ ! આ તો વીતરાગની કૉલેજ છે !! આહા...! જેને એ જ્ઞાનના ભાન નથી અને કર્તા થઈને આખો દિ' ફરે છે, એ મિથ્યાત્વના પોષણ કરીને ચાર ગતિમાં રખડવાના લખણ (લક્ષણ) છે ! આવી વાત છે, ભાઈ ! આહા..હા...! છે ?

એ (જ્ઞાન) ચિત્રપટ (સમાન છે). ચિત્રપટ હોય ને આમ ? (તેમાં) ત્રણકાળના તીર્થંકર ચીતર્યા હોય (તો) ખ્યાલમાં આવી જાય છે કે નહિ ? ચિત્રપટમાં સિંહ ચીતર્યો હોય, લ્યો ! વાઘ ચીતર્યો હોય–ગયા કાળમાં આવો હતો, અત્યારે આવો છે અને ભવિષ્યમાં મરી ગયો–એમ ચીતર્યું હોય (તો) ખ્યાલ આવી જાય છે કે નહિ ? આહા..હા...!

જેમ 'મહાવીર ભગવાન'નો આત્મા દસમા ભવમાં સિંહ હતો, સિંહ..! 'ભગવાન મહાવીર'નો આત્મા દસમા ભવમાં સિંહ (હતો). (એ) આમ હરણને મારતો હતો. એ વખતે મુનિ આવ્યા અને મુનિએ કહ્યું કે, 'અરે... સિંહ ! તું તો દસમા ભવમાં (થવાવાળો) તીર્થંકર 'મહાવીર'નો જીવ (છો) ! આ શું કરે છે ?' સિંહને પણ ખ્યાલમાં (છે) કે, પ્રથમ અવસ્થા આમ હતી, આમ થઈ ગઈ અને આમ રહેશે–એ ખ્યાલમાં છે કે નહિ ? આહા..હા...! પણ આમાં 'ધર્મ' શું આવ્યો ? ધર્મ એ આવ્યો કે, જે સમયે જે પર્યાય થાય તેનો તું જાણનારો છો ! એને ફેરવવાનો કર્તા તું નથી. એવો જે સમ્યગ્દર્શન(રૂપી) ધર્મ (તે) આ રીતે થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

(તેથી) '**...જ્ઞાન ચિત્રપટ સમાન છે. જેમ ચિત્રપટમાં અતીત,...**' એટલે ગયો કાળ, '**...અનાગત,..**' (એટલે) ભવિષ્ય, '**...અને વર્તમાન વસ્તુઓના આલેખ્યાકારો (–આલેખ્ય આકારો),...**' છે ને ? આહા..હા...! (નીચે અર્થ છે) આલેખ્ય = આલેખાવાયોગ્ય; ચીતરાવાયોગ્ય. '**...સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે, તેમ જ્ઞાનરૂપી ભીંતમાં (–જ્ઞાનભૂમિમાં, જ્ઞાનપટમાં) પણ અતીત, અનાગત અને વર્તમાન પર્યાયોના જ્ઞેયાકારો સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે.**' આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન કેવળજ્ઞાનથી આત્માને જાણે છે, (એમ) આવ્યું હતું ને ? (૩૩ ગાથામાં) આવ્યું હતું ને ? આચાર્યો કહે (છે) અમે પણ શ્રુતજ્ઞાનથી આત્મા જ્ઞાયક ત્રિકાળ છે તેને અમે જાણીએ છીએ, આહા...! અમે પણ 'શ્રુતકેવળી' છીએ ! આ..હા..હા...! કેવળજ્ઞાની પરમાત્મા કેવળજ્ઞાનથી આત્માને જાણે છે (અને) અમે શ્રુતજ્ઞાનથી જાણીએ (છીએ). ભલે ક્રમે (થતી) કેટલીક પર્યાય (દ્વારા જાણીએ છીએ), પણ તે પર્યાયથી જાણીએ છીએ ભગવાનઆત્માને ! આહા..હા...! તો ગયાકાળમાં અમારી આ અવસ્થા વિપરીત હતી એને પણ જાણ્યું, વર્તમાનમાં સમ્યક્ થયું એને પણ જાણ્યું અને પછી તેની તે પર્યાય રહેશે એને પણ જાણ્યું, આહા..હા...! આવું છે !

જૈનદર્શનમાં તો આઠ-આઠ વર્ષનાં બાળકો સમ્યગ્દર્શન પામતા !! આહા..હા...! ભગવાન–આત્મા અંદર... આ..હા..હા...! ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપને પકડીને જ્યારે 'સમ્યક્' નિર્ણય થાય ત્યારે તેને ત્રણકાળના, ત્રણલોકના જે દ્રવ્ય–પર્યાય છે, એનું એને પરોક્ષજ્ઞાન થાય છે, આહા..હા...! હું કોઈનું કરી દઉં અને મારામાં પરથી કાંઈ થાય–એવું સમ્યક્દૃષ્ટિને રહેતું નથી, આહા..હા...! આમાં વ્રત કરવા ને તપ કરવા, એ ક્યાં ગયું ? પણ હજી સમ્યગ્દર્શન વિના વ્રત, તપ આવ્યાં ક્યાંથી તારે ?

જ્ઞાનસ્વભાવ જાણનારો જ છે. રાગનો પણ કરનારો નથી, પરનો પણ કરનારો નથી. પર (પદાર્થ) પણ એની પર્યાય પ્રમાણે (પરિણમી રહ્યાં છે). રાગ પણ ક્રમમાં આવેલો રાગ આવશે અને તે કાળે જ્ઞાન પણ તેને જાણવાના ક્રમમાં તેને અને સ્વને જાણશે. વાત સમજાય છે ? આહા..હા...!

જ્ઞાનપર્યાય જે (થાય) છે એ પણ ક્રમબદ્ધ જ્ઞાનની પર્યાય છે. અને ક્રમબદ્ધમાં રાગ જે પ્રકારનો આવ્યો, તે છે માટે અહીં જાણે છે (એમ) નથી. એના જ્ઞાનના ક્રમમાં સ્વનું અને પરનું જ્ઞાન (કરવાવાળી) પર્યાય (એના) ક્રમમાં આવી એટલે એમાં એ જણાયું છે. બહુ, ઝીણું, બાપુ ! આ તમારા ધંધાના થોથામાં ક્યાંય હાથ આવે એવું નથી.

અરે..રે...! એણે રખડવામાં વખત કાઢ્યો ! આહા..હા...! પણ હું એક જાણનાર (તત્ત્વ) છું (એવો નિર્ણય ન કર્યો). જેમ ભગવાન બધું–ત્રણકાળ, ત્રણલોકને જાણે (પણ) કોઈના એ કર્તા નથી. એમ હું પણ એક જાણનાર છું. જગતની ચીજો જેમ વર્તે છે, વર્તશે (અને) વર્તી ગઈ, એને હું જાણનારો છું. એમાં હું ફેરફાર કરનારો કે બદલાવી નાખું, એવો હું નથી, આહા..હા...!

આ મોટા પથરાના કારખાના કરે છે (તો) કહે છે કે, આ જગ્યા પહેલાં આવી હતી એમ જાણ્યું, પછી ત્યાં કારખાનું થવાનું છે તે આ રીતે થશે એ પણ પહેલેથી જણાયું છે.

કુંભારે માટી લીધી માટી...! તો માટીનો પિંડ છે તેનું જ્ઞાન છે અને પિંડઅવસ્થા પલટીને હમણાં ઘડો થશે. એ પિંડ વખતે પણ ઘડાનું જ્ઞાન, જ્ઞાનમાં જણાય છે, આ..હા..હા...! સમજાય છે ? કુંભાર ઘડો કરતો નથી પણ ઘડાની અવસ્થા પહેલાં પિંડની હતી, પછી ઘડાની થઈ અને એ પહેલાં સાધારણ માટીની હતી – એને જાણે છે. આત્માનો સ્વભાવ જાણવું છે. કોઈ ચીજને કરવી અને ફેરવવી, એ આત્માનો સ્વભાવ નથી. અરે...! પોતાની જે પર્યાય થવાની તેને પણ ફેરવવાનું એનું સામર્થ્ય નથી, આહા..હા...! આ વીતરાગતા છે !!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમાં એ કહ્યું '**...જ્ઞાનરૂપી ભીંતમાં (–જ્ઞાનભૂમિમાં, જ્ઞાનપટમાં),...**' ત્રણકાળનાં ચીતરેલાં ચિત્રો, '**...પણ અતીત, અનાગત અને વર્તમાન પર્યાયોના જ્ઞેયાકારો સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે.**' આહા..હા...! (એ બીજું થયું).

(૩) '**વળી સર્વ જ્ઞેયાકારોનું તાત્કાળિકપણું (વર્તમાનપણું, સાંપ્રતિકપણું) અવિરુદ્ધ છે.**' શું કહે છે ? જગતની બધી ચીજો–જ્ઞેય છે એના પર્યાયોના આકાર, (તેનું તાત્કાળિકપણું (વર્તમાનપણું, સાંપ્રતિકપણું) અવિરુદ્ધ છે). '**જેમ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓના આલેખ્યાકારો વર્તમાન જ છે,...**' આ..હા..હા...! નીચે (અર્થ) છે ને ? આલેખ્ય = (આલેખાવાયોગ્ય; ચીતરાવાયોગ્ય).

કોઈ પણ ચીજની પર્યાય બદલી અને નષ્ટ અને અનુત્પન્ન (એટલે) ઉત્પન્ન થઈ નથી એ વસ્તુ. એ વસ્તુઓના આલેખ્યાકારો ખ્યાલમાં આવી જાય છે, આહા...! '**...વર્તમાન જ છે,...**' આ..હા..હા...!

કોઈ વળી એમ પણ કહે કે, 'જે પર્યાય થઈ નથી એને કેવળી જાણે એ તો અસત્ય થયું !' એ પ્રશ્ન આવે છે. અસત્ય નથી, પ્રભુ ! તેને ખબર નથી. થઈ છે, (થાય) છે અને થશે–એ (પર્યાય જે) થશે, તેનું (જ્ઞાન) વર્તમાન (જેમ દેખાય છે) એવું જ અહીંયાં દેખાય છે, આહા..હા...! થશે ત્યારે જણાશે, એમ નહિ. (ભવિષ્યમાં જે) થશે તેનું વર્તમાનમાં જણાય છે, આહા..હા...! સમજાણું કાંઈ ?

સર્વ જ્ઞેયાકારોનું તાત્કાળિકપણું (અવિરુદ્ધ છે). '**જેમ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓના આલેખ્યાકારો વર્તમાન જ છે, તેમ અતીત અને અનાગત પર્યાયોના જ્ઞેયાકારો વર્તમાન જ છે.**' આ..હા..હા...! અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ જે જ્ઞેય (છે) અને ભવિષ્યમાં થવાનું એના આકારો પણ વર્તમાનવત્ જ જ્ઞાનમાં જણાય છે. આ કેવળજ્ઞાન !! અને એવો કેવળજ્ઞાન આત્માનો સ્વભાવ !! એ કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે પણ એવી અનંતી અનંતી પર્યાય થવાનો જ્ઞાનગુણમાં સ્વભાવ (છે) ! એ જ્ઞાનગુણનો ધરનારો 'હું' (છું) ! એવો જ્ઞાયકનો અનુભવ થવો એનું નામ 'સમ્યગ્દર્શન' છે. અને આ સમ્યગ્દર્શન (થયા) પછી સ્વરૂપમાં ઠરે છે એનું નામ 'ચારિત્ર' છે. ચારિત્ર કોઈ નગ્નપણું કે મહાવ્રતના પરિણામ (પાળે), એ કોઈ ચારિત્ર નથી, આહા..હા...! ઝીણું બહુ !

ક્રમબદ્ધમાં જે સમયે જે (પર્યાય) થવાનો (તે થવાનો જ છે) એવું જેને જ્ઞાનમાં બેસે, એનું જ્ઞાન સર્વજ્ઞસ્વભાવી ઉપર ઢળી જાય. એ તો કીધું હતું ને ? (સંવત) '૭૨ની સાલમાં સંપ્રદાયમાં મોટો પ્રશ્ન ઊઠ્યો. ત્રેસઠ વર્ષ થયાં. 'કેવળજ્ઞાનીએ દીઠું એ થાશે. થવાનું હશે એ થશે, એમાં આપણે શું કરીએ ?' (એમ સંપ્રદાયમાં કહેતા હતા). (મેં કહ્યું) 'થવાનું (હશે) તે થશે, (એ) કોણે જોયું ?' (તો એમણે કહ્યું) 'કેવળજ્ઞાનીએ.' (એટલે મેં કહ્યું) 'કેવળજ્ઞાની જગતમાં છે એમ કોણે નિર્ણય કર્યો ?' આ તો '૭૨ની વાત છે. કેટલાં વર્ષ થયાં ? ત્રેસઠ ! ત્રેસઠ વર્ષ પહેલાની વાત છે !

માણસને એમ થઈ જાય છે કે, અમે પરનું કાંઈક કરી શકીએ (છીએ). પરની દયા પાળીએ, હિંસા કરી શકીએ, પૈસા રળી શકીએ, પૈસા વાપરી શકીએ. 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં લીધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, ભાઈ ! કે, 'તને પૈસા મળ્યા તો દાન કરજે ! ઉપકાર કરજે !' એવું આવે છે, હોં ! વાંચનમાં વાત થઈ ગઈ હતી. એ ફક્ત શુભભાવ(ની વાત છે). (અશુભ ભાવની) તીવ્રતા મટાડવાની વાત કરી. સમજાણું ? 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં છે. તને પૂર્વના પુણ્યને લઈને પૈસા મળ્યા છે, એ કંઈ તારા પ્રયત્નથી મળ્યા નથી. એમાં કાંઈક કરજે ! ભાગ પાડજે ! – દાનમાં, ભક્તિમાં, પ્રભાવનામાં,... આહા..હા...! સાંભળ્યું છે ? એમાં છે ક્યાંક. શરૂઆતમાં ક્યાંક છે. ક્યાં હશે શી ખબર પડે ? કાળલબ્ધિ ! (૨૩૨ ગાથા છે). 'જીવદ્રવ્ય છે તે પોતાના ચેતનાસ્વરૂપમાં, પોતાના જ ક્ષેત્રમાં, પોતાના જ દ્રવ્યમાં તથા પોતાના પરિણમનરૂપ સમયમાં રહીને જ પોતાના પર્યાયસ્વરૂપ કાર્યને સાધે છે.' આહા..હા...! આ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' ! 'સમયસાર'થી પણ (જૂનું) ! દાનનું ક્યાંક (આવે) છે. અહીં (૨૨૯ ગાથામાં) એ (કહે) છે. 'ત્રણેકાળમાં એક એક સમયમાં પૂર્વ-- ઉત્તર પરિણામનો આશ્રય કરી જીવાદિક વસ્તુઓમાં નવા નવા કાર્યવિશેષ થાય છે અર્થાત્ નવા નવા પર્યાય ઊપજે છે.' (અર્થાત્) એના કાળે તે–તે સમયે તે પર્યાય ઊપજે છે. આ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' 'સમયસાર' કરતાં જૂનો ગ્રંથ છે ! 'શ્રીમદ્'ને મળ્યો ત્યારે બહુ (પ્રસન્ન થયાં હતાં) !

એમાં ક્યાંક દાનનું છે ખરું ! હાથ આવે ત્યારે ખબર પડે ને ! એમાં કાંઈક કરજે, એમ (કહ્યું છે). એમાં દાનની વાત છે. આપણે વંચાઈ ગયું છે. એનો રાગ ઘટાડવાની વાત કરે ત્યારે તો એ જ આવે. 'પદ્મનંદીપંચવિંશતી'માં 'દાન અધિકાર'માં આવે છે ને ? કે, ભાઈ ! તને પૂર્વના કોઈ પુણ્ય હતા તો આ લક્ષ્મી મળી છે. હવે જો લક્ષ્મીમાં કંઈ ભાગ નહિ પાડ (અર્થાત્) દાનમાં, પૂજામાં, ભક્તિમાં, પ્રભાવનામાં (નહિ વાપરે) તો કંજૂસ થઈ જઈશ ! આહા...! એવી વાત છે. 'પદ્મનંદીપંચવિંશતી'માં પણ છે અને આમાં પણ ('સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં) પણ છે, હોં ! અહીં તો ત્યાં સુધી કીધું (છે) કે લોભ ઘટાડવા (દાન) કરજે ! એ પણ ખરેખર તો કાળે થાય છે. પણ એને જ્યારે રાગ ઘટાડવાનું કહે ત્યારે તો એમ સ્થાપે ને ! સમજાણું કાંઈ ? તીવ્ર લોભ છે એને કાંઈક ઘટાડ, ઘટાડ ! ઓછો કર ! નહિતર તીવ્ર લોભમાં તો માણસ પાપ બાંધશે અને પાપમાં ભવ બગડીને ક્યાંય હાલ્યો જશે. છે એમાં ક્યાંક દાનનું (આવે) છે.

અહીં કહે છે કે, સર્વ જ્ઞેયાકારો તાત્કાળિકપણે (જણાય છે), આહા..હા...! એ પૈસાની પર્યાય અહીંયાં પૈસાપણે આવી એ પણ એનો સમય હતો. પાછી જ્યારે કાંઈક જવાની છે ત્યારે પણ એનો એ સમય હતો. આહા..હા...! એણે આપ્યા માટે (પૈસા) ગયા છે (અથવા) અવસ્થા થઈ છે, એમ નથી. આ..હા..હા...! એ તો જ્ઞાનમાં જાણનારો છે કે, આ પૈસા અહીં હતા અને અહીં ગયા. એ (પૈસાના) પરમાણુ જે છે એ ત્યાં જવાના હતા. એની પર્યાય ત્યાં જવાની થવાની હતી તે થઈ છે. આ તો એનો જાણનાર છે. (તેના બદલે) એમ માને કે, 'મેં દીધું છે, એ મારી ચીજ હતી અને મેં દીધી છે !' (તો એ તો) ભ્રમ છે, અજ્ઞાન છે. આવું છે, આહા..હા...!

અહીં તો (કહે છે) **'જેમ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓના આલેખ્યાકારો વર્તમાન જ છે, તેમ અતીત અને અનાગત પર્યાયોના જ્ઞેયાકારો વર્તમાન જ છે.'** આહા..હા...!

**ભાવાર્થ :-- 'કેવળજ્ઞાન સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોને યુગપદ્ જાણે છે.'** હજી (તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અજ્ઞાનીને) કેવળજ્ઞાનના નિર્ણયની ખબર ન મળે ! (અને ક્રમબદ્ધની વાત નથી બેસતી) કારણ કે (અજ્ઞાનીને) કરવું... કરવું... ને કરવાની બુદ્ધિ છે. બીજાને કરી દઉં, બીજાને આમ કરી દઉં ! અહીં કહે છે, કેવળજ્ઞાન સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોને–અવસ્થાઓને એક સમયમાં જાણે છે.

**'અહીં પ્રશ્ન થવાયોગ્ય છે કે નષ્ટ અને અનુત્પન્ન પર્યાયોને જ્ઞાન વર્તમાન કાળે કેમ જાણી શકે ?'** (અર્થાત્) જે પર્યાય થઈ ગઈ (એ) અત્યારે નથી – નષ્ટ થઈ ગઈ. જે થવાની છે એ અત્યારે થઈ નથી, આહા..હા..! છે ? (એવી) **'...નષ્ટ અને અનુત્પન્ન,...'** ગયા કાળની (અને) ભવિષ્યની અનુત્પન્ન (એવી) **'...પર્યાયોને જ્ઞાન વર્તમાન કાળે કેમ જાણી શકે ?'**

**'તેનું સમાધાન :-- જગતમાં પણ દેખાય છે કે અલ્પજ્ઞ જીવનું જ્ઞાન પણ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓને ચિંતવી શકે છે,...'** છે ને ? આહા..હા...! (અર્થાત્) પહેલી બાળ અવસ્થા હતી, પછી યુવાન થઈ, પછી વૃદ્ધ થઈ – એ બધી અવસ્થાઓને નથી જાણતો ? આહા...! (એને) વર્તમાન જાણે છે કે નહિ ? શરીર બાળ હતું, પછી જુવાન હતું, પછી વૃદ્ધ થયું અને વૃદ્ધ થયા પછી મસાણની રાખ થાશે, આહા..હા...! કરશે ને બાળશે ને, એ પ્રશ્ન અહીંયાં છે નહિ. અહીં તો (એટલું જ કહેવું છે કે) થશે, થાય છે અને થઈ ગયું – એને જાણવાનો જ્ઞાનસ્વભાવ છે, ભગવાન–આત્માનો (સ્વભાવ છે). આત્માનો હોં..! ભગવાનનો તો છે અને આ આત્માનો પણ એવો સ્વભાવ છે, આહા..હા...! એવું છે. **'...અનુમાન દ્વારા જાણી શકે છે, તદાકાર થઈ શકે છે;...'** જોયું ? જેવું સામે ભૂત–ભવિષ્યનું સ્વરૂપ છે તે આકાર પણ ખ્યાલમાં આવી શકે છે, આહા...! **'...તો પછી પૂર્ણ જ્ઞાન નષ્ટ અને અનુત્પન્ન પર્યાયોને કેમ ન જાણી શકે ?'**

**'ચિત્રપટની માફક જ્ઞાનશક્તિ જ એવી છે,...'** આ..હા..હા...! જ્ઞાનસ્વભાવ જ એવો છે કે, એને કોઈ ભૂત અને ભવિષ્યની વાત ન જણાય એવું (નથી). એ તો ચૈતન્યચમત્કારી વસ્તુ છે ! આ..હા..હા...! અને ત્યાં 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં તો એમ પણ કહ્યું (છે) કે, જે જે સમયે જે પર્યાય ત્રણકાળમાં થવાની, જિનેન્દ્ર (ભગવાને) દેખી એ પ્રમાણે માને તો સમ્યક્દૃષ્ટિ છે. એનાથી વિરુદ્ધ માને કે, 'હું કાંઈક કરી દઉં કે આનું મેં કર્યું !' – (તો) એ મિથ્યાદૃષ્ટિ છે, આહા..હા...! જે સમયે, જે પ્રમાણે (પર્યાય) થવાની, થઈ અને થશે તેને જ્ઞાન જાણે. પણ 'પરનું કરી દઉં અને મેં કીધું માટે આને આમ થયું, મેં પૈસાનો ઉપદેશ આપ્યો માટે આણે દાન આપ્યું, એને લઈને આ થયું !' – એ બધી ભ્રમણા છે, આહા..હા...! ગરીબોને આહાર આપો, ભૂખ્યાને આહાર આપો, તરસ્યાને પાણી આપો, રોગીને દવા આપો – એ બધી વાતું જે સમયે તે થવાની તે થવાની છે. એને 'હું આપું ને કરું' એ વાત વસ્તુમાં નથી. ભગવાનનો સ્વભાવ તો જાણવું છે, બસ ! ભગવાન એટલે આત્મા હોં..! કેવળીનો જાણવાનો (સ્વભાવ છે) એવો આ ભગવાનઆત્માનો જાણવાનો સ્વભાવ (છે). થયું, થાય ને થશે, તેને તે સમયમાં વર્તમાનવત્ જાણે, આહા..હા...!

વળી, **'...જ્ઞાનશક્તિ જ એવી છે કે તે અતીત અને અનાગત પર્યાયોને પણ,...'** એમ. 'પણ' કેમ લીધું ? (કેમકે) વર્તમાન તો જાણે છે પણ (અતીત અને અનાગતને) **'...પણ જાણી શકે છે. વળી, આલેખ્યત્વશક્તિની માફક,...'** (એટલે) આલેખેલા ચિત્ર જેમ દેખાય કે આ પૂર્વભવ હતો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ વર્તમાન છે અને આ ભવિષ્યનો ભવ છે. ચિત્ર આમ મૂકે ને ? ભગવાનનો પૂર્વે સિંહભવ હતો, પછી આ ભવ હતો અને અત્યારે ભગવાન છે. એમ એકસાથે દેખાય ને આમ ! આહા..હા...!

'**વળી, આલેખ્યત્વશક્તિની માફક, દ્રવ્યોની જ્ઞેયત્વશક્તિ એવી છે,...**' (અર્થાત્) વસ્તુની જણાવાયોગ્ય શક્તિ એવી છે, '**...કે તેમના અતીત અને અનાગત પર્યાયો પણ જ્ઞાનમાં જ્ઞેયરૂપ થાય–જણાય.**' જાણનારો તો જાણે પણ એ જ્ઞેયનો એવો સ્વભાવ છે કે, ભૂત-ભવિષ્યનું જે સમયે જે થયું તે જણાય. એ જ્ઞેયનો એવો સ્વભાવ છે. આહા..હા...! આવું છે !

'**આ રીતે આત્માની અદ્ભુત જ્ઞાનશક્તિ,...**' આ..હા..હા...! જાણનારો.. જાણનારો... જાણનારો... જાણનારો... જાણે... જાણે... જાણે... ! ગઈ અવસ્થા, વર્તમાન અને ભવિષ્ય(ને) જાણનાર એવી આત્માની અદ્ભુત શક્તિ !! '**...અને દ્રવ્યોની અદ્ભુત જ્ઞેયત્વશક્તિ,...**' આ..હા..હા...! એ જ્ઞેયની પણ જે અવસ્થા થઈ નથી તે અહીં જ્ઞાનમાં જણાય એવી જ્ઞેયની શક્તિ !! જ્ઞાનની તો શક્તિ છે પણ જ્ઞેય પણ એવું છે ! આહા..હા...!

'**આ રીતે આત્માની અદ્ભુત જ્ઞાનશક્તિ અને દ્રવ્યોની અદ્ભુત જ્ઞેયત્વશક્તિને લીધે કેવળજ્ઞાનમાં સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોનું એક જ સમયે ભાસવું અવિરુદ્ધ છે.**' એક સમયમાં (બધું) ભાસે ! આહા..હા...! બેસવું કઠણ પડે, ભાઈ ! અભિમાન છે ને (કે), 'એને હું કરી દઉં !! મારે લઈને આ થયું ! મેં જગતને ઉપકાર કર્યો !!' કોણ કરે ? આહા..હા...! એની જે પર્યાય ત્યાં થવાની તે એને કારણે થઈ (છે). આહા..હા...! 'મેં દવા આપી માટે આનો રોગ મટી ગયો !' એ પણ અભિમાન–અજ્ઞાન છે. એ ટાણે પર્યાય ક્રમમાં મટવાની હતી તે મટી (છે), દવાએ મટાડી નથી, આહા..હા...!

શ્રોતા :-- એને (અજ્ઞાનીને) એમ લાગે કે એમાં પુરુષાર્થ ઊડી જાય છે !

સમાધાન :-- એમાં જ પુરુષાર્થ છે ! 'હું જાણનારો છું' – (એમ પરિણમવું) એ પુરુષાર્થ છે. 'પરનું કરનારો છું' – એ વાત ત્રણકાળમાં નથી, એ પુરુષાર્થ (છે), પેલી તો ઊંધી માન્યતા છે. આહા...! (એ રીતે) '**...ત્રણે કાળના પર્યાયોનું એક જ સમયે ભાસવું અવિરુદ્ધ છે.**' એ ૩૭ (ગાથા પૂરી) થઈ.

'**હવે અવિદ્યમાન પર્યાયોનું (પણ) કથંચિત્ (–કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ) વિદ્યમાનપણું કહે છે :--**' એ વાત વિશેષ કહેશે....

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथासद्भूतपर्यायाणां कथंचित्सद्भूतत्वं विदधाति–

**जे णेव हि संजाया जे खलु णट्ठा भवीय पज्जाया।**
**ते होंति असब्भूदा पज्जाया णाणपच्चक्खा।।३८।।**

**ये नैव हि संजाता ये खलु नष्टा भूत्वा पर्यायाः।**
**ते भवन्ति असद्भूताः पर्याया ज्ञानप्रत्यक्षाः।।३८।।**

ये खलु नाद्यापि संभूतिमनुभवन्ति, ये चात्मलाभमनुभूय विलयमुपगतास्ते किलासद्भूता अपि परिच्छेदं प्रति नियतत्वात् ज्ञानप्रत्यक्षतामनुभवन्तः शिलास्तम्भोत्कीर्णभूतभाविदेववदप्रकम्पार्पितस्वरूपाः सद्भूता एव भवन्ति।।३८।।

---

अथातीतानागतपर्यायाणामसद्भूतसंज्ञा भवतीति प्रतिपादयति–**जे णेव हि संजाया जे खलु णट्ठा भवीय पज्जाया** ये नैव संजाता नाद्यापि भवन्ति, भाविन इत्यर्थः। हि स्फुटं ये च खलु नष्टा विनष्टाः पर्यायाः। किं कृत्वा। भूत्वा। **ते होंति असब्भूदा पज्जाया** ते पूर्वोक्ता भूता भाविनश्च पर्याया अविद्यमानत्वादसद्भूता भण्यन्ते। **णाणपच्चक्खा** ते चाविद्यमानत्वादसद्भूता अपि वर्तमानज्ञानविषयत्वाद्व्यवहारेण भूतार्था भण्यन्ते, तथैव ज्ञानप्रत्यक्षाश्चेति। यथायं भगवान्निश्चयेन परमानन्दैकलक्षणसुखस्वभावं मोक्षपर्यायमेव तन्मयत्वेन परिच्छिनत्ति, परद्रव्यपर्यायं तु व्यवहारेणेति; तथा भावितात्मना पुरुषेण रागादिविकल्पोपाधिरहितस्वसंवेदनपर्याय एव तात्पर्येण ज्ञातव्यः, बहिर्द्रव्यपर्यायश्च गौणवृत्त्येति भावार्थः।।३८।।

---

## (તા. ૧૧-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૩૬)

('પ્રવચનસાર'), ૩૮ (ગાથાનું) મથાળું. (અહીંયાં) કેવળજ્ઞાનને સિદ્ધ કરે છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં (૨૯મા સૂત્રમાં આવે) છે ને ?! '**सर्वद्रव्यपर्यायेषु केवलस्य**' ! આ તો 'તત્ત્વાર્થસૂત્ર'માં (આવે) છે. સર્વ દ્રવ્ય અને ત્રિકાળ પર્યાય કેવળજ્ઞાનમાં (જણાય છે). એ અહીંયાં કહે છે, જુઓ !

'**હવે અવિદ્યમાન પર્યાયોનું...**' છે ? (અર્થાત્) દ્રવ્યમાં ભૂતકાળની અને ભવિષ્યની અવિદ્યમાન (પર્યાયો). શું કહે છે ? જૈનદર્શનનો બહુ જ તાત્ત્વિક વિષય (આવ્યો છે). 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં 'ધર્માનુપ્રેક્ષા'માં આવ્યું છે ને ? (ત્યાં) 'ધર્માનુપ્રેક્ષા'માં (એમ કહ્યું છે કે) ધર્મના મૂળ કહેનાર–વક્તા 'સર્વજ્ઞ' છે. (એમ) 'ધર્માનુપ્રેક્ષા'માં આવ્યું છે, 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા' ! જેને સર્વજ્ઞનો જ્યાં સુધી નિર્ણય નથી એને તો જિનશાસનની કોઈ ચીજનો નિર્ણય નથી, આહા...! એ 'ધર્માનુપ્રેક્ષા'માં આવ્યું છે, એ વાત આપણે થઈ ગઈ છે. જૈનધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે.

બીજી રીતે કહીએ તો જીવનો સ્વભાવ જ સર્વજ્ઞ છે. 'સર્વજ્ઞશક્તિ' છે કે નહિ ? 'સર્વદર્શી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે અવિદ્યમાન પર્યાયોનું (પણ) કથંચિત્ (-કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ) વિદ્યમાનપણું કહે છે :–

**જે પર્યયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,**
**તે સૌ અસદ્ભૂત પર્યયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮**

**અન્વયાર્થ :--** **[ये पर्यायाः]** જે પર્યાયો **[हि]** ખરેખર **[न एव संजाताः]** ઉત્પન્ન થયા નથી, તથા **[ये]** જે પર્યાયો **[खलु]** ખરેખર **[भूत्वा नष्टाः]** ઉત્પન્ન થઈને નાશ પામી ગયા છે, **[ते]** તે **[असद्भूताः पर्यायाः]** અવિદ્યમાન પર્યાયો **[ज्ञानप्रत्यक्षाः भवन्ति]** જ્ઞાનપ્રત્યક્ષ છે.

**ટીકા :–** જે (પર્યાયો) અદ્યાપિ ઉત્પન્ન થયા નથી તથા જે ઉત્પન્ન થઈને વિલય પામી ગયા છે, તે (પર્યાયો), ખરેખર અવિદ્યમાન હોવા છતાં, જ્ઞાન પ્રતિ નિયત હોવાથી (જ્ઞાનમાં નિશ્ચિત–સ્થિર–ચોંટેલા હોવાથી, જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી) જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા, પથ્થરના સ્તંભમાં કોતરાયેલા ભૂત અને ભાવી દેવોની (તીર્થંકરદેવોની) માફક પોતાનું સ્વરૂપ અકંપપણે (જ્ઞાનને) અર્પતા એવા (તે પર્યાયો), વિદ્યમાન જ છે. ૩૮.

---

સર્વજ્ઞ (શક્તિ) !' આહા...! ચિતિ, દશિ, જ્ઞાન આદિ (શક્તિ) લ્યો ! એ શક્તિ પૂર્ણ છે. સ્વભાવ પરમાત્મસ્વરૂપ જ છે. સર્વજ્ઞસ્વરૂપી, સર્વદર્શિસ્વરૂપી, અનંત અમૃતરૂપ વિજ્ઞાનઘનસ્વરૂપી ! અનંત પ્રભુત્વસ્વરૂપી ! આ..હા..હા...! 'બેહદ' આવ્યું હતું ને ? આહા...! એવો એનો સ્વભાવ જ (છે). સર્વજ્ઞપ્રભુનો – આત્માનો દરેકનો (એવો સ્વભાવ) છે. અભવીનો સ્વભાવ પણ સર્વજ્ઞ છે ! આહા..હા...!

એ પ્રશ્ન (સંવત) '૮૫(ની સાલમાં) ઊઠ્યો હતો. કેટલા વર્ષ થયાં ? પચાસ ! તે વખતે પ્રશ્ન ઊઠ્યો હતો કે, જીવને અનાદિ(થી) મિથ્યાત્વ, મિશ્ર અને સમકિત એ ત્રણ પ્રકૃતિ હોય છે, એમ (એક જણાએ) કહ્યું. ભલે સમકિતમોહની ન હોય પણ બે તો હોય જ – (મિથ્યાત્વમોહની) અને મિશ્ર(મોહની). એટલે ભવિ જીવને અઠ્ઠાવીસ પ્રકૃતિ હોય છે. (એમ તો) અભવીને પણ અઠ્ઠાવીસ હોય છે. વાત સમજાય છે ? (એમણે એમ કહ્યું કે), ભવિ છે એ સમકિત પામવાનો છે. માટે એને સમકિતમોહની, મિશ્રમોહની (અને મિથ્યાત્વમોહની) એમ અઠ્ઠાવીસ પ્રકૃતિ હોય છે. (અને) અભવિને છવ્વીસ (પ્રકૃતિ) છે. (મેં કહ્યું) 'એમ નથી !' આ તો '૮૫માં ચર્ચા (થઈ હતી).

મિથ્યાદ્રષ્ટિને અનાદિની છવ્વીસ જ પ્રકૃતિ હોય છે. સત્તાવીસ અને અઠ્ઠાવીસ થાય એ સમકિતમાં આવ્યા પછી. એને એમ કહેવું હતું કે, (જે) સમકિત પામે છે અને કેવળજ્ઞાન પામે છે એને કેવળજ્ઞાનાવરણીય હોય. પણ કેવળજ્ઞાન નથી પામતા એને કેવળજ્ઞાનાવરણીય ન હોય ! આમાં શું કીધું કાંઈ સમજાણું ? ભાઈ ! એણે એમ પ્રશ્ન મૂક્યો.... એણે મને '૮૦માં ચોપડી મોકલી હતી. પછી '૮૫માં ભેગા થયા ત્યારે વાત કરી કે, 'તમારી આ વાત ખોટી છે.' હું હોઉં તો કોઈ વ્યાખ્યાન વાંચી શકે નહિ ! સાંભળે બધાં બેસીને ! (એમણે) કહ્યું કે, 'કેવળજ્ઞાનાવરણીય અભવીને હોય નહિ.' કેમ (ન હોય) ? (કેમકે) એને કેવળજ્ઞાન થતું નથી. મેં કહ્યું, 'જૂઠી વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે !' (પછી મેં પૂછ્યું કે), 'તો અભવીને કેટલી (પ્રકૃતિ) હોય ?' તો કહે, 'ત્રણ (હોય).' મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય (એમ) ત્રણ હોય. (મનઃપર્યય અને કેવળજ્ઞાનાવરણીય) બે ન હોય. સાંભળ્યું ભાઈ ? મેં કહ્યું, 'અભવીને પણ પાંચ પ્રકૃતિ હોય.' કેમકે અંદર એનું કેવળજ્ઞાનસ્વરૂપ છે. એટલે કેવળજ્ઞાનસ્વરૂપ અને કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ અભવીને પણ છે, ભાઈ ! ઝીણી વાત છે બાપા ! **આ તો અંદર પૂર્વના સંસ્કાર હતા તે અંતરથી આવતું હતું !** આ તો પચાસ વર્ષ પહેલાંની વાત છે ! એ કહે કે, જેને કેવળજ્ઞાન ન થાય એને કેવળજ્ઞાનાવરણીય હોય નહિ ! કારણ કે એને અંદર કેવળજ્ઞાન ક્યાં છે ! મેં કહ્યું, જૂઠી વાત છે ! અભવીને પણ પાંચ આવરણ છે. મતિઆવરણ, શ્રુતઆવરણ, અવધિ, મનઃપર્યય અને કેવળ(જ્ઞાન આવરણ). (અભવીને કેવળજ્ઞાન) થતું નથી, એ જુદી વાત છે, પણ આવરણ પાંચ છે. અને અંદર કેવળજ્ઞાન(સ્વરૂપ) છે. આ તો '૮૫ની અને '૭૧ની બધી જૂની વાતો પહેલાં પણ કહી હતી, આહા..હા...! પછી સામે બોલે નહિ. બીજા ભાઈ કહે, 'કાનજીમુનિ શું કહે છે, સાંભળો ! નહિતર લોકો તમારું નહિ માને ને એમનું માનશે ! એની પ્રસિદ્ધિ છે !' આ તો '૮૫ની વાત છે, હોં ! પંદર-સોળ વરસની દિક્ષા ! આહા...! મેં કહ્યું, 'એમ નથી, અભવીને પણ કેવળજ્ઞાનાવરણીય છે.' મારે આમાં શું સિદ્ધ કરવું છે એ સમજાય છે આમાં ? (કે), કેવળજ્ઞાન છે, સર્વજ્ઞપણું છે એનામાં ! તેથી કેવળજ્ઞાનાવરણીય છે, આહા..હા...! મનઃપર્યયજ્ઞાન થતું નથી માટે મનઃપર્યયજ્ઞાનાવરણ ન હોય. (પરંતુ એમ નથી). પાંચેય છે. અભવીને પણ પાંચેય છે અને ભવીને (પણ પાંચેય છે). પછી બોલે નહિ. પુસ્તક છપાવેલા એમાં છાપી દીધેલું કે, અભવીને ત્રણ પ્રકૃતિ હોય અને બે ન હોય. અનાદિથી ભવીને સત્તાવીસ હોય અને અભવીને છવ્વીસ હોય. મેં કહ્યું, સત્તાવીસ હોય નહિ. અનાદિની છવ્વીસ જ હોય. (એમનું એમ કહેવું હતું કે) મિશ્ર અને સમકિત (મોહની) બન્ને હોય ને તો એ સમકિત પામી શકે. મેં કહ્યું, એ પ્રશ્ન ખોટો છે. ન્યાય સમજાય છે આમાં કાંઈ ? આહા..હા...! અભવી અને ભવી–બધાં જીવો સર્વજ્ઞસ્વરૂપી જ છે, આ..હા..હા...!

લોકોને નિર્ણય કરવો નથી. સત્ય વસ્તુ શું છે ? ભગવાન શું કહે છે ? અને વસ્તુનો સ્વભાવ પણ શું છે ? (એનો) એણે તટસ્થ (થઈને), મધ્યસ્થ (થઈને) નિર્ણય કરવો જોઈએ. બાપુ ! આવા વખત કે દિ' મળશે ? આહા...!

અભવીને તમે છવ્વીસ પ્રકૃતિ કહો છો ને ભવીને સત્તાવીસ (પ્રકૃતિ) કહો છો, એ પણ ખોટું (છે) અને અભવીને ત્રણ આવરણ છે અને ભવીને પાંચ આવરણ છે, એ પણ ખોટું ! વાત સમજાય છે ? કેમ (બધાં જીવોને પાંચેય આવરણ છે ?) (કેમકે) જ્યારે કેવળજ્ઞાનાવરણીય છે તો અંદર કેવળજ્ઞાન શક્તિ–સર્વજ્ઞ શક્તિ છે. તેથી તેને આવરણ છે. નિશ્ચયથી તો પોતાની હીણી દશા તે આવરણ છે. પણ કેવળજ્ઞાનાવરણીય નિમિત્તથી આવરણ કહેવામાં આવે છે, ભાઈ !

આપણે અહીંયાં એ પ્રશ્ન ઊઠ્યો હતો. 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં (આવે) છે ને કે, 'અપૂર્વ પુદ્‌ગલની શક્તિ કે જે કેવળજ્ઞાનાવરણીએ કેવળજ્ઞાનને રોક્યું !' એવો પાઠ છે. પુસ્તક હોય તો બતાવીએ. 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા' છે. (એમાં) એવો પાઠ છે (તો કોઈએ કાઢ્યું હતું કે) 'જુઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ પુદ્ગલની (શક્તિ) !' (મેં કહ્યું) પુદ્ગલની શક્તિ એટલે આવરણ છે, એમ અહીંયા નથી કહેવું. અહીંયાં તો કહેવું છે કે, પરમાણુઓમાં નિમિત્તપણે કેવળજ્ઞાનાવરણીય(રૂપે) પરમાણુ પરિણમે છે, એવી પર્યાય એને જ હોય છે. એવી પર્યાય પુદ્ગલમાં બીજે હોતી નથી. શું કીધું સમજાણું કાંઈ આમાં ? આવું ને આવું (સમજે)...! 'પુદ્ગલની અપૂર્વ કેવળજ્ઞાનાવરણીય શક્તિ કે જે કેવળજ્ઞાનને આવરે !' એમ પાઠ છે. એનો અર્થ કે, નિમિત્તથી કથન છે. એ કેવળજ્ઞાનાવરણીય નિમિત્ત છે, અને અંદર પોતે હીણા ભાવપણે પરિણમે છે, એવું ભાવકર્મ છે, ત્યારે પેલું (કર્મ) નિમિત્ત (કહેવામાં આવે) છે. પણ એટલું લાંબું–લાંબું ન કહેતાં એમ કહેવામાં આવે. એક વાત (થઈ).

બીજી વાત કે, જગતમાં ઘણા પ્રકારે પરમાણુઓ પરિણમે છે, એમાં જે કેવળજ્ઞાનાવરણીયપણે પરિણમે છે એ કોઈ અલૌકિક રીતે (પરિણમે) છે ! સમજાણું કાંઈ ? બીજા પરમાણુઓ ગમે તે રીતે પરિણમે–મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીયપણે, શાતા–અશાતા(પણે પરિણમે) પણ પરમાણુમાં કેવળજ્ઞાનાવરણીય જે પર્યાય થાય, એ એવી કોઈ પરમાણુ(ની) પર્યાયમાં શક્તિ (છે), આ..હા..હા...! કે, અહીં કેવળજ્ઞાન છે તેના આવરણમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા...! આવી લાંબી વાતું...! મોટી ચર્ચા થઈ હતી !

અહીં તો એમ સિદ્ધ કરવું છે કે, ભગવાન કેવળજ્ઞાન વડે ભૂત અને ભવિષ્યની પર્યાયો વિદ્યમાન નથી છતાં તેને જાણે છે, તેથી (તે પર્યાયો) અવિદ્યમાન હોવા છતાં, જાણવાની અપેક્ષાએ તે વિદ્યમાન છે તેમ કહેવામાં આવે છે, આ..હા..હા...! સમજાય છે કાંઈ ? તેથી તો એમ કહ્યું કે, એ ન્યાય છે કે, આ આત્મા અને પરમાણુઓ આદિ છ દ્રવ્ય છે એની અનંતી પર્યાયો વીતી ગઈ, એ અત્યારે નથી. વર્તમાન એક સમયની અનંતી (પર્યાયો) છે. એક સમયની એક (પર્યાય) છે પણ એક ગુણની એક છે, પણ અનંત ગુણની અનંતી છે. અનંતી એવી પર્યાય વીતી ગઈ, નષ્ટ થઈ ગઈ. અને હજી અનંતી પર્યાય અનુત્પન્ન છે. ભવિષ્યની પર્યાય ઉત્પન્ન થઈ નથી. છતાં એ અપેક્ષાએ તેને અસદ્ભૂત, અભૂતાર્થ એમ કહેવામાં આવે. છતાં તે જ્ઞાનનો એવો સ્વભાવ છે (એટલે કે) કેવળજ્ઞાનનો એવો સ્વભાવ છે... આ..હા..હા...! કે, એ અવિદ્યમાનને પણ વર્તમાન ભૂતાર્થ તરીકે જાણે (છે). 'છે' એમ એ જાણે છે, આ..હા..હા...! સમજાણું કાંઈ ? અરે...! આવો નિર્ણય કરે ત્યાં તો એને સર્વજ્ઞસ્વભાવી (પોતાના આત્માનો) નિર્ણય થઈ જાય ! વાત પણ લોકોને રુચવી (કઠણ છે). મૂળ તો આ છે. જૈનદર્શનનું મૂળ તો આ છે.

(એક લેખમાં) નાખ્યું છે ને ! (એમાં) 'દાર્શનિક' શબ્દ છે, હોં ! વાસ્તવિક દર્શન–જૈનદર્શનની દાર્શનિક ઉપલબ્ધિની પ્રાપ્તિ છે. 'ક્રમબદ્ધ' એ તો જૈનદર્શનની દાર્શનિક પ્રાપ્તિ છે !! એમાં તો કેવળદર્શન, કેવળજ્ઞાન અને પદાર્થની વ્યવસ્થિત સ્થિતિ સિદ્ધ થાય છે. આહા..હા...! ત્રણ બોલ મૂક્યા છે. 'ઇસ મહાન દાર્શનિક ઉપલબ્ધિકો વ્યર્થ વાદવિવાદને સામાજિક વ રાજનીતિકા વિષય બના લિયા હૈ. યહ એક શુદ્ધ દાર્શનિક વિષય હૈ. યહ વાદવિવાદ એવં હંસી–મજાકકા વિષય નહીં હૈ.' (અર્થાત્) તમે તો થવું હોય તે થાશે...! એવા માનનારા છો ! એમ કહીને મશ્કરી કરે ! 'ઇસ પર વિશુદ્ધ દાર્શનિક એવં આધ્યાત્મિક દૃષ્ટિકોણસે વિચાર કિયા જાના ચાહિયે.' વિચાર કરવો જોઈએ. એમને એમ પંડિતોએ માની લેવું, એમ નહિ. જૈનદર્શન એ કોઈ સંપ્રદાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. જૈનદર્શન એ વસ્તુનું દર્શન છે. વિશ્વ જેવું છે, (જેવું એનું) સ્વરૂપ છે, એને જાણ્યું છે, એવું એમણે કહ્યું છે અને એ રીતે માર્ગને સાધવો. કેમકે ભૂતાર્થ ત્રિકાળ વસ્તુ જે છે એનો આશ્રય લેવો એ જૈનદર્શનનું તાત્પર્ય છે. 'ક્રમબદ્ધ'(નો) નિર્ણય કરવામાં પણ ભૂતાર્થ છે તેનો આશ્રય કરતાં 'ક્રમબદ્ધ'નો નિર્ણય થાય છે. ભાઈ ! આ..હા..હા....! અગિયારમી ગાથા ('સમયસાર') ! '**भूदत्थमस्सिदो खलु**' ! આ..હા..હા....! એક સમયમાં 'ભૂતાર્થ' (વસ્તુ છે). 'ભૂત'... 'ભૂત'... એટલે ભૂત વળગ્યું છે, એ નહિ ! આ 'ભૂત' એટલે છતી ચીજ, આહા...! છતો પદાર્થ ! સકળ નિરાવરણ અખંડ એક પ્રભુ આત્મા ! આ..હા..હા...! એ જૈનદર્શનનું રહસ્ય અને તત્ત્વ છે ! આ..હા..હા...!

એક (વિદ્વાને એક) ઠેકાણે લખ્યું છે કે, 'ક્રમબદ્ધપર્યાયકી બાત પહલે હમારે ધ્યાનમેં નહીં આયી.' અત્યાર સુધી એ શબ્દ જ (ધ્યાનમાં) નહોતો આવ્યો. 'ઔર વહ ઇસ યુગમેં એક ઐસે વ્યક્તિકે માધ્યમસે પ્રસ્તુત હુઈ...' (એટલે) અહીંથી ('પૂજ્ય ગુરુદેવશ્રી'થી). '...ઇસ યુગમેં એક ઐસે વ્યક્તિકે માધ્યમસે પ્રસ્તુત હુઈ જિસે હમ કિસી કારણવશ પસંદ નહીં કરતે,...' (એટલે એમ કે) ઢૂંઢીયામાંથી નીકળેલા... આ વ્યક્તિએ વળી ક્રમબદ્ધ કાઢ્યું ! અને નહિ પંડિત, નહિ વિદ્વાન કે નહિ ભણેલા સંસ્કૃત કે વ્યાકરણ...! '...તો ઇસકા મતલબ યહ તો નહીં હોના ચાહિયે કિ હમ સર્વજ્ઞકી ભવિષ્યજ્ઞતાસે ભી ઇન્કાર કર અપને પૈરોં પર હી કુલ્હાડી માર લેં !' ભવિષ્યની જે સમયે જે પર્યાય થવાની તે ભગવાન અત્યારે જ જાણે છે. જો તું ભવિષ્યની (જે) પ્રમાણે (પર્યાય થવાની) છે એ પ્રમાણે થાય, એમ ન માન તો સર્વજ્ઞ ઉપર કુહાડો પડે છે !! તારા પગમાં કુહાડો પડે છે !! સમજાય છે કાંઈ ? આહા..હા...! ઝીણી વાતું બહુ, બાપુ !

લોકો, જૈનદર્શન શું છે ? (એ) કાંઈ સમજે નહિ ને એમને એમ (ચાલે રાખે છે) ! જે વાડામાં જન્મ્યા (તેવી માન્યતા કરી લીધી). જે કુળમાં જન્મ્યા અને જેનો સંગ (થયો) એને માન્યું, થઈ રહ્યું...! વ્યર્થ જિંદગી ગુમાવી !! આહા...!

અહીં એ કહ્યું '...ઇન્કાર કર અપને પૈરોં પર હી કુલ્હાડી માર લેં ! ઇસ આત્મઘાતી કદમ ઊઠાને કે પૂર્વ,...' એ 'આત્મઘાતી કદમ' છે !! 'ક્રમબદ્ધ'નો નિષેધ કરનારો સર્વજ્ઞનો નિષેધ કરે છે ! કેવળજ્ઞાની ત્રણકાળ જાણે તેનો નિષેધ કરે છે !! આહા...! '...યહ આત્મઘાતી કદમ ઊઠાને કે પૂર્વ ચિંતકવર્ગસે એકબાર પુનઃ વિચાર કર લેનેકા સાનુરોધ આગ્રહ હૈ.' વિચાર કરો ! એક વાર વિચાર કરો.. વિચાર કરો...!! એમને એમ ન માનો. એક વ્યક્તિએ કીધું માટે અમારે માની લેવું ! અમારા આટલા–આટલા સાધુ થઈ ગયા (અને) અત્યારે કોઈ કહેતા નથી ને (આમનું માની લેવું ?!) આહા...! બહુ સારું લખ્યું છે !

આ..હા..હા...! અહીં એ કહે છે, '**હવે અવિદ્યમાન પર્યાયો,...**' છે ને માથે ? 'અવિદ્યમાન' એટલે ભૂતકાળની અત્યારે છે નહિ, ભવિષ્યની ઉત્પન્ન થઈ નથી, એને '**...(પણ) કથંચિત્ (–કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ),...**' એટલે ? કે, ત્યાં ભૂત(કાળની પર્યાયો) અત્યારે નથી અને ભવિષ્યની છે નહિ, પણ જ્ઞાનનો એવો કોઈ સ્વભાવ છે કે, જે આમ થશે, જે થઈ (ગઈ) જે વખતે, એવું જ અહીં જાણે છે !! એ અપેક્ષાએ (એટલે) જ્ઞાનની અપેક્ષાએ તેને 'ભૂતાર્થ' કહેવામાં આવે છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? Logic–ન્યાય બહુ ઝીણા છે, ભાઈ ! જૈનદર્શન કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અપૂર્વ ચીજ છે !! જગતમાં કોઈ બીજો છે નહિ !! જૈનદર્શન સિવાય કોઈ ધર્મ ત્રણકાળમાં સત્ય છે નહિ. સમજાણું કાંઈ ?

એ અહીં કહે છે. માથે મથાળું ચાલે છે. '**અવિદ્યમાન પર્યાય,...**' 'અવિદ્યમાન' એટલે 'નથી.' ભૂત(કાળ)ની નથી ભૂત (એટલે) ગયાકાળની, ભવિષ્યની નથી. એનું પણ... એમ છે ને ? જુઓને ! (સંસ્કૃતમાં છે) '**अथासद्भूतपर्यायाणां कथंचित्सद्भूतत्वं विदधाति-**' (અર્થાત્) કોઈ અપેક્ષાએ એટલે કે 'છે' એમ કહીએ છીએ. (કોઈ) અપેક્ષાએ એટલે જ્ઞાન આમ જાણે (છે), બધું પ્રત્યક્ષ જાણે છે. માટે 'નથી' તેને અમે 'છે' એમ કહીએ છીએ ! આ..હા..હા...!

(હવે) ૩૮ ગાથા :--

**जे णेव हि संजाया जे खलु णट्ठा भवीय पज्जाया।**
**ते होंति असब्भूदा पज्जाया णाणपच्चक्खा।।३८।।**

આ..હા..હા...! શું ગાથા છે !! જૈનદર્શનના પ્રાણ છે !!

હરિગીત :--

**જે પર્યયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,**
**તે સૌ અસદ્ભૂત પર્યયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮**

આ..હા..હા...! ભગવાન પરમેશ્વરના મહામંત્રો છે !! આ..હા..હા...! અમે આમ કરીએ ને અમે આમ કરીએ ને આમ કરી દઈએ ને કો'કનું કરી દઈએ ને મારી પર્યાય પણ હું ફેરવી દઉં ને... આ..હા..હા...! એ બધાં અભિમાનના ઝેર ઉતારવાના આ મંત્ર છે !! સર્પના ઝેર ઉતારવાનો મંત્ર હોય છે ને ! એમ આ મિથ્યાત્વના ઝેર ઉતારવાના મંત્ર છે !! આ..હા..હા...!

**ટીકા :--** '**જે (પર્યાયો),...**' 'પર્યાય' સમજાય છે ? (પર્યાય એટલે) અવસ્થા. દરેક દ્રવ્ય અને ગુણ ત્રિકાળ રહે છે અને અવસ્થા ક્ષણે.. ક્ષણે.. ક્ષણે.. ક્ષણે... પલટે છે. ક્રમસર પલટે છે. એક પછી એક... એક પછી એક... એક પછી એક... લોકો ગયાકાળની (પર્યાયોને કેવળજ્ઞાન જાણે) એમ માને. ગયાકાળની સમયે–સમયે થઈ છે એ બરાબર, માટે એને માને. પણ ભવિષ્યની થઈ નથી, જે સમયે (થવાની) તે જ થશે, એવું માનવું કઠણ પડે છે. કારણ કે ગયાકાળની જે પર્યાયો થઈ ગઈ, થઈ ગઈ તે તો જે સમયે થઈ હતી તે (તો) તે સમયે (જ) થઈ હતી. એટલે એને તો ઠીક (છે કે) ક્રમબદ્ધ માનો. પણ ભવિષ્યની જે સમયે થશે તે જ સમયે થશે, આઘી–પાછી નહિ, આ..હા..હા...! એનું જે માનવું એ લોકોને કઠણ પડે (છે). તેથી તે સર્વજ્ઞને પણ ઉડાડે !! કારણ કે સર્વજ્ઞ જ ભવિષ્યની બધી પર્યાયો નથી છતાં જ્ઞાનમાં પ્રત્યક્ષ (જાણે) છે, આ..હા..હા...! એ જ્ઞાનનો–કેવળજ્ઞાનની પર્યાયનો કોઈ અલૌકિક ચૈતન્યસ્વભાવ (છે) કે, એક સમયની પર્યાય સિવાય અનંતકાળ(ની) ભવિષ્યની કોઈ પર્યાય વર્તમાનમાં નથી. છતાં આ ભગવાનના જ્ઞાનમાં જાણે આમ વર્તમાન છે તેમ એ જાણે છે !! ત્યારે (વળી) એ પ્રશ્ન આવ્યો હતો કે, '(જે પર્યાય) નથી તેને (પ્રત્યક્ષ) જાણે એ તો વિપરીત થયું !' અરે...! પણ સાંભળ તો ખરો ! એ તો ત્યાં ઉત્પન્ન થઈ નથી, એ અપેક્ષાએ નથી. પણ જ્ઞાનમાં તો, જે વખતે ઉત્પન્ન થશે તેવું જ અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન થયું છે, આ..હા..હા...! આવી વાતું છે ! બહુ આકરું કામ ! આહા..હા...! ભવિષ્યની જે સમયે જે પર્યાય થશે તે સમયે થશે, એ માનવું લોકોને (કઠણ પડે છે). પણ એનો અર્થ એવો છે પ્રભુ ! જુઓ ! (અહીં શું કહે છે ?)

'**જે (પર્યાયો) અદ્યાપિ ઉત્પન્ન થયા નથી,...**' છે ને ? ભવિષ્યની...! ભવિષ્યની પર્યાયો વર્તમાનપણામાં નથી, ઉત્પન્ન થઈ નથી. કાલે જે પર્યાય થવાની એ અત્યારે ઉત્પન્ન થઈ નથી. એટલે કે એ પર્યાયો 'અદ્યાપિ' (અર્થાત્) અત્યાર સુધી ઉત્પન્ન થયા નથી '**...તથા જે ઉત્પન્ન થઈને વિલય પામી ગયા છે,...**' પર્યાયો ઉત્પન્ન થઈને વિલય થઈ ગઈ છે, આહા..હા...! વિલય થઈ છે એ વર્તમાન પર્યાય નથી એ અપેક્ષાએ (કહ્યું છે). બાકી (જે) પર્યાય વિલય થઈ છે એ ગઈ છે દ્રવ્યમાં. આહા..હા...! પણ વર્તમાન વિલય છે ને (એટલે વિલય થઈ ગઈ, એમ કહ્યું છે). ગયા કાળની પર્યાય વર્તમાન નથી. એ વિલય થઈ ગઈ છે. અને ઓલી (ભવિષ્યની) ઉત્પન્ન થઈ નથી.

'**...તે (પર્યાયો), ખરેખર અવિદ્યમાન હોવા છતાં,...**' ભાષા પાછી આમ જોઈ ! ખરેખર અભૂતાર્થ હોવા છતાં... આ..હા..હા...! ખરેખર નથી એમ હોવા છતાં–અવિદ્યમાન (હોવા) છતાં '**...જ્ઞાન પ્રતિ નિયત હોવાથી,...**' આ..હા..હા...! આ તે કાંઈ વાત (છે) !! પણ કેવળજ્ઞાનની પર્યાયમાં તો પ્રત્યક્ષ... પ્રત્યક્ષ... પ્રત્યક્ષ... જેમ વર્તમાન છે તેમ ભૂત અને ભવિષ્યની (પર્યાયોને) વર્તમાન દેખે છે, આ..હા..હા...! આ તે કાંઈ (વાત છે) !! એ ચૈતન્યના ચમત્કારી પર્યાયનું સામર્થ્ય છે !! આ..હા..હા...!

જે પર્યાયો ઉત્પન્ન થઈ નથી અને ઉત્પન્ન થાય છતાં દ્રવ્યમાં તો જેટલી શક્તિ છે તેટલી કાયમ રહે !! પર્યાય ઉત્પન્ન થઈ માટે પૂર્ણ (સ્વરૂપ) છે એમાં કંઈ ખામી આવી, (એમ નથી). આ પણ કંઈ અચિંત્ય વાત છે ને !!

અહીં તો કહે છે, પ્રભુ ! માર્ગ પ્રભુનો એવો છે...! આહા...! જડ અને ચૈતન્ય છએ દ્રવ્યની ભૂતકાળની દશાઓ અને છએ દ્રવ્યની ભવિષ્યની દશાઓ–અનુત્પન્ન અને વિનષ્ટ (એવી પર્યાયો) એ અપેક્ષાએ અસદ્ભૂત હોવા છતાં... આ..હા..હા...! (તેને પ્રત્યક્ષ જાણે છે) !! પ્રભુ ! પણ તારી શક્તિ એવી છે ને ! આ..હા..હા...! દ્રવ્યની શક્તિ એવી છે ને પર્યાયની શક્તિ એવી છે !! આ..હા..હા...! દ્રવ્યની શક્તિ હોય તો પર્યાયની શક્તિમાં આવે ને ! આહા..હા...!

જ્ઞાનની એક સમયની પર્યાય વિનષ્ટ–અવસ્થાઓ થઈ ગઈ અને ઉત્પન્ન થઈ નથી, એ અપેક્ષાએ તેને અવિદ્યમાન કહીએ. પણ જ્ઞાનની અપેક્ષાએ પ્રભુ ! અમે પ્રત્યક્ષ કહીએ (છીએ) !! આ..હા..હા...! પણ જ્ઞાનનો કોઈ એવો સ્વભાવ (છે)... આ..હા..હા...! કેવળજ્ઞાનની પર્યાયનો એવો કોઈ સ્વભાવ (છે)... આ..હા..હા...! ખરેખર અવિદ્યમાન (હોવા) છતાં તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ, વર્તમાન, ભૂતાર્થ છે.

અહીં પોતાની પર્યાય પણ થઈ નથી એને પણ કેવળજ્ઞાન (જાણે છે). ભવિષ્યની અનંતી પર્યાયો થઈ નથી એને પણ કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે, આ..હા..હા...! કેવળજ્ઞાન પણ એક સમયે, બીજે સમયે, ત્રીજે (સમયે)... નવું–નવું થયા જ કરે છે ને ! જે (પર્યાય) હજી થઈ નથી તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે, એમ જાણે છે ! એ જ્ઞાનની અપેક્ષાએ તેને ભૂતાર્થ કહેવામાં આવે છે. ઘણી ઝીણી વાત છે, ભાઈ ! અહીં 'સોનગઢ'માં આ વાત ન થાય તો (બીજે) ક્યાં થાય ભાઈ ?

આ..હા..હા...! ભગવાન ! તું એવો (છો), તારું એવું સામર્થ્ય અંદર છે કે, ભૂત અને ભવિષ્યની પર્યાય ન હોય છતાં પણ, જ્ઞાનમાં નિર્ણય કરવા જાય તો એ શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ (એ) પરોક્ષ છે, કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ છે. પણ પરોક્ષ પણ પ્રમાણ છે ને ! શું કહ્યું સમજાય છે ? આહા...! કેવળજ્ઞાનની પર્યાયમાં, નથી અને ઉત્પન્ન થઈ નથી, થઈ ને ગઈ અને નથી થઈ, એ અપેક્ષાએ તો ખરેખર અવિદ્યમાન છે. પણ તે જ્ઞાન એવું છે કે જ્ઞાન તેને પ્રત્યક્ષ કરે છે ! માટે તેને વ્યવહારે 'ભૂતાર્થ' કહેવામાં આવે છે. (પણ) 'છે' એ વ્યવહાર ! આ..હા..હા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ ! ઓલું તો વ્રત કરવા ને તપસ્યા, અપવાસ કરવા ને ચહુવિયાર કરવો... એ.. ધર્મ થઈ ગયો ! છ પરબે બ્રહ્મચર્ય પાળવું, છ પરબે કંદમૂળ ન ખાવા... બાપા ! એ બધી વાતું... 'આ હું છોડું છું ને આ હું ખાઉં છું' એ બધી જડની ક્રિયા (છે). (તે) 'હું કરું છું', એ માન્યતા જ મિથ્યાત્વ છે ! આ..હા..હા...!

આહા...! અહીંયાં તો (એમ કહે છે કે) કેવળજ્ઞાન અને તારી શ્રુતજ્ઞાનની પર્યાય પણ જે દ્રવ્યની પર્યાય થઈ ને ગઈ અને થઈ નથી, તેને શ્રુતજ્ઞાનની પર્યાય પરોક્ષ રીતે છે એમ ઘટાવે છે. પરોક્ષ પણ પ્રમાણ છે ને ! આ..હા..હા...! સમજાણું કાંઈ ?

(હવે કહે છે) '**...જ્ઞાન પ્રતિ નિયત હોવાથી (જ્ઞાનમાં નિશ્ચિત–),...**' જ્ઞાનમાં તો નિશ્ચિત છે, નિશ્ચય છે. (વર્તમાનમાં) નથી માટે જ્ઞાનમાં વ્યવહાર છે, એમ નથી. આહા..હા...! જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં ક્રમબદ્ધ જે પર્યાય થવાની અને થઈ ગઈ એ જ્ઞાનમાં નિશ્ચિત છે. '**(...જ્ઞાનમાં નિશ્ચિત–સ્થિર–ચોંટેલા હોવાથી,...)**' આ..હા..હા...! એ પર્યાયો જાણે જ્ઞાનમાં ચોંટી ગયા હોય ! આ..હા..હા..! એક સમયનું (કેવળ)જ્ઞાન બાપુ ! એ શું છે ભાઈ ! આ..હા..હા...! સમય એક જાણે ત્રણકાળ ! સમય એક–વર્તમાન અને જાણે ત્રણકાળ !! આહા..હા...! બાપુ ! નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વ–કેવળજ્ઞાનતત્ત્વનો નિર્ણય કરવો (પડશે), ભાઈ ! મોક્ષ તત્ત્વ છે ને ? કેવળજ્ઞાન..! આ..હા..હા...! એ થાય છે દ્રવ્યના આશ્રયે, પણ થયેલી પર્યાયનું એટલું સામર્થ્ય છે (કે બધાંને) પ્રત્યક્ષ જાણે છે.

'**(...ચોંટેલા હોવાથી, જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી),...**' (અર્થાત્) નથી છતાં જ્ઞાનમાં સીધા જણાય છે, આ..હા..હા...! આ..હા..હા...! આમ 'છે' એમ જ્ઞાનમાં સીધા જણાય ! આહા..હા...! પ્રભુ ! તારા પર્યાયમાં ચૈતન્યનો સ્વભાવ તો જો !! આહા..હા...! સીધા.. જ્ઞાનમાં સીધા (જણાય છે). (કોઈ) એમ કહે કે, થશે ત્યારે જાણશે, વર્તમાનમાં થશે ત્યારે જાણશે, એમ નહિ. વર્તમાનમાં થયા નથી તેને 'સીધા' જાણે છે, આ..હા..હા...! આડ મારીને થશે એમ નહિ, (પણ) સીધા જાણે છે, આહા..હા...! આ નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વ–કેવળજ્ઞાનતત્ત્વનો નિર્ણય કરાવે છે ! આ..હા..હા...! જોકે છે તો પર્યાયનો નિર્ણય, પણ પર્યાયનો નિર્ણય દ્રવ્યના આશ્રયે થાય છે. પર્યાયનો નિર્ણય પર્યાયને આશ્રયે ન થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! કેવળજ્ઞાનનો નિર્ણય કરવા જાય કે એની એક સમયની પર્યાય અનંત... અનંત... પર્યાય ઉત્પન્ન થઈ નથી અને અનંત ઉત્પન્ન થઈને ગઈ છે તેને જ્ઞાનની પર્યાય સીધી જાણે છે. 'સીધી જાણે છે...!' આ..હા..હા...! એટલે કે વર્તમાન જેમ છે એમ સીધું જાણે છે, આ..હા..હા...! આ વર્તમાન પર્યાય છે માટે પછી ભવિષ્યમાં ક્રમે કરીને થશે, એમ અનુમાન કે આડકતરી રીતે જાણતો નથી. એમ કહે છે, આ..હા..હા...!

જ્ઞાનમાં, એક સમયની પર્યાયમાં સીધું જાણે છે. અનંત કાળ પછી જે પર્યાય થશે એને જ્ઞાન સીધું (અર્થાત્) પ્રત્યક્ષ જાણે છે ! આ..હા..હા...! શું કહે છે આ ! વિચાર અને મંથન કરવાની આ વાત છે ! આહા..! એમને એમ માની લે એ કાંઈ વસ્તુ નથી. અંદરમાં આ વાસ્તવિક સ્વભાવ છે (એનો નિર્ણય કરવો).

(જે પર્યાયો) થઈ ગઈ અને થશે તેને જ્ઞાનનો એવો કોઈ સ્વભાવ છે (કે), સીધું (જાણે છે) !! આ વર્તમાન છે તો પછી (ભવિષ્ય) હશે, વર્તમાન છે તો ભૂતકાળ હશે, એમ (નથી જાણતું). સમજાણું કાંઈ ? આ..હા..હા...! ધન્ય ભાગ્ય ! વીતરાગની આવી વાણી મળે, બાપુ !

તેથી તો 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં એમ કહ્યું છે ને ! ભગવાન, ઇન્દ્ર અને જિનેન્દ્ર જે સમયે જેની પર્યાય થશે, જે રીતે, જે ક્ષેત્રે, જે કાળે, જે નિમિત્તમાં જે પ્રકારે (થવાની હશે તે પ્રકારે થશે). તે પ્રકારે માને તો તે સમકિતદૃષ્ટિ છે અને એથી વિરુદ્ધ માને તો મિથ્યાદૃષ્ટિ છે. 'સ્વામીકાર્તિકેય !' સમજાણું કાંઈ ? 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં ૩૨૧--૩૨૨ ગાથા (છે). આ..હા..હા...! ભાઈ ! આ તો વસ્તુનો સ્વભાવ જ આવો છે ને પ્રભુએ કહ્યો છે.

એ એક વાર 'ગજપંથા'માં પ્રશ્ન થયો હતો. (ત્યાં) એક શ્વેતાંબર સાધુ હતા. અમારું વાંચેલું અને બધી વાતો કરતો હતો. અમે ગયા ત્યારે આવ્યા, પગે લાગ્યા, પણ પછી આવ્યા નહિ. અમારે તો સાંજે જાવું હતું (એટલે પછી) બારણાં બંધ કરીને બેઠા હતા. (અમે ગયા ત્યારે) પગે લાગ્યા. મેં કહ્યું 'શાસ્ત્રમાં પાઠ છે કે કાળે મુક્તિ થાય અને અકાળે મુક્તિ થાય, (એમ) બે પાઠ છે. ('પ્રવચનસાર') ૪૭ નયમાં (આવે છે). કાળે પણ મૃત્યુ થાય અને અકાળે પણ મૃત્યુ થાય, (તેનું) શું છે ?' (તેમણે કહ્યું) 'મેં કાંઈ વિચાર કર્યો નથી.'

'પ્રવચનસાર'માં એવો પાઠ છે કે, કાળે પણ મોક્ષ થાય અને અકાળે પણ મોક્ષ થાય. પણ એમ જ માને કે જે સમયે થવાનું તે થવાનું. તો આ અકાળે મોક્ષ થાય, એમ કહ્યું છે. (એનો અર્થ એમ છે કે) કાળે (મોક્ષ) થતા વખતે સ્વભાવ, પુરુષાર્થ છે તેને અકાળ કહેવામાં આવે છે. વાંચી–વાંચીને બેસાડ્યું હતું, ન્યાયથી અંદર બેઠું નહોતું. (મેં કીધું) કાળે પણ મોક્ષ થાય અને અકાળે પણ મોક્ષ થાય. (એવો) પાઠ છે. જે કાળે, જે સમયે (મોક્ષ) થવાનો તે થવાનો. છતાં અકાળે મુક્તિ (પણ આવે) છે. છે ને આમાં ? આમાં છે ? આ 'પ્રવચનસાર' છે ને ? ૩૦ અને ૩૧ (મો નય છે). ૪૯૮ પાનું છે.

**'આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે,...'** છે ? **'...ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. (કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક).'** (૩૦)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે,...'** ઠીક ! **'કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.'** (૩૧). શું છે આ ? એટલે અહીં પુરુષાર્થ અને સ્વભાવને ભેગો સ્થાપે છે. સમજાણું કાંઈ ? આ તો (સંવત) '૧૩(ની સાલની) વાત છે. અહીં તો પહેલેથી (આ વાત) ચર્ચાય છે ને ! એ આમાં છે આમાં–'વ્યવહારથી મુક્તિ થાય ને નિશ્ચયથી મુક્તિ થાય ને ક્રિયાનયથી થાય ને જ્ઞાનનયથી થાય' પણ આનો અર્થ શું ? તે જાતની યોગ્યતા તે સમયે ગણી. બાકી તો જે સમયે મુક્તિ થવાની, જે સમયે ભગવાને દીઠું તે સમયે તેમજ થવાનું. આઘો–પાછો થવાનો (નથી). પણ 'અકાળે (મુક્તિ)' કીધું એ (શું છે) ? (તે વખતે) સ્વભાવ છે, પુરુષાર્થ છે. એકલો કાળ નથી. અકાળે એટલે પુરુષાર્થ, સ્વભાવ, ભવિતવ્યતા અને ભાવ બધું ભેગું છે. એને 'અકાળ' કહેવામાં આવે છે. આહા..હા...! ઝીણી વાતું બહુ, બાપુ ! વીતરાગમાર્ગ ઝીણો બહુ, ભાઈ ! માણસને નવરાશ ન મળે...! આ..હા..હા...!

શ્રોતા :-- અકાળમૃત્યુ કહેવાય છે ને ?

સમાધાન :-- એમાં પણ એ જ છે. કર્મની સ્થિતિ એ પ્રમાણે ત્યાં પૂરી થવાની હતી, એ કારણે અકાળે કીધું. 'પદ્મનંદીપંચવિંશતી' ! 'અનિત્ય અધિકાર' આપણે કાલે વાંચ્યો હતો. એમાં એ આવ્યું – જે સમયે, જે પ્રકારે, જે ક્ષેત્રે દેહની (સ્થિતિ) પૂર્ણ થવાની તે થવાની. એક સમય આઘો–પાછો નથી. અને તમારે નથી કહેવાતું ? કે, 'પાંચમની છઠ થાય નહિ' ! કહેવાય છે કે નહિ ? પાંચમને દિવસે દેહ છૂટવાનો હશે તો પાંચમને (દિવસે જ છૂટશે), છઠ ત્રણકાળમાં (થવાની નથી), આ..હા..હા...!

અહીં કહે છે, આ..હા..હા...! શું વાત (છે) !! ગયા કાળની પર્યાય વર્તમાન(માં) નથી. અનંત.. અનંત.. અનંત.. અનંત... અનંત... કાળ(નું) ભવિષ્ય વર્તમાન(માં) નથી. એ અપેક્ષાએ ખરેખર તો અવિદ્યમાન જ છે. પણ જ્ઞાનનો કોઈ એવો સ્વભાવ છે કે, જેમ એ પ્રત્યક્ષ હોય, વિદ્યમાન હોય તેમ પ્રત્યક્ષ જાણે છે !! આ..હા..હા...! આવું કેવળજ્ઞાન ! બાપુ ! એની પર્યાયની આટલી તાકાત !! તો એના ગુણનું શું કહેવું ! અને અનંતગુણના પિંડ (એવા) દ્રવ્યનું શું કહેવું !! આ..હા..હા...! એ દ્રવ્યની દૃષ્ટિ !! એ દૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન થાય નહિ. આહા..હા...! પર્યાયની દૃષ્ટિ નહિ. કેવળજ્ઞાન છે એ પણ 'સદ્ભૂત વ્યવહારનય'નો વિષય છે.

એ વિષય પણ જ્યારે આવે છે કે, અવિદ્યમાનને પણ પ્રત્યક્ષ જાણે છે, એ શું છે, બાપુ !? નથી તેને પ્રત્યક્ષ જાણે છે કે, આ રહી !! એમ. આ..હા..હા...!

શ્રોતા :-- દ્રવ્યમાં તો શક્તિરૂપ યોગ્યતા રહેલી છે (એટલે જાણે છે) ?

સમાધાન :-- એ તો ત્રિકાળ (છે). એ પ્રશ્ન નથી. અહીં તો ભવિષ્યની જે પર્યાય થઈ નથી અને ભૂત(કાળની) થઈ ગઈ, તેને આમ પ્રત્યક્ષ જાણે છે કે, આ છે !! દ્રવ્યને જાણે (છે) માટે છે, એમ નહિ. આ જાણે છે માટે છે.

શ્રોતા :-- દ્રવ્યમાં શક્તિભૂત યોગ્યતા રહેલી છે...

સમાધાન :-- નહિ.. નહિ.. નહિ...! શક્તિરૂપ યોગ્યતા(ની વાત નથી). આ તો એની ગયા કાળની અને ભવિષ્યની પર્યાય અત્યારે નથી, તે જ્ઞાનમાં વર્તમાન પ્રત્યક્ષ જાણે છે. દ્રવ્યમાં ભવિષ્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શક્તિ છે, માટે જાણે છે, એમ નહિ. ભવિષ્યની જે સમયે, જે પ્રકારે (પર્યાય) થવાની તેને જ્ઞાન આમ પ્રત્યક્ષ જાણે છે !! આ તો બાપુ વીતરાગની વાતું (છે) !! આ..હા..હા..હા...! જિનેશ્વરદેવ, પ્રભુ પરમાત્મા... આ..હા..હા...! એના એક–એક વાક્યોની શ્રદ્ધા, એનું જ્ઞાન થવું, બાપુ ! એ કોઈ અલૌકિક વાત છે !! એ કોઈ સાધારણ વાત નથી. આહા..હા...!

એ (વાત) એક ફેરી કહી હતી કે, ભવિષ્યમાં (જે પર્યાય થશે) એ બધું વર્તમાનવત્ (કેવળજ્ઞાનને) નિમિત્ત થાય છે. ભવિષ્યમાં થશે માટે (અહીં કેવળજ્ઞાનમાં) નિમિત્ત થાય છે, એમ નહિ. આ..હા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! આ બધા પ્રશ્ન થઈ ગયેલા છે. એ દ્રવ્યની પર્યાય જે રૂપે થશે (તે પ્રમાણે જાણે છે). વર્તમાન યોગ્યતા છે તે વર્તમાનને જાણે છે માટે ભવિષ્યને જાણે છે, એમ નહિ. સમજાણું કાંઈ ? વર્તમાન દ્રવ્યમાં ભવિષ્યની યોગ્યતા છે અને ભૂતકાળની યોગ્યતા છે માટે એને જાણતાં, ભૂત–ભવિષ્યને જાણે (છે), એમ નહિ. આ તો એની પર્યાયોને જાણે છે. એ તો શક્તિને જાણે, એમ કીધું. આ..હા..હા...! ભાઈ ! આ વીતરાગમાર્ગ કોઈ ગંભીર છે !! આ..હા..હા...! અરે..રે...! આવો માર્ગ અલૌકિક છે, પ્રભુ !

(અહીંયાં કહે છે) એ પર્યાયો '**..(...જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી)...**' '**જ્ઞાન પ્રતિ નિયત**' એમ છે ને ? એનો અર્થ કર્યો છે. જ્ઞાન પ્રત્યે તો નિશ્ચય છે. ત્યાં ભલે નથી પણ જ્ઞાન પ્રત્યે તો નિશ્ચય છે, આ..હા..હા...! એ '**...જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા,...**' '**...જ્ઞાન પ્રતિ નિયત હોવાથી**' (અર્થાત્ જ્ઞાન પ્રત્યે નિશ્ચય હોવાથી '**...જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા,...**' એ 'જ્ઞાનમાં પ્રત્યક્ષ વર્તતા થકા' (એમ કહ્યું છે). (અર્થાત્) ભૂત અને ભવિષ્ય જ્ઞાનમાં પ્રત્યક્ષ વર્તતા થકા (એમ કહે છે). આ..હા..હા...! સમજાય છે ને ? આહા...! આવી વાત છે, બાપા ! આ..હા..હા...! ત્રિલોકનાથ, વીતરાગનું એક–એક વાક્ય (શબ્દ) કોઈ અલૌકિક છે !! લોકોને સાંભળવા મળ્યું નથી, આહા...! આ..હા..હા...! શું કહે છે ?

ગયા કાળમાં થઈને નષ્ટ થઈ ગયા, ભવિષ્યના ઉત્પન્ન થયા નથી, એ રીતે ખરેખર તો (તે પર્યાયો) અવિદ્યમાન જ છે, વર્તમાન નથી. પણ જ્ઞાનનો કોઈ એવો સ્વભાવ છે કે, જ્ઞાનમાં તે નિયત–પ્રત્યક્ષ જણાય છે, આ..હા..હા...! થશે ત્યારે જણાશે, એમ નહિ. તેમ દ્રવ્યમાં એવી યોગ્યતા છે માટે દ્રવ્યને જાણે, માટે ભવિષ્યની પર્યાય જાણે, એમ નહિ. આ..હા..હા...! આવો ઉપદેશ !! છે ?

'જ્ઞાન પ્રતિ' એટલે જ્ઞાન અને આત્મા (પ્રતિ) નિયત હોવાથી (અર્થાત્) નિશ્ચયથી સીધા જણાતા હોવાથી, જ્ઞાનમાં પરિણમીને સીધા જણાતા હોવાથી '**...જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા,...**' (પ્રત્યક્ષનો) નીચે અર્થ કર્યો છે. પ્રત્યક્ષ એટલે અક્ષ પ્રતિ. (તેની નીચે) અક્ષનો અર્થ છે. બે (અર્થ કહ્યાં છે) અક્ષ એટલે આત્મા ને અક્ષ એટલે જ્ઞાન. અક્ષ એટલે આત્મા અને અક્ષ એટલે જ્ઞાન. પ્રત્યક્ષ=અક્ષ પ્રતિ એટલે આત્મા પ્રત્યે (અને) જ્ઞાન પ્રત્યે. અક્ષની સામે એટલે આત્માની સામે (અને) જ્ઞાનની સામે. અક્ષની નિકટમાં એટલે આત્માની નિકટમાં (અને) જ્ઞાનની નિકટમાં. અક્ષના સંબંધમાં એટલે આત્માના સંબંધમાં (અને) જ્ઞાનના સંબંધમાં હોય એવું. અક્ષ = (૧) જ્ઞાન; (૨) આત્મા. સમજાણું કાંઈ ? ભાઈ ! આ કાંઈ કથા–વાર્તા નથી, આ..હા..હા...! આ તો અંદર વસ્તુનું સ્વરૂપ કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અચિંત્ય, અદ્‌ભુત (છે તેની વાત ચાલે છે) !! આ..હા..હા...! આવી રીતે ન માને તો એ કેવળજ્ઞાનને માનતો નથી.

કેટલાક તો કેવળજ્ઞાનમાં શંકા ઉઠાવવા લાગ્યા (કે), ભવિષ્યમાં થશે ત્યારે જાણશે, અત્યારથી ન જાણે ! 'ક્રમબદ્ધ'ની વાત મૂકી ત્યારે લોકોને એમ થઈ ગયું હતું, 'આવું..! સર્વજ્ઞ વર્તમાન એક સમયમાં જાણે !? ભવિષ્યની પર્યાય થશે તે વર્તમાનમાં (જાણે) !?' હવે, એમ ન જાણે તો દિવ્યજ્ઞાન કોને કહીએ ? આ..હા..હા...! ભાઈ ! પરમાત્માનું એક તત્ત્વ – એક પર્યાય – કેવળજ્ઞાનની એક પર્યાયની પણ આટલી વિસ્મયતા !! આશ્ચર્યતા !! આ..હા..હા...! એ '**...જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા,...**' એનું વિશેષ આવશે...

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## (તા. ૧૨-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૩૭)

('પ્રવચનસાર', ૩૮મી ગાથા ચાલે છે). જે છ દ્રવ્યના પર્યાયો ઉત્પન્ન થયા નથી, '**...તથા જે ઉત્પન્ન થઈને વિલય પામી ગયા છે,...**' (એટલે) ભૂતકાળની (પર્યાયો) ઉત્પન્ન થઈને નાશ થઈ ગઈ. '**...તે (પર્યાયો), ખરેખર અવિદ્યમાન હોવા છતાં,...**' ખરેખર તો વર્તમાનની અપેક્ષાએ તો અવિદ્યમાન છે, આહા..હા...! ત્રણકાળ(ની) ભૂત–ભવિષ્યની પર્યાયો – અવસ્થાઓ વર્તમાન અવિદ્યમાન હોવા છતાં, છે ને ? '**...જ્ઞાન પ્રતિ નિયત હોવાથી,...**' આ..હા..હા...! જ્ઞાનની પર્યાયમાં એ તો નિયત છે, નિશ્ચય છે. (વર્તમાનની) અપેક્ષાએ ભૂત અને ભવિષ્યની પર્યાયો અસદ્ભૂત છે. પણ પણ જ્ઞાનની અપેક્ષાએ તો પ્રત્યક્ષ–સદ્ભૂત છે, આહા..હા...! ઝીણી વાત બહુ !

એ કેવળજ્ઞાનની પર્યાયનો એવો સ્વભાવ (છે) કે, ભવિષ્યની પર્યાય થઈ નથી, ભૂતની–ગયા કાળની થઈને નષ્ટ થઈ ગઈ, એ અપેક્ષાએ અસદ્ભૂત છે. છતાં જ્ઞાન પ્રત્યે નિશ્ચિત થયેલી છે. જ્ઞાન એને પ્રત્યક્ષ – સદ્ભૂત તરીકે જાણે છે, આ..હા..હા...! જ્ઞાનમાં એ ત્રણકાળની પર્યાયો અંદરમાં નિયત – નિશ્ચયથી જણાય છે. જ્ઞાનનો પ્રત્યક્ષ સ્વભાવ છે, આહા..હા...! આ તમારા 'ક્રમબદ્ધ'નું આવી ગયું !!

દ્રવ્યની જે પર્યાય છે, તે સમયે તે ખરેખર ઉત્પન્ન થવાની છે. અને ભૂત(કાળની) વીતી ગઈ એ પણ, જે સમયે હતી તે સમયે હતી (અને) તે સમયે વીતી ગઈ. ભવિષ્યમાં પણ જે સમયે થવાની તે સમયે થશે, તે (વર્તમાનમાં) ઉત્પન્ન થઈ નથી. એ બધી ક્રમબદ્ધ પર્યાય છે. એક પછી એક, જે થવાનો કાળ છે તે રીતે થશે. એમ ભગવાનના જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય છે, એમ કહે છે.

હવે, કોઈ એમ કહે કે પર્યાયને અમે ફેરવી શકીએ, પુરુષાર્થથી આડી–અવળી કરી શકીએ, તો એને કેવળજ્ઞાનનો (વિશ્વાસ) નથી રહેતો, આ..હા..હા...! કેવળજ્ઞાનને જ એણે જાણ્યું નથી. સમજાય છે ? (જે સમયે જે પર્યાય) થવાનો છે તે ત્યાં થાય છે, બસ ! ભલે નિમિત હો. નિમિત્તે કરી નથી અને નિમિત્તથી થઈ છે, એમ કહેવામાં આવે તે તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. આવી વાતું છે, પણ ક્યાં લોકોને અભ્યાસ (છે) ! આ..હા..હા...!

એ અહીં કહે છે–ભૂત અને ભવિષ્યની છ દ્રવ્યો(ની પર્યાયો) – પરમાણુની અનંત કાળ પછી થવા(વાળી) પર્યાય એ અત્યારે તો અવિદ્યમાન છે. પણ જ્ઞાન પ્રત્યે તો નિયત – નિશ્ચય છે, આ..હા..હા...! (અર્થાત્) જ્ઞાન તો તેને પ્રત્યક્ષ જાણે છે. પછી ક્યારેક જાણશે, એમ નહિ. ઝીણી વાત, ભાઈ ! અહીં તો જ્ઞાનસ્વભાવના પર્યાયધર્મને સિદ્ધ કરે છે. આહા..હા...! એમાં એક સમયનો જ્ઞાનપર્યાય – પૂર્ણ કેવળજ્ઞાન (ભૂત ને ભવિષ્યની પર્યાયો) અવિદ્યમાન હોવા છતાં, અહીં તો અસદ્ભૂતનું જ્ઞાન થઈ જાય છે. અસદ્ભૂતનું જ્ઞાન થઈ જાય છે એ નિયત–નિશ્ચય થાય છે. (પર્યાય) થશે ત્યારે (જ્ઞાન) થાશે, એમ નહિ. આ..હા..હા...! છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

'**...(જ્ઞાનમાં નિશ્ચિત–સ્થિર–ચોંટેલા હોવાથી, જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી),...**' જોયું ? થશે ત્યારે (જણાશે) એમ નહિ, અત્યારે સીધા જણાય છે, આ..હા..હા...! ભૂત અને ભવિષ્ય, ગયાકાળની અને ભવિષ્યકાળની પર્યાયો વર્તમાનમાં નથી, એ અપેક્ષાએ એને અસદ્‌ભૂત કહ્યું. પણ જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞ પરમાત્માને પ્રત્યક્ષ વર્તમાન સીધું જણાય છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? આ..હા..હા...! આવું વસ્તુનું સ્વરૂપ (છે) ! એવું સમકિતદ્દષ્ટિ માને છે.

અજ્ઞાની તો (એમ માને છે કે) એનું હું આમ કરી દઉં, પરનું આમ કરી દઉં ને પરથી મારામાં કાંઈક થાય, હું આમ કરું તો આમ થાય, આમ ન કરું તો આમ ન થાય, એ પ્રશ્ન જ વસ્તુમાં નથી.

(અહીંયાં કહે છે) એ જ્ઞાનમાં સીધા જણાય છે. '**...જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા,...**' છે ? '**જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા**' અક્ષ નામ આત્મામાં એ ભૂત અને ભવિષ્યની પર્યાયો પ્રત્યક્ષ વર્તતી થકી. આત્મામાં કે આત્માના જ્ઞાનમાં એ ભૂત અને ભવિષ્યની પર્યાય વર્તમાન પ્રત્યક્ષ વર્તતી (થકી, એમ કહે છે). આ..હા..હા...! કાલે અહીં સુધી આવ્યું હતું.

(હવે આગળ કહે છે) '**...પથ્થરના સ્તંભમાં કોતરાયેલા,...**' જેમ પથ્થરનો થાંભલો હોય (એમાં) ગયાકાળમાં 'ભરત' અને 'બાહુબલી' થઈ ગયા, એને સ્થંભમાં ચીતર્યા હોય. 'બાહુબલીજી' અને 'ભરત' આમ ચીતર્યા હોય પથ્થરમાં – એ ભૂત(કાળના). ભાવિ(ના) – 'શ્રેણિકરાજા' ભવિષ્યમાં તીર્થંકર થવાના છે, એને ચીતર્યા હોય. ગયાકાળના 'ભરત – બાહુબલીજી' અને ભવિષ્યના 'શ્રેણિકરાજા' આદિ. એ ચીતર્યા હોય તો એક સમયમાં આમ પ્રત્યક્ષ દેખાય છે. સમજાય છે કાંઈ ? ઝીણો સ્વભાવ ભાઈ, એવી વાત છે. અત્યારે તો આ બધી ગડબડ થઈ ગઈ છે.

ભગવાને જાણ્યું છે તે પ્રમાણે અહીં (પર્યાય) થાય છે અને તેથી જાણ્યું માટે (ત્યાં પર્યાય) થાય છે, એમ પણ નહિ. ત્યાં તો થવાને કાળે પોતાને લઈને થાય છે, નિમિત્તને લઈને નહિ. આ..હા..હા...! ભગવાનના જ્ઞાનમાં જણાયું છે માટે ત્યાં થાય છે, એમ પણ નહિ. આ નિમિત્ત છે માટે એનાથી થાય છે, એમ પણ નહિ. આ..હા..હા...! આવું ઝીણું છે !

જ્ઞાયકસ્વભાવને સિદ્ધ કરે છે ! ભગવાનઆત્માનો જ્ઞાયક સ્વભાવ છે, ભાઈ ! આ..હા..હા...! એ જ્ઞાયકસ્વભાવની જ્ઞાયક અને સર્વજ્ઞ પર્યાય પ્રગટ થતાં એ તો બધું એક સમયમાં જાણે. (કોઈ એમ) કહે કે, ભવિષ્યનું નક્કી ક્યાં છે કોની (પર્યાય) કેમ થાશે. (તો કહે છે કે) નક્કી છે. 'શ્રેણિકરાજા' ભવિષ્યમાં તીર્થંકર થશે, એ નક્કી છે. 'બ્રહ્મદત્ત (ચક્રવર્તી)' ભવિષ્યમાં સાતમી નરકમાં ૩૩ સાગર રહેશે એ નિશ્ચય છે. આહા..હા...! ભૂતકાળમાં 'ભરત' ને 'બાહુબલી' થઈ ગયા, એ બરાબર થયા. પણ એ તો થઈ ગઈ (એ) તે કાળે થવાની હતી તે કાળે (થઈ). પણ (થઈ) નથી (એ) તે જ કાળે થાય એ કેમ ? તો--તો નિયત થઈ જશે ! નિયત જ છે ! જે દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની (એમાં) ઇન્દ્ર, નરેન્દ્ર ને ગણધર આદિ પણ ફેરફાર કરી શકે નહિ. આહા..હા...!

એ અહીં કહે છે, '**પથ્થરના સ્તંભમાં કોતરાયેલા ભૂત,...**' ભૂત એટલે ગયાકાળના 'ભરત' અને 'બાહુબલી' '**...અને ભાવિ દેવોની,..**' (એટલે) 'શ્રેણિકરાજા' આદિ '**...(તીર્થંકરદેવોની) માફક**

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પોતાનું સ્વરૂપ અકંપપણે,...**' પથ્થરમાં કોતરાયેલા ભૂત અને ભાવિ વર્તમાન પ્રત્યક્ષ દેખાય ને એમ. '**...પોતાનું સ્વરૂપ અકંપપણે,...**' જગતમાં જેટલા અનંતા જ્ઞેયો છે (અને) એની જે ભૂત અને ભવિષ્યની પર્યાયો છે તે બધી '**...પોતાનું સ્વરૂપ અકંપપણે (જ્ઞાનને) અર્પતા,...**' (અર્થાત્) એ જ્ઞેયો જે છે એ અકંપપણે જ્ઞાનમાં વર્તે છે.

ભાઈ ! આજે તો વિચાર એક આવ્યો હતો – 'પરિણમ્ય-પરિણામકત્વશક્તિ' છે ને ? આત્મામાં એક 'પરિણમ્ય-પરિણામકત્વ' નામનો ગુણ છે. આ..હા..હા...! જગતના જે પદાર્થોની દ્રવ્ય--ગુણ આદિની પર્યાયો છે એ જ્ઞેયાકારને ગ્રહે અને પોતાના જ્ઞાનાકારને પરના જ્ઞાનમાં પ્રમેય તરીકે પકડાય. શું કીધું એ ? ગુણ છે ને ? પંદરમો છે. ૪૭ શક્તિ છે ને (એમાં) પંદરમો છે. જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશ, અસંકુચિતવિકાસત્વ, અકાર્યકારણત્વ, પરિણમ્યપરિણામકત્વ. પંદરમી શક્તિ છે. આત્મામાં એક પરિણમ્ય-પરિણામકત્વ નામનો ગુણ છે. એટલે કે જ્ઞેયોના સમય--સમયના જે કાંઈ પરિણામ–આકાર થાય તેને જ્ઞાન જાણે, આહા..હા...! અને પોતે જે જ્ઞાનાકાર છે તે સામાના કેવળજ્ઞાનાદિ પર્યાયમાં તે જ્ઞાનાકાર ગ્રહણ થાય. પરનું પ્રમેય કરે અને પરના જ્ઞાનમાં તે (પોતે) પ્રમેયત્વ થાય. આ તો ઝીણી વાતું બહુ, બાપુ ! આહા..હા...! સમજાણું કાંઈ ? પંદરમો ગુણ છે ને ! 'પરિણમ્યપરિણામકત્વશક્તિ' ! એ પરિણમ્યપરિણામકત્વ એટલે જ્ઞેયાકારને ગ્રહણ કરે અને જ્ઞાનાકારને ગ્રહણ કરાવે. બીજાના જ્ઞાનમાં જ્ઞાનાકાર (ગ્રહણ કરાવે). એને હિસાબે તો (બીજા જીવના હિસાબે તો) અહીં જ્ઞેયત્વ છે ને ! પણ અહીં જ્ઞાનાકાર જેવી પોતાની દશા છે તેવું તેમાં પ્રમેયપણે થાય–જણાય. અને પરનું પ્રમેયપણું પોતામાં પ્રમાણ થાય, આ..હા..હા...! શું કહ્યું એ ?

ત્રણકાળ ત્રણલોકની જેટલી પર્યાયો છે એ બધી જ્ઞેય તરીકે કેવળજ્ઞાનની પર્યાયમાં અર્પાઇ જાય છે, આહા..હા..! છે ? '**...અકંપપણે (જ્ઞાનને) અર્પતા એવા (તે પર્યાયો), વિદ્યમાન જ છે.**' જોયું ? આ..હા..હા...! બહુ અલૌકિક વાતું છે, બાપુ ! એમને એમ માનવું એ કાંઈ આ વાત નથી. આ..હા..હા...! જ્ઞાનની પર્યાયમાં જેટલા જ્ઞેયો–પર્યાયો છે તે બધી એક સમયમાં અહીંયાં જ્ઞાનમાં અકંપપણે (પોતાને) અર્પે છે. જેમ (કે) ત્રણકાળ(નું) બધું એકદમ સ્થિર હોય એવું અકંપપણે અર્પે છે !! ગયાકાળની પર્યાય, ભવિષ્યની (પર્યાય) અને વર્તમાન(ની) બધી (પર્યાય) આમ જાણે સ્થિર હોય !! એવી રીતે અર્પે છે. આ..હા..હા...! આવું છે ! પોતાનો પણ જે પૂર્ણ જ્ઞાનપર્યાય છે (અને) અનંતગુણની પર્યાય છે એ પણ પરના જ્ઞાનમાં જ્ઞેયપણે અકંપપણે વર્તે છે. આ..હા..હા...!

આવું જ્યાં સ્વરૂપ છે અને ક્રમબદ્ધ (જો) ન માને તો તો એ વસ્તુની સ્થિતિ જ માનતો નથી ! અને વસ્તુની સ્થિતિ માનતો નથી તો કેવળજ્ઞાનને પણ માનતો નથી. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા... આ..હા..હા...! સાક્ષાત દિવ્યધ્વનિ મહાવિદેહમાં વર્તે છે !! એ આ વાણી છે !! ત્યાં 'કુંદકુંદાચાર્ય' ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા (અને ત્યાંથી) આ લાવ્યા !! ભવ્યજનોને–લાયકજીવોને માટે આ લાવ્યા !! આહા...!

ભાઈ ! તું જ્ઞાન છો ને ! તું આત્મા છો ને ! આત્મા એટલે જ્ઞાન. એ જ્ઞાન છે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જગતની ચીજોની પર્યાયોને–ગયાકાળની અને ભવિષ્યની બધી (પર્યાયોને) વિદ્યમાન છે તેમ જાણે ને ! આ..હા..હા...! અસદ્દ્ભૂત છે અને વિદ્યમાન છે–(એમ કહ્યું તો) બન્ને જૂઠું નથી થાતું ? હવે કોઈક એમ કહે છે. ભૂત અને ભવિષ્ય અવિદ્યમાન છે, એમ કહ્યું. છતાં જ્ઞાનમાં (તો) વિદ્યમાન જ છે. બાપુ ! તને ખબર નથી, ભાઈ ! જ્ઞાનસ્વરૂપમાં તો એ પ્રત્યક્ષ વિદ્યમાન જ છે. આહા...! એવો જ્ઞાનનો સ્વભાવ છે !! આ..હા..હા...! પ્રભુ ! તારો સ્વભાવ જ સર્વજ્ઞસ્વરૂપી છે ! એ સર્વજ્ઞસ્વરૂપી સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય છે તેમાં ત્રણકાળના પર્યાયો અકંપપણે એટલે કે આમ ધ્રૂજે (એમ નહિ પણ) સ્થિરબિંબ પડ્યું છે જાણે !! આ..હા..હા...!

આ..હા..હા...! આવી વાત છે, ભાઈ ! જૈનદર્શનને સમજવું, માનવું એ કોઈ અલૌકિક વાત છે !! અને જેને આ જ્ઞાનમાં યથાર્થ(પણે) બેઠું એને ભવનો અંત આવી ગયો !! આહા...! એને કેવળજ્ઞાન થયે છૂટકો !! એના ક્રમમાં એને કેવળજ્ઞાન આવશે !! આ..હા..હા...! અને એ ક્રમમાં (જે) કેવળજ્ઞાન આવશે એ પણ બીજાના જ્ઞાનમાં અકંપપણે–જ્ઞેયપણે ત્યાં અર્પાઈ ગયું છે. આ જગતમાં ત્રણકાળ છે તો ત્રણકાળના જાણનારાઓ ત્રણકાળમાં કોઈ સમયે ન હોય એમ બને નહિ. શું કીધું એ ? ત્રણકાળ(ની) જે વસ્તુ–જ્ઞેય છે ત્યારે તેને જાણનારો (એટલે કે) ત્રણકાળને જાણનારો ત્રણકાળમાં કોઈ વખતે ન હોય, એમ (બને) નહિ. ભૂતકાળમાં પણ કેવળી થઈ ગયા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં (પણ થશે). કેવળીઓનો વિરહ કદી નથી. આહા...! ત્રણકાળ અને ત્રણલોક એવું જે જ્ઞેયસ્વરૂપ છે તો એ ત્રણેકાળને એક સમયમાં જાણનારોઓનો આ જગતમાં કોઈ દિ' વિરહ ન હોય. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

ભગવાન 'મહાવીર'નો જીવ સિંહ(ના ભવમાં) હતો (ત્યારે) સિંહ આમ હરણને (મારીને ખાતો હતો). (બે) મુનિ ઉપરથી ઊતર્યા ! (અને કહ્યું) 'અરે સિંહ ! તું તો આત્મા (છો) ! તીર્થંકર દ્રવ્ય (છો) ! દસમા ભવમાં 'મહાવીર' થવાનો !!' એ નક્કી થઈ ગયેલું. આહા..હા...! સર્વજ્ઞ પરમેશ્વરે મુનિઓને કહ્યું છે. ભાષા કેવી હશે મુનિઓની !? આહા..હા...! આકાશમાં જાતા હતા (ત્યાં) ઉપરથી ઊતર્યા (અને) સિંહ પાસે આવ્યા. સિંહને એમ થયું કે, મારી પાસે કોઈ જાનવર કે મનુષ્ય આવે, નજીકમાં આવે એવા ભાગી જાય છે અને આ દૂરથી ઉપરથી મારી પાસે હેઠે આવ્યા !! (આમ જોવે છે ત્યાં) એકદમ વૃત્તિમાં ફેર પડી ગયો, આ શું ! ઓ..હો..હો...! આ શું છે પણ આ !? મારી નજીકમાં કોઈ અજાણ્યો આવી જાય તો ભાગે અને આ તો ઉપરથી (નીચે આવ્યા) !! આમ તીરછો (જમીન ઉપરથી) નજીકમાં આવે તોપણ ભાગે (તો) આ તો ઉપરથી (જાતા હતા) જેમાં મારી નજર ન જાય, મારી છલાંગ ન જાય (ને આ નીચે આવ્યા) !! આ..હા..હા...! એ મુનિ આવ્યા અને આમ હાથ કર્યો... કેવી ભાષા હશે મુનિઓની !? એ તિર્યંચપણે કેવી ભાષાને સમજ્યા હશે ?! આ..હા..હા...! કેવી (સિંહની) યોગ્યતા અને કેવી ભાષાની યોગ્યતા !! આહા..! મેળ કેવો ખાઈ જાય છે !! એ બરાબર ભાષાએ ભાષા સમજ્યો. અરે.. પ્રભુ ! તું તો દસમે ભવે તીર્થંકર 'મહાવીર' થવાનો ! આ શું ? આ..હા..હા...! (અહીંયાં) છે ને આપણે ચિત્ર ? આહા..હા...! (એ) નક્કી થઈ ગયેલું. આહા...!

(સિંહની) આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે...! અરે... આ શું !? એમ અંદર ધારા ચાલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાય છે. એમ અંદર વિચારધારામાં ચડતાં... આ..હા..હા...! કર્મની ધારા ખસી જાય છે અને સમ્યગ્દર્શન પામે છે !! બાપુ ! આ શું વસ્તુ છે, ભાઈ ? સમ્યગ્દર્શન !! આમ હરણ એક બાજુ પડ્યું છે... અંદર ખાધું હશે કે કેમ ? પણ અંદરમાં (એમ થાય છે કે) આ શું કહે છે આ પ્રભુ ?! તું તીર્થંકરનો જીવ છો ! દસમે ભવે 'મહાવીર' થવાનો ! પ્રભુ ! તું 'વીર--મહાવીર' (થવાનો છો) !! આહા...! ભાષા કેવી રીતે સમજ્યા હશે !? ક્યા દેશના મુનિ ? ક્યા દેશની ભાષા ? ક્યાં આ જંગલનો સિંહ ? આહા..હા...! એક નિમિત્ત--નૈમિત્તિક મેળ ખાઇ જાય છે ને ! આહા..હા...! એની સમજવાની લાયકાત (હતી તે) આમ સમજે છે ! આહા..હા...! પશ્ચાત્તાપ કરતા કરતા આંસુની ધારા હાલી જાય છે...! અને અંતર સ્વભાવ સન્મુખ જાય છે... આ..હા..હા...! ત્યાં આગળ સમ્યગ્દર્શન થાય છે !! 'મહાવીર' ભગવાનનો આત્મા દસમે ભવે સિંહ(ની પર્યાયમાં સમ્યગ્દર્શન પામે છે) !! આ..હા..હા...! એ ક્રમની પર્યાયમાં તેને એ થવાનું હતું. ભગવાનના જ્ઞાનમાં હતું. હતું કે નહિ ? ત્યારે તો મુનિએ કહ્યું – 'અરે.. સિંહ ! ભગવાન મને આમ કહે છે. પ્રભુએ મને તો કહ્યું છે !' આ..હા..હા...! 'તું અત્યારે આ સ્થિતિમાં છો અને તું તો ભગવાન તીર્થંકર થવાનો છો !' આ..હા..હા...! એ (સિંહ) અંદર જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે ત્યાં ઊતરી જાય છે ! આ..હા..હા...!

એક (બીજી વાત પણ) આવે છે ને ? 'ઋષભદેવ' ભગવાનને આહાર આપ્યો હતો ત્યારે નોળિયો ને એ ચાર જણા હતા, ચાર જાનવર (હતા). અને (આહારદાનનો) આમ પ્રમોદ કર્યો ને (પછી) મરીને જુગલીયા થયા. ભોગભૂમિના જુગલીયા ! એમાં મુનિ આવ્યા છે અને આમ ઉપદેશ આપે છે. નોળિયો અને (એ) ચાર જણા છે. અત્યારે (નોળિયા સ્વરૂપે) નથી અત્યારે જુગલિયા (સ્વરૂપે છે). પૂર્વે નોળિયો (વગેરે) હતા. (મુનિરાજ) કહે છે, 'અરે... આત્માઓ ! તમારી કાળલબ્ધિ પાકી ગઈ છે !' ત્યાં એવો પાઠ છે. 'તમને જે સમયે દર્શન--જ્ઞાન થવાનું છે તે તમારી કાળલબ્ધિ પાકી ગઈ (છે) !' (એમ) મુનિ કહે છે ! ગજબ વાત છે ! આ..હા..હા...! છદ્મસ્થ મુનિ એને દેખીને કહે છે. (સામે છે) જુગલિયા ! ભોગભૂમિના મનુષ્યો ! એ પૂર્વે તિર્યંચ હતાં ! ચાર હતાં ને ? ચાર હતાં – વાંદરો, નોળિયો... (વગેરે હતાં). કથા બહુ યાદ ન હોય, (પણ) ભાવ અંદર યાદ હોય. (મુનિરાજ કહે છે) 'અરે.. આત્માઓ ! તમારી કાળલબ્ધિ પાકી ગઈ છે ! તમે સમ્યગ્દર્શન (પ્રગટ) કરો !' આ..હા..હા...! ત્યાં એ આમ અંદરમાં ઊતરી જાય છે ! અને સમકિત પામે છે !! ભોગભૂમિ ! ત્યાં બેન--ભાઈ (તરીકે) જન્મે (અને) એ પાછા પતિ–પત્ની થાય. આ..હા..હા...! પણ એને કાળલબ્ધિ પાકી ગઈ ! એમ છદ્મસ્થ સંતોએ કહ્યું. આ..હા..હા...! પ્રભુ ! એને (એ) પર્યાય થવાની છે એ તમે ક્યાંથી જાણી લીધું ? 'પ્રભુ ! કાળલબ્ધિ તમારી પાકી ! તમે હવે અંતર નજર કરો ! તમને સમ્યગ્દર્શન થવાનો કાળ આવી ગયો !' આ..હા..હા...! એ પણ નિયત–ક્રમમાં હતો. આ..હા..હા...! આ વીતરાગમાર્ગ તો જુઓ ! ઓ..હો..હો..હો...!

આ તિર્યંચો ! ભગવાનને બીજાએ આહાર આપ્યો ત્યાં એ ફક્ત એક કો'ર બેઠાં હતાં. (એમને એવા ભાવ થયા કે) 'ધન્ય અવતાર ! આ લોકો આહાર આપે છે !' એવા ભાવમાં ભોગભૂમિના જીવ થયાં. જુગલિયા થયા ! પલ્યોપમનું આયુષ્ય ! પલ્યોપમ એટલે અસંખ્ય અબજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્ષ !! આ..હા..હા...! કથામાં પણ ભવિષ્યમાં આ થશે એવી વાતું મૂકી છે ! એ ફરે એવું છે ? આહા...! કેટલીક કથામાં મૂક્યું છે કે, આ ત્રણ ભવે મોક્ષ જશે, કોઈ પંદર ભવે મોક્ષ જશે ! આ..હા..હા...! એ જે જ્ઞાનમાં જણાયું છે અને તે ક્રમમાં ત્યારે તે રીતે થવાનું છે, આહા..! એને કોણ ફેરવે ? આહા..હા...! આ દુનિયાથી જુદી જાત છે, બાપા ! આ..હા..હા...!

(અહીંયાં કહે છે) '**...ભૂત અને ભાવી દેવોની (તીર્થંકરદેવોની) માફક,...**' દેવ એટલે તીર્થંકરો આદિ. '**...પોતાનું સ્વરૂપ અકંપપણે (જ્ઞાનને) અર્પતા એવા (તે પર્યાયો), વિદ્યમાન જ છે.**' આ..હા..હા...! ભૂત અને ભવિષ્ય અવિદ્યમાન (છે એમ) તો પોતે કહે છે ! પણ જ્ઞાનમાં વિદ્યમાન, પ્રત્યક્ષ છે !! આ..હા..હા...! આ તે શું છે બાપા ? એ કોઈ અલૌકિક વાતું છે !! દ્રવ્યનો સ્વભાવ જ કોઈ એવો છે !! આ..હા..હા...! અસદ્‌ભૂતને પણ વર્તમાન ભૂતાર્થ તરીકે જાણે છે ! વિદ્યમાન જ છે એને તો, જ્ઞાનમાં તો વિદ્યમાન જ છે આમ ! આ..હા..હા...! એ જ્ઞાનનો અચિંત્ય ચિંતામણિ રત્નનો સ્વભાવ અને જ્ઞેયોનો એ રીતે થાય તે એને અર્પવાનો સ્વભાવ !! આ..હા..હા...! બાપુ ! એની શ્રદ્ધા કરવી એ બહુ આકરી વાત છે ! આહા..હા...!

ભૂત અને ભવિષ્યના તીર્થંકરો–'આદિશ્વર' ભગવાન–આદિ થયા તેને આમ સ્તંભમાં ચીતર્યા હોય (અને) ભવિષ્યમાં 'શ્રેણિક(રાજા)' તીર્થંકર થવાના છે, આ..હા..હા...! એને આમ પથ્થરમાં ચીતર્યા હોય. આપણે એક મોટા શહેરમાં નહોતા ગયા ? ત્યાં બનાવ્યું છે. એક ગૃહસ્થે થાંભલામાં મોટું બનાવ્યું છે ને ! નદી ને બધું બનાવ્યું છે ને ! ત્યાં જોવા ગયા હતા. ઘણા લાખો ખરચીને બનાવ્યું છે. આખા દેશમાં ફર્યા છીએ ! ક્યું ગામ (તે યાદ નથી આવતું). આખું આમ ચીતરેલું છે બધું – આમ નદીઓ ને થાંભલાઓમાં તીર્થંકરો ને ઘણું મોટું ચિત્ર (બનાવ્યું છે). જોયું છે. ક્યુ ગામ છે યાદ છે કોઈને ? (જેણે બનાવ્યું છે) એ પોતે જ જોવા લઈ ગયા હતા. મોટું મકાન જબ્બર ! ભૂત--ભવિષ્યના તીર્થંકરોના ચિત્રો બધાં બનાવ્યાં છે, બધી નદીઓ બનાવી છે. ગામ ક્યું કીધું એ ? 'પોરબંદર' ! ભૂત, ભવિષ્યના તીર્થંકરો અને બીજું બધું આમ વર્તમાનવત્ દેખાય એવું મોટું (બનાવ્યું છે) !

અહીં તો કહે છે કે, પથ્થરમાં કોતરાયેલા ભૂત, ભવિષ્યના તીર્થંકરોની માફક બીજા બધા જ્ઞેયો પોતાનું સ્વરૂપ '**...(જ્ઞાનને) અર્પતા એવા (તે પર્યાયો), વિદ્યમાન જ છે.**' ગજબ વાત છે ! એક કો'ર કહે કે, અવિદ્યમાન છે, ખરેખર અવિદ્યમાન છે ! એની અપેક્ષાએ એ અવિદ્યમાન છે. પણ જ્ઞાનની અપેક્ષાએ વિદ્યમાન છે, આ..હા..હા...! આ તે કંઈ વાત છે !! ગજબ વાત છે ! બાપુ ! તારું ચૈતન્ય(સ્વરૂપ) (અને તેનો) જ્ઞાનસ્વભાવ (તેની) અચિંત્યતા...!! આ..હા..હા...! એને તું ઓળખ ! એને જાણ ! અને એને અનુભવ ! એમ કહે છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? એક જ ગાથામાં (એમ કહ્યું) '**ખરેખર અવિદ્યમાન હોવા છતાં**' ભાષા એમ છે – ખરેખર નથી, આ..હા..હા...! પણ જ્ઞાનપ્રત્યક્ષ વિદ્યમાન જ છે. 'છે', આ..હા..હા...! એવો કોઈ જ્ઞાનનો સ્વભાવ (છે). પ્રભુ ! તારો સ્વભાવ એવો છે ! આહા..હા...! કે જે અવિદ્યમાનને પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે એવી રીતે તારા જ્ઞાનમાં વિદ્યમાન છે ! આ..હા..હા...!

એક જ્ઞાનગુણનો પણ આવો સ્વભાવ ! આ..હા..હા...! એવા અનંતા.. અનંતા.. ગુણોનો કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અલૌકિક સ્વભાવ (છે), ભાઈ ! આહા...! એવું ચૈતન્યદ્રવ્ય કોઈ ચમત્કારી વસ્તુ છે !! અરે.. ચૈતન્ય શું જડ પણ એવી કોઈ ચમત્કારી વસ્તુ છે !! જડમાં જડપણા અનુસાર (પર્યાયો) ક્રમે–ક્રમે આવ્યા છે, આહા..હા...! પણ તે જડ તેને જાણતો નથી. એની પર્યાય ક્રમસર થઈ, થવાની થશે. એ પરમાણુ માત્રની પર્યાય (ક્રમસર થાય છે). આમાં એક પરમાણુ ભિન્ન છે એની પર્યાય સ્વતંત્ર એમાં થાય છે, આને (બીજા પરમાણુને) લઈને નહિ. પોતાની પર્યાય અંદર ભિન્ન સ્વતંત્ર છે. એ સમયની–સમયની પરમાણુમાં ક્રમબદ્ધ પર્યાય પોતાથી થાય છે. આ સ્કંધ જોડાઈ ગયેલો છે માટે (થાય છે એમ) નહિ. આહા..હા...! એવા પરમાણુની પણ ભૂત અને ભવિષ્યની પર્યાયો વર્તમાનની અપેક્ષાએ, જ્ઞેયની અપેક્ષાએ અવિદ્યમાન છે. પણ જ્ઞાનની અપેક્ષાએ વિદ્યમાન છે ! આ શું કહે છે !! આ..હા..હા...! (જ્ઞાનને) જ્ઞેય અર્પાઈ ગયું. જ્ઞેયમાં પણ પ્રમેયપણું છે ને ! કીધું ને ! પ્રમેયપણું કહો કે જ્ઞેયપણું કહો (બન્ને એકાર્થ છે). જણાવા યોગ્ય એનો સ્વભાવ છે તે જાણનારમાં અર્પાઈ ગયો છે, પ્રમેય થઈ ગયો છે. આહા..હા...!

શ્રોતા :-- જ્ઞેયમાં વિદ્યમાન ગુણ તો છે !

સમાધાન :-- (પણ પર્યાય) વિદ્યમાન નથી. આ વાતે જ વાંધા છે ને ! એમ કહે છે કે, 'એની શક્તિમાં વર્તમાન વિદ્યમાન છે ને !' (પણ) એમ નથી. ખબર છે બધી, આ પ્રશ્ન કંઈ નવા નથી. અહીં તો (એમ કહેવું છે કે) વર્તમાનમાં નથી તેને અહીંયાં પ્રત્યક્ષ વિદ્યમાન કરી નાખે છે ! એવો જ કોઈ જ્ઞાનનો સ્વભાવ (છે) !! આ..હા..હા...! એવી ચીજ છે, બાપુ ! આત્મા એટલે શું !!

એ આત્મા એક સમયની પર્યાયમાં આવું અનંતુ.. અનંતુ.. જાણે છતાં એવી–એવી અનંતી પર્યાયો ભલે થાય, છતાં દ્રવ્ય તો પરિપૂર્ણ શુદ્ધ છે તે છે. આ (પર્યાયો) થાય એ કાંઈ વિસ્મય નથી. ભાઈ ! શું કહ્યું એ ?

જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ છતાં તે વસ્તુ તો પૂર્ણ છે ! એવી–એવી અનંતી પર્યાય થશે તોપણ વસ્તુ તો દરેક સમયે પૂર્ણ છે. આ તે કંઈ વાત છે, બાપુ ! વસ્તુનો સ્વભાવ કોઈ અચિંત્ય છે, ભાઈ !! આહા..હા...! શું કહ્યું સમજાણું ?

પ્રભુ આત્મા ! અનંત ગુણનો પિંડ છે. એમાંથી પર્યાય પ્રગટ થઈ, કેવળ(જ્ઞાનની પર્યાય) પ્રગટ થઈ. આ..હા..હા...! તોપણ તે પૂર્ણ છે. અને નિગોદના ભવમાં અક્ષરનો અનંતમો ભાગ વિકાસમાં છે તોપણ દ્રવ્ય તો પૂર્ણ છે ! આ શું કહે છે આ !? ગમે તે વખતે હો દ્રવ્ય તો પૂર્ણ જ છે. જરીએ ગુણમાં હીણપ નથી. એ (હીણપ) પર્યાયમાં છે, વસ્તુમાં પૂર્ણ છે. આ તો અદ્ભુત છે, બાપુ ! વીતરાગ સર્વજ્ઞે જોયેલાં તત્ત્વો અને એમણે કહ્યાં એ અલૌકિક વાતું (છે), બાપા !!

ભગવાન તું કોણ છો ! આ..હા..હા...! તારા એક ગુણની પૂર્ણ પર્યાય પ્રગટે કે અપૂર્ણ પ્રગટે પણ વસ્તુ તો પૂર્ણરૂપે પૂર્ણ જ છે. આ તે શું વાત છે !? એ કઈ રીતે છે ? સમજાણું કાંઈ ? આ..હા..હા...!

એક સમયમાં ત્રણકાળ ત્રણલોકની પર્યાયો અર્પાઈ જાય એટલું જ્ઞાન તારું પ્રગટ્યું. તે પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રગટી છતાં આમ તો દ્રવ્યમાંથી જ આવી છે. છતાં દ્રવ્યમાં તો પરિપૂર્ણતા છે !! આવડી મોટી પર્યાય આવી માટે દ્રવ્યમાં કાંઈ ઘટાડો થઈ ગયો છે (એમ નથી). આ શું છે આ તે !? સમજાય છે આમાં ?

જેમ ઓલી પર્યાય અવિદ્યમાન છે છતાં જ્ઞાન પ્રત્યે વિદ્યમાન છે, આ..હા..હા...! એમ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને પર્યાય જાણે એવડી પ્રગટ થઈ છતાં વસ્તુ છે એ તો પૂર્ણ ને પૂર્ણ (જ છે). ઘટ–વધ એમાં થઈ નથી ! આ..હા..હા...! પ્રભુ ! આવો તારો સ્વભાવ છે !! આ..હા..હા...! એણે સાંભળ્યો નથી, આહા..હા...! આમ અગમ્ય–ગમ્ય જેવું લાગે !!

(અહીંયાં કહે છે) ત્યાં (પર્યાયો) અસદ્દભૂત છે, ખરેખર શબ્દ તો એમ છે. છે ને ? પાઠ છે ને સંસ્કૃતમાં ? મૂળ પાઠમાં છે અને સંસ્કૃતમાં પણ (છે). '**किलासद्भूता**' સંસ્કૃતનો મૂળ પાઠ છે ને ! મૂળ ગાથામાં છે અને ટીકામાં છે. મૂળ ગાથામાં છે, જુઓ ! '**ते होंति असब्भूदा पज्जाया णाणपच्चक्खा**' આ..હા..હા..હા...! આ તે સંતોની વાત ! એ દિગંબર મુનિઓ તો કેવળજ્ઞાનના કેડાયતો છે !! આ..હા..હા...! અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાનું છે. આહા..હા...!

શ્રોતા :-- પ્રગટ અપેક્ષાએ અવિદ્યમાન છે ?

સમાધાન :-- પ્રગટ નથી માટે અવિદ્યમાન છે. પણ જ્ઞાનમાં પ્રગટ, વિદ્યમાન છે. આ શું !? આ..હા..હા...! બાપુ ! પ્રભુ ! એ કોઈ સ્વભાવની વાતું છે, બાપા ! આ..હા..હા...!

એક પરમાણુમાં પણ એટલા અનંતા ગુણો છે. જેટલા આકાશના અનંત ગુણ છે, એટલાં જ આત્મામાં છે અને એટલાં જ એક પરમાણુમાં છે. એને ક્ષેત્રની જરૂર નથી કે, ક્ષેત્ર મોટું હોય તો અનંતા (ગુણ રહે). આ..હા..હા...! એવી જ કોઈ સ્વાભાવિક ચીજ છે !!

એમ ભગવાનઆત્માને કેવળજ્ઞાનની પર્યાયમાં (બીજા પદાર્થોના પર્યાયો) અસદ્દભૂત હોવા છતાં અહીં વિદ્યમાન તરીકે પ્રત્યક્ષ છે, આહા..હા...! પ્રત્યક્ષ છે એટલે વિદ્યમાન છે, એમ (છે). પ્રત્યક્ષ કોને કહે ? સમજાય છે કાંઈ ? આહા..હા...! પોણો કલાક થયો. ગજબ વાત છે, ભાઈ !

એની ગંભીરતાનો પાર નથી ! આ તો પરમાગમ છે ! 'પ્રવચનસાર', 'સમયસાર' પરમાગમ છે !! એની ગંભીરતા એની ઊંડપનો પાર નથી !! શબ્દોમાં તો શબ્દોના ભાવ છે પણ તે શબ્દો જેને બતાવે છે... આ..હા..હા...! એ ચીજ કોઈ અલૌકિક છે !! આ..હા..હા...!

શ્રોતા :-- અનુભવથી વાત તર્કથી પકડાય છે.

સમાધાન :-- તર્કથી ખ્યાલમાં આવે એટલું. પણ ખરો નિર્ણય અનુભવ વિના ન થાય. પહેલેથી ખ્યાલમાં એવું આવે, નયથી, પ્રમાણથી, નિક્ષેપથી (એવું) આવે છે ને ? છતાં એ વિકલ્પથી નિર્ણય છે. ('સમયસાર'ની) ૭૩મી ગાથામાં આવે છે ને, ભાઈ ? પહેલા વિકલ્પથી નિર્ણય (કર્યો). પણ એ (વિકલ્પથી થયેલો) નિર્ણય સત્ય નિર્ણય નથી. અંતર જ્ઞાનસ્વરૂપ પ્રભુ (છે) એમાં અંતરમાં જઈને જે અનુભવનો નિર્ણય થાય, એવો નિર્ણય વિકલ્પથી ન થાય. 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂંપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ' આહા..હા...! મોક્ષનો માર્ગ અને મોક્ષસ્વરૂપ, કોઈ અચિંત્ય વાતું છે, બાપા ! આ..હા..હા...! 'પ્રવચનસાર'માં પણ કહ્યું છે ને ? 'મોક્ષતત્ત્વ' ! મોક્ષમાર્ગ (પ્રગટ) થયો છે એને 'મોક્ષતત્ત્વ' કહ્યું છે ! 'પ્રવચનસાર' છેલ્લી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथैतदेवासद्भूतानां ज्ञानप्रत्यक्षत्वं द्रढयति–

**जदि पच्चक्खमजादं पज्जायं पलयिदं च णाणस्स।**
**ण हवदि वा तं णाणं दिव्वं ति हि के परूवेंति।।३९।।**

**यदि प्रत्यक्षोऽजातः पर्यायः प्रलयितश्च ज्ञानस्य।**
**न भवति वा तत् ज्ञानं दिव्यमिति हि के प्ररूपयन्ति।।३९।।**

यदि खल्वसंभावितभावं संभावितभावं च पर्यायजातमप्रतिघविजृम्भिताखण्डितप्रतापप्रभुशक्तितया प्रसभेनैव नितान्तमाक्रम्याक्रमसमर्पितस्वरूपसर्वस्वमात्मानं प्रति नियतं ज्ञानं न करोति, तदा तस्य कुतस्तनी दिव्यता स्यात्। अतः काष्ठाप्राप्तस्य परिच्छेदस्य सर्वमेतदुपपन्नम्।।३९।।

---

अथासद्भूतपर्यायाणां वर्तमानज्ञानप्रत्यक्षत्वं द्रढयति–**जइ पच्चक्खमजायं पज्जायं पलइयं च णाणस्स ण हवदि** वा यदि प्रत्यक्षो न भवति। स कः। अजातपर्यायो भाविपर्यायः। न केवलं भाविपर्यायः प्रलयितश्च वा। कस्य। ज्ञानस्य। **तं णाणं दिव्वं ति हि के परूवेंति** तद्ज्ञानं दिव्यमिति के प्ररूपयन्ति, न केऽपीति। तथा हि–यदि वर्तमानपर्यायवदतीतानागतपर्यायं ज्ञानं कर्तृ क्रमकरणव्यवधानरहितत्वेन साक्षात्प्रत्यक्षं न करोति, तर्हि तत् ज्ञानं दिव्यं न भवति। वस्तुतस्तु ज्ञानमेव न भवतीति। यथायं केवली परकीयद्रव्यपर्यायान् यद्यपि परिच्छित्तिमात्रेण जानाति, तथापि निश्चयनयेन सहजानन्दैकस्वभावे स्वशुद्धात्मनि तन्मयत्वेन परिच्छित्तिं करोति, तथा निर्मलविवेकिजनोऽपि यद्यपि व्यवहारेण परकीयद्रव्यगुणपर्यायपरिज्ञानं करोति, तथापि निश्चयेन निर्विकारस्वसंवेदनपर्याये विषयत्वात्पर्यायेण परिज्ञानं करोतीति सूत्रतात्पर्यम्।।३९।।

---

પાંચ ગાથા(માં આવે છે). આ..હા..હા...! શું કહે છે, બાપા ! નિર્વિકલ્પ સ્વભાવ જ કોઈ અલૌકિક છે !! એનો જ્યાં પત્તો લાગ્યો... ઊડી ગયા... (એના) ભવ ઊડી ગયા ! ભવ ન હોય ! આહા..હા...! એ ૩૮ ગાથા પૂરી થઈ. આ બે લીટીમાં આટલું થયું ! આવું છે !

ભગવાન ! તારો સ્વભાવ કોઈ અલૌકિક છે !! સ્વભાવની વાત કોઈ સાધારણ તર્કથી નહિ બેસે. આમ તો 'સર્વવિશુદ્ધજ્ઞાન (અધિકાર'માં) આવે છે ને ! 'સ્પષ્ટ તર્કણાથી વસ્તુ સિદ્ધ થઈ શકે છે.' પેલું 'છેદન'નું પૂછ્યું હતું ને ! ભાષા તો એમ પણ આવે – કર્મને છેદે ! 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માંથી આવ્યું છે ને ! 'છેદે...! જેમ બંધનને જાણે છતાં બંધનને છેદે નહિ... આત્માને બંધન છે અને શુદ્ધ થઈને બંધનને છેદે નહિ...!' ભાષા તો કેવી આવે ? છેદન કોની અપેક્ષાએ ? આ છેદાઈ ગયું અને ટળી ગયું, એ અપેક્ષાએ છેદન કહેવાય. બાકી આત્મા તો 'છેદન'નો નામમાત્ર કર્તા છે ! એ આવ્યું છે ? ('સમયસાર'ની) ૩૪ ગાથા ! આ તો અલૌકિક વાતું છે, બાપા ! આ..હા..હા...! રાગનો છેદ કરનારો એટલે નાશ કરનારો – એ પણ આત્મામાં નામમાત્ર છે, પરમાર્થે એ નથી. આ..હા..હા...! શું એની શૈલી !! આ..હા..હા...! ભાઈ ! માર્ગ ગંભીર છે !આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે આ જ અવિદ્યમાન પર્યાયોનું જ્ઞાનપ્રત્યક્ષપણું દ્રઢ કરે છે :–

**જ્ઞાને અજાત-વિનષ્ટ પર્યાયો તણી પ્રત્યક્ષતા**

**નવ હોય જો, તો જ્ઞાનને એ 'દિવ્ય' કોણ કહે ભલા ? ૩૯.**

**અન્વયાર્થ :–** **[यदि वा]** જો **[अजातः पर्यायः]** અનુત્પન્ન પર્યાય **[च]** તથા **[प्रलयितः]** નષ્ટ પર્યાય **[ज्ञानस्य]** જ્ઞાનને (કેવળજ્ઞાનને) **[प्रत्यक्षः न भवति]** પ્રત્યક્ષ ન હોય, **[तत् ज्ञानं]** તો તે જ્ઞાનને **[दिव्यं इति हि]** 'દિવ્ય' **[के प्ररूपयन्ति]** કોણ પ્રરૂપે ?

**ટીકા :–** જેમણે હયાતી અનુભવી નથી તથા જેમણે હયાતી અનુભવી લીધી છે એવા (અનુત્પન્ન અને નષ્ટ) પર્યાયમાત્રને જો જ્ઞાન પોતાની નિર્વિઘ્ન ખીલેલી, અખંડિત પ્રતાપવાળી, પ્રભુ શક્તિ (–મહા સામર્થ્ય) વડે જોરથી અત્યંત આક્રમીને (–પહોંચી વળીને), તે પર્યાયો પોતાના સ્વરૂપસર્વસ્વને અક્રમે અર્પે (–એકી સાથે જ્ઞાનમાં જણાવે) એ રીતે તેમને પોતાના પ્રતિ નિયત ન કરે (–પોતામાં નિશ્ચિત ન કરે, પ્રત્યક્ષ ન જાણે), તો તે જ્ઞાનની દિવ્યતા શી ? આથી (એમ કહ્યું કે) પરકાષ્ઠાને પહોંચેલા જ્ઞાનને આ બધું ઉપપન્ન (–યોગ્ય) છે.

**ભાવાર્થ :–** અનંત મહિમાવંત કેવળજ્ઞાનની એ દિવ્યતા છે કે તે અનંત દ્રવ્યોના સમસ્ત પર્યાયોને (અતીત ને અનાગત પર્યાયોને પણ) સંપૂર્ણપણે એક જ સમયે પ્રત્યક્ષ જાણે છે. ૩૯.

---

હવે ૩૯ ગાથા.

**'હવે આ જ અવિદ્યમાન પર્યાયોનું જ્ઞાનપ્રત્યક્ષપણું દ્રઢ કરે છે :--'** વધારે દ્રઢ કરે છે ! છે ? અવિદ્યમાનપણું (સ્વીકારે) છે છતાં પર્યાયનું જ્ઞાનમાં પ્રત્યક્ષપણું દ્રઢ કરે છે ! આ તો અલૌકિક વાતું છે, બાપા ! આહા..હા...! ૩૯.

**जदि पच्चक्खमजादं पज्जायं पलयिदं च णाणस्स।**

**ण हवदि वा तं णाणं दिव्वं ति हि के परूवेंति।।३९।।**

નીચે (હરિગીત) :--

**જ્ઞાને અજાત–વિનષ્ટ પર્યાયો તણી પ્રત્યક્ષતા**

**નવ હોય જો, તો જ્ઞાનને એ 'દિવ્ય' કોણ કહે ભલા ? ૩૯.**

'અજાત' (એટલે) નહિ થયેલું. 'વિનષ્ટ' (એટલે) પૂર્વ થયું એ. આ..હા..હા...! એક–એક તત્ત્વ પણ એવું અલૌકિક છે ! આ કેવળજ્ઞાન તો 'મોક્ષતત્ત્વ'ની વાત છે. આહા...! 'મોક્ષ'માં તો એવો અર્થ આવે કે, દુઃખથી મુક્ત થયો ! 'મોક્ષ' એમ શબ્દ છે ને ? પણ એ પણ નામ માત્રથી કથન છે. આ..હા..હા...!

**ટીકા :– 'જેમણે હયાતી અનુભવી નથી,..'** (અર્થાત્) ભવિષ્યની પર્યાય. ભવિષ્યની પર્યાય છતી, હતી એમ હયાતી અનુભવી નથી. ભવિષ્યની પર્યાય(ની) હયાતી થઈ જ નથી, આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ તો 'પ્રવચનસાર' છે ! ભગવાન ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ ! એ 'દિવ્યધ્વનિ' કહો કે 'પ્રવચન' કહો (બન્ને એકાર્થ છે). 'પ્ર' એટલે દિવ્ય વચનો. એનો સાર–દિવ્યધ્વનિનો સાર. સાક્ષાત્ ભગવાન (બિરાજે છે) ! આ..હા..હા...!

**'જેમણે હયાતી અનુભવી નથી,...'** કોણે ? ભવિષ્યની પર્યાયોએ. ભવિષ્યની પર્યાય હજી હયાતીપણે થઈ નથી. **'...તથા જેમણે હયાતી અનુભવી લીધી છે,...'** (એટલે) ગયા કાળની (પર્યાયો). ગયા કાળની પર્યાયોએ હયાતી–સત્પણે થઈ છે, અનુભવી લીધી છે. આહા..હા...! ગાથાઓ તે ગાથાઓ છે ને !! 'અમૃતચંદ્રાચાર્ય'એ અમૃત રેડ્યાં છે !!

**'જેમણે હયાતી અનુભવી નથી,...'** (એટલે) થઈ નથી. અને જેની હયાતી થઈ ગઈ છે. થઈ ગઈ છે, **'...એવા (અનુત્પન્ન અને નષ્ટ),..'** (અર્થાત્) ઉત્પન્ન નહિ થયેલાં અને વિલય થઈ ગયેલાં. એવા **'...પર્યાયમાત્રને,...'** આ..હા..હા...! એવી પર્યાયમાત્રને **'...જો જ્ઞાન પોતાની નિર્વિઘ્ન ખીલેલી, અખંડિત પ્રતાપવાળી,...'** આ..હા..હા...! નિર્વિઘ્ન ખીલેલી કેવળજ્ઞાનની પર્યાય ! અને અખંડિત પ્રતાપવાળી ! આ..હા..હા...! જેના જ્ઞાનની પર્યાયનો અખંડ પ્રતાપ છે !! 'પ્રભુત્વશક્તિ' છે ને ? 'પ્રભુત્વશક્તિ' આવે છે ને ? 'સ્વતંત્રપણે જેનો અખંડ પ્રતાપ શોભી રહ્યો છે !' આ..હા..હા...! કેવળજ્ઞાનમાં પણ પ્રભુત્વપણું છે. એની પર્યાયમાં પણ પ્રભુત્વપણું છે, આ..હા..હા...! પ્રભુત્વગુણ છે તેનું રૂપ પર્યાયમાં પણ છે. આ..હા..હા...! જ્ઞાનની પર્યાય હોં..! તે જ્ઞાનની પર્યાય નિર્વિઘ્ન ખીલેલી (છે). (અર્થાત્) વિઘ્ન વિનાની પોતાથી ખીલેલી ! આ..હા..હા...! જેમ લાખ પાંખડીનું કમળ ખીલે એમ અનંત.. અનંત... ગુણ(રૂપી) પાંખડીનો પિંડ પ્રભુ પર્યાયમાં ખીલી નીકળે (છે) ! આ..હા..હા...! આવું છે !

**'...અખંડિત પ્રતાપવાળી, પ્રભુ શક્તિ (–મહા સામર્થ્ય) વડે,...'** આ..હા..હા...! જે પર્યાયો અનંતા આત્મામાં કે જડમાં હજી થઈ નથી અને થઈ ગયેલી તે વિલીન થઈ ગઈ, એને પણ પોતાની નિર્વિઘ્ન ખીલેલી (પર્યાય જાણી લે છે), (એવી) ખીલેલી (એટલે) પ્રગટેલી પર્યાય(નો) અખંડિત પ્રતાપ છે. જેનો પ્રતાપ ત્રણકાળમાં કોઈ ખંડ કરી શકે નહિ. એવી પ્રભુત્વશક્તિ વડે, આ..હા..હા...! **'...જોરથી અત્યંત આક્રમીને,...'** આ..હા..હા...!

પેલું 'કર્તા' આવે છે ને ? (શ્રી 'રાજમલ્લજી પાંડે'એ) 'કળશટીકા'માં 'બળજોરીથી કર્તા થાય છે' એવો અર્થ લખ્યો છે. વસ્તુ સ્વભાવ રાગનો કર્તા નથી. પણ બળજોરીથી (એટલે) ઊંધો થઈને કર્તા થાય છે. 'કળશટીકા'માં 'કર્તૃત્વ'નો એવો અર્થ કર્યો છે.

જેમ ઊંધા બળજોરીથી કર્તા થાય છે એમ (અહીંયાં) પોતાની બળજોરીથી... આ..હા..હા...! **'...અત્યંત આક્રમીને,...'** એટલે પર્યાયને **'...(–પહોંચી વળીને),...'** આહા..હા...! **'...તે પર્યાયો પોતાના સ્વરૂપસર્વસ્વને અક્રમે અર્પે,...'** તે પર્યાયો પોતાના સ્વરૂપસર્વસ્વને વર્તમાન અર્પે ! આ..હા..હા...! (એટલે કે) **'...(–એકી સાથે જ્ઞાનમાં જણાવે),...'** આ..હા..હા...! ભૂતકાળની વીતી ગયેલી અને ભવિષ્યની થઈ નથી, હયાતી થઈ નથી કે હયાતી અનુભવાઇ નથી, એ પર્યાયો પોતાના સ્વરૂપસર્વસ્વને અક્રમે અર્પે (છે). (અક્રમે અર્પે છે એટલે) પહેલું વર્તમાનમાં જણાય અને પછી ભવિષ્યનું જણાય, ભૂતનું પહેલું જણાય... એમ નહિ. એ પર્યાયોનો એવો સ્વભાવ છે ! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પહેલા ભૂતની પર્યાયો જણાય અને પછી ભવિષ્યની (જણાય) એમ પર્યાયોનો એવો સ્વભાવ નથી. આ..હા..હા...!

**'...એ રીતે તેમને પોતાના પ્રતિ નિયત ન કરે (–પોતામાં નિશ્ચિત ન કરે, પ્રત્યક્ષ ન જાણે),...'** આ..હા..હા...! **'...તો તે જ્ઞાનની દિવ્યતા શી ?'** એ જ્ઞાનની દિવ્યતા..! અલૌકિકતા...! વિસ્મયતા...! છે. આ..હા..હા...! **'...તે પર્યાયો પોતાના સ્વરૂપસર્વસ્વને અક્રમે અર્પે (–એકી સાથે જ્ઞાનમાં જણાવે) એ રીતે તેમને પોતાના પ્રતિ નિયત ન કરે (–પોતામાં નિશ્ચિત ન કરે, પ્રત્યક્ષ ન જાણે), તો તે જ્ઞાનની દિવ્યતા શી ?'** આ..હા..હા...!

**'આથી (એમ કહ્યું કે) પરાકાષ્ઠાને પહોંચેલા જ્ઞાનને આ બધું ઉપપન્ન (–યોગ્ય) છે.'** 'પરાકાષ્ઠાને' (એટલે) છેલ્લામાં છેલ્લી જ્ઞાનની ઉત્કૃષ્ટ દશા થઈ ગઈ એને બધું યોગ્ય છે. નહિ થયેલી (અને) થઈ ગઈ એને પણ વર્તમાન પ્રત્યક્ષ જાણે એવો જ કોઈ જ્ઞાનનો સ્વભાવ છે, (એમ કહેવું છે). વિશેષ કહેશું....

❀ ❀ ❀

## (તા. ૧૩-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૩૮)

(પ્રવચનસાર) ૩૯ ગાથાનો ભાવાર્થ. **'અનંત મહિમાવંત કેવળજ્ઞાનની એ દિવ્યતા છે કે તે અનંત દ્રવ્યોના સમસ્ત પર્યાયોને,...'** ગયાકાળના, ભવિષ્યના અને વર્તમાનના. ગયાકાળના અનંતા એથી અનંતગુણા ભવિષ્યના (અને) વર્તમાનની પર્યાય પણ અનંત છે. ત્રણકાળના સમયથી પણ વર્તમાન એક સમયની પર્યાય અનંત છે. આહા..હા...! એ ભૂતકાળ – ગયોકાળ, ભવિષ્ય અને વર્તમાનને ભગવાન એક સમયમાં **'...સંપૂર્ણપણે એક જ સમયે પ્રત્યક્ષ જાણે છે.'** એમ કરીને (સમજીને) કરવું શું પણ હવે ?

આત્મા રાગાદિ વિકલ્પરહિત (છે) તેને સ્વસંવેદનથી જાણવો અને એ સ્વસંવેદન દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે. સમજાણું કાંઈ ? રાગથી તો (આત્માની) પ્રાપ્તિ નથી, પણ.. અહીં હવે પછી કહેશે (કે), ઇન્દ્રિયના મનના જ્ઞાનથી પ્રાપ્તિ નથી. સર્વજ્ઞપદ ! લોકોને એકાંત લાગે છે ને, એકાંત લાગે છે ! પણ અહીં તો કહે છે (કે), આ નિશ્ચય સર્વજ્ઞપણું સિદ્ધ કર્યું પણ એ સર્વજ્ઞપણું પ્રાપ્ત કેમ થાય ? એનું તાત્પર્ય એણે બતાવ્યું શું ? (તો કહે છે) આત્મા રાગાદિ–રહિત સર્વજ્ઞસ્વરૂપી છે. એનો સ્વસંવેદનજ્ઞાનથી (અનુભવ કરે) તેને સર્વજ્ઞની પ્રાપ્તિ થાય. આહા..હા...!

અહીં ૩૯ (ગાથામાં) છેલ્લે એ કહ્યું (કે), એક જ સમયે (સંપૂર્ણપણે સર્વને) જાણે એવી જગતમાં જે પર્યાય છે, એની પ્રાપ્તિ પોતાને કરવી છે તો એણે તો અતીન્દ્રિય સ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथेन्द्रियज्ञानस्यैव प्रलीनमनुत्पन्नं च ज्ञातुमशक्यमिति वितर्कयति–

**अत्थं अक्खणिवदिदं ईहापुव्वेहिं जे विजाणंति।**
**तेसिं परोक्खभूदं णादुमसक्कं ति पण्णत्तं।।४०।।**

**अर्थमक्षनिपतितमीहापूर्वैर्ये विजानन्ति।**
**तेषां परोक्षभूतं ज्ञातुमशक्यमिति प्रज्ञप्तम्।।४०।।**

ये खलु विषयविषयिसन्निपातलक्षणमिन्द्रियार्थसन्निकर्षमधिगम्य क्रमोपजायमानेनेहादिकप्रक्रमेण परिच्छिन्दन्ति, ते किलातिवाहितस्वास्तित्वकालमनुपस्थितस्वास्तित्वकालं वा यथोदितलक्षणस्य ग्राह्यग्राहकसंबन्धस्यासंभवतः परिच्छेत्तुं न शक्नुवन्ति।।४०।।

---

अथातीतानागतसूक्ष्मादिपदार्थानिन्द्रियज्ञानं न जानातीति विचारयति-**अत्थं** घटपटादिज्ञेयपदार्थं। कथंभूतं। **अक्खणिवदिदं** अक्षनिपतितं इन्द्रियप्राप्तं इन्द्रियसंबद्धं। इत्थंभूतमर्थं **ईहापुव्वेहिं जे विजाणंति** अवग्रहेहावायादिकमेण ये पुरुषा विजानन्ति हि स्फुटं। **तेसिं परोक्खभूदं** तेषां सम्बन्धि ज्ञानं परोक्षभूतं सत् **ण दुममक्कं ति पण्णतं** सूक्ष्मादिपदार्थान् ज्ञातुमशक्यमिति प्रज्ञप्तं कथितम्। कैः। ज्ञानिभिरिति। तद्यथा – चक्षुरादीन्द्रियं घटपटादिपदार्थपार्श्वे गत्वा पश्चादर्थं जानातीति सन्निकर्षलक्षणं नैयायिकमते। अथवा संक्षेपेणेन्द्रियार्थयोः संबन्धः सन्निकर्षः स एव प्रमाणम्। स च सन्निकर्ष आकाशाद्यमूर्तपदार्थेषु देशान्तरितमेवादिपदार्थेषु कालान्तरितरामरावणादिषु स्वभावान्तरितभूतादिषु तथैवातिसूक्ष्मेषु परचेतोवृत्तिपुद्गलपरमाण्वादिषु च न प्रवर्तते। कस्मादिति चेत्। इन्द्रियाणां स्थूलविषयत्वात्, तथैव मूर्तविषयत्वाच्च। ततः कारणादिन्द्रियज्ञानेन सर्वज्ञो न भवति। तत एव चातीन्द्रियज्ञानोत्पत्तिकारणं रागादिविकल्परहितं स्वसंवेदनज्ञानं विहाय पञ्चेन्द्रियसुखसाधनभूतेन्द्रियज्ञाने नानामनोरथविकल्पजालरूपे मानसज्ञाने च ये रतिं कुर्वन्ति ते सर्वज्ञपदं न लभन्ते इति सूत्राभिप्रायः।।४०।।

---

ભગવાનઆત્માની સન્મુખ થઈને, એનું સ્વ (નામ) પોતાનું વેદન કરીને જે કાંઈ શાંતિ પ્રાપ્ત થાય, એ દ્વારા એને સર્વજ્ઞની પ્રાપ્તિ થાય, આ..હા..હા...! આવી વાત છે ! એ ૩૯ (ગાથા પૂરી) થઈ.

૪૦ (ગાથા). (મથાળામાં કહે છે) '**હવે ઇન્દ્રિયજ્ઞાનને માટે,...**' (અર્થાત્) ઇન્દ્રિયજ્ઞાન જે છે તેને '**...માટે નષ્ટ,...**' એટલે થઈ ગયેલી દશાઓ '**...અને અનુત્પન્ન જાણવાનું અશક્ય છે,...**' (અર્થાત્) ઇન્દ્રિયજ્ઞાનમાં, દ્રવ્યની જે અવસ્થાઓ થઈ ગઈ અને થશે તેને જાણવાનું અશક્ય છે. '**...(અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાન જ નષ્ટ અને અનુત્પન્ન પદાર્થોને–પર્યાયોને જાણી શકતું નથી) એમ ન્યાયથી નક્કી કરે છે :–**' આહા..હા...!

અનીન્દ્રિય સર્વજ્ઞજ્ઞાન, અનીન્દ્રિય (એટલે) ઇન્દ્રિયાતીત વસ્તુ જે ભગવાનઆત્મા તેના ધ્યાનથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે ઇન્દ્રિયજ્ઞાનને માટે જ નષ્ટ અને અનુત્પન્ન જાણવાનું અશક્ય છે (અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાન જ નષ્ટ અને અનુત્પન્ન પદાર્થોને – પર્યાયોને જાણી શકતું નથી) એમ ન્યાયથી નક્કી કરે છે :–

**ઇહાદિપૂર્વક જાણતા જે અક્ષપતિત પદાર્થને,**
**તેને પરોક્ષ પદાર્થ જાણવું શક્ય ના–જિનજી કહે. ૪૦**

**અન્વયાર્થ :–** **[ये]** જેઓ **[अक्षनिपतितं]** અક્ષપતિત અર્થાત્ ઇન્દ્રિયગોચર **[अर्थं]** પદાર્થને **[ईहापूर्वैः]** ઇહાદિક વડે **[विजानन्ति]** જાણે છે, **[तेषां]** તેમને માટે **[परोक्षभूतं]** પરોક્ષભૂત પદાર્થને **[ज्ञातुं]** જાણવાનું **[अशक्यं]** અશક્ય છે **[इति प्रज्ञप्तम्]** એમ સર્વજ્ઞદેવે કહ્યું છે.

**ટીકા :–** વિષય અને વિષયીનો સન્નિપાત જેનું લક્ષણ (–સ્વરૂપ) છે એવો જે ઇન્દ્રિય અને પદાર્થનો સન્નિકર્ષ તેને પામીને, અનુક્રમે ઊપજતા ઇહાદિક ક્રમથી જેઓ જાણે છે, તેઓ જેનો સ્વ-અસ્તિત્વકાળ વીતી ગયો છે તેને તથા જેનો સ્વ-અસ્તિત્વકાળ ઉપસ્થિત થયો નથી તેને (–અતીત તથા અનાગત પદાર્થને) જાણી શકતા નથી કારણ કે (અતીત–અનાગત પદાર્થને અને ઇન્દ્રિયને) યથોક્તલક્ષણ (–યથોક્તસ્વરૂપ, ઉપર કહ્યો તેવા) ગ્રાહ્યગ્રાહકસંબંધનો અસંભવ છે.

**ભાવાર્થ :–** ઇન્દ્રિયજ્ઞાન, ઇન્દ્રિય સાથે પદાર્થનો (અર્થાત્ વિષયી સાથે વિષયનો) સન્નિકર્ષ–સંબંધ થાય તો જ, (અને તે પણ અવગ્રહ-ઇહા-અવાય-ધારણારૂપ ક્રમથી) પદાર્થને જાણી શકે છે. નષ્ટ અને અનુત્પન્ન પદાર્થોની સાથે ઇન્દ્રિયોનો સન્નિકર્ષ નહિ હોવાથી ઇન્દ્રિયજ્ઞાન તેમને જાણી શકતું નથી. માટે ઇન્દ્રિયજ્ઞાન હીન છે, હેય છે. ૪૦.

---

અને તેના વેદનથી તે સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય. આહા..હા...! એનો સાર આ છે. તાત્પર્ય આ છે ને ! આહા...! સમજાણું ?

ઇન્દ્રિયજ્ઞાન છે (તેમાં) પૂર્વનું થઈ ગયેલું અને (ભવિષ્યમાં) થશે, તેને જાણવાની તાકાત નથી, એ કહે છે.

**अत्थं अक्खणिवदिदं ईहापुव्वेहिं जे विजाणंति।**
**तेसिं परोक्खभूदं णादुमसक्कं ति पण्णत्तं।।४०।।**
**ઇહાદિપૂર્વક જાણતા જે અક્ષપતિત પદાર્થને,**
**તેને પરોક્ષ પદાર્થ જાણવું શક્ય ના–જિનજી કહે. ૪૦**

'**पण्णत्तं**' છે ને ? (અર્થાત્) ભગવાન સર્વજ્ઞ એમ કહે. આ..હા..હા...! ઇન્દ્રિયજ્ઞાનથી થઈ ગયેલી અવસ્થાઓ અને નહિ થયેલી અવસ્થાને ઇન્દ્રિયજ્ઞાન ન જાણી શકે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે બહુ, બાપુ ! આહા..હા...!

**ટીકા :–** '**વિષય અને વિષયીનો સન્નિપાત જેનું લક્ષણ,...**' (છે), (અર્થાત્) મેળાપ, સંબંધ. (અર્થાત્) વિષય છે અને અહીં ઇન્દ્રિયનું જ્ઞાન છે એ બે નો '**...સન્નિપાત જેનું લક્ષણ (–સ્વરૂપ) છે એવો જે ઇન્દ્રિય અને પદાર્થનો સન્નિકર્ષ,...**' (સન્નિકર્ષ એટલે) સંબંધ, સમીપતા. '**...તેને પામીને,...**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અર્થાત્) ઇન્દ્રિયજ્ઞાન તો જે વિષય છે તેની પોતે સમીપતા પામીને. ભૂત અને ભવિષ્ય તો ગયું – છે નહિ, અને વર્તમાન જે છે, ઇન્દ્રિયજ્ઞાન તેની સમીપતા પામીને, તે પણ '**...અનુક્રમે ઊપજતા ઇહાદિક ક્રમથી,...**' પાઠ તો એ છે ને ? '**ईहा**' શબ્દ પડ્યો છે ને ? (અર્થાત્) મતિજ્ઞાન આદિ ઇન્દ્રિયજ્ઞાન છે એ તો પહેલા અવગ્રહ (એટલે) પકડે પછી એનો વિચાર કરે પછી એનો નિર્ણય કરે અને પછી ધારણા કરે. એ 'ઇહા'પૂર્વક, વિચારપૂર્વક તે ઇન્દ્રિયનું જ્ઞાન થાય. આહા..હા...!

'**...અનુક્રમે ઊપજતા ઈહાદિક ક્રમથી જેઓ જાણે છે, તેઓ જેનો સ્વ–અસ્તિત્વકાળ વીતી ગયો છે,...**' (અર્થાત્) એ વસ્તુ (જે) છે તેની પર્યાયોનું અસ્તિત્વ હતું તેનો કાળ વીતી ગયો છે. અત્યારે છે નહિ. દ્રવ્યની પર્યાય જે છે–અવસ્થા એ ગયાકાળની થઈ ગઈ, વીતી ગઈ છે. તેને '**...તથા જેનો સ્વ–અસ્તિત્વકાળ ઉપસ્થિત થયો નથી,...**' (અર્થાત્) ભવિષ્યની અવસ્થાનો કાળ ઉત્પન્ન થયો નથી.

'**...(–અતીત તથા અનાગત પદાર્થને) જાણી શકતા નથી,...**' આ..હા..હા...! ઇન્દ્રિયના નિમિત્તથી – સંબંધથી (થયેલું જ્ઞાન), (આમ) તો પોતાનું જ્ઞાન છે, પણ એ ઇન્દ્રિયના નિમિત્તથી થતું જ્ઞાન ભૂત અને ભવિષ્યની, થઈ ગઈ અને થશે (એવી પર્યાયોનું) જ્ઞાન એને હોઈ શકે નહિ. આ..હા..હા...!

'**...કારણ કે (અતીત–અનાગત પદાર્થને અને ઇન્દ્રિયને) યથોક્તલક્ષણ (–યથોક્તસ્વરૂપ, ઉપર કહ્યો તેવા) ગ્રાહ્યગ્રાહકસંબંધનો અસંભવ છે.**' એટલે ? એ (સામેવાળો પદાર્થ) ગ્રાહ્ય અને ઇન્દ્રિય ગ્રાહક. વર્તમાન પદાર્થ ગ્રાહ્ય અને પોતે ગ્રાહક – તેવો સંબંધ છે. પણ ભૂત, ભવિષ્યના પદાર્થ સાથે ગ્રાહ્યગ્રાહક સંબંધ છે નહિ. જાણનાર અને જણાનાર, એવો ભૂત, ભવિષ્યની સાથે સંબંધ છે નહિ. સમજાય છે કાંઈ ? આહા...! '**...(–યથોક્તસ્વરૂપ, ઉપર કહ્યો તેવા),...**' એટલે સમીપમાં '**...ગ્રાહ્યગ્રાહકસંબંધનો અસંભવ છે.**' (અર્થાત્) થઈ ગઈ પર્યાય અને થશે, એને ઇન્દ્રિયજ્ઞાનની સાથે વર્તમાન મેળાપ નથી – સંબંધ નથી. સંબંધ તો વર્તમાન જે વર્તે છે તે વિષય અને તેનું વિષયી જ્ઞાન, એટલો સંબંધ ઇન્દ્રિયનો છે. આહા..હા...! માટે તે ઇન્દ્રિયજ્ઞાન હેય છે, આહા...! (એમ) કહે છે.

જેને સર્વજ્ઞપણું પ્રાપ્ત કરવું હોય તેને (તો) રાગનો વિકલ્પ છે – દયા, દાન, વ્રત, ભક્તિનો, એ તો હેય છે. આ..હા..હા...! પણ અહીં તો જેને સર્વજ્ઞપણું પ્રાપ્ત કરવું છે એને ઇન્દ્રિયજ્ઞાન પણ હેય છે. આહા..હા...! વ્યવહાર રત્નત્રય જે દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રજ્ઞાન આદિ વિકલ્પ એ તો હેય છે. જેને સર્વજ્ઞપદ – મોક્ષ(પદ) પ્રાપ્ત કરવું હોય તો એ તો એને હેય છે અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ તે ઉપાદેય છે. એના ઉપાદેયપણાથી તેને સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય.

અહીંયાં (કહે છે) – ઇન્દ્રિયજ્ઞાન, વર્તમાન સમીપમાં વિષય હોય અને ઇન્દ્રિયનો મેળાપ સમીપ હોય તો એને જાણે. તેથી તે ઇન્દ્રિયજ્ઞાનથી સર્વજ્ઞજ્ઞાન થઈ શકે નહિ. આ..હા..હા...! ઇન્દ્રિયજ્ઞાન તો વર્તમાન પૂરતું છે તે પણ સમીપમાં – નજીકમાં હોય તે માટે. સર્વજ્ઞપણું જે ભૂત–ભવિષ્ય અને વર્તમાનને એક સમયમાં અક્રમે જાણે એવો જેનો સ્વભાવ (છે), તેની સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ હોય છે. (માટે જેને એવો) અતીન્દ્રિય આનંદ અને સર્વજ્ઞપણું પ્રાપ્ત કરવું હોય તેણે ઇન્દ્રિયજ્ઞાનને હેય કરી અને અતીન્દ્રિય એવો જે ભગવાન તેનું જ્ઞાન કરી અને તેના જ્ઞાનમાં આનંદનો અનુભવ કરી... આ..હા..હા...! સર્વજ્ઞ અને અનંત અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ તે દ્વારા (કરે). આ..હા..હા...! હવે, આવી વાતું...!

(સંપ્રદાયમાં) તો કહે, વ્રત કરો ને તપ કરો ને ભક્તિ કરો...! આહા..! (અને અહીંયાં આવી વાત) એથી લોકો અહીંની વાતને 'એકાંત' કહે છે. 'એકાંતવાદીઓ છે... એકાંતવાદીઓ છે...!' કેમકે રાગની ક્રિયાથી, વ્યવહારથી નિશ્ચય (થવાનું) માનતા નથી. વાત એની સાચી છે!

અહીં તો (એમ કહે છે કે) ઇન્દ્રિયજ્ઞાનથી પણ આત્માનું જ્ઞાન (અને) સર્વજ્ઞપણું (પ્રગટ) થતું નથી. અરે...! ઇન્દ્રિયજ્ઞાનથી અંદર આત્માનું જ્ઞાન પણ થતું નથી (તો સર્વજ્ઞપણું કેવી રીતે પ્રગટ થાય ?) સમજાણું કાંઈ ? જેને પ્રથમ આત્મજ્ઞાન થાય છે એ ઇન્દ્રિયજ્ઞાનથી થતું નથી. આ..હા..હા...! અરે...! ભગવાનની વાણી સાંભળી અને પોતાની જ્ઞાનની પર્યાય પોતાથી થઈ, એ વાણી તો નિમિત્ત છે, એ વખતે જે જ્ઞાનની પર્યાય થઈ એનાથી પણ આત્મજ્ઞાન ન થાય. સમજાય છે કાંઈ ? કેમકે એ પરલક્ષી જ્ઞાન છે, પરસત્તાવલંબી જ્ઞાન છે. ખરેખર તો એ પરલક્ષી જ્ઞાન છે એ બંધનું કારણ છે. આ..હા..હા...! આવી વાતું છે !

ભગવાનની વાણી સાંભળીને જે જ્ઞાન થયું કે શાસ્ત્ર વાંચીને જે જ્ઞાન થયું, એ જ્ઞાનને 'શબ્દજ્ઞાન' શબ્દનું જ્ઞાન થયું. એનાથી – શબ્દજ્ઞાનથી આત્મજ્ઞાન ન થાય, આ..હા..હા...! આવી વાત છે, ભાઈ ! બીજાને તો એવું (આકરું) લાગે (પણ) શું થાય ? વીતરાગ માર્ગ તો આ છે. આહા..હા...! એમ વીતરાગ પોતે (કહે છે). '**पण्णत्तं**' કીધું ને અહીંયાં ? ઇન્દ્રિયજ્ઞાનથી વર્તમાનને જાણે એ ભૂત--ભવિષ્યને ન જાણે. એમ ભગવાન '**पण्णत्तं**' (અર્થાત્) ભગવાને કહ્યું. '**पण्णत्तं**' શબ્દ છે ને છેલ્લો ? ૪૦ (ગાથામાં). આ..હા..હા...!

ભગવાને એમ કહ્યું કે, જેને સર્વજ્ઞપદ પ્રાપ્ત કરવું હોય તેણે ઇન્દ્રિયજ્ઞાનને હેય કરી અને અનીન્દ્રિય એવો ભગવાનઆત્મા તેને ઉપાદેય કરી, તેનું જે જ્ઞાન થાય તે 'સ્વસંવેદનજ્ઞાન' છે, ઇન્દ્રિયનું જ્ઞાન નહિ. આ..હા..હા...! સ્વ નામ પોતે, (સંવેદન નામ) પોતાનું વેદન (કરે). (એટલે) જ્ઞાન જ્ઞાનનું વેદન કરી, જ્ઞાન આનંદનું વેદન કરી અને અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો જેને આશ્રય થયો અને જેને પર્યાયમાં અતીન્દ્રિય જ્ઞાન–આત્મજ્ઞાન, અતીન્દ્રિય આનંદ થયો, એ દ્વારા સર્વજ્ઞ અને પૂર્ણ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એનાથી (કરે છે), થાય છે, આ..હા..હા...! (અહીં તો) એટલું સિદ્ધ કરવું છે ને ! નહિતર તો, એ વર્તમાન જે સ્વસંવેદનજ્ઞાન છે એનાથી કેવળ(જ્ઞાનની) પ્રાપ્તિ થાય (એમ જે કહ્યું) એ તો પૂર્વની પર્યાયને ઉપાદાન (કારણ) ગણી અને પછીની પર્યાયને ઉપાદેય (કાર્ય) ગણીને કહેવામાં આવ્યું. આહા..હા...!

નિશ્ચયથી તો સર્વજ્ઞપણાની પ્રાપ્તિ સર્વજ્ઞસ્વરૂપી ભગવાનઆત્માના અવલંબને સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય. આ..હા..હા...! કેમકે સ્વસંવેદનજ્ઞાનનો પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં વ્યય થાય છે, આહા..હા...! એથી ખરેખર તો અનીન્દ્રિય પ્રભુ માનસિકજ્ઞાનથી જણાય નહિ, ઇન્દ્રિયજ્ઞાનથી જણાય નહિ, આહા..હા...! એવો જે ભગવાનઆત્મા ! તેને અતીન્દ્રિય સ્વસંવેદનજ્ઞાનથી જાણતાં... એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણતાં, એને જાણ્યું એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ ભેગો આવ્યો. એ વ્યવહારથી એમ કહી શકાય કે, એ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદથી સર્વજ્ઞની પ્રાપ્તિ થાય. રાગના કારણથી ન થાય (પણ) આનાથી થાય, એમ કહેવાય.

બાકી તો સર્વજ્ઞપદની પ્રાપ્તિનો ઉત્પાદ્ થાય... આ..હા..હા...! એને પૂર્વની સ્વસંવેદનની પર્યાય હતી તેની પણ અપેક્ષા નથી. સર્વજ્ઞની પર્યાય પ્રાપ્ત થાય તે પર્યાયને, બહુ પરમાર્થ નિશ્ચયથી જોઈએ તો તેને ધ્રુવની અપેક્ષા નથી !! આવી વાતું ક્યાં (સાંભળી હોય) ? માર્ગ આવો (છે), ભાઈ ! આ..હા..હા...! સાક્ષાત્ ભગવાન બિરાજે છે, આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

એક સમયની વર્તમાન અતીન્દ્રિય અનંત પર્યાય(ને) પણ ઇન્દ્રિય ક્યાં જાણી શકે છે ? ભાઈ ! આ તો વિષયનો જે સંબંધ થાય એમાં જ્ઞાન જોડાય, એ એને જાણે. પણ એક સમયની અનંતી પર્યાય ઇન્દ્રિયનો વિષય શી રીતે થાય ? શું કહ્યું સમજાણું ? ભૂત, ભવિષ્યને (જાણે, એમ) તો નહિ પણ વર્તમાન એક સમયની અનંત ગુણની અનંતી પર્યાય... આ..હા..હા...! જે પર્યાયની સંખ્યા ત્રણકાળના સમયથી અનંતગુણી ! એને ઇન્દ્રિયજ્ઞાન શી રીતે જાણે ? ભાઈ ! આ..હા..હા...! આ ઇન્દ્રિયજ્ઞાન તો જે એના સમીપનો વિષય છે એનો એને મેળાપ થાય તેને ઇન્દ્રિય જાણે, આહા..હા...! એ એક સમયની અનંતી પર્યાયનો ઇન્દ્રિયને શી રીતે મેળાપ થાય ? આ..હા..હા...!

શ્રોતા :– ઇન્દ્રિયજ્ઞાનનો વિષય તો રૂપી છે અને આ તો અરૂપી પર્યાય છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– (એમ તો) મનનો વિષય અરૂપી છે, પણ છતાં આ એક સમયની અનંતી પર્યાય એ પ્રત્યક્ષ નહિ કરી શકે. સમજાય છે ? આ..હા..હા...!

ભગવાનઆત્મા ! અતીન્દ્રિય પૂર્ણ સ્વભાવનો પિંડ પ્રભુ ! તેના આશ્રયથી, તેમાંથી સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય. આહા..હા...! અને વ્યવહારે એમ કહેવાય કે, ઇન્દ્રિયજ્ઞાનથી (પ્રગટ થતું નથી) એટલે સ્વસંવેદનજ્ઞાનથી (પ્રગટ) થાય, એમ કહેવાય. આહા...! આવી વાત છે ! આવું ક્યાંય સાંભળ્યું હતું ? આવો માર્ગ છે, ભાઈ ! આહા..હા...! ઓ..હો..હો...!

'**...ગ્રાહ્યગ્રાહકસંબંધનો અસંભવ છે.**' એના ઉપરથી આ કાઢ્યું. એક સમયની અનંતી પર્યાય પણ ઇન્દ્રિય ગ્રહે અને (તે) પર્યાય ગ્રાહ્ય (થવાને) લાયક થાય, એવું સ્વરૂપ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાન તો ઇન્દ્રિય અને મનથી રહિત છે. અંદર પ્રભુ જે આત્મા છે (એ તો) ઇન્દ્રિય અને મનના સંબંધ વિના(નો છે).

'સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત' આવ્યું હતું ને ? પહેલાં આવી ગયું છે. બધાં – સર્વ વસ્તુઓના સંબંધથી રહિત. શેમાં આવ્યું હતું એ ? ('સમયસાર'--૯૬ ગાથાની ટીકામાં છે). '**આ આત્મા, જોકે તે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે,...**' આહા..! મન અને ઇન્દ્રિયો પણ પર છે. એના સંબંધથી રહિત પ્રભુ–આત્મા છે. આહા...! એથી મનને... એ આવી ગયું હતું (કે), મનનો વિષય છ દ્રવ્ય. આવ્યું હતું ને ? ઇન્દ્રિયનો વિષય રૂપી (પદાર્થ). (એમ) ૯૬ (ગાથામાં) ત્રણ (મુદ્દા) આવ્યા હતા. મનનો વિષય છ દ્રવ્ય. કેમકે વિકલ્પથી અરૂપી પણ વિષય (થાય) છે ને ! અને ઇન્દ્રિયનો વિષય રૂપી. અને અમૃતરૂપ... આ..હા..હા...! અમૃતરૂપ વિજ્ઞાનઘન મૃતક ક્લેવરમાં મૂર્છાણો ! આ ત્રણ બોલ આવ્યા હતા. આ..હા..હા...! આ તો મડદું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ! આ શરીર ! ચૈતન્યના અભાવસ્વભાવવાળું છે. એવા મૃતક ક્લેવરમાં '**પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન**' એમ શબ્દ છે, આહા...! (તેમાં) મૂર્છાઈ ગયો ! આહા...! ત્યાં રોકાઈ ગયો. એ પણ આવ્યું છે ને ? '**ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી**' એ પહેલાં 'મન'ના (બોલમાં) આવ્યું હતું. અને 'ઇન્દ્રિય'માં આવ્યું હતું કે, '**કેવળ બોધ (–જ્ઞાન) ઢંકાયેલ હોવાથી**' આ..હા..હા...! ઇન્દ્રિયના વિષયમાં – રૂપીમાં 'કેવળ બોધ ... આ..હા..હા...! રોકાયેલો હોવાથી..' અને '**પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન**' મૃતક ક્લેવરમાં મૂર્છાણો ! આ..હા..હા...! એ ત્રણથી રહિત અંદર સ્વરૂપ છે એ ચૈતન્ય છે. આહા..હા...! મન અને ઇન્દ્રિયથી (થયેલું) જ્ઞાન એનાથી રહિત ભગવાનઆત્માનું જ્ઞાન છે, આ..હા..હા...!

લોકો બચારા પછી 'એકાંત' કહે, કારણ કે આ બધો વિષય ચાલતો નથી. દિગંબરમાં ચાલતો નથી તો બીજે તો છે જ ક્યાં !? એના શાસ્ત્રોમાં (પણ) નથી, આહા..હા...! આમાં જે ચોખ્ખી વાત પડી છે (એ દિગંબરોને ખબર નથી) ! તેથી અહીંનું 'એકાંત' લાગે ! કે, 'અરે..! એ કહે છે કે, રાગથી કાંઈ (ધર્મ) થાય નહિ, ઇન્દ્રિયજ્ઞાનથી આત્મજ્ઞાન થાય નહિ !'

સમવસરણમાં સાક્ષાત્ ભગવાનની વાણી સાંભળે અને જે જ્ઞાન થાય, (પણ) એ થયું છે પોતાના ઉપાદાનથી, છતાં તે જ્ઞાનથી પણ આત્મજ્ઞાન ન થાય. હવે આવી વાત ક્યાં (સાંભળી હોય) ? શાસ્ત્રજ્ઞાન થાય... અગિયાર અંગ ભણે (એમાં) કરોડો--અબજો શ્લોક (ભણે) (કારણ કે) અગિયાર અંગમાં તો કરોડો... કરોડો... અબજો શ્લોકો આવે ! એ શાસ્ત્રજ્ઞાનથી પણ આત્મજ્ઞાન ન થાય. કારણ કે, શાસ્ત્રજ્ઞાન પરલક્ષી જ્ઞાન–પરજ્ઞેય છે, સ્વજ્ઞેય નહિ. આ..હા..હા...! આવી વાત છે !

શ્રોતા :-- (લોકો એમ કહે છે કે) નિશ્ચયાભાસી થઈ ગયા છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- કહે.. કહે.. કહી શકે. (કેમકે) આ વાત હતી નહિ ને એણે સાંભળી નથી. અને ગુરુગમ નથી તેમ પૂર્વના કોઈ સંસ્કાર નથી. આ માર્ગ 'ગુરુગમ' વિના બેસે એવો નથી, બાપુ ! આહા..હા...! અને કાં ગુરુગમ પૂર્વ(ભવ)નો હોવો જોઈએ. એ વિના આ વાત(ની) ઘડ નહિ બેસે ! આ કાપડના આવે છે ને ? શું કહેવાય એ ? 'અટલસ'...! એ 'અટલસ'ને આમ ખુલ્લી કરીને વાળવી છે એ એનો જાણનારો જ વાળી શકે. 'અટલસ' હોય ને 'અટલસ' ? શું તમારે કહે છે ? ('તાકા'...!) એ ખોલી હોય એને પછી વાળવી હોય તો, (એને વાળતા) આવડતી હોય એ વાળી શકે. વળ... વળ નાખીને ! એ તો એક જડની દશા ! અને તે પણ તેને કારણે થવાની હોય તો થાય ! આ તો ભવગાનઆત્મા ! રાગથી ભેદજ્ઞાન (કરે તો) તેની પ્રાપ્તિ થાય. આહા..! ઇન્દ્રિયજ્ઞાનથી નહિ પણ ભેદજ્ઞાનથી પ્રાપ્તિ થાય ! આ..હા..હા...! આવી વાત..! આ..હા..હા...!

**ભાવાર્થ :– 'ઇન્દ્રિયજ્ઞાન, ઇન્દ્રિય સાથે પદાર્થનો (અર્થાત્ વિષયી સાથે વિષયનો) સન્નિકર્ષ–સંબંધ થાય તો જ, (અને તે પણ અવગ્રહ–ઈહા–અવાય–ધારણારૂપ ક્રમથી),...**' બે વાત (કરી). એક તો વિષય સાથે ઇન્દ્રિયજ્ઞાનનો આમ સંબંધ થાય અને તે પણ પાછું અનુક્રમે. (અર્થાત્) અવગ્રહ–ઈહા–અવાય–ધારણા એ અનુક્રમે થાય. સમજાણું કાંઈ ? આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવી વાત..! (સમજવા) નવરાશ ન મળે ! ધંધા આડે નવરાશ ન મળે ! આખો દિ' પૈસા ને ધૂળ ને ધાણી ! બાયડી ને છોકરા...! પાંચ–પાંચ કરોડ.. ને ચાર–ચાર કરોડ... ધૂળમાં મરી ગયા છે ! આહા..હા...! પૈસાનો વિષય પણ નજીકમાં આવે ત્યારે ઇન્દ્રિયના જ્ઞાનનો વિષય–સંબંધ થાય. એ પૈસા તો એના નથી, પણ એના સંબંધનું જે ઇન્દ્રિયજ્ઞાન છે એ પણ એનું વાસ્તવિક નથી ! આ..હા..હા...! આવી વાતું છે, ભાઈ ! આહા..હા..! પૈસા તો એના નથી, શરીર એનું નથી, પણ ઇન્દ્રિયજ્ઞાનમાં એ પૈસાના વિષયનો સંબંધ થાય એ જ્ઞાન પણ આત્મજ્ઞાન નથી. અને એ જ્ઞાન દ્વારા આત્મજ્ઞાન થાતું નથી, આ..હા..હા...! આવો માર્ગ છે !

એ અહીં કહ્યું કે, ઇન્દ્રિય અને વિષયનો આમ જ્યારે સંબંધ થાય, આંખનો જેમ આમ વસ્તુ સાથે સંબંધ થાય તો (જાણે), અને તે પણ અનુક્રમે (થાય છે). ભગવાનનું જ્ઞાન અને લોકાલોકનો વિષય એક સમયમાં સામે છે. આહા..હા...! એક સમયમાં કેવળજ્ઞાન – સર્વજ્ઞપણું પોતાથી થયું છે ત્યાં લોકાલોક વર્તમાન એક સમય(માં) નિમિત્ત છે. વર્તમાન નિમિત્ત છે, હોં..! ભૂત, ભવિષ્યનું જ્ઞાન પણ વર્તમાનમાં નિમિત્ત છે ! ભાઈ ! શું કહ્યું સમજાણું ? 'વર્તમાનવત્' કીધું હતું ને ? ત્રણકાળની પર્યાયો (વર્તમાનમાં નિમિત્ત છે). વર્તમાન ઉપાદાન આ છે તો નિમિત્ત વર્તમાન જોઈએ ને ? સમજાય છે કાંઈ ? એમાં (સામા પદાર્થમાં) શક્તિ છે એ રીતે નિમિત્ત છે, એ એક બીજી વાત છે. ભૂતકાળની પર્યાયો તેમાં ગઈ, ભવિષ્યની થવાની (તેમાં) લાયકાત છે (એ રીતે શક્તિ તરીકે નિમિત્ત છે, એ બીજી વાત છે). પણ અહીં તો પર્યાય પ્રગટ છે (તેમ જાણે છે). ભૂતની ગઈ, વર્તમાન અને થવાની, એ એક સમયમાં કેવળજ્ઞાન ઉપાદાન છે તેમાં તે વર્તમાન એક સમયમાં નિમિત્ત છે. આવું છે !

ભવિષ્યમાં જે અનંત કાળે થશે એ અહીં કેવળજ્ઞાનમાં વર્તમાનમાં નિમિત્ત (છે). વર્તમાનમાં નિમિત્ત છે ! આ..હા..હા...! (આ તે) કોઈ વાત.... !! એવો જ ભગવાન જ્ઞાનનો સ્વભાવ છે !! ઉપાદાન અહીં પૂરું છે અને નિમિત્ત ભવિષ્યનું છે, એમ કેમ (હોઈ શકે) ? તો–તો એ (વર્તમાન) નિમિત્ત કહેવાણું નહિ, ભાઈ ! આ..હા..હા...!

એક વાર કહ્યું હતું પ્રભુ ! પણ વર્તમાનનું કહ્યું હતું. ભૂત, ભવિષ્યની પર્યાયો એમાં છે ને ? પણ એ છે એ તો પરોક્ષ (થયું). પણ અહીં તો સર્વજ્ઞપદ જ્યાં પ્રગટ્યું... પાઠ છે ને ? કે, કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે અને લોકાલોક 'વર્તમાન' કેવળજ્ઞાનને નિમિત્ત છે. આ..હા..હા...! ગજબ વાત...! અનંતકાળે પર્યાય થશે તે વર્તમાનમાં સર્વજ્ઞમાં નિમિત્ત છે. આ..હા..હા...! આકરું કામ બહુ, ભાઈ ! આ તો અચિંત્ય સ્વભાવ જેનો... આ..હા..હા...! એવો ઇન્દ્રિય(જ્ઞાનનો) હોઈ શકે નહિ. માટે '**...(અવગ્રહ–ઈહા–અવાય–ધારણારૂપ ક્રમથી) પદાર્થને જાણી શકે છે.**'

'**નષ્ટ અને અનુત્પન્ન પદાર્થોની સાથે ઇન્દ્રિયનો સન્નિકર્ષ નહિ હોવાથી ઇન્દ્રિયજ્ઞાન તેમને જાણી શકતું નથી. માટે ઇન્દ્રિયજ્ઞાન હીન છે, હેય છે.**' ઇન્દ્રિયજ્ઞાન હીન અને હેય (છે). માટે જેને આત્મજ્ઞાન – સર્વજ્ઞપદ પ્રાપ્ત કરવું હોય તેણે અતીન્દ્રિયજ્ઞાન સ્વરૂપ ભગવાનનું વેદન કરવું, તેનું જ્ઞાન કરવું. અને તેમાંથી સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય, આ..હા..હા...!

હવે કહે છે, '**હવે, અતીન્દ્રિય જ્ઞાન માટે જે જે કહેવામાં આવે તે તે (બધું) સંભવે છે,...**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथातीन्द्रियज्ञानस्य तु यद्यदुच्यते तत्तत्संभवतीति संभावयति–

**अपदेसं सपदेसं मुत्तममुत्तं च पज्जयमजादं।**
**पलयं गदं च जाणदि तं णाणमदिंदियं भणियं।।४१।।**

**अप्रदेशं सप्रदेशं मूर्तममूर्तं च पर्ययमजातम्।**
**प्रलयं गतं च जानाति तज्ज्ञानमतीन्द्रियं भणितम्।।४१।।**

इन्द्रियज्ञानं नाम उपदेशान्तःकरणेन्द्रियादीनि विरूपकारणत्वेनोपलब्धिसंस्कारादीन् अन्तरग्ङस्वरूपकारणत्वेनोपादाय प्रवर्तते। प्रवर्तमानं च सप्रदेशमेवाध्यवस्यति स्थूलोपलम्भकत्वान्नाप्रदेशम्। मूर्तमेवावगच्छति तथाविधविषयनिबन्धनसद्भावान्नामूर्तम्। वर्तमानमेव परिच्छिनत्ति विषयविषयिसन्निपातसद्भावान्न तु वृत्तं वर्त्स्यच्च। यत्तु पुनरनावरणमतीन्द्रियं ज्ञानं तस्य समिद्धधूमध्वजस्येवानेकप्रकारतालिग्ङितं दाह्यं दाह्यतानतिक्रमाद्दाह्यमेव यथा तथात्मनः अप्रदेशं सप्रदेशं मूर्तममूर्तमजातमतिवाहितं च पर्यायजातं ज्ञेयतानतिक्रमात्परिच्छिद्यमेव भवतीति।।४१।।

---

अथातीन्द्रियज्ञानमतीतानागतसूक्ष्मादिपदार्थान् जानातीत्युपदिशति–**अपदेसं** अप्रदेशं कालाणुपरमाण्वादि **सपदेसं** शुद्धजीवास्तिकायादिपञ्चास्तिकायस्वरूपं **मुत्तं** मूर्तं पुद्गलद्रव्यं **अमुत्तं च** अमूर्तं च शुद्धजीवद्रव्यादि **पज्जयमजादं पलयं गयं च** पर्यायमजातं भाविनं प्रलयं गतं चातीतमेतत्सर्वं पूर्वोक्तं ज्ञेयं वस्तु **जाणदि** जानाति यद्ज्ञानं कर्तृ **तं णाणमदिंदियं भणियं** तद्ज्ञानमतीन्द्रियं भणितं, तेनैव सर्वज्ञो भवति। तत एव च पूर्वगाथोदितमिन्द्रियज्ञानं मानसज्ञानं च त्यक्त्वा ये निर्विकल्पसमाधिरूपस्वसंवेदनज्ञाने समस्तविभावपरिणामत्यागेन रतिं कुर्वन्ति त एव परमाह्लादैकलक्षणसुखस्वभावं सर्वज्ञपदं लभन्ते इत्यभिप्रायः।।४१।।

---

જે જે કહેવામાં આવે (એટલે કે) ભવિષ્યની પર્યાયો પણ જ્ઞાનમાં વર્તમાન નિમિત્ત છે, આ..હા..હા...! ભાઈ...! ભવિષ્યની અને ભૂતની પર્યાયો વર્તમાન જ્ઞાનમાં નિયત જ છે, વિદ્યમાન છે, આ..હા..હા...! શું એનો સ્વભાવ...!! તેથી અતીન્દ્રિયજ્ઞાનમાં – સર્વજ્ઞમાં જે જે કહીએ તે તે બધું લાગુ પડે, (એમ) કહે છે. આહા..હા...! એને ભવિષ્યની પર્યાયો વર્તમાનમાં નિમિત્ત છે એમ કહે તો (પણ) એને લાગુ પડે છે ! (એમ) કહે છે. આ..હા..હા...! સમજાય છે ? આહા..હા...!

એ ચૈતન્યહીરલો ચૈતન્યથી સર્વજ્ઞપણે પ્રકાશે છે ! આ..હા..હા...! એને માટે કહે છે, '**...અતીન્દ્રિય જ્ઞાન માટે જે જે કહેવામાં આવે,...**' જે જે કહેવામાં આવે...! આ..હા..હા...! ભવિષ્યની અનંતકાળે પર્યાય થશે તે જ્ઞાનમાં વર્તમાન નિમિત્ત છે, એમ કહો તોપણ એને કહી શકાય છે. આ..હા..હા...! આવું છે ! (આવું) '**...સંભવે છે એમ સ્પષ્ટ કરે છે.**' ૪૧ (ગાથા).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, અતીન્દ્રિય જ્ઞાન માટે જે જે કહેવામાં આવે તે તે (બધું) સંભવે છે એમ સ્પષ્ટ કરે છે :--

**જે જાણતું અપ્રદેશને, સપ્રદેશ, મૂર્ત, અમૂર્તને,**
**પર્યાય નષ્ટ-અજાતને, ભાખ્યું અતીન્દ્રિય જ્ઞાન તે. ૪૧.**

**અન્વયાર્થ :–** **[अप्रदेशं]** જે જ્ઞાન અપ્રદેશને, **[सप्रदेशं]** સપ્રદેશને, **[मूर्तं]** મૂર્તને, **[अमूर्त च]** અને અમૂર્તને, **[अजातं]** તથા અનુત્પન્ન **[च]** તેમ જ **[प्रलयं गतं]** નષ્ટ **[पर्यायं]** પર્યાયને **[जानाति]** જાણે છે, **[तत् ज्ञानं]** તે જ્ઞાન **[अतीन्द्रियं]** અતીન્દ્રિય **[भणितम्]** કહેવામાં આવ્યું છે.

**ટીકા :–** ઇન્દ્રિયજ્ઞાન ઉપદેશ, અંતઃકરણ, ઇન્દ્રિય વગેરેને વિરૂપ–કારણપણે (ગ્રહીને) અને ઉપલબ્ધિ (–ક્ષયોપશમ), સંસ્કાર વગેરેને અંતરંગ સ્વરૂપ-કારણપણે ગ્રહીને પ્રવર્તે છે; અને પ્રવર્તતું થકું (તે), સપ્રદેશને જ જાણે છે કારણ કે સ્થૂલનું જાણનાર છે, અપ્રદેશને નથી જાણતું (કારણ કે સૂક્ષ્મનું જાણનાર નથી); મૂર્તને જ જાણે છે કારણ કે તેવા (મૂર્તિક) વિષય સાથે તેને સંબંધ છે, અમૂર્તને નથી જાણતું (કારણ કે અમૂર્તિક વિષય સાથે ઇન્દ્રિયજ્ઞાનને સંબંધ નથી); વર્તમાનને જ જાણે છે કારણ કે વિષય-વિષયીના સન્નિપાતનો સદ્ભાવ છે, વર્તી ચૂકેલાને અને ભવિષ્યમાં વર્તનારને નથી જાણતું (કારણ કે ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષનો અભાવ છે).

પરંતુ જે અનાવરણ અતીન્દ્રિય જ્ઞાન છે તેને તો પોતાને અપ્રદેશ, સપ્રદેશ, મૂર્ત ને અમૂર્ત (પદાર્થમાત્ર) તથા અનુત્પન્ન તેમ જ વ્યતીત પર્યાયમાત્ર, જ્ઞેયપણાને નહિ અતિક્રમતા હોવાથી જ્ઞેય જ છે – જેમ પ્રજ્વલિત અગ્નિને અનેક પ્રકારનું ઇંધન, દાહ્યપણાને નહિ અતિક્રમતું હોવાથી, દાહ્ય જ છે. (જેમ પ્રદીપ્ત અગ્નિ દાહ્યમાત્રને–ઇંધનમાત્રને–બાળે છે, તેમ નિરાવરણ જ્ઞાન જ્ઞેયમાત્રને – દ્રવ્યપર્યાયમાત્રને – જાણે છે). ૪૧.

---

**अपदेसं सपदेसं मुत्तममुत्तं च पज्जयमजादं।**
**पलयं गदं च जाणदि तं णाणमदिंदियं भणियं।।४१।।**

નીચે (હરિગીત) :--

**જે જાણતું અપ્રદેશને, સપ્રદેશ, મૂર્ત, અમૂર્તને,**
**પર્યાય નષ્ટ–અજાતને, ભાખ્યું અતીન્દ્રિય જ્ઞાન તે. ૪૧.**

**ટીકા :–** **'ઇન્દ્રિયજ્ઞાન ઉપદેશ, અંતઃકરણ, ઇન્દ્રિય વગેરેને વિરૂપ–કારણપણે (ગ્રહીને),...'** આ..હા..હા...! ભગવાનઆત્મા ! ઇન્દ્રિયજ્ઞાનમાં '**ઉપદેશ**' (ને ગ્રહીને પ્રવર્તે તો તે) વિરૂપ કારણ છે. આહા..હા...! આત્માના સ્વભાવથી વિરૂપ કારણ છે, આહા..હા...! (વિરૂપનો અર્થ) વિરૂપ = 'જ્ઞાનના સ્વરૂપથી ભિન્ન સ્વરૂપવાળાં (ઉપદેશ, મન અને ઇન્દ્રિયો પૌદ્ગલિક હોવાથી તેમનું રૂપ જ્ઞાનના સ્વરૂપથી ભિન્ન છે. તેઓ ઇન્દ્રિયજ્ઞાનમાં બહિરંગ કારણ છે).' આ..હા..હા...!

પેલામાં કહ્યું છે ને ભાઈ ? 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા' (માં) બાર ભાવનામાં 'ધર્મભાવના'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્યાં લીધી છે ને ત્યાં પહેલી ગાથા લીધી છે કે, 'ધર્મનું મૂળ સર્વજ્ઞ છે.' સર્વજ્ઞે જાણ્યું છે માટે એનું મૂળ સર્વજ્ઞ છે. 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં છે. ૩૦૨ ગાથા. **'આગળ ધર્માનુપ્રેક્ષાનું નિરૂપણ કરે છે ત્યાં `ધર્મનું મૂળ સર્વજ્ઞદેવ છે' તેને પ્રગટ કરે છે.'** સર્વજ્ઞદેવના નિર્ણય વિના 'ધર્માનુપ્રેક્ષા'નો નિર્ણય નહિ થઈ શકે, આ..હા..હા...! 'સ્વામીકાર્તિકેય' !

**जो जाणदि पच्चक्खं तियालगुणपज्जएहिं संज्जुत्तं।**
**लोयालोयं सयलं सो सव्वण्हू हवे देओ।।३०२।।**

'**तियालगुणपज्जएहिं**' એટલે ત્રણકાળના ગુણ-પર્યાયો. (તેને જે જાણે છે) તેને સર્વજ્ઞદેવ કહેવામાં આવે છે, આ..હા..હા...! 'ધર્માનુપ્રેક્ષા'માં પહેલા સર્વજ્ઞને નાખ્યા ! કારણ કે સર્વજ્ઞે બધું જોયું, જાણ્યું અને એમણે કહ્યું, તે ધર્મનું સ્વરૂપ છે. અજ્ઞાનીઓ કલ્પીને વાતું કરે (તે કોઈ ધર્મનું સ્વરૂપ નથી). છદ્મસ્થ પણ (સર્વજ્ઞે જે કહ્યું તે જાણીને કહે છે). સમજાણું ? આહા...! (એ ભાવાર્થમાં છે). **'એટલા માટે એ ધર્મનું સ્વરૂપ શ્રીસર્વજ્ઞદેવના વચનથી જ પ્રમાણ છે. અન્ય છદ્મસ્થનું કહેલું પ્રમાણ નથી પરંતુ સર્વજ્ઞના વચનની પરંપરાપૂર્વક છદ્મસ્થ કહે તે પ્રમાણ છે,...'** આ..હા..હા...! સમજાય છે ? **'...તેથી ધર્મના સ્વરૂપકથનમાં મૂળકારણરૂપ સર્વજ્ઞનું અહીં સ્થાપન કર્યું.'** છે. આ..હા..હા...!

આ 'ક્રમબદ્ધ'માં પણ એ છે. ક્રમે–ક્રમે જે સમયે જે (પર્યાય) થવાની તે (પર્યાય) તે દ્રવ્યમાં થાય, એમાં સર્વજ્ઞ મૂળ છે. કારણ કે સર્વજ્ઞએ એ જાણ્યું છે, કેવળજ્ઞાનમાં એ જણાયું છે, આહા..હા...! એટલે ક્રમબદ્ધનો જેને નિર્ણય કરવો છે એ સર્વજ્ઞસ્વભાવીનો નિર્ણય કરે ત્યારે તેને ક્રમબદ્ધના નિર્ણયનું સાચું જ્ઞાન થાય. સમજાણું કાંઈ ?

'સોગાની'માં આવે છે, ભાઈ ! 'ક્રમબદ્ધ.. ક્રમબદ્ધ કરે પણ સર્વજ્ઞસ્વરૂપનો નિર્ણય નથી, કર્તા થઈને માને, વળી ક્રમબદ્ધ છે એમ માને તો એ ખોટું છે.' એ 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં આ બાજુ છે. (નંબર) ક્યાં યાદ રહે ? ભાવનો ખ્યાલ હતો કે આ બાજુમાં નાખ્યું છે. (વાંચવામાં) આવ્યું હોય ત્યારે ખ્યાલમાં આવી ગયું હોય. પાનું યાદ ન રહે. એવો ક્ષયોપશમ ક્યાં છે ! આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! શું કહ્યું ? 'ક્રમબદ્ધ' અને બીજો શબ્દ છે 'થવાનું હશે તે થશે, થવાનું હશે તે થશે' એમ બે બોલ છે એમાં. એમ કહેનાર જેણે હજી પોતાનું જ્ઞાન કર્યું નથી, પોતે અકર્તાપણે થયો નથી અને 'થવાનું હશે તે થશે' કહે તો એ તો ભાષા છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' ! 'સોગાની' ! પહેલા ભાગનું ગુજરાતી થઈ ગયું છે. એ તો કરનારા કરે, અમે ક્યાં કીધું છે કે કરો કે ન કરો ! અમારે શું છે ? આહા..હા...! આટલા પુસ્તકો થયાં એમાં કીધું નથી, એક 'બેન'ના પુસ્તક માટે કહ્યું છે, બસ ! બાકી તો થવું હોય તો થાય, કરનારા કરે, એમાં મારે શું ? આહા...!

અહીં કહે છે, **'ઇન્દ્રિયજ્ઞાન ઉપદેશ,...'** આ..હા..હા...! જોયું ? સર્વજ્ઞની વાણીનો ઉપદેશ ઇન્દ્રિયજ્ઞાન ! ભગવાનની વાણી સાંભળે તોપણ ઇન્દ્રિયજ્ઞાન છે ! એ તે 'સમયસાર'ની ૩૧ મી ગાથામાં કીધું છે ને ! '**जो इंदिये जिणित्ता**' આ..હા..હા...! શું શૈલી..! શું શૈલી..!! વસ્તુની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્થિતિ ! '**जो इंदिये जिणित्ता**' એટલે શું ? કે, દ્રવ્યેન્દ્રિયનું લક્ષ છોડવું, ભાવેન્દ્રિયનું લક્ષ છોડવું – એ બધાં 'ઇન્દ્રિય' કહેવાય. અને ભગવાન અને ભગવાનની વાણી પણ 'ઇન્દ્રિય' કહેવાય છે. એનું (પણ) લક્ષ છોડવું. એટલે ? કે, સાંભળેલું જે જ્ઞાન છે તે ઇન્દ્રિયજ્ઞાન છે, આહા...! ભગવાનની વાણી સાંભળી છે એ પણ ઇન્દ્રિયજ્ઞાન (છે) અને ભગવાનને ઇન્દ્રિય કીધાં છે ! ૩૧મી ગાથામાં (એમ કહ્યું છે કે) આ આત્માની અપેક્ષાએ એ ઇન્દ્રિય છે. છે ને ૩૧ (ગાથા) ? '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**' (અર્થાત્) જે કોઈ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયનો વિષય ભગવાન, સ્ત્રી, કુટુંબ, પરિવાર તો (છે જ) પણ ત્રણલોકના નાથ ભગવાન પણ ઇન્દ્રિયનો વિષય (છે) માટે ઇન્દ્રિય છે. ભગવાન ઇન્દ્રિય છે ! એને માટે ભલે અનીન્દ્રિય હોય, આને (પોતાને) માટે (ઇન્દ્રિય છે) !

શ્રોતા :-- અનાદર ન કહેવાય ?

સમાધાન :-- ભગવાને એમ કીધું કે, હું તારે હિસાબે ઇન્દ્રિયમાં છું, એમ તું જાણ તો એનું નામ આદર છે !

(એક લેખમાં નાખ્યું છે) 'જે ક્રમબદ્ધનો અહીંથી ખુલાસો થયો છે, આ યુગમાં એ વાત કોઈ દિ' ક્યાંય હતી નહિ. અને જો આમાં તમે કાંઈ શંકા કરશો તો કેવળજ્ઞાનમાં શંકા થશે. (અને) તારા પગમાં કુહાડો પડશે.' છે ને ? 'આત્મધર્મ'માં પણ આવ્યું છે. આ..હા..હા...! તારા પગમાં ઘા પડશે. ક્રમબદ્ધના નિર્ણયમાં સર્વજ્ઞ છે તેણે જાણ્યું છે એ પ્રમાણે તું ન માન, ભવિષ્યની જે પર્યાય જે સમયે થવાની તે થવાની, એમ ભગવાને જોઈ લીધું. એમાં તું કાંઈ ફેરફાર કરવા જાઈશ તો મરી જઈશ ! આહા..હા...! પંડિતોના કાળજા હલી જશે ! જો એમાં કાંઈ વિરોધ કરશે તો તદ્દન કેવળજ્ઞાનનો વિરોધ થઈ જાય છે ! સર્વજ્ઞનો વિરોધ થઈ જાય છે ! આહા..હા...! પણ માણસને અંતરમાંથી કાંઈ પ્રાપ્ત થાય એમ નથી, પણ કંઈ બહાર ઇન્દ્રિયનું જ્ઞાન હોય, મનનું જ્ઞાન હોય, ફલાણું હોય કે રાગ હોય તો એનાથી પ્રાપ્ત થાય એ એને છોડવું નથી. આહા..હા...! સમજાણું કે નહિ આ ? આહા..હા...!

અહીં તો 'ઉપદેશ' (શબ્દ) આવ્યો ને ? (એટલે આ લીધું કે) ભગવાનનો ઉપદેશ પણ ઇન્દ્રિયજ્ઞાનમાં આવ્યો ! આ..હા..હા...! કેમકે ભગવાન પરમાત્મા ત્રણલોકના નાથ તીર્થંકરોને પણ આ આત્માની અપેક્ષાએ ઇન્દ્રિય કીધાં છે. જેમ આ જડ ઇન્દ્રિયને ઇન્દ્રિય કીધી, ભાવઇન્દ્રિય જે એક–એક વિષયને જાણે એને ઇન્દ્રિય કીધી, તેમ ભગવાન તે ઇન્દ્રિયનો વિષય છે તેથી તેમને પણ ઇન્દ્રિય કીધી ! ૩૧ ગાથા ! સંસ્કૃત ટીકા ! એને જે જીતે એટલે કે તે ત્રણ તરફનું જે લક્ષ છોડે ! એટલે કે સાંભળીને જે જ્ઞાન થયું છે તેનું પણ લક્ષ છોડે ! કારણ કે, તે ઇન્દ્રિયજ્ઞાન છે, આ..હા..હા...! આવું છે, બાપા ! શું થાય ભાઈ ?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ તીર્થંકરનું આ ફરમાન છે ! કે, તારે હિસાબે તો અમે 'પર' છીએ એટલે 'ઇન્દ્રિય' છીએ ! આ..હા..હા...! અને ભગવાને તો ત્યાં સુધી 'મોક્ષપાહુડ'માં કીધું ને ? '**परदव्वादो**' – અમે પરદ્રવ્ય છીએ અને જો તારું લક્ષ અમારા ઉપર જશે તો તને રાગ થાશે, ચૈતન્યની ગતિ બગડી જશે, દુર્ગતિ થશે ! અરે..રે..! છે ? 'મોક્ષપાહુડ' ૧૬મી ગાથા છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**परदव्वादो दुग्गई**' પ્રભુ ! તું ચૈતન્ય છો, ભગવાન ! અને અમે પરદ્રવ્ય છીએ અને પરદ્રવ્ય તરફ તારું લક્ષ જો ગયું તો તને રાગ થશે અને રાગ થશે ત્યાં સ્વરૂપની હિંસા થશે ! એ ચૈતન્યની ગતિ અને ચૈતન્યનું પરિણમન નહિ ! આ..હા..હા...! આવું કેટલાકે તો પહેલું-વહેલું સાંભળ્યું હોય ! આહા..હા...! બાપુ ! પહેલું જાણવું તો પડશે ને ! સત્ય શું છે ? અને સત્યના પંથ શું છે ? આ..હા..હા...!

આમાં (ચાલતા વિષયમાં) તો '**ઇન્દ્રિયજ્ઞાન ઉપદેશ,...**' છે. ઉપદેશમાં શાસ્ત્રનું જ્ઞાન, ભગવાનને સાંભળવું એ બધો ઉપદેશ છે, આ..હા..હા...! '**...અંતઃકરણ,...**' (એટલે) મન. એમાં મન પણ ઇન્દ્રિયમાં જાય છે. '**...ઇન્દ્રિય વગેરેને,..**' (વગેરેને એટલે) '**...ઉપદેશ, અંતઃકરણ, ઇન્દ્રિય વગેરેને વિરૂપ-કારણપણે,...**' (અર્થાત્) એ તો જ્ઞાનના સ્વરૂપથી ભિન્ન સ્વરૂપવાળા છે, પ્રભુ ! આ..હા..હા...! ઉપદેશ, અંતઃકરણ અને ઇન્દ્રિય વગેરે.. વગેરે.. એટલે જે પરલક્ષી જ્ઞાન થયું તે પણ. '**...વિરૂપ-કારણપણે (ગ્રહીને),...**' આ..હા..હા...! હવે, આવું કહે ત્યારે એકાંત કહે ને ! માને બચારા શું કરે ? કોઈ દિ' સાંભળ્યું ન હોય ! (એટલે) કહે ! (પણ) ભગવાન ! તું તારો વિરોધ કરે છે, ભાઈ ! આ..હા..હા...!

(હવે કહે છે) '**...ઉપલબ્ધિ (-ક્ષયોપશમ),...**' અને જે ક્ષયોપશમ થયો.. આ..હા..હા...! અને '**...સંસ્કાર વગેરેને અંતરંગ સ્વરૂપ-કારણપણે ગ્રહીને પ્રવર્તે છે;...**' સમજાય છે કાંઈ ? આ (ઉપદેશ આદિ) 'વિરૂપ-કારણપણે' અને આ ઉપલબ્ધિ આદિ 'અંતરંગ કારણપણે' (કહ્યું). (એટલે કે) અંતર(માં) શાસ્ત્રનું જ્ઞાન થયું એ ક્ષયોપશમ અને સંસ્કાર '**...વગેરેને અંતરંગ સ્વરૂપ-કારણપણે ગ્રહીને પ્રવર્તે છે;...**' આ..હા..હા...! ગજબ વાત કરે છે ને !

ઇન્દ્રિયજ્ઞાન, ઉપદેશ, મન અને ઇન્દ્રિય વગરે 'વિરૂપ કારણ' છે. પ્રભુ ! તારા સ્વરૂપથી તે વિપરીત કારણ છે. એને ગ્રહીને અને ઉપલબ્ધિ, ક્ષયોપશમ આદિ અંતરંગ કારણ છે, તેને ગ્રહીને પ્રવર્તે છે, આ..હા..હા...!

'**...અને પ્રવર્તતું થકું (તે), સપ્રદેશને જ જાણે છે,...**' (અર્થાત્) પ્રદેશવાળી ઘણી સ્થૂળ ચીજ – સ્કંધ આદિને જાણે છે. '**...કારણ કે સ્થૂલનું જાણનાર છે,...**' જોયું ? આહા..હા...! એ તો સ્થૂળ સ્કંધો, જગતના જડ પદાર્થોને જાણે. આહા..હા...! '**...અપ્રદેશને નથી જાણતું...**' એક-એક પરમાણુ, એક-એક કાલાણુને નથી જાણતું. અપ્રદેશ છે ને એ ! આ..હા..હા...! '**...(કારણ કે સૂક્ષ્મનું જાણનાર નથી);...**'

'**...મૂર્તને જ જાણે છે કારણ કે તેવા (મૂર્તિક) વિષય સાથે તેને સંબંધ છે,...**' આહા..હા...! '**...અમૂર્તને નથી જાણતું (કારણ કે અમૂર્તિક વિષય સાથે ઇન્દ્રિયજ્ઞાનને સંબંધ નથી);...**' મેળાપ નથી, આ..હા..હા...! '**...વર્તમાનને જ જાણે છે કારણ કે વિષય-વિષયીના સન્નિપાતનો સદ્ભાવ છે,...**' એટલે કે થઈ ગયા, થયા એને કાંઈ વર્તમાન સંબંધ નથી. આહા...! '**...વર્તી ચૂકેલાને અને ભવિષ્યમાં વર્તનારને નથી જાણતું (કારણ કે ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષનો અભાવ છે).**' ભૂત, ભવિષ્યની પર્યાય સાથે ઇન્દ્રિયને અને પદાર્થને (સન્નિકર્ષનો) અભાવ છે. માટે તે ઇન્દ્રિયજ્ઞાન પરાધીન અને બંધનું કારણ છે. વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## (તા. ૧૪-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૩૯)

'પ્રવચનસાર', ૪૧મી ગાથાની ટીકા. છે ને ૪૧ ? '**ઇન્દ્રિયજ્ઞાન,...**' ત્યાંથી ઉપાડ્યું છે. છે ટીકા ? આ ઇન્દ્રિયથી થતું જ્ઞાન એ વર્તમાનમાં સંબંધ થયેલાં જ્ઞેયને જાણે. ઇન્દ્રિયજ્ઞાન હેય છે એમ બતાવવું છે. જેમ પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ રાગ છે, તે પણ સમ્યગ્દર્શન–ધર્મ જેને પ્રગટ કરવો છે તેને હેય છે, છોડવા યોગ્ય છે. એનાથી સમ્યગ્દર્શન નહિ થાય. એમ જેને આત્મજ્ઞાન કરવું છે અને પૂર્ણ સર્વજ્ઞ પરમાત્મ(પદની) પ્રાપ્તિને માટે, સ્વસંવેદનજ્ઞાન કરનારને ઇન્દ્રિયજ્ઞાન હેય છે. આહા..હા...! આવી વાત છે ! ઇન્દ્રિય થકી થતું જ્ઞાન તે છોડવા જેવું છે, આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ અને કામ, ક્રોધનો ભાવ એ તો રાગ છે, એ તો કંઈ ધર્મ નથી, તેમ ધર્મનું કારણ પણ નથી. એ છોડવા યોગ્ય છે. એમ આ ઇન્દ્રિયજ્ઞાન પણ છોડવા જેવું છે, એમ (કહે છે), આ..હા..હા...! આવો માર્ગ છે, ભાઈ !

'**ઇન્દ્રિયજ્ઞાન ઉપદેશ,...**' એને તો ઉપદેશ મળે ત્યારે ઇન્દ્રિયનું જ્ઞાન થાય, આહા..હા...! ભગવાનની વાણી સાંભળે તોપણ તે ઇન્દ્રિયજ્ઞાન છે. ઇન્દ્રિયજ્ઞાનમાં તે ઉપદેશ નિમિત્ત છે. સમજાય છે ? એ આત્મજ્ઞાન નહિ. એ અતીન્દ્રિય આત્મજ્ઞાન – જે સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન, એ ઇન્દ્રિયથી થતાં જ્ઞાનમાં ઉપદેશ મળે, એ જ્ઞાન નહિ. એ સાચુ જ્ઞાન નથી, એમ કહે છે. આ..હા..હા...! બહુ માર્ગ બાપુ (ઝીણો છે) !

વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે, ભાઈ ! કે, ઇન્દ્રિયજ્ઞાન જે છે (તેને) ઉપદેશ મળે એની પરાધીનતા છે. ઉપદેશ એ વિપરીત કારણ છે, આહા..હા...! '**...અંતઃકરણ,...**' (એટલે) મન.. મન ! અહીં મન છે ને એ વિપરીત કારણ છે. એનાથી ઇન્દ્રિયજ્ઞાન થાય. છે અંતઃકરણ ? અંતઃકરણ એટલે મન. ઇન્દ્રિયજ્ઞાન ઉપદેશથી થાય, મનથી થાય, એ બધું પરાધીન છે, આ..હા..હા...!

'**...ઇન્દ્રિય વગેરેને,...**' ઇન્દ્રિયજ્ઞાન '**...ઇન્દ્રિય વગેરેને વિરૂપ–કારણપણે (ગ્રહીને),...**' આ..હા..હા...! એ વિરૂપ કારણ છે ! (વિરૂપ એટલે) જ્ઞાનના સ્વરૂપથી ભિન્ન સ્વરૂપવાળાં (છે). આહા...! પોતે તો ભગવાનઆત્મા અંદર જે છે એ તો જ્ઞાનસ્વભાવથી પ્રત્યક્ષ થાય એવો એ સ્વભાવ છે. સ્વસંવેદન– પોતે ચૈતન્યમૂર્તિ પ્રભુ આનંદઘન છે. આ ચૈતન્યવસ્તુ છે એ પરમેશ્વર જિનેશ્વરદેવના શાસન (સિવાય) બીજે ક્યાંય એ વાત નથી. એમણે કહેલો જે આત્મા એ તો વિજ્ઞાનઘન અને સ્વરૂપે આનંદમૂર્તિ છે ! એવા સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે ઇન્દ્રિયજ્ઞાન કામ નહિ કરે, કહે છે. આ..હા..હા...! ઝીણી વાત છે ! (ઉપદેશ) વગેરે વિરૂપ કારણ છે. (અર્થાત્) એ તો બધાં વિપરીત – પર કારણ છે. એનાથી ઇન્દ્રિયજ્ઞાન થાય એ આત્મધર્મ નહિ, એ સમ્યક્જ્ઞાન નહિ. આ..હા..હા...!

'**...અને ઉપલબ્ધિ (–ક્ષયોપશમ),...**' જે છે – જ્ઞાનનો ઉઘાડ. એ અંતર કારણ છે. એનાથી જ્ઞાન થાય એ પણ સમ્યક્જ્ઞાન નહિ, આ..હા..હા...! આવી વાતું છે ! અહીંયાં આત્મામાં ક્ષયોપશમ એટલે જ્ઞાનનો જરી વિકાસ દેખાય એ અંતર કારણ છે. પણ એનાથી ઇન્દ્રિયજ્ઞાન થાય પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મજ્ઞાન ન થાય. આહા..હા...! સમ્યગ્દર્શન જે ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું મૂળ, એ ક્ષયોપશમજ્ઞાનના આધારથી ન થાય, કહે છે, આહા..હા...! એના આશ્રયથી ન થાય. અને '**...સંસ્કાર,...**' (એટલે) પૂર્વના કોઈ સંસ્કાર હોય, જ્ઞાનમાં સંસ્કાર (હોય) તો એ વડે પણ આત્મજ્ઞાન ન થાય. આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા ! સત્ચિદાનંદ પ્રભુ ! સત્–શાશ્વત અને અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનનો સાગર પ્રભુ ! એનું જ્ઞાન થવા માટે વર્તમાન ક્ષયોપશમ અને એના સંસ્કાર છે એ કામ નહિ કરે, કહે છે. આ..હા..હા...! આવી વાત છે ! ઝીણી વાત છે, પ્રભુ ! વીતરાગ જિન પરમેશ્વર ત્રિલોકનાથનો માર્ગ કોઈ અપૂર્વ છે !! આહા...! એ વાત વીતરાગ સિવાય બીજે ક્યાંય (છે નહિ). અત્યારે તો સંપ્રદાયમાં પણ એ વાત રહી નથી.

શ્રોતા :-- (તપ કરવાથી) નિર્જરા થાય ! એમ કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :-- બધી ખબર છે ને ! દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, એ તો બધો વિકલ્પ છે, રાગથી ધર્મ થાય, એમ માને છે. આહા..હા...! અને આ શાસ્ત્રોથી, ઉપદેશથી તમને જ્ઞાન થયું, એમ માને એ વાત પણ જૂઠી (છે). આ..હા..હા...! બહુ કામ (આકરું) ! એમાં સમાજને ધંધા આડે નવરાશ ન મળે ! આહા..હા...! બાવીસ કલાક–ત્રેવીસ કલાક એમાં (ગાળે). એકાદ કલાક સાંભળવા મળે, એ પણ પાછું એવું સાંભળે કે, 'તમે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો એનાથી (તમને) કલ્યાણ થશે ! એ કુગુરુ લૂંટી લે !!' (એમ) 'શ્રીમદ્' કહે છે.

અરે.. ભાઈ ! અંદર આત્મા આનંદસાગર પ્રભુ છે ! અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુઆત્મા છે. અત્યારે હોં..! આ..હા..હા...! એનું જ્ઞાન કરવા માટે, એનો ધર્મ કરવા માટે, ક્ષયોપશમ અને સંસ્કાર પણ કામ નહિ કરે, કહે છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

(એ અહીંયાં કહે છે) '**...(–ક્ષયોપશમ), સંસ્કાર વગેરેને અંતરંગ સ્વરૂપ–કારણપણે ગ્રહીને,...**' એ કારણ(પણે) અંતરમાં ગ્રહીને ઇન્દ્રિયજ્ઞાન થાય છે. આ..હા..હા...! એ તો પરાલંબી, પરાધીન છે. એ સમ્યગ્દર્શન નહિ, એ સમ્યક્જ્ઞાન નહિ. આ..હા..હા...!

શ્રોતા :-- છતાં નિર્ણય તો થઈ શકે !

સમાધાન :-- નિર્ણય એનાથી ન થાય, એનાથી ન થાય. અંદર એના સ્વરૂપનો આશ્રય કરે ત્યારે નિર્ણય થાય. ઝીણી વાત છે, ભાઈ ! અનંત... અનંત.. કાળ ગયા. ચોરાશીના અવતાર કરી–કરીને બાપુ..! જૈનધર્મમાં આવ્યો, પંચ મહાવ્રત પાળ્યા, સાધુ થયો–પણ એ બધી રાગની ક્રિયાને ધર્મ માન્યો ! આ..હા..હા...! એવા દ્રવ્યલિંગ અનંત વાર ધારણ કર્યા, કુટુંબ–ધંધો છોડી મુનિ થયો, પણ અંદર પંચ મહાવ્રતના પરિણામ છે એ આસ્રવ ને રાગ છે અને જે સાંભળેલું જ્ઞાન છે એ જ્ઞાન નથી, એવી એને ખબર પડી નહિ, આહા..હા...! જિંદગી એમને એમ ગઈ, આહા..હા...! 'મુંબઈ'માં આવું આકરું પડે ! હવે તો (જોકે) સાંભળે છે કાંઈક ! ૪૪ વર્ષથી તો આ ચાલે છે. સાંભળો બાપુ ! શું થાય ?

અંદર ભગવાનઆત્મા ચૈતન્ય સહજાત્મસ્વરૂપ ભગવાન સર્વજ્ઞે જોયો કે, આહા..હા...! 'પ્રભુ તુમ જાણગ રીતિ' હે નાથ ! હે સર્વજ્ઞ પ્રભુ ! ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં 'સીમંધર' પરમાત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(આદિ) વીસ તીર્થંકરો વિદ્યમાન બિરાજે છે. આહા...! અને લાખો કેવળીઓ છે ત્યાં ! અરિહંત પદે છે. 'મહાવીર' આદિ ચોવીશ તીર્થંકરો તો સિદ્ધ પદે થઈ ગયા. એ તો 'ણમો લોએ સવ્વ સિદ્ધાણં'માં થઈ ગયા. એને તો હવે શરીર પણ નથી અને વાણી પણ નથી. અરિહંતને હજી શરીર અને વાણી હોય છે. ચાર (ઘાતિ) કર્મનો નાશ થયો છે અને ચાર (અઘાતિ) કર્મ બાકી છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. (એમની) વાણી નીકળી અને આ (એમની) વાણીનો સાર છે !! આહા..હા...!

પ્રભુ ! તેં ઇન્દ્રિયજ્ઞાનથી આત્માને જ્ઞાન થયું (એમ) માન્યું, એ મિથ્યા ભ્રમ છે. આહા..હા...! અરે..! ઉપદેશથી, શ્રવણથી શાસ્ત્રજ્ઞાન–અગિયાર અંગનું જ્ઞાન થયું... આ..હા..હા...! એ પણ ઇન્દ્રિયજ્ઞાન છે, એ આત્મજ્ઞાન નહિ. આહા..હા...! જ્ઞાનની મૂર્તિ પ્રભુ ! જ્ઞાન–સમજણનો પિંડ.. જ્ઞાનનો પિંડ આત્મા છે. જેમ સાકર ગળપણનો પિંડ છે, અફીણ કડવાશનો પિંડ છે–એમ ભગવાન–આત્મા તો જ્ઞાનનો પિંડ છે. આહા..! આવું ક્યાં, કોઈ દિ' (સાંભળ્યું હોય) ? એ જ્ઞાનના પિંડની અંદર દૃષ્ટિ જાય ત્યારે તેને સ્વસંવેદન, સ્વ નામ સ્વભાવનું વેદન અને આનંદનું, જ્ઞાનનું વેદન થાય એને સમ્યક્જ્ઞાન અને તેને ધર્મનો ઉપાય કહેવામાં આવે છે. આમ છે, પ્રભુ ! આહા..હા...!

ધંધા (આડે) નવરાશ ન મળે, એમાં પૈસા વધી જાય... અને ધંધામાં ઘૂસી ગયો, થઈ રહ્યું...! પાપ એકલાં... આખો દિ' ! એમાંથી નવરો થાય ત્યાં બાયડી, છોકરાને સાચવવા કે વિષય લેવા. એમાંથી નવરો થાય ત્યાં છ–સાત કલાક ઊંઘવા(માં જાય) ! અરે..રે..! પ્રભુ ! તું કોણ છો ? એનો નિર્ણય કરવાનું તારે ટાણું નહિ ? આહા..! કરવાનું આ છે, ભવના અંતનો ઉપાય તો આ છે. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ પણ સંસાર છે, વિકાર છે અને આ ઇન્દ્રિયજ્ઞાન પણ પરાધીન, પરવસ્તુ છે, આહા..હા...! આને ક્યાં જાવું ? ધંધા આડે, પાપ આડે નવરાશ ન મળે ! કરોડો રૂપિયા, ચાર કરોડ ને પાંચ કરોડ...! પણ બધાં દુઃખી પ્રાણી છે બિચારા ! ભિખારા છે ! માંગ.. માંગ.. માંગણ (છે) ! પૈસો લાવ, બાયડી લાવ, છોકરા લાવ, આબરૂ લાવ.. મોટો માંગણ.. ભિખારા..! આહા...! અંતરમાં અનંત આનંદ અને અનંત જ્ઞાનથી ભરેલો ભગવાન ! એવી સ્વરૂપની લક્ષ્મીની તો જેને ખબર નથી ! આહા..! અરે..રે...! આવું છે ! આવું સાંભળવું મુશ્કેલ પડે એવું છે.

આ 'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકામાં છે. '**पूर्वगाथोदितमिन्द्रियज्ञानं मानसज्ञानं च त्यक्त्वा**' (અર્થાત્) એ ઇન્દ્રિયજ્ઞાન થાય તેને છોડ ! '**त्यक्त्वा**' છે. અને '**निर्विकल्पसमाधिरूपस्वसंवेदनज्ञाने**' આ..હા..હા..! બે ટીકાઓ છે – એક 'અમૃતચંદ્રાચાર્ય'ની અને એક 'જયસેનાચાર્ય'ની. 'અમૃતચંદ્રાચાર્ય'નો અર્થ અહીંયાં છે અને 'જયસેનાચાર્ય'ની ટીકા સંસ્કૃતમાં છે. છે અંદર 'જયસેનાચાર્ય'ની ? સંસ્કૃતમાં (નીચેથી) ત્રીજી લીટી ! '**पूर्वगाथोदितमिन्द्रियज्ञानं**' અને મનથી થયેલું '**मानसज्ञानं**' '**त्यक्त्वा**' (અર્થાત્) છોડી દે એને ! આ..હા..હા...! '**त्यक्त्वा**' '**निर्विकल्पसमाधिरूपस्वसंवेदनज्ञाने**' છે અંદર ? રાગરહિત અભેદ ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા ! એ નિર્વિકલ્પમાં રહે. સમાધિ એટલે શાંતિમાં રહે. એને સ્વસંવેદનજ્ઞાન (કહે છે). સ્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(એટલે) પોતાના આત્માનું જ્ઞાન. '**समस्तविभावपरिणामत्यागेन**' (અર્થાત્) પુણ્ય અને પાપના વિકલ્પો છે, એ પણ વિભાવ (છે), એને છોડીને, આ..હા..હા...! આ તો હજી ધંધા આડે નવરો નથી, એમાં આ કરવું ! એમાં વળી પાંચ–પચાસ લાખ, કરોડ–બે કરોડ થઈ ગયા.. એટલે જુઓ ! 'હું પહોળો ને શેરી સાંકડી' થઈ જાય ! જાણે વધી ગયો ! અને જાણે ક્યાં ગયો ! દુર્ગતિમાં ગયો છે !! આહા..! કેમ એને દુર્ગતિ કીધી ? (કેમકે) પરદ્રવ્યને આશ્રયે જે વિકલ્પ ઊઠે છે એ દુર્ગતિ છે. એ ચૈતન્યની ગતિ–ચૈતન્યની જાત નહિ. સમજાણું કાંઈ ?

અહીં એ (કહે છે) '**समस्तविभावपरिणामत्यागेन रतिं कुर्वन्ति**' (અર્થાત્) સમસ્ત રાગાદિ છોડીને અંદર સ્વરૂપની રતિ–પ્રેમ કરે. '**त एव परमाह्लादैकलक्षणसुखस्वभावं सर्वज्ञपदं लभन्ते**' અંદર માનસિક જ્ઞાન, ઇન્દ્રિયજ્ઞાન અને પુણ્ય--પાપના ભાવને છોડી, અંદર ભગવાન ચૈતન્ય આનંદ સ્વરૂપને પકડે અને એનું વેદન કરે તો એનાથી સર્વજ્ઞપદ(ની) પ્રાપ્તિ થાય. સર્વજ્ઞ ભગવાન થયા, જિનેશ્વરદેવ જે અનંત તીર્થંકર (થયા) (એ) આ રીતે થયા અને અત્યારે છે, એ એ રીતે થયા છે. મહાવિદેહમાં સદાય વર્તે છે. ત્યાં પણ અનંત વાર જન્મ્યો ! અનંત વાર જન્મ્યો અને અનંત વાર સમવસરણમાં ગયો, પણ એ બધું સાંભળ્યું તો એનાથી (એને) એમ થઈ ગયું કે, 'આપણને જ્ઞાન થઈ ગયું !' આ..હા..હા...! એ તો ઇન્દ્રિયજ્ઞાન છે, (એમ અહીંયાં) કહે છે. અરે..રે...! આવો માર્ગ સાંભળવો કઠણ પડે ! ભાઈ ! પ્રભુનો માર્ગ તો વીરાના–શૂરવીરના માર્ગ છે ! કાયરના અહીં કામ નથી ! 'વચનામૃત વીતરાગના પરમશાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ' ! આ..હા..હા...!

ઇન્દ્રિયજ્ઞાનથી પણ આત્માનું જ્ઞાન ન થાય, ઉપદેશ સાંભળવાથી પણ આત્મજ્ઞાન ન થાય, માનસિકજ્ઞાનથી પણ આત્મજ્ઞાન ન થાય, આહા..હા...! એમ દયા, દાન ને વ્રતના પરિણામથી પણ આત્મજ્ઞાન ન થાય. કારણ કે એ તો રાગ છે. આ..હા..હા...! આવું આકરું પડે ! આહા..હા...! એને અંદર ક્યાં ગોઠ્યું છે ?

આ..હા..હા...! અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે ! જિનસ્વરૂપી ભગવાનઆત્મા છે ! 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન' ઘટ–ઘટમાં ભગવાન બિરાજે છે ! આ દેહ તો માટી–ધૂળ છે. અંદર (જડ) કર્મ છે એ માટી–ધૂળ છે. અને દયા, દાન, વ્રત ને કામ, ક્રોધના પરિણામ થાય એ વિકારરૂપ ઝેર છે ! આહા..હા...! અને ઇન્દ્રિયજ્ઞાન થાય એ પણ પરાધીન અને દુઃખરૂપ છે, આ..હા..હા...! એનાથી અંદર ભિન્ન ભગવાન (ન જણાય). (પરંતુ) પોતાના આનંદના સ્વભાવના વેદન દ્વારા સમ્યક્જ્ઞાન થાય (અને) એ જ્ઞાન દ્વારા એને સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય. આહા..હા...! જેટલા કોઈ અત્યાર સુધી સિદ્ધપદ (પામ્યા) અને સર્વજ્ઞ કેવળી પરમાત્મા થયા એ આ ઉપાયથી થયા છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ' આ..હા..હા...!

અરે..રે..! જિંદગી ચાલી જાય છે, મૃત્યુની સમીપ છે, (દેહ છૂટવાની) જે મુદત છે તે એક સમય (પણ) ફરવાની નથી. જે ક્ષેત્રે, જે કાળે, જે પ્રકારે દેહ છૂટવાનો (તે) નક્કી થઈ ગયું છે. કેવળજ્ઞાનમાં પણ નક્કી છે અને એના આયુષ્યમાં પણ નક્કી છે. આ..હા..હા...! એ આયુષ્ય તો ઓછું થતું જાય છે અને મૃત્યુની સમીપમાં જાય છે. આ જાણે કે 'હું મોટો થાઉં છું' !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન કહે છે કે, તારી સ્થિતિ મૃત્યુની સમીપમાં જાય છે ! આહા...! ભાઈ...! એ પહેલાં જો આ કામ ન કર્યું (તો) ક્યાંય રખડવાના આરા બંધ નહિ થાય, પ્રભુ ! ચોરાશીના અવતાર... આ..હા..હા...!

અહીં કહે છે કે, આવું જ્ઞાન (એટલે કે) ઉપદેશ, અંતઃકરણ ને ઇન્દ્રિયથી થયેલું, ક્ષયોપશમ અને સંસ્કારથી થયેલું (જ્ઞાન) તે સપ્રદેશને જ જાણે. એ જ્ઞાન અપ્રદેશ–પરમાણુને અને આત્માને ન જાણે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? '**...કારણ કે સ્થૂલનું જાણનાર છે,...**' ઇન્દ્રિયજ્ઞાન છે એ તો સ્થૂલ.. સ્થૂલને જાણે. આ શબ્દ ને રૂપ ને ગંધ આદિ (જાણે). આહા..હા...! '**...અપ્રદેશને નથી જાણતું...**' એ જ્ઞાન એક પરમાણુ, એક કાલાણુ અને આત્માને જાણતું નથી. '**...(કારણ કે સૂક્ષ્મનું જાણનાર નથી);..**'

'**...મૂર્તને જ જાણે છે,...**' ઇન્દ્રિયજ્ઞાન મૂર્તને (જાણે). (અર્થાત્) વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળાને જાણે. આહા..હા...! '**...કારણ કે તેવા (મૂર્તિક) વિષય સાથે તેને સંબંધ છે,...**' ઇન્દ્રિયજ્ઞાનને રૂપી પદાર્થ સાથે સંબંધ છે, અંદર અરૂપી સાથે સંબંધ નથી. ભગવાનઆત્મા તો અરૂપી છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો છે. અરે...! આવી વાતું હવે...! '**...અમૂર્તને નથી જાણતું (કારણ કે અમૂર્તિક વિષય સાથે ઇન્દ્રિયજ્ઞાનને સંબંધ નથી);...**' (હવે) ન્યાય આપે છે. Logic–ન્યાયથી, યુક્તિથી સિદ્ધ કરે છે, આહા...!

'**...વર્તમાનને જ જાણે છે,...**' ઇન્દ્રિયજ્ઞાન તો વર્તમાન પૂરતું રૂપી, જડ (પદાર્થને) જાણે. '**...કારણ કે વિષય–વિષયીના સન્નિપાતનો સદ્ભાવ છે,...**' વર્તમાન સાથે ઇન્દ્રિયનો સંબંધ છે. ભૂત, ભવિષ્યની સાથે સંબંધ નથી. આહા..હા...! '**...વર્તી ચૂકેલાને અને ભવિષ્યમાં વર્તનારને નથી જાણતું,...**' આત્મા અને પરમાણુ (કે) જે જગતની ચીજ છે, એમાં જે પર્યાયો–અવસ્થાઓ વીતી ગઈ અને જે અવસ્થા હજી થઈ નથી, એની સાથે ઇન્દ્રિયને સંબંધ નથી, મનને સંબંધ નથી. માટે તે તેને જાણતું નથી. આ..હા..હા...! આવી વાતું હવે...! આ કઈ જાતનો ઉપદેશ આવો !? બાપુ ! વીતરાગનો માર્ગ આ છે, ભાઈ ! જિનેશ્વરદેવ, ત્રિલોકનાથ, કેવળજ્ઞાનીએ કહેલું આ તત્ત્વ છે ! લોકોને સાંભળવા ન મળ્યું હોય માટે કાંઈ બીજું થઈ જાય ? સત્ય, અસત્ય થઈ જાય ? આ..હા..હા...!

વર્તમાન સાથે '**...વિષય–વિષયીના સન્નિપાતનો સદ્ભાવ છે,...**' કેમ (એમ કહ્યું) ? (કેમકે) વર્તમાન (છે). આ શબ્દ, રૂપ, ગંધ છે એની સાથે સંબંધ છે. ભૂત, ભવિષ્ય સાથે ઇન્દ્રિયજ્ઞાનનો સંબંધ નથી. '**...વર્તી ચૂકેલાને અને ભવિષ્યમાં વર્તનારને નથી જાણતું (કારણ કે ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષનો અભાવ છે).**' શું કહે છે એ ? (કે), આત્માની અને જડની ભૂતકાળની જે અવસ્થાઓ થઈ ગઈ અને ભવિષ્યમાં થશે, તેની સાથે ઇન્દ્રિયજ્ઞાનને સંબંધ નથી. એને વર્તમાન સાથે સંબંધ છે, આ..હા..હા...!

ન્યાયથી વસ્તુને સિદ્ધ કરી શકે છે. આ સંસારના–દુનિયાના બધાં કાયદા – Logic જુદા હોં..! સરકારના બાંધેલા વકીલાતના ને એ તો બધાં.. રખડવાના... (Logic છે) ! આહા..! (એ શ્વેતાંબર, સ્થાનકવાસીમાં આવે છે કે) 'ન્યાયથી વાત સિદ્ધ થાય છે.' ન્યાયમાં 'નિ' ધાતુ છે. 'નિ' એટલે જ્ઞાનને સત્ય તરફ લઈ જવું. જેવું એનું સ્વરૂપ છે તેમાં જ્ઞાનને લઈ જવું, એનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નામ 'ન્યાય' ! આ..હા..હા...! સમજાય છે કાંઈ ? 'સમજાય છે કાંઈ' એટલે શું ? સમજાય જાય, તો તો ઠીક ! પણ 'કાંઈ' એટલે કઈ પદ્ધતિથી કહેવાય છે ? એમ ખ્યાલમાં આવે છે ? આહા..! જન્મ–મરણરહિત થવાના મારગડા જુદા પ્રભુ તારા !

હવે, સર્વજ્ઞની વાત કરે છે. (પહેલા) ઇન્દ્રિયજ્ઞાનની વાત કરી (કે, એ) છોડવા લાયક છે, એની વાત કરી. હવે, આદરણીય થયેલી શક્તિ(થી) એ સર્વજ્ઞ થાય છે, પરમાત્મા જે સર્વજ્ઞ થાય છે, વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર થયા, એ સર્વજ્ઞ થયા એ શું જાણે છે ? (તે કહે છે).

**'જે અનાવરણ,...'** છે. સર્વજ્ઞ પ્રભુને કોઈ આવરણ નથી. સર્વજ્ઞનું જ્ઞાન નિરાવરણ થઈ ગયું. આ..હા..હા...! **'...અતીન્દ્રિય જ્ઞાન છે,...'** ભગવાન અરિહંત પરમેશ્વરને જે જ્ઞાન છે તે અતીન્દ્રિયજ્ઞાન છે. આહા..હા...!

**'...તેને તો પોતાને,...'** પ્રભુ સર્વજ્ઞ પરમાત્માને તો. જિનેશ્વરદેવ અરિહંત સર્વજ્ઞ પ્રભુને. **'...પોતાને અપ્રદેશ,...'** (અર્થાત્) એક પરમાણુને જાણે, આત્માને જાણે, આ..હા..હા...! આ (આંગળી) છે ને ! આ એક વસ્તુ નથી. આ તો અનંત પરમાણુનો સ્કંધ–પિંડ, જડ – માટી છે. અંદર ભગવાનઆત્મા ભિન્ન છે. આ તો અનંત રજકણનો (પિંડ છે). (આના) કટકા કરે (અને) કરતાં.. કરતાં... કરતાં... છેલ્લો Point રહે એને પ્રભુ 'પરમાણુ' કહે છે. પરમ + અણુ = છેલ્લામાં છેલ્લો, નાનામાં નાનો અંશ. એ પરમાણુને પણ સર્વજ્ઞપદ પ્રત્યક્ષ જાણે છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? ઇન્દ્રિયજ્ઞાન(ની) સામે આ વાત કરી.

**'...સપ્રદેશ,...'** એક--એક પરમાણુને જાણે (એમ) સપ્રદેશને પણ જાણે, આ..હા..હા...! અસંખ્યપ્રદેશી પ્રભુ આત્મા ! અનંત પ્રદેશી આકાશ ! અસંખ્યપ્રદેશી ધર્માસ્તિકાય ! એ તત્ત્વ – છ દ્રવ્ય ભગવાને જોયા. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય જોવામાં આવ્યાં. એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ, અસંખ્ય કાલાણુ, અનંત આત્મા અને અનંત પરમાણુ. એ ભગવાન ! સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ ! સપ્રદેશને પણ જાણે. ઘણા પરમાણુનો સમૂહ અથવા અસંખ્યપ્રદેશી આત્મા, અનંત પ્રદેશી આકાશ – એને પણ એ જાણે, આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

**'...મૂર્ત ને અમૂર્ત,...'** મૂર્તને પણ જાણે અને અમૂર્તને પણ જાણે. આ..હા..હા...! મૂર્ત વસ્તુ જે આ સ્કંધ આદિ એને પણ જાણે અને આત્મા અરૂપી છે, પ્રભુ આત્મા તો અમૂર્ત છે. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. એને પણ જાણે અને રૂપીને પણ જાણે. ભગવાન, સર્વજ્ઞ પરમેશ્વર (મૂર્ત, અમૂર્ત બન્નેને જાણે).

**'...તથા અનુત્પન્ન તેમ જ વ્યતીત પર્યાયમાત્ર,...'** આ..હા..હા...! ભવિષ્યની જે પર્યાયો એટલે અવસ્થાઓ અત્યારે ઉત્પન્ન થઈ નથી અને જે થઈને વ્યતીત થઈ ગઈ, ગઈ. અવસ્થાઓ – પર્યાયો થઈ થઈને ગઈ. (હજી ઘણાને તો) પર્યાય શું, દ્રવ્ય શું, ગુણ શું ? (એની ખબર ન મળે). દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ. ગુણ એટલે ત્રિકાળી વસ્તુનો સ્વભાવ અને પર્યાય એટલે વર્તમાન એની હાલત–દશા–અવસ્થા. દરેક દ્રવ્યમાં એવી અનંતી અવસ્થા વીતી ગઈ અને અનંતી અવસ્થા હજી થઈ નથી. એને પણ ભગવાન જાણે. આ..હા..હા...! છે ?

**'...અનુત્પન્ન તેમ જ વ્યતીત પર્યાયમાત્ર,...'** 'પર્યાયમાત્ર' ! આ..હા..હા...! **'...જ્ઞેયપણાને નહિ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અતિક્રમતા હોવાથી,...**' (અર્થાત્) તે બધી પર્યાયો જ્ઞેયપણે છે. જ્ઞાનમાં જણાય એવી છે. તેથી જ્ઞેય(પણાને) એટલે જણાવા યોગ્ય(પણા)ને નહિ અતિક્રમતી હોવાથી. ગયાકાળની અનંતી અવસ્થાઓ અને ભવિષ્યની અનંતી.. અનંતી.. અવસ્થાઓ જ્ઞેયપણાને છોડતી નથી. (માટે) જ્ઞેય છે. જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાવા લાયક છે. આવું (સમજવા) ક્યાં હવે નવરાશ મળે ?

આ..હા..હા...! '**...જ્ઞેયપણાને નહિ અતિક્રમતા હોવાથી જ્ઞેય જ છે,...**' ભલે (અનંત) પરમાણુઓ અને અનંત આત્માની દશા – પર્યાય – અવસ્થા અનંતી થઈ ગઈ અને ભવિષ્યની થઈ નથી, છતાં તે જ્ઞેય છે. જણાવા લાયક છે. તેનું જ્ઞેયપણું તે ઓળંગતી નથી. માટે સર્વજ્ઞના જ્ઞાનમાં તે જ્ઞેય જણાઇ જાય છે. આહા..હા...! માટે સર્વજ્ઞપણું પ્રાપ્ત કરવા લાયક છે. એ કેમ પ્રાપ્ત થાય ? કે, ઇન્દ્રિયજ્ઞાન અને રાગને હેય જાણી, છોડવા યોગ્ય જાણી, સ્વરૂપની અંતર દૃષ્ટિ અને અનુભવ કરે, ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થાય. (અને) એના વડે કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય, આ..હા..હા...! ન્યાયથી તો પકડાય એવું છે, બાપુ ! આ વીતરાગનો માર્ગ તો ઘણો સીધો અને સરળ છે. પણ વર્તમાનમાં બધો કોતરે ચડી ગયો છે ! આહા..હા...! પ્રરૂપણા આ બધી (થઈ ગઈ) – 'વ્રત કરો, અપવાસ કરો, સામાયિક કરો...!' પણ સમ્યગ્દર્શન હજી નથી ત્યાં સામાયિક ક્યાંથી આવી ? હજી સમ્યગ્દર્શન નથી. 'પોષા કરો, પડિકમ્મણા કરો, ચોવિયાર કરો, કંદમૂળ ન ખાઓ, છ પરબી બ્રહ્મચર્ય પાળો....!' એ તો બધી રાગની ક્રિયાઓ છે. આહા..હા...!

શ્રોતા :-- આપ કોઈ લોકપ્રસિદ્ધ વાત કરો તો સમજાય !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- આ લોકપ્રસિદ્ધ વાત કરી ને ! આ બધું સાંભળેલું છે. નથી (સાંભળ્યું) ?

શ્રોતા :-- દયા, દાન, પૂજાની વાત કરો તો એ લોકપ્રસિદ્ધ છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- (એ) પ્રસિદ્ધ છે, દુનિયા એ જ માને છે. આહા...! 'પર જીવોની દયા પાળો !' (પણ) પર જીવોની દયા પાળી કોણ શકે ? એનું આયુષ્ય હોય ત્યાં સુધી રહે. તું એની દયા પાળી શકે ? આ..હા..હા...! ઝીણી વાતું, બાપા ! પરદ્રવ્યની અવસ્થા બીજો પરદ્રવ્ય કરી શકે ? 'બીજાને જિવાડું, બીજાને મારું, બીજાને સુખી–દુઃખી કરું' ! (એ બધી) અજ્ઞાનીઓની ભ્રમણા છે ! તે બધો મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ છે, આહા...! પરની દયા તો પાળી શકે નહિ પણ પરની દયાનો ભાવ છે તે રાગ છે. ભાઈ ! આ કેમ બેસે, બાપા ? અરે...! એવું તો અનંતવાર કર્યું છે.

અહીં તો કહે છે, એ રાગને પણ છોડીને અંતર સ્વસંવેદનજ્ઞાનને પકડ ! તો તને ધર્મની શરૂઆત થાય. નહિતર ધર્મની શરૂઆત પણ છે નહિ, આ..હા..હા...! બહુ આકરું કામ...!

'**...જ્ઞેયપણાને નહિ અતિક્રમતા હોવાથી,...**' શું કીધું એ ? અનંત આત્માઓ છે. નિગોદની એક રાઇ જેટલી કણી–કટકી લ્યો તો એમાં અસંખ્ય તો શરીર છે અને એક–એક શરીરમાં અનંત આત્માઓ છે. સમજાય છે કાંઈ ? આ લસણ, ડુંગળી...! એની એક કટકી લ્યો... રાઇ જેટલી..! તો એમાં અસંખ્ય તો શરીર છે અને એક--એક શરીરમાં (અત્યાર સુધીમાં) સિદ્ધ (થયાં તેના) કરતાં અનંત જીવ છે ! એ અનંત જીવની પૂર્વે જેટલી પર્યાયો થઈ ગઈ અને ભવિષ્યમાં થશે... આ..હા..હા...! તે જ્ઞેયપણાને નહિ ઓળંગે. (અર્થાત્) એ તો જણાવા લાયક છે માટે જ્ઞાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જણાશે. સર્વજ્ઞ એને એક સમયમાં જાણે છે. આ..હા..હા...! આકરું કામ.. ભારે..!

અહીં છે ને અહીં સૂક્ષ્મ જીવ છે. આખા લોકમાં ભર્યાં છે. અહીં છે અહીં..! સૂક્ષ્મ છે. નિગોદના જીવ છે. આટલા અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે ! ભગવાનનું આમ કથન છે. અને તે એક--એક શરીરમાં અનંતા જીવ છે અને એક--એક જીવને તૈજસ અને કાર્માણ–બે શરીર છે અને એક–એક તૈજસ – કાર્માણમાં અનંતા સ્કંધના પરમાણુ છે, અનંતા સ્કંધના પરમાણુમાં એક–એક પરમાણુમાં અનંતા ગુણ છે. એવા અનંત ગુણની એક સમયની અનંતી પર્યાય છે, આ..હા..હા...! એવી અનંતી પર્યાયો વીતી ગઈ અને અનંતી પર્યાય થઈ નથી, પણ તે જ્ઞેયપણાને ઓળંગતી નથી. આવી વાતું છે ! (બહારમાં) હા..હો.. હા..હો.. આ કરો.. આ કરો...! પણ અંદર ચીજ કોણ છે ? અને તે ક્યારે પ્રાપ્ત થાય ? તેની ખબરું ન મળે ! અરે..રે...! એ રખડવાના ભવના અંત ક્યારે આવે પ્રભુ ? આહા..હા...! દિગંબર જૈન સાધુ પણ જીવ અનંતવાર થયો ! પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યાં, પણ એ તો રાગ હતો અને રાગને તેણે ધર્મ માનેલો ! આહા..હા...! સમજાય છે કાંઈ ?

એથી અહીં કહે છે કે, એ રાગની ક્રિયાનો ભાવ મારો છે એમ છોડ ! અને ઇન્દ્રિયનું જ્ઞાન છે એનાથી મને જ્ઞાન થાય, એ છોડી દે ! આહા..હા...! સર્વજ્ઞપણું તારે પ્રાપ્ત કરવું હોય તો સ્વસંવેદનમાં દૃષ્ટિ કર ! આ..હા..હા...! જ્યાં સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ બિરાજે છે ! સર્વજ્ઞસ્વભાવ જીવનો છે. પરમાત્માને સર્વજ્ઞની જે દશા (પ્રગટ) થાય છે એ ક્યાંથી થાય (છે) ? એ બહારથી થાય છે ? સર્વજ્ઞસ્વરૂપ છે આત્મા ! એની શક્તિ, એનો સ્વભાવ સર્વજ્ઞ છે ! આ..હા..હા...! એ સર્વજ્ઞસ્વભાવીને પકડ ! ઇન્દ્રિયજ્ઞાન અને રાગને છોડ ! આહા..હા...! આવું કામ...!

અનંત અનંત કાળ વીત્યા, બાપુ ! અનંતા ભવ તેં કર્યા. નિગોદના અનંતા..! (એવા) નિગોદમાં એક અંતર્મુહૂર્તમાં અઢાર ભવ કરે ! લસણમાં, ડુંગળીમાં, આ મૂળા... મૂળા... નથી (આવતાં) ? કાંદા..! મૂળામાં ધોળો કાંદો હોય એમાં અનંત જીવ છે. એનાં પાંદડાંમાં અસંખ્ય જીવ છે. આ મૂળા નથી આવતા મૂળા..? એનાં પાંદડાં છે એ પ્રત્યેક (વનસ્પતિકાય) છે. એમાં અસંખ્ય શરીર છે અને અસંખ્ય જીવ છે. એક–એક શરીરે એક–એક જીવ છે. પણ એ કાંદો છે એમાં તો (એક) કટકીમાં અસંખ્ય શરીર છે અને એક–એક શરીરમાં અનંત જીવ છે. આહા..!

એવા અનંતા આત્માઓ અને અનંતા પરમાણુઓની પર્યાયો–અવસ્થાઓ થઈ ગઈ કે જે ઇન્દ્રિયનો વિષય નથી અને ભવિષ્યમાં થશે તે પણ ઇન્દ્રિયનો વિષય નથી. તે જ્ઞેયપણાને નહિ ઓળંગતી દશાઓને સર્વજ્ઞ પરમાત્મા જાણે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! છે ?

'**...જ્ઞેયપણાને નહિ અતિક્રમતા હોવાથી જ્ઞેય જ છે,...**' પરમાણુની અને આત્માની ભલે અનંતકાળ પછી દશા થાય, પણ એ જ્ઞેય છે. જ્ઞેય છે તેથી જણાવા યોગ્યને પાત્ર છે. આહા..હા..! પ્રમેય છે તેથી પ્રમાણજ્ઞાનમાં જણાવાને લાયક છે. અરે.. અરે.. આવી વાતું હવે...! વાણિયાને ધંધામાં એ ને એ (કરવાનું હોય) નવા કંઈ તર્ક તો હોય નહિ.

અમારે નિશાળના એક મોટા માસ્તર હતા તે એમ કહેતા કે, 'અમે બધા તો 'પંતુ' છીએ ! આખો દિ' એ ને એ વાત ! એમાં કોઈ તર્ક કે ન્યાય (ન આવે) ! એકડે એક ને બગડે બે..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એના એ શબ્દો અને એની એ વાતો..!' એમ આ ધંધો કરનારને પણ શું ? આખો દિ' એનું એ ! આટલા રૂપિયે લીધું ને આટલા રૂપિયે દીધું..! એમ એની એ ભાષા..! નવો કોઈ તર્ક કે (ન્યાય ન મળે).

અહીં તો અંદર સમ્યક્જ્ઞાનના તર્કથી વસ્તુને સિદ્ધ કરવી છે ! આહા..હા...! એ અહીં કહે છે, '**...જ્ઞેયપણાને નહિ અતિક્રમતા હોવાથી જ્ઞેય જ છે,...**' (હવે) દૃષ્ટાંત આપે છે. '**...જેમ પ્રજ્વલિત અગ્નિને..**' અગ્નિ.. અગ્નિ..! '**...પ્રજ્વલિત અગ્નિને અનેક પ્રકારનું ઇંધન,..**' (પ્રજ્વલિત એટલે સળગતી અગ્નિ). તેને અનેક પ્રકારના લાકડા '**...દાહ્યપણાને નહિ અતિક્રમતું..**' આ..હા..હા...! શું દૃષ્ટાંત કહે છે ? કે, અગ્નિ જે છે અગ્નિ..! એ પ્રજ્વલિત અગ્નિ હોં... આમ..! આમ સળગતી હોય ! એ અનેક પ્રકારનું ઇંધન (એટલે) અનેક પ્રકારનાં લાકડાં, અડાયાં.. અડાયાં છાણાં હોય ને ! અડાયાં એટલે ગાયું.. ભેંસુના સુકાયેલા છાણને અડાયાં કહે. અગ્નિ તેને પણ બાળે. એ દાહ્ય થવાને લાયક છે અને અગ્નિ (એને) બાળે. અગ્નિમાં કોઈ ચીજ દાહ્ય થવા લાયક નથી, એમ નથી. અને આ છાણા કરે ને છાણાં..! આમ સીધું છાણું લઈને બનાવે એ 'છાણાં' કહેવાય. ઓલાને 'અડાયાં' કહેવાય. ભેંસુનું ને ગાયુંનું સુકાઈ ગયેલું (છાણ) પડ્યું હોય એને 'અડાયાં' કહેવાય. એ બધાં લાકડાં જ છે. અને આ ઇંધન–લાકડાં, નાના–મોટા કટકા, એ બધાં લાકડાં, અનેક પ્રકારનાં ઇંધન '**...દાહ્યપણાને નહિ અતિક્રમતું..**' (અર્થાત્) બળવાને લાયકપણે છે તેને છોડતા નથી. એ બધાં બળવાને લાયક છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? લીલાં લાકડા હોય એ પણ બળવાને લાયક છે. એ લીલાં છે એ પણ અગ્નિ અડે તો સૂકા થઈને સળગે. આહા..હા...! એ બધાં લીલાં લાકડાં હોય કે લીલાં પાંદડાં હોય, પણ એ બધાં બળવાને લાયક છે. છે (પાઠમાં) ?

'**...પ્રજ્વલિત અગ્નિને,...**' આહા..હા...! (અર્થાત્) સળગતી અગ્નિને. અનેક પ્રકારના લાકડા, છાણાં આદિ '**...દાહ્યપણાને નહિ અતિક્રમતું..**' (અર્થાત્) એ બળવાને લાયકપણાને છોડતા નથી. બધાં બળવાને લાયક છે. જેમ ભૂતની – ગયાકાળની અને ભવિષ્યની પર્યાય જ્ઞેયપણાને અતિક્રમતી નથી, તેથી તે સર્વજ્ઞ પરમાત્માને જ્ઞાનમાં જણાઇ જાય છે. સમજાણું કાંઈ ? (એમ) અનેક પ્રકારનાં લાકડાં દાહ્યપણાને એટલે બળવાને લાયકને અતિક્રમતાં નથી. દાહ્ય છે, બળવા લાયક જ છે. આ બળવા લાયક છે તેને અગ્નિ બાળે છે. એમ ભૂત અને ભવિષ્યની પર્યાયો જ્ઞેયપણાને નહિ છોડતી તે સર્વજ્ઞના જ્ઞાનમાં જણાઇ જાય છે. આહા...! આવો ન્યાય તો આપે છે !

સર્વજ્ઞ અરિહંત કેવા હોય એની ખબર ન મળે ! સર્વજ્ઞ શું છે ? અને સર્વજ્ઞપણું કેમ પ્રાપ્ત થાય ? અને સર્વજ્ઞ ભૂત, ભવિષ્યને, ત્રણકાળ, ત્રણલોકને કેમ જાણે ? (એ કહે છે). એને જાણવા લાયક કોઈ ચીજ બાકી નથી. જેમ અગ્નિને (માટે) બાળવા લાયક કોઈ ચીજ નથી, (એમ) નથી. એમ સર્વજ્ઞમાં જાણવા લાયક કોઈ ચીજ નથી, (એમ) નથી. આહા..હા...! અનંતકાળ પછી જે પર્યાય થશે તેને ભગવાન વર્તમાનમાં જાણે છે. આવી વાત છે.

આ આત્મા(ની), પરમાણુ(ની), દરેક(ની) ગયા કાળની અનંતી પર્યાયો થઈ ગઈ અને ભવિષ્યની અનંતી થશે. ભૂતની અનંતી થઈ, એથી અનંતગુણી ભવિષ્યની થશે. ભવિષ્યની પર્યાયો–અવસ્થાઓ અનંતગુણી છે. આ..હા..હા..! એક–એક દ્રવ્યમાં, એક–એક પરમાણુમાં અને એક–એક આત્મામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(એવી અનંતી અવસ્થાઓ થઈ અને થશે). એ બધી પર્યાયો–અવસ્થાઓ જ્ઞેયપણાને છોડતી નથી, ઓળંગતી નથી. પ્રમેયપણું (એટલે) જ્ઞાનમાં જણાવા લાયક છે તેને ઓળંગતી નથી. તેથી જ્ઞાનમાં–સર્વજ્ઞમાં ત્રણકાળ, ત્રણલોક જાણવામાં આવે છે.

(અહીંયાં કહે છે) પ્રજ્વલિત અગ્નિ બળવા લાયક લાકડાને (એટલે કે) લાકડાઓ બળવા લાયક છે – તે દાહ્ય છે તેને છોડતી નથી. બળવા લાયક લાકડા કે (બીજી) વસ્તુ છે (તેને) છોડતી નથી. છે ? '**...દાહ્યપણાને નહિ અતિક્રમતું હોવાથી,...**' (અર્થાત્) બળવા લાયકપણાને એ વસ્તુ નહિ ઓળંગતી હોવાથી '**...દાહ્ય જ છે.**' (અર્થાત્) બળવા લાયક જ છે. '**(જેમ પ્રદીપ્ત અગ્નિ,...)**' 'પ્રદીપ્ત અગ્નિ' (એટલે) સળગેલો અગ્નિ. '**...(..દાહ્યમાત્રને–ઇંધનમાત્રને–બાળે છે, તેમ નિરાવરણ જ્ઞાન...),...**' આ..હા..હા...! ક્યાં ઇન્દ્રિયનું જ્ઞાન અને ક્યાં સર્વજ્ઞનું જ્ઞાન !! એમ બે સાથે મેળવે છે. આ..હા..હા...! '**...(...નિરાવરણ જ્ઞાન જ્ઞેયમાત્રને–દ્રવ્યપર્યાયમાત્રને–જાણે છે).**' આ..હા..હા...!

દરેક દ્રવ્ય જે છે એને વર્તમાનમાં પણ અનંતી પર્યાય છે. સમય એક ! પણ દરેક દ્રવ્યમાં અનંતા ગુણો છે ને ! એક આત્મામાં જેમ સંખ્યામાં અનંતા ગુણો છે એમ પરમાણુમાં છે. એવા અનંતા ગુણો એક આકાશમાં છે, આ..હા..હા...! એવા છ દ્રવ્ય ભગવાને જોયા છે. છ દ્રવ્ય ! ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, જીવ અને પુદ્ગલ. એ દરેક દ્રવ્યમાં અનંતા ગુણો છે. અને તેની એક સમયની અવસ્થામાં અનંતી પર્યાય છે. જે પર્યાય એક સમયની છે એ પર્યાયની ગણતરી (કરવા જાય) તો અંત નથી કે આ કેટલી ? અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત...ને ગુણી નાખો..! એક સમયની પર્યાય.. હોં..! હવે આ કેમ બેસે ? ત્રણકાળના સમય કરતાં એક દ્રવ્યની એક સમયની પર્યાય અનંતગુણી છે.

અરે.. ભગવાન ! આવું વીતરાગનું તત્ત્વ ઝીણું બહુ, ભાઈ ! પરમેશ્વર સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય અજ્ઞાનીઓએ આત્મા.. આત્મા... કહ્યો હોય (એ) જાણ્યા વિના વાતું કરી હોય એ બધી ગપ છે ! આહા..હા...! આ તો સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં જણાવા લાયકને જાણી લે છે ! (જેમ) બળવા લાયકને અગ્નિ બાળે છે, એમ. વેપારીને – વાણિયાને આવી વાતું કરવી ને સાંભળવી ! ત્યાં એના ધંધામાં (આ વાત ક્યાંય આવે નહિ) ! આહા...!

હમણાં 'પાલેજ' ગયા હતા ને ! ત્યાં નવ વર્ષ હું રહ્યો હતો ને ! 'પાલેજ'માં ઘરની દુકાન હતી. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. પિતાજીની દુકાન હતી. પાંચ વર્ષ તો મેં દુકાન ચલાવી – સત્તર વર્ષથી બાવીસ વર્ષ. બાવીસ વર્ષે દુકાન છોડી દીધી. અત્યારે નેવું થયાં. ફઈના દીકરા ત્રણ છોકરા છે. મોટું ગોદામ છે. ચાલીસ લાખ રૂપિયા છે. આઠ દિ' બધા માણસ સાંભળે. (જ્યારે નીકળતી વખતે) ઊઠ્યા ત્યારે રોવા મંડ્યા ! બાપુ ! મરી ગયા, ભાઈ ! વસ્તુને જાણ્યા વિના ધંધા--પાણીમાં મરી ગયા ! મારી નાખ્યો આત્માને !! આહા...! ચાલીસ લાખ ને ધૂળ ને એમાં શું છે !

શ્રોતા :-- 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં કહ્યું છે ને કે 'થવાનું હશે તે થશે'...!

પૂજ્ય ગુરુદેવશ્રી :-- હા, કીધું ને ! શ્રાવક.. શ્રાવક જે સમકિતી છે, જેને આત્મજ્ઞાન થયું છે એ એમ માને છે કે ભવિતવ્યમાં જડની જે (પર્યાય) થવાની તે થવાની. એમાં હું શું કરું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



('સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'–૩૮૮) ગાથા છે. જે શ્રાવક હોય છે સાચા..! (એટલે) સમકિતી ! આ વાડાના શ્રાવક એ કાંઈ શ્રાવક છે નહિ. (એને તો) હજી સમ્યગ્દર્શનનાં ઠેકાણાં નથી. જેને આત્માનું સમ્યગ્દર્શન થયું છે, આત્માના આનંદનો અનુભવ થયો છે, અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ આવ્યો છે, ત્યારે તો હજી એને સમકિતી કહેવાય. શ્રાવક તો એથી પછી આગળ વધતાં સ્વરૂપમાં સ્થિરતા અને શાંતિ વધી જાય, એવા **'જે શ્રાવક, પાપના મૂળ જે ગૃહસ્થનાં કાર્યો તેમાં અનુમોદના ન કરે, કેવી રીતે ? 'જે ભવિતવ્ય છે તેમ જ થાય છે'–**' થવાનું (હોય તે) થાય તેને હું શું કરું ? આહા..! છે ? બે ઠેકાણે (આવે) છે. **'–'જે ભવિતવ્ય છે તેમ જ થાય છે' એવી ભાવના કરતો થકો; તે અનુમોદનાવિરતિપ્રતિમાધારી શ્રાવક છે.**' છે ? એવું બીજે ઠેકાણે (પણ) છે. ભવિતવ્યતા એ તો ક્રમબદ્ધ પર્યાય જેની થવાની છે એ થશે જ. એ તું કર તો થાય, એવું કાંઈ છે નહિ, આ..હા..હા...! 'ક્રમબદ્ધ'નો મોટો સવાલ બહાર આવ્યો હતો.

દરેક પરમાણુ અને દરેક આત્માની ક્રમબદ્ધ જે અવસ્થા થવાની તે થવાની. એ વિષય અત્યારે હતો નહિ. દરેક પરમાણુ અને દરેક આત્મામાં નિરંતર (પર્યાયો થાય છે). જેમ હારમાં મોતી છે – જે ઠેકાણે મોતી છે તે જ ઠેકાણે (તે મોતી) છે. એમ જગતના જડ–ચૈતન્યની પર્યાયો જે સમયે જે થવાની તે થાય છે, આડી–અવળી નહિ. તે સમયે–સમયે ક્રમબદ્ધ થાય છે. એ વિષય નહોતો. એ તો અહીંથી જ પહેલેથી કહેવાણો છે. જોકે ક્રમબદ્ધની શૈલી તો હું પોતે '૭૨થી કહેતો હતો. (સંવત) '૭૨ની (સાલમાં) સંપ્રદાયમાં મોટી ચર્ચા ચાલી હતી – 'કેવળીએ દીઠું હોય એ થાય. બીજું આપણે શું કરીએ ?' એ ચર્ચા ચાલતી હતી. મેં કીધું 'કેવળીએ દીઠું થાય. પણ જગતમાં સર્વજ્ઞ કેવળી છે તે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છે એવી એક ગુણની એક પર્યાય છે, એની સત્તાની શ્રદ્ધા છે ? પછી દીઠું એ થાય (એ કહો તો બરાબર છે).' તત્ત્વની ખબર ન મળે અને અને કેવળીએ દીઠું એ થશે... કેવળીએ દીઠું એ થશે... (કરો તો) એનો અર્થ શું છે ? આ તો '૭૨ની વાત છે. ૬૩ વર્ષ પહેલાં !

દુકાન પર હતા ત્યારે '૬૩ની સાલની વાત છે–'શિવરમણી રમનાર તું...' સત્તર વર્ષની ઉંમર હતી. અત્યારે તો આ નેવુંમું બેસશે, જન્મનું હોં...! વૈશાખ સુદ-૨, ગર્ભનું તો નેવું ચાલે છે ! સવા નવ મહિના ભગવાન અહીંના ગણે ને ! માતાના પેટમાં અહીંનું આયુષ્ય છે કે નહિ ? પણ લોકોને ખબર ન હોય એટલે જન્મથી ગણે ! પણ સવા નવ મહિના અહીંનું આયુષ્ય હોય. એ હિસાબે અત્યારે નેવું ચાલે છે. આ વૈશાખ સુદ બીજે જન્મનું નેવુંમું બેસશે. ૧૭ વર્ષની ઉંમરે આ વાત હતી. '**શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ**' તું તો દેવનો દેવ છો ! આ..હા..હા...! પણ વિશેષ ખ્યાલ ન આવ્યો. આ શું આવ્યું આ ? પછી તો બધી ખબર પડી.

અહીં એમ કહે છે '**...જ્ઞેયમાત્રને – દ્રવ્યપર્યાયમાત્રને–જાણે છે.**' અગ્નિ દાહ્યમાત્રને બાળે છે એમ સર્વજ્ઞનું જ્ઞાન જ્ઞેયમાત્ર – લોક–અલોક, ભૂત અને ભવિષ્યની બધી પર્યાયને જાણે. ભગવાનના જ્ઞાનમાં, ભવિષ્યની કોઈ (પર્યાય) થઈ નથી માટે જાણતા નથી, એમ નથી. આ..હા..હા...! જે સમયે જેની જે પર્યાય થશે તેની તે (પર્યાયને) સર્વજ્ઞ વર્તમાનમાં પ્રત્યક્ષ દેખે છે. આવો જેને સર્વજ્ઞનો નિર્ણય કરવો હોય એને, મારો સ્વભાવ સર્વજ્ઞસ્વરૂપ જ છે, હું ચૈતન્યમૂર્તિ છું, એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વસંવેદનજ્ઞાન કરે તેને સ્વ-સર્વજ્ઞની શ્રદ્ધા થાય. અને સર્વજ્ઞની શ્રદ્ધા–જ્ઞાનમાં રમતો–રમતો આગળ જઈને સર્વજ્ઞપણું પામે ! વિશેષ કહેશે...

❁ ❁ ❁

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ ज्ञेयार्थपरिणमनलक्षणा क्रिया ज्ञानान्न भवतीति श्रद्दधाति–

**परिणमदि णेयमट्ठं णादा जदि णेव खाइगं तस्स।**
**णाणं ति तं जिणिंदा खवयंतं कम्ममेवुत्ता।।४२।।**

**परिणमति ज्ञेयमर्थं ज्ञाता यदि नैव क्षायिकं तस्य।**
**ज्ञानमिति तं जिनेन्द्राः क्षपयन्तं कर्मैवोक्तवन्तः।।४२।।**

परिच्छेत्ता हि यत्परिच्छेद्यमर्थं परिणमति तन्न तस्य सकलकर्मकक्षक्षयप्रवृत्तस्वाभाविक-परिच्छेदनिदानमथवा ज्ञानमेव नास्ति तस्य। यतः प्रत्यर्थपरिणतिद्वारेण मृगतृष्णाम्भोभारसंभावना-करणमानसः सुदुःसहं कर्मभारमेवोपभुञ्ज़ानः स जिनेन्द्रैरुद्गीतः।।४२।।

---

एवमतीतानागतपर्याया वर्तमानज्ञाने प्रत्यक्षा न भवन्तीति बौद्धमतनिराकरणमुख्यत्वेन गाथात्रयं, तदनन्तरमिन्द्रियज्ञानेन सर्वज्ञो न भवत्यतीन्द्रियज्ञानेन भवतीति नयायिकमतानुसारिशिष्य-संबोधनार्थं च गाथाद्वयमिति समुदायेन पञ्चमस्थले गाथापञ्चकं गतम्।। अथ रागद्वेषमोहाः बन्धकारणं, न च ज्ञानमित्यादिकथनरूपेण गाथापञ्चकपर्यन्तं व्याख्यानं करोति। तद्यथा – यस्येष्टानिष्टविकल्परूपेण कर्मबन्धकारणभूतेन ज्ञेयविषये परिणमनमस्ति तस्य क्षायिकज्ञानं नास्तीत्यावेदयति – **परिणमदि णेयमट्ठं णादा जदि** नीलमिदं पीतमिदमित्यादिविकल्परूपेण यदि ज्ञेयार्थं परिणमति ज्ञातात्मा **णेव खाइगं तस्स णाणं ति** तस्यात्मनः क्षायिकज्ञानं नैवास्ति। अथवा ज्ञानमेव नास्ति। कस्मान्नास्ति। **तं जिणिदा खवयंतं कम्ममेवुत्ता** तं पुरुषं कर्मतापन्नं जिनेन्द्राः कर्तारः उक्तवन्तः। किं कुर्वन्तम्। क्षपयन्तमनुभवन्तम्। किमेव। कर्मैव। निर्विकार-सहजानन्दैकसुखस्वभावानुभवनशून्यः सन्नुदयागतं स्वकीयकर्मैव स अनुभवन्नास्ते न च ज्ञानमित्यर्थः। अथवा द्वितीयव्याख्यानाम्–यदि ज्ञाता प्रत्यर्थं परिणम्य पश्चादर्थं जानाति तदा अर्थानामानन्त्यात्सर्वपदार्थपरिज्ञानं नास्ति। अथवा तृतीयव्याख्यानम्-बहिरङ्गज्ञेयपदार्थान् यदा छद्मस्थावस्थायां चिन्तयति तदा रागादिविकल्परहितं स्वसंवेदनज्ञानं नास्ति, तद्भावे क्षायिकज्ञानमेव नोत्पद्यते इत्यभिप्रायः।।४२।।

---

હવે જ્ઞેય પદાર્થરૂપે પરિણમન જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયા જ્ઞાનમાંથી ઉદ્‌ભવતી નથી એમ શ્રદ્ધે છે (અર્થાત્ એવી શ્રદ્ધા વ્યક્ત કરે છે) :--

**જો જ્ઞેય અર્થે પરિણમે જ્ઞાતા, ન ક્ષાયિક જ્ઞાન છે;**
**તે કર્મને જ અનુભવે છે એમ જિનદેવો કહે. ૪૨.**

**અન્વયાર્થ :–** **[ज्ञाता]** જ્ઞાતા **[यदि]** જો **[ज्ञेयं अर्थं]** જ્ઞેય પદાર્થરૂપે **[परिणमति]** પરિણમતો હોય **[तस्य]** તો તેને **[क्षायिकं ज्ञानं]** ક્ષાયિક જ્ઞાન **[न एव इति]** નથી જ. **[जिनेन्द्राः]** જિનેન્દ્રોએ **[तं]** તેને **[कर्म एव]** કર્મને જ **[क्षपयन्तं]** અનુભવનાર **[उक्तवन्तः]** કહ્યો છે.

**ટીકા :–** જ્ઞાતા જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય, તો તેને સકળ કર્મવનના ક્ષયે પ્રવર્તતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વાભાવિક જાણપણાનું કારણ (ક્ષાયિકજ્ઞાન) નથી; અથવા તેને જ્ઞાન જ નથી; કારણ કે દરેક પદાર્થરૂપે પરિણતિ દ્વારા મૃગતૃષ્ણામાં જળસમૂહની કલ્પના કરવાના માનસવાળો તે (આત્મા) દુઃસહ કર્મભારને જ ભોગવે છે એમ જિનેન્દ્રોએ કહ્યું છે.

**ભાવાર્થ :–** જ્ઞેય પદાર્થોરૂપે પરિણમવું અર્થાત્ 'આ લીલું છે, આ પીળું છે' ઇત્યાદિ વિકલ્પરૂપે જ્ઞેય પદાર્થોમાં પરિણમવું તે કર્મનો ભોગવટો છે, જ્ઞાનનો ભોગવટો નથી. નિર્વિકાર સહજ આનંદમાં લીન રહી સહજપણે જાણ્યા કરવું તે જ જ્ઞાનનું સ્વરૂપ છે; જ્ઞેય પદાર્થોમાં અટકવું – તેમના સન્મુખ વૃત્તિ થવી, તે જ્ઞાનનું સ્વરૂપ નથી. ૪૨.

---

## (તા. ૧૫-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૪૦)

'પ્રવચનસાર', ૪૨ ગાથા. '**હવે જ્ઞેય પદાર્થરૂપે પરિણમન જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયા જ્ઞાનમાંથી ઉદ્‌ભવતી નથી એમ શ્રદ્ધે છે (અર્થાત્ એવી શ્રદ્ધા વ્યક્ત** કરે છે)' :--

**परिणमदि णेयमट्ठं णादा जदि णेव खाइगं तस्स।**
**णाणं ति तं जिणिंदा खवयंतं कम्ममेवुत्ता।।४२।।**

(હરિગીત) :--

**જો જ્ઞેય અર્થે પરિણમે જ્ઞાતા, ન ક્ષાયિક જ્ઞાન છે;**
**તે કર્મને જ અનુભવે છે એમ જિનદેવો કહે. ૪૨.**

**ટીકા :--** '**જ્ઞાતા,...**' ભગવાનઆત્મા જ્ઞાતા છે, જાણનાર છે. તે '**...જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય,...**' (અર્થાત્) જાણવા યોગ્ય જે જ્ઞેય છે તેનું લક્ષ કરીને પરિણમતો હોય '**...તો તેને સકળ કર્મવનના ક્ષયે પ્રવર્તતા સ્વાભાવિક જાણપણાનું કારણ (ક્ષાયિકજ્ઞાન) નથી;...**' તો તેને ક્ષાયિકજ્ઞાન નથી. શું કહ્યું ? કે, આત્મા જ્ઞાનસ્વરૂપ–જ્ઞાતા-દ્રષ્ટા છે. એ જો એક--એક જ્ઞેયને જાણવામાં રોકાય તો તો એને ક્ષાયિકજ્ઞાન નથી. ક્ષાયિકજ્ઞાન તો નથી પણ જ્ઞાન જ નથી, એમ અહીં તો કહે છે. કેમ ? (કેમકે) આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ એક--એક જ્ઞેયને રાગથી જાણીને પરિણમે તો તે જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ આમાં ?

સમ્યક્‌જ્ઞાની જીવ, એ જ્ઞેય જે રાગ છે તેના રૂપે પરિણમતો નથી. તેણે 'જ્ઞાનસ્વરૂપ આત્મા છે' એમ જાણ્યું છે, તેથી તે પોતે જ્ઞાનને જ્ઞેય બનાવે, એ રૂપે પરિણમે છે. અને એ (રૂપે) પરિણમતા જે રાગ થાય તેનો એ જાણનાર છે, આહા..હા...!

અજ્ઞાની(ને), જ્ઞાનસ્વરૂપમાં જે પરજ્ઞેય (અર્થાત્) ભગવાન વીતરાગદેવ સર્વજ્ઞ જિનેશ્વર, (એવાં) પરદ્રવ્યનું જ્ઞાન થતાં તેમાં રાગ થાય (છે) અને રાગરૂપે પરિણમે તે જ્ઞાન નહિ, તે આત્મા નહિ ! આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાતા–દ્રષ્ટાના સ્વભાવથી ભરેલો (છે), એવું જેને ભાન થાય, એ જ્ઞેયને જાણતાં રાગ થાય તે રૂપે ન પરિણમે. ઝીણી વાત બહુ, ભાઈ ! છે ? '**જ્ઞાતા જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય,...**' એટલે કે, જાણવામાં જાણવા યોગ્ય પદાર્થના લક્ષે રાગ(રૂપ) થઈને પરિણમતો હોય તો તો તેને ક્ષાયિકજ્ઞાન નથી. ક્ષાયિકજ્ઞાન તો નથી પણ તેને જ્ઞાન જ નથી ! આ..હા..હા...! સમજાય છે કાંઈ ? આત્મા જે જ્ઞાનસ્વરૂપ છે તેનું જો જ્ઞાન થાય, તો પરદ્રવ્યના જ્ઞેયના લક્ષે જે રાગ થાય તે રૂપે પરિણમ્યો નથી. પરિણમે છે પોતાના જ્ઞાનસ્વભાવે એમાં રાગ થાય તેને જાણવાપણે પરિણમે છે. અરે.. અરે.. આવી ઝીણી વાત લ્યો...! સમજાણું કાંઈ ?

જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા ! જો પરજ્ઞેયનું લક્ષ કરીને રાગ(રૂપે પરિણમે તો એ જ્ઞાન નથી). (અર્થાત્) પરજ્ઞેયનું લક્ષ કરે એટલે રાગ થાય. આહા..હા...! સર્વજ્ઞ પરમેશ્વર, દેવ, ગુરુ, જ્ઞાની, સ્ત્રી, પુત્ર, સમાજ આદિ કોઈ પદાર્થનું લક્ષ કરે એટલે રાગ થાય અને રાગરૂપે પરિણમે તો એ જ્ઞાન નથી, અજ્ઞાન છે. આવું છે. સમજાય છે કાંઈ ? બન્ને કીધું–ક્ષાયિકજ્ઞાન પણ નથી અને જ્ઞાન જ નથી, એમ કીધું. બન્ને કીધું ને ?

પાઠમાં તો એટલું જ છે કે, ક્ષાયિકજ્ઞાન નથી. પાઠમાં તો એટલું જ છે. '**परिणमदि णेयमट्ठं णादा जदि णेव खाइगं तस्स**' આ..હા..હા...! જ્ઞાતા ! '**णादा**'–જ્ઞાતા ! આ..હા..હા...! ભગવાનઆત્મા તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એ પોતે પોતાના સ્વભાવના જ્ઞાનપણે પરિણમે. પણ તેને ભૂલીને પરજ્ઞેયનો વિચાર કરતાં, પરજ્ઞેય તરફ વળતાં જે રાગ થાય તો એ 'જ્ઞેયાર્થકપણે' પરિણમ્યો (છે). રાગપણે પરિણમ્યો એ જાણવાયોગ્ય પદાર્થપણે પરિણમ્યો, આ..હા..હા...! આવું ઝીણું છે !

'જયસેનાચાર્ય'ની ટીકામાં એ નાખ્યું છે. '**तस्यात्मनः क्षायिकज्ञानं नैवास्ति। अथवा ज्ञानमेव नास्ति**' એ આમાં નાખ્યું છે. પાઠ ભલે 'ક્ષાયિક' છે. પણ ક્ષાયિક(જ્ઞાન નથી) એટલે જ્ઞાન જ નથી. આ..હા..હા...! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, એવો જ્ઞાતા–દ્રષ્ટા છે. એ પોતે જ્ઞાનપણે પોતાનું સ્વરૂપ છે, (તો) તે રીતે પરિણમે. પણ, એ પરજ્ઞેય જે છે એને જાણવાના લક્ષે પરિણમે ત્યારે એમાં રાગ થાય અને રાગરૂપે જો પરિણમે તો જ્ઞાનરૂપે પરિણમવું અટકી ગયું. તેથી તે અજ્ઞાની છે, તેને જ્ઞાન જ નથી, ઓ..હો..હો..હો...!

આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. એમાં જ્ઞેયવસ્તુ નથી અને જ્ઞેયને લક્ષે જે રાગ થાય તે તેમાં નથી. એટલે જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે એ જ્ઞેયાર્થ નામ પરના પ્રયોજનને માટે (અર્થાત્) જ્ઞેયને જાણવાના પ્રયોજનમાં જાય તો એને રાગ થાય. એ તો (આપણે) આવી ગયું છે. '**परदव्वादो दुग्गई**' એનો આ ન્યાય ! આ..હા..હા..!

સર્વજ્ઞપ્રભુ એમ કહે (છે) કે, જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે ! ભગવાન (એમ) કહે (છે) કે, મને જાણતા પણ (રાગ થશે). (કારણ કે) હું પરજ્ઞેય છું. મને જાણતાં એનું રાગ ઉપર એટલું લક્ષ જાય અને રાગરૂપે પરિણમે તો તે જ્ઞાન જ નથી, આહા..હા...! (સમ્યક્દ્રષ્ટિને) રાગ આવે પણ રાગથી ભિન્ન છે (અને) એ જ્ઞાન આત્માપણે પરિણમે છે. એથી એ જ્ઞેયાર્થપણે પરિણમતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞેય–જે સ્વજ્ઞેય (તે રૂપે) પરિણમે છે, આહા..હા...! આવું છે ! સમજાય છે કાંઈ ? આ ઝીણી વાતું છે ! આહા..હા...!

**'જ્ઞાતા જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય,...'** એટલે કે એકલો જ્ઞેયપદાર્થને જાણવાપણે પરિણમતો હોય તો તો રાગ જ થયો. અને (એકલા) રાગરૂપે પરિણમે તે જ્ઞાની નહિ, તે જ્ઞાન નહિ. આ..હા..હા...! એ સમ્યક્જ્ઞાન જ નહિ. જ્ઞેયાર્થ જ પરિણમે (તો તે જ્ઞાન જ નહિ). 'જયસેનાચાર્યદેવે' (ટીકામાં) બે--ત્રણ અર્થ કર્યા છે, પણ મૂળ સાર આ છે. કેમકે જે જ્ઞાનસ્વરૂપ પોતે છે, એ બંધનું કારણ નથી. ૪૩ (ગાથામાં) વધારે લેશે. પણ બંધનું કારણ તો પરને જાણતાં, પરને જાણવામાં રોકાતા જે રાગ થાય (તે બંધનું કારણ છે). આહા..હા...! રાગરૂપે પરિણમે, એક–એક જ્ઞેયને ભિન્ન–ભિન્ન જાણવા માટે પરિણમે તો તેને જ્ઞાન જ ન કહીએ. તો ક્ષાયિકજ્ઞાન તો શેનું હોય ? આ..હા..હા...! ભારે આકરું...!

આ દયા, દાન, વ્રત આદિનો જે રાગ છે, એ પરજ્ઞેય પ્રત્યે લક્ષ જાય છે એટલે રાગ થાય છે. અને રાગપણે પરિણમે, થાય તે આત્મા નહિ, તે જ્ઞાન નહિ, તે ધર્મી નહિ, એને ધર્મ નહિ ! આહા..હા...! આવું છે ! આકરું પડે જગતને !

ભગવાન તો કહે છે કે, જ્ઞેય અર્થે પરિણમે, એ જ્ઞેય અર્થે પરિણમે (અર્થાત્) એનું જે પર(ને) જાણવાનું છે તેના અર્થે પરિણમે (તે જ્ઞેયાર્થ પરિણમન છે). પોતાના જ્ઞાનાર્થ પરિણમે એ તો ભિન્ન પડી (ગયો). આહા..હા...! દેવ, ગુરુનું લક્ષ આવ્યું તો કહે છે–એ તો પરદ્રવ્ય છે, એ જ્ઞેય છે. આત્માનું ખરેખર તો તે જ્ઞેય છે અને એ જ્ઞેયનું લક્ષ થઈને જે રાગ થાય અને રાગરૂપે પરિણમે એને જ્ઞાનરૂપનું પરિણમન છે નહિ. એ સમ્યક્જ્ઞાની–ધર્મી નથી, આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

જ્ઞાતા–જાણનારો પ્રભુ જો પરજ્ઞેય પદાર્થરૂપે પરિણમે... પરજ્ઞેય પદાર્થરૂપે પરિણમતો એટલે ? કે, પર પદાર્થ ઉપરનું લક્ષ કરીને પરિણમે છે તો ત્યાં તો રાગ જ છે, એમ. આ..હા..હા...! આવી વાતું છે ! અહીં તો હજી તો દેવ, ગુરુ ને શાસ્ત્ર ને પર–બાયડી ને છોકરા, કુટુંબનું લક્ષ કરે છે. લક્ષ કરે છે ત્યારે રાગ થાય છે અને રાગરૂપે પરિણમી જાય છે, તો એને જ્ઞાન જ નથી. એ ધર્મી જ નથી, એને ધર્મ જ નથી. આ..હા..હા...! હવે, અહીં સુધી જાવું...!

પરનું તો કરી શકતો નથી, એટલે અહીંયાં એ ન લેવું. હવે પોતે અજ્ઞાનપણે પરને જાણવા માટે રાગને કરે અને રાગપણે પરિણમે તો જ્ઞાનસ્વરૂપપણે પરિણમવું રહી ગયું, રોકાઈ ગયું. સમજાય છે કાંઈ ? જ્ઞાતા–એ તો જાણનારો છે. જાણનારો સ્વને જાણવામાં (આવે) તો જ્ઞાનની પર્યાય થાય અને એ પર્યાય પછી ભલે પરને જાણે. (એ રીતે) જાણે એટલે પરપણે પરિણમતો નથી, આહા...!

અહીંયાં તો કહે છે પોતે જ્ઞાતા છે એ પોતાપણે ન પરિણમતાં પર ચીજના લક્ષે પરિણમે છે, એ જ્ઞેયપણે જ પરિણમે છે. કારણ કે પરલક્ષે પરિણમે છે તો એને રાગ થાય છે. જેમ પર વસ્તુ જ્ઞેય છે એમ રાગ પણ નિશ્ચયથી તો જ્ઞેય છે. આ..હા..હા...! આકરી વાત..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનું સ્વરૂપ અલૌકિક છે !!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અહીંયાં) એમ કહે છે કે, જે પરજ્ઞેય અર્થે પરિણમે (છે) એને સમ્યક્જ્ઞાન નથી. એટલે એને સર્વજ્ઞપદ પ્રાપ્ત નહિ થાય. પણ જે કોઈ સ્વ-જ્ઞાતા છે તેને લક્ષે જ્ઞાનપણે પરિણમશે, નિર્વિકલ્પ શાંતિપણે (પરિણમશે તેને સર્વજ્ઞપદ પ્રાપ્ત થશે). અને રાગ હોવા છતાં તેના સંબંધીનું જ્ઞાન– પોતા સંબંધીનું જ્ઞાન થતાં તેનું (રાગનું) જ્ઞાન થાય. એ તો સમ્યક્જ્ઞાની(ની વાત કરી). પણ સ્વ-જ્ઞાનને છોડીને પરજ્ઞેય એટલે આત્મા સિવાય પરજ્ઞેયને અર્થે (એટલે) તેને અર્થે... એમ છે ને ? '**ણેયમટ્ઠં**' ! '**ણેયમટ્ઠં**' (અર્થાત્) પરજ્ઞેયને માટે પરિણમે છે, (તે અજ્ઞાની છે). એમ છે. આહા..હા...!

આ..હા..હા...! આ 'પ્રવચનસાર' ! ભગવાન ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ !! એમાં આ આવ્યું છે !! આ..હા..હા...! જૈનધર્મ એવો ઝીણો છે ! અત્યારે તો સાંભળવા મળે નહિ.

ભગવાનની ભક્તિ કરે તો એ પરજ્ઞેયપણે–રાગપણે પરિણમે છે. અને સ્વને ભૂલીને રાગપણે પરિણમે તો એ જ્ઞાન જ નથી. આ..હા..હા...! બહુ સરસ ગાથા છે !! 'પરથી ખસ ! સ્વમાં વસ ! એટલું બસ !' એ બસ ! પણ જેને સ્વ તરફનો આશ્રય નથી અને એ જ્ઞેયને જાણવા– પરજ્ઞેયને જાણવા જાય છે (તો રાગરૂપે પરિણમે છે). એ પહેલા આવી ગયું હતું – ધર્માસ્તિને જાણવા જતાં જે વિકલ્પ ઊઠે છે, એ વિકલ્પનો કર્તા થાય છે, એ પરદ્રવ્યનો કર્તા થાય છે, આ..હા..હા...! સમજાણું કાંઈ ? એક–એક ગાથા ચડતી જાય છે !!

શરીર, વાણી, મન–જડ એ રૂપે તો અજ્ઞાની પણ કોઈ દિ' પરિણમતો નથી. પણ અજ્ઞાની, સ્વ–સ્વરૂપ જે જ્ઞાતા (છે) તે જ્ઞાતાપણે પરિણમવું જોઈએ એને છોડીને જ્ઞેય અર્થે (પરિણમે છે), જાણવા યોગ્ય પદાર્થને પ્રયોજને – એના અર્થે જે પરિણમે છે, ત્યાં તેનું જ્ઞાન ક્ષાયિક નથી, તેમ તેને જ્ઞાન જ નથી, આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાનની ભક્તિનો કે જાત્રાનો રાગ થાય છે, એ રાગરૂપે પરિણમે છે એ પરજ્ઞેયાર્થે પરિણમે છે, આહા..હા...! સમજાણું કાંઈ ? (તે) જ્ઞાન જ નથી. આવી વાત છે ! અરે..રે..! શું થાય ? જ્ઞેય જે આત્મા–સ્વજ્ઞેય, એના અર્થે પરિણમે તે તો યથાર્થ જ્ઞાન (છે). પણ સ્વજ્ઞેયને છોડી, આત્મા સિવાય પરપદાર્થના લક્ષે જ્ઞેય અર્થે પરિણમન થાય, ત્યાં પરને જાણવા જતાં એને રાગ ઉત્પન્ન થાય. આહા..હા...! અને રાગપણે જે પરિણમે તેને જ્ઞાન જ નથી. એ સમ્યક્દૃષ્ટિ નથી, તે જ્ઞાન નથી. આ..હા..હા...! આવી વાત છે ! સમજાય છે કાંઈ ? છે (અંદર) ?

'**...તેને સકળ કર્મવનના ક્ષયે પ્રવર્તતા સ્વાભાવિક જાણપણાનું કારણ (ક્ષાયિકજ્ઞાન) નથી;...**' આ..હા..હા...! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર લોકાલોકને જાણે છે પણ એ સ્વને જાણવામાં જ્ઞાન પરિણમનમાં જણાઇ જાય છે. એ ખરેખર તો પોતાની જ્ઞાનપર્યાય જણાઇ જાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પણ જેને એ આત્મા ચિદાનંદ જ્ઞાતા છે (તેનું જ્ઞાન નથી) અને એ રાગરૂપે પરિણમવું (થાય છે) એ એનો સ્વભાવ જ નથી. જ્ઞાનપણે પરિણમવું–થવું એ એનો સ્વભાવ છે. આ..હા..હા...! આવી વાતું છે ! (પણ) એ પોતે જ્ઞાન અર્થે ન પરિણમતા, જ્ઞેય અર્થે પરિણમે (છે). આ..હા..હા...!

જે આત્મામાં પરજ્ઞેય જાણવા અર્થે (જ્ઞાન) પ્રવર્તે તે તેનું જ્ઞાન જ નથી. તેને ધર્મી કહેતા નથી, તેને જ્ઞાન પણ કહેતા નથી. આ..હા..હા...! આત્મા અંદર જે આનંદનો કંદ પ્રભુ ! એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતે જ્ઞાનસ્વરૂપે, આનંદસ્વરૂપે, શાંતિસ્વરૂપે રાગથી ભિન્ન પડીને પરિણમવો જોઈએ તે ન પરિણમતાં... આ..હા..હા...! ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ કહે (છે કે), મને જાણવામાં રોકાતા જે રાગ થાય અને તે રૂપે પરિણમે તો એ એનું જ્ઞાન નથી. આહા..હા...! એ જ્ઞાન મિથ્યા છે અને મિથ્યાજ્ઞાન સંસારમાં રખડવાનું કારણ છે. અર.ર..ર..! સમજાય છે કાંઈ ?

'**...અથવા તેને જ્ઞાન જ નથી; કારણ કે દરેક પદાર્થરૂપે પરિણતિ દ્વારા મૃગતૃષ્ણામાં જળસમૂહની કલ્પના કરવાના માનસવાળો,...**' (અર્થાત્) એનું માનસિક જ્ઞાન જ પરને જાણવાની કલ્પનાવાળું છે. (એમાં) સ્વને જાણવાનું રહી ગયું. આહા..હા...! બહુ આકરું કામ ! એકલા અરિહંતદેવની પ્રતિમા કે અરિહંત ભગવાન સાક્ષાત્ સમવસરણમાં બિરાજતા હોય, પણ તેને પરજ્ઞેય છે એ (રૂપે) પરિણમન થાય તો એ રાગ છે અને રાગરૂપે પરિણમે છે તે જ્ઞાનરૂપે પરિણમતો નથી. આ..હા..હા...! આવી વાત હવે સાંભળવા મળી (ન હોય) ! (આ સમજ્યા વિના) એના જન્મ-મરણ નહિ મટે ! આ..હા..હા...! એમ ભગવાનનો પોકાર છે !!

તીર્થંકરદેવ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું એમ કથન છે કે, જે કંઈ પોતાનું જ્ઞાતા સ્વરૂપ છે, એના સ્વજ્ઞેયપણાના પર્યોજને નહિ પરિણમતા, અમારા લક્ષે કરીને જે રાગરૂપે પરિણમે છે, એ પરજ્ઞેય અર્થે જ પરિણમે છે ! રાગરૂપે પરિણમ્યો એ પરજ્ઞેયને અર્થે (જ પરિણમ્યો). (કેમકે) રાગ એ પર છે. (માટે) એ પરજ્ઞેય અર્થે પરિણમ્યો, આ..હા..હા...! આવું ઝીણું છે ! એને (અમે) ધર્મી કહેતા નથી, તેને જ્ઞાન કહેતા નથી. આહા...! તેને ધર્મની ખબર નથી, એમ કહે છે. આ..હા..હા...! અહીં જવું છે ! હજી તો (જીવ) 'બહારના કામ કરી શકું છું,' એ છોડતો નથી. 'બરાબર ધ્યાન રાખીને કામ કરું છું, આમ કરી શકું છું.' આ..હા..હા...! એ તો અજ્ઞાનભાવ છે !

એ તો સવારમાં આવ્યું હતું – પોતાના જ્ઞાનરૂપે પરિણમે કાં રાગરૂપે પરિણમે, (પણ) પોતાના ભાવપણે (પરિણમે). એ પોતાનો ભાવ છે. રાગરૂપે પરિણમે એ પણ પોતાનો મિથ્યાત્વનો ભાવ છે. અને શુદ્ધ જ્ઞાનપણે પરિણમે એ (પણ) પોતાનો ભાવ છે. એટલે કાં અજ્ઞાનપણે રાગપણે પરિણમો કાં જ્ઞાનપણે વીતરાગ આનંદપણે પરિણમો. પણ પરનું તો કાંઈ કરી શકતો નથી. સવારમાં આવ્યું હતું. સમજાણું કાંઈ ? શ્લોક આવ્યો હતો ને ? ચાહે તો આત્મા જ્ઞાનરૂપ, આનંદરૂપ હો તો એ પોતાનો સ્વભાવ છે અને એ પોતાના સ્વભાવને ભૂલીને દયા, દાન અને રાગાદિ(પણે) પરિણમો, એ પણ પોતાનો જ વિકારભાવ છે, મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વભાવે પરિણમો કે સમ્યક્ભાવે પરિણમો, એ આત્માની સ્વતંત્રતા છે, આહા...! પણ પરનું કાંઈ (પરિણમાવે) કે કાંઈ કરી શકે (એ વસ્તુના સ્વરૂપમાં નથી). આહા..હા...! આવી વાત...!

ભગવાનની ભક્તિમાં સ્વાહા.. (કરે છે), એ ક્રિયા તો આત્મા કરી શકે જ નહિ. પણ એમાં જે રાગ થાય એ રાગરૂપે પરિણમે તો (તે) પરજ્ઞેયઅર્થે પરિણમ્યો છે, તે જ્ઞાન નથી. આ..હા..હા...! આવી વાત..! જગતને વીતરાગ માર્ગ સાંભળવા મળ્યો નથી ! એમને એમ અનાદિના ઢસરડા કર્યા ! જૈનમાં જન્મ્યો તેણે (પણ) ! આહા..હા...!

'**...કારણ કે દરેક પદાર્થરૂપે પરિણતિ દ્વારા મૃગતૃષ્ણામાં જળસમૂહની,...**' (અર્થાત્) જેમ ઝાંઝવામાં પાણી નથી છતાં મૃગલા પાણી જાણીને દોડે છે, આહા...! એમ પરજ્ઞેયને જાણવા (અજ્ઞાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દોડે છે તેને) જ્ઞાન નથી. એ તો પરદ્રવ્યને જાણવા જાય છે ત્યાં રાગ થાય છે, આહા..હા...! મૃગલા જેમ ઝાંઝવાના પાણી દેખીને પાણી માટે દોડ્યો જાય છે, એમ ભગવાનઆત્માનું જ્ઞાન સ્વ–પરને જાણવાનું છે એ સ્વ તરફ ઢળીને જાણે તો તો સ્વ–પરનું (યથાર્થ) જ્ઞાન થાય. (પરંતુ) સ્વને ભૂલી અને પરજ્ઞેયપણે જાણવાના પ્રયોજનમાં પરિણમે (તો તેને જ્ઞાન જ નથી), આ..હા..હા...! આવી વાત હવે...! હજી તો અહીં દુકાનના ધંધાના કામ કરી શકું, એ છોડતો નથી ! છોકરા પાસે કામ કરાવવું, બૈરા પાસે બરાબર કામ કરાવવું, પર પાસે કામ કરાવવું – એ કરી શકું છું, એમ માને. માને (પણ કરી શકે નહિ). એ તો કહે છે, જૂઠી વાત છે, પણ પોતાનું સ્વરૂપ જે ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ પ્રભુ જ્ઞાતા... આ..હા..હા...! '**परिणमदि णेयमट्ठं णादा**' જ્ઞાતા..! આ..હા..હા...! ભગવાન જ્ઞાતા આત્મા, પરજ્ઞેયને અર્થે પરિણમે (ત્યારે) સ્વજ્ઞેયને અર્થે પરિણમવાનું એનું રહી ગયું. એ જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહે છે, આ..હા..હા...! સમજાણું કાંઈ ? બહુ ગાથા (સારી આવી ગઈ) !!

શ્રોતા :-- આખું જ્ઞાતા–દ્રષ્ટાપણું આવી ગયું !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- જ્ઞાતા છે ને ! જાણનાર જાણનારપણે ન પરિણમતા, જાણનાર જ્ઞેયપણે પરિણમતા જે રાગ થાય તે રાગરૂપે પરિણમે છે તે જ્ઞાન નહિ, આ..હા..હા...! રાગ થાય તેને જ્ઞાનપણે (–જ્ઞાતાપણે) જાણતા તેને જાણે, રાગને (માત્ર) જાણે. પણ રાગરૂપે પરિણમે, એ જ્ઞાન નહિ. આ..હા..હા...! આવી વાતું...! ક્યાં જગતને રહેવું છે ને ક્યાં જાવું છે !? આહા..! આકરું પડે આ ! (કોઈ કહે છે) 'આ 'સોનગઢ'નું છે !!' આ 'સોનગઢ'નું છે ? કોનું છે આ ? 'સોનગઢે' આવું કાઢ્યું ! અનંત અનંત તીર્થંકરોએ આ કહ્યું છે. આહા...!

(અહીંયાં કહે છે) '**...મૃગતૃષ્ણામાં જળસમૂહની કલ્પના કરવાના માનસવાળો તે (આત્મા) દુઃસહ કર્મભારને જ ભોગવે છે,...**' આ..હા..હા...! આત્માને છોડીને પરજ્ઞેય તરફ જવાવાળા રાગ(માં) '**...દુઃસહ કર્મભારને જે ભોગવે છે,...**' (અર્થાત્) રાગને ભોગવે એ મોટો કર્મભાર છે ! રાગનો બોજો છે. આહા...! રાગના ભારને–બોજા(ને) ભોગવે છે. ભગવાનઆત્મા રાગથી રહિત છે તેનું એને જ્ઞાન નથી, તેનું એને ભાન નથી, આહા...!

આહા...! જાણનારો જણાય તે તો જ્ઞાનનું પરિણમન છે. જાણનારો બીજાને જાણવા જાય અને એમાં રાગ થાય (તો તે જ્ઞાન નથી), આહા..હા...! 'પદ્મનંદીપંચવિંશતી'માં આવ્યું છે ને ભાઈ ! કે, 'શાસ્ત્રમાં બુદ્ધિ જાય છે એ વ્યભિચારિણી છે !' આહા..હા...! એ 'પરઘર' જાય છે. આ..હા..હા...! જ્ઞાનીને શાસ્ત્રવાંચન હોય, છતાં પણ રાગ છે તેનું એ જ્ઞાન કરે છે. અને એ રાગમાં એકાકાર થાય છે એ વ્યભિચારિણી બુદ્ધિ છે. સ્વને છોડીને પરનો સંયોગ કર્યો એ વ્યભિચારી છે ! આ..હા..હા...! (એનું જ્ઞાન પરિવર્તન કરે છે) એ તો એનો ક્ષયોપશમ પૂરો નથી માટે. પણ રાગ નહિ. જ્ઞેયપરિવર્તન તો બારમા (ગુણસ્થાન) સુધી છે. છે ને બધી ખબર છે ! પણ અત્યારે આમાં ક્યાં વચ્ચે લેવું ! એ તો ઓછું જ્ઞાન (છે) એટલે પલટે છે. પણ અહીં તો પરને જાણવા જતાં જ્ઞાન રોકાય છે એ રાગરૂપે પરિણમે છે, એની વાત છે. સમજાણું કાંઈ ? આ..હા..હા...! ભારે આકરું કામ !

આ બધી જાત્રા નીકળે ને એને એમ કહેવું કે, 'એ રાગ છે અને એ રાગરૂપે પરિણમે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ અજ્ઞાન છે !' હાય.. હાય...! (એક ભાઈ) જાત્રા કરીને આવ્યા અને અહીંયાં (વ્યાખ્યાનમાં) એવું આવ્યું કે, 'જાત્રાનો ભાવ છે એ રાગ છે અને રાગ છે એ બંધનું કારણ છે !' (સાંભળીને) ભડક્યા...! આ..હા..હા...! ઘણા વર્ષની વાત છે ! જાત્રા કરીને આવ્યા તો જાણે ધર્મ થઈ ગયો..! અરે..! સાંભળને હવે.. તારા પાલીતાણા શું ગિરનાર, શેત્રુંજય, સમ્મેદશીખરની જાત્રા કરને...! એ તો રાગ છે. અને રાગરૂપે પરિણમવું અને જ્ઞાતાપણું છોડવું એ તો મિથ્યાત્વ છે ! અર.ર..ર..! આવી વાતું હવે..! ક્યાં કહેવું ? કોને કહેવું ? આહા..હા...! અહીં તો હજી આખો દિ' -- 'આ મેં કર્યું ને આ કર્યું... ને આ કર્યું....! વ્યવસ્થિત કામ કરવામાં હું બેસું ત્યારે વ્યવસ્થિત કામ ચાલે ! બીજો માણસ દુકાને બેસે ત્યારે વ્યવસ્થિત કામ ન ચાલે ! નોકર બધું વ્યવસ્થિત કામ ન કરે ! પણ હું બધું વ્યવસ્થિત કરું !' નહિ ? છોકરાને પણ બેસાડે તો વ્યવસ્થિત કામ ન ચાલે ને પોતે બેસે ! સાંભળને હવે...! ત્યાં જડના કામ તો જે ક્રમબદ્ધ થવાના છે (તે) થવાના, આ..હા..હા...!

કાલે કહ્યું હતું ને ? 'ભવિતવ્ય' ! 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં છે–'ભવિતવ્ય' ! સમકિતી શ્રાવક આત્મજ્ઞાની જે છે એ પોતે પછી ધંધો છોડે છે અને નિવૃત્તિમાં રહે છે (તો એમ ભાવના કરે છે કે) 'ધંધો થવાનો હશે તે થશે, ભવિતવ્ય હશે તે થશે. એ હું કરું તો થાશે, એમ છે નહિ.' 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં ૩૮૮--૩૮૯ (ગાથા છે). આહા..હા...!

(ઈશ્વરકર્તાવાળા) એમ કહે કે, 'ઈશ્વર વિના પાંદડું હલે નહિ !' આજે લખાણમાં આવ્યું છે – 'જૈનો 'ઈશ્વર' માનતા નથી ! અને ઈશ્વર વિના પાંદડું હલે નહિ !' મેં એ 'ગઢડા' (માં) સાંભળેલું, '૬૯ની સાલ ! દિક્ષા પહેલા ! હું ને (બીજા ભાઈ) જોવા ગયા હતા. અમારું તો મૂળ ગામ જ એ ને ! અમારા પિતાજી ત્યાંના અને પ્રસિદ્ધ 'ગિગા કુરા' મોટા ! એને (ત્યાંના સાધુને) ખબર છે કે આ દિક્ષા લેવાનો છે ! (એટલે કહ્યું) કે, 'ઈશ્વર વિના પાંદડું પણ હલે નહિ !' '૬૯ની સાલ ! દિક્ષા લીધા પહેલા..! અરે..! શું કરે છે આ ? (ત્યાં) જેમ ઈશ્વરકર્તા માને છે એમ આ રાગનો કર્તા માને અને રાગરૂપે પરિણમે, એ બન્ને એક જાતના છે !! આવી વાત છે !

અમારા (સંપ્રદાયના) ગુરુ હતા એને પણ કાંઈ ખબર ન મળે. (એ કહેતા) 'દયા પાળવી, વ્રત કરવા, પર જીવને ન મારવો–એ જૈન સિદ્ધાંતનો સાર છે !' અહીં કહે છે કે, પરજીવને જિવાડવો એવો ભાવ તે રાગ (છે) અને રાગરૂપે પરિણમે તે મિથ્યાત્વ (છે). આવુ ક્યાંય તમારા દિગંબરમાં સાંભળેલું ? આહા..!

(અહીં કહે છે, જ્ઞેયપદાર્થરૂપે પરિણમતો જીવ) '**...દુઃસહ કર્મભારને જ ભોગવે છે,...**' ભાષા જોઈ ? આહા..હા...! દુઃખરૂપી કર્મભાર ! રાગરૂપે પરિણમે છે એ દુઃખરૂપે પરિણમે છે, દુઃખનો બોજો વહે છે. આનંદના નાથ ઉપર દુઃખનો બોજો વહે છે, આ..હા..હા...! સમજાણું કાંઈ ? '**...એમ જિનેન્દ્રોએ કહ્યું છે.**' છે ? '**णाणं ति तं जिणिंदा खवयंतं कम्ममेवुत्ता**' આહા..! છે ને ? 'જિનદેવો કહે' એ આવ્યું ને ? '**वुत्ता**'...'**वुत्ता**' (એટલે) કહીશ !

ભગવાન જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે એમ કહ્યું કે, જે કોઈ અમારી સામું (જોશે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેને માટે) અમે પરજ્ઞેય છીએ (માટે) તને રાગ થશે, પરદ્રવ્ય અનુસારી રાગ થશે. સ્વદ્રવ્ય અનુસારી વીતરાગતા થશે. સ્વદ્રવ્ય સ્વભાવને અનુસરે વીતરાગતા થશે. પરદ્રવ્યને અનુસરે રાગ થશે. રાગરૂપે જો પરિણમ્યો તો જ્ઞેયાર્થે પરિણમ્યો તો તારું જ્ઞેય રહી ગયું, સ્વજ્ઞેય રહી ગયું, આ..હા..હા...! આવી વાત..!

(એક સાધુ હતા) એ મારી પાસે 'લીમડી'માં આવ્યા હતા. આવીને કહે, 'આપણે ચર્ચા કરીએ !' મેં કીધું 'અમે ચર્ચા કરતા નથી.' (એ કહે) 'અરે..! તમારું કેટલું નામ ! તમારી એટલી મોટપમાં તમે ચર્ચા ન કરો તો તમારી આમાં શું આબરૂ ?!' મેં કહ્યું 'ગમે તે માનો..!' કારણ કે 'કુંદકુંદાચાર્ય' કહે છે કે, 'કર્મ અનેક પ્રકારના, લબ્ધિ--ઉઘાડ અનેક પ્રકારના, માન્યતા, સ્વચ્છન્દ અનેક પ્રકારના (છે) માટે તું કોઈની સાથે વાદવિવાદ કરીશ નહિ !' 'નિયમસાર'માં કહ્યું છે. કઈ અપેક્ષા છે ? અને કઈ લાઈન છે ? તેની ખબર ન હોય ને કંઈકનું કંઈક કાઢશે, શાસ્ત્રમાંથી કાઢશે. જુઓ ! ભગવાને ઉપકાર કર્યો કે નહિ ? પણ બાપુ ! ઉપકાર એટલે શું ? એ વાણી નીકળી અને જે સમજ્યા એને નિમિત્ત થયું. અને એ નિમિત્ત થયું તેથી જ્ઞાન થયું, એ પણ હજી જ્ઞાન નથી ! આ..હા..હા...! ભગવાનની જે વાણી સાંભળી કે, માર્ગ આ છે ! એવું એના જ્ઞાનમાં–લક્ષમાં આવ્યું. પણ એ જ્ઞાનના લક્ષમાં આવ્યું એ પરલક્ષી જ્ઞાન છે. એ પરલક્ષી જ્ઞાનથી સમ્યગ્દર્શન ન થાય ! આ..હા..હા...! આવી વાતું (આકરી) પડે ! શું થાય ?

સ્વ ચૈતન્ય જ્ઞાનનો સાગર પ્રભુ છે, જેને રાગ અને પર્યાયની અપેક્ષા નથી, એવી સ્વચૈતન્યમૂર્તિનો આશ્રય લે ! અને આખા જૈનશાસનનો, ચારે અનુયોગનું તાત્પર્ય તો 'વીતરાગતા' છે. અને વીતરાગતા ઉત્પન્ન થવી, એ વીતરાગ જૈનસ્વરૂપ પ્રભુ છે તેને આશ્રયે થાય. એટલે ખરેખર ચારે અનુયોગનો સાર – સ્વનો આશ્રય કરવો (તે છે). આ..હા..હા...! અને પરનો આશ્રય કરવા જશે તો એને રાગ થશે અને તે દુઃસહ કર્મના ભારને વહે છે. એ જ્ઞાનની નિર્મળતાને કરતો નથી. આ..હા..હા...! આવી વાત ક્યાં હતી, બાપા ! જિનેન્દ્રોનો પોકાર છે, એમ કહે છે. છે ને પાઠ ? '**जिणिंदा**' !

જિનેશ્વર ત્રણલોકના નાથ સર્વજ્ઞ પ્રભુ ! એમ ફરમાવે છે કે, જે કોઈ પરજ્ઞેય અર્થે લક્ષ કરીને રાગ કરશે અને પરને જાણવામાં રોકાશે, એ રાગપણે પરિણમતા પરજ્ઞેય પરિણમે છે, તે જ્ઞાનને 'મિથ્યાજ્ઞાન' કહેવાય છે, આ..હા..હા...! આ ક્યાં સાંભળ્યું હતું ? ('શ્રીમદ્'વાળા પણ) એમ માને છે ને કે, 'ભક્તિ કરતાં–કરતાં થશે !' એ પરની ભક્તિ છે એ પણ રાગ છે. અને સ્વને ભૂલીને રાગપણે પરિણમવું એ મિથ્યાજ્ઞાન છે ! આ..હા..હા...! આવી વાત છે ! સહન થવી કઠણ ! આહા..! એથી (લોકોને) એમ (લાગે છે) કે, 'આ તો બધા વ્યવહારનો નાશ કરી નાખે છે !' વ્યવહારને વ્યવહાર તરીકે રાખે છે પણ જ્ઞાનમાં તેને જ્ઞેય તરીકે જાણે છે. વ્યવહાર રાખે છે, વ્યવહાર છે. પણ એ વ્યવહારને સ્વજ્ઞાનમાં પરજ્ઞેય (તરીકે) જ્ઞાન કરે છે. આહા..હા...!

આમાં 'જયસેનાચાર્યે' બે--ત્રણ બોલ ઉતાર્યા છે. '**ज्ञाता प्रत्यर्थं परिणम्य पश्चादर्थं जानाति तदा अर्थानामानन्त्यात्सर्वपदार्थपरिज्ञानं नास्ति**' (અર્થાત્) એક પછી એક જાણે તો એને સર્વ જ્ઞાન નથી, એમ. છે ? (એવા) બે વ્યાખ્યાન છે, હોં..! પહેલું વ્યાખ્યાન એ કર્યું (કે), '**ज्ञानमित्यर्थः**'

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાં જ્ઞેય અર્થે પરિણમે છે, એ પહેલું (વ્યાખ્યાન).

(બીજું વ્યાખ્યાન) – '**द्वितीयव्याख्यानाम्–यदि ज्ञाता प्रत्यर्थं परिणम्य पश्चादर्थं जानाति...**' પહેલા એકને જાણે પછી (બીજાને) જાણે, '**तदा अर्थानामानन्त्यात्सर्वपदार्थपरिज्ञानं नास्ति**' (અર્થાત્) એક પછી એકને જાણે તો એને સર્વજ્ઞાન નથી.

ત્રીજું (વ્યાખ્યાન) – '**तृतीयव्याख्यानम्–बहिरङ्गज्ञेयपदार्थान् यदा छद्मस्थावस्थायां चिन्तयति तदा रागादिविकल्परहितं स्वसंवेदनज्ञानं नास्ति**' આહા..હા...! શું કીધું ? ભલે જ્ઞાન છે પણ રાગમાં વિચાર આવ્યો છે અને રાગપણે પરિણમ્યો નથી છતાં ત્યાં સ્વસંવેદનજ્ઞાન નથી. સ્થિરતા–અનુભવ નથી. સમ્યક્જ્ઞાન છે પણ સ્વસંવેદનજ્ઞાન અંદર વેદનમાં નથી, આ..હા..હા...! અથવા સ્વસંવેદનજ્ઞાન જ નથી. આ..હા..હા...!

એકલો પરપદાર્થને ચિંતવવામાં રોકાઈ ગયો એને રાગાદિ વિકલ્પરહિત સ્વસંવેદનજ્ઞાન જ નથી. આહા..હા...! એમ જિનેન્દ્રદેવોએ કહ્યું છે. છે ? '**...એમ જિનેન્દ્રોએ કહ્યું છે.**' પોતાના સ્વભાવનું આશ્રયપણું છોડીને, પર પદાર્થનો આશ્રય લઈને જે રાગ થાય, તે એક–એક પરને જાણતા... જાણતા.. જાણતા... એ પૂર્ણ નહિ જાણી શકે. અને એક–એકને જાણવામાં રોકાતાં તે રાગથી સર્વજ્ઞપદ નહિ થાય. વર્તમાન સર્વજ્ઞ તો નથી પણ રાગપણે પરિણમે એને સર્વજ્ઞપદ પણ નહિ થાય. આ..હા..હા...! જે રાગથી ભિન્ન પડી અને સ્વસંવેદનજ્ઞાન કરશે તેને સર્વજ્ઞપણું પ્રાપ્ત થશે. આહા..હા...! આવી વાત...! અબજો રૂપિયા (આપે પણ) મળે એવી નથી ! ભગવાનની વાણીની કિંમત શી !? અમૂલ્ય વાત છે, બાપા ! આહા..! ઓ..હો..હો...!

**ભાવાર્થ :--** '**જ્ઞેય પદાર્થોરૂપે પરિણમવું અર્થાત્ 'આ લીલું છે, આ પીળું છે' ઇત્યાદિ વિકલ્પરૂપે જ્ઞેય પદાર્થોમાં પરિણમવું,...**' એમ. ખુલાસો કર્યો છે. 'આ લીલું છે, આ પીળું છે' એમ એક–એક જ્ઞેયમાં '**...વિકલ્પરૂપે જ્ઞેય પદાર્થોમાં પરિણમવું,...**' (અર્થાત્) રાગ થઈને 'આ આવું છે ને આ આવું છે' (એમ) ત્યાં રોકાઈને પરિણમવું. '**...તે કર્મનો ભોગવટો છે,...**' તે રાગનો અનુભવ છે. 'કર્મ' શબ્દે વિકારી પરિણામનો એને અનુભવ છે. એને આત્માનો અનુભવ નથી, આ..હા..હા...!

'**...'આ લીલું છે, આ પીળું છે' ઇત્યાદિ,...**' અથવા 'આ ભગવાન છે, આ સ્ત્રી છે, આ પૈસો છે' એવા વિકલ્પ નામ રાગરૂપે '**...જ્ઞેય પદાર્થોમાં પરિણમવું તે કર્મનો ભોગવટો છે,...**' તે રાગનો અનુભવ છે, આત્માનો નહિ, આહા..હા...! એ રાગને અનુભવી રહ્યો છે, જે (પોતાનું) સ્વરૂપ નથી, આ..હા..હા...!

(તે) '**...જ્ઞાનનો ભોગવટો નથી.**' આત્મા આનંદસ્વરૂપ પ્રભુ તે રાગમાં પરિણમે એ દુઃખમાં પરિણમે (છે), દુઃખનો અનુભવ છે. એને આનંદનો અનુભવ નથી. આનંદ એનું સ્વરૂપ છે, જ્ઞાન એનું સ્વરૂપ છે, વીતરાગ એનું સ્વરૂપ છે, એ પણે પરિણમતો નથી, આ..હા..હા...!

'**નિર્વિકાર સહજ આનંદમાં લીન રહી સહજપણે જાણ્યા કરવું તે જ જ્ઞાનનું સ્વરૂપ છે;...**' આ..હા..હા...! નિર્વિકારી સ્વાભાવિક આનંદમાં લીન રહી સહજપણે જાણ્યા કરવું... આ..હા..હા...! પોતાને જાણતાં પરને સહજ જાણ્યા કરવું '**...તે જ જ્ઞાનનું સ્વરૂપ છે;...**' આહા..હા...! આકરું કામ બહુ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ कुतस्तर्हि ज्ञेयार्थपरिणमनलक्षणा क्रिया तत्फलं च भवतीति विवेचयति–

**उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णियदिणा भणिया।**
**तेसु विमूढो रत्तो दुट्ठो वा बंधमणुभवदि।।४३।।**

**उदयगताः कर्मांशा जिनवरवृषभैः नियत्या भणिताः।**
**तेषु विमूढो रक्तो दुष्टो वा बन्धमनुभवति।।४३।।**

संसारिणो हि नियमेन तावदुदयगताः पुद्गलकर्मांशाः सन्त्येव। अथ स सत्सु तेषु संचेतयमानो मोहरागद्वेषपरिणतत्वात् ज्ञेयार्थपरिणमनलक्षणया क्रियया युज्यते। तत एव च क्रियाफलभूतं बन्धमनुभवति। अतो मोहोदयात् क्रियाक्रियाफले, न तु ज्ञानात्।।४३।।

---

अथानन्तपदार्थपरिच्छित्तिपरिणमनेऽपि ज्ञानं बन्धकारणं न भवति, न च रागादिरहित-कर्मोदयोऽपीति निश्चिनोति–**उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णियदिणा भणिया** उदयगता उदयं प्राप्ताः कर्मांशा ज्ञानावरणादिमूलोत्तरकर्मप्रकृतिभेदाः जिनवरवृषभैर्नियत्या स्वभावेन भणिताः, किंतु स्वकीयशुभाशुफलं दत्वा गच्छन्ति, न च रागादिपरिणामरहिताः सन्तो बन्धं कुर्वन्ति। तर्हि कथं बन्धं करोति जीवः इति चेत्। **तेसु विमूढो रत्तो दुट्ठो वा बन्धमणुभवदि तेषु** उदयागतेषु सत्सु कर्मांशेषु मोहरागद्वेषविलक्षणनिजशुद्धात्मतत्त्वभावनारहितः सन् यो विशेषेण मूढो रक्तो दुष्टो वा भवति सः केवलज्ञानाद्यनन्तगुणव्यक्तिलक्षणमोक्षाद्विलक्षणं प्रकृतिस्थित्यनुभागप्रदेश-भेदभिन्नं बन्धमनुभवति। ततः स्थितमेतत् ज्ञानं बन्धकारणं न भवति कर्मोदयोऽपि किंतु रागादयो बन्धकारणमिति।।४३।।

---

આજે (લખાણ) આવ્યું છે–'એકાંત છે, માર્ગ તો અનેકાંત છે.' પણ અનેકાંત એટલે શું ? રાગરૂપે પરિણમન થાય તોપણ ધર્મ છે અને સ્વભાવરૂપે પરિણમે તોપણ ધર્મ છે ! એમ અનેકાંત (છે) ? હજી તો 'ક્રમબદ્ધ'માંથી અનેકાંત કાઢશે ! (પણ લોકો એમ કાઢશે કે) 'એકાંત ક્રમબદ્ધ છે, એમ નથી.' (બીજા મોટા વિદ્વાને પણ) આ કહ્યું હતું ને ! કે, 'એકાંત આ પછી આ જ થાય ને આ પછી આ જ થાય, એવું ક્રમબદ્ધ નથી ! એક પછી એક થાય પણ આના પછી આ જ થાય, એવું નથી !' પણ એ વાત નહોતી એટલે બચારા શું કરે ? આહા..હા..! એમ કહે છે કે, ક્રમબદ્ધ જ હોય તો તો અનેકાંત ન રહ્યું ! પણ ક્રમબદ્ધ પર્યાય છે અને ગુણ અક્રમ છે – એ અનેકાંત છે. સમજાણું કાંઈ ? પર્યાય ક્રમબદ્ધ છે (અને) ગુણ અક્રમરૂપે છે. એ અનેકાંત છે. પણ પર્યાય ક્રમબદ્ધ પણ છે અને અક્રમ પણ છે–એ એકાંત છે, આહા..હા...!

(અહીંયાં કહે છે) '**...સહજ આનંદમાં લીન રહી સહજપણે જાણ્યા કરવું તે જ જ્ઞાનનું સ્વરૂપ છે; જ્ઞેય પદાર્થોમાં અટકવું–**' જોયું ? મૂળ (વાત) તો આ છે. પોતાને જાણવાનું છોડી દઈને પરને જાણવામાં રોકાઈ રહેવું.. '**...તેમના સન્મુખ વૃત્તિ થવી,..**' (એટલે) પર સન્મુખ. '**...તે જ્ઞાનનું સ્વરૂપ નથી.**' 'ભાવાર્થ'માં બહુ સરસ સ્પષ્ટ કર્યું છે ! સમજાણું કાંઈ ? પરજ્ઞેયો(માં) ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(જો એમ છે) તો પછી જ્ઞેય પદાર્થરૂપ પરિણમન જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયા અને તેનું ફળ શામાંથી ઉત્પન્ન થાય છે (અર્થાત્ ક્યા કારણથી થાય છે) એમ હવે વિવેચે છે :--

**ભાખ્યાં જિને કર્મો ઉદયગત નિયમથી સંસારીને,**
**તે કર્મ હોતાં મોહી-રાગી-દ્વેષી બંધ અનુભવે. ૪૩.**

**અન્વયાર્થ :–** **[उदयगताः कर्मांशाः]** (સંસારી જીવને) ઉદયપ્રાપ્ત કર્માંશો (જ્ઞાનાવરણીયાદિ પુદ્‌ગલકર્મના ભેદો) **[नियत्या]** નિયમથી **[जिनवरवृषभैः]** જિનવરવૃષભોએ **[भणिताः]** કહ્યા છે. **[तेषु]** જીવ તે કર્માંશો હોતાં, **[विमूढः रक्तः दुष्टः वा]** મોહી, રાગી અથવા દ્વેષી થયો થકો **[बन्धं अनुभवति]** બંધને અનુભવે છે.

**ટીકા :–** પ્રથમ તો, સંસારીને નિયમથી ઉદયગત પુદ્‌ગલકર્માંશો હોય જ છે. હવે, તે સંસારી, તે ઉદયગત કર્માંશોની હયાતીમાં, ચેતતાં–જાણતાં–અનુભવતાં, મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી જ્ઞેય પદાર્થોમાં પરિણમન જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયા સાથે જોડાય છે; અને તેથી જ ક્રિયાફળભૂત બંધને અનુભવે છે. આથી (એમ કહ્યું કે) મોહના ઉદયથી (અર્થાત્ મોહના ઉદયમાં જોડાવાના કારણે) ક્રિયા ને ક્રિયાફળ થાય છે, જ્ઞાનથી નહિ.

---

પણ પર છે ! ગુરુ પણ પર છે ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય પર છે. સ્ત્રી આદિનો જીવ પણ પર છે. એ પરમાં જાણવામાં અટકવું, તેમના સન્મુખ વૃત્તિ થવી, તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આહા...! આવી વાત છે ! તે અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. જે મિથ્યાત્વમાં અનંતા ભવ કરવાની તાકાત છે. અને ભગવાનઆત્માનું જ્ઞાન થતાં અનંતુ અનંતુ સર્વજ્ઞનું જ્ઞાન અને શાંતિ પ્રગટે, એવી એનામાં તાકાત છે. (એ ૪૨ ગાથા પૂરી થઈ). (૪૩ ગાથા).

'**(જો એમ છે) તો પછી જ્ઞેય પદાર્થરૂપ પરિણમન જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયા અને તેનું ફળ શામાંથી ઉત્પન્ન થાય છે (અર્થાત્ ક્યા કારણથી થાય છે) એમ હવે વિવેચે છે :--**' હવે ૪૩ ગાથાનો પ્રશ્ન ઊઠ્યો. જ્ઞેયપદાર્થરૂપ પરિણમનમાં અટકીને રાગરૂપે પરિણમવું '**...જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયા અને તેનું ફળ શામાંથી ઉત્પન્ન થાય છે (અર્થાત્ ક્યા કારણથી થાય છે) એમ હવે વિવેચે છે.**'

**उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णियदिणा भणिया।**
**तेसु विमूढो रत्तो दुट्ठो वा बंधमणुभवदि।।४३।।**
**ભાખ્યાં જિને કર્મો ઉદયગત નિયમથી સંસારીને,**
**તે કર્મ હોતાં મોહી–રાગી–દ્વેષી બંધ અનુભવે. ૪૩.**

ઓ..હો..હો...! ૪૩ છે ને ? (તેની ટીકા) '**પ્રથમ તો, સંસારીને નિયમથી ઉદયગત પુદ્‌ગલકર્માંશો હોય જ છે.**' સંસારીને કર્મનો ઉદય તો નિશ્ચયથી હોય છે. '**હવે, તે સંસારી, તે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :–** સંસારી સર્વ જીવોને કર્મનો ઉદય છે, પરંતુ તે ઉદય બંધનું કારણ નથી. જો કર્મનિમિત્તક ઇષ્ટ-અનિષ્ટ ભાવોમાં જીવ રાગી-દ્વેષી-મોહી થઈ પરિણમે તો બંધ થાય છે. આથી એ વાત સિદ્ધ થઈ કે જ્ઞાન, ઉદયપ્રાપ્ત પૌદ્ગલિક કર્મો કે કર્મના ઉદયથી ઉત્પન્ન દેહાદિની ક્રિયાઓ બંધનું કારણ નથી, બંધના કારણ કેવળ રાગ-દ્વેષ-મોહભાવો છે. માટે તે ભાવો સર્વ પ્રકારે ત્યાગવાયોગ્ય છે. ૪૩.

---

**ઉદયગત કર્માંશોની હયાતીમાં,...**' જડ કર્મોનો ઉદય છે ને '**...તે ઉદયગત કર્માંશોની હયાતીમાં, ચેતતાં–જાણતાં–અનુભવતાં, મોહ–રાગ–દ્વેષમાં પરિણત થવાથી,...**' એના તરફનું જ્ઞાન કરતાં (અને તેમાં) રોકાતા, એ ઉદય છે માટે અહીં બંધ થાય છે, એમ નથી. ઉદય છે માટે બંધનું કારણ છે, એમ નથી. ભગવાનઆત્માનો જ્ઞાનસ્વભાવ બંધનું કારણ નથી તેમ કર્મનો ઉદય બંધનું કારણ નથી. બંધનું કારણ તો તેના તરફનું લક્ષ કરીને રાગ, દ્વેષ, મિથ્યાત્વ (રૂપે પરિણમે છે) તે બંધનું કારણ છે. આહા..હા...! અંદર ટીકામાં પણ છે અને અહીં ખુલાસો છે.

'**...હવે, તે સંસારી, તે ઉદયગત કર્માંશોની હયાતીમાં,...**' (અર્થાત્) કર્મનો ઉદય ભલે છે પણ '**...ચેતતાં–જાણતાં–અનુભવતાં, મોહ–રાગ–દ્વેષમાં પરિણત થવાથી,...**' એ કર્મનો ઉદય છે માટે અહીં વિકાર થાય છે, એમ નથી. કર્મનો ઉદય છે માટે તે બંધના ભાવને અનુભવે છે, એમ નથી. આ..હા..હા...! '**...મોહ–રાગ–દ્વેષમાં પરિણત થવાથી જ્ઞેય પદાર્થોમાં પરિણમન જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયા સાથે જોડાય છે;...**' (એટલે કે) વિકાર સાથે જોડાય છે, એમ કહે છે. કર્મનો ઉદય છે માટે બંધ નથી, જ્ઞાનસ્વભાવ છે એ બંધનું કારણ નથી. ફક્ત તેમાં રાગ, દ્વેષ ને મિથ્યાત્વપણે પરિણમે છે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ ? કોઈ એમ કહે છે કે, 'કર્મનો ઉદય છે માટે આપણે વિકાર કરવો જ પડે !' એ વાત જૂઠી છે.

ત્રણ બોલ લીધા. જ્ઞાનસ્વરૂપ ભગવાન એ પણ બંધનું કારણ નથી. જડ કર્મનો ઉદય એ બંધનું કારણ નથી. ફક્ત એમાં મોહ, રાગ, દ્વેષ કરે તો એ બંધનું કારણ છે. આહા..હા...! એટલે એમાં તો એમ આવી ગયું કે, કર્મનો ઉદય છે માટે અહીં રાગ, દ્વેષ થાય છે, એમ નથી. તો તો ઉદય તો બધાંને છે, તો પછી કોઈ દિ' રાગ–દ્વેષ તોડી શકે જ નહિ. સમજાણું કાંઈ ? એ આગળ ૪૫ ગાથામાં ('જયસેનાચાર્યદેવ'ની ટીકામાં) આવશે. '**रागादिरहितकर्मोदयो बन्धकारणं न भवति विहारादिक्रिया च, तमेवार्थ प्रकारान्तरेण दृढयति**' આહા..હા...! શું કહ્યું એ ?

કર્મનો ઉદય છે એ તો સંસારીને હોય જ પણ એ ઉદય બંધનું કારણ નથી. ઉદય બંધનું કારણ હોય તો કોઈ દિ' છૂટી શકે નહિ. તેમ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્માનું જ્ઞાન થયું, એ પણ બંધનું કારણ નથી. સ્વભાવ કંઈ બંધનું કારણ હોય ? આત્મા આનંદ છે, જ્ઞાન છે એવું ભાન થયું, (તે) બંધનું કારણ નથી. ઉદય બંધનું કારણ નથી, જ્ઞાનસ્વભાવ બંધનું કારણ નથી. બંધનું કારણ શું છે ? કે, મોહ ને રાગ–દ્વેષપણે પરિણમે એ બંધનું કારણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ केवलिनां क्रियापि क्रियाफलं न साधयतीत्यनुशास्ति–

**ठाणणिसेज्जविहारा धम्मुवदेसो य णियदयो तेसिं।**
**अरहंताणं काले मायाचारो व्व इत्थीणं।।४४।।**

**स्थाननिषद्याविहारा धर्मोपदेशश्च नियतयस्तेषाम्।**
**अर्हतां काले मायाचार इव स्त्रीणाम्।।४४।।**

यथा हि महिलानां प्रयत्नमन्तरेणापि तथाविधयोग्यतासद्भावात् स्वभावभूत एव मायोपगुण्ठनागुण्ठितो व्यवहारः प्रवर्तते, तथा हि केवलिनां प्रयत्नमन्तरेणापि तथाविधयोग्यतासद्भावात् स्थानमासनं विहरणं धर्मदेशना च स्वभावभूता एव प्रवर्तन्ते। अपि चाविरुद्धमेतदम्भोधरदृष्टान्तात्। यथा खल्वम्भोधराकारपरिणतानां पुद्गलानां गमनमवस्थानं गर्जनमम्बुवर्षं च पुरुषप्रयत्नमन्तरेणापि दृश्यन्ते, तथा केवलिनां स्थानादयोऽबुद्धिपूर्वका एव दृश्यन्ते। अतोऽमी स्थानादयो मोहोदय-पूर्वकत्वाभावात् क्रियाविशेषा अपि केवलिनां क्रियाफलभूतबन्धसाधनानि न भवन्ति।।४४।।

---

अथ केवलिनां रागाद्यभावाद्धर्मोपदेशादयोऽपि बन्धकारणं न भवन्तीति कथयति – **ठाणणिसेज्जविहारा धम्मुवदेसो** य स्थानमूर्ध्वस्थितिर्निषद्या चासनं श्रीविहारो धर्मोपदेशश्च **णियदयो** एते व्यापारा नियतयः स्वभावा अनीहिताः। केषाम्। **तेसिं अरहंताणं** तेषामर्हतां निर्दोषिपरमात्म नाम्। क्व। काले अर्हदवस्थायाम्। क इव। **मायाचारो व्व इत्थीणं** मायाचार इव स्त्रीणामिति। – तथा हि – यथा स्त्रीणां स्त्रीवेदोदयसद्भावात्प्रयत्नाभावेऽपि मायाचारः प्रवर्तते, तथा भगवतां शुद्धात्मतत्त्वप्रतिपक्षभूतमोहोदयकार्येहापूर्वप्रयत्नाभावेऽपि श्रीविहारादयः प्रवर्तन्ते। मेघानां स्थानगमनगर्जनजलवर्षणादिवद्वा। ततः स्थितमेतत् मोहाद्यभावात् क्रियाविशेषा अपि बन्धकारणं न भवन्तीति।।४४।।

---

## (તા. ૧૬-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૪૧)

('પ્રવચનસાર') ૪૩ (ગાથાનો) ભાવાર્થ. '**સંસારી સર્વ જીવોને કર્મનો ઉદય છે. પરંતુ તે ઉદય બંધનું કારણ નથી.**' જડ કર્મનો ઉદય છે એ કાંઈ બંધનું કારણ નથી. '**જો કર્મનિમિત્તક ઇષ્ટ–અનિષ્ટ ભાવોમાં જીવ રાગી--દ્વેષી--મોહી થઈ પરિણમે,...**' આહા...! કર્મના નિમિત્તથી શરીરની, વાણી આદિની થયેલી ક્રિયાઓમાં '**ઇષ્ટ–અનિષ્ટ ભાવોમાં જીવ રાગી--દ્વેષી--મોહી થઈ પરિણમે તો બંધ થાય છે.**' આહા..હા...! '**આથી એ વાત સિદ્ધ થઈ કે, જ્ઞાન,...**' બંધનું કારણ નથી. આત્માનું જે જ્ઞાન છે એ બંધનું કારણ નથી. '**...ઉદયપ્રાપ્ત પૌદ્‌ગલિક કર્મો,...**' તે બંધનું કારણ નથી. સમજાય છે કાંઈ ? આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાન કંઈ બંધનું કારણ નથી. કર્મનો ઉદય છે એ કાંઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે કેવળીભગવંતોને ક્રિયા પણ ક્રિયાફળ (–બંધ) ઉત્પન્ન કરતી નથી એમ ઉપદેશે છે :-

**ધર્મોપદેશ, વિહાર, આસન, સ્થાન શ્રી અર્હંતને**
**વર્તે સહજ તે કાળમાં, માયાચરણ જ્યમ નારીને. ૪૪.**

**અન્વયાર્થ :–** **[तेषाम् अर्हतां]** તે અર્હંતભગવંતોને **[काले]** તે કાળે **[स्थान-निषद्याविहाराः]** ઊભા રહેવું, બેસવું, વિહાર **[धर्मोपदेशः च]** અને ધર્મોપદેશ, **[स्त्रीणां मायाचारः इव]** સ્ત્રીઓને માયાચારની માફક, **[नियतयः]** સ્વાભાવિક જ – પ્રયત્ન વિના જ – હોય છે.

**ટીકા :–** જેમ સ્ત્રીઓને, પ્રયત્ન વિના પણ, તેવા પ્રકારની યોગ્યતાના સદ્ભાવથી સ્વભાવભૂત જ માયાના ઢાંકણથી ઢંકાયેલો વ્યવહાર પ્રવર્તે છે, તેમ કેવળીભગવંતોને, પ્રયત્ન વિના પણ (–પ્રયત્ન ન હોવા છતાં પણ), તેવા પ્રકારની યોગ્યતાના સદ્ભાવથી સ્થાન (–ઊભા રહેવું), આસન (–બેસવું), વિહાર અને ધર્મદેશના સ્વભાવભૂત જ પ્રવર્તે છે. વળી આ (પ્રયત્ન વિના વિહાર થવો વગેરે), વાદળાના દૃષ્ટાંતથી અવિરુદ્ધ છે. જેમ વાદળા–આકારે પરિણમેલાં પુદ્ગલોનું ગમન, અવસ્થાન (–સ્થિર રહેવું), ગર્જન અને જળ-વર્ષણ પુરુષ-પ્રયત્ન વિના પણ જોવામાં આવે છે, તેમ કેવળીભગવંતોને સ્થાનાદિક (–ઊભા રહેવું, બેસવું વગેરે વ્યાપારો) અબુદ્ધિપૂર્વક જ (અર્થાત્ ઇચ્છા વિના જ) જોવામાં આવે છે. આથી આ સ્થાનાદિક (–ઊભા રહેવું વગેરે વ્યાપારો), મોહોદયપૂર્વક નહિ હોવાને લીધે, ક્રિયાવિશેષો (–ક્રિયાના પ્રકારો) હોવા છતાં કેવળીભગવંતોને ક્રિયાફળભૂત બંધના સાધન થતાં નથી.

---

બંધનું કારણ નથી. ત્રીજું, '**...કર્મના ઉદયથી ઉત્પન્ન દેહાદિની ક્રિયાઓ,...**' આહા...! આ દેહનું હાલવું, ચાલવું, ભાષા નીકળવી એ બધી જડની ક્રિયાઓ (છે). એ પણ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ ?

જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા ! એનું ધ્યેય બનાવીને જે દર્શનશુદ્ધિ કરી છે તો એ જ્ઞાન કાંઈ બંધનું કારણ નથી. તેમ જડ કર્મનો ઉદય છે એ બંધનું કારણ નથી. ફક્ત એ દેહની, વાણીની ક્રિયા જે થાય એ પણ બંધનું કારણ નથી. બંધનું કારણ તો રાગ, દ્વેષ ને મોહ (છે). આહા..હા...!

'**...બંધના કારણ કેવળ રાગ--દ્વેષ--મોહભાવો છે.**' આહા..હા...! '**માટે તે ભાવો સર્વ પ્રકારે ત્યાગવાયોગ્ય છે.**' ઉપદેશમાં તો એમ જ આવે ને ! (કે ત્યાગવા યોગ્ય છે) ! એટલે કે ધ્રુવ ચૈતન્યસ્વભાવનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન, જ્ઞાન થાય તે મોક્ષનો માર્ગ છે. દેહની, વાણીની ક્રિયાઓ થાય એ કંઈ બંધનું કારણ નથી. એ અધર્મ નથી, કર્મનો ઉદય પણ અધર્મ નથી. આહા..હા...! ફક્ત એમાં મિથ્યાશ્રદ્ધા કરે (એટલે કે) રાગ છે એ પણ ધર્મ છે, એવી માન્યતા કરે તો એ મિથ્યાત્વ બંધનું કારણ છે. અને એની સાથે રાગ, દ્વેષના અસ્થિરતાના પરિણામ કરે એ (પણ) બંધનું કારણ છે.

ત્રણ બંધનું કારણ નથી (પરંતુ) એક બંધનું કારણ છે. (૧) આત્મસ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :–** કેવળીભગવંતોને સ્થાન, આસન અને વિહાર એ કાયયોગસંબંધી ક્રિયાઓ તથા દિવ્ય ધ્વનિથી નિશ્ચયવ્યવહારસ્વરૂપ ધર્મનો ઉપદેશ એ વચનયોગસંબંધી ક્રિયા અઘાતી કર્મના નિમિત્તે સહજ જ થાય છે. તેમાં કેવળીભગવંતની ઇચ્છા લેશમાત્ર નથી, કારણ કે મોહનીયકર્મનો જ્યાં સર્વથા ક્ષય થયો છે ત્યાં તેના કાર્યભૂત ઇચ્છા ક્યાંથી હોય ? આ રીતે ઇચ્છા વિના જ–મોહરાગદ્વેષ વિના જ–થતી હોવાથી કેવળીભગવંતોને તે ક્રિયાઓ બંધનું કારણ થતી નથી. ૪૪.

---

પ્રભુ જ્ઞાનસ્વભાવ એ બંધનું કારણ હોય નહિ. (૨) કર્મનો ઉદય છે એ તો જડમાં છે. એ પણ બંધનું કારણ નથી. (૩) તેમ દેહ, વાણીની ક્રિયા થાય એ પરમાણુની ક્રિયા છે. એ કંઈ બંધનું કારણ નથી. આહા..હા...! બંધનનું કારણ તો–'એ ક્રિયા મારી છે, હું જડની ક્રિયા કરું' એવો મિથ્યાત્વભાવ તે બંધનું કારણ છે. આહા...! આવી વાત છે. '**માટે તે ભાવો સર્વ પ્રકારે ત્યાગવાયોગ્ય છે.**' (એ ૪૩ ગાથા પૂરી થઈ). (હવે ૪૪ ગાથા).

'**હવે કેવળીભગવંતોને ક્રિયા પણ,...**' (અર્થાત્) ભગવાન અરિહંત પણ ચાલે છે, ઉપદેશ દે છે, આહા...! એવી '**...ક્રિયા પણ ક્રિયાફળ (–બંધ) ઉત્પન્ન કરતી નથી,...**' (અર્થાત્) એ ક્રિયાનું ફળ બંધન, એ ક્રિયાથી ઉત્પન્ન થતું નથી. હાલવું, ચાલવું, બોલવું–એ ક્રિયા છે. એ ક્રિયા વીતરાગને બંધનું કારણ નથી. કેમકે તેને મોહ ને રાગ, દ્વેષ નથી, આહા..હા...! એ ૪૪ ગાથામાં કહેશે.

**ठाणणिसेज्जविहारा धम्मुवदेसो य णियदयो तेसिं।**
**अरहंताणं काले मायाचारो व्व इत्थीणं।।४४।।**

**ધર્મોપદેશ, વિહાર, આસન, સ્થાન શ્રી અર્હંતને**
**વર્તે સહજ તે કાળમાં, માયાચરણ જ્યમ નારીને. ૪૪.**

'**જેમ સ્ત્રીઓને, પ્રયત્ન વિના પણ,...**' આમ તો એને પ્રયત્ન તો છે પણ પ્રયત્ન એટલે 'આમ કરું' તેવું નથી. પણ એ સહેજે માયાચાર હોય છે. '**જેમ સ્ત્રીઓને, પ્રયત્ન વિના પણ, તેવા પ્રકારની યોગ્યતાના સદ્ભાવથી સ્વભાવભૂત જ માયાના ઢાંકણથી,...**' (અર્થાત્) સ્ત્રીને સહેજે માયા થઈ જાય છે. સમજાય છે ? આ તો દૃષ્ટાંત છે ને ! માયા થાય છે તો ઊંધા પુરુષાર્થથી પણ એ સ્ત્રીના ઉદયમાં સહજ માયા થઈ જાય, એવો એનો (પ્રકૃતિ) સ્વભાવ છે, એમ કહે છે. '**...માયાના ઢાંકણથી ઢંકાયેલો વ્યવહાર પ્રવર્તે છે,...**' આહા..હા...!

'**...તેમ કેવળીભગવંતોને, પ્રયત્ન વિના પણ (–પ્રયત્ન ન હોવા છતાં પણ), તેવા પ્રકારની યોગ્યતાના સદ્ભાવથી સ્થાન (–ઊભા રહેવું),...**' ભગવાન આમ સહેજે ઊભા રહે છે. '**...આસન (–બેસવું), વિહાર...**' કરે. દેહની ક્રિયા વિહાર કરે. '**...અને ધર્મદેશના,...**' (અર્થાત્) ઉપદેશ એ તો સહજ છે, સ્વભાવભૂત જ છે. '**...સ્વભાવભૂત જ પ્રવર્તે છે.**'

'**વળી આ (પ્રયત્ન વિના વિહાર થવો વગેરે), વાદળાના દૃષ્ટાંતથી અવિરુદ્ધ છે. જેમ વાદળા–**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આકારે પરિણમેલાં પુદ્‌ગલોનું ગમન,...**' '**વાદળા–આકારે પરિણમેલાં પુદ્‌ગલોનું ગમન**' – આ વાદળા છે ને વાદળા માથે (ઉપર) ! એ બધી વાદળીઓ છે તે પુદ્‌ગલોનું ગમન '**...અવસ્થાન (–સ્થિર રહેવું),...**' (અર્થાત્) સ્થિર થઈ જાય અને '**...ગર્જન,..**' વાદળામાં ગર્જના (થાય છે ને) ! 'મેઘ ગર્જે' ! એમ નથી (કહેતા) ? '**...અને જળ-વર્ષણ,...**' એ વાદળામાં કોઈ પ્રયત્ન વિના '**...પુરુષ–પ્રયત્ન વિના પણ જોવામાં આવે છે,...**' (જેમ) વાદળામાં ગમન, અવસ્થાન (એટલે) સ્થિર રહેવું, ગર્જન અને વર્ષણ (જોવામાં આવે છે).

'**...તેમ કેવળીભગવંતોને,...**' અહીં મૂળ સિદ્ધ શું કરવું છે કે, આ આત્મસ્વભાવનું જ્યાં ભાન થયું (કે), આ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. તેથી તે જ્ઞાનસ્વભાવ કંઈ બંધનું કારણ નથી. તેમ કર્મનો ઉદય છે એ બંધનું કારણ નથી. કારણ કે કર્મનો ઉદય તો સદાય છે અને એ બંધનું કારણ હોય તો બંધ કોઈ દિ' ટળે નહિ. સંસારીપ્રાણીને કર્મનો ઉદય તો સદાય છે. જો ઉદય બંધનું કારણ હોય તો કોઈ દિ' એને ધર્મ અને નિર્જરા થાય નહિ. અને દેહાદિની ક્રિયા–શરીર, વાણીની ક્રિયા તો જડ છે–જડની છે. આહા..હા...! એનાથી પણ કંઈ આત્માને બંધન થાય નહિ.

'**...કેવળીભગવંતોને સ્થાનાદિક (–ઊભા રહેવું, બેસવું વગેરે વ્યાપારો) અબુદ્ધિપૂર્વક,...**' અબુદ્ધિપૂર્વક એટલે ? ઇચ્છા વિના. કેવળી ભગવાનને ઇચ્છા હોતી નથી. છતાં ઉપદેશ આવે, વિહાર કરે..! કરે શું (એ તો) થાય (છે). એક સ્થાનમાં ઊભા રહે. (આ બધું) '**...(..ઇચ્છા વિના જ) જોવામાં આવે છે. આથી આ સ્થાનાદિક (–ઊભા રહેવું વગેરે વ્યાપારો), મોહોદયપૂર્વક નહિ હોવાને લીધે,...**' (અર્થાત્) અંદર મિથ્યાશ્રદ્ધા અને રાગ–દ્વેષ નહિ હોવાથી, આહા..હા...! 'એ ક્રિયા મારી છે' એવું (પરિણમન) ત્યાં છે નહિ. એ તો વીતરાગ સર્વજ્ઞ છે. એ આવવા–જવાની ક્રિયા તો જડની છે, આહા..હા...!

(આ) '**...ક્રિયાવિશેષો (–ક્રિયાના પ્રકારો) હોવા છતાં,...**' હાલવું, બેસવું, ધર્મોપદેશ હોવા છતાં '**...કેવળીભગવંતોને ક્રિયાફળભૂત બંધના સાધન થતાં નથી.**' એને બંધનું કારણ થતું નથી, આ..હા..હા...! પેલો 'મચ્છ' છે ને 'મચ્છ' ! 'તંદુલમચ્છ' ! એને તો કાંઈ ક્રિયા છે નહિ, પણ અંદર મિથ્યાત્વભાવ છે. એથી તંદુલમચ્છને ક્રિયાથી બંધન નથી. પણ તેનો મિથ્યાત્વભાવ છે તેથી તેને નરકનું બંધન થાય છે.

સ્થાનકવાસીમાં એક સાધુ એવી રીતે વાત કરતા હતા કે, એ (તંદુલમચ્છ) મોટા મચ્છના કાનમાં બેઠો હોય અને મોટા (મચ્છના) પેટમાં માછલા આવતા હોય તો અહીંયા (તંદુલમચ્છ) આમ મોઢું ખોલે એ ક્રિયા હોય, એ ક્રિયા હોય એટલે બંધન થાય ! ક્રિયાથી એને બંધ બતાવવો છે ને ! (એટલે એમ કહેતા હતા).

દેહની ક્રિયા, મોઢું ફાડવું કે ભાષાની ક્રિયા (થાય), એ ક્રિયા બંધનું કારણ નથી. આહા..હા...! એમાં પોતાપણું માનવું કે, 'આ જડની ક્રિયા મારી છે' એવો જે મિથ્યાત્વભાવ તે બંધનું કારણ છે. સમજાણું કાંઈ ? (આવી) ઝીણી વાતું....!

(તેથી અહીંયાં કહે છે કે તે) '**...(–ક્રિયાના પ્રકારો) હોવા છતાં કેવળીભગવંતોને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ક્રિયાફળભૂત,...**' ક્રિયાનું ફળ એટલે બંધન. '**...બંધના સાધન થતાં નથી.**'

**ભાવાર્થ :-- 'કેવળીભગવંતોને સ્થાન, આસન,...**' (અર્થાત્) ઊભા રહેવું, બેસવું '**...અને વિહાર એ કાયયોગસંબંધી ક્રિયાઓ,...**' (એ) કાયયોગની ક્રિયા–જડની (ક્રિયા છે). અહીંયાં પણ આ દેહ હાલે છે, એ જડની ક્રિયા છે. આત્મા એને કાંઈ કરતો નથી. પગ આમ નીચે (મૂકે), એ જમીનને અડ્યા વિના પગની ક્રિયા થાય છે ! અને આત્માના ભાવ વિના એ પરમાણુની ક્રિયા થાય છે. અરે...! આવી વાતું છે !

શ્રોતા :-- ડગ ભરે નહિ ?

સમાધાન :-- ડગ ભરે એટલે કોણ ? ડગ ભરે એ ક્રિયા જડની છે. એ ડગ–બગ કાંઈ ભરે નહિ ! એ જડની ક્રિયા છે ! જડની ક્રિયા છે એ બંધનું કારણ નથી. હાલવું, ચાલવું, ડગ ભરે – એ તો સમજાવવું છે. એ પોતે આમ ડગ ભરે છે, એમ છે નહિ. અહીં પણ આ હાલે છે તે આત્માને લઈને કાંઈ આમ દેહ હાલે છે ? અહીં તો આ દેહ હાલે છે એ નીચે જમીનને પગ અડતો નથી અને પગ ચાલવાની ક્રિયા કરે છે ! આવી વાત ક્યાં...? સમજાણું કાંઈ ?

આ જમીન છે એના રજકણોનું દળ જુદું છે અને શરીરના રજકણો, પગના રજકણોનું દળ જુદું છે. એ પગના રજકણો ચાલતાં જમીનને અડતા નથી અને ચાલે છે. હવે આ વાત શી રીતે બેસાડે ? અને આત્માની ઇચ્છા થઈ માટે શરીર ચાલે છે, એમ નથી. આ..હા..હા...!

આ વાણી નીકળે છે માટે બંધનું કારણ છે, એમ નથી. અને ઇચ્છા થઈ તો હું બોલું, માટે વાણી નીકળે છે, એમ નથી. આવી વાતું..! એ તો સવારમાં ઘણું આવ્યું હતું – પરિણામ–પરિણામી, વ્યાપ્ય–વ્યાપક, કર્તા–કર્મ ! શું કહ્યું સમજાણું ? કે, આ દેહની ક્રિયા આમ થાય, (એમાં) આ આત્મા કર્તા છે અને આ એનું કાર્ય છે, એમ નથી. આહા..હા...! જો એમ હોય તો આ પરિણામ–પર્યાય થાય એ જડના છે અને એ પરિણામનો આત્મા કર્તા–પરિણામી (થયો) તો પરિણામી અને પરિણામ બન્ને એક હોય. તો એ જડમાં તું એક થઈ ગયો ! આ..હા..હા...! આવી વાતું છે !

જડ આમ હાલે છે, એનો કર્તા આત્મા અને એ એનું કર્મ–કાર્ય, એમ નથી. જે હાલે છે એ વ્યાપ્ય અને આત્મા વ્યાપક, એમ નથી. દેહ હાલે છે એ પરિણામ અને આત્મા પરિણામી, એમ નથી. અરે..અરે..! આવી વાતું હવે...! જૈનમાં બેઠા–જન્મ્યા પણ ખબરું ન મળે !! આહા..! અહીં એ (વાત) કહીને પછી ભગવાનમાં ઉતારશે.

'**કેવળીભગવંતોને સ્થાન, આસન અને વિહાર એ કાયયોગસંબંધી ક્રિયાઓ તથા દિવ્ય ધ્વનિથી નિશ્ચયવ્યવહારસ્વરૂપ ધર્મનો ઉપદેશ,...**' ભગવાનની વાણીમાં ધર્મનો ઉપદેશ આવે '**...એ વચનયોગસંબંધી ક્રિયા અઘાતી કર્મના નિમિત્તે સહજ જ થાય છે.**' એ તો નિમિત્ત હોય, ઉપાદાન તો આમ સહજ છે. (અર્થાત્) અઘાતી કર્મ છે એ તો નિમિત્ત છે અને અહીં હાલવા–ચાલવાની જે ક્રિયા થાય છે, એ પોતાનું સ્વતંત્ર ઉપાદાન છે. પણ તે સમયે ક્રમબદ્ધમાં તે પરમાણુની તે પ્રકારે હાલવાની ક્રિયાઓ થવાની હોય તે થાય છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर एवेत्यवधारयति-

**पुण्णफला अरहंता तेसिं किरिया पुणो हि ओदइया।**
**मोहादीहिं विरहिदा तम्हा सा खाइग त्ति मदा।।४५।।**

**पुण्यफला अर्हन्तस्तेषां क्रिया पुनर्हि औदयिकी।**
**मोहादिभिः विरहिता तस्मात् सा क्षायिकीति मता।।४५।।**

अर्हन्तः खलु सकलसम्यक्परिपक्वपुण्यकल्पपादपफला एव भवन्ति। क्रिया तु तेषां या काचन सा सर्वापि तदुदयानुभावसंभावितात्मसंभूतितया किलौदयिक्येव। अथैवंभूतापि सा समस्तमहामोहमूर्धाभिषिक्तस्कन्धावारस्यात्यन्तक्षये संभूतत्वान्मोहरागद्वेषरूपाणामुपरंजकानामभावच्चैतन्य-विकारकारणतामनासादयन्ती नित्यमौदयिकी कार्यभूतस्य बन्धस्याकारणभूततया कार्यभूतस्य मोक्षस्य कारणभूततया च क्षायिक्येव कथं हि नाम नानुमन्येत। अथानुमन्येत चेत्तर्हि कर्मविपाकोऽपि न तेषां स्वभावविघाताय।।४५।।

---

अथ पूर्वं यदुक्तं रागादिरहितकर्मोदयो बन्धाकारणं न भवति विहारादिक्रिया च, तमेवार्थं प्रकारान्तरेण द्रढयति – **पुण्णफला अरहंता** पञ्चमहाकल्याणपूजाजनकं त्रैलोक्यविजयकरं यत्तीर्थंकरनाम पुण्यकर्म तत्फलभूता अर्हन्तो भवन्ति। **तेसिं किरिया पुणो हि ओदइया** तेषां या दिव्यध्वनिरूपवचनव्यापारादिक्रिया सा निःक्रियशुद्धात्मतत्त्वविपरीतकर्मोदयजनिततत्वात्सर्वाप्यौदयिकी भवति हि स्फुटम्। मोहादीहिं विरहिया निर्मोहशुद्धात्मतत्त्वप्रच्छादकममकाराहङ्कारोत्पादनसमर्थमोहादि-

---

અહીં તો આખો દિ' 'આ મેં કર્યું ને શરીરનું આ કર્યું !' (ચાલતું હોય) ! આવી વાત (સાંભળે પછી સ્વચ્છન્દ કરે). એક વખત એક છોકરો હતો એ આમ મારે (પછી એમ કહે કે) 'મેં ક્યાં માર્યું છે !' પણ ભાવ કોણે કર્યા ? એક–બીજાને આમ થપ્પો મારે ! પણ ક્યારે ? રાગ–ઇચ્છા છે અને ક્રિયા થાય છતાં ઇચ્છાને લઈને ક્રિયા થઈ નથી. આવું–આવું હવે ક્યાં ખતવવું ? ભગવાનની ક્રિયામાં ઉતારવા માટે આ વાત કરી.

**'...અઘાતી કર્મના નિમિત્તે સહજ જ થાય છે. તેમાં કેવળીભગવંતની ઇચ્છા લેશમાત્ર નથી, કારણ કે મોહનીયકર્મનો જ્યાં સર્વથા ક્ષય થયો છે ત્યાં તેના કાર્યભૂત ઇચ્છા ક્યાંથી હોય ?'** ભગવાનને તો મોહનો નાશ થયો છે. એને ઇચ્છા તો છે નહિ. છતાં હાલવા–ચાલવાની ક્રિયા થાય છે એ તો જડને કારણે સહજ થાય છે, આ..હા..હા...! **'આ રીતે ઇચ્છા વિના જ–મોહરાગદ્વેષ વિના જ–થતી હોવાથી કેવળીભગવંતોને તે ક્રિયાઓ બંધનું કારણ થતી નથી.'**

હવે આ ૪૫મી ગાથા તકરારી ગાથા છે. **'એ પ્રમાણે હોવાથી તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે,...'** ભાષા જોઈ ? સંસ્કૃતમાં છે. ત્યારે એ લોકો શું કહે છે ? કે, 'પુણ્યફલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



विरहितत्वाद्यंतः **तम्हा सा खायग त्ति मदा** तस्मात् सा यद्यप्यौदयिकी तथापि निर्विकारशुद्धात्मतत्त्वस्य विक्रियामकुर्वती सती क्षायिकीति मता। अत्राह शिष्यः–`औदयिका भावाः बन्धकारणम्' इत्यागमवचनं तर्हि वृथा भवति। परिहारमाह-औदयिका भावा बन्धकारणं भवन्ति, परं किंतु मोहोदयसहिताः। द्रव्यमोहोदयेऽपि सति यदि शुद्धात्मभावनाबलेन भावमोहेन न परिणमति तदा बंधो न भवति। यदि पुनः कर्मोदयमात्रेण बन्धो तर्हि संसारिणां सर्वदैव कर्मोदयस्य विद्यमानत्वात् सर्वदैव बन्ध एव, न मोक्ष इत्यभिप्रायः।।४५।।

---

એ પ્રમાણે હોવાથી તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે (–કાંઈ કરતો નથી, સ્વભાવનો કિંચિત્ ઘાત કરતો નથી) એમ હવે નક્કી કરે છે :--

**છે પુણ્યફળ અર્હંત, ને અર્હંતકિરિયા ઉદયિકી;**
**મોહાદિથી વિરહિત તેથી તે ક્રિયા ક્ષાયિક ગણી. ૪૫.**

અન્વયાર્થ :-- **[अर्हन्तः]** અર્હંતભગવંતો **[पुण्यफलाः]** પુણ્યના ફળવાળા છે **[पुनः हि]** અને **[तेषां क्रिया]** તેમની ક્રિયા **[औदयिकी]** ઔદયિકી છે; **[मोहादिभिः विरहिता]** મોહાદિકથી રહિત છે **[तस्मात्]** તેથી **[सा]** તે **[क्षायिकी]** ક્ષાયિકી **[इति मता]** માનવામાં આવી છે.

---

અરહંતા' ! (એટલે) પુણ્યના ફળ તરીકે અરિહંતપણું પ્રાપ્ત થાય છે ! બધાં પંડિતો કહે છે ! (મૂળ ગાથામાં) પાઠ છે જુઓ ! '**पुण्णफला अरहंता**' ! '**पुण्णफला अरहंता**' એટલે ? એને હાલવા–ચાલવાની જે ક્રિયા–અતિશય છે, એ બધું પુણ્યનું ફળ છે. એ પુણ્યને લઈને થાય છે. (પરંતુ) પુણ્યફળને લઈને અરિહંતપણું પ્રાપ્ત થાય છે, એમ નથી. છે ? '**पुण्णफला अरहंता**' – આમાં આખો વાંધો છે. (અજ્ઞાની) કહે કે, 'પુણ્યના ફળ તરીકે અરિહંતપણું પ્રાપ્ત થાય !' અહીંયાં કહે છે કે, 'ભગવાનનું જે હાલવું, ચાલવું, બોલવું (વગેરે) ક્રિયા થાય, એ બધી પુણ્યની ક્રિયા છે. આત્મા કાંઈ–કિંચિત(માત્ર) કરતો નથી !' જુઓ ને ! શબ્દ છે (મથાળામાં) ? '**તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે**' ત્યારે (અજ્ઞાની કહે) '**पुण्णफला अरहंता**' ! અરિહંતપણું પુણ્યને કારણે મળે ! મોટા–મોટા પંડિતો (આવો) અર્થ કરે ! દિગંબરના હોં ! આહા..હા...!

અહીં તો કહે છે, અરિહંત ભગવાનને જે અતિશય થાય–સમવસરણ થાય, વાણી નીકળે, હાલવું, એ બધું પુણ્યના ફળ તરીકે છે, ઉદય (છે). છતાં તે ઉદય ખરી જાય છે તેથી તે ઉદયને 'ક્ષાયિકી' કહેવામાં આવે છે, એમ અહીંયાં કહેવું છે. આમ તો કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તે કાંઈ પુણ્યના ફળથી નથી (થયું). એ તો પોતાના મોહ ને રાગ–દ્વેષનો નાશ કરી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. હવે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેને આ ભાષા, અતિશય, સમવસરણ થાય (વગેરે) જે બધી વાત છે, એ બધાં પુણ્યનાં ફળ છે. અને તે પણ તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવે છે. પ્રભુને કેવળજ્ઞાન થાય ત્યારે તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવે. હવે, આ લોકો કહે કે, પુણ્યનું ફળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :–** અર્હંતભગવંતો ખરેખર જેમને પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો બરાબર પરિપક્વ થયાં છે એવા જ છે, અને તેમને જે કાંઈ ક્રિયા છે તે બધીયે તેના (–પુણ્યના) ઉદયના પ્રભાવથી ઉત્પન્ન થઈ હોવાથી ઔદયિકી જ છે. પરંતુ આવી (પુણ્યના ઉદયથી થયેલી) હોવા છતાં તે સદા ઔદયિકી ક્રિયા મહા મોહરાજાની સમસ્ત સેનાના અત્યંત ક્ષયે ઉત્પન્ન થઈ હોવાથી મોહરાગદ્વેષ ઉપરંજકોના અભાવને લીધે ચૈતન્યના વિકારનું કારણ નહિ થતી હોવાથી, કાર્યભૂત બંધના અકારણભૂતપણા વડે અને કાર્યભૂત મોક્ષના કારણભૂતપણા વડે ક્ષાયિકી જ કેમ ન માનવી જોઈએ ? (જરૂર માનવી જોઈએ). અને જો ક્ષાયિકી જ માનવી જોઈએ તો કર્મવિપાક (–કર્મનો ઉદય) પણ તેમને (અર્હંતભગવંતોને) સ્વભાવવિઘાતનું કારણ થતો નથી (એમ નક્કી થાય છે).

**ભાવાર્થ :–** અર્હંતભગવાનને જે દિવ્યધ્વનિ, વિહાર આદિ ક્રિયાઓ છે તે નિષ્ક્રિય શુદ્ધ આત્મતત્ત્વને પ્રદેશપરિસ્પંદમાં નિમિત્તભૂત પૂર્વબદ્ધ કર્મના ઉદયથી ઉત્પન્ન થઈ છે તેથી ઔદયિકી છે. તે ક્રિયાઓ અર્હંતભગવાનને ચૈતન્યવિકારરૂપ ભાવકર્મ ઉત્પન્ન કરતી નથી, કારણ કે નિર્મોહ શુદ્ધ આત્મતત્ત્વને રાગદ્વેષમોહરૂપ વિકારમાં નિમિત્તભૂત મોહનીયકર્મનો (તેમને) ક્ષય થયો છે. વળી તે ક્રિયાઓ તેમને રાગદ્વેષમોહના અભાવને લીધે નવીન બંધમાં કારણરૂપ નથી, પરંતુ પૂર્વકર્મના ક્ષયમાં કારણરૂપ છે કેમ કે જે કર્મના ઉદયથી તે ક્રિયાઓ થાય છે તે કર્મ પોતાનો રસ દઈ ખરી જાય છે. આ રીતે મોહનીયકર્મના ક્ષયે ઉત્પન્ન થઈ હોવાથી અને કર્મના ક્ષયમાં કારણભૂત હોવાથી અર્હંતભગવાનની તે ઔદયિકા ક્રિયા ક્ષાયિકી કહેવામાં આવી છે. ૪૫.

---

તે અરિહંત છે–એ ક્યાં રહ્યું આમાં ? લોકોએ સત્યના માર્ગને વિપરીત કરી નાખ્યો ! મોટી તકરાર ! 'સોનગઢ'ની સામે ! 'સોનગઢ' કહે (છે) કે, શુભભાવથી ધર્મ ન થાય ! તો (એની સામે આ બતાવે છે કે) 'આ રહ્યું પુણ્યફળથી અરિહંત થાય !!' (પણ) પુણ્યફળથી અરિહંત થાય, એમ ત્યાં નથી કહ્યું. પુણ્યના ફળ તરીકે અરિહંતને સમવસરણ, વાણી આદિ હોય, એ બધી ઉદયની ક્રિયા એ બધાં પુણ્ય છે.

**'આ પ્રમાણે હોવાથી તીર્થંકરોને પુણ્યનો વિપાક,...'** જોયું ? (વિપાક) એટલે પુણ્યનું ફળ ! '**...અકિંચિત્કર જ છે (–કાંઈ કરતો નથી,...)...**' એના આત્માને. વાણીમાં કરે (પણ) એના આત્માને કાંઈ કરતો નથી. આહા...! પણ આમાં માણસને નવરાશે ક્યાં છે ? શું સત્ય છે અને શું અસત્ય છે ? એનો નિર્ણય કરવાનો વખત ન મળે. (એમાં) એને સત્ય ક્યાંથી મળે ? અને સત્ મળ્યા વિના ધર્મ (ક્યાંથી થાય) ?

ધ્રુવ ચૈતન્ય પ્રભુ ! જેમાં રાગ તો નથી, જડની ક્રિયાનો તો જેમાં અભાવ છે, પણ જેમાં વર્તમાન પર્યાય છે એનો એમાં અભાવ છે. આ..હા..હા...! એમાં અભાવ છે હોં...! પર્યાય, પર્યાયમાં છે. સમજાય છે આમાં ? ધ્રુવ ચૈતન્ય દળ જે છે, નિત્યાનંદ ધ્રુવ ! એમાં રાગ–દ્વેષ તો નથી, દેહની ક્રિયા, વાણીની ક્રિયા તો નથી પણ નિર્મળ પર્યાય થઈ છે... કેવળજ્ઞાન..! એ પણ ધ્રુવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્તુમાં નથી. આ..હા..હા...! પર્યાય પર્યાયથી પર્યાયમાં પર્યાય થઈ છે. સમજાણું આમાં ?

**पुण्णफला अरहंता तेसिं किरिया पुणो हि ओदइया।**
**मोहादीहिं विरहिदा तम्हा सा खाइग त्ति मदा।।४५।।**

**છે પુણ્યફળ અર્હંત, ને અર્હંતકિરિયા ઉદયિકી;**
**મોહાદિથી વિરહિત તેથી તે ક્રિયા ક્ષાયિક ગણી. ૪૫.**

એ ક્રિયા થાય છે, એ છે તો ઉદયની ક્રિયા. પણ સમયે–સમયે તે ઉદયનો નાશ થઈ જાય છે માટે તે ઉદયને ક્ષાયિકમાં નાખવામાં આવ્યો છે. ક્ષાયિક કેવળજ્ઞાન થયું છે, એની આ વાત નથી. આહા..હા...! કેવળજ્ઞાન ક્ષાયિકભાવે થયું છે. એ ક્ષાયિકભાવ પણ વસ્તુ–દ્રવ્યમાં તો નથી. પર્યાયમાં ક્ષાયિકભાવ થયો એ કોઈ રાગને લઈને, પુણ્યને લઈને થયો, એમ નથી.

એ જે જડની ક્રિયા થાય, (તેમાં) કર્મના ઉદયનું નિમિત્ત છે અને અહીં શરીરનું હાલવું, ચાલવું એ ક્રિયા છે. એ ક્રિયા જીવને કંઈ કરતી નથી. એટલે જીવ એ ક્રિયા કરતો નથી. પૂર્વના પુણ્યને લઈને એ ક્રિયા થાય છે તેથી તે ઉદય ક્ષણે–ક્ષણે આવીને ખરી જાય છે.

**ટીકા :-- 'અર્હંતભગવંતો ખરેખર જેમને પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો બરાબર પરિપક્વ થયાં છે,...'** જોયું ? અરિહંત ભગવાન તીર્થંકરને પુણ્યરૂપી કલ્પવૃક્ષના સમસ્ત ફળો (અર્થાત્) સમવસરણ, વાણી, ૐધ્વનિ, ચાલવાની ક્રિયા, અનેક હજારો ગામ ચાલે, એ બધી પુણ્યફળની ક્રિયા છે. સમજાણું કાંઈ ?

ઘણા વર્ષ પહેલાં (સંવત) '૯૫(ની સાલમાં) શેત્રુંજય ગયેલા (ત્યારે એક શ્વેતાંબર સાધુએ એમ કહ્યું) 'આ લોકો એમ કહે છે કે ભગવાન બોલે નહિ. (પણ એમ) નહિ, પહેલે સમયે પરમાણુ ગ્રહે અને બીજે સમયે છોડે !' '૯૫ની વાત છે, ચાલીસ વર્ષ થયાં ! (મેં કહ્યું) 'અહીં એ વાત સાચી નથી.' પરમાણુને કેવળી ગ્રહે નહિ અને પરમાણુને કેવળી છોડે નહિ. આ..હા..હા...! આ વાત થઈ હતી, પહેલાં આ વાત અહીં કીધી હતી. (આપણા બીજા મુમુક્ષુઓ ત્યાં ગયા હતા) ત્યારે પૂછ્યું કે, 'આત્મા જડનું કાંઈ કરી શકે ?' (ત્યારે તેમણે કહ્યું) 'પરમાણુનું ન કરી શકે, શરીરનું કરી શકે !'

આ..હા..હા...! અહીં કહે છે કે, શરીરની ક્રિયા આત્મા કરી શકે નહિ. કેવળીની પણ શરીરની જે ક્રિયા થઈ, એ આત્માથી નથી. ફક્ત પૂર્વનું કર્મ પડ્યું છે એનો ઉદય આવે તે નિમિત્ત છે. અને એ વખતની હાલવા, ચાલવાની ઉપાદાનની ક્રિયા (છે તે) પરમાણુને લઈને (છે). આ..હા..હા...! ક્યાં ફેર છે એ સમજવો કઠણ બહુ !

**'અર્હંતભગવંતો ખરેખર જેમને પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો બરાબર પરિપક્વ થયાં છે,...'** અને એ તીર્થંકર પ્રકૃતિ જે ભાવે બંધાણી એ તો જડ–માટી છે. આ જેમ જડ છે એમ કર્મની પ્રકૃતિ જડ છે. એ જે ભાવે નિમિત્ત થઈને બંધાણી, એ ભાવનો નાશ કરીને કેવળજ્ઞાન પામે છે. ત્યારે તે પ્રકૃતિનો ઉદય આવે છે. હવે, એમાં પુણ્યના ફળને લઈને અરિહંતપણું મળે, એ ક્યાં આવ્યું એમાં ? વાત સમજાય છે કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન અરિહંત પરમાત્માને હાલવા, ચાલવા, બોલવાની જે ક્રિયા થાય, એ પુણ્યને લઈને ઉદય છે. આત્માને લઈને નથી. એનો આત્મામાં ઉદય નથી અને આત્મામાં એ ક્રિયા છે નહિ. આહા..હા...! એ સમસ્ત પુણ્યના ફળ પરિપક્વ થઈ ગયા. સમવસરણમાં ૐધ્વનિ ઊઠે ! ભગવાનને આવી (અક્ષરાત્મક) ભાષા ન હોય. (તેમને) હોઠ હલે નહિ, કંઠ હલે નહિ, ૐધ્વનિ (નીકળે) ! એ બધું પુણ્યકર્મનું નિમિત્ત (છે) અને એ થાય પોતાના ઉપાદાનને કારણે. આત્મા એ ઇચ્છાથી બોલે છે, એમ નથી. ભગવાનને તો ઇચ્છા છે નહિ. એટલે એને પૂર્વના પુણ્યના ફળ બરાબર પરિપક્વ થઈ ગયા. તેથી એકદમ વાણી અને ધ્વનિ છૂટે છે. સમવસરણ ચાલે, ઇન્દ્રો, યક્ષો ચામર ઢાળે (એ બધું પુણ્યનું ફળ છે). અરે..! આવું જૈનપણામાં છે, એની એને ખબર મળે નહિ, તો અન્યમાં તો આ છે જ ક્યાં ? આહા..હા...! એવા (લોકો) આનો અર્થ કરે ! 'પુણ્યફલા અરહંતા છે. પુણ્યનું ફળ અરિહંત છે.' એ અરિહંતપણું–કેવળજ્ઞાન પુણ્યનું ફળ (છે), એમ કાંઈ અહીંયાં કહેવું નથી.

અરિહંત થયા છે તે તો ચાર ઘાતિ (કર્મનો) નાશ કરીને, કેવળજ્ઞાની પોતે પોતાથી થયા છે. પણ તે કાળે તેને પૂર્વના પુણ્યનું ફળ–સમવસરણ, દિવ્યધ્વનિ આદિ છે, એ પુણ્ય પરિપક્વ થઈ ગયા છે. એને લઈને એ બધી ક્રિયાઓ છે. આમ તો ના પાડી નહિ ? '**તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે.**' માથે (મથાળામાં) લખ્યું છે. અરે.. અરે...! શું થાય ? આમ ઝઘડા ચાલે છે ! વીતરાગ પરમેશ્વર ન મળે, તેમ કોઈ દેવ ન (આવે) ! અને સત્યને અસત્ય કરી ઠરાવે કે, 'તમારું ખોટું છે ! તમે કહો છો કે, શુભભાવથી કેવળ(જ્ઞાન) ન થાય, (પણ) જુઓ ! આ લખ્યું પુણ્યફળથી અરિહંત થાય !'

બાપુ ! એ પુણ્યથી અરિહંતપણું–કેવળી થાય, એમ અહીંયાં નથી કહેવું. પુણ્યથી તો અરિહંતને સમવસરણ, વાણી આદિ થાય. એ બધી ઉદયની ક્રિયા પુણ્યને લઈને (થાય). આ..હા..હા...! તીર્થંકરપણું બાંધે એ ભાવ અપરાધ છે ! આ..હા..હા...! (એવો) રાગ છે ને ? રાગના ફળ તરીકે કેવળ પામે ? આ..હા..હા...! અંતરમાં આનંદસ્વરૂપ ભગવાનને તો સમ્યગ્દર્શન–અનુભવમાં પહેલા પકડ્યો છે, પછી સ્વરૂપમાં વીતરાગભાવે સ્થિર થાય છે, ત્યારે તેને કેવળજ્ઞાન થાય છે. આહા..હા...! અહીં (લોકો) કહે છે કે, 'પુણ્ય–શુભભાવ છે એનાથી અરિહંતપણું પ્રાપ્ત થયું !' આનો અર્થ નથી શું આમાં ? 'પુણ્યફલા અરહંતા'નો અર્થ નથી આમાં ?

એનો અર્થ (એ છે કે) અરિહંતોને અરિહંતપણું જે પ્રગટ્યું છે એ તો પોતાના પુરુષાર્થથી પ્રગટ્યું છે. પણે તેને અત્યારે વાણી ને સમવસરણ આદિ છે, એ પૂર્વના પુણ્ય પાકા થઈ ગયા છે.

શ્રોતા :-- એ બધું દ્રવ્યપુણ્યનું ફળ છે, ભાવપુણ્યનું ફળ નથી !

સમાધાન :-- અહીં એ વાત જ નથી. અહીં તો પૂર્વનું પુણ્ય પડ્યું છે એને લઈને આ સમવસરણ આદિ ક્રિયા છે. અને તે પણ તે ક્રિયા ઉદયની છે છતાં એને ક્ષાયિકમાં ખતવી નાખશે. ઝીણી વાત બહુ ! વીતરાગી તત્ત્વ સમજવું એ પણ ઝીણું બહુ ! આહા..હા...! અન્ય(મતમાં) તો ઈશ્વર કરે, એમ બધાં માને. 'ઈશ્વરકર્તા છે અને ઈશ્વર વિના પાંદડું ફરે નહિ !'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા...! અહીં તો કહે (છે), આત્મા વિના દેહની ક્રિયા થાય. આત્મા વિના ભાષા નીકળે. આત્મા વિના ઊભા રહે, સ્થિર રહી જાય. આહા...! કેમ બેસે...? કેમકે જડ પરમાણુ જુદી ચીજ છે, એનું હાલવું–ચાલવું થાય છે એ તો પૂર્વના પુણ્યના નિમિત્તે તે ચાલે છે. 'હું ચાલું, વિહાર કરું' એવી પ્રભુને ઇચ્છા છે ? 'હું બોલું, ઉપદેશ દઉં' એમ છે પ્રભુને ? એ તો વીતરાગ સર્વજ્ઞ થઈ ગયા. એને ઇચ્છા કેવી ? આહા..હા...!

શ્રોતા :-- પ્રાયોગિક ક્રિયા અને વૈસ્રસિક ક્રિયાનો ભેદ શા માટે કર્યો ?

સમાધાન :-- પ્રાયોગિક ક્રિયા એ બીજી વાત છે. પ્રાયોગિક એટલે રાગની ક્રિયા (અને) વૈસ્રસિક ક્રિયા એટલે સહજ જડની ક્રિયા. અહીંયાં તો જડની ક્રિયા જે છે–અતિશયની, દિવ્યધ્વનિ, સાડા બાર કરોડ વાજાં વાગે, એ બધો પૂર્વના પુણ્યના ફળ તરીકે ઉદય છે. આત્માને કાંઈ નથી. આહા..હા...! હવે ભાઈ ! સમજ્યા વિના ધર્મ કરવો છે તો સમજ્યા વિના ધર્મ કરવા દો ને ! એમ (લોકો) કહે છે. એ ધર્મ ક્યાં હતો ? ધર્મ શું છે ? ધર્મી ક્યાંથી થાય છે ? એની ખબરું વિના (ધર્મ થાશે ક્યાંથી) ? ધર્મ તો નિર્મળ પર્યાય છે, તો એ ક્યાંથી થાય ? આહા..હા...! એ ત્રિકાળી નાથ ચિદાનંદપ્રભુ છે એના આશ્રયે થાય. છતાં એ (પર્યાય) દ્રવ્યથી થતી નથી, પર્યાય પર્યાયથી થાય છે. આહા..હા...!

સવારમાં આજે ('સમયસાર'માં) આવ્યું નહોતું ? કે, આત્મા જો ઘટ, પટ, રથનો કરનાર હોય તો આત્મા તો નિત્ય છે, તો જ્યાં--જ્યાં કામ થાય ત્યાં--ત્યાં તેણે ઊભા રહેવું જોઈએ. (પરંતુ) તેમ છે નહિ, આ..હા..હા...! એ પછી (એમ) આવશે કે, આત્મા દ્રવ્ય જે છે એ તો નિમિત્તપણે પણ પરનો કર્તા નથી. પરની ક્રિયા–શરીર, વાણી, મનની (ક્રિયા) એના ઉપાદાનથી થાય. એમાં આત્મા દ્રવ્ય છે એ નિમિત્ત નથી. નિમિત્ત નથી ! ઉપાદાન તો નથી, પણ નિમિત્ત પણ નથી !! આ..હા..હા...! દ્રવ્ય જો નિમિત્ત હોય તો–તો દ્રવ્યને કાયમ પરની ક્રિયામાં ઊભું રહેવું પડે ! કોઈ દિ' રાગ રહિત થઈ શકે નહિ. આ..હા..હા...!

એ પછી કહેશે – જોગ, ઉપયોગ ! સામાની પર્યાય તો એના ક્રમસરમાં આવેલી (છે અને) તે તેના કાળે થાય. એમાં આ આત્મા નિમિત્ત છે માટે થાય અથવા એના રાગ–દ્વેષ દેખાય (માટે થાય છે), એ તો છે નહિ. સમજાણું ? પણ રાગનો કર્તા જે અજ્ઞાની (થાય) છે, (જે) જોગ અને રાગનો કર્તા અજ્ઞાની છે, એ રાગ અને જોગ (સામા પદાર્થની પર્યાય થવામાં નિમિત્ત કહેવામાં આવે). પર (પદાર્થની) અવસ્થા જે સમયે થવાની તે થવા કાળે (થાય) તેમાં અજ્ઞાનીના જોગ અને ઇચ્છાનું નિમિત્ત કહેવામાં આવે છે. જોગ અને ઇચ્છા (નિમિત્ત કહેવાય), આત્મા નહિ. આ..હા..હા...! આવું બધું (સમજવું)...! સવારમાં હજી ('સમયસાર'ની) ૧૦૦મી ગાથામાં આવશે. એ પણ અજ્ઞાનીના જોગ અને રાગ (નિમિત્ત થાય છે). જે રાગનો કર્તા થાય છે, જોગનો કર્તા થાય છે. એ જીવ, સામે જગતના જડ (પદાર્થની) અને ચૈતન્યની જે પર્યાય થાય છે, ત્યારે આનો જોગ અને ઇચ્છા પરમાં નિમિત્ત કહેવાય. અજ્ઞાનીના જોગ ને રાગ. જે રાગનો અને જોગનો કર્તા થાય છે એવો અજ્ઞાનીનો જોગ ને રાગ (નિમિત્ત કહેવાય). પરની પર્યાય કાળે તો પરમાં (પર્યાય) થાય, પણ એને 'આ' નિમિત્ત કહેવામાં આવે. ગજબ વાત છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અહીંયાં કહે છે) **'અર્હંતભગવંતો ખરેખર જેમને પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો,...'** કે, જે પુણ્યરૂપી કલ્પવૃક્ષના સમસ્ત ફળોમાં અરિહંતપણું ન આવ્યું. અરિહંતપણું એમાં નથી. પણ એને પુણ્યના **'...ફળો બરાબર પરિપક્વ થયાં છે એવા જ છે, અને તેમને જે કાંઈ ક્રિયા છે,...'** જુઓ ! એ એમની 'ક્રિયા' છે, (એમ કહ્યું છે). તેમને જે હાલવા, ચાલવાની, બોલવાની ક્રિયા છે **'...તે બધીયે તેના (–પુણ્યના) ઉદયના પ્રભાવથી ઉત્પન્ન થઈ હોવાથી,...'** જોયું ? એ ક્રિયારૂપી ફળ (આવ્યું છે). અરિહંતપણું પુણ્યને લઈને મળ્યું છે, અહીં એ પ્રશ્ન નથી. શું થાય ?

ટીકામાં (પણ આ ખુલાસો) છે અને માથે (મથાળામાં) પણ છે–**'તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે.'** એ તો પહેલું લીધું છે. ત્યારે કોઈ (પૂછે) કે, પુણ્ય છે શું ? (તો કહે છે કે) પૂર્વના પુણ્યને લઈને તેને હાલવા, ચાલવા, બોલવાની ક્રિયા થાય, તે ઇચ્છા વિના જડની ક્રિયા થાય છે. તેથી તે પુણ્યના ફળ છે. આ..હા..હા...! થોડા ફેરે ક્યાં મિથ્યાત્વનો ફેર (પડી જાય) છે ! એની એને ખબર નથી.

શ્રોતા :-- ભોળી જનતાને ભરમાવે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- પેલું કીધું હતું ને ? 'જાપાન'નો એક ઇતિહાસિક છે ને ? મોટી ૬૭ વર્ષની ઉમર છે. (તેણે) લાખો પુસ્તકો જોયાં. (તેનું) હમણાં લખાણ આવ્યું છે–'જૈનનો ધર્મ અનુભૂતિ છે, આત્મા શુદ્ધ ચૈતન્ય છે તેનો અનુભવ કરવો તે જૈનધર્મ છે. રાગાદિ, દેહાદિ ક્રિયા, દયા, દાન, વ્રતાદિ એ જૈનધર્મ નથી.' છતાં પછી એણે એમ કહ્યું કે, 'આવો જૈનધર્મ મળ્યો વાણિયાને ! અને વાણિયા વેપાર આદિથી નવરા ન મળે.' આ ઇતિહાસિક વાત કરે છે ! 'જાપાન'નો ! 'જાપાન'નો ઇતિહાસિક છે, એ અને એનો દીકરો બન્ને ઇતિહાસિક છે. (એ કહે છે) 'જૈનધર્મ અનુભૂતિ છે. દયા, દાન ને વ્રતના પરિણામ એ કોઈ જૈનધર્મ નથી.' એટલી લાંબી તો એને ખબર ન હોય, પણ આટલું કહ્યું–આત્મા આનંદમૂર્તિ પ્રભુ ! એનો અનુભવ થવો, વીતરાગી પર્યાય (થવી), એ જૈનધર્મ છે. પણ (જૈનધર્મ) વાણિયાને મળ્યો અને વાણિયા નવરા નથી ! આ દુનિયાનાં પાપ...! ને ધંધા ને...! આ..હા..હા...! આખો દિ' આ કરીએ... ને આ કરીએ...! બે ઘડી સાંભળવા જાય... થઈ રહ્યું...! જાવ...! સાંજે બે ઘડી પડિકમ્મણું કરે (અને માને) પાપ ધોવાઈ ગયાં...! ધૂળેય નથી સાંભળને..!

અહીંયાં કહે છે, તીર્થંકરને પુણ્યનાં ફળ પાકાં થઈ ગયાં. **'...જે કાંઈ ક્રિયા છે તે બધીયે તેના (–પુણ્યના) ઉદયના પ્રભાવથી ઉત્પન્ન થઈ હોવાથી,...'** એમ કીધું ? એમ ન કીધું કે, પુણ્યના ફળ તરીકે કેવળી થયા, અરિહંત થયા !

અત્યારે પંડિતો વિરોધ કરે છે ! સાંભળ્યું છે કે નહિ ? આ..હા..હા...! શું થાય ? માણસને નવરાશ ન મળે, વાણિયાને...! કે, જેથી સાચું–સત્ય શું છે એનો નિર્ણય કરે ! ટોળા ભેગા થાય ત્યાં (જાય અને) જી હા...! જી હા...! (કરે) ! જાવ...! પેલો ગપ મારે તોપણ જી હા...!! જડનું (કાર્ય) આત્મા કરી શકે, પરનું ન કરી શકે, (એમ કહે તો એ) દિગંબર ધર્મ નહિ ! તો કહે, જી હા...!! ભાન ક્યાં છે એને ! પેલા (ઇતિહાસિકે) વાણિયાની કિંમત કાઢી નાખી !! જેને જે ધંધો હોય એ ધંધા આડે એ નવરો નથી, એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીંયાં આ ત્રણ લીટીમાં બધું છે. **'અર્હંતભગવંતો ખરેખર જેમને પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો બરાબર પરિપક્વ થયાં છે એવા જ છે, અને તેમને જે કાંઈ ક્રિયા છે,...'** જોયું ? હાલવાની, ચાલવાની, બોલવાની, સમવસરણની (આદિની) જે ક્રિયા છે **'...તે બધીયે તેના (–પુણ્યના) ઉદયના પ્રભાવથી,...'** એમ કીધું. (અર્થાત્) એ ક્રિયા થઈ એ પુણ્યના ફળના ઉદયથી (થઈ છે). અરિહંતપણું પુણ્યના ઉદયથી થયું, એમ કાંઈ નથી કહ્યું. **'...તે બધીયે તેના (–પુણ્યના) ઉદયના પ્રભાવથી ઉત્પન્ન થઈ હોવાથી ઔદયિકી જ છે.'** જોયું ? પુણ્યના ફળ જે છે એ ઉદય છે. પુણ્યના ફળ તરીકે કેવળજ્ઞાન, ક્ષાયિકભાવ થયું, એવી અહીં વાત છે નહિ. આહા..હા...!

અત્યારના બધાં સાધુઓને એ વાત ઠસાવવી છે કે, આ દયા, દાન, વ્રત, તપ, અપવાસ કરે એનાથી નિર્જરા થાય અને એનાથી કેવળી અરિહંત થાય ! આહા..હા...! વાણિયાને નવરાશ ન મળે... અને 'જી હા...!' (કરે). કોઈ આવીને કહે કે, 'તારો બાપ અને મારો બાપ મિત્ર હતા. (ત્યારે) પાંચ લાખ આપ્યા છે અને તારી પાસે અત્યારે પચીસ--પચાસ લાખની મૂડી છે તો (મને) આપ !' ત્યાં 'હા' પાડે છે ? ત્યાં નહિ... નહિ... (કરે છે). અહીં ભાન ન મળે ને જી હા....! (કરે). પરની દયા પાળી શકે...! જી હા....! પરની દયા પાળવાથી ધર્મ થાય...! જી હા...! એ અહિંસા છે...! (જી હા...!) એ અહિંસા નથી. પરની દયા પાળી શકતો નથી. પરની દયા પાળવાનો ભાવ છે એ રાગ છે અને રાગ છે તે પોતાની હિંસા છે. આ..હા..હા...! આવી વાત...! ભગવાન નિત્યાનંદ પ્રભુ ઉપર દૃષ્ટિ કરીને જે સ્થિરતા ઉત્પન્ન થાય, વીતરાગભાવ ઉત્પન્ન થાય, તે અહિંસા છે. 'અહિંસા પરમો ધર્મ' એ છે. પર જીવને ન મારવો એ અહિંસા છે, એ એની વ્યાખ્યા છે નહિ. અરે...! કેટલું ફેરવવું પડે !

**'અર્હંતભગવંતો ખરેખર જેમને પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો બરાબર પરિપક્વ થયાં છે એવા જ છે,...'** હવે એ પુણ્યનું ફળ શું ? કે, **'...તેમને જે કાંઈ ક્રિયા છે,...'** જોયું ? 'કેવળજ્ઞાન થયું છે', એ એમાં નથી કીધું ! હવે, આવી તો ચોખ્ખી વાત (છે), સંસ્કૃત ટીકા છે. જે કાંઈ ક્રિયા છે–બોલવાની, ચાલવાની **'...તે બધીયે તેના (–પુણ્યના) ઉદયના પ્રભાવથી,...'** એ ક્રિયા પુણ્યના ઉદયના પ્રભાવથી (ઉત્પન્ન થઈ છે). આમાં તો આવું ચોખ્ખું (લખ્યું છે) !

અહીંની સામેના વિરોધની આ મોટી તકરારી ગાથા છે ! કારણ કે અહીંનો પોકાર નીકળ્યો કે, ગમે તે વ્રત કર ને અપવાસ કર ને ! એ બધો રાગ છે, ધર્મ નથી, અધર્મ છે ! હાય.. હાય...! જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ ધર્મ નહિ ! કેમકે જે બંધનું કારણ હોય એ ધર્મ હોય નહિ. બંધનું કારણ એ અધર્મ છે. શુભરાગ કહો કે અધર્મ કહો (બધું એક જ છે) ! આ..હા..હા...! 'ષોડશકારણ ભાવના ભાય' આવે છે ને ? (એનાથી) તીર્થંકરગોત્ર બંધાય !

અરે પ્રભુ ! અહીંયાં તો પરમાત્મસ્વરૂપ ભગવાન ! જેમાં પર્યાયનો પણ અભાવ, વીતરાગી પર્યાયનો પણ જેમાં અભાવ, રાગનો અભાવ તો દ્રવ્યમાં છે જ, પણ જેની વીતરાગી નિર્મળ પર્યાય થાય, ધર્મની વીતરાગી પર્યાય થાય એનો પણ દ્રવ્યમાં અભાવ છે. એવા દ્રવ્યને પકડ અને અનુભવ કર તો તને વીતરાગી સમકિત થાય, આહા..હા...! એ વિનાની લાખ ક્રિયા કર ને ! મરી જા કાયક્લેશ કરી–કરીને (તોપણ ધર્મ નહિ થાય) ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'તેમને જે કાંઈ ક્રિયા છે'** એમ લીધું છે. તેમને જે કાંઈ કેવળજ્ઞાન થયું અને વીતરાગ થયા, એમ નથી (લીધું). છે કે નહિ ? સંસારના નામા મેળવવા હોય તો દિવાળીમાં માળા બધાં બેસે ! (એમ કહે કે) 'કેટલું લેણું–દેણું છે, જુઓ !' પેલો કહે કે, 'તમારી પાસે મારે પાંચ હજારનું લેણું છે !' બીજો કહે 'નહિ, દસ હજાર લેણા છે ! મેળવો !' ત્યાં ચોપડા મેળવે ! ગ્યાસતેલ બાળે ! અહીં કાંઈ ન મળે !

ઓ..હો..હો...હો....! અંદર સંસ્કૃત છે, હોં..! જે કાંઈ ક્રિયા છે તે બધીયે–હાલવાની, ચાલવાની, બોલવાની... આ..હા..હા...! આહારની નહિ હોં..! ભગવાનને આહાર ન હોય. (કોઈ એમ કહે કે) આ ક્રિયાની સાથે આહારની પણ ક્રિયા હોય ! (પણ) ભગવાનને આહાર હોય નહિ ! ભગવાન તો અનંત આનંદનો અનુભવ કરનારા એને આહાર કેવો ? આ..હા..હા...!

શ્વેતાંબરમાં આવે છે કે, પ્રભુનો રોગ થયો હતો. છ મહિના લોહીખંડ જાડો રહ્યો...! બધી કલ્પના..! કલ્પનાથી શાસ્ત્ર બનાવ્યા (છે). એ વીતરાગના (કહેલાં) શાસ્ત્રો નહિ. આહા...! (એક પંડિત) છે તેની સાથે ત્યાં સુધી વાત થયેલી, આ ભગવાનને આહાર ! આહાર તો છે પણ માંસ (ખાધું) એ પણ શાસ્ત્રમાં છે !! ભગવાન માંસ ખાય !! અર.ર..ર...! છે એમાં લખાણ, એની ટીકામાં છે. અહીં છે ને બધાં સૂત્રો ! 'ભગવતી'નું પંદરમું શતક છે અને ટીકામાં છે. વૃદ્ધો એમ કહે છે કે, મૂળ ચીજ માંસ છે, એમ અર્થ કર્યો છે !! એ એમને બતાવ્યું હતું. ભગવાનને આહાર ન હોય ત્યાં માંસ (વળી) કેવા ? માંસ તો સમકિતીને ન હોય. છે અહીં 'ભગવતી' છે. વાંચ્યું છે ને એમાં નીચે લખ્યું છે – 'વૃદ્ધો મૂળ ચીજને માંસ કહે છે.' અર.ર..ર...! મોટી તકરાર છે ! ભગવાનને કવળ આહાર જ હોય નહિ. કેવળી–પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો અનુભવ (જેને), એને આહાર કેવા ? એને ક્ષુધા કેવી ? તૃષા કેવી ? આહા..હા...!

(અહીંયાં કહે છે) હાલવા, ચાલવાની, બોલવાની જે ક્રિયા થાય **'...તે બધીયે તેના (–પુણ્યના) ઉદયના પ્રભાવથી ઉત્પન્ન થઈ હોવાથી,...'** ઠીક ! **'...ઔદયિકી જ છે.'** 'ઔદયિકી' કીધી ! (અર્થાત્) હાલવું, ચાલવું, બોલવું એ ઉદયની ક્રિયા છે. પુણ્યના ફળ તરીકે અરિહંતપણું મળ્યું, એ આમાં ક્યાં આવ્યું ? આ..હા..હા...! અહીં વધારે (લેવાનું) કારણ છે કે, મોટી તકરાર છે ને !

**'અર્હંતભગવંતો ખરેખર જેમને પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો બરાબર પરિપક્વ થયાં છે,...'** તેરમું ગુણસ્થાન છે ત્યારે વાણી આદિ તીર્થંકર પ્રકૃતિનું ફળ આવ્યું છે. ૐધ્વનિ છૂટે ! ભગવાનને ક્યાં ઇચ્છા હતી ? આહા...! **'...તે બધીયે તેના (–પુણ્યના) ઉદયના પ્રભાવથી ઉત્પન્ન થઈ હોવાથી,...'** કઈ ? જે એમની હાલવા, ચાલવા, બોલવાની ક્રિયા છે તે બધી તેના ઉદયના પ્રભાવથી ઉત્પન્ન થઈ હોવાથી **'...ઔદયિકી જ છે.'** આ તો પુણ્યના ફળ તરીકે ઉદયની ક્રિયા છે, એમ કીધું. પુણ્યના ફળ તરીકે ભગવાન અરિહંતપણું પામ્યા, કેવળ પામ્યા, એમ અહીંયાં ક્યાં (કીધું) છે ? આહા..હા...! શાસ્ત્રના પણ ઊંધા અર્થ કરવા ! આહા..!

અહીં કહે છે કે, **'...ઓદયિકી જ છે.'** કોણ ઉદયની (ક્રિયા છે) ? કેવળજ્ઞાન પામ્યા છે એ તો ક્ષાયિક છે અને આ ક્રિયા તો ઔદયિકી છે. પુણ્યના ફળ તરીકે કેવળજ્ઞાન પામ્યા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ ક્યાં કહ્યું છે ? અહીં તો પુણ્યના ફળ તરીકે હાલવા, ચાલવા, બોલવાની ઉદયની ક્રિયા થઈ છે, એ કીધું. આહા..! પણ વાડામાં જ્યાં જન્મ્યા, જે કોઈ કુળે જન્મે અને જેનો વાસ અને સંગ થયો... આ અમારો ધર્મ અને આ અમે માનીએ ! આ..હા..હા...! અરે..! વસ્તુ બાપુ ! એ તે કાંઈ વાડા હશે ! આ તો વીતરાગ ત્રણલોકનો નાથ ! તીર્થંકર જે કહે છે એ કોઈ વાડો ને સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે, આ..હા..હા...!

(હવે કહે છે) '**પરંતુ આવી (પુણ્યના ઉદયથી થયેલી) હોવા છતાં તે સદા ઔદયિકી ક્રિયા,...**' જોયું ? 'પુણ્યના ઉદયથી થયેલી એવી ક્રિયા'–હાલવા, ચાલવાની '**...તે સદા ઔદયિકી ક્રિયા મહા મોહરાજાની સમસ્ત સેનાના અત્યંત ક્ષયે ઉત્પન્ન થઈ હોવાથી,...**' ઠીક ! મોહરાજાના ક્ષયથી ઉત્પન્ન થઈ છે. આહા..હા...! વિશેષ કહેવાશે....

❀ ❀ ❀

## (તા. ૧૭-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૪૨)

'પ્રવચનસાર', ૪૫ ગાથા, ફરીને લઈએ. શું કહેવાય છે ? કે, અરિહંત ભગવાન જે સર્વજ્ઞ પરમેશ્વર ! એ '**અર્હંતભગવંતો ખરેખર જેમને પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો બરાબર પરિપક્વ થયાં છે,...**' આહા...! અરિહંતને ! 'મહાવીર' આદિ ભગવાન થઈ ગયા એ તો અત્યારે સિદ્ધ થઈ ગયા. એ અરિહંતમાં નથી. અરિહંતમાં અત્યારે મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર ભગવાન' આદિ વીસ તીર્થંકરો બિરાજે છે. એ અરિહંતને '**...પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો બરાબર પરિપક્વ થયાં છે,...**' (અર્થાત્) ભગવાનને જ્યારે કેવળજ્ઞાન થયું ત્યારે પૂર્વના તીર્થંકર પ્રકૃતિના પુણ્ય જે હતાં (તેનું) અત્યારે ફળ આવ્યું. તીર્થંકર પ્રકૃતિ બાંધી હતી ત્યારે એ શુભ ભાવ હતો તેથી બંધાણી. હવે એ પ્રકૃતિ તો રહી. પણ (પછી જ્યારે) શુભ ભાવનો નાશ કરી અને વીતરાગતા, સર્વજ્ઞપણું પ્રભુએ પ્રગટ કર્યું, ત્યારે પૂર્વની તીર્થંકર પ્રકૃતિ (બાંધી) છે તે ઉદય(માં) આવી. આહા..હા...! તેથી (એમ કહે છે કે) તેને પુણ્યના ફળ પક્વ થઈ ગયા. ભગવાનનું પરિપૂર્ણ પુણ્ય પ્રાપ્ત થયું.

હવે, '**...તેમને જે કાંઈ ક્રિયા છે,...**' હવે એ ભગવાનને હાલવાની, ચાલવાની, બોલવાની ક્રિયા છે, વાણી છે – ભગવાનને ઉપદેશમાં ૐધ્વનિ ઊઠે, હાલે, એ બધી '**...ક્રિયા છે તે બધીયે તેના (–પુણ્યના) ઉદયના પ્રભાવથી ઉત્પન્ન થઈ હોવાથી,...**' એ તો પૂર્વના પુણ્યને કારણે એ હાલવું, ચાલવું, બોલવું થાય એ પુણ્યને કારણે છે. તેથી '**...ઔદયિકી જ છે.**' ઝીણી વાત છે !

'**પરંતુ આવી (પુણ્યના ઉદયથી થયેલી) હોવા છતાં તે સદા ઔદયિકી ક્રિયા,...**' કહે છે કે, ભલે નામકર્મનું કર્મ (બાંધેલું) હતું એવું એને ઉદય આવ્યું પણ '**...મહા મોહરાજાની સમસ્ત**

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સેનાના અત્યંત ક્ષયે ઉત્પન્ન થઈ હોવાથી,...**' (અર્થાત્ ભગવાનને) મોહ છે નહિ, રાગ–દ્વેષ છે નહિ. (હવે) તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવ્યો–સમવસરણ (થયું), વાણી–ધ્વનિ નીકળે, સવારમાં છ ઘડી, બપોરે છ ઘડી, સાંજના છ ઘડી ૐધ્વનિ ઊઠે, બાર સભા ભરાય, પણ એ ૐની ક્રિયા આદિ જે છે, એ વચનયોગની ક્રિયા અને હાલવા–ચાલવાની કાયયોગની ક્રિયા, એ બધી પૂર્વના પુણ્યને લઈને છે. (છતાં) મોહ ને રાગ–દ્વેષ નથી તેથી તે ક્રિયા બંધનું કારણ થતી નથી. આવી વાતું છે ! હજી અરિહંત કેવા કહેવાય, એની ખબરું ન મળે ! આ..હા..હા...!

પરમેશ્વર બોલે ! એમ પરમેશ્વર બોલતા નથી, કહે છે કે, એ તો પૂર્વના કર્મનું નિમિત્ત છે એથી વાણી નીકળે છે. આ..હા..હા...! એ તો વીતરાગ છે. સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણ છે. એને (જે) ચાલવાની ક્રિયા (થાય છે, તેમાં) 'હું ચાલું છું' એમ છે નહિ. એ તો દેહની–જડની ક્રિયા (છે). બોલવામાં ભાષા થાય એ જડની (અવસ્થા છે). આ..હા..હા...! પણ તે ક્રિયા મોહના અત્યંત ક્ષયે ઉત્પન્ન થઈ હોવાથી '**...મોહરાગદ્વેષ ઉપરંજકોના અભાવને લીધે,...**' (ઉપરંજક એટલે મલિનભાવ). ભગવાનને મલિન ભાવ નથી. આહા..હા...!

'**...ચૈતન્યના વિકારનું કારણ નહિ થતી હોવાથી,...**' એ ક્રિયા આત્માને વિકારનું કારણ થતી નથી. આહા...! જેમ અનાદિ અજ્ઞાનીને હાલવા, ચાલવાની, બોલવાની ક્રિયા થાય એ રાગ–દ્વેષ સહિત છે. (અર્થાત્) 'હું બોલું, હું દેહને હલાવું' એવો અજ્ઞાનીનો મિથ્યાત્વભાવ છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! એ અજ્ઞાનભાવ છે કે, 'હું બોલી શકું છું, હું હાલી શકું છું' ! આ..હા..હા...! છે ? '**...મોહરાગદ્વેષરૂપ ઉપરંજકોના,...**' ઉપરંજક એટલે વિકારી ભાવના '**...અભાવને લીધે ચૈતન્યના વિકારનું કારણ નહિ થતી હોવાથી, કાર્યભૂત બંધના અકારણભૂતપણા વડે,...**' આ..હા..હા...! (અર્થાત્) જે બંધ(રૂપ) કાર્ય આવવું જોઈએ તેનું અકારણ છે, (એટલે કે) બંધ થતો નથી. એક સમયની કંપનની (ક્રિયા થાય) છે, એ એક સમય થાય છે પણ એનો બંધ ખરી જાય છે. એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**...બંધના અકારણભૂતપણા વડે,...**' આ..હા..હા...! દેહની હાલવા, ચાલવાની ક્રિયા, બોલવાની ક્રિયા એ '**...બંધના અકારણભૂતપણા વડે અને કાર્યભૂત મોક્ષના કારણભૂતપણા વડે,...**' આ..હા..હા...! એટલો ક્ષય થઈ જાય છે, નાશ થઈ જાય છે. એટલે ભાષાનો ઉદય જે છે એ નાશ થતો જાય છે, હાલે છે એના ઉદયનો નાશ થતો જાય છે. એથી એ (ક્રિયા) મોક્ષનું કારણ છે, એમ ઠરાવે છે ! આહા..હા...! બંધનું અકારણ છે અને '**...મોક્ષના કારણભૂતપણા વડે ક્ષાયિકી જ કેમ ન માનવી જોઈએ ?**' સમજાય છે આમાં કાંઈ ?

અનાદિનો જે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ છે એને તો 'હું હાલું છું, બોલું છું' એવો એને રાગ અને દ્વેષ હોય છે. અને હાલવાની ક્રિયા જડની છે છતાં 'હું કરી શકું છું' એમ માને છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે, એને 'ધર્મ'ની ખબર નથી, આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીંયાં તો પૂર્વના પુણ્યનું ફળ તેરમે (ગુણસ્થાને) પાકું આવ્યું. કેમકે તીર્થંકરપ્રકૃતિનું ફળ જ તેરમે (ગુણસ્થાને) આવે છે. પ્રકૃતિ ચોથે, પાંચમે, છઠ્ઠે બંધાય. એ સમકિતીને બંધાય. અજ્ઞાની (કે) જે હજી રાગથી ધર્મ માને છે), દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ છે, એને ધર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માને (છે), એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને જૈનધર્મની ખબર નથી. પણ જેને ખબર છે કે, આ રાગ છે એ બંધનું કારણ છે, મારો પ્રભુ આત્મા (જ્ઞાન) સ્વરૂપી છે એ અબંધસ્વરૂપી છે, '**जो पस्सदि अप्पाणं**' (અર્થાત્) જેણે આત્માને અબંધ જોયો (તે જ્ઞાની છે). આહા..હા...! પરિણામમાં પરિણામથી અંદર પોતે અબંધસ્વરૂપ ભગવાન પૂર્ણ ધ્રુવ છે, એને જેણે જોયો ને માન્યો, એને હવે (જે) કાંઈ રાગ આવે તો તે બંધનું–પુણ્યનું કારણ થાય. (પણ) એ હાલવા, ચાલવાની ક્રિયા (બંધનું કારણ થતી નથી). પેલો રાગ આવ્યો એ બંધનું કારણ થાય. આ..હા..હા...! એ (રાગાદિ) ભગવાનને છે નહિ.

એટલે કે '**...બંધના અકારણભૂતપણા વડે અને કાર્યભૂત મોક્ષના કારણભૂતપણા વડે,...**' આ..હા..હા...! અરિહંત શું છે ? અને અરિહંતને શું થાય છે ? (તેની અજ્ઞાનીને ખબર ન મળે અને) 'ણમો અરિહંતાણં' (કરીને કરે) જય નારાયણ...! થઈ રહ્યું... ગડિયો હાંક્યો..! 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં...' એને તો એ બોલું છું એ મારી ક્રિયા છે, એમ માને છે. 'ણમો અરિહંતાણં' એ ભાષા તો જડની ક્રિયા છે. અજ્ઞાની એમ માને છે કે, 'એ મારી ક્રિયા છે, હું બોલું છું.' આ..હા..હા...! એને તો 'જૈનધર્મ' શું છે એની એને ખબર નથી, આહા..હા...!

એ રાગ થાય તે મારી ક્રિયા નથી પણ હું તો ચૈતન્ય, શુદ્ધ ચૈતન્ય છું ! એવું જેને સમ્યગ્દર્શન છે... આહા...! હજી તો ગૃહસ્થાશ્રમમાં ભલે હો..! પણ જેણે રાગથી ભિન્ન પડી, અંદર શુદ્ધ આત્મા ચૈતન્ય આનંદકંદ છે, સુખનો સાગર છે, અતીન્દ્રિય જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ આત્મા છે ! (એમ જાણ્યું, તે જ્ઞાની છે). (કોઈને એમ લાગે) કોને ખબર છે ક્યાં છે ? આહા..હા...! એવા આત્માનું જેને જ્ઞાન થાય છે, સમકિત થાય છે એને એવો વિકલ્પ આવે કે, 'હું જગતને ધર્મ પમાડું !' એમાં તીર્થંકર ગોત્ર બંધાઈ જાય. એ તીર્થંકર ગોત્ર બંધાય એનો ઉદય ક્યારે આવે ? કે, જ્યારે એ રાગનો નાશ કરી અને કેવળ પામે, અરિહંતપદ પામે, ત્યારે એ પ્રકૃતિનો ઉદય આવે. તેથી અહીં કીધું કે, પુણ્યનાં પાકાં ફળ ત્યાં આવ્યાં ! આ..હા..હા...! કહો, સમજાય છે કાંઈ ? ઝીણી વાત, બાપુ !

અત્યારે તો 'ણમો અરિહંતાણં.. ણમો સિદ્ધાણં કરો... અને સામાયિક કરો ને પોષા કરો...!' ધૂળેય નથી ! સામાયિક ક્યાં હતી તારે ! હજી આત્મા શું છે એનું ભાન નથી ! આત્મા શું કરી શકે છે એની ખબરુ નથી ! એને સામાયિક કેવી ને પોષા કેવા ? એ તો અજ્ઞાનભાવ છે, આહા..હા...!

અહીંયાં તો કહે છે, આત્મા રાગથી રહિત, દેહની ક્રિયા કર્યા વિનાનો જીવ છે. એવા જીવના સ્વરૂપનું, અનંત આનંદ અને જ્ઞાનનું ભાન થયું, એ ધ્રુવ ચીજ છે, નિત્ય પ્રભુ છે ! એ ધ્રુવનું જેણે ધ્યેય કરીને ધ્યાન કર્યું અને સમકિત થયું... આહા..હા...! એને હજી વીતરાગ નથી (થયા) એટલે રાગ થાય, એ રાગ આવે એમાં તીર્થંકરગોત્ર બંધાય. છતાં એ તીર્થંકરગોત્રનું ફળ રાગ છે ત્યાં સુધી નહિ આવે. એ રાગનો નાશ (કરશે ત્યારે આવશે). આવી વાતું છે, ભાઈ ! વીતરાગમાર્ગ ઝીણો બહુ, બાપુ ! અત્યારે તો બધી મોટી ગડબડો થઈ ગઈ ! આહા..હા...!

એ પુણ્યનું ફળ, તીર્થંકરગોત્રનો ઉદય કેવળીને આવે. તેથી અહીંયાં કહ્યું ને ? (કે), '**જેમને**

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો બરાબર પરિપક્વ થયાં**' છે ને ? તેરમે (ગુણસ્થાને) ! આ..હા..હા...! છતાં તે ક્રિયાના ઉદયમાં વાણી નીકળે, હાલે, ભગવાન હજારો ગાઉનો વિહાર કરે.. આહા..હા...! એ દેહની ક્રિયા અને વાણીની ક્રિયા તે પૂર્વના પુણ્યના ઉદયને લઈને થાય. આ..હા..હા...! એમાં ભગવાનને મોહ ને રાગ–દ્વેષ છે નહિ. તેથી તે ઉદય થયેલી ક્રિયા ખરી જાય છે. આહા..હા...! છે ? (માટે કહ્યું કે) '**...બંધના અકારણભૂતપણા વડે,...**' ! આ કંઈ વાર્તા નથી ! આ તો વસ્તુનું તત્ત્વ છે ! ઝીણું બહુ, ભાઈ ! આહા...!

જગતને ક્યાં પડી છે ? જેમાં જન્મ્યો, જેમાં (મોટો) થયો.. આ ધંધા કરવા ને પૈસા ભેગા થયા ને બાયડી, છોકરાને સાચવવા...! એકલું પાપ..! ધર્મ તો નથી પણ ત્યાં તો પુણ્ય પણ નથી ! આહા...! સમજાણું કાંઈ ? પણ હમેશાં બે–ચાર કલાક સાચું સાંભળવાનું મળે અને તેમાં શુભ ભાવ રાખે તો એને પુણ્ય પણ બંધાય. ધર્મ તો નહિ ! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે, એ પુણ્ય છે, રાગ છે, આહા..હા...! એ રાગથી ભિન્ન ચૈતન્યમૂર્તિ ભગવાનનો આત્મા જેમ વીતરાગભાવે પ્રગટ થયો, એવો જ આત્મા અંદર જિનસ્વરૂપે વીતરાગમૂર્તિ પ્રભુ છે. (આ વાત) ક્યાં બેસે... ?

'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન' અંદર જિનસ્વરૂપી પ્રભુ છે ! તને ખબર નથી. આ..હા..હા...! એ જિનસ્વરૂપી ભગવાનઆત્માનું ધ્યેય કરીને, પરિણામનું લક્ષ છોડીને, આ..હા..હા...! રાગનું લક્ષ છોડીને, નિમિત્તનું લક્ષ છોડીને, જેણે શુદ્ધ ચૈતન્યમૂર્તિ (ઉપર) દૃષ્ટિ સ્થાપી... આ..હા..હા...! એને સમ્યગ્દર્શન થાય. ત્યારે તેને ધર્મની પહેલી શરૂઆત કહેવામાં આવે. આહા...! સમજાણું કાંઈ ? એને જ્યારે એવો વિકલ્પ આવે કે, 'અરે..! જગતના જીવો ધર્મ પામે !' તો એ વિકલ્પથી તીર્થંકર પ્રકૃતિ બંધાઈ જાય. પણ એ બંધાય એનું ફળ ક્યારે આવે ? કે, પેલા રાગનો નાશ કરીને વીતરાગ થાય ત્યારે એ પ્રકૃતિનું ફળ આવે. આહા..હા...!

શ્રોતા :-- એમાં ઉદીરણા ન થાય ?

સમાધાન :-- કાંઈ ન થાય... ! ઝીણી વાત છે, બાપુ ! આ તો જિનેશ્વર, પરમેશ્વરનો માર્ગ છે ! એ માર્ગ બીજે ક્યાંય નથી. એના વાડાવાળાને ખબર નથી ને હજી ! વાડામાં પડ્યા ને (માને કે) 'અમે શ્રાવક છીએ ! ને સાધુ (છીએ) !' ક્યાં શ્રાવક ને સાધુ હતા ! આહા..હા...! હજી તો સમકિત કોને કહેવું એનાં ઠેકાણાં નથી.

(અહીંયાં) કહે છે કે, ભગવાનને જે પ્રકૃતિ બંધાણી, એ જે ભાવે બંધાણી, એ ભાવનો જ્યારે નાશ કર્યો અને પોતે સર્વજ્ઞ વીતરાગ થયા, ત્યારે પૂર્વ પ્રકૃતિનું ફળ પાકી ગયું, આવી ગયું. (એ ફળ) આવ્યું એટલે વિહાર થાય, ભાષા નીકળે, ૐધ્વનિ નીકળે ! ભગવાનને આવી ભાષા ન હોય. વીતરાગ છે એને આવી ભાષા ન હોય. વીતરાગને હોઠ બંધ હોય, કંઠ બંધ (હોય અને) ૐ.... એવી ધ્વનિ ઊઠે !

'ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે' સંતો એ ભગવાનની વાણી સાંભળીને વિચારે. એમાંથી આગમની રચના કરે. એ આગમની રચનામાંથી ધર્મી જીવ સંશયને ટાળે. આગમમાં એમ કહ્યું છે કે, 'પ્રભુ ! તું તારા આત્મા ઉપર જા !' આ..હા..હા...! ('સમયસાર'–ચોથા કળશમાં)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવ્યું ને ? 'જિનવચનમાં રમન્તિ' ! એટલે કે અંદર શુદ્ધ આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે ત્યાં તારી દૃષ્ટિ દે ! આ..હા..હા...! તો તને સમ્યગ્દર્શન થશે. ધર્મની પહેલી સીઢી ! એ વિના ધર્મ છે નહિ. લાખ વ્રત ને કરોડ ક્રિયાકાંડ કરે... એ બધું બંધનું કારણ છે. આ..હા..હા...! એ બંધનું કારણ છે એ મિથ્યાત્વ સહિત બંધનું કારણ છે. અને આત્મજ્ઞાન ને સમ્યગ્દર્શન થયા પછી જે રાગ આવ્યો અને એમાં તીર્થંકર પ્રકૃતિનો જે બંધ પડે, એનું ફળ એ રાગનો નાશ કરે અને કેવળ પામે ત્યારે આવે. એટલે રાગને લઈને અરિહંતપદ મળ્યું, એમ નથી. અત્યારે આમાં મોટો વાંધો છે ! પાઠ નીકળ્યો ને આમાં ! 'પુણ્યફલા અરહંતા' ! (એટલે કહે) 'પુણ્યનું ફળ અરિહંત છે !' અરે.. સાંભળને..! પુણ્યનું ફળ તો જે ક્રિયા ઉદય આવી તે છે. અરિહંતપણું પામ્યા એ પુણ્યને લઈને છે ?

અહીં એ કહે છે કે, ભગવાનને જ્યારે પુણ્યનું પરિપક્વ ફળ આવ્યું ત્યારે તેની હાલવા, ચાલવાની, બોલવાની બધી ક્રિયાઓથી એને રાગ, દ્વેષ ને મોહ નથી તેથી તેને બંધ પડતો નથી. એટલે બંધનું અકારણ થયું ત્યારે કાર્યભૂત મોક્ષનું કારણ થયું. શું કહ્યું સમજાણું કાંઈ ? ક્ષણે–ક્ષણે જે વિકૃત દશા (થાય)... ઉદય હોં..! અંદર 'નામકર્મ'નો ઉદય ! એ ક્ષણે–ક્ષણે આવે એ ખરી જાય છે. એટલે બંધનું અકારણ અને મોક્ષનું કાર્ય (એવી એ ક્રિયા છે). અરે.. અરે..! આવી વાતું હવે...! નવરા કે દિ' વાણિયા ધંધા આડે ! આખો દિ' પાપ...! નવરો થાય, કલાક સાંભળવા જાય તો એને એવું સાંભળવા મળે... 'વ્રત કરો, અપવાસ કરો, તમારે કલ્યાણ થાશે !' હવે એ ક્રિયા તો રાગની છે. આ..હા..હા...! એવું તો અનંતવાર કર્યું છે. 'મુનિવ્રત ધાર અનંત બેર, ગ્રિવેયક ઉપજાયો'–હજારો રાણી છોડીને મુનિપણું અનંતવાર લીધું, પંચ મહાવ્રત પાળ્યાં, પણ એ તો રાગ છે. પંચ મહાવ્રત એ રાગ છે, એ કાંઈ ધર્મ નથી ! આ..હા..હા...!

અહીં કહે છે કે, જેને આત્મજ્ઞાન થયું, જેને ધ્રુવ આત્માના અવલંબને સમ્યગ્દર્શન થયું... આ..હા..હા...! એ જીવને હવે તીર્થંકરપણાના બંધનનો ભાવ આવ્યો. તીર્થંકર પ્રકૃતિ પણ રાગભાવથી બંધાય છે. (એ) ધર્મ નથી. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

(સંવત) '૮૫ની (સાલમાં) જ્યારે સંપ્રદાયમાં હતા, ત્યારે 'બોટાદ'માં કહ્યું... '૮૫ની સાલ ! કેટલાં વર્ષ થયાં ? પચાસ..! પચાસ વર્ષ પહેલાં ! દિક્ષા (લીધાને) છાસઠમું વર્ષ ચાલે છે. છાસઠ તો દિક્ષા (લીધા) થયા ! (આ) વૈશાખમાં શરીરને નેવુંમું વર્ષ બેસશે ! 'બોટાદ' (માં) હજારો માણસો (સભામાં આવે) ! મોટા લાખોપતિ ! પચાસ–પચાસ હજારની પેદાશવાળા ! મોટી સભા..! અપાસરામાં સમાય નહિ. એટલું માન હતું ને ! અમારી પ્રસિદ્ધિ એટલે (માણસો આવે) ! એક વખત હળવેથી કહ્યું, 'ભાઈ ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ રાગ છે, ધર્મ નહિ ! કડક ભાષાથી કહીએ તો તે અધર્મ છે !' (કારણ કે) ધર્મથી બંધ ન પડે. ધર્મ તો, આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ભાન થઈને વીતરાગી નિર્મળ દશા થાય, તે ધર્મ છે. એ ધર્મથી બંધન ન થાય. આહા..હા...! એ બંધન થયું છે, એ ભાવ ધર્મ નથી. પણ તે દિ' તો અમારી પ્રસિદ્ધિ મોટી હતી ને ! 'કાનજીસ્વામી બોલે એટલે સામે બોલાય નહિ !' પચાસ વર્ષ પહેલાની વાત છે ! પછી તો જ્યાં ફેરફાર કર્યો ત્યાં.... હાય..હાય... (થઈ ગયું) ! ભાઈ ! તને ખબર નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ રાગ છે, તીર્થંકર પ્રકૃતિ બંધાય એ રાગ છે. બંધનનું જે કારણ હોય, એ ધર્મ ન હોય. ધર્મ તો નિર્જરાનું કારણ થાય. આત્માનું જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય, એ બંધનું કારણ ન હોય, આ..હા..હા...! પણ કોને એવી પડી છે...! જય નારાયણ...! જે સંપ્રદાયમાં જન્મ્યા, એના કૂળમાં (જેનો) સંગ થયો એ માન્યું ! બે ઘડી, કલાક જઈ આવ્યા, સાંભળી આવ્યા... થઈ ગયો ધર્મ...! આહા..હા...! એવું જ બધાએ કર્યું હતું ને ! અમે પણ એમ કરતા ને !! આહા..હા...!

'પાલેજ'માં પિતાજીની ઘરની દુકાન હતી. જ્યારે દુકાન પર જતા ત્યારે પજોસણના દિવસ હોય ત્યારે સાંજે પડિકમણા કરીએ ! આ તો સિત્તેર વર્ષ પહેલાની વાત (છે), હોં...! પડિકમણા કરીએ, સામાયિક કરીએ, પણ એ બધી રાગની ક્રિયા..! એ વખતે માનતા કે, અમે ધર્મ કરીએ (છીએ) ! અપવાસ કરીએ, અપવાસ કરે એ તપસ્યા (કહેવાય), અને તપસ્યા એ નિર્જરા ! ધૂળમાંય નથી...!

'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં હમણાં 'ઉપવાસ'ની વ્યાખ્યા બતાવી હતી ને ? 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં એવી વ્યાખ્યા છે કે, 'ઉપવાસ' કહેવો કોને ? કે, આ જડ ઇન્દ્રિયો જીતી... આ ઇન્દ્રિયો તો જડ છે, માટી છે. એક–એક વિષયને જાણે એ ભાવેન્દ્રિય છે અને એનો વિષય ભગવાન ને ભગવાનની વાણી ને દેવ, ગુરુ, શાસ્ત્ર અને બાયડી–છોકરા, એ બધાં એનો વિષય છે. એ ઇન્દ્રિય છે. એ એનું લક્ષ છોડે અને ઇન્દ્રિયને જીતે અને આત્માના આનંદસ્વરૂપમાં 'ઉપ' નામ સમીપમાં ('વાસ' નામ) વસે, તેને 'ઉપવાસ' કહેવામાં આવે છે. 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં છે. આ..હા..હા...! આ બધાં 'વર્ષીતપ' કરે છે, એ તો બધી 'લાંઘણું' છે ! આકરી વાત છે, પ્રભુ ! દુનિયાને બચારાને ક્યાં પડી (છે) ! મરીને ક્યાં જાશું ? (એની ક્યાં પડી છે). દુકાનની અને ધંધાની આખો દિ' મજૂરી કરે ! મજૂર મોટા..! રાગના મજૂર..! સાચું હશે ? આખો દિ' (ધંધો) કરે એ મજૂરી હશે ? આ..હા..હા...! એમાં આખો દિ' રાગ ને દ્વેષ ! આ કર્યું ને આ કર્યું ! નવરો થાય તો બાયડી–છોકરા સાચવવા માટે રોકાય ! એનાથી નવરો થાય ત્યાં છ–સાત (કલાક) રાતે ઊંઘમાં જાય ! એ નવરો કે દિ' થાય કે આ ધર્મ શું છે ?

આ..હા..હા...! અહીં તો પરમાત્મા એમ કહે છે, જિનેશ્વરદેવનો હુકમ છે ! જિનેશ્વરદેવની આજ્ઞા છે કે, જિનેશ્વરદેવને જે કંઈ ક્રિયા થાય એ પૂર્વના પુણ્યના ફળને લઈને થાય છે. આહા..હા...! એને એ ક્રિયા બંધનું કારણ નથી. કેમકે ત્યાં મોહ અને રાગનો નાશ થયો છે, આહા..હા...! પછી કહેશે હોં..! કે, ભગવાનને રાગ ને મોહને નાશ થયો માટે બીજા બધાંને પણ ક્રિયામાં શુભાશુભ ભાવ છે જ નહિ, એમ નથી. પછી ૪૬ (ગાથામાં) આવશે. આહા..હા...! અજ્ઞાની પ્રાણી અનાદિના સંસારમાં જે કંઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કરે તે રાગ છે. એ શુભ છે, એનાથી પુણ્ય બંધાશે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, દુકાનમાં વ્યવસ્થિત બેસીને ધંધામાં કમાવું, એ બધું પાપ છે, આહા..હા...! એ પુણ્ય અને પાપના ભાવરૂપે અજ્ઞાનથી જીવ પરિણમે છે. એની ક્રિયામાં પુણ્ય–પાપનું બંધન નથી, એમ છે નહિ. એમ કહે છે, આ..હા..હા...! આવું ભારે કામ, ભાઈ !

અહીં તો ખૂબી શું કીધી છે ? ઓ..હો..હો..હો....! કે, એ રાગથી બંધન થયું, એ રાગનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાશ કરીને અંદરમાં આત્મા પૂર્ણ ધ્રુવ સ્વરૂપનો પૂર્ણ આશ્રય કરી અને જિનેશ્વર પરમાત્માને કેવળજ્ઞાન થયું એ પરમેશ્વર વાણીમાં એમ કહે છે કે, જે આ વાણી નીકળે અને આ હાલવા, ચાલવાની ક્રિયા થાય, એ પૂર્વના પુણ્યના ફળ પાકી ગયા એની ક્રિયા છે. અને તેથી તે બંધનું કારણ થતી નથી. કારણ કે તેમાં મોહ ને રાગ–દ્વેષ નથી. બંધનું કારણ થતી નથી, એ તો એક કોર રાખો ! પણ કાર્યભૂત મોક્ષનું કારણ થાય છે ! ખરી જાય છે ને ! (એટલે મોક્ષનું કારણ થાય છે). મોક્ષ એટલે ભાવમોક્ષ તો થઈ ગયેલો છે, પણ જેટલો નામકર્મની પ્રકૃતિનો ઉદય આવે છે એટલો ખરતો જાય છે. એટલે ત્યાં એટલી ક્ષાયિકભાવની શુદ્ધિ થતી જાય છે, એમ. આવું છે ! છતાં એ ક્ષાયિકભાવ આત્મા–વસ્તુ છે એમાં નથી. અરે.. અરે...! આવી વાતું હવે...! ક્ષાયિકભાવ એ પર્યાય છે. અને ભગવાનઆત્મા સત્ ચિદાનંદ પ્રભુ ! શુદ્ધ આનંદનો સાગર ! દ્રવ્ય છે, એમાં એ ક્ષાયિકભાવ નથી. પર્યાયમાં ક્ષાયિકભાવ છે. આ..હા..હા...! પણ તે ક્ષાયિકભાવ કેમ થયો ? કે, દ્રવ્યસ્વભાવ જે આત્મા નિત્યાનંદ પ્રભુ ! દૃષ્ટિમાં એનો આશ્રય લઈને એમાં અંદર ઠર્યો... આ..હા..હા...! ત્યારે તેને કેવળજ્ઞાન અને વીતરાગતા થઈ, આ..હા..હા...!

આવી કઈ જાતની વાત !! વીતરાગનો માર્ગ હશે આ !? જૈન પરમેશ્વરનો માર્ગ હશે આ ? અમે તો ભાઈ એમ સાંભળીએ કે, 'સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો, છ પરબી બ્રહ્મચર્ય પાળો, છ પરબી કંદમૂળ ન ખાઓ, ચોવીયાર કરો.. આવું સાંભળીએ છીએ !!' દેરાવાસીમાં 'આ કરો.. પૂજા કરો.. ભક્તિ કરો...જાત્રા કરો.. સિદ્ધચક્ર (વિધાન કરો) !' સાંભળ..! સાંભળ...! એ બધી રાગની ક્રિયાઓની વાતું છે. આહા..હા...! એ રાગથી તો એને બંધન (થાય) અને ધર્મ માને તો મિથ્યાત્વનું બંધન છે.

આ..હા..હા...! અહીંયાં તો જ્યારે પરમાત્માને કેવળજ્ઞાન થયું, (ત્યારે) બંધનના કારણનો નાશ કર્યો. એ પ્રકૃતિનું બંધન થયું હતું એનું કારણ શુભ રાગ હતો. એ શુભરાગનો નાશ કર્યો, ત્યારે વીતરાગતા થઈને કેવળ થયું, તે કાળે પેલી પ્રકૃતિ બંધાયેલી તે ફળમાં આવી, આહા..હા...! તેથી તે ઉદયની ક્રિયા સમયે–સમયે ખરી જાય છે માટે બંધનું અકારણ છે અને મોક્ષરૂપી કાર્ય થાય તેનું એ કારણ છે. અરે.. અરે..! આવી વાતું છે !!

પેલા તો ઇચ્છામી પડિકમણા કરે... જાઓ..! કાંઈ છે સમજવાનું એમાં ? મિચ્છામી દુક્કડમ્.. જાઓ..! કાંઈ ભાન ન મળે કે, આ શબ્દ શું છે ? આ બોલું છું એ વાણી કોની છે ? અંદર વિકલ્પ ઊઠે એ રાગ છે કે આત્મા છે ? (એની કાંઈ ખબર ન મળે) ! આહા..હા...!

'લોગસ્સ'નું એક વાર કહ્યું નહોતું ? 'લોગસ્સ'માં આવે છે ને ? 'વિહ્યરયમલા' ! 'લીમડી'(માં) એક દસાશ્રીમાળીની બાઈ હતી. ત્યાં બે અપસરા છે–એક સંઘવીનો અપાસરો અને એક શેઠનો અપાસરો. શેઠના અપાસરામાં ઘણા દસાશ્રીમાળી અને સંઘવીના અપાસરામાં વીસા. અમે તો બન્ને જોયા છે ને ! એમાં દસાશ્રીમાળીને અને વીસાશ્રીમાળીને વિરોધ હતો. દસાશ્રીમાળીની એક બાઈ સામાયિક કરીને બેઠી. એની માનેલી..! એમાં 'લોગસ્સ' આવ્યો 'લોગસ્સ' ! 'વિહ્યરયમલા' ! એ એવું બોલી કે, 'વીસારોઈમલ્યા' ! કોઈક કહે, આપણી તકરાર આ લોગસ્સમાં ક્યાંથી આવી !? એને 'વિહ્યરયમલા'ના અર્થની પણ ખબર ન મળે ! ગડિયો હાંકે જાય... ! આ..હા..હા...! આપણી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દસા–વીસાની તકરાર લોગસ્સમાં ક્યાંથી આવી ? 'વીસારોઈમલ્યા' ! જુઓ તો ખરા !

આ તો 'વિહૂયરયમલા' છે. 'વિહૂય' એટલે વિશેષે 'હૂય' ટાળ્યા. હે પરમાત્મા ! હે સિદ્ધ પ્રભુ ! આપે 'વિહૂયરયમલા' વિશેષે 'હૂય' ટાળ્યા છે. 'રજ' એટલે કર્મરજ અને 'મળ' એટલે પુણ્ય–પાપના ભાવ. 'રયમલા'ના બે અર્થ છે. 'રજ' એટલે કર્મરજ અને 'મળ' એટલે પુણ્ય–પાપનો મેલ. આપે એ બન્નેને ટાળ્યા છે. એ 'વિહૂયરયમલા'નો અર્થ છે. શું અર્થ હશે ? કોને ખબર ? લોગસ્સ ભણીને (એમને એમ ચાલ્યા જાય). અને પેલું 'નમોત્થુણં' ! આવે છે ને ? 'સરણં ગઈ પઈટ્ઠા' ! 'નમોત્થુણં'માં નથી આવતું ? 'અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં.... સરણં ગઈ પઈટ્ઠા...' એક બાઈ બોલવા માંડી 'સંધ્યા ટાણે સંઘવી પીટ્યા' !! પેલું 'સરણં ગઈ પઈટ્ઠા' આવ્યું ને ? (એમાં એ બોલી). પણ આ 'નમોત્થુણં'માં ક્યાંથી આવ્યું ? અર્થની પણ ખબર ન મળે ! ભાવ તો ક્યાં છે ? આહા...! નવરાશ પણ ક્યાં છે એટલી બધી ? ભાઈ ! આવે છે ને ? 'સરણં ગઈ પઈટ્ઠા' ! 'અપડિહયવર–નાણદંસણધરાણં', 'સરણં ગઈ પઈટ્ઠા' (અર્થાત્) પ્રભુ ! આપ તો શરણ છો ! આત્માના આધાર છો ! વ્યવહારથી એમ કીધું. ત્યારે પેલા કહે 'સંધ્યાટાણે સંઘવી પીટ્યા' પણ આ અર્થ ક્યાંથી કાઢ્યો ? અર્થની પણ ખબર ન મળે ! હજી તો વ્યવહાર (ની ખબર ન મળે) ! (ત્યાં) નિશ્ચય તો ક્યાં છે ! સમકિત તો ક્યાં છે ! પણ વ્યવહારના એના અર્થ શું ? અને એ વખતે ભાવ શુભ છે કે કેવો (છે) ? એની પણ ખબર ન મળે. આંધળી દોડ બધી ચાલી છે !! આહા..! આ..હા..હા...!

અહીં પરમાત્મા જિનેશ્વરદેવનો હુકમ છે ! એમનું ફરમાન છે ! એમની આજ્ઞા છે ! કે, જે કંઈ તીર્થંકર પ્રકૃતિ બંધાય તે ભાવ રાગ છે. એ રાગ તે અધર્મ છે. બે બોલ કહ્યા.

(સંવત) '૮૫ની વાત છે. 'બોટાદ' ! મોટી સભા..! અહીં તો આબરૂ મોટી હતી ને ! 'કાનજીસ્વામી' એટલે ઓ..હો..હો...! એવી ક્રિયા પણ આકરી કરતાં, જડની...! (એક દિવસ કહ્યું) 'જુઓ ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ રાગ છે, ધર્મ નથી. અને પંચ મહાવ્રતના પરિણામ આસ્રવ છે.' એ વખતે (કોઈ) બોલે નહિ, (એમ સમજે કે) મહારાજ કંઈક કહેતા હશે ! પંચ મહાવ્રતના પરિણામ દયા, અહિંસા, સત્ય, એ રાગ છે, આસ્રવ છે. એ બંધનું કારણ છે, ધર્મ નથી. '૮૫ના 'પોષ' મહિનાની વાત છે. છાસઠ (વર્ષ) તો દિક્ષા (લીધાને) થયા. બાવીસ વર્ષે દુકાન છોડી (અને) સાડી ત્રેવીસ વર્ષે દિક્ષા લીધી હતી. 'પાલેજ' દુકાન છે ને ? 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. મોટી દુકાન છે. હમણાં ગયા હતા. ચાલીસ લાખ રૂપિયા છે, ત્રણ–ચાર લાખની પેદાશ છે. મેં એ દુકાન પાંચ વર્ષ ચલાવી હતી ! ત્રેસઠની સાલથી અડસઠ (સુધી), પાંચ વર્ષ ! સત્તર વર્ષથી બાવીસ (સુધી), પાંચ વર્ષ ! પાપ ! આહા..હા...! પણ આ વસ્તુની ખબર નહિ. આહા...! પછી તો જ્યારે અંદરથી આવ્યું... ઓય.. માળો..! માર્ગ તો બીજો હતો.. ! દિક્ષા લીધી હતી.. (પણ) આ દિક્ષા નહિ... ! પછી તો દિક્ષા લેવા મારી પાસે ઘણા આવતા. (પણ) 'અમે દિક્ષા આપતા નથી', કીધું. (તેને) એમ કેમ કહેવું કે, આ દિક્ષા નથી, સાધુપણું આવું હોય નહિ. આહા...! આ માર્ગ જુદા, ભાઈ ! આ..હા..હા...!

અહીં તો પરમાત્માનું ફરમાન છે કે, અમને જે કેવળજ્ઞાન થયું, એ અમે આત્માનો પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આશ્રય લઈ, રાગનો અભાવ કરી, અને કેવળજ્ઞાન પામ્યા છીએ. પણ જે રાગે બંધ પડ્યો હતો એ (તીર્થંકર) પ્રકૃતિ હજી (સત્તામાં) રહી (છે). એ પ્રકૃતિનો ઉદય અમને કેવળજ્ઞાન થયું ત્યારે આવ્યો, આહા..હા...! એ વખતે જે હાલવા, ચાલવાની ક્રિયા થઈ એમાં પૂર્વના પુણ્યની નામકર્મની પ્રકૃતિનું એમાં નિમિત્ત છે. એ ક્ષણે–ક્ષણે ખરતું જાય છે. માટે બંધનું અકારણ છે અને કાર્યભૂત મોક્ષનું કારણ છે. જેટલું ખરતું જાય એટલો આગળ વધતો જાય, આહા..હા...! આવી વાતું હવે...! કઈ જાતની આ વાત !!

શ્રોતા :-- સમકિતીને પણ આ ઘટે ને ?

સમાધાન :-- સમકિતીને પણ એ છે. રાગ આવે છે એટલો એને બંધ છે. ખરે છે, (એમ) નહિ. એ તો દૃષ્ટિના જોરે ખરે છે, કીધું છે, એ તો અપેક્ષાએ કીધું છે. (પણ) જેટલો રાગ આવે છે એટલું બંધનું કારણ છે. પંચ મહાવ્રતના પરિણામ આવે, એ રાગ છે, આસ્રવ છે, બંધનું કારણ છે. અંદર નિત્યાનંદ પ્રભુનું જેટલું અવલંબન લઈને જે નિર્મળતા થઈ છે, વીતરાગતા (થઈ છે) તેટલું અબંધનું કારણ છે, આ..હા..હા...! સમજાણું કાંઈ ?

શ્રોતા :-- ક્ષણે–ક્ષણે શુદ્ધિની વૃદ્ધિ થતી જાય ?

સમાધાન :-- એ તો સ્વનો આશ્રય છે, એને લઈને (થાય છે). સ્વનો એટલો ઉગ્ર આશ્રય કાયમ છે ને ! ધ્રુવ.. ધ્રુવ.. નિત્યાનંદ પ્રભુ ! ત્યાં દૃષ્ટિને સ્થાપી છે ને ! આહા..હા...! સમકિતી ધર્મી જીવે ત્યાં ધ્રુવ ઉપર દૃષ્ટિ સ્થાપી છે. આહા...! એના પરિણામ ઉપર એની દૃષ્ટિ ન હોય. આ..હા..હા...! ઝીણી વાતું, ભાઈ ! શુભ–અશુભ પરિણામ થાય તેના ઉપર દૃષ્ટિ ન હોય. અરે..! ધર્મની શુદ્ધતા પ્રગટ થાય એના ઉપર એની દૃષ્ટિ ન હોય. નિત્યાનંદ પ્રભુ ધ્રુવ ! આદિ–અંત વિનાનો ! એનો કોઈ કર્તા નથી, (એવો) સહજ પ્રભુ છે. એવું ધ્રુવ તત્ત્વ છે.

'ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્' ! (એમાં) એ ઉત્પાદ્–વ્યય છે એ પર્યાય છે. ધ્રુવ છે એ ત્રિકાળી દ્રવ્ય છે, આ..હા..હા...! એ ઉત્પાદ્–વ્યય ઉપર ધર્મીની દૃષ્ટિ નથી, આહા..હા...! સમજાણું કાંઈ ? આ શું હશે ? એ ઉત્પાદ્–વ્યય છે એ પરિણામ છે. એ પરિણામ ઉપર ધર્મીની દૃષ્ટિ નથી. ધર્મીની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે, આ..હા..હા...! એથી એને ધ્રુવ ઉપરની દૃષ્ટિને લઈને શુદ્ધતા વધતી જાય છે અને રાગ ઘટતો જાય છે. શુદ્ધતા શું ? ને રાગ શું ? આવું છે, ભાઈ !

(અહીંયાં) એમ કહે છે, '**...કેમ ન માનવી જોઈએ ?**' છે ને ? '**...કાર્યભૂત મોક્ષના કારણભૂતપણા વડે ક્ષાયિકી જ કેમ ન માનવી જોઈએ ? (જરૂર માનવી જોઈએ). અને જો ક્ષાયિકી જ માનવી જોઈએ તો કર્મવિપાક (–કર્મનો ઉદય) પણ તેમને (અર્હંતભગવંતોને) સ્વભાવવિઘાતનું કારણ થતો નથી (એમ નક્કી થાય છે).**' આ..હા..હા...! (અર્થાત્) એ પુણ્યનું ફળ બોલવાનું, હાલવાનું કર્મનું વિપાક આવ્યું, એ એને કંઈ વિકારનું કારણ થતું નથી. '**...સ્વભાવવિઘાતનું કારણ થતો નથી,...**' (અર્થાત્) સ્વભાવનો ઘાત કરે એવું થાતું નથી. ઝીણું બહુ, ભગવાન ! આ..હા..હા...!

કેટલા કારણ મૂક્યા ? કે, ભગવાનને (તીર્થંકર) નામકર્મનો ઉદય આવ્યો એને લઈને વાણી નીકળે, ચલાય, એ ક્રિયા (થાય છે). (પરંતુ) ક્ષણે–ક્ષણે મોહ, રાગ, દ્વેષના અભાવને લઈને (પૂર્વ કર્મ) ખરતું જાય છે. તેથી (તે ક્રિયા) બંધનું અકારણ છે અને છૂટતું જાય છે તેટલું મોક્ષનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણ છે. આ..હા..હા...! ભાવમોક્ષ તો થયો છે, પણ હવે દ્રવ્યમોક્ષ ક્ષણે–ક્ષણે થતો જાય છે. આહા...! ભાઈ ! મોક્ષનું કારણ શું ? આમ ભાવમોક્ષ – કેવળ(જ્ઞાન) તો થયું છે. પણ કર્મનો જે સંબંધ છે એ છૂટતો જાય છે, એટલો દ્રવ્યમોક્ષ થાય છે. પૂર્ણ છૂટી જાશે ત્યારે પૂર્ણ દ્રવ્યમોક્ષ (થાશે). ત્યારે સિદ્ધ થઈ જશે – 'ણમો સિદ્ધાણં' ! જ્યાં સુધી અરિહંતપદમાં છે ત્યાં સુધી આ ઉદયની ક્રિયા અંદર હોય.

આ..હા..હા...! ભગવાન બિરાજે છે ! 'સીમંધર પરમાત્મા' ! આમ જુઓ ! મહાવિદેહમાં અત્યારે પ્રભુ બિરાજે છે !! પાંચસો ધનુષનો દેહ ! આહા..હા...! કરોડ પૂર્વનું આયુષ્ય ! ભગવાન બિરાજે છે. આ સામાયિકમાં આજ્ઞા નથી લેતા ? એને ભાન પણ ક્યાં છે ? ક્યાં ભગવાન ? ને ભગવાનનું કેવળ(જ્ઞાન) કેવું ? (કાંઈ ખબર ન મળે). આ..હા..હા...! એ ભગવાનની આ વાણી છે !! 'સીમંધર ભગવાન' બિરાજે (છે), એમની આ વાણી છે !! 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ ! બે હજાર વર્ષ પહેલાં થયા, દિગંબર સંત ! એ ત્યાં પ્રભુ પાસે ગયા હતા. સંવત–૪૯ ! આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા. એ (આ) 'કુંદકુંદાચાર્ય' ! અને આ ટીકા કરી છે (એક) હજાર વર્ષ પહેલા...! આની કોર 'અમૃતચંદ્રાચાર્ય' છે ! એની આ ટીકા છે. ઘણી વાતું જુદી છે, બાપા !

(અહીંયાં કહે છે) **'કર્મવિપાક (–કર્મનો ઉદય) પણ તેમને (અર્હંતભગવંતોને) સ્વભાવવિઘાતનું કારણ થતો નથી (એમ નક્કી થાય છે).'**

**ભાવાર્થ :-- 'અર્હંતભગવાનને જે દિવ્યધ્વનિ,..'** જોયું ? ૐધ્વનિ ઊઠે.. ! દિવ્યધ્વનિ ! ભગવાન તીર્થંકર કેવળીને આવી ભાષા ન હોય. હોઠ હલે નહિ, કંઠ કંપે નહિ. ૐ... એવો ધ્વનિ આખા શરીરમાંથી ઊઠે ! એ દિવ્યધ્વનિ ! 'દિવ્ય' નામ પ્રધાન અવાજ. આવી ભાષા એને ન હોય. ૐ ધ્વનિ ઊઠે ! 'ૐ કાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે' (અર્થાત્) ગણધર જે સાચા સંત આત્મજ્ઞાની ધર્માત્મા હોય એ ભગવાનની ધ્વનિને સાંભળીને અર્થ વિચારે. 'રચી આગમ ઉપદેશ' (અર્થાત્) એમાંથી સિદ્ધાંતની–આગમની રચના કરે. અને 'ભવિક જીવ સંશય નિવારે' (અર્થાત્) ભવ્ય–પાત્ર જીવ હોય તે સાંભળીને, અંતર્મુખ થઈને સંશયનો નાશ કરે, આ..હા..હા...! કેમકે વાણીમાં અંતર્મુખ થવાની જ વાત આવે છે. (ભલે ને) લાખ–કરોડ શ્લોક હોય ! બધી વાત હોય ! આ..હા..હા...! કારણ કે ભગવાનની વાણીમાં 'વીતરાગતા' જ તાત્પર્ય છે. અને એ વીતરાગતા સ્વદ્રવ્ય ભગવાન દિવ્ય વસ્તુ છે એના આશ્રયે (પ્રગટ થાય). ભગવાનઆત્માના આશ્રયે જ વીતરાગતા પ્રગટે છે. એટલે ચારે અનુયોગનો સાર દ્રવ્યનો આશ્રય લેવો, (તે છે). દ્રવ્ય કોણ ? પૈસા ?

એક માણસ આવ્યો હતો તે પૂછતો હતો. ત્યાં ('સ્વાધ્યાય મંદિર'માં) ચાકળો છે ને ! 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ' ! (તો) એણે પ્રશ્ન કર્યો 'મહારાજ ! આ 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ' (એટલે પૈસાવાળા તે સમ્યક્દૃષ્ટિ ?)' એને ખબર કે, અહીં બધા કરોડોપતિ બહુ આવે છે. એટલે (પૂછ્યું કે) 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ' ? અહીં દ્રવ્ય એટલે પૈસો નહિ. અહીં (પૈસાની) વાત ક્યાં છે ?

અહીં તો 'દ્રવ્યદૃષ્ટિ એટલે સમ્યક્દૃષ્ટિ' ! દ્રવ્ય એટલે આત્મા ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર બિરાજે છે, એની દૃષ્ટિ થવી, ઓળખાણ થવી, અનુભવ થવો, એનું નામ 'સમકિત' છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ केवलिनामिव सर्वेषामपि स्वभावविघाताभावं निषेधयति-

**जदि सो सुहो व असुहो ण हवदि आदा सयं सहावेण।**
**संसारो वि ण विज्जदि सव्वेसिं जीवकायाणं।।४६।।**

**यदि स शुभो वा अशुभो न भवति आत्मा स्वयं स्वभावेन।**
**संसारोऽपि न विद्यते सर्वेषां जीवकायानाम्।।४६।।**

यदि खल्वेकान्तेन शुभाशुभभावस्वभावेन स्वयमात्मा न परिणमते तदा सर्वदैव सर्वथा निर्विघातेन शुद्धस्वभावेनैवावतिष्ठते। तथा च सर्व एव भूतग्रामाः समस्तबन्धसाधनशून्यत्वादाजवंजवाभावस्वभावतो नित्यमुक्तां प्रतिपद्येरन्। तच्च नाभ्युपगम्यते। आत्मनः परिणामधर्मत्वेन स्फटिकस्य जपातापिच्छरागस्वभावत्ववत् शुभाशुभस्वभावत्वद्योतनात्।।४६।।

---

अथ यथार्हतां शुभाशुभपरिणामविकारो नास्ति तथैकान्तेन संसारिणामपि नास्तीति सांख्यमतानुसारिशिष्येण पूर्वपक्षे कृते सति दूषणद्वारेण परिहारं ददाति - जदि सो सुहो

---

અહીં પ્રશ્ન થયો હતો. અહીં તો ઘણા માણસો ચારે બાજુથી આવે, ઘણી વાતું (થાય). પણ વાંચીને સમજે નહિ કાંઈ બચારા ! આહા..હા...!

'**અર્હંતભગવાનને જે દિવ્યધ્વનિ, વિહાર,...**' (એટલે) હાલવું, ચાલવું થાય ને ! (એ) '**...આદિ ક્રિયાઓ છે તે નિષ્ક્રિય શુદ્ધ આત્મતત્ત્વને,...**' ભગવાનઆત્મા તો નિષ્ક્રિય શુદ્ધ તત્ત્વ છે, પ્રભુ ! આ..હા..હા...! એમાં '**...પ્રદેશપરિસ્પંદમાં,...**' (અર્થાત્) એના પ્રદેશના કંપનમાં. આહા..હા...! પ્રભુ પોતે તો નિષ્ક્રિય તત્ત્વ છે અંદર ! કંપનપણું સ્વરૂપમાં નથી. '**...શુદ્ધ આત્મતત્ત્વને પ્રદેશપરિસ્પંદમાં નિમિત્તભૂત,...**' કોણ ? '**...પૂર્વબદ્ધ કર્મના ઉદય,..**' પૂર્વે બંધાયેલા કર્મનો ઉદય. એ પ્રદેશ કંપે છે, વાણી આમ નીકળે છે એમાં એ પ્રદેશ આમ–આમ થાય છે. આ..હા..હા..! એ '**...પૂર્વબદ્ધ કર્મના ઉદયથી ઉત્પન્ન થઈ છે તેથી ઔદયિકી છે.**' તેથી તે ક્રિયાને 'ઉદય' કહેવામાં આવે છે.

'**તે ક્રિયાઓ અર્હંતભગવાનને ચૈતન્યવિકારરૂપ ભાવકર્મ ઉત્પન્ન કરતી નથી,...**' આ..હા..હા...! ભગવાન અરિહંત પરમેશ્વર પરમાત્મા જિનેશ્વરદેવ ! એને હાલવું, ચાલવું, વાણી (થાય તેમાં) પૂર્વના કર્મનું નિમિત્ત છે. તેથી તેને બંધનું કારણ છે નહિ, આહા..હા...! '**...ભાવકર્મ ઉત્પન્ન કરતી નથી,...**' ભાવકર્મ એટલે વિકાર. '**...કારણ કે નિર્મોહ શુદ્ધ આત્મતત્ત્વને રાગદ્વેષમોહરૂપ વિકારમાં નિમિત્તભૂત મોહનીયકર્મનો (તેમને) ક્ષય થયો છે.**' આ..હા..હા...! મોહનો તો નાશ થયો છે, (એમ કહે છે).

'**વળી તે ક્રિયાઓ તેમને રાગદ્વેષમોહના અભાવને લીધે નવીન બંધમાં કારણરૂપ નથી,...**' (અર્થાત્) નવું બંધન થતું નથી. '**...પરંતુ પૂર્વકર્મના ક્ષયમાં કારણરૂપ છે,...**' આ..હા..હા...! પૂર્વકર્મ ખરી જાય છે. '**...કેમ કે જે કર્મના ઉદયથી તે ક્રિયાઓ થાય છે તે કર્મ પોતાનો રસ દઈ ખરી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



व असुहो ण हवदि आदा सयं सहावेण यथैव शुद्धनयेनात्मा शुभाशुभाभ्यां न परिणमति तथैवाशुद्धनयेनापि स्वयं स्वकीयोपादानकारणेन स्वभावेनाशुद्धनिश्चयरूपेणापि यदि न परिणमति तदा। किं दूषणं भवति। संसारो वि ण विज्जदि निस्संसारशुद्धात्मस्वरूपात्प्रतिपक्षभूतो व्यवहारनयेनापि संसारो न विद्यते। केषाम्। सव्वेसिं जीवकायाणं सर्वेषां जीवसंघातानामिति। तथा हि-आत्मा तावत्परिणामी, स च कर्मोपाधिनिमित्ते सति स्फटिकमणिरिवोपाधिं गृह्माति, ततः कारणात्संसाराभावो न भवति। अथ मतम् - संसाराभावः सांख्यानां दूषणं न भवति, भूषणमेव। नैवम्। संसाराभावो हि मोक्षो भण्यते, स च संसारिजीवानां न दृश्यते, प्रत्यक्षविरोधादिति भावार्थः।।४६।।

---

હવે કેવળીભગવંતોની માફક બધાય જીવોને સ્વભાવવિઘાતનો અભાવ હોવાનું નિષેધે છે ;-

**આત્મા સ્વયં નિજ ભાવથી જો શુભ–અશુભ બને નહીં,**

**તો સર્વ જીવનિકાયને સંસાર પણ વર્તે નહીં ! ૪૬.**

**અન્વયાર્થ :–** **[यदि]** જો એમ માનવામાં આવે કે **[सः आत्मा]** આત્મા **[स्वयं]** સ્વયં **[स्वभावेन]** સ્વભાવથી (–પોતાના ભાવથી) **[शुभः वा अशुभः]** શુભ કે અશુભ **[न भवति]** થતો નથી (અર્થાત્ શુભાશુભ ભાવે પરિણમતો જ નથી) **[सर्वेषां जीवकायानां]** તો સર્વ જીવનિકાયોને **[संसारः अपि]** સંસાર પણ **[न विद्यते]** વિદ્યમાન નથી એમ ઠરે !

---

**જાય છે.**' આ..હા..હા...! '**આ રીતે મોહનીયકર્મના ક્ષયે ઉત્પન્ન થઈ હોવાથી અને કર્મના ક્ષયમાં કારણભૂત હોવાથી અર્હંતભગવાનની તે ઔદયિકી ક્રિયા ક્ષાયિકી કહેવામાં આવી છે.**' આ ('પ્રવચનસાર') પણ પાંચમી વાર વંચાય છે ! સભામાં પાંચમી વાર વંચાય છે. 'સમયસાર' ઓગણીસમી વાર વંચાય છે. ૪૪ વર્ષ તો અહીં થયા. આહા..! (એ ૪૫ ગાથા પૂરી થઈ).

'**હવે કેવળીભગવંતોની માફક,...**' હવે શું કહેવું છે ? કે, ભગવાનને જે હાલવું, ચાલવું, બોલવું થયું. (પરંતુ) એને શુભાશુભ ભાવ નથી, રાગ–દ્વેષ નથી, તેથી તેને બંધન નથી. અને એ ક્રિયા ખરી જાય છે. પણ કોઈ એમ માને કે '**...કેવળીભગવંતોની માફક બધાય જીવોને સ્વભાવવિઘાતનો અભાવ...**' છે. (તો) એમ નથી. જેમ એમની ક્રિયા સ્વભાવવિઘાતનું કારણ નથી એમ આ બધા જીવોને શુભાશુભ ભાવ થાય. હાલતાં–ચાલતાં 'હું ચાલું છું, હું બોલું છું' એ તો રાગ–દ્વેષ છે. એ રાગ–દ્વેષનો બધાને અભાવ છે તે '**...હોવાનું નિષેધે છે.**' શું કીધું ?

ભગવાનને હાલવું, ચાલવું, બોલવું જેમ બંધનું કારણ નથી, તેમ બધાં જીવોને હાલવા, ચાલવાની ક્રિયાના ભાવમાં શુભાશુભ ભાવ નથી, એમ નથી. આ..હા..હા...! 'હું આમ ચાલ્યો, હું આમ બોલ્યો, મેં જગતને સમજાવ્યું' ! આહા..હા...! (એવી) ભાષા અને ક્રિયા '**...કેવળીભગવંતોની માફક બધાય**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :–** જો એકાંતે એમ માનવામાં આવે કે શુભાશુભભાવરૂપ સ્વભાવે (–પોતાના ભાવે) સ્વયં આત્મા પરિણમતો નથી, તો સદાય સર્વથા નિર્વિઘાત શુદ્ધસ્વભાવે જ અવસ્થિત છે એમ ઠરે; અને એ રીતે બધાય જીવસમૂહો, સમસ્ત બંધકારણોથી રહિત ઠરવાથી સંસાર–અભાવરૂપ સ્વભાવને લીધે નિત્યમુક્તપણાને પામે અર્થાત્ નિત્યમુક્ત ઠરે ! પરંતુ તે તો સ્વીકારી શકાતું નથી; કારણ કે આત્મા પરિણામધર્મવાળો હોવાથી, જેમ સ્ફટિકને જાસુદપુષ્પના અને તમાલપુષ્પના રંગરૂપ સ્વભાવવાળાપણું પ્રકાશે છે તેમ, તેને (આત્માને) શુભાશુભસ્વભાવવાળાપણું પ્રકાશે છે (અર્થાત્ જેમ સ્ફટિકમણિ લાલ અને કાળા ફૂલના નિમિત્તે લાલ અને કાળા સ્વભાવે પરિણમતો જોવામાં આવે છે તેમ આત્મા કર્મોપાધિના નિમિત્તે શુભાશુભ સ્વભાવે પરિણમતો જોવામાં આવે છે).

**ભાવાર્થ :–** જેમ શુદ્ધનયથી કોઈ જીવ શુભાશુભ ભાવે પરિણમતો નથી તેમ જો અશુદ્ધનયથી પણ ન પરિણમતો હોય તો વ્યવહારનયે પણ સમસ્ત જીવોને સંસારનો અભાવ થાય અને સૌ જીવો સદાય મુક્ત જ ઠરે ! પરંતુ તે તો પ્રત્યક્ષ વિરૂદ્ધ છે. માટે જેમ કેવળીભગવાનને શુભાશુભ પરિણામોનો અભાવ છે તેમ સર્વ જીવોને સર્વથા શુભાશુભ પરિણામોનો અભાવ ન સમજવો. ૪૬.

---

**જીવોને સ્વભાવવિઘાતનો અભાવ હોવાનું નિષેધે છે.'**

**जदि सो सुहो व असुहो ण हवदि आदा सयं सहावेण।**
**संसारो वि ण विज्जदि सव्वेसिं जीवकायाणं।।४६।।**

ઝીણી વાત ઘણી, બાપા ! શું થાય ? (નીચે) હરિગીત :--

**આત્મા સ્વયં નિજ ભાવથી જો શુભ–અશુભ બને નહીં,**
**તો સર્વ જીવનિકાયને સંસાર પણ વર્તે નહીં ! ૪૬.**

ટીકા :-- '**જો એકાંતે એમ માનવામાં આવે કે શુભાશુભભાવરૂપ સ્વભાવે (–પોતાના ભાવે) સ્વયં આત્મા પરિણમતો નથી,...**' આહા...! શું કહે છે ? વસ્તુ જે પ્રભુ આત્મા છે એ તો દ્રવ્ય છે. એ દ્રવ્ય પોતે શુભાશુભપણે પરિણમતું નથી. દ્રવ્ય જે ત્રિકાળી ચૈતન્યમૂર્તિ પ્રભુ છે એ વીતરાગ બિંબ છે. અત્યારે હોં...! સદાય...! પણ એ દ્રવ્યમાં શુભાશુભ પરિણામ જીવને નથી, એમ જો કોઈ કહે તો તે અજ્ઞાની છે, એને ભાન નથી. (જો એમ હોય તો) સંસાર જ નથી. શું કીધું ?

'**જો એકાંતે એમ માનવામાં આવે કે શુભાશુભભાવરૂપ સ્વભાવે (–પોતાના ભાવે) સ્વયં આત્મા પરિણમતો નથી,...**' વસ્તુ છે એ ત્રિકાળ નિર્મળ જ છે. માટે એને આ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ થાય, એ ભાવે એ વસ્તુ થતી જ નથી, એમ કોઈ માને તો એ અજ્ઞાન છે. શુભાશુભભાવ જીવપર્યાયમાં પરિણમે છે. પર્યાય શું ? ને દ્રવ્ય શું ? (એની ખબર ન મળે). પર્યાય એટલે અવસ્થા. દ્રવ્ય એટલે ત્રિકાળી ચીજ. આ..હા..હા....! નવ તત્ત્વના નામે હજી આવડતા ન હોય (ત્યાં) એના ભાવ ક્યાંથી આવડે ? આ..હા..હા...!

અહીં તો કહે છે કે, દ્રવ્ય જે વસ્તુ છે એ તો શુભાશુભપણે પરિણમતું નથી. એમ પર્યાયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ શુભાશુભ નથી, એમ જો કહો તો સંસારનો અભાવ થાય. (તો પછી) સંસાર કોનો ? અજ્ઞાની એ શુભ–અશુભભાવે પરિણમે છે. આહા..હા...! 'આ મેં હિંસા કરી, જૂઠું બોલ્યો, આ વિષય સેવ્યા'– એ બધો ભાવ પાપ છે. એ પાપરૂપે થાય છે. વસ્તુ શુદ્ધ છે, માટે પાપરૂપે પરિણમતો નથી, એમ નથી. આહા..હા...! અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ કરે છે, એ શુભ રાગરૂપી મલિનભાવથી એ પરિણમે છે. ભલે વસ્તુ શુદ્ધ છે, પણ અશુદ્ધનયે તે શુભાશુભ ભાવનું પરિણમન કરે છે. આ..હા..હા...! આવી વાતું હવે..! પકડવી શી રીતે ?

પેલું તો લોગસ્સ કર્યો, ણમો અરિહંતાણં, તિકખુત્તો, ઇચ્છામિ તિકખુત્તો, નમોત્થુણં... બસ..! થઈ ગઈ સામાયિક લ્યો..! ધૂળેય નથી, સાંભળને..! સામાયિક ક્યાં હજી તો મિથ્યાત્વ મોટું પડ્યું છે ! આહા...!

અહીં કહે છે કે, આત્મા જેવો શુભ–અશુભ પરિણામપણે નથી, એમ એનું પરિણમન પણ શુભાશુભપણે નથી, (તો એમ નથી). સમજાય છે ? કર્મને લઈને પરિણમે છે, એમ નથી. આહા..હા...! '**...શુભાશુભભાવરૂપ સ્વભાવે (–પોતાના ભાવે) સ્વયં આત્મા પરિણમતો નથી, તો સદાય સર્વથા નિર્વિઘાત શુદ્ધસ્વભાવે જ અવસ્થિત છે, એમ ઠરે;...**' તો તો શુદ્ધ ચૈતન્ય ત્રિકાળી છે, એમ ઠરે. પણ શુદ્ધ ચૈતન્ય નિષ્ક્રિય હોવા છતાં તેની પર્યાયમાં–અવસ્થામાં સક્રિયપણું–શુભાશુભભાવ(પણે) અજ્ઞાની પોતે પરિણમે છે. આ..હા..હા...! શું કહે છે આ ?

જેમ કેવળીભગવંતને ક્રિયા થઈ અને એને મોહ, રાગ, દ્વેષ નથી તેથી બંધ નથી. એમ અજ્ઞાની આ ક્રિયાઓ કરે એમાં રાગ–દ્વેષ નથી, શુભાશુભપણું નથી, એમ નથી. વાત તો ઘણી Logicથી–ન્યાયથી (સિદ્ધ કરે છે) પણ (લોકોને) અભ્યાસ નહિ ને !

(અહીંયાં કહે છે) '**...શુદ્ધસ્વભાવે જ અવસ્થિત છે એમ ઠરે; અને એ રીતે બધાય જીવસમૂહો, સમસ્ત બંધકારણોથી રહિત ઠરવાથી સંસાર–અભાવરૂપ સ્વભાવને લીધે નિત્યમુક્તપણાને પામે અર્થાત્ નિત્યમુક્ત ઠરે** !' (અર્થાત્) શુભાશુભભાવ જો ન હોય તો તો મુક્ત જ છે. શુભ–અશુભ ભાવ 'છે'. હિંસા, જૂઠું, ચોરી, કમાવું, વિષય, વાસના, દુકાને બેસીને આ કરું.. આ કરું... એ બધો પાપભાવ છે, પાપપણે પરિણમે છે. અને કોઈ દયા, દાન, વ્રતના પરિણામ હોય ત્યારે શુભભાવે પરિણમે છે. એ બંધના કારણપણે છે. જો બંધના કારણ ન હોય તો તો મુક્ત થઈ ગયો ! તો સંસાર કોનો ? એ વિશેષ કહેશે...

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## (તા. ૧૮-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૪૩)

'પ્રવચનસાર', ગાથા–૪૬. જેમ અરિહંત ભગવાનને વાણી અને હાલવાની ક્રિયાથી રાગ–દ્વેષ નથી, તેથી તેને બંધ થતો નથી. એમ બીજા પ્રાણી પણ એમ માને કે, અમારે પણ શુભાશુભ ભાવ છે જ નહિ ! અનાદિ સંસારી પ્રાણી એમ જાણે કે, જેમ ભગવાનને શુભાશુભ ભાવ નથી તો અમારે પણ શુભાશુભ ભાવ નથી !

ભગવાનને તો 'પર્યાય'માં શુભાશુભ ભાવ નથી. અને સંસારી પ્રાણીમાં 'દ્રવ્ય'માં શુભાશુભ ભાવ નથી. પણ પર્યાયમાં (એ) શુભાશુભભાવપણે પરિણમે છે અને એનાથી એને બંધ પણ છે. એ ન માને અને એમ કહે કે, જેમ ભગવાન રાગ–દ્વેષરહિત છે, એને ક્યાં શુભાશુભ ભાવ છે ! (તેમ) અમે પણ આત્મા છીએ ! (અમને પણ રાગ–દ્વેષ નથી). પણ આત્મા છે એ વસ્તુને શુભાશુભ ભાવ નથી, આત્મામાં (શુભાશુભ ભાવ નથી). ભગવાનને તો આત્માની પર્યાયમાં શુભાશુભ ભાવ નથી. એમ માનીને કોઈ એમ માને કે, અમારી પર્યાયમાં પણ અમારે શુભાશુભ ભાવ નથી ! શુદ્ધનયે વસ્તુ જોઈએ તો શુભાશુભ ભાવ વિનાની ચીજ આખી અંદર પડી છે. નિત્યાનંદ ! સહજ સુખનો સાગર ! એમાં તો શુભાશુભ છે નહિ. પણ ભગવાનને જેમ પર્યાયમાં શુભાશુભ ભાવ નથી, એમ આ કહે કે, મારી પર્યાયમાં (પણ) મારે શુભાશુભ (ભાવ) નથી, તો (એમ માનવું) એકાંત અજ્ઞાન છે, આહા..હા...!

'**જો એકાંતે એમ માનવામાં આવે,...**' એમ આવ્યું ને ? 'એકાંતે' એમ માનવામાં આવે ! '**...કે શુભાશુભભાવરૂપ સ્વભાવે (–પોતાના ભાવે) સ્વયં આત્મા પરિણમતો નથી,...**' (અર્થાત્) દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ શુભ (ભાવ) છે અને હિંસા, જૂઠું, ચોરી વગેરેના (ભાવ એ) અશુભ (ભાવ) છે. એ શુભ ને અશુભ ભાવ... '**સ્વભાવે સ્વયં આત્મા પરિણમતો નથી**' – 'સ્વભાવે' એટલે મારી પર્યાયમાં પણ એ પરિણમતો નથી, એમ કહે. એનો ત્રિકાળ સ્વભાવ જે છે એ તો શુભાશુભ ભાવરહિત છે. સમજાણું કાંઈ ? આહા..હા...! દ્રવ્ય જેમ શુભાશુભ ભાવરહિત છે એમ પર્યાયમાં પણ મારે શુભાશુભ ભાવરહિત છે, એમ માને તો એકાંત અજ્ઞાન છે, આહા...!

અહીંયાં એની પર્યાયમાં શુભાશુભ ભાવ છે, એમ સિદ્ધ કરવું છે. '**જો એકાંતે એમ માનવામાં આવે કે શુભાશુભભાવરૂપ સ્વભાવે (–પોતાના ભાવે) સ્વયં આત્મા પરિણમતો નથી, તો સદાય સર્વથા,...**' 'સદાય અને સર્વથા' '**...નિર્વિઘાત શુદ્ધસ્વભાવે જ અવસ્થિત છે એમ ઠરે;...**' તો તો પર્યાયમાં શુદ્ધસ્વરૂપે છે એમ ઠરે. વસ્તુએ શુદ્ધ છે એમ પર્યાયમાં પણ શુદ્ધ છે એમ ઠરે. સમજાય છે કાંઈ આમાં ? આહા...!

વસ્તુ તો શુદ્ધ ચૈતન્યઘન છે. એમાં તો શુભાશુભ ભાવ પણ નથી, એમાં તો એના વર્તમાન નિર્મળ પરિણામ છે, એ (પણ) એમાં–વસ્તુમાં નથી. પણ (અહીંયાં) વસ્તુમાં નથી, અને (ત્યાં) કેવળીમાં પર્યાયમાં નથી. એમ આ માને કે, મારે પણ શુભાશુભ પર્યાય નથી. કારણ કે વસ્તુમાં નથી તો મારે પણ પર્યાયમાં નથી. અરે...! આવી ઝીણી વાતું છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :-- નિશ્ચયાભાસ છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- એકાંત માનનારો અજ્ઞાની છે ! આ..હા..હા...! 'એકાંતે શુભાશુભ સ્વભાવે એટલે પોતાના ભાવે સ્વયં આત્મા...!' કર્મને લઈને નહિ, કર્મ તો નિમિત્તમાત્ર (છે). પણ આત્મા પોતે જ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ(પણે પરિણમે છે). એ શુભ (ભાવ) પુણ્ય બંધનું કારણ (છે). હિંસા, જૂઠું, ચોરી એ પાપનું કારણ (છે). પણ એ બન્ને શુભાશુભ ભાવે સ્વયં પોતે પોતાથી પરિણમે છે. સમજાય છે કાંઈ ?

'**...અને એ રીતે બધાય જીવસમૂહો,...**' તો બધાં અનંત જીવનો સમૂહ '**...સમસ્ત બંધકારણોથી રહિત ઠરવાથી,...**' તો એને બંધના કારણ છે જ નહિ. બધાં જીવને શુભ–અશુભ ભાવરહિત માનો તો એને બંધના કારણ છે નહિ. ભગવાનને જેમ બંધના કારણ નથી, એમ એને પણ બંધના કારણ છે નહિ, એમ ઠરે. ? સમજાણું કાંઈ ? આ..હા..હા...!

'**...સંસાર–અભાવરૂપ સ્વભાવને લીધે,...**' જો શુભ–અશુભ ભાવ ન હોય તો તો સંસારનો જ અભાવ ઠર્યો. '**...સંસાર–અભાવરૂપ સ્વભાવને લીધે નિત્યમુક્તપણાને પામે,...**' તો તો આત્મા નિત્ય મુક્ત જ છે, એમ થાય. દ્રવ્યે (જે) નિત્ય છે એ તો દ્રવ્યે મુક્ત જ છે, પણ (આ તો) પર્યાય પણ મુક્ત થઈ ! સમજાય છે કાંઈ ?

વસ્તુ–પદાર્થ જે છે, આત્મા–તત્ત્વ એ તો ત્રિકાળ મુક્ત જ છે. પણ અહીંયાં તો પુણ્ય–પાપના ભાવરહિત આત્મા છે, એમ માને તો એ પર્યાયમાં પણ મુક્ત છે, એમ માને. સમજાણું કાંઈ ? આહા...! એ વાત ખોટી છે, આહા...! હા...! એ વસ્તુ છે પૂર્ણાનંદ ધ્રુવ આનંદ સાગર ! તે અબંધ છે, મુક્ત જ છે વસ્તુ ! એની દૃષ્ટિ થતાં પર્યાયમાં પણ મુક્તપણાનો અંશ આવે. સમજાય છે કાંઈ ? પણ પર્યાયમાં મુક્તપણું 'સર્વથા' માને તો એનો અર્થ (એ) થયો કે, એને બંધનો ભાવ છે નહિ. તો પર્યાય પણ મુક્ત છે, એમ થયું. આહા..હા...! સમજાણું કાંઈ ? નિત્યમુક્તપણાનો પ્રસંગ આવે (અર્થાત્) '**...નિત્યમુક્ત ઠરે ! પરંતુ તે તો સ્વીકારી શકાતું નથી;...**'

'**...કારણ કે આત્મા પરિણામધર્મવાળો હોવાથી,...**' 'પરિણામધર્મવાળો હોવાથી' ! પરિણામી તો ત્રિકાળ શુદ્ધ છે, આહા..હા...! પણ પરિણામ(ધર્મવાળો) એટલે તેના બદલવાના ધર્મવાળો હોવાથી. (અર્થાત્) તેના પરિણામમાં શુભાશુભ ભાવ અનાદિ સંસારીને–અજ્ઞાનીને થાય છે. આહા..હા...! '**...આત્મા પરિણામધર્મવાળો,...**' એટલે શું કહ્યું ? કે, (આત્મા) નિત્ય પરિણામી છે. અહીં પરિણામધર્મવાળો બતાવતાં વસ્તુ નિત્ય છે પણ પર્યાયમાં પરિણામ એનો સ્વભાવ છે. (અર્થાત્) બદલવાના પરિણામ સ્વભાવવાળો છે. નિત્ય પરિણામી છે. કાયમ રહેનાર છે એ તો કૂટસ્થ છે. પણ એની પર્યાયમાં પલટવાના, બદલવાના પરિણામ સ્વભાવવાળો છે.

વાત જાણે કે સાદી (હોય એમ) લાગે, પણ વસ્તુ સિદ્ધ કરે છે. એને પર્યાયમાં અશુદ્ધતા છે. કેવળીને અશુદ્ધતા નથી, બાહ્યની ભાષા, ચાલવાની ક્રિયા (વગેરે હોવા છતાં), એમ આ કહે કે, 'અમે પણ અંદર શુદ્ધ જ છીએ, અમારે શુભાશુભ ભાવ છે નહિ !' તો એ અજ્ઞાન છે. તો એની પર્યાયમાં મુક્તપણું આવ્યું, એવું ઠરે. (જેવી) વસ્તુ મુક્ત છે, એવી પર્યાયમાં મુક્ત ઠરે. વસ્તુ મુક્ત છે, પણ પર્યાયમાં બંધભાવ છે. આવું છે ! છે (અંદર) ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**...પરિણામધર્મવાળો હોવાથી,...**' 'પરિણામધર્મ' એટલે સમજાણું ? બદલવાના, પલટવાના સ્વભાવવાળો આત્મા છે. એકલો નિત્ય, ધ્રુવ છે, એમ નથી. સમ્યગ્દર્શનનો વિષય તો નિત્ય ધ્રુવ છે. પણ સમ્યગ્દર્શન છે એ પોતે પર્યાય–પરિણામ છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં એક (ઠેકાણે) આવ્યું છે (બોલ–૨૭) (પ્રશ્ન પૂછે છે કે) 'પરિણામી પરિણામવાળો છે ?' ત્યારે કહે છે કે, 'એમ રહેવા દો ! ત્રિકાળી (અપરિણામી) અને પરિણામ એમ લ્યો !' ત્રિકાળી છે તે પરિણામિક છે અને વર્તમાન છે તે પરિણામ છે. પરિણામ અને પરિણામી માનો તો પરિણામ પહેલી દશા (થઈ) અને પરિણામી પછીની (થઈ). આહા..હા...!

આત્માને તમે શુદ્ધ નિત્ય મુક્ત કહો છો અને તે દ્રવ્ય અંદર મુક્તસ્વરૂપ છે. તેની દૃષ્ટિ કરતાં તેના પરિણામની પણ તેને (નજર) નથી, નજરમાં તેને પરિણામ પણ નથી. સમ્યક્દૃષ્ટિને નજરમાં ધ્રુવ છે, આ..હા..હા...! સમ્યગ્દર્શન જે છે એ પર્યાય છે, પણ એનો વિષય જે છે એ ધ્રુવ છે, જે મુક્તસ્વરૂપ છે. પણ સમ્યગ્દર્શનના પરિણામ થાય એ પરિણામસ્વભાવવાળો જીવ છે. માટે સમ્યગ્દર્શનના પરિણામ થાય એની સાથે શુભાશુભ પરિણામ પણ એને થાય. અજ્ઞાનીને તો થાય પણ જ્ઞાનીને–ધર્મીને પણ (શુભાશુભ પરિણામ થાય). આહા..હા...! વસ્તુ છે એ તો વર્તમાન પરિણામથી રહિત છે. વસ્તુ છે એમાં તો કેવળજ્ઞાનની પર્યાય પણ નથી ! કારણ કે કેવળજ્ઞાનની પર્યાય એ વર્તમાન પર્યાય છે અને ચીજ ત્રિકાળી છે. ત્રિકાળીમાં કેવળજ્ઞાનના પર્યાયનો પણ અભાવ છે. તેની પર્યાયમાં કેવળજ્ઞાન છે, એમ અજ્ઞાનીને ત્રિકાળ (સ્વભાવમાં) તો પરિણામનો અભાવ છે. પણ તેના પરિણામમાં પણ શુભાશુભ (ભાવનો) અભાવ ઠરે તો સંસારમાં જીવ મુક્ત ઠરે. આવી વાતું હવે...! ધર્મનો ઉપદેશ આવો છે !

આહા...! (અહીંયાં) નિત્ય પરિણામી સિદ્ધ કરે છે. 'પરિણામધર્મવાળો' કીધો છે ને ! પલટવું–બદલવું એ એનો ધર્મ છે. ધર્મ એટલે સ્વભાવ ! આ..હા..હા...! કેમકે 'ઉત્પાદ્–વ્યય–ધ્રૌવ્ય યુક્તં સત્' (એમ છે). (તેમાં) ઉત્પાદ્–વ્યય છે એ પરિણામ–પર્યાય છે. એ પર્યાય પરિણમવાનો એનો ધર્મ છે. અને ધ્રુવ જે છે તે પર્યાય વિનાનું ત્રિકાળ એકરૂપ છે, આહા..હા...! એટલે જ્યારે દૃષ્ટિનો વિષય બતાવવો હોય ત્યારે તો તે પરિણામ વિનાની ચીજ છે, ત્યાં દૃષ્ટિ દે ! આ..હા..હા...!

જો સમ્યગ્દર્શન કરવું હોય, ધર્મની પહેલી સીઢી...! તો એ સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી ધ્રુવ પરિણામ વિનાની ચીજ (છે), તે એનો વિષય છે. પણ તેને જે વિષય કર્યો, તેની સાથે જે જ્ઞાન થયું, એ જ્ઞાન ત્રિકાળીને પણ જાણે, વર્તમાન સમ્યક્ પરિણામ થયાં તેને પણ જાણે અને એની સાથે શુભાશુભ પરિણામ થાય તેને પણ તે જાણે. એમ માની બેસે નહિ કે, 'અમારે શુભાશુભ કાંઈ (છે જ નહિ) ! અમને સમ્યક્ થઈ ગયું એટલે અમારે હવે શુભાશુભ ભાવ છે જ નહિ !!' સમજાણું કાંઈ ?

(હવે કહે છે) '**...જાસુદપુષ્પના અને તમાલપુષ્પના રંગરૂપ સ્વભાવવાળાપણું પ્રકાશે છે તેમ,...**' કોણ ? 'સ્ફટિક' ! સ્ફટિક રતન છે–સ્ફટિક ! ધોળું, સ્વચ્છ ! એને કાળા અને લાલ ફૂલનો સંયોગ હોય તો લાલ–કાળી ઝાંય દેખાય. એ એનામાં છે–સ્ફટિકમાં છે. એની પર્યાયમાં લાલ-કાળી ઝાંય છે. એમ સ્વચ્છ નિર્મળ ચિદાનંદ પ્રભુ આત્મા છે, છતાં અનાદિ કર્મના નિમિત્તની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપાધિથી અંદર શુભાશુભ ભાવ (છે). (જેમ) મેલાં, કાળા અને લાલ ફૂલની સ્ફટિકમાં ઝાંય છે, એમ આના પરિણામમાં શુભાશુભ ભાવ છે, આ..હા..હા...! (તેને બદલે એમ માને કે) 'અમે તો સિદ્ધ સમાન છીએ, અમારે શું !' 'સિદ્ધ સમાન સદા પદ મેરો' ! એ તો દ્રવ્યની અપેક્ષાએ કહ્યું. પર્યાય અપેક્ષાએ સિદ્ધ હોય તો તો મુક્ત થઈ ગયો !

જેમ એ સ્ફટિક ધોળું છે છતાં કાળા અને લાલ ફૂલના સંબંધે કાળી અને લાલ ઝાંય એમાં દેખાય છે, એ (ઝાંય) એની 'છે', એ એનામાં 'છે'. પેલાને (ફૂલને) લઈને નહિ. કાળા અને લાલ ફૂલ તો નિમિત્ત છે. પણ આમાં પોતાની લાયકાતથી ત્યાં કાળી–લાલ ઝાંય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આ લાકડા પાસે અહીં આમ લાલ ફૂલ મૂકશો તો એમાં ઝાંય નહિ દેખાય. કારણ કે એની પોતાની યોગ્યતા નથી. અને કાળા અને લાલ ફૂલના સંગે સ્ફટિકની પર્યાયમાં લાલ અને કાળું થવું એ પોતાની યોગ્યતાથી પોતામાં (થાય) છે. સમજાણું કાંઈ ?

એમ આત્મામાં...! 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ' (અર્થાત્) તેનો સ્વભાવ તો સ્ફટિક જેવો જ છે. પણ કર્મના નિમિત્તની ઉપાધિના સંગમાં પોતાની પર્યાયમાં શુભ–અશુભ ભાવનો રંગ અને રસ છે. (એટલે કે) શુભાશુભ ભાવનો પર્યાય છે. એ 'નથી' એમ માને અને કર્મને લઈને છે, એમ માને–એ પણ મિથ્યા ભ્રમ છે. સમજાણું કાંઈ ? એ અહીં સિદ્ધ કરવું છે.

'**...જેમ સ્ફટિકને જાસુદપુષ્પના અને તમાલપુષ્પના,...**' કાળા અને લાલ '**...રંગરૂપ સ્વભાવવાળાપણું પ્રકાશે છે તેમ, તેને (આત્માને) શુભાશુભસ્વભાવવાળાપણું પ્રકાશે છે,...**' આ..હા..હા...! આત્મા પોતે જ શુદ્ધ સ્ફટિક જેવો ત્રિકાળી (શુદ્ધ) હોવા છતાં તેની પર્યાયમાં–અવસ્થામાં કર્મના નિમિત્તની ઉપાધિના સંગે શુભ અને અશુભનો ભાવ છે. કર્મને લઈને નહિ અને શુભાશુભ ભાવ વિનાનો નહિ. આવી વાતું છે ! પરદ્રવ્યને લઈને પણ (શુભાશુભ ભાવ) નથી.

એ તો આપણે પહેલાં આવી ગયું કે, ઉદય છે એ બંધનું કારણ નથી. જ્ઞાનસ્વભાવ આત્મા બંધનું કારણ નથી. કર્મનો ઉદય બંધનું કારણ નથી. બંધનું કારણ અંદર શુભાશુભ ભાવ કરે તે બંધનું કારણ છે.

ભગવાનઆત્મા જ્ઞાન અને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે અને એના શુદ્ધ પરિણામ છે એ તો બંધના કારણ નથી. તેમ કર્મનો ઉદય જડ છે એ કંઈ બંધનું કારણ નથી. જો ઉદય બંધનું કારણ હોય તો બધાં સંસારીને ઉદય તો છે, તો સદાય બંધ જ થાય, કોઈ દિ' બંધથી રહિત થઈ શકે નહિ. પણ ઉદયના સંગમાં પોતે શુભાશુભભાવપણે પોતામાં, પોતાથી, ષટ્કારકપણે (પરિણમે છે). સમજાણું કાંઈ ? દયા, દાનનો ભાવ એ રાગ છે. હિંસા, જૂઠનો ભાવ એ દ્વેષ છે. પણ એ રાગ ને દ્વેષના પરિણામ પોતે પોતાના કર્તાપણે થઈ અને તે તેનું કાર્ય થઈ, તે તેનું સાધન થઈ, તે શુભાશુભ ભાવ કરીને પોતા માટે રાખે, પોતાથી થાય અને પોતાના આધારે થાય. સમજાણું કાંઈ ? કર્મને લઈને નહિ તેમ શુભ–અશુભ ભાવ વિનાનો નહિ, આહા...! તેથી અહીં કહ્યું કે, સ્ફટિકની યોગ્યતા એવી છે કે જેથી પર્યાયમાં લાલ અને કાળી ઝાંય દેખાય. એ કાળા ફૂલને લઈને નહિ. આ..હા..હા...! આવું બધું (સમજવું)...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(સંવત) '૧૩ની સાલમાં ચર્ચા થઈ હતી ને ? 'ઇસરી' ! (ત્યારે એમ કહ્યું કે) 'આત્મામાં જે કંઈ શુભ–અશુભ ભાવ થાય, એ કર્મને લઈને નહિ. એ શુભ અને અશુભ ભાવ પોતે જ પરિણામ કરે, પોતાનું કાર્ય (પોતે), પોતે સાધન...(એમ) વિકાર પોતે (પોતાના) ષટ્કારકરૂપે પરિણમે છે.' (પણ) ન બેઠું ! પંડિતોને ન બેઠું. (પણ) એમ (જ) છે. કર્મને લઈને નહિ ! દેખો ! 'પંચાસ્તિકાયસંગ્રહ'ની ૬૨મી ગાથા ! 'પંચાસ્તિકાય' છે ને ? (એમાં) ૬૨મી ગાથા ! એ પુણ્ય અને પાપ, મિથ્યાત્વના જે જીવ પરિણામ કરે, એ ષટ્કારકના કારકથી પોતે કરે છે. કર્મને લઈને નહિ, (તેમજ) દ્રવ્યસ્વભાવમાં નહિ, આહા..હા...! આટલો બધો નિર્ણય કરવાની (કોને પડી છે) ?

એ અહીં કહે છે (કે), સ્ફટિકમાં લાલ અને કાળી ઝાંય (પડે છે), એ ફૂલને લઈને નથી. એની પોતાની યોગ્યતાને લઈને છે. એને લઈને હોય તો આ (ઠવણી) ઉપર સ્ફટિક મૂકો ! જુઓ ! (ઝાંય) નહિ દેખાય ! કારણ કે એમાં ઝીલવાની શક્તિ નથી, યોગ્યતા નથી. સ્ફટિકમાં લાલ અને કાળાપણે થવાની પર્યાયમાં પોતાથી, પોતાને કારણે યોગ્યતા છે. ત્યારે કાળા ફૂલને નિમિત્ત કહેવામાં આવે છે.

એમ અહીં કહે છે કે, તારા આત્મામાં દ્રવ્ય તો શુદ્ધ છે. પણ પર્યાયમાં કર્મના નિમિત્તની ઉપાધિથી, તેના સંગે તારામાં શુભ ને અશુભ ભાવ–વિકાર સ્વયં પોતે (થાય છે), કરે છે, આહા..હા...! જો એ શુભાશુભ ભાવ પોતામાં થાય છે એમ ન માને અને કર્મથી માને તોપણ જૂઠું અને શુભાશુભ ભાવ ધર્મ છે એમ માને (તોપણ જૂઠું). અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ (થાય) એ શુભ (ભાવ) છે. એ 'ધર્મ છે', એમ માને તોપણ મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ વાત અહીં સિદ્ધ કરે છે. 'જ્ઞાનઅધિકાર' છે ને ? આ 'જ્ઞાનઅધિકાર' છે. સ્ફટિકમાં યોગ્યતા છે. જેમ એક દીવાસળી છે... દીવાસળી ! (એનાથી) બીડી પીએ છે ને ! તો અગ્નિથી એ જેટલું ઊનું થાશે એટલું (થાશે). (બીજી બાજુનો) છેડો ઊનો નહિ થાય. નહિતર તો બીડી પી શકે નહિ. એ લાકડાની કટકીનો એવો સ્વભાવ છે કે, એમાં ઉષ્ણતા અંદર જાય જ નહિ. સમજાણું કાંઈ ? અને લોઢાનો પાંચ હાથનો લાંબો સળિયો હશે પણ એને ચાર તસુ જો અગ્નિમાં મૂકો તો ઠેઠ સુધી ઉષ્ણતા થશે. (એમ થવાની) એની પોતાની લાયકાત છે. વાત સમજાય છે ? આહા...! અગ્નિને લઈને નહિ. અગ્નિને લઈને હોય તો (બીડીને) દીવાસળી (લગાવતાં, એક છેડે ઊનું) હોય ને (બીજે છેડે) કાંઈ ન હોય, ઠંડું હોય. તેમ ચૂલામાં લાકડું હોય લ્યો ને ! બે હાથનું લાંબું ! (એક બાજુ) બળતું હોય અને આ બાજુ ઠંડું હોય. પણ લોઢાનો સળિયો જો હોય તો ચાર તસુ પણ અગ્નિમાં હોય તો ઠેઠ સુધી એની ઉષ્ણતા (થાય). કેમકે એની પોતાની યોગ્યતા છે, પરને લઈને નહિ. આ..હા..હા...! સમજાય છે ? બહુ ઝીણું, બાપુ !

એમ આત્મામાં શુભ અને અશુભ ભાવ થવાની પોતાની લાયકાત છે. કર્મ તો નિમિત્ત માત્ર છે. પણ પોતે કરે છે, એવી લાયકાત છે, એનો–પર્યાયનો સ્વભાવ છે, માટે કરે છે. ત્યારે કોઈ એમ કહે કે, નિમિત્તથી ન થાય–એનાથી ન થાય તો સ્વભાવ થઈ ગયો. એનાથી ન થાય છતાં પણ છે વિભાવ ! આહા...! અત્યારે (આ) મોટી ચર્ચા (ચાલે) છે. વિકાર આત્મામાં થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ પોતાનો સ્વતંત્ર પરિણામધર્મ હોવાથી–પરિણમવાનો સ્વભાવ હોવાથી શુભ–અશુભ ભાવરૂપે થાય છે, આહા..હા...! કર્મને લઈને નહિ તેમ ત્રિકાળી દ્રવ્ય છે એને લઈને નહિ. સમજાણું કાંઈ ?

એ સ્ફટિકમાં જે લાલ અને કાળો રંગ છે એ એના પરિણામનો પોતાનો સ્વભાવ છે માટે (ઝાંય પડે છે). તેમ શુભાશુભસ્વભાવપણું જીવમાં પ્રકાશે છે, એ પોતાની યોગ્યતાને લઈને પોતે કર્યો છે માટે થાય છે. કર્મને લઈને નહિ, કર્મ તો નિમિત્ત માત્ર છે, આ..હા..હા...! આવી વાતું છે ! છે કૌંસમાં ?

'**...(જેમ સ્ફટિકમણિ લાલ અને કાળા ફૂલના નિમિત્તે,...)**' નિમિત્તે એટલે બીજી ચીજ છે, એટલું. '**(...લાલ અને કાળા સ્વભાવે પરિણમતો જોવામાં આવે છે,...)**' એ ઉપાદાન એનું પોતાનું છે. સ્ફટિકનું લાલ, કાળાપણે થવાનું ઉપાદાન પોતાનું છે, ઓલી (સામેવાળી) ચીજ તો નિમિત્ત છે. '**(...તેમ આત્મા કર્મોપાધિના નિમિત્તે,...)**' કર્મની ઉપાધિનું નિમિત્ત માત્ર છે. પણ નિમિત્તથી અહીં વિકારી થાય છે, એમ નથી. આવા શબ્દો હોય તો એને નડે ! કર્મોનું નિમિત્ત છે. નિમિત્ત હો..! પણ નિમિત્ત ત્યાં કંઈ કરે છે, શુભાશુભભાવને કરાવે છે, એમ નથી. અરે.. અરે...! આવી વાતું હવે...!

નિમિત્ત તો બન્નેમાં આવ્યું. સ્ફટિકમણિમાં પણ કાળા, લાલ ફૂલના નિમિત્તે કાળા, લાલ (રંગ) થાય છે, તે એને લઈને થાય છે ? એને લઈને થાય તો કીધું ને ! અમથું લાકડું હોય એની હેઠે મૂકો તો (લાલ, કાળું) નહિ થાય. એની પોતાની યોગ્યતા નથી, એટલે પરને લઈને નહિ થાય, આહા..હા...!

એમ આત્મામાં પુણ્ય–પાપ, શુભાશુભ ભાવ થવાની પર્યાયમાં પોતાથી, કર્તાપણે કાર્ય થાય, તેવી પોતાની યોગ્યતા છે. આ વાત સાધારણ નથી ! મોટા પંડિતો વચ્ચે વાંધા ઊઠ્યા છે ! સમજાણું કાંઈ ? કોને પણ નવરાશ (છે) ? વાણિયાને વેપાર–ધંધા આડે નવરાશ ન મળે ! અને આ ભક્તિ કરે, જાત્રા કરે, દયા, દાન કરે (એમાં) થોડો શુભ ભાવ થાય, એટલે થઈ રહ્યું....! જય ભગવાન...! કેમ થાય છે ? ને કેમ ધર્મ છે ? (એની) એને ક્યાં પડી છે ? આહા..હા...!

અહીં કહે છે '**(...આત્મા કર્મોપાધિના નિમિત્તે,...)**' 'નિમિત્ત' શબ્દે ત્યાં છે, એટલું. પણ પરિણમે છે પોતે પોતાને કારણે. આહા..હા...! '**(...શુભાશુભ સ્વભાવે પરિણમતો,...**' જોયું ? શુભાશુભ સ્વભાવે પર્યાયમાં '**(...પરિણમતો જોવામાં આવે છે).**' આહા..હા...!

શ્રોતા :-- પણ નિમિત્તનો સંગ કરે ત્યારે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- એ પોતે આશ્રય કરે છે એટલે ત્યાં યોગ્યતા પોતાની છે. એને લઈને નહિ. (વાત) એમ છે કે, કર્મનો જે ઉદય છે એ જડનો ઉદય છે. એને તો રાગ અડતો પણ નથી. તેમ એ ઉદય છે, એ અહીં રાગ થાય છે તેને અડતો નથી. શું કીધું એ ? અહીંયાં જે શુભ–અશુભ ભાવ થાય તેમાં કર્મનો ઉદય છે તે આને અડતો પણ નથી, છૂતો પણ નથી. અને આ શુભાશુભ ભાવ થાય એ કર્મના ઉદયને અડતાં નથી, આ..હા..હા...!

એ તો 'સમયસાર'ની ત્રીજી ગાથામાં કહ્યું છે ને ! દરેક પદાર્થ પોતમાં રહેલાં ગુણ–પર્યાયને સ્પર્શે–ચુંબે છે. પણ પરદ્રવ્યને કોઈ અડતું પણ નથી ! આહા..હા...! સમજાય છે ? બીડી સળગે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, (તેમાં) એ દીવાસળી બીડીને અડતી નથી ! છતાં એ સળગે છે, એ પોતાના અશુદ્ધ ઉપાદાનની યોગ્યતાથી ત્યાં સળગે છે. સમજાણું કાંઈ ? આ કેમ મનાય ?

એ તો ત્રીજી ગાથામાં કહ્યું છે. કહ્યું નહિ ? દરેક આત્મા અને દરેક પરમાણુ પોતામાં રહેલા ગુણ અને પર્યાયને અડે છે, છૂતે હૈં..! 'ચુંબે છે' એમ (પાઠ) છે. પણ પરદ્રવ્યની પર્યાયને, ગુણને, દ્રવ્યને છૂતો નથી, આ..હા..હા...! આવી વાત...! વીંછીનો ડંખ શરીરને અડતો પણ નથી. (પણ આ) ઝેર ચડે છે ને !? એ ઝેર પોતાને કારણે ચડે છે, ડંખને કારણે નહિ. અર..ર..ર..! આવું સ્વરૂપ (સમજવાની) કોને નવરાશ છે ?

ભગવાનઆત્મા ! નિર્મળાનંદ, સત્ ચિદાનંદ પ્રભુ છે ! શુદ્ધ આનંદકંદ સત્ ચિદાનંદ આત્મા..! એની શુદ્ધતામાં પર્યાયની કોઈ અશુદ્ધતા છે નહિ. છતાં એની પર્યાયમાં–અવસ્થામાં અશુદ્ધતા છે એ પોતાને કારણે છે. કર્મને કારણે અને પરને કારણે નહિ. સમજાય છે કાંઈ ? કીધું ને સ્ફટિકનું ? કે, નિર્મળ સ્ફટિક છે, એની નિર્મળતામાં કાળા, લીલા ફૂલ જોડ્યા હોય, તો કાળી, લીલી ઝાંય દેખાય છે, એ કાળા, લીલા ફૂલને લઈને નહિ. એ પોતાની પર્યાયની લાયકાત–યોગ્યતાને કારણે કાળી, લીલી પર્યાય દેખાય છે. આ..હા..હા...! શું થાય ? આ બેસે નહિ...!

એમ આ ભગવાનઆત્મા ! દ્રવ્ય વસ્તુ તો સત્ ચિદાનંદ પ્રભુ છે ! 'સિદ્ધ સમાન સદા પદ મેરો' ! (આવે) છે ને ? 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરૌ, મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહા તમ ઘેરૌ' પણ પરનો મેં સંગ કર્યો તેથી અંદર મને મિથ્યાત્વ ને રાગ–દ્વેષ થયો, એમ કહે છે. આહા...! 'જ્ઞાનકલા ઊપજી અબ મોહિ, કહૌં ગુન નાટક આગમકેરૌ, જાસુ પ્રસાદ સધૈ સિવમારગ, વેગિ મિટૈ ભવવાસ બસેરૌ' ('સમયસાર નાટક'– ૧૧) આ હાડકા, ચામડાંમાં આત્મા પડ્યો છે ! આ તો હાડકાં, ચામડાં છે. ભગવાન તો અંદર નિર્મળાનંદ જુદી ચીજ છે. એ શરીરને અડતો પણ નથી ! 'અડતો નથી' સમજે ? હિન્દી ભાષામાં 'છૂતે નહિ' (કહે છે). આ..હા..હા...! આકરું કામ, ભાઈ !

વીતરાગમાર્ગ, પરમેશ્વરનો માર્ગ જાણવો એ બહુ (આકરું છે) ! અને એ સિવાય બીજે ક્યાંય સાચું છે નહિ. સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવે જે જોયું અને કહ્યું, એવું બીજે ક્યાંય છે નહિ. પણ માર્ગ દુર્લભ ઘણો ! કઠણ ઘણો !!

અહીંયાં કહે છે કે, આત્મા ત્રિકાળી શુદ્ધ છે. એ તો સિદ્ધ સમાન સ્વરૂપ છે. પણ એની પર્યાયમાં–અવસ્થામાં વિકાર છે, એ કર્મને લઈને નથી, આ..હા..હા...! કહ્યું ને ? સ્ફટિકમાં જે સફેદાઈ છે....! મેં સ્ફટિક જોયું છે ! આવડું સ્ફટિક (હતું)...!

(સંવત) '૯૧ની સાલમાં 'જામનગર' ગયા હતા ને ત્યાં ('સમયસાર'ની) ૧૦૦મી ગાથા ચાલી હતી. (અહીંયાં) કાલે ચાલી ને ? આજે સવારે પણ ચાલી ! '૯૧ના 'માગશર' માસમાં એ ચાલતી હતી. કેટલાં વર્ષ થયાં ? ૪૪ વર્ષ થયાં ! 'જામનગર' ! મોટી સભા ! એમાં મોટો દાક્તર આવ્યો હતો ! બધાં આવતાં હતાં ને ! અઢી–અઢી હજાર ને ત્રણ હજારના પગારવાળાં બધાં આવે ! બચારાં એ બધાં સાધારણ હોય ને એમાં પગાર પાંચ હજાર, દસ હજાર હોય ! એમાં ધૂળમાં શું છે !? (ત્યારે) ૧૦૦મી ગાથા ચાલી હતી કે, આત્મા...! આ..હા..હા...! ૧૦૦માં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવ્યું ને ? જડના કાર્યના કાળમાં આત્મા પોતે તેને નિમિત્તપણે પણ કર્તા નથી. ઉપાદાન કર્તા તો નથી (પણ નિમિત્તપણે પણ કર્તા નથી) ! આહા..હા...!

આ શરીર ચાલે છે, જુઓ ! આમ.. આમ...! એ (ચાલવાની) પર્યાય છે એ પરમાણુનું કાર્ય છે, આત્માનું નહિ. આત્મા તો એને નિમિત્ત પણ નથી ! અરે..રે...! આ વાત કેમ બેસે ? આ શરીર છે, આ માટી–ધૂળ–જડ છે. અજીવ ! અજીવ તત્ત્વો છે એ અનંત રજકણો છે. એની ક્રિયાવર્તી શક્તિને લઈને આમ.. આમ.. ચાલે છે ! એ પર્યાય પરમાણુનું કાર્ય છે. એ પરમાણુના કાર્યમાં આત્મા નિમિત્ત પણ નથી. આત્માથી તો એ કાર્ય થતું નથી પણ તેના કાર્યમાં આત્મદ્રવ્ય છે એ નિમિત્ત પણ નથી, આ..હા..હા...! જો આત્મા તેના કાર્યમાં નિમિત્ત હોય તો તો દરેક અવસ્થામાં આત્માની ઉપસ્થિતિ રહેવી જોઈએ ! Logicથી–ન્યાયથી સમજવું પડશે ને, બાપુ ! આ..હા..હા...! સમજાણું કાંઈ ? ત્યારે આ કાર્ય જે થાય છે, એમાં નિમિત્ત કહેવું કોને ? નિમિત્ત ! એ કાર્ય તો ત્યાં થયું પણ નિમિત્ત કહેવું કોને ? કે, આત્માને નહિ ! આત્માને જો નિમિત્ત કહો તો આત્મા (તો) નિત્ય છે ! તો જગતની દરેક અવસ્થા થાય ત્યાં આત્માની ઉપસ્થિતિ રહેવી જોઈએ. (જો એમ થાય તો) આત્મા કોઈ 'દિ છૂટો પડે નહિ. માટે આત્મદ્રવ્ય એ કાર્યમાં નિમિત્ત પણ નથી, આ..હા..હા...! ઉપાદાન તો તેનું કાર્ય તેનાથી (થયું) છે, આ..હા..હા...! આવી વાત...!

આ જડની ભાષા ચાલે છે, એ જડનું કાર્ય છે. આ ભાષા ચાલે છે એ જડનું કાર્ય છે. એ આ હોઠને લઈને નહિ. આત્માને લઈને તો નહિ જ ! આ..હા..હા...! અરે.. આ વાત...! કેમકે ત્યાં જડનું જે કાર્ય થાય છે એ તો પરમાણુ સ્વતંત્ર કર્તા થઈને કાર્ય થાય છે. ત્યારે (કોઈ એમ) કહે કે, આ આત્મા નિમિત્ત તો ખરો કે નહિ ? (તો કહે છે) ના ! આત્મા નિમિત્ત હોય તો તે જડની અવસ્થા વખતે તેણે હાજર રહેવું પડે. માટે એ વસ્તુ નથી. ત્યારે નિમિત્ત કહેવું કોને ? કે, એવું કાર્ય જ્યારે થાય છે ત્યારે અજ્ઞાનીના 'જોગ' અને 'રાગ'ને નિમિત્ત કહેવામાં આવે છે. કેમ (એમ છે) ? (તો કહે છે) એ રાગ અને જોગ–કંપનનો અજ્ઞાની કર્તા (થાય) છે. રાગ ને ઇચ્છા ને કંપનનો કર્તા (હું છું, એમ) અજ્ઞાની માને છે. માટે તે અજ્ઞાનીનો આત્મા નિમિત્ત નહિ પણ અજ્ઞાનીનો 'જોગ' અને 'રાગ', એ કાર્ય કાળે તેને નિમિત્ત કહેવામાં આવે છે. છતાં ત્યાં તે (કાર્ય) નિમિત્તથી થયું નથી. આવી વાતું હવે...! નવરાશ ન મળે જાણે ! એક કોર આખો 'દિ ધંધા ! (એમાંથી) નવરો થાય તો છ–સાત કલાક ઊંઘે ! બે–ચાર કલાક બાયડી–છોકરાને રાજી રાખવામાં જાય !! થઈ રહ્યું...! જગત (આમને આમ) હાલ્યું જાય છે ! ક્યાંક કલાક સાંભળવા જાય ત્યાં મળે એવું (કે), 'દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો...!' એવી વાતું કરે બચારા..! એ તો અજ્ઞાન છે. આ..હા..હા...! એ તો રાગની ક્રિયા છે, એમાં ધર્મ મનાવે !! આહા..હા...!

હવે, એ અહીં કહે છે કે, ત્યાં જે રાગ થાય છે એ આત્માને લઈને નહિ. આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે ! તેમ રાગ થાય છે તે કર્મને લઈને નહિ. કેમકે કર્મ તો પરદ્રવ્ય છે. આવી વાત છે ! ત્યારે જે રાગ થાય છે, દયા, દાન, વ્રત, અપવાસનો (જે) વિકલ્પ ઊઠે છે એ (શુભ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ (છે) અને હિંસા, વિષય, ભોગ, કામ, ક્રોધનો ભાવ (ઊઠે છે) એ પાપ (છે). એ બન્ને પુણ્ય અને પાપનો ભાવ (થવામાં) કર્મનું નિમિત્ત હો ! પણ કરે છે પોતે ! કરે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. આ..હા..હા...! પણ એ શુભાશુભ (ભાવ) કરતો જ નથી...! (એમ કહે તો તે અજ્ઞાન છે). કેવળી પરમાત્માને જેમ શુભાશુભ ભાવ નથી, અરિહંત પરમાત્મા હાલે, ચાલે, બોલે એ ક્રિયા એની નથી, એ તો જડની ક્રિયા છે અને એને કંઈ બંધ નથી. કેમકે તેને રાગ, દ્વેષ ને મોહ નથી. (જેમ) એને (રાગ, દ્વેષ, મોહ) નથી, એમ અજ્ઞાની પણ એમ માની લે કે, અમારી પણ હાલવા, ચાલવા, બોલવાની ક્રિયામાં અમને પણ રાગ-દ્વેષ છે નહિ ! (તો) એ અજ્ઞાન છે, એમ સિદ્ધ કરવું છે. આ..હા..હા...! આ ધર્મ સમજવામાં આટલી બધી (વાતો સમજવાની)....! ધર્મ તો આ 'ગિરનાર'ની કે ફલાણી જાત્રા કરી...! થઈ ગયો ધર્મ ! લ્યો ! ધૂળેય ત્યાં ધર્મ નથી..!

એ (જાત્રા કરતી વખતે) ડગલા ભરે છે, 'એ ક્રિયા મારી છે'--એ માન્યતા જ મિથ્યાત્વ (અને) અજ્ઞાન છે. અને એમાં શુભ રાગ થાય એ વિકાર છે. એ બંધનું કારણ છે અને એ વિકાર પોતાથી થાય છે, કર્મથી નહિ, દ્રવ્યથી નહિ. દ્રવ્ય એટલે વસ્તુ જે ત્રિકાળી છે એનાથી નહિ (અને) કર્મથી નહિ. તેની પર્યાયમાં પરિણામધર્મ હોવાથી તેને પોતાથી શુભભાવ થાય છે. એ બંધનું કારણ છે. આ..હા..હા...! અહીં તો એને ધર્મ માનવો...! ધર્મ કર્યો.. જાણે ધર્મ કર્યો..! 'સમ્મેદશિખર'ની જાત્રા ! આવે છે ને ? 'એક વાર વંદે જો કોઈ, નરક-પશુ ન હોઈ' આવે છે ને ? 'સમ્મેદશિખર'ની સજ્ઝાય આવે છે ને ? 'એક વાર વંદે જો કોઈ...' એ તો શુભ ભાવની વ્યાખ્યા છે. ઘણી વાર શુભ ભાવ કોઈ બહુ આકરો હોય તો નરક-પશુમાં ન જાય. પણ એ શુભ ભાવ ધર્મ છે, એમ નથી. એમ એ ધર્મનું કારણ છે, એમ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? તેમ એ શુભભાવ પોતે પરિણમ્યો નથી, એમ નથી. આહા..હા...! આવું કેટલું યાદ રાખવું !? રળવામાં ધ્યાન રાખવું, બાયડી-છોકરાને સાચવવા (કે આ કરવું) ? આહા..હા..! સમજાણું કાંઈ ?

એ સ્ફટિક જેમ સ્વચ્છતાના સ્વભાવવાળું હોવા છતાં ફૂલના સંગે પોતાની યોગ્યતાથી (તેમાં) કાળી, લાલ ઝાંય દેખાય છે. એમ ભગવાનઆત્મા નિર્મળાનંદ સ્વચ્છ સ્ફટિક જેવો હોવા છતાં તેની પર્યાયમાં-અવસ્થામાં કર્મના નિમિત્તના સંગે પોતાને કારણે તે શુભાશુભપણે પરિણમવું થાય છે. આવી વાતું...! હજી નવ તત્ત્વમાં પુણ્ય તત્ત્વ શું છે ? પાપ તત્ત્વ શું છે ? આત્મ તત્ત્વ શું છે ? (તેની ઓળખાણ ન મળે) ! આ..હા..હા...!

**ભાવાર્થ :-- 'જેમ શુદ્ધનયથી કોઈ જીવ શુભાશુભ ભાવે પરિણમતો નથી,...**' જોયું ? આ કીધું ! શુદ્ધનયથી જોઈએ તો ત્રિકાળી પ્રભુ છે-દ્રવ્ય છે, એ શુભાશુભભાવે પરિણમે નહિ. આહા...! શું કીધું એ ? ભગવાનઆત્મા ! સત્ ચિદાનંદ પ્રભુ ! 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો' – એ ચીજ જે છે-એ વસ્તુ, રાગરૂપે કોઈ 'દિ થતી નથી. એ '**...શુદ્ધનયથી કોઈ જીવ,...**' શુદ્ધનય એટલે ત્રિકાળીને (જોવાવાળી) નયથી જોતાં. આ..હા..હા...! શુદ્ધનયથી જોતાં એટલે કે સમ્યગ્દર્શનથી જોતાં ત્રિકાળી દ્રવ્ય છે તે વસ્તુ શુભાશુભ ભાવે થતી નથી. એ શુદ્ધનયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિષય જે દ્રવ્ય છે, એ દ્રવ્ય કોઈ 'દિ શુભાશુભ ભાવપણે થતું નથી, આ..હા..હા...!

'**...તેમ જો અશુદ્ધનયથી પણ ન પરિણમતો હોય,...**' આ..હા..હા...! અહીં એને પરિણામ ઉપર દૃષ્ટિ કરાવવી નથી. પણ વસ્તુ છે એની દૃષ્ટિ જેને (થઈ) નથી એને પરિણામમાં શુભાશુભ ભાવ થાય, એ નથી માનતો, એને શુભાશુભ ભાવ થાય છે – તારાથી તને (થાય છે), એમ એને સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ?

નિશ્ચયથી ભગવાનઆત્મા શુદ્ધનયનો, સમ્યગ્દર્શનનો વિષય (જે છે) એ વિષય છે એ તો શુભાશુભભાવપણે પરિણમતો જ નથી. એ તો શુદ્ધભાવે પરિણમે (એવો એનો સ્વભાવ છે). શું કહ્યું એ ? નિર્મળાનંદ પ્રભુ ! શુદ્ધ સ્ફટિક જેવો નિર્મળ સિદ્ધ સ્વરૂપી પ્રભુ છે ! એ જિનસ્વરૂપી પ્રભુ છે. આત્મા જિનસ્વરૂપ છે ! એ તો કહ્યું હતું ને ? અને ઘણી વાર કહીએ છીએ – 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, મત મદિરાકે પાન સો મતવાલા સમજે ન' પોતાના મતના–અભિપ્રાયના અહંકારીઓ એ વસ્તુને સમજતા નથી, આહા..હા...! અંદર જિનસ્વરૂપી પ્રભુ છે. કેમકે પરમાત્મા અરિહંત વીતરાગ થાય છે, એ પર્યાય થાય છે ક્યાંથી ? બહારથી આવે છે ? એ અંદરમાં આત્મા વીતરાગસ્વરૂપ પ્રભુ છે ! આ..હા..હા...! એ જિનસ્વરૂપી શુદ્ધનયનો વિષય છે. આહા...! (એવી) શુદ્ધ જે વસ્તુ (છે) એ શુભાશુભભાવે પરિણમે નહિ.

આ..હા..હા...! શુદ્ધ જે છે એવી નિશ્ચયનયની દૃષ્ટિ થઈ અને સમ્યગ્દર્શન થયું, એનો વિષય શુદ્ધ છે, તો એ શુદ્ધ (વસ્તુ) તો શુદ્ધપણે પરિણમે. એ શુભાશુભભાવે પરિણમે નહિ. કમજોરીને લઈને (રાગ) થાય પણ તેનો તે જ્ઞાતા–દ્રષ્ટા છે. સમજાણું કાંઈ ? સમકિતીને પણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ચીજ હું – એ વસ્તુની એની દૃષ્ટિ છે. એની પરિણામની દૃષ્ટિ નથી. પરિણામી ત્રિકાળી પરમ પરમ ભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે સમકિતીનો વિષય છે. (એ) શુદ્ધનયના વિષયને જોઈએ તો એ શુભાશુભપણે પરિણમતો નથી. એ તો શુદ્ધપણે પરિણમે, વીતરાગભાવપણે પરિણમે.

અહીં કહે છે કે, '**...જો અશુદ્ધનયથી પણ ન પરિણમતો હોય,...**' (અર્થાત્) પર્યાયદૃષ્ટિએ પર્યાયમાં અશુદ્ધતાથી પણ પરિણમતો ન હોય '**...તો વ્યવહારનયે પણ સમસ્ત જીવોને સંસારનો અભાવ થાય,...**' નિશ્ચય(નયે) તો સંસારનો અભાવ છે, પણ (પર્યાયમાં) વિકાર છે અને (છતાં તે) નથી, એમ માને તો વ્યવહારનયે પણ સંસારનો અભાવ થાય. શું કીધું એ ?

નિશ્ચયનયથી તો ભગવાનઆત્મા...! આ..હા..હા...! 'રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા, અંતરકી લચ્છી સો જો લક્ષપતિ હૈ, સમકિતી દાસ ભગવંતકે, ઉદાસ રહે જગત સો' આ..હા..હા...! એવા જીવ સમકિતી (છે) ! એ સમ્યગ્દર્શન જેને થયું એને તો સાચું ત્રિકાળી જ્ઞાયકભાવનું દર્શન થયું. આ..હા..હા...! ધર્મની પહેલી સીઢી ! ત્રિકાળી જ્ઞાયક ચિદાનંદ પ્રભુ ! આ..હા..હા...! તેની દૃષ્ટિમાં તો પરિણામ પણ નથી. સમ્યગ્દર્શન (પોતે) પરિણામ છે તો (પણ) સમ્યગ્દર્શન(ના) પરિણામ પણ સમ્યગ્દર્શનના વિષયમાં નથી. આહા...! પણ (કોઈ) એમ માને કે, જેમ સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધ છે અને શુદ્ધપણે પરિણમે છે, તેમ પર્યાયમાં અશુદ્ધનયે અશુદ્ધપણે નથી, વ્યવહારનયે અશુદ્ધપણું પરિણમે છે, એ નથી, એમ માને તો સંસારનો અભાવ ઠરે. સંસારદશા છે એનો અભાવ ઠરે. આવા Logic ! પેલું તો કહે, દયા પાળો, વ્રત કરો,...! કાંઈ સમજવાનું (ખરું) ? અપવાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરો, 'સમ્મેદશીખર'ની જાત્રા કરો..! ત્યાં ધૂળમાંય કાંઈ નથી ! લાખ–કરોડ જાત્રા કરે નહિ ! (એમાં) રાગ મંદ હોય તો પુણ્ય બાંધે. ત્યાં ધર્મ નથી, આહા..હા...!

અહીં તો કહે છે કે, ધર્મી જીવને ત્રિકાળ ઉપર દૃષ્ટિ હોવાથી એ શુદ્ધનયે તો શુદ્ધપણે પરિણમે, અશુદ્ધપણે પરિણમે નહિ. પણ એને જેટલું અશુદ્ધપણું છે અને અજ્ઞાનીને પણ જે અશુદ્ધપણું છે, એ અશુદ્ધપણે પરિણમે છે, આહા..હા...! એ શુભ–અશુભ ભાવ જીવની પર્યાયનો છે. જો એ શુભ–અશુભ ભાવ ન હોય તો તો અજ્ઞાનીને પણ સંસારનો અભાવ ઠરે. કેટલું આમાં યાદ રાખવું ?

'**...અશુદ્ધનયથી પણ,...**' એમ (કહ્યું છે). (અર્થાત્) શુદ્ધનયથી તો શુભાશુભ ભાવે પરિણમતો નથી. પણ અશુદ્ધનય–વ્યવહારનયથી પણ જો ન પરિણમતો હોય '**...તો વ્યવહારનયે પણ સમસ્ત જીવોને સંસારનો અભાવ થાય અને સૌ જીવો સદાય મુક્ત જ ઠરે !**' (એટલે કે) જેવું દ્રવ્ય મુક્ત છે, એવી પર્યાય મુક્ત ઠરે. સમજાણું કાંઈ ? પણ પર્યાયમાં તો બંધન, રાગ–દ્વેષ છે, શુભાશુભ છે અને એ રીતે પરિણામ સ્વભાવવાળો હોવાથી પોતે પરિણમ્યો છે, આ..હા..હા...!

'**પરંતુ તે તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે.**' શુભાશુભ ભાવ નથી અને મુક્ત છે (એમ કહે તો) એ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે. '**માટે જેમ કેવળીભગવાનને,...**' સરવાળો અહીં છે. '**...કેવળીભગવાનને શુભાશુભ પરિણામોનો અભાવ છે તેમ સર્વ જીવોને સર્વથા શુભાશુભ પરિણામોનો અભાવ ન સમજવો.**' આ ગાથામાં સિદ્ધ આ કર્યું. ભગવાન હાલે, ચાલે, બોલે (તો) એને છે કંઈ ભાવ ? પણ એને તો શુભાશુભ ભાવ છે નહિ, મોહ છે નહિ. ત્યારે (કોઈ એમ) કહે કે, 'અમે પણ હાલીએ, ચાલીએ,.. અમે (પણ) આત્મા છીએ, એટલે અમારે (પણ) શુભાશુભ ભાવ નથી !' (તો) એમ નથી, આ..હા..હા...!

સમ્યક્‌દૃષ્ટિને પણ શુદ્ધનયનો વિષય હોવા છતાં, તેનું પરિણમન શુદ્ધ હોવા છતાં, હજી નબળાઈ છે તેટલું અશુદ્ધ પરિણમન છે. એને અશુદ્ધ (પરિણામ) નથી જ, એમ માને (તો તેમ નથી). સમજાણું કાંઈ ? અશુદ્ધતા તો છે, જો અશુદ્ધતા ન હોય તો પૂર્ણ કેવળજ્ઞાન હોવું જોઈએ. પૂર્ણ કેવળજ્ઞાન નથી એટલે અશુદ્ધતા તો છે. શુદ્ધતા પણ છે અને અશુદ્ધતા પણ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એ અશુદ્ધ પરિણામનો અભાવ માને તો તો સંસારનો અભાવ ઠરે. બંધના કારણનો અભાવ થતાં તેને બંધ છે – ભાવબંધ છે એ સિદ્ધ નહિ થાય. દ્રવ્યબંધ તો ભલે કર્મ (છે) પણ ભાવબંધ છે ને ? શુભાશુભ ભાવ છે એ ભાવબંધ છે, આ..હા..હા...!

એ વિષય ૪૫મી (ગાથા) સાથે મેળવ્યો. ૪૫(મી ગાથામાં એમ કહ્યું કે) 'પુણ્યફલા અરહંતા' ! અરિહંત ભગવાનને કેવળજ્ઞાન થયું એ તો પોતાના વીતરાગ સ્વભાવથી થયું. પણ અરિહંત ભગવાનને પૂર્વે તીર્થંકર પ્રકૃતિ બંધાણી હતી એનો ઉદય કેવળજ્ઞાન થતાં થયો. અને એ ઉદયને લઈને હાલવું, ચાલવું, બોલવું જે ક્રિયા થઈ એ બધી ઉદયિકી ક્રિયા છે. એ આત્માને કંઈ નુકસાન કરતી નથી, તેમ આત્માને લાભ કરતી નથી. પણ તે ક્રિયા ઉદયની છે તે તેને ખરી જાય છે. તેને શુભાશુભ ભાવ છે નહિ.

એવી રીતે અજ્ઞાની પણ માને કે, 'અમારે પણ શુભાશુભ ભાવ નથી ! અમે પણ આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધ દ્રવ્ય છીએ !' દ્રવ્યે શુદ્ધ છો પણ પર્યાયમાં અશુદ્ધતા નથી, એમ માન તો અશુદ્ધતા તો છે. આહા...! એ કેવળી સાથે મેળવ્યું. અને કર્મને લઈને શુભાશુભ ભાવ છે. એમ માને તોપણ મિથ્યાત્વ, અજ્ઞાન છે. કારણ કે કર્મનો ઉદય છે એ કંઈ ભાવબંધનું કારણ નથી. એ તો સંસ્કૃતમાં આવી ગયું. ('જયસેનાચાર્યદેવ'ની ૪૫મી ગાથાની ટીકા) '**द्रव्यमोहोदयेऽपि सति**' જુઓ ! ૪૫ (ગાથામાં છે), નીચેથી ત્રીજી લીટી. સંસ્કૃત છે સંસ્કૃત ! '**द्रव्यमोहोदयेऽपि सति**' (અર્થાત્) દ્રવ્ય મોહનો ઉદય હોવા છતાં. '**द्रव्यमोहोदयेऽपि सति यदि शुद्धात्मभावनाबलेन भावमोहेन न परिणमति**' દેખો ! ભલે કર્મનો ઉદય હોય પણ ભાવપણે ન પરિણમે તો એ કંઈ બંધનું કારણ નથી, આહા..હા...! આ મોટી ચર્ચા થઈ હતી. '**द्रव्यमोहोदयेऽपि**' (અર્થાત્) જડ મોહકર્મનો ઉદય હોવા છતાં. '**यदि शुद्धात्मभावनाबलेन**' (અર્થાત્) આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ છે તેની ભાવનાની એકાગ્રતાના બળે. '**भावमोहेन न परिणमति**' દ્રવ્યમોહનો ઉદય હોવા છતાં શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરીને ભાવમોહપણે ન પરિણમે તો એને બંધ છે નહિ. છે (પાઠમાં) ? '**तदा बंधो न भवति**' આહા..હા...! શું (કહ્યું) સમજાણું કાંઈ ?

જેમ લાલ અને પીળા ફૂલ છે માટે અહીં લાલ અને પીળી ઝાંય પડી, એમ નથી. એમ કર્મનો ઉદય છે માટે અહીં શુભાશુભ ભાવ થાય છે, એમ નથી. પણ દ્રવ્યમોહનો ઉદય હોવા છતાં ભાવમોહપણે ન પરિણમે તો બંધનું કારણ નથી.

શ્રોતા :-- એ ઉદયને પાછી નિર્જરા કહેવાય ?

સમાધાન :-- એ ઉદય તો કેવળીને પછી ખરી જાય છે. એ કીધું ને ? ઉદય છે એ બધો સમયે–સમયે ખરી જાય છે.

અહીં તો કહે છે, ઉદય ભલે છે, પણ ઉદય હોવા છતાં ભાવમોહપણે જો આત્મા ન પરિણમે તો બંધનું કારણ થતું નથી, આહા...! એ વિશેષ કહેવાશે...

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## (તા. ૧૯-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૪૪)

'પ્રવચનસાર', ૪૭ ગાથા. '**હવે ફરીને પાછા,...**' એટલે શું (કહે છે) ? પહેલા ક્ષાયિક જ્ઞાન, કેવળજ્ઞાનનો અધિકાર કહ્યો હતો. પણ વચ્ચે ૪૫--૪૬ (ગાથામાં) એમ કહ્યું ને ? કે, અરિહંત ભગવાન સર્વજ્ઞને જે સર્વજ્ઞપણું પ્રગટ્યું છે, એ કાળે એને પૂર્વની પુણ્યની પ્રકૃતિ છે તે ઉદય આવી છે. એ ઉદયથી એનું હાલવું--ચાલવું થાય છે. પણ એ મોહ અને રાગ, દ્વેષનો અભાવ હોવાથી તેને બંધનું કારણ નથી. તેમ બધાં પ્રાણીને શુભાશુભ ભાવથી રહિતપણું છે, એમ નથી.

આહા..હા...! જેમ સર્વજ્ઞ વીતરાગને તો દેહાદિની ક્રિયાથી કે બોલવા, ચાલવાના વિહારથી બંધ છે નહિ. એ પુણ્યનું ફળ છે એ ખરી જાય છે, આ..હા..હા...! એથી એને મોહનો શુભાશુભ ભાવ નથી. બોલે તો એને રાગ નથી, હાલે તો એને ઇચ્છા નથી, આહા..હા...! તેથી તેનું હાલવું, બોલવું, ચાલવું બધું મોહભાવના અભાવને લઈને બંધના અકારણભૂત છે અને ક્ષાયિકભાવના કારણભૂત છે. એટલો (પૂર્વ કર્મના ઉદયનો) ક્ષય થતો જાય છે ને ! (એટલે ક્ષાયિકભાવના કારણભૂત કહ્યું), આહા..હા...! અંદર જે--જે ઉદય છે તે--તે સમયનો આવીને ખરી જાય છે. છે એ ઔદયિક ક્રિયા, પણ ખરી જાય છે તેથી એને 'ક્ષાયિક' કહેવામાં આવે છે. અરે...! આવી વાતું હવે...! એ વાત વચ્ચે નાખી.

'**હવે ફરીને પાછા,...**' (એમ કહીને) ચાલુ વિષય–કેવળજ્ઞાનનો, સર્વજ્ઞનો વિષય ફરીને લ્યે છે. '**...(–ચાલુ વિષયને) અનુસરીને અતીન્દ્રિય જ્ઞાનને,...**' (અર્થાત્) અતીન્દ્રિય જ્ઞાન જે આત્માની પર્યાય, આહા...! (તેને) '**...સર્વજ્ઞપણે અભિનંદે છે,...**' સર્વજ્ઞપણે તેને અભિનંદે (છે) – તેની પ્રશંસા કરે છે, આ..હા..હા...! (અહીંયાં કહેવાનો) હેતુ એ છે કે, સર્વજ્ઞ પરમેશ્વર જે થાય છે એને એક સમયમાં બધું જાણવામાં આવે છે. પણ તે સર્વજ્ઞ(પણું) પ્રગટ્યું કઈ રીતે ? (તો કહે છે કે), ત્રિકાળી સર્વજ્ઞસ્વભાવ જે ધ્રુવ છે તેને કારણપણે ગ્રહીને પ્રગટ્યું છે. એ પહેલાં આવ્યું છે ને ? પહેલાં આવી ગયું છે.

૨૧(મી ગાથામાં) આવી ગયું છે. '**...અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે;...**' આ..હા..હા..! એટલે અહીં પરમાત્માનું સર્વજ્ઞપણું બતાવીને એની શક્તિની અદ્ભુતતા છે ! (એમ બતાવવું છે). પૂર્વે કોઈ વ્રત અને તપસ્યાઓ કરી માટે પ્રગટી, એમ નથી. ખરેખર તો પૂર્વે ક્ષયોપશમ જ્ઞાન હતું તેથી સર્વજ્ઞપણું પ્રગટ્યું, એમ પણ નથી. આ..હા..હા...! એ સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ ધ્રુવ છે, તેનો આશ્રય લઈને (સર્વજ્ઞપણું પ્રગટ્યું છે). આશ્રય (લેવામાં) પણ પર્યાયને કાંઈ પરાધીનતા નથી. શું કીધું ?

સર્વજ્ઞસ્વભાવ જે ત્રિકાળ ધ્રુવ આત્મા ! એનો પર્યાય આશ્રય (કરે છે). '**भूदत्थमस्सिदो**' એમ શબ્દ છે ને ? (એટલે) ત્રિકાળ જ્ઞાયકભાવનો આશ્રય. આશ્રયમાં કંઈ પર્યાયને પરાધીનતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. ફક્ત પર્યાય કર્તાપણે, સ્વતંત્રપણે સ્વ તરફ લક્ષ કરે છે. તેથી અંદર ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ (છે) તેને કારણપણે ગ્રહીને કેવળજ્ઞાન થાય છે, એમ કહ્યું. સમજાણું કાંઈ ?

એ તો સવારમાં કહેવાણું હતું ને ? કે, કેવળજ્ઞાન છે એ લોકાલોકને નિમિત્ત છે. નિમિત્તકર્તા નહિ. અને લોકાલોક કેવળજ્ઞાનને નિમિત્ત છે. 'નિમિત્ત છે' એટલે શું પણ ? લોકો 'નિમિત્ત'ની રાડું પાડે છે ને ! એક ચીજ છે. લોકાલોક છે તેથી કેવળજ્ઞાન થયું છે, એમ નથી. તેમ કેવળજ્ઞાન એને નિમિત્ત છે, માટે કેવળજ્ઞાનને લઈને લોકાલોક થયું છે, એમ નથી. શબ્દ તો 'નિમિત્ત' કહેવાણો ! આ..હા..હા...!

એમ નીચે(ના ગુણસ્થાને) પણ, આત્મા સર્વજ્ઞસ્વરૂપી ધ્રુવ સ્વભાવ છે, એવી જેણે અંદર પકડ કરી, (અર્થાત્) અસાધારણ ત્રિકાળ જ્ઞાન(ને કારણપણે ગ્રહણ કર્યું) તેને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થાય છે. એ સમ્યક્જ્ઞાન પણ જગતની ચીજને નિમિત્ત છે, આ..હા..હા...! ભગવાન–આત્મા સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ ! એનો જેણે પર્યાયમાં સ્વતંત્ર કર્તા હેતુથી આશ્રય લીધો... આ..હા..હા...! એને પર્યાયમાં સમ્યગદર્શન, સમ્યક્જ્ઞાન આનંદના સ્વાદ લેતું (પ્રગટ) થાય છે. સમજાય છે કાંઈ ? તેને જોગ અને રાગ હોય છે (ખરો) પણ તેમાં તે જ્ઞાન નિમિત્ત છે. અને જોગ ને રાગ ને પરવસ્તુ જે છે તે આ (સમ્યક્)જ્ઞાનમાં નિમિત્ત છે.

'નિમિત્ત'નો આ મોટો ઝઘડો (ચાલે) છે ને ! નિમિત્ત છે એટલે કે વસ્તુ છે. સમજાણું ? આ 'નિમિત્ત–ઉપાદાન'નો મોટો ઝઘડો છે ને ! (નિમિત્ત–ઉપાદાનના) ૪૭ દોહરા છે ને ? (તો તેને જોઈને) એક શાસ્ત્રી એમ કહેતા હતા કે, '(તેમાં) નિમિત્તે જ દલીલ કરી છે તે સાચી છે. ઉપાદાને દલીલ કરી એ વાત ઉટપટાંગ છે !' અરે.. પ્રભુ !

એમ અહીં જ્યારે એમ કહેવું છે કે, ભગવાનનું સર્વજ્ઞ જ્ઞાન લોકાલોકને નિમિત્ત છે. આ..હા..હા...! એટલે સિદ્ધ ભગવાન જે કેવળી છે ને એને પણ આ સર્વજ્ઞ જ્ઞાન નિમિત્ત છે. અને એ કેવળજ્ઞાનાદિ સિદ્ધો જે છે એ લોકાલોકમાં કહેવાય, એ અહીં કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. નિમિત્ત છે માટે એનાથી થયું છે, એ શબ્દ જ નથી, આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

આ સર્વજ્ઞને સિદ્ધ કરવાનો હેતુ એ છે... વારંવાર સિદ્ધ કરી ગયા છે અને ફરીને પણ કહીશ, એમ કીધું ને ? આ..હા..હા...! કે, એ જ્ઞાન કોઈ અલૌકિક છે, બાપુ ! એ જ્ઞાન જેને પ્રગટ્યું છે, એ જ્ઞાન જગતની ચીજમાં નિમિત્ત કહેવાય. અને એ જ્ઞાન પ્રગટ્યું છે એનું કારણ ભગવાનઆત્મા સર્વજ્ઞ શક્તિનો પિંડ છે (તે છે). એ કેવળજ્ઞાનની પર્યાય છે એવી તો અનંતી પર્યાયનો (પિંડ) ભગવાન જ્ઞાનગુણ છે ! આ..હા..હા...! અને ત્રિકાળી જ્ઞાનસ્વભાવની જે શક્તિ છે એનો આશ્રય લઈને સર્વજ્ઞ થાય છે. સમજાણું કાંઈ ? એ વાતે અહીં સર્વજ્ઞને ખૂબ સિદ્ધ કરે છે.

બીજી રીતે (કહીએ તો) સર્વજ્ઞ છે એ ત્રણકાળ ત્રણલોકના પદાર્થને જાણે છે. એટલે કે તેના જ્ઞાનમાં ત્રણકાળના દ્રવ્યની પર્યાય છે, (તે) તેના વર્તમાન (જ્ઞાનમાં) જણાઈ જાય છે. એ ભૂતકાળની અને ભવિષ્યની પર્યાય વર્તમાનમાં ન હોવા છતાં, અસદ્ભૂત હોવા છતાં જ્ઞાન પ્રત્યે તો નિશ્ચય–નિયત છે. તેથી તે ભૂતાર્થ છે, આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવું જ્ઞાન સિદ્ધ કરીને (એ કહેવું છે કે) એ જ્ઞાનની ઉત્પત્તિ સર્વજ્ઞના આશ્રયે થાય છે (એટલે કે સર્વજ્ઞ) સ્વભાવના આશ્રયે થાય છે. એમ અહીં સિદ્ધ કરવું છે, એનું તાત્પર્ય (આ છે). એને આ સર્વજ્ઞસ્વભાવ, મોક્ષસ્વભાવ, કેવળજ્ઞાનસ્વભાવ જણાવે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! લ્યો ! આવો ધર્મ...! ધર્મ કરવો એમાં અમારે આવું (સમજવાનું) શું કામ છે !? પણ તને ધર્મ કેમ થાય, એની ક્યાં ખબર છે ! આહા...!

ધર્મ (એટલે) 'સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર' ! એ ધર્મ ! એટલે મોક્ષનો માર્ગ ! એ થાય કઈ રીતે ? એ શું દયા, દાન, વ્રત ને પૂજા–ભક્તિ કરવાથી થાય ? એ તો રાગ છે. જેના સ્વભાવમાં જ્ઞાનનું સ્વરૂપ પૂર્ણ ભર્યું છે, તેને કારણપણે ગ્રહે ત્યારે તેનું કેવળજ્ઞાનરૂપી કાર્ય થાય. એમાં પણ પ્રશ્ન હતો ને ? કે, દ્રવ્ય છે–ધ્રુવ છે એ વળી કારણ કેમ હોય ? એમ કહે. એ પ્રશ્ન ઊઠ્યો (હતો). અહીં પર્યાય પોતે તેનો આશ્રય લે છે, માટે કારણપણે કહેવામાં આવે (છે). ઘણા પ્રશ્નો (આવી ગયા). અત્યારે મૂળ ચીજની ખબર ન મળે અને બહારથી બધું હાક્યું...!

એટલે (એમ કહે કે), કારણપરમાત્મા છે એ કારણ કેમ થાય ? વસ્તુ ધ્રુવ છે એ કારણ કેમ થાય ? એમ કહ્યું ને ભાઈએ ? (એ) એક વાત. અને કારણ પરમાત્મા છે,... વસ્તુ ધ્રુવ પોતે કારણ ભગવાન જ છે ! સર્વજ્ઞ સ્વરૂપી એ કારણ પ્રભુ જ છે. જો કારણ હોય તો કાર્ય કેમ આવતું નથી ? એ બીજો પ્રશ્ન (હતો). અને પહેલો પ્રશ્ન એ કે, તમે દ્રવ્યને કારણ કહો તો કારણ તો પર્યાય હોય, દ્રવ્ય કેમ કારણ હોય ? ભાઈ ! તને ખબર નથી ! એ તો ૨૧(મી ગાથામાં) કીધું ને ? 'અસાધારણ જ્ઞાનને કારણપણે ગ્રહીને' એ તો પર્યાય જે છે (તે) તેનો આશ્રય લે છે માટે તેને કારણ કહેવામાં આવે છે, આહા..હા...! આશ્રય લે ત્યારે ! (આશ્રય) નથી લેતો ત્યારે તો એને કારણ છે કે નહિ એની એને ખબર પણ ક્યાં છે ? આવી વાતું છે ! આવો વીતરાગમાર્ગ ! અરે...! એના વિના જન્મ–મરણ નહિ મટે, પ્રભુ !

ચોરાશીના અવતાર... આ..હા..હા...! અહીં રતનને ઢોલિયે સૂતો હોય, અબજો રૂપિયા દિવસની પેદાશ હોય...! અત્યારે છે ને પેલો 'અરબસ્તાન'માં ! મુસલમાન રાજા ! એક દિવસની અબજની પેદાશ છે ! અત્યારે છે ! એક દિવસની અબજની પેદાશ ! પેટ્રોલ નીકળ્યું... દેશ નાનો..! 'ઈરાન'માં તો બીજું છે. એને તો એક કલાકની દોઢ કરોડની ઊપજ છે ! એક કલાકમાં દોઢ કરોડની ઉપજ છે !! એટલે છત્રીસ કરોડ થયું. પેલો (જે કહ્યો એ) બીજો એક દેશ છે. એને એક દિવસની એક અબજની પેદાશ છે. એ તો પૂર્વના પુણ્યના પરમાણુ હોય એનો એ જાતનો સંયોગ આવે. પણ એનાથી કાંઈ આત્માને લાભ થાય છે ? 'એ પૈસા આવ્યા એ મને આવ્યા, (મને) મળ્યા'– એમાં (એમ માનવામાં) નુકસાન થાય છે, આ..હા..હા...!

અહીંયાં કહે છે કે, સર્વજ્ઞસ્વરૂપી પ્રભુની અમે ફરીને વાત કરીએ છીએ. કીધેલું છે ઘણું ! કેમકે સર્વજ્ઞસ્વરૂપને સિદ્ધ કરતાં જગતની દરેક પર્યાયો ક્રમસર–જે સમયે થવાની તે જ સમયે થાય, આઘી–પાછી ન થાય. કેમકે સર્વજ્ઞે ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં આમ જાણી લીધા છે. એટલે આડી–અવળી પર્યાય થાય એવું દ્રવ્યના સ્વરૂપમાં નથી. અને તેથી સર્વજ્ઞ, આડી–અવળી (થયા) વિના જે ક્રમબદ્ધ પર્યાય થાય તેને ભગવાન જાણે છે. એ ક્રમબદ્ધની પર્યાયને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ पुनरपि प्रकृतमनुसृत्यातीन्द्रियज्ञानं सर्वज्ञत्वेनाभिनन्दति–

**जं तक्कालियमिदरं जाणदि जुगवं समंतदो सव्वं।**
**अत्थं विचित्तविसमं तं णाणं खाइयं भणियं।।४७।।**

**यत्तात्कालिकमितरं जानाति युगपत्समन्ततः सर्वम्।**
**अर्थं विचित्रविषमं तत् ज्ञानं क्षायिकं भणितम्।।४७।।**

तत्कालकलितवृत्तिकमतीतोदर्ककालकलितवृत्तिकं चाप्येकपद एव समन्ततोऽपि सकलमप्यर्थजातं, पृथक्त्ववृत्तस्वलक्षणलक्ष्मीकटाक्षितानेकप्रकारव्यञ्जितवैचित्र्यमितरेतरविरोधधापितासमानजातीयत्वोद्दामितवैषम्यं क्षायिकं ज्ञानं किल जानीयात्। तस्य हि क्रमप्रवृत्तिहेतुभूतानां क्षयोपशमावस्थावस्थितज्ञानावरणीयकर्मपुद्गलानामत्यन्ताभावत्तात्कालिकमतात्कालिकं वाप्यर्थजातं तुल्यकालमेव प्रकाशेत। सर्वतो विशुद्धस्य प्रतिनियतदेशविशुद्धेरन्तःप्लवनात् समन्ततोऽपि

---

एवं रागादयो बन्धकारणं, न च ज्ञानमित्यादिव्याख्यानमुख्यत्वेन षष्ठस्थले गाथापञ्चकं गतम्। अथ प्रथमं तावत् केवलज्ञानमेव सर्वज्ञस्वरूपं, तदनन्तरं सर्वपरिज्ञाने सति एकपरिज्ञानं, एकपरिज्ञाने सति सर्वपरिज्ञानमित्यादिकथनरूपेण गाथापञ्चकपर्यन्तं व्याख्यानं करोति। तद्यथा– अत्र ज्ञानप्रपञ्चव्याख्यानं प्रकृतं तावत्तत्प्रस्तुतमनुसृत्य पुनरपि केवलज्ञानं सर्वज्ञत्वेन निरूपयति-

---

કેવળજ્ઞાન નિમિત્ત છે, આ..હા..હા...! અને કેવળજ્ઞાનની પર્યાયવાળું દ્રવ્ય બધાં જ્ઞાનને નિમિત્ત છે. આવી વાતું હવે..! એથી સર્વજ્ઞને વધારે સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? અને સર્વજ્ઞને સિદ્ધ કરવામાં, જગતના પદાર્થોની ક્રમસર પર્યાય થાય (છે, એમ સિદ્ધ થાય છે). તેથી જીવ જે છે એ રાગનો કર્તા નથી, ખરેખર તે દ્રવ્ય છે તે પર્યાયનો પણ કર્તા નથી ! એ ત્યાં સિદ્ધ કરવું છે, આ..હા..હા...!

આ કાંઈ સંપ્રદાય નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે. સર્વજ્ઞ ભગવાને (સર્વજ્ઞપણું) જોયું અને સર્વજ્ઞપણાનો સ્વભાવ (છે) તેને આશ્રયે સર્વજ્ઞપણું પ્રગટ કર્યું અને સર્વજ્ઞપણું કેમ પ્રગટ થાય ? એ ઉપાય એમણે જણાવ્યો. એ તો વસ્તુની સ્થિતિ છે. એ કોઈ પક્ષ અને વાડાની વાત નથી, આહા..હા...! એટલે આ રીતે જ્યાં (માન્યતા) નથી તેની બધાની સાથે એક કરવું, એ કઈ રીતે થઈ શકે ? સમજાણું કાંઈ ?

અહીં '**...ફરીને પાછા,...**' શબ્દ છે ને ? '**...પ્રકૃતને,..**' એટલે ચાલુ વિષય જે 'સર્વજ્ઞ'નો છે, ચાલુ વિષય 'સર્વજ્ઞ'નો છે. આ..હા..હા...! એને '**...અનુસરીને અતીન્દ્રિય જ્ઞાનને સર્વજ્ઞપણે અભિનંદે છે (અર્થાત્ અતીન્દ્રિય જ્ઞાન સર્વનું જાણનાર છે એમ તેની પ્રશંસા કરે છે) :--**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



प्रकाशेत। सर्वावरणक्षयाद्देशावरणक्षयोपशमस्यानवस्थानात्सर्वमपि प्रकाशेत। सर्वप्रकारज्ञानावरणीयक्षयादसर्वप्रकारज्ञानावरणीयक्षयोपशमस्य विलयनाद्विचित्रमपि प्रकाशेत। असमानजातीयज्ञानावरणक्षयात्समानजातीयज्ञानावरणीयक्षयोपशमस्य विनाशनाद्विषममपि प्रकाशेत। अलमथवातिविस्तरेण, अनिवारितप्रसरप्रकाशशालितया क्षायिकज्ञानमवश्यमेव सर्वदा सर्वत्र सर्वथा सर्वमेव जानीयात् ।।४७।।

---

जं यज्ज्ञानं कर्तृ **जाणदि** जानाति। कम्। अत्थं अर्थ पदार्थमिति विशेष्यपदम्। किंविशिष्टम्। **तक्कालियमिदरं** तात्कालिकं वर्तमानमितरं चातीतानागतम्। कथं जानाति। **जुगवं युगपदेकसमये समंतदो** समन्ततः सर्वात्मप्रदेशैः सर्वप्रकारेण वा। कतिसंख्योपेतम्। सव्वं समस्तम्। पुनरपि किंविशिष्टम्। विचित्तं नानाभेदभिन्नम्। पुनरपि किंरूपम्। **विसमं** मूर्तामूर्तचेतनाचेतनादिजात्यन्तरविशेषैर्विसदृशं। **तं णाणं खाइयं भणियं** यदेवंगुणविशिष्टं ज्ञानं तत्क्षायिकं भणितम्। अभेदनयेन तदेव सर्वज्ञस्वरूपं तदेवोपादेयभूतानन्तसुखाद्यनन्तगुणानामाधारभूतं सर्वप्रकारोपादेयरूपेण भावनीयम्। इति तात्पयम्।।४७।।

---

હવે ફરીને પાછા પ્રકૃતને (–ચાલુ વિષયને) અનુસરીને અતીન્દ્રિય જ્ઞાનને સર્વજ્ઞપણે અભિનંદે છે (અર્થાત્ અતીન્દ્રિય જ્ઞાન સર્વનું જાણનાર છે એમ તેની પ્રશંસા કરે છે) :--

**સૌ વર્તમાન–અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને**
**યુગપદ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭.**

**અન્વયાર્થ :--** **[यत्]** જે જ્ઞાન **[युगपद्]** યુગપદ્ **[समन्ततः]** સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી) **[तात्कालिकं]** તાત્કાલિક **[इतरं]** કે અતાત્કાલિક, **[विचित्रविषमं]** વિચિત્ર (–અનેક પ્રકારના) અને વિષમ (મૂર્ત, અમૂર્ત આદિ અસમાન જાતિના) **[सर्वं अर्थं]** સર્વ પદાર્થોને **[जानाति]** જાણે છે, **[तद् ज्ञानं]** તે જ્ઞાનને **[क्षायिकं भणितम्]** ક્ષાયિક કહ્યું છે.

---

**जं तक्कालियमिदरं जाणदि जुगवं समंतदो सव्वं।**
**अत्थं विचित्तविसमं तं णाणं खाइयं भणियं।।४७।।**
**સૌ વર્તમાન–અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને**
**યુગપદ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭.**

એક (વાત) વળી એવી મગજમાં આવી કે, જે સર્વજ્ઞ પર્યાય છે એને દ્રવ્ય નિમિત્ત કહેવામાં આવે ! એટલે કે એનાથી (કેવળજ્ઞાન) થયું નથી. 'યોગીન્દ્રદેવ'માં આવે છે ને ? કે, 'દ્રવ્ય નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :–** ક્ષાયિક જ્ઞાન ખરેખર એકી વખતે જ સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી), તત્કાળ વર્તતા કે અતીત–અનાગત કાળે વર્તતા સમસ્ત પદાર્થોને–કે જેમનામાં પૃથકપણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મીથી આલોકિત અનેક પ્રકારોને લીધે વૈચિત્ર્ય પ્રગટ થયું છે અને જેમનામાં પરસ્પર વિરોધથી ઉત્પન્ન થતા અસમાનજાતીયપણાને લીધે વૈષમ્ય પ્રગટ થયું છે તેમને–જાણે છે. (આ જ વાતને યુક્તિપૂર્વક સમજાવે છે :) ક્રમપ્રવૃત્તિના હેતુભૂત, ક્ષયોપશમઅવસ્થામાં રહેલાં જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોનો તેને (ક્ષાયિક જ્ઞાનને) અત્યંત અભાવ હોવાથી તે તાત્કાળિક કે અતાત્કાળિક પદાર્થમાત્રને સમકાળે જ પ્રકાશે છે; (ક્ષાયિક જ્ઞાન) સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે પ્રતિનિશ્ચિત દેશોની (–અમુક નિયત પ્રદેશોની) વિશુદ્ધિ (સર્વતઃ વિશુદ્ધિની) અંદર ડૂબી જતી હોવાથી તે સર્વતઃ પણ (સર્વ આત્મપ્રદેશેથી પણ) પ્રકાશે છે; સર્વ આવરણના ક્ષયને લીધે દેશ–આવરણનો ક્ષયોપશમ નહિ રહ્યો હોવાથી તે સર્વને પણ પ્રકાશે છે; સર્વપ્રકારજ્ઞાનાવરણના ક્ષયને લીધે (–સર્વ પ્રકારના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે) અસર્વપ્રકારજ્ઞાનાવરણનો ક્ષયોપશમ (–અમુક જ પ્રકારના પદાર્થો જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મોનો ક્ષયોપશમ) વિલય પામ્યો હોવાથી તે વિચિત્રને પણ (–અનેક પ્રકારના પદાર્થોને પણ) પ્રકાશે છે; અસમાનજાતીયજ્ઞાનાવરણના ક્ષયને લીધે (–અસમાન જાતિના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે) સમાનજાતીયજ્ઞાનાવરણનો ક્ષયોપશમ (–સમાન જાતિના જ પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મોનો ક્ષયોપશમ) નાશ પામ્યો હોવાથી તે વિષમને પણ (–અસમાન

---

અને સંપ્રદેશ વિકારી પરિણામ નિમિત્ત' એમાં દ્રવ્ય નિમિત્ત છે. નિમિત્ત એટલે કાંઈ કરતું નથી, એમ અર્થ થાય છે. આકરું કામ...!

એમ વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ ! એ કેવળજ્ઞાન–સર્વજ્ઞના પરિણામને પણ કરતું નથી. ભલે પરિણામે એને–ત્રિકાળી જ્ઞાનસ્વભાવને કારણપણે ગ્રહ્યું, પણ તે પરિણામ દ્રવ્ય કરતું નથી. પરિણામ પરિણામને કરે છે. અરે...! આવી વાતું...! સમજાણું કાંઈ ? આ (તો) શાંતિના માર્ગ છે, બાપા ! આહા...! નિશ્ચયથી દ્રવ્યથી પરિણામ સર્વથા ભિન્ન છે. એને લઈને (તે કારણે) સર્વથા ભિન્ન છે તેને દ્રવ્ય શું કરે ? આ..હા..હા...! દ્રવ્ય શું કરે ? આ..હા..હા...! વીતરાગ ત્રિલોકનાથ પ્રભુનો માર્ગ કોઈ અલૌકિક છે !! અરે..રે...! સંપ્રદાયમાં જન્મ્યા તેને પણ સાંભળવા મળે નહિ ! શું સત્ય છે ? અને સત્યનું પરિણામ શું આવે ? (તેની ખબર ન મળે) આહા..હા...! અરે..! જીવન તો ચાલ્યા જાય છે, એકલો જાશે. દૃષ્ટિની ખબર નહિ અને વસ્તુની સ્થિતિની (ખબર નહિ એટલે) ચારગતિમાં એકલો રખડશે, આહા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

'સોગાની'એ તો એક (વાત) એમ પણ કહી છે કે, 'અંતે તો તું એકલો થવાનો છે ને ! (તો) અત્યારથી એકલો થા ને !' એવું ક્યાંક (આવે) છે.

આ..હા..હા...! આ પ્રભુ ચૈતન્યમૂર્તિને રાગ સાથે સંબંધ નથી. એ દ્રવ્ય છે તે રાગનો પણ કર્તા નથી, આ..હા..હા...! અને નિશ્ચયથી તો–પરમાર્થ દૃષ્ટિએ તો ભગવાન ધ્રુવ છે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાતિના પદાર્થોને પણ) પ્રકાશે છે. અથવા, અતિ વિસ્તારથી બસ થાઓ; અનિવારિત (–રોકી ન શકાય એવો, અમર્યાદિત) જેનો ફેલાવ છે એવા પ્રકાશવાળું હોવાથી ક્ષાયિક જ્ઞાન અવશ્યમેવ સર્વદા સર્વત્ર સર્વથા સર્વને જાણે છે.

**ભાવાર્થ :–** ક્રમપૂર્વક જાણવું, નિયત આત્મપ્રદેશેથી જ જાણવું, અમુકને જ જાણવું–ઇત્યાદિ મર્યાદાઓ મતિ–શ્રુતાદિ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જ સંભવે છે. ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી યુગપદ્ સર્વ આત્મપ્રદેશેથી ત્રણે કાળના પર્યાયો સહિત સર્વ પદાર્થોને–તે પદાર્થો અનેક પ્રકારના અને વિરુદ્ધ જાતિના હોવા છતાં પણ–જાણે છે અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે સર્વ આત્મપ્રદેશેથી સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે છે. ૪૭.

---

પરિણામનો પણ કર્તા નથી. કેમકે એ સર્વજ્ઞની જે પર્યાય છે એ કર્તા, કર્મ, કરણ આદિના ષટ્કારકથી એ પરિણતિ ઊભી થાય છે, દ્રવ્યને કારણે નહિ, આ..હા..હા...! આવું વીતરાગસ્વરૂપ એવું ઝીણું (છે), બાપુ !

'પંચાસ્તિકાય સંગ્રહ'ની બાસઠ ગાથામાં કહ્યું ને ? વિકારના પરિણામ જે છે, મિથ્યાત્વના–વિપરીત શ્રદ્ધાના જે પરિણામ છે અને રાગ–દ્વેષના (પરિણામ છે), એ પરિણામનો કર્તા પણ પરિણામ (છે) પરિણામનો કર્તા દ્રવ્ય નહિ. આ..હા..હા...! એ મિથ્યાત્વ, રાગ–દ્વેષના પરિણામનો કર્તા પરિણામ, પરિણામનું કાર્ય પરિણામ, પરિણામનું સાધન પરિણામ, પરિણામ માટે પરિણામ કર્યું, પરિણામથી પરિણામ થયાં, પરિણામને આધારે પરિણામ થયા, દ્રવ્યના આધારે નહિ–દ્રવ્યથી નહિ, આ..હા..હા...! ભાઈ...! ત્યારે આ સર્વજ્ઞસ્વભાવ પણ નિશ્ચયથી જુઓ (તો) પ્રભુ...! આ..હા..હા...! વ્યવહારથી ગમે તેટલી વાતું આવી હોય (કે), પૂર્વે મોક્ષમાર્ગ હતો ને એને લઈને કેવળ થયું અને દ્રવ્યને આશ્રયથી થયું...! પૂર્વની પર્યાયથી થાય, એ કાઢી નાખીએ ! (અર્થાત્) ઉત્પાદ્‌ની અપેક્ષાએ કેવળજ્ઞાનનો ઉત્પાદ્ થયો એને પૂર્વના કોઈ વ્યયની અપેક્ષા નથી, તેને નિમિત્તની અપેક્ષા નથી, તેને ધ્રુવની અપેક્ષા નથી !! આ..હા..હા..હા....! આ તે કાંઈ વીતરાગનું તત્ત્વજ્ઞાન....!! બહુ ઝીણું ભાઈ ! આ..હા..હા...!

આ રીતે અંદર ધ્રુવની નજરું કર્યા વિના, જે કંઈ ક્રિયાકાંડના લાખો–કરોડો ક્લેશ કરે, અરે...! જ્ઞાનનો ક્ષયોપશમ ગમે એ જાતનો કરે ! એથી કંઈ આત્મા નહિ પામે. જ્ઞાનનો ક્ષયોપશમ વિશેષ થાય તેથી જાણે મને જ્ઞાન થયું (એમ માનીને) એવું અભિમાન વધતું જાય ! આ..હા..હા...!

શ્રોતા :-- મૂળ પાયાની વાત છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- આ મૂળ વાત છે, બાપા ! આ..હા..હા...! એ વસ્તુ જ પોતે ભગવાન, ત્રિકાળી આનંદકંદ નાથ ! એ ચીજ પોતે તો પડી છે, બસ ! પણ વર્તમાન પરિણામ તેનો આશ્રય લે તે પણ સ્વતંત્રપણે લે (છે) ! દ્રવ્યના દબાણથી લે છે, એમ નથી. સમજાણું કાંઈ ? અને એનો આશ્રય લીધો માટે દ્રવ્યએ એની મદદ કરી, (એમ નથી). આરે..આરે.. આવી વાતું...! એ પરિણામ પોતે જ ષટ્કારકરૂપે પરિણમતાં અવસ્થા ઉત્પન્ન થાય છે. તેથી કરીને દ્રવ્યને નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહેવાય. 'નિમિત્ત'નો અર્થ કે, એ કરતું નથી, એમ. ભાઈ ! આ તો નિમિત્તનો પણ ખુલાસો થાય છે. 'નિમિત્ત'... 'નિમિત્ત' જ્યાં આવે માટે નિમિત્તે કર્યું, (એમ નથી). એ તો (ત્યાં બીજી) વસ્તુ (હાજર) છે, એમ જણાવ્યું બસ ! આ..હા..હા...!

શ્રોતા :-- નિમિત્ત–નૈમિત્તિક સંબંધ તો બે પર્યાય વચ્ચે હોય !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- (હા), પર્યાય સાથે છે ને ! દ્રવ્ય સાથે શું છે ! પર સાથે નિમિત્ત–(નૈમિત્તિક) સંબંધ (કહેવું), એ પણ વ્યવહાર છે. દ્રવ્ય સાથે તો (નિમિત્ત–નૈમિત્તિક સંબંધ) છે જ નહિ, પણ પર્યાયની સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ (કહેવો) એ પણ વ્યવહાર છે. આવી વાતું...! સમજાણું કાંઈ ? આહા..હા...! આવો માર્ગ છે !

ટીકા...! ૪૭ (ગાથાની) ટીકા. લ્યો ! આ ૪૭ નય, ૪૭ શક્તિ, ૪૭ (નિમિત્ત–ઉપાદાનના દોહરા આવે છે તેમ) આ ૪૭ ગાથા આવી ! આ..હા..હા...! '**ક્ષાયિક જ્ઞાન,...**' અહીંથી ઉપાડ્યું છે, લ્યો ! '**ક્ષાયિક જ્ઞાન,...**' આ..હા..હા...! એ ક્ષાયિક જ્ઞાન કર્મનો ક્ષય થયો માટે થયું, એ તો જણાવવા માટે છે. બાકી ક્ષાયિક જ્ઞાન પોતાની પર્યાયની તાકાતથી ઉત્પન્ન થયું છે, આહા...! છતાં નિમિત્તથી સમજાવશે. '**ક્ષાયિક જ્ઞાન ખરેખર એકી વખતે જ,...**' એકી કાળે જ '**...સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી),...**' આ..હા..હા...! એક વાત (કરી). ક્ષયોપશમજ્ઞાન (થાય) છે એ અમુક પ્રદેશેથી (થાય) છે. અમુક પ્રદેશથી છે, અસંખ્યપ્રદેશથી (થાય) છે, એમ નથી. અને આ (ક્ષાયિક જ્ઞાન) તો સારા અસંખ્ય પ્રદેશથી (થાય), આ..હા..હા...! અહીં જુઓ ને અહીં ક્ષયોપશમ છે, એ ભાવેન્દ્રિયનો એ જાતનો ક્ષયોપશમ છે ને ! એનાથી ત્યાં જાણે છે. એમ (જેને ક્ષાયિક જ્ઞાન થયું છે એવા) આત્માને એમ નથી.

'**...એકી વખતે જ સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી),...**' છે ? ઝીણી વાત છે, ભાઈ ! આ (કંઈ) વાર્તા નથી, આ..હા..હા...! 'સર્વ આત્મપ્રદેશથી' એટલે અસંખ્ય પ્રદેશથી. '**...તત્કાળ વર્તતા કે અતીત–અનાગત કાળે વર્તતા,...**' (અર્થાત્) વર્તમાન જગતના દ્રવ્યોની પર્યાય અને દ્રવ્ય, ગુણ (એ તત્કાળ વર્તતા). અને અતત્કાળ (એટલે) અનાગત–જે વસ્તુમાં પર્યાય થઈ નથી અને થઈ ગઈ. એ બધી અતીત અને અનાગતની પર્યાયને (એકી સાથે જાણે છે). છે (પાઠમાં) ? '**તત્કાળ વર્તતા**'–એક. '**અતીત–અનાગત કાળે વર્તતા**'–બે. એમ થઈને ત્રણ થયાં.

જગતમાં વર્તમાનમાં જે દ્રવ્યોની પર્યાયો વર્તે છે–(એ) એક (વાત થઈ). અને અતીત–ગયા કાળની વર્તતી પર્યાયો–(એ) બે (વાત થઈ) અને ભવિષ્યમાં–અનાગતમાં થનારી પર્યાયો–(એ) ત્રણ (થયાં). એ ત્રણે '**...કાળે વર્તતા સમસ્ત પદાર્થોને–કે જેમનામાં પૃથક્પણે વર્તતાં,...**' આ..હા..હા...! (પૃથક્પણે વર્તતાં એટલે) 'દ્રવ્યોનાં ભિન્ન ભિન્ન વર્તતાં એવાં નિજ નિજ લક્ષણો' (અર્થાત્) દરેક દ્રવ્યોનું ભિન્ન–ભિન્ન નિજ લક્ષણ છે, આ..હા..હા...! દરેક આત્મા, દરેક પરમાણુ આદિ છએ દ્રવ્ય ભિન્ન છે ને ! 'દ્રવ્યોના ભિન્ન ભિન્ન વર્તતાં એવાં નિજ નિજ લક્ષણો તે દ્રવ્યોની લક્ષ્મી–સંપત્તિ–શોભા છે.' આ..હા..હા...!

ક્ષાયિક જ્ઞાન...! આહા..હા...! જેની પર્યાયની આટલી તાકાત ! એના દ્રવ્યસ્વભાવનું શું કહેવું !! આ..હા..હા...! દ્રવ્યસ્વભાવ ! અંદર મોટો ગંભીર દરિયો પડ્યો છે ! આ..હા..હા...! અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચૈતન્ય રત્નાકરનો મોટો ખજાનો પડ્યો છે !! આ..હા..હા...! જેની ક્ષાયિક પર્યાય ઉત્પન્ન થઈ અને બીજે સમયે એનો નાશ થઈને બીજે સમયે બીજી ઉત્પન્ન થાય, એવી એવી ક્ષાયિક જ્ઞાનની પર્યાયનો તો દરિયો ભગવાન છે !! આ (ક્ષાયિક જ્ઞાન) તો એક જ સમયની પર્યાય ! અંદર વસ્તુ છે–સર્વજ્ઞસ્વભાવ એ તો અનંતી પર્યાયનો સાગર છે !! આ..હા..હા...! અહીં સમજાય એટલું સમજવું, અહીં આવી વાત નીકળતાં... ઝીણી અહીં ન નીકળે તો પછી કાઢવી ક્યાં !? આ..હા..હા...!

'સર્વ આત્મપ્રદેશથી'–એક વાત. 'તત્કાળ વર્તતા અને અનાગત વર્તતા' હોં..! '**...અતીત–અનાગત કાળે વર્તતાં,...**' ('વર્તતાં' એમ કહ્યું છે !) આ..હા..હા...! જ્ઞાનીના જ્ઞાનમાં તો અતીત કાળ અને ભવિષ્ય કાળ, વર્તમાનમાં જ પ્રત્યક્ષ જણાય છે. એ તો પહેલાં આવી ગયું હતું કે, ભૂત(કાળ)ની અને ભવિષ્ય(કાળની) પર્યાયો અસદ્ભૂત છે. અત્યારે આમ પર્યાય નથી. છતાં કેવળજ્ઞાનની અપેક્ષાએ તો નિયત–નિશ્ચય છે, વિદ્યમાન છે ! શું છે આ તે !!

ભાઈ ! તારો જ્ઞાનસ્વભાવ ! એની તો શું વાત કરવી... !! પણ એની એક સમયની પર્યાયમાં એની શું વાત છે !! એવી વાત છે, (એમ) કહે છે. આ..હા..હા...! પણ માણસને અત્યારે નિર્ણય કરવાના ટાઈમ ન મળે ! ધંધા–પાણી...! હેરાન થઈ–થઈને હાલ્યા જશે...! અને ચોરાશીના અવતારમાં ક્યાંય...(ચાલ્યા જશે) ! આ સમ્યગ્દર્શનનો જો નિર્ણય ન થયો (તો) એ રઝળવાના રસ્તા પ્રભુ નહિ મૂકે !! એ માટે પ્રભુનો પોકાર છે !! આહા..હા...! તું સર્વજ્ઞ સ્વભાવને જાણ ! અને સર્વજ્ઞ સ્વભાવ કેમ પ્રાપ્ત થાય તેને જાણ !! આહા...! તને જન્મ–મરણ નહિ રહે, પ્રભુ ! સર્વજ્ઞને જેમ જન્મ–મરણ નથી... આ..હા..હા...! એમ સર્વજ્ઞનો પર્યાય જાણ ! અને એ પર્યાય કેમ પ્રગટ્યો ? એને જાણ ! તો તને પણ સમ્યક્જ્ઞાન થતાં ભવભ્રમણ નહિ રહે ! આ..હા..હા...! સમજાણું કાંઈ ?

(અહીંયાં કહે છે) '**...વર્તતા સમસ્ત પદાર્થોને–કે જેમનામાં,...**' 'જેમનામાં' એટલે બધાં દ્રવ્યોમાં. '**...પૃથક્પણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મી,...**' (અર્થાત્) પોતપોતાના દ્રવ્યના લક્ષણરૂપ લક્ષ્મી. (લક્ષ્મી) એટલે શોભાથી '**...આલોકિત,...**' છે. '**...અનેક પ્રકારોને લીધે વૈચિત્ર્ય પ્રગટ થયું છે,...**' પદાર્થ વિચિત્ર છે, (એમ કહે છે) ! ઓ..હો..હો...!

એક સર્વજ્ઞ પરમેશ્વર છે એવા અનંત (સર્વજ્ઞ પરમેશ્વર છે). એક પરમાણુ છે, એવા પરમાણુની કાળી, લીલી આદિ અનંતી પર્યાય છે, બીજા પરમાણુની ધોળી આદિ અનંતી (પર્યાય), એવા–એવા પરમાણુના દ્રવ્યની ભિન્ન–ભિન્નતા ! આ..હા..હા...! એક આત્મા નિગોદની પર્યાયમાં છે ! ત્યારે એક આત્મા સિદ્ધની પર્યાયમાં છે !! આહા..હા...!

(એમ) '**...જેમનામાં પૃથકપણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મીથી આલોકિત અનેક પ્રકારોને લીધે વૈચિત્ર્ય પ્રગટ થયું છે અને જેમનામાં પરસ્પર વિરોધથી ઉત્પન્ન થતા,...**' આ બીજો બોલ ! '**...જેમનામાં પરસ્પર વિરોધથી ઉત્પન્ન થતા અસમાનજાતીયપણાને લીધે,...**' (અર્થાત્) ચૈતન્ય અને અચેતન અસમાનજાતિ છે. છ દ્રવ્યમાં એક (જીવ દ્રવ્ય) ચૈતન્ય જાતિ છે, બાકી પાંચ (દ્રવ્યો) અચેતન જાતિ (છે). (ઘણાને તો) હજી છ દ્રવ્યની ખબર ન હોય ! ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને પુદ્ગલ–એ પાંચ અજીવ છે. અને ભગવાનઆત્મા એક જીવ છે. એટલે અસમાનજાતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. (અર્થાત્) આત્મા અને જડ અસમાનજાતિ છે, એક જાત નથી.

એ '**...અસમાનજાતીયપણાને લીધે વૈષમ્ય પ્રગટ થયું છે,...**' (ઉપર પહેલાં બોલમાં) 'વૈચિત્ર્ય પ્રગટ થયું છે' – એમ કહ્યું, ભાઈ ! (દરેક દ્રવ્યના) ભિન્ન–ભિન્ન લક્ષણોને લઈને વિચિત્રતા પ્રગટ થઈ છે, આહા..હા...! અને પરસ્પર વિરુદ્ધ અસમાનજાતીપણાને લીધે 'વૈષમ્ય પ્રગટ થયું છે' ! આ..હા..હા...! (આવું હોવા છતાં) બધાંને ભગવાન જાણે છે, એમ આગળ કહેશે. આહા..હા...! ભગવાન '**...તેમને–જાણે છે. (આ જ વાતને યુક્તિપૂર્વક સમજાવે છે :)**' એ તો સામાન્ય વાત કરી. હવે એને એ કેમ થયું ? (એ યુક્તિપૂર્વક સમજાવે છે).

'**ક્રમપ્રવૃત્તિના હેતુભૂત,...**' (અર્થાત્) આત્માના જ્ઞાનમાં જે ક્રમે–ક્રમે જણાય એવા '**...ક્ષયોપશમ–અવસ્થામાં રહેલાં જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોનો તેને (ક્ષાયિક જ્ઞાનને) અત્યંત અભાવ હોવાથી,...**' નીચલા જ્ઞાનમાં ક્રમે–ક્રમે જણાય. (કારણ કે) ક્ષયોપશમ(જ્ઞાન) છે અને જ્ઞાનાવરણીય (કર્મનું) ત્યાં નિમિત્ત છે. એથી ક્રમે–ક્રમે જણાય. (એવા ક્રમપ્રવૃત્તિના) હેતુભૂત ક્ષયોપશમજ્ઞાનમાં '**...રહેલાં જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોનો તેને (ક્ષાયિક જ્ઞાનને) અત્યંત અભાવ હોવાથી,...**' ક્રમે–ક્રમે જાણવું એવો જે ક્ષયોપશમભાવ, એનું કારણ જે જ્ઞાનાવરણીય (કર્મ), તેનો તો ભગવાનને અભાવ થઈ ગયો છે. આ 'મોક્ષ તત્ત્વ' છે ને ! 'મોક્ષ તત્ત્વ' જાણવું પડશે ને ? એ કેમ પ્રગટે ? એ તો દ્રવ્યના આશ્રયે પ્રગટે. એ પણ પર્યાય સ્વતંત્રપણે પ્રગટે ! આ..હા..હા...!

આશ્રયનો પ્રશ્ન 'સોગાની'ને ઘણો આવ્યો હતો, ભાઈ ! 'સોગાની'ને એ આશ્રયનો પ્રશ્ન મોટો આવ્યો હતો કે, 'આશ્રય' (કહેતાં તો) પર્યાય પરાધીન થઈ જાય છે. વાત એની સાચી હતી. બહુ વિચાર્યું હતું ને ! બહુ વિચારક હતાં ! અને જ્ઞાનનું ભાન ઘણું થઈ ગયેલું ! આનંદનો સ્વાદ ઘણો આવેલો !! એમાં એને એમ વિચારમાં આવ્યું કે, પર્યાયને દ્રવ્યનો આશ્રય !? તો પર્યાય (પરાધીન થઈ ગઈ) ! પછી સમાધાન તો થયું કે, એ પર્યાય પોતે છે, એનો આશ્રય લીધો છે એટલે એનો આશ્રય (છે, એમ) કહેવાય છે. બાકી પર્યાય પરાધીન થઈ છે, એમ છે નહિ. લક્ષ ત્યાં (દ્રવ્ય ઉપર) ગયું છે ને ! ભગવાન ત્રણલોકનો નાથ સર્વજ્ઞ પ્રભુ ! તેની પર્યાયનું લક્ષ ત્યાં ગયું છે, એટલો ફેર પડ્યો એથી દ્રવ્યનો આશ્રય લીધો, એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ ? આ..હા..હા...!

શ્રોતા :-- દ્રવ્યથી કાંઈ મદદ ન મળી !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- પર્યાય સ્વતંત્ર છે. તેથી પહેલાં કહ્યું, કર્તા, કર્મ, કરણ (પોતાના છે). 'સ્વતંત્રપણે કરે તે કર્તા'. 'કર્તા'ની વ્યાખ્યા શું ? સર્વજ્ઞપર્યાય થઈ એ સ્વતંત્રપણે કર્તા (થઈને) કરે છે. એને પરની કોઈ અપેક્ષા હોય તો તે કર્તા નહિ ! આ..હા..હા...! આ 'મહાવિદ્યાલય' છે !! આ..હા..હા...! પ્રભુ જેટલો સત્ય (સ્વરૂપે) છે તેને તે રીતે તું ઓળખ તો ખરો, પ્રભુ ! બાકી બધાં થોથાં છે !

(અહીંયાં) કહે છે કે, ક્રમે–ક્રમે જાણવાના હેતુ(ભૂત), ક્ષયોપશમ–અવસ્થામાં રહેલાં જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોનો તો તેને (ક્ષાયિક જ્ઞાનને) અત્યંત અભાવ થઈ ગયો છે. તેથી '**...તે તાત્કાળિક કે અતાત્કાળિક પદાર્થમાત્રને સમકાળે જ પ્રકાશે છે;...**' પહેલું 'ક્રમે–ક્રમે' હતું ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અર્થાત્) ક્રમે–ક્રમે જાણવાનો જ્ઞાનમાં ક્ષયોપશમ હતો અને ત્યાં જ્ઞાનાવરણીય (કર્મ)નું નિમિત્ત હતું. એનો તો ભગવાનને અભાવ થઈ ગયો છે. 'એકસાથે' – છે ને ? 'સમકાળે' ! પહેલાં 'ક્રમ' હતું, આમાં 'સમકાળે' બધું જાણે છે, આ..હા..હા...! આવી સંતોની ટીકા...!

'**...સમકાળે જ,...**' (એમ કહ્યું છે). ક્રમે–ક્રમે જાણવાની પર્યાયની પ્રવૃત્તિ ક્ષયોપશમને લઈને હતી અને એમાં જ્ઞાનાવરણીયનું નિમિત્ત હતું. એ બધાંનો નાશ થયો છે. તેથી ભગવાનનું જ્ઞાન '**સમકાળે જ**' (જાણી લે છે) ! આ..હા..હા...! (કોઈને એમ લાગે કે આ) '**સમકાળે જ**' (કહ્યું તે) એકાંત નથી ? કથંચિત્ વિષમકાળે અને કથંચિત્ સમકાળે (એમ હોવું જોઈએ) !' સમ્યક્ એકાંતમાં કથંચિત્ નથી. સમકાળે જ જાણે અને વિષમકાળે ન જાણે, ક્રમે–ક્રમે ન જાણે અને સમકાળે જ જાણે–તે અનેકાંત છે. આ..હા..હા...! શું થાય પ્રભુ ? આહા...!

'**સમકાળે જ**' શબ્દ છે ને ? '**तुल्यकालमेव**' એ છે ને ? '**तुल्यकालमेव**' ! '**तुल्य कालम् एव**' ! સંસ્કૃત (ટીકામાં) છે. '**तुल्यकालमेव**' ! ક્ષયોપશમજ્ઞાનમાં તો ક્રમે–ક્રમે જાણતા. આચાર્યએ એ પણ કહ્યું છે ને ! પહેલાં (૩૩ ગાથામાં) આવી ગયું છે કે, અમે ક્રમે–ક્રમે (પરિણમતા) કેટલાક (ચૈતન્યવિશેષો વડે) જાણીએ છીએ. છતાં અમે જાણીએ છીએ ભગવાનઆત્માને ! માટે અમે પણ શ્રુતકેવળી છીએ ! ભગવાને એક સમયમાં, એકસાથે આખા આત્માને જાણ્યો અને તે આખા આત્માને જાણ્યો માટે તેને કેવળી કહેવામાં આવે છે. આવી ગયા ને ! શબ્દો આવી ગયા છે કે, અમે ક્રમે કેટલુંક જાણવા છતાં અમે આખા આત્માને જાણ્યો છે. છે ને ? ૩૩ (ગાથા) ! લ્યો ! ૩૩ જ નીકળી ! આ..હા..હા...! જુઓ !

'**જેમ ભગવાન, યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે, અનાદિનિધન–નિષ્કારણ–અસાધારણ–સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (–એકલો, નિર્મળ, શુદ્ધ, અખંડ) છે એવા આત્માને,...**' કેવળ, એક, અખંડ ભગવાન છે એવા આત્માને '**...આત્માથી આત્મામાં અનુભવવાને લીધે કેવળી છે;...**' પરને જાણવાથી (કેવળી છે), એ પ્રશ્ન અહીં નથી. અંદર અખંડાનંદ પ્રભુ ચૈતન્યબિંબ અભેદ એકને જાણવાથી તે કેવળી છે.

'**...તેમ અમે પણ,...**' આ..હા..હા...! '**...ક્રમે પરિણમતા,...**' છે ને ? '**...કેટલાક ચૈતન્યવિશેષો,...**' 'કેટલાક ચૈતન્યવિશેષો' વડે (જાણે છે). બધાં–પૂર્ણ વિશેષો તો કાંઈ છે નહિ. '**...શ્રુતજ્ઞાન વડે, અનાદિનિધન,...**' પણ જાણીએ છીએ (આત્માને) ! ભગવાને જે અનાદિનિધનને જાણ્યો તેને અમે જાણ્યો ! આ..હા..હા...! અનાદિ-અનંત – નિધન એટલે અનંત. '**...અનાદિનિધન–નિષ્કારણ–અસાધારણ–સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે,...**' સામાન્ય હોં..! ત્રિકાળી (સ્વભાવની) વાત છે. '**...તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (નિર્મળ) છે,...**' એકલો.. ત્રિકાળ..! '**...એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ. વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ;...**' (અર્થાત્) હવે વિશેષ ઉઘાડ–જ્ઞાન હો ન હો, એની સાથે અમારે કામ નથી ! કેવળી ભગવાને એક સાથે અનાદિ-અનંત જે પ્રભુ છે તેને જાણ્યો. અમે ક્રમે–ક્રમે પ્રવર્તતા કેટલાક વિશેષો વડે (જાણ્યો), પણ જાણ્યો (આત્માને) ! આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ..હા..હા...! હવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિશેષ ક્ષોભથી બસ થાઓ ! વિશેષ ક્ષયોપશમથી (બસ થાઓ) ! અમારે જે કરવાનું હતું, જાણવાનું હતું (તે જાણી લીધું). ભગવાને જે જાણ્યું એને અમે જાણ્યો ! ભગવાને ભલે અક્રમે એકસાથે જાણ્યો, અમે ક્રમે પ્રવર્તતા કેટલાક વિશેષો વડે જાણ્યો... આ..હા..હા...! પણ જેને જાણવો હતો તેને જાણ્યો ! (હવે વિશેષ આકાંક્ષાથી) બસ થાઓ ! આ..હા..હા...! શું વાત...!! ક્યાંય મળે એવી નથી ! (લોકોને) આકરું લાગે છે ! (કહે છે) 'સોનગઢ એકાંત છે !' કહો પ્રભુ ! તમે પણ ભગવાન છો !! પણ તમને તમારી ખબર નથી. આ..હા..હા...! (એમ કહે છે કે) 'એકલી નિશ્ચયની વાતું (કરે છે), વ્યવહારનો લોપ કરી નાખે છે !' નિશ્ચય છે, વ્યવહારથી નથી–એનું નામ 'અનેકાંત' છે. 'નિશ્ચયથી થાય અને વ્યવહારથી થાય' (એમ કહે તો એ) એકાંત છે. લોકોને એ સિદ્ધ કરવું છે કે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આ બધો વ્યવહાર–શુભ ઉપયોગ છે એનાથી પણ કલ્યાણ થાય ! આહા..હા...!

'**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**' ('સમયસાર'ની) ચોથી ગાથા છે ને ? એનો અર્થ એવો કર્યો હતો કે, કામ–ભોગ – કામ એટલે રાગ અને ભોગ એટલે ભોગવવું. એ રાગનું કરવું ને રાગનું ભોગવવું એ વિષ્ટા સમાન છે ! એ (કેટલાકને) ન ગોઠ્યું. અરે...! ઝેર સમાન છે !! તે દિ' તો વિષ્ટા જ કીધી હતી. એ તો શ્વેતાંબરનું 'ઉત્તરાધ્યયન' પહેલું છે (તેમાં) ભૂંડવિષ્ટા કીધી છે !! એ લક્ષમાં હતું તો તે આવી ગયેલું. બાકી શુભભાવને તો ભગવાને 'ઝેરનો ઘડો' (કહ્યો છે) ! એ દયાના પરિણામ, ભક્તિના પરિણામ, પંચ મહાવ્રતના પરિણામ–એ શુભભાવને તો પરમાત્મા 'ઝેર' કહે છે !! તારો અમૃતનો સાગર પરમાત્મા ! તેનાથી વિરુદ્ધભાવને તો અમે 'ઝેર' કહીએ છીએ. એ (કેટલાકને) ન ગોઠ્યું એટલે વિરોધ કર્યો ! કે, 'એની ટીકામાં (આવો અર્થ) ક્યાંય નથી !' પણ ટીકામાં 'કામ–ભોગ' કીધું એનો અર્થ શું થયો ? (કે), રાગનું કરવું ને રાગનું ભોગવવું – એવી વાત તો પ્રભુ તેં અનંત વાર સાંભળી છે. સમજાણું કાંઈ ? પણ રાગના ભાવથી પૃથક્ પ્રભુ છે ! આ..હા..હા...! એ રાગની ક્રિયાના–દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી પ્રભુ અંદર ભિન્ન છે. એવી વાત તેં સાંભળી નથી, ત્યાં તો એમ કીધું છે. પરિચયમાં આવી નથી અને અનુભવી નથી. એમ ત્રણ બોલ છે ને ? 'શ્રુત, પરિચિત, અનુભૂતા' ભાઈ !

એનો અર્થ વળી બીજાએ એવો કર્યો કે, 'શ્રુત, પરિચિત, અનુભૂતા' – 'શ્રુત છે તે દર્શન છે, પરિચિત છે તે જ્ઞાન છે, અનુભૂતા તે ચારિત્ર છે !' ક્યાં હાંક્યું....! અરે.. ભગવાન ! શું કરે છે ? 'શ્રુત, પરિચિત, અનુભૂતા' (એટલે) 'જ્ઞાન, દર્શન ને ચારિત્ર' આવો અર્થ કર્યો !!

અહીં તો 'શ્રુત, પરિચિત. અનુભૂતા' (એટલે) પ્રભુ ! તેં રાગની કથા–દયા, દાન, વ્રત, ભક્તિ આદિની કથા તો તેં સાંભળી છે. '**सव्वस्स वि कामभोगबंधकहा।**' ત્યાં તો પછી એવો અર્થ કર્યો હતો કે, નિગોદના જીવ જે (હજી) ત્રસમાં (આવ્યા) નથી, એણે આ સાંભળી છે ! સાંભળી (છે) એટલે ? કે, એને પણ રાગનો અનુભવ છે, આ..હા..હા...! ભાઈ ! માર્ગ આવો છે, બાપુ ! આહા..હા...! '**सव्वस्स वि**' શબ્દ છે ને ત્યાં ? (અર્થાત્) સર્વ જીવોએ એટલે નિગોદના જીવ હજી ત્રસમાં આવ્યા નથી એને પણ (કામ–ભોગની કથા) શ્રુત, પરિચિત, અનુભૂત (છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે કે, રાગને અનુભવે છે ને ! તે અનુભવે છે એટલે રાગનો શ્રવણ અને પરિચય તો થઈ ગયો. અનુભવ છે, ભલે ને સાંભળવા ન મળ્યું હોય ! આ..હા..હા...! નિગોદના જીવે પણ રાગનો અનુભવ કરીને એની કથા–એની વાત સાંભળી છે, એણે અનુભવી છે, આહા..હા...! પણ રાગના વિકલ્પથી પ્રભુ ! તું જુદો છો ! આ..હા..હા...! અરે..! તેં સાંભળ્યું નથી ! તેનો તેં પરિચય કર્યો નથી–રાગ વિનાની ચીજનો તેં પરિચય કર્યો નથી. રાગ વિનાનો ભગવાન છે તેનો અનુભવ કર્યો નથી. તેથી આ રખડી મર્યો છે, બાપુ ! આ..હા..હા...!

અહીં તો આપણે આ (વાત) ચાલી ને કે, 'આત્માને આત્માથી અનુભવીએ છીએ' એ અપેક્ષાએ, એ ભગવાન કેવળી છે, (કેમકે) એ કેવળ આત્માને અનુભવે છે માટે. એમ અમે શ્રુતકેવળી છીએ. ભાવશ્રુતથી કેટલાક વિશેષોને ક્રમથી જાણીએ પણ આત્માને જાણીએ (છીએ) માટે શ્રુતકેવળી છીએ ! આ..હા..હા...!

અહીં (૪૭ ગાથામાં) કહે છે... આ..હા..હા...! ક્ષાયિક જ્ઞાન '**...સમકાળે જ પ્રકાશે છે;...**' ક્ષયોપશમ(જ્ઞાનમાં) તો ક્રમે જાણવું, એવો ક્ષયોપશમભાવનો સ્વભાવ (છે) અને તેમાં જ્ઞાનાવરણીયનું પણ નિમિત્ત છે. અહીં તો જ્ઞાનાવરણીયનો ક્ષય થઈ ગયો છે અને ક્ષયોપશમજ્ઞાનનો પણ અભાવ થઈ ગયો છે, આ..હા..હા...! એવા ભગવાન ક્ષાયિક કેવળી, ક્ષાયિક જ્ઞાની સમકાળે પ્રકાશે છે, આ..હા..હા...! એ એક બોલ થયો.

'**...(ક્ષાયિક જ્ઞાન) સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે પ્રતિનિશ્ચિત દેશોની (–અમુક નિયત પ્રદેશોની) વિશુદ્ધિ,...**' શું કહે છે ? અસંખ્ય પ્રદેશમાં અમુક–અમુક પ્રદેશની શુદ્ધિથી જાણતા હતા. (અર્થાત્) અહીં જેમ આત્માની શુદ્ધિ હોય ને તો ત્યાં તે પ્રદેશથી આમ જાણતા (હતા). અહીંની શુદ્ધિ હોય તે તેનાથી જાણતા (હતા). એમ '**...પ્રતિનિશ્ચિત દેશો,..**' (એટલે) '**...(–અમુક નિયત પ્રદેશો),...**' (અર્થાત્) અમુક જ નિયત પ્રદેશોની વિશુદ્ધિ (હતી) તેનાથી જાણતા. તે (વિશુદ્ધિ) '**...(સર્વતઃ વિશુદ્ધિની) અંદર ડૂબી જતી,...**' સર્વતઃ વિશુદ્ધિની અંદર ડૂબી જતી (એટલે) ભગવાનને તો એ જાતની સર્વ વિશુદ્ધિ (પ્રગટ થઈ) હતી (તેથી) તે (પ્રતિનિશ્ચિત દેશોની વિશુદ્ધિ તેમાં) ડૂબી ગઈ. છે ?

'**...સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે,...**' 'સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે' (એટલે) પૂર્ણ રીતે બધા પ્રદેશો વિશુદ્ધ હોવાને લીધે '**...પ્રતિનિશ્ચિત,...**' એટલે અમુક પ્રદેશેથી જાણવાની જે વાત છે, એ પૂર્ણ પ્રદેશથી જાણવામાં એ ડૂબી ગઈ, ખલાસ થઈ ગઈ. સમજાણું કાંઈ ? અમુક મર્યાદિત પ્રદેશથી તે જાણતા હતા, એ અસંખ્ય પ્રદેશથી જાણવામાં, એ મર્યાદિત પ્રદેશથી (જાણવાની) વાત એમાં ડૂબી ગઈ, નાશ થઈ ગઈ. આહા...! આવી વાતું હવે...! છે (અંદર) ?

'**...સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે,...**' 'સર્વતઃ' (એટલે) બધા પ્રદેશે વિશુદ્ધ હોવાને લીધે. '**...પ્રતિનિશ્ચિત,...**' (એટલે) મર્યાદાવાળા પ્રદેશોની જે વિશુદ્ધિ હતી, આ..હા..હા...! તે અંદર ડૂબી ગઈ. શું કીધું એ ? (ભગવાનને) અસંખ્ય પ્રદેશે સર્વ શુદ્ધિ–વિશુદ્ધિ હોવાને લીધે, (પહેલાં) જે થોડાં પ્રદેશ(ની) વિશુદ્ધિથી (જ્ઞાન) જાણતું હતું, તે જ્ઞાન તેમાં ડૂબી ગયું, નાશ થઈ ગયું. આ..હા...હા...! આવો માર્ગ છે, પ્રભુ ! '**...(સર્વ આત્મપ્રદેશેથી પણ) પ્રકાશે છે;...**' સમજાણું ?

(હવે કહે છે) '**...સર્વ આવરણના ક્ષયને લીધે દેશ–આવરણનો ક્ષયોપશમ નહિ રહ્યો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હોવાથી તે સર્વને પણ પ્રકાશે છે;...**' આ..હા..હા...! છે ? પછી વિશેષ ભાવ છે....

❀ ❀ ❀

**(તા. ૨૦-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૪૫)**

('પ્રવચનસાર') ૪૭ ગાથા. (મથાળામાં કહે છે) '**(...અતીન્દ્રિય જ્ઞાન સર્વનું જાણનાર છે એમ તેની પ્રશંસા કરે છે)** :--' ફરીને લીધું. ફરીને એટલે પહેલાં તો આવી ગયું છે...! માથે લખ્યું છે ને ? '**હવે ફરીને પાછા પ્રકૃતને,...**' (એટલે) પહેલાં આવી ગયું છે પણ હવે વિશેષ (કહે છે). '**...પ્રકૃતને (–ચાલુ વિષયને) અનુસરીને અતીન્દ્રિય જ્ઞાનને સર્વજ્ઞપણે અભિનંદે છે.**' ગાથા :-

**जं तक्कालियमिदरं जाणदि जुगवं समंतदो सव्वं।**
**अत्थं विचित्तविसमं तं णाणं खाइयं भणियं।।४७।।**

**સૌ વર્તમાન–અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને**
**યુગપદ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭.**

આ..હા..હા...! અહીં તો એવું મગજમાં આવ્યું કે, આ '**ક્ષાયિક જિન કહે**' (એમ જે ગાથામાં આવ્યું છે) તો જેને આ ક્ષાયિકનું જ્ઞાન થયું એને જિન એમ કહે (છે) કે, તું દ્રવ્યનો આશ્રય લે ! શું કહ્યું સમજાણું ? આ '**ક્ષાયિક જ્ઞાન જિન કહે**' (અર્થાત્) પરમેશ્વર આને ક્ષાયિક જ્ઞાન કહે છે. પણ એનું જેને જ્ઞાન થાય તેને જિન એમ કહે છે કે, તું જેમાં સર્વજ્ઞસ્વભાવ છે તેનો આશ્રય લે ! શું કહ્યું ? આ તો '**જિન કહે**' એમાંથી (આવ્યું). જિને આ કહ્યું છે, આ..હા..હા...!

ભલે ક્રમબદ્ધ હો ! દરેક પર્યાય દ્રવ્યમાં ક્રમબદ્ધ હો ! એમ સર્વજ્ઞે જાણ્યું છે અને થવા કાળે થાય, તેમ ભગવાને જાણ્યું છે, આ..હા..હા...! ક્રમબદ્ધ છે, થવા કાળે છે અને તેની તે સમયની યોગ્યતા છે, એમ ભગવાને જાણ્યું છે ને ! આહા..હા...! તો જેને આ ક્ષાયિક જ્ઞાનનું જ્ઞાન કરાવે છે એને જિન એમ કહે છે કે, તારો ભગવાનઆત્મા અંદર સર્વજ્ઞસ્વભાવી છે ! આ..હા..હા...! એના તરફ તું જા ! સર્વજ્ઞસ્વભાવનો યથાર્થ નિર્ણય ત્યારે આવે, આહા..હા...! સર્વજ્ઞસ્વભાવ છે, ભગવાન સર્વજ્ઞપણે જાણે છે અને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે છે. પણ તે જાણે છે– એનું જેને જાણવું થાય, એને પ્રભુ એમ કહે છે કે, તું સર્વજ્ઞસ્વરૂપી છો, ત્યાં જા ! આહા..હા...! શું કહ્યું એ ?

સર્વજ્ઞસ્વભાવ ! ભગવાન સર્વજ્ઞસ્વભાવ ! ધ્રુવ સ્વભાવ ! એના ઉપર નજર કર ! તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તને સમ્યગ્દર્શન થશે, એવો ઉપદેશ પાછો ભગવાને કર્યો !! આહા...! એમ કીધું ને ? ક્રમબદ્ધનું કહ્યું, થવાનું હશે તે થશે–એ કહ્યું, તે–તે સમયની યોગ્યતા તે શરણ છે, એ આવે છે ને ? તે સમયની તે પર્યાય (થવાની) દ્રવ્યમાં યોગ્યતા છે, આ..હા..હા...! એવું ભગવાને જણાવ્યું અને જાણ્યું. એણે પણ એમ કહ્યું કે, પણ એ જણાણું યથાર્થ ક્યારે કહેવાય ? આ..હા..હા...! સર્વજ્ઞ સ્વભાવ જે આત્મા છે, એની સન્મુખ થઈને સર્વજ્ઞસ્વભાવમાં દૃષ્ટિ સ્થાપ ! અને સર્વજ્ઞસ્વભાવી જ હું છું ! એમ અનુભવમાં માન ! ત્યારે તેને જગતમાં સર્વજ્ઞ, ક્ષાયિક સમકિતી, ક્ષાયિક જ્ઞાની છે એવો વાસ્તવિક નિર્ણય થાય. આવી વાતું છે !

આ કેમ મગજમાં આવ્યું ? કે, ૪૭ (શક્તિમાં) 'સર્વજ્ઞ શક્તિ' છે ને ? (એક) 'સર્વજ્ઞ શક્તિ' છે ! આ તો પ્રગટ સર્વજ્ઞ પર્યાયની વ્યાખ્યા કરે છે, આહા...! પણ એ સર્વજ્ઞપણું ક્ષાયિક જ્ઞાન પ્રગટ્યું કેમ ? ક્યાંથી (પ્રગટ્યું) ? આહા..હા...! એ પૂર્વના મોક્ષમાર્ગથી પ્રગટ્યું, એમ કહેવું એ પણ હજી વ્યવહાર છે. આહા...! પણ દ્રવ્યના સ્વભાવમાં એ છે, તેથી તેનું લક્ષ કરતાં (સર્વજ્ઞપણું છે, એમ નિર્ણય થાય છે). એ લક્ષ કરે છે પર્યાય ! એ સર્વજ્ઞસ્વભાવ છે, માટે એને લઈને સર્વજ્ઞ પર્યાય થાય છે, એમ પણ નથી.

સર્વજ્ઞ પર્યાય જે થાય છે એ ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર થાય છે, આ..હા..હા...! સમજાય છે કાંઈ ? જેમ વિકાર થાય છે એ ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર થાય છે, જે વિકાર થવામાં નિમિત્તની અને દ્રવ્ય–ગુણની પણ અપેક્ષા નથી ! આ..હા..હા...! તો આ તો નિર્વિકારી સર્વજ્ઞ ક્ષાયિક જ્ઞાન...! આ..હા..હા...! એનું ક્ષાયિકજ્ઞાનપણું જે થયું, તે ક્ષાયિક પર્યાય પોતે કર્તા, કર્મ, કરણ (ષટ્કારકરૂપ) થઈને થઈ છે, આ..હા..હા...! સમજાય છે કાંઈ ? એ વાત વિશેષ સ્પષ્ટ કરાવે છે. ઝીણું છે !

**ટીકા :--** '**ક્ષાયિક જ્ઞાન ખરેખર એકી વખતે જ સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી),...**' '**સર્વ આત્મપ્રદેશેથી**' (કહ્યું ત્યાં) ક્ષેત્ર લેવું. '**...તત્કાળ વર્તતા કે અતીત–અનાગત કાળે વર્તતા,...**' ત્રણ (વાત કરી) – વર્તમાન વર્તતી પર્યાય કે ભૂતકાળની થઈ ગઈ એ પર્યાય અને ભવિષ્યમાં થશે તે '**...સમસ્ત પદાર્થોને–જે જેમનામાં પૃથક્પણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મીથી,...**' (અર્થાત્) દરેક દ્રવ્ય પોતાની લક્ષ્મીથી શોભે છે ! ('પૃથક્પણે વર્તતાં'નો અર્થ) નીચે છે–'દ્રવ્યોના ભિન્ન ભિન્ન વર્તતાં એવાં,...' (બધાં) દ્રવ્યો ભિન્ન ભિન્ન વર્તે છે. તે '...નિજ નિજ લક્ષણો તે દ્રવ્યોની લક્ષ્મી–સંપત્તિ–શોભા છે.' આ..હા..હા...! અનંત પરમાણુઓ, અનંત આત્માઓ.. આ..હા..હા...! એ પોતે દરેક પદાર્થથી ભિન્ન ભિન્ન વર્તે છે. એ નિજ નિજ લક્ષણો તે દ્રવ્યોની લક્ષ્મી, તે તે દ્રવ્યની લક્ષ્મી, તે તે દ્રવ્યની સંપત્તિ–શોભા છે, આ..હા..હા...! એને ભગવાન એક સમયમાં જાણે છે. છે (પાઠમાં) ?

'**...જેમનામાં પૃથક્પણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મીથી આલોકિત અનેક પ્રકારોને લીધે,...**' છ દ્રવ્ય ભિન્ન ભિન્ન પ્રકારે છે ને ? (એટલે કહે છે કે) '**...વૈચિત્ર્ય પ્રગટ થયું છે,...**' વિચિત્ર (રીતે) પ્રગટ છે. (અર્થાત્) ક્યાં એક પરમાણુ ને (ક્યાં) અનંત સ્કંધ ! એક આત્મા કેવળજ્ઞાનપણે અને એક આત્મા–નિગોદનો જીવ અક્ષરમાં અનંતમાં ભાગે ! આ..હા..હા...! એવા અનેક પ્રકારને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લીધે જે વિચિત્ર(તા) પ્રગટ છે.

'**...અને જેમનામાં પરસ્પર વિરોધથી ઉત્પન્ન થતા અસમાનજાતિપણાને લીધે,...**' (અર્થાત્) ચૈતન્ય અને અચેતન એ અસમાન જાતિ છે, આ..હા..હા...! (તેને લીધે) '**...વૈષમ્ય પ્રગટ થયું છે,...**' જોયું ? (પહેલા બોલમાં) '**વૈચિત્ર્ય પ્રગટ થયું છે**' ! એમ કીધું હતું–વિચિત્ર પ્રગટ થયું છે અને આમાં એમ કીધું કે, '**વૈષમ્ય પ્રગટ થયું છે**' ! – એક ચૈતન્ય અને એક જડ પરમાણુ, એમ વિષમતા છે, આહા..હા...! એવું '**...વૈષમ્ય પ્રગટ થયું છે તેમને–જાણે છે.**' આ વાત ગાથાના શબ્દોની કરી. હવે, '**(આ જ વાતને યુક્તિપૂર્વક સમજાવે છે :)**' આ..હા..હા...!

'**ક્રમપ્રવૃત્તિના હેતુભૂત,...**' (અર્થાત્) ક્ષયોપશમજ્ઞાન છે ને ક્ષયોપશમ...! એ ક્રમે પ્રવર્તે છે. એ એક સમયે બધું જાણતું નથી. '**ક્રમપ્રવૃત્તિના હેતુભૂત,...**' (એટલે) નિમિત્તભૂત. '**...ક્ષયોપશમ અવસ્થામાં રહેલાં,...**' – ક્ષયોપશમ દશામાં રહેલાં '**...જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોનો તેને (ક્ષાયિક જ્ઞાનને) અત્યંત અભાવ હોવાથી,...**' (અર્થાત્) ક્રમપ્રવૃત્તિના હેતુભૂત ક્ષયોપશમ અવસ્થામાં રહેલાં જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોનો તેને (એટલે કે) ભગવાનને અત્યંત અભાવ છે. '**...તે તાત્કાળિક કે અતાત્કાળિક પદાર્થમાત્રને,...**' આ..હા..હા...! પહેલાં ક્રમપ્રવૃત્તિનું કીધું ને ! (કે), ક્ષયોપશમ જ્ઞાન ક્રમે પ્રવર્તે છે, એમાં જ્ઞાનાવરણીયનું નિમિત્ત છે. અને અહીંયાં (ક્ષાયિક જ્ઞાનમાં) જ્ઞાનાવરણીયનો ક્ષય થઈ ગયો છે એટલે હવે ક્રમપ્રવૃત્તિ ન રહી. (પરંતુ) '**...સમકાળે,...**' જાણે છે. ત્યાં 'ક્રમપ્રવૃત્તિ' હતી, અહીંયા 'સમકાળે' છે. આ..હા..હા...!

એ તો ૩૩–૩૪ (ગાથામાં) આવી ગયું છે ને ! (કે), ભગવાન જ્યારે અક્રમે બધાંને જાણે છે, પણ એમાં આત્માને જાણે છે, માટે તે કેવળી છે. આ..હા..હા...! કેવળ ભગવાનઆત્મા ! પૂર્ણ અનંત ગુણનું ધામ ! તેને કેવળી જાણે છે. માટે તેને કેવળી કહેવામાં આવે છે. બધાંને જાણે છે (માટે કેવળી છે) એ અપેક્ષા ત્યાં નથી. આ..હા..હા...! કેવળ પ્રભુ આત્મા ! એકલો અખંડ આનંદનો નાથ ! એકરૂપ, અભેદને જાણે છે. માટે તેને 'કેવળી' કહીએ છીએ. તો પછી, આચાર્ય કહે છે કે, ભલે એ અક્રમે પ્રવર્તતા પરિણામવાળા પ્રભુ છે અને તેથી તે કેવળ આત્માને જાણે છે ! આ..હા..હા...! (અને) અમે ક્રમે પ્રવર્તતા કેટલાક વિશેષો વડે (જાણીએ છીએ), પણ અમે આત્માને જાણીએ છીએ !! આહા..હા...! આવી ઝીણી વાતું બહુ...!

ભગવાનઆત્મા ! એક સમયમાં કેવળજ્ઞાનનો પિંડ (છે) ! કેવળજ્ઞાન એટલે પર્યાય નહિ. (પણ) એકલો જ્ઞાનનો પિંડ ! એકલો...! કેવળ, પૂર્ણને અમે ક્રમવર્તી કેટલાક વિશેષો દ્વારા જાણીએ છીએ, તો અમે પણ શ્રુતકેવળી છીએ ! આ..હા..હા...! સરવાળો તો આ લીધો ! સમજાણું કાંઈ ? અહીં બતાવવામાં સરવાળો આ છે, આહા..હા...!

(અહીંયાં કહે છે કે, ક્ષાયિક જ્ઞાન) '**...સમકાળે જ પ્રકાશે છે;...**' આ..હા..હા...! આમાં પરની અપેક્ષા લીધી છે. (ઉપર કહ્યું તેમાં) કેવળજ્ઞાન એટલે ? કે, કેવળ પ્રભુ પૂર્ણાનંદનો સાગર અભેદ એકરૂપ છે, તેને જાણે (છે) માટે કેવળી કહીએ. એકસાથે પૂર્ણ અક્રમવાળી પર્યાય, એકસાથે જાણનારી પર્યાયથી પણ જાણે છે–આત્માને ! એમ કહે છે, આ..હા..હા...! તેથી તેને કેવળી કહેવામાં આવે છે, આ..હા..હા...! અહીં કહે છે કે, બધું જાણે (છે) માટે અમે એને ક્ષાયિક જ્ઞાન કહીએ છીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાય છે કાંઈ ? અને અમે પણ જ્ઞાનની કેટલીક ક્રમવર્તી પર્યાય દ્વારા (આત્માને જાણીએ છીએ) ! આ..હા..હા...! ક્રમવર્તી, કેટલીક અને વિશેષ–એવા ત્રણ પ્રકાર છે. ક્રમવર્તી, કેટલાક વિશેષો દ્વારા... આ..હા..હા...! વિશેષ દ્વારા સામાન્ય જણાય છે ને ! આ..હા..હા...! ક્ષયોપશમ જ્ઞાન(ની) પર્યાય ક્રમવર્તી ક્રમે–ક્રમે જાણે છે અને કેટલીક જાણે છે. એવા કેટલાક વિશેષો દ્વારા અમે પણ 'કેવળ' ભગવાનઆત્માને જાણીએ છીએ ! આ..હા..હા...! આ પંચમ આરાના સંત એમ કહે છે !! પંચમ આરાના સંત શ્રોતાને એમ સમજાવે છે !! આ..હા..હા...!

આ..હા..હા...! કેવળજ્ઞાની ભગવાન અક્રમે બધાં વિશેષોથી, બધાં પર (દ્રવ્યના) દ્રવ્ય, ગુણ, પર્યાયના વિશેષોને–વર્તમાન, ભૂત અને ભવિષ્ય–ત્રણેને એકસાથે જાણે છે, આ..હા..હા...! તો હે આત્મા ! તું પણ ભગવાનનો કેડાયત ! આ..હા..હા...! સર્વજ્ઞપણું, કેવળજ્ઞાન તારે પ્રગટાવવું હોય તો... આ..હા..હા...! ભગવાન પૂર્ણ સ્વરૂપ પ્રભુ અંદર છે તેને ક્રમવર્તી કેટલાક વિશેષો દ્વારા (જાણ) ! (પણ) જાણ એને !... જાણ એને !! આહા...! અને એનું જ્ઞાન થતાં તને ક્રમે–ક્રમે કેવળજ્ઞાન થશે, આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાતું છે, ભાઈ ! આહા..હા...! એ એક વાત કરી.

(હવે) બીજી વાત – '**(ક્ષાયિક જ્ઞાન) સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે પ્રતિનિશ્ચિત દેશોની (–અમુક નિયત પ્રદેશોની) વિશુદ્ધિ,...**' (એટલે) નીચે (છદ્મસ્થ અવસ્થામાં) તો કેટલાક પ્રદેશોમાં (જાણે છે). જેમ કે આ આંખના પ્રદેશો છે (તો તે) તેની વિશુદ્ધિથી જાણે. કાનમાં અંદર જે પ્રદેશ છે, (તે) તેની વિશુદ્ધિથી જાણે. આખા અસંખ્ય પ્રદેશ ત્યાં વિશુદ્ધ નથી, એમ કહે છે. આ..હા..હા...! '**...સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે,...**' એટલે આખા અસંખ્ય પ્રદેશમાં વિશુદ્ધિ હોવાને લીધે, એક સમયમાં સારા (બધાં) અસંખ્ય પ્રદેશમાં વિશુદ્ધિ હોવાને લીધે '**...પ્રતિનિશ્ચિત દેશોની (–અમુક નિયત પ્રદેશોની) વિશુદ્ધિ,...**' એટલે કે અલ્પ પ્રદેશોથી જાણવાની જે વિશુદ્ધિ છે, છે ? તે '**(સર્વતઃ વિશુદ્ધિની) અંદર ડૂબી જતી હોવાથી,...**' (અર્થાત્) એ સર્વ વિશુદ્ધિ થઈ તેમાં, અમુક પ્રદેશે જે થોડી વિશુદ્ધિ હતી તે બધી (સર્વ વિશુદ્ધિમાં) ડૂબી જાય છે. આવી વાતું...! કહો ! સમજાણું કાંઈ ? શું કહ્યું એ ?

(છદ્મસ્થદશામાં) કેટલાક પ્રદેશોની નિર્મળતાથી–વિશુદ્ધિથી જાણતો હતો, એ સર્વ વિશુદ્ધ થતાં, એ કેટલાક પ્રદેશોથી જે જાણતો (હતો), એ સર્વ વિશુદ્ધિમાં ડૂબી ગઈ ! નાશ થઈ ગઈ ! આવો ઉપદેશ....! પાંચે ઇન્દ્રિયના ત્યાં--ત્યાં તેટલા પ્રદેશો નિર્મળ છે. અંદર આ ભાવ નહિ, (પણ) પ્રદેશોમાં. તે–તે પ્રદેશોમાં તે–તે ઠેકાણે એટલી નિર્મળતા છે. આખા અસંખ્ય પ્રદેશની એકસાથે નિર્મળતા નથી. કેટલાક પ્રતિનિયત એટલે કેટલાક પ્રદેશોમાં. 'નિશ્ચિત' છે ને ? '**પ્રતિનિશ્ચિત દેશો**' એટલે અમુક નિયત પ્રદેશો. (અર્થાત્) અમુક જ મર્યાદાના જે પ્રદેશો છે એમાં (જે) વિશુદ્ધિ હતી, તે સર્વતઃ વિશુદ્ધિની અંદર ડૂબી જતી ગઈ. આ..હા..હા...! ભાષા જોઈ ? આમાં 'વિશુદ્ધિ' શબ્દ વાપર્યો છે ! વિશુદ્ધ (શબ્દ) શુભ ભાવને (માટે) પણ વાપરે છે, વિશુદ્ધ (શબ્દ) નિર્મળ પર્યાયને (માટે પણ) વાપરે છે. અહીંયાં આ વિશુદ્ધ–સર્વ પ્રદેશોની વિશુદ્ધિ (માટે) વાપર્યો (છે). આહા..હા...!

(હવે કહે છે) '**...તે સર્વતઃ પણ (સર્વ આત્મપ્રદેશેથી પણ),..**' (પહેલાં) પ્રતિનિયત (કહ્યું હતું). (એટલે) છદ્મસ્થમાં અમુક પ્રદેશે જ વિશુદ્ધિ હતી ને ? અહીંયાં સર્વ આત્મપ્રદેશેથી (કહ્યું),

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! '**...(સર્વ આત્મપ્રદેશેથી પણ) પ્રકાશે છે;...**' ત્યાં સુધી તો કાલે આવ્યું હતું.

'**સર્વ આવરણના ક્ષયને લીધે દેશ–આવરણનો ક્ષયોપશમ નહિ રહ્યો હોવાથી,...**' આ..હા..હા...! છદ્મસ્થને તો સર્વ આવરણનો ક્ષય નથી. સમજાણું ? (તેને) દેશ–આવરણનો ક્ષય છે. (એટલે) થોડા આવરણનો ત્યાં ક્ષયોપશમ છે. આ..હા..હા...! ભગવાનને તો સર્વ આવરણના ક્ષયને લીધે દેશ–આવરણનો ઉઘાડ હતો તે નહિ રહ્યો હોવાથી '**...તે સર્વને પણ પ્રકાશે છે;...**' દેશ–ક્ષયોપશમવાળો સર્વને પ્રકાશી શકતો નહોતો, આ..હા..હા...! સમજાય છે કાંઈ ? છે ને સામે પુસ્તક ?

'**...સર્વપ્રકારજ્ઞાનાવરણના ક્ષયને લીધે (–સર્વ પ્રકારના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે) અસર્વપ્રકારજ્ઞાનાવરણનો ક્ષયોપશમ,...**' આ..હા..હા...! '**...(–અમુક જ પ્રકારના પદાર્થોને જાણનારા,..)**' પદાર્થને જાણનારા લીધાં. તેને (–તે જ્ઞાનને) '**(...આવરણમાં નિમિત્તભૂત કર્મોનો ક્ષયોપશમ) વિલય,...**' પામી ગયો. આહા..હા...! તેથી '**...તે વિચિત્રને પણ,...**' (અર્થાત્) અનેક પ્રકારના વિચિત્ર ! (એટલે) એક પરમાણુ અનંત ગુણની લીલી (અવસ્થાપણે) પરિણમ્યો, એક પરમાણુ અનંતગુણી કાળી (અવસ્થાપણે) પરિણમ્યો, એક આત્મા કેવળજ્ઞાને પરિણમ્યો, એક આત્મા અક્ષરના અનંતમા ભાગે પરિણમ્યો ! આ..હા..હા...! આવા જે વિચિત્ર પદાર્થો છે (તેને પણ પ્રકાશે છે). છે ? આ..હા..હા...!

'**...(–સર્વ પ્રકારના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે)...**' એટલે (તે કર્મોનો ક્ષયોપશમ) વિલય થઈ ગયો, નાશ થઈ ગયો, આ..હા..હા...! તેથી તે સર્વને પ્રકાશે છે, આહા..હા...!

હવે (કહે છે) '**...અસમાનજાતીયજ્ઞાનાવરણના ક્ષયને લીધે (–અસમાન જાતિના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે) સમાનજાતીયજ્ઞાનાવરણનો ક્ષયોપશમ (–સમાન જાતિના જ પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મોનો ક્ષયોપશમ) નાશ પામ્યો હોવાથી,...**' આહા...! 'સમાનજાતિ' (એટલે) ચૈતન્યજાતિને જાણવાનો ક્ષયોપશમ હતો. આ તો સમાન અને અસમાન બધાંને જાણનારું જ્ઞાન થઈ ગયું, આહા..હા...! '**...તે વિષમને પણ,..**' વિષમ છે ને ? ક્યાં આત્મા ને ક્યાં પરમાણુ ! ક્યાં સ્કંધ ને ક્યાં ધર્માસ્તિકાય !! આ..હા..હા...! એવા બધા વિષમ પદાર્થને પણ ભગવાનનું જ્ઞાન (જાણે છે). નીચે (છદ્મસ્થદશામાં) સમાનજાતિને જાણનારું જ્ઞાન હતું તે અહીં સમાન અને અસમાન બન્નેને જાણનારું જ્ઞાન (છે તેને) જ્ઞાનાવરણીયનો ક્ષય થઈ ગયો છે. તેથી બધાંને જાણે છે. આ..હા..હા...! '**(–અસમાન જાતિના પદાર્થોને પણ) પ્રકાશે છે.**' આ..હા..હા...!

'**અથવા, અતિ વસ્તારથી બસ થાઓ;...**' કહે છે (કે), શું કહીએ ! એ ક્ષાયિક જ્ઞાનની વાતું શું કહીએ !! આ..હા..હા...! એવી જે કેવળજ્ઞાન અવસ્થા...! જેના જ્ઞાનગુણમાં અનંતી અનંતી શક્તિઓ પડી છે ! આ..હા..હા...! (પણ) આને પણ શું કહીએ ! કહે છે. એક સમયની જ્ઞાનપર્યાયને શું કહીએ ! કેટલો વિસ્તાર કરીએ ? આહા...! તો એનાથી અનંત અનંત પર્યાયોનો ભંડાર જ્ઞાન (ગુણ) ! અને એવા અનંત ગુણનો ભંડાર ભગવાનઆત્મા !! આ..હા..હા..હા...! એને અમે શું કહીએ !!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા...! સમજાય છે કાંઈ ?

ભગવાન કહે છે કે, એક સમયની પર્યાયની વાત અમે તમને કરી–વિચિત્રની, વિષમની, અસમાનજાતિની (બધી પર્યાયની વાત કરી), આ..હા..હા...! આવું જે જ્ઞાન જાણે, ભાઈ ! તેના અસ્તિત્વપણાની જ્યાં શ્રદ્ધા કરવા જાય છે આ..હા..હા...! (ત્યાં તેની સર્વજ્ઞસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે). આહા..હા...! આવું ક્ષાયિક જ્ઞાન જગતમાં છે !

અહીં આચાર્ય કહે છે–'**...અતિ વિસ્તારથી બસ થાઓ;...**' આ..હા..હા...! '**...અનિવારિત (–રોકી ન શકાય એવો, અમર્યાદિત) જેનો ફેલાવ છે,...**' (અર્થાત્) જેની કેવળજ્ઞાનની પર્યાયમાં મર્યાદા વિનાનો જેનો વિસ્તાર છે ! આ..હા..હા...! '**...એવા પ્રકાશવાળું હોવાથી ક્ષાયિક જ્ઞાન અવશ્યમેવ,...**' 'અવશ્યમ્ + એવ' ! 'એવ' એટલે નિશ્ચય. 'અવશ્યમ' = જરૂર જ. '**...સર્વદા,..**' સર્વદા એટલે સર્વ કાળને '**...સર્વત્ર,...**' એટલે સર્વ ક્ષેત્રને '**...સર્વથા,...**' એટલે બધા ભાવને '**...સર્વને,..**' એટલે સર્વ દ્રવ્યને, આ..હા..હા...! અરે...! અનંત કાળમાં કોઈ દિ' એણે આ કર્યું નહિ. બહારની માથાકૂટમાં પડ્યો રહ્યો. પરિભ્રમણ એને ઊભું (રહ્યું) ! આહા..હા...!

'**...સર્વદા સર્વત્ર સર્વથા સર્વને,...**' આ..હા..હા...! ચાર શબ્દો છે. સર્વને સર્વથા સર્વત્ર સર્વદા જાણે છે, આ..હા..હા...! જેને આદિ–અંત નથી, એવો ત્રણે કાળ...! પણ જેને એક સમયમાં જણાય જાય છે !! આહા...! એવું ક્ષાયિક જ્ઞાન જરૂર સર્વદા–સર્વકાળે, સર્વત્ર–ક્ષેત્ર બતાવે છે, સર્વથા–ભાવ બતાવે છે, સર્વને–દ્રવ્ય બતાવે છે, આહા..હા...! એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ (ચારે આવી ગયા) ! આહા..હા...!

૮૦ (ગાથામાં) તેથી જ લેશે ને ! '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' (એટલે) જે અરિહંતના પર્યાય જાણે...! એ તો હજી પર થયું. સમજાણું ? પણ જાણીને અંદરમાં પોતામાં મેળવે...આ..હા..હા...! (અર્થાત્) વર્તમાન પર્યાયને ગુણમાં ભેળવે અને ગુણને અભેદ કરે અને સમ્યગ્દર્શન–અનુભવ કરે ત્યારે તેણે સર્વજ્ઞની પર્યાય જાણી, એમ વ્યવહારે કહેવામાં આવે, આ..હા..હા...!

ઓ..હો..હો...! ગાથા જુઓને ગાથા...! ૪૭ શક્તિ, ૪૭ નય, ૪૭ ઉપાદાન–નિમિત્તના દોહરા, આ ૪૭(મી) ગાથા....! ૪૭ (કર્મની) પ્રકૃતિ ! (આ બધું) કહીને કહેવાનો આશય તો એ છે કે, પ્રભુ ! ક્ષાયિક જ્ઞાન, આવી દશા...! કે, જે વર્તમાનને તો જાણે પણ ભૂત–ભવિષ્ય, (જે) ગયું અને (અત્યારે) નથી, અનંત કાળ પછી થશે... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... (તેને પણ જાણે છે) ! કારણ કે ભૂતકાળની પર્યાયથી ભવિષ્યની (પર્યાય) અનંતગુણી છે. અનંતગુણી...! એ પર્યાયને પણ (આ ક્ષાયિક જ્ઞાન જાણે) !

એ આપણે આવી ગયું છે, ભાઈ ! ભૂત અને ભવિષ્યની પર્યાયો અસદ્‌ભૂત હોવા છતાં (જ્ઞાનમાં નિશ્ચિત જ છે). વર્તમાન(માં) નથી, છતાં જ્ઞાન પ્રત્યે વર્તમાન–નિશ્ચય છે. તેથી તે અસદ્‌ભૂતને પણ, ભૂત અને ભવિષ્યની પર્યાયો અસદ્‌ભૂત હોવાથી, અહીંયાં જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય (છે) માટે અમે તેને 'ભૂતાર્થ' કહીએ છીએ ! આ..હા..હા...! છે ને ? આપણે એ આવી ગયું ને ? ક્યાં આવ્યું (હતું) ? ૩૮ (ગાથા) ! શું કીધું ? જુઓ ! '**जे णेव हि संजाया जे खलु णट्ठा भवीय**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**पज्जाया। ते होंति असब्भूदा...**' ખરેખર તો તે અસદ્‌ભૂત છે ! **આ..હા..હા...**! તે વખતે ઘણો વિસ્તાર કર્યો હતો ! 'અસદ્‌ભૂત છે' (એમ) પાઠ કહે છે ! આહા..હા...! વર્તમાન નથી એટલે અસદ્‌ભૂત છે. પણ '**णाणपच्चक्खा**' (અર્થાત્) જ્ઞાનમાં પ્રત્યક્ષ છે માટે ભૂતાર્થ છે ! આ.હા..હા...! સમજાણું કાંઈ ? 'અસદ્‌ભૂત' અને 'પ્રત્યક્ષ' બન્ને આવવું જોઈએ ને ! આહા...! ગયા કાળની પર્યાયો અને ભવિષ્યની પર્યાયો અસદ્‌ભૂત છે. વર્તમાન ક્યાં છે ? માટે અસદ્‌ભૂત છે. પણ '**णाणपच्चक्खा**' – જ્ઞાનમાં પ્રત્યક્ષ છે માટે ભૂતાર્થ છે. અરે..! આ તે કાંઈ વાત !! જ્ઞાનમાં તો વર્તમાન જેમ હોય તેમ ત્રણે કાળ વર્તમાનની જેમ દેખાય છે ! ઓ..હો..હો...હો...! શું શૈલી...!

ટીકામાં પણ એમ છે, જુઓ ને ! ૩૮ (ગાથા) ! 'અસદ્‌ભૂત છે' એ કહેવું છે. મૂળમાં 'અસદ્‌ભૂત' છે જુઓ ને ! બીજે એક ઠેકાણે આપણે 'ખરેખર' શબ્દ આવ્યો ને ! ૩૮ માં છે, જુઓ ! '**ખરેખર અવિદ્યમાન હોવા છતાં**' આ..હા..હા...! અહીં તો 'અસદ્‌ભૂત' કહેવું હતું ને ! '**ખરેખર અવિદ્યમાન હોવા છતાં**' બીજી લીટી ! આ..હા..હા...! '**ખરેખર અવિદ્યમાન**' હોં..! એમ ભાષા છે ! આ..હા..હા...! (પરંતુ) જ્ઞાન પ્રત્યે નિયત છે ! આ..હા..હા...! જોયું ? '**किलासद्‌भूता**' સંસ્કૃત છે. સંસ્કૃત (ટીકામાં) '**किलासद्‌भूता**' (છે) ! નિશ્ચયથી ગયા કાળની અનંતી પર્યાયો એથી અનંત ગુણી ભવિષ્યની બધી (પર્યાયો) અવિદ્યમાન છે, ખરેખર અવિદ્યમાન છે ! આ..હા..હા....! છતાં જ્ઞાનમાં પ્રત્યક્ષ છે માટે તેને ભૂતાર્થ કહીએ ! આ..હા..હા...! છે ? આહા...! '**વિદ્યમાન જ છે**' (ટીકામાં) છેલ્લું આવ્યું ને ? '**વિદ્યમાન જ છે**' ! આ તે કંઈ વાત શું કરે છે !! આ..હા..હા...! ગયા કાળની અનંતી પર્યાયો અને ભવિષ્યની અનંતી પર્યાય ખરેખર અવિદ્યમાન છે ! આ..હા..હા...! છતાં જ્ઞાનમાં સર્વ જ્ઞેયો અકંપપણે અર્પતા એવા વિદ્યમાન જ છે ! અરે..! આ તે કંઈ (વાત છે) !!

એક જણાએ પ્રશ્ન મૂક્યો હતો કે, 'જે વસ્તુ નથી તેને જાણે તો એ જ્ઞાન તો ખોટું થયું !' અરે.. સાંભળને..! પ્રશ્ન મૂક્યો હતો – 'નથી તેને અત્યારે જાણે (તો એ તો ખોટું જ્ઞાન થયું) !' પણ સાંભળને...! નથી, એ તો ત્યાં નથી, પણ અહીં તો જ્ઞાનમાં પ્રત્યક્ષ છે ! વિદ્યમાન છે !! આ..હા..હા...! સમજાણું કાંઈ ? ઘણા લોકો સમજે નહિ ને (આવા) પ્રશ્ન (કરે) ! 'નથી' તેને તમે 'છે', એમ કહો ! સાંભળ તો ખરો ! જ્ઞાન પ્રત્યક્ષ છે, એટલે છે ! જ્ઞાનમાં તો, જે સમયે ત્યાં થવાની છે અને થઈ ગઈ, (એ) વર્તમાનમાં આમ પ્રત્યક્ષ જણાય છે. આ..હા..હા...! '**णाणपच्चक्खा**' પ્રત્યક્ષ છે એટલે વિદ્યમાન છે. આ..હા..હા...! ભાઈ ! ચૈતન્યના સ્વભાવની અદ્‌ભુતતા છે !! બાપુ ! એનો મેળ તું તર્કથી – બહારથી કરવા જઈશ તો (મેળ) નહિ મળે ! આ..હા..હા...!

અસદ્‌ભુત છે, વર્તમાન વિદ્યમાન નથી, છતાં ભગવાનના જ્ઞાનમાં પ્રત્યક્ષ છે માટે તે વિદ્યમાન છે ! અરે.. અરે...! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે, બાપા ! આ..હા..હા...! એટલી જ્ઞાનની તાકાત છે !! કે, અસદ્‌ભૂતને પણ પ્રત્યક્ષ–વિદ્યમાન કરી લે છે !! આ..હા..હા...! એ તો માટીનો દૃષ્ટાંત આપ્યો હતો–કુંભારે માટીનો પિંડલો લીધો (ત્યારે) ખ્યાલમાં આવ્યું છે કે નહિ ? કે, આ ઘડો થશે. એ વર્તમાનમાં ખ્યાલમાં આવે છે કે ઘડો આવો થશે ! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઘડાની અવિદ્યમાનતા હોવા છતાં જ્ઞાનમાં જે જણાય છે તે વિદ્યમાન છે, એમ કહે (છે), આ..હા..હા...! આવું સ્વરૂપ છે, ભગવાન ! તને એની ખબર નથી.

એ અલૌકિક ચૈતન્ય વસ્તુ છે !! મહા ભગવાન છે !! જે અવિદ્યમાનને પણ પ્રત્યક્ષ કરીને વિદ્યમાન તરીકે જાણે છે ! આ..હા..હા...! બાપુ ! એ જ્ઞાનની પર્યાયનો આવો સ્વભાવ ! તો એના દ્રવ્યના સ્વભાવની (વાતો) શું કરવી, પ્રભુ !! ઓ..હો..હો...! એવા ચૈતન્ય ચમત્કારી ગુણોથી ભરેલું દ્રવ્ય છે, પ્રભુ ! આ..હા..હા...! અનંત... અનંત... આનંદ આદિ ગુણોનો ભંડાર ભગવાન ! એ સુખનો સાગર અંદર ડોલી–ઝૂલી રહ્યો છે !! બહારમાં તું સુખ કલ્પવા જાય છે કે, અહીં સુખ છે... અહીં સુખ છે.... (પણ) પ્રભુ તું ભૂલી ગયો ! જ્યાં છે ત્યાં નથી જાતો અને જ્યાં નથી ત્યાં ડોકિયા મારે (છે) ! આ..હા..હા...!

કેવળીને, અનંત સિદ્ધોને અનંતી પર્યાય વર્તમાન છે, (પણ) તેને ભૂતની, ભવિષ્યની પર્યાય વર્તમાન(માં) નથી ! કેવળીને, અનંત સિદ્ધોને જે પર્યાય છે તે વર્તમાન વિદ્યમાન છે, ભૂત–ભવિષ્યની વિદ્યમાન નથી. છતાં પણ ભૂત–ભવિષ્યને વિદ્યમાન તરીકે પ્રત્યક્ષ જાણે છે. આહા..હા...! જાણવાના સ્વભાવની વિચિત્રતા પ્રભુ ! આહા...! એ જ્ઞાન ચમત્કારી ચીજ છે !! જેને તું બહારથી મેળ કરવા જઈશ કે, અસદ્‌ભૂતને વિદ્યમાન કેમ કહે છે ? (તો તેનો મેળ નહિ બેસે) આ..હા..હા...! અને તે અસદ્‌ભૂતને વિદ્યમાન તરીકે કીધી છતાં એ વિદ્યમાન તરીકે પર્યાયમાં જણાણી, છતાં એ એવડી પર્યાય દ્રવ્યમાં નથી ! આ..હા..હા...! એ પર્યાયમાં પર્યાય છે, દ્રવ્યમાં પર્યાય નથી ! આ..હા..હા...! શું દ્રવ્યનું વિચિત્રપણું...! શું ગુણનું અદ્‌ભુતપણું !! શું પર્યાયનું ચમત્કારીપણું !! આ..હા..હા...! અહીં તો આપણે અસદ્‌ભુત (છે) છતાં વિદ્યમાન છે, એમ સિદ્ધ કરવું છે, આહા..હા...!

અહીં તો એમ કહેવું હતું (અને) તે દિ' (પણ) કહ્યું હતું કે, જે અસદ્‌ભૂત છે તેને જે વિદ્યમાન તરીકે જાણે તો આ પ્રભુ તો વિદ્યમાન છે ! (તેને કેમ ન જાણે) ! ભાઈ ! શું કીધું એ ? ભૂત અને ભવિષ્યની પર્યાય અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનપ્રત્યક્ષ છે, તો પ્રભુ ! તું દ્રવ્ય તો વિદ્યમાન આખો સામો પડ્યો છો ને !! આ..હા..હા...! વિદ્યમાન જ છે ! વર્તમાન વિદ્યમાન છે ! ત્રિકાળ વિદ્યમાન જ છે !! પેલી પર્યાય તો અસદ્‌ભૂત છે તેને જ્ઞાન પ્રત્યક્ષ કરે માટે વિદ્યમાન છે ! એમ કહે છે. આ..હા..હા...! આ પ્રભુ તો એક સમય(માં) વિદ્યમાન છે ! મહાપ્રભુ...! વિદ્યમાનને વિદ્યમાન તરીકે જાણવો, પ્રભુ ! એમાં શું ? એને એમ કહે છે ! આ..હા..હા...! ઝીણી વાતું છે, બાપુ !

આ તો પરમાત્મા સર્વજ્ઞ જિનેશ્વરદેવની વાણી છે ! સંતોની વાણી સંતો કેવળીથી કહેવા માંગે છે. 'જિને આમ કહ્યું છે' આજે જ ન આવ્યું આપણે ? આજે આવ્યું ને આ ! 'જિન કહે છે' નો' આવ્યું ? '**तं णाणं खाइयं भणियं**' ૪૭ (ગાથા) '**तं णाणं खाइयं भणियं**' (અર્થાત્) તેને ક્ષાયિક જ્ઞાન જિનવરદેવ કહે છે, આ..હા..હા..! એ ૪૭ (ગાથાની) ટીકા પૂરી થઈ.

નથી તેને વિદ્યમાન તરીકે જાણે તો પ્રભુ ! વિદ્યમાન છે તેને વિદ્યમાન તરીકે જાણ...! આ..હા..હા...! સત્ છે ને ! સત્ છે અને વિદ્યમાન છે કે નહિ ? 'શ્રીમદે' તો એમ કહ્યું ને ? 'સત્ છે, સરળ છે, સર્વત્ર છે' સહજ છે..! 'છે...' ! આ..હા..હા...! એક સમયમાં આખું વિદ્યમાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તત્ત્વ છે !! આ (ક્ષાયિક જ્ઞાન) તો અવિદ્યમાનને વિદ્યમાન કરે (તો) આ તો વિદ્યમાન છે તેને વિદ્યમાન જાણે...! આ..હા..હા...! સમજાણું કાંઈ ?

આ..હા..હા...! જેની હયાતી નથી તેની હયાતી તરીકે જાણે...! આ..હા..હા...! ('પ્રવચનસાર' ૧૦૭ ગાથામાં) નથી આવ્યું ? 'દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્–સત્નો વિસ્તાર છે' ભાઈ ! આ..હા..હા...! એ તો 'છે' તેનો (વિસ્તાર છે). 'છે...' ! આ..હા..હા...! વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! વર્તમાન વિદ્યમાન છે, આ..હા..હા...! 'તારી નજરને આળસે નારાયણ રહી ગયો' ! આ..હા..હા...! સમજાણું કાંઈ ? કરવાનું તો આ હતું એ રહી ગયું ! બહારમાં આ કર્યું ને તે કર્યું...! બહુ તો દયા, દાન ને વ્રતના પરિણામ કર્યાં..! અરે..રે...! પરલક્ષી ક્ષયોપશમ કર્યો...! એ કંઈ વસ્તુ નથી.

વિદ્યમાન ભગવાન છે. અનંત... અનંત... અનંત... અનંત... જેના ગુણોની અનંતતાનો અંત (નથી). અનંતતાનો છેલ્લો ભાગ કરો તો છેલ્લો અંત નથી. એવો એ વિદ્યમાન છે. ભલે અનંતનો અંત નથી એવા ગુણો હોવા છતાં એ પોતે વિદ્યમાન છે, આ..હા..હા...! સત્ ચિદાનંદ પ્રભુ ! એને અહીં 'સત્ ચિદાનંદ આત્મા' કહે છે ! 'સ્વામીનારાયણ (પંથ)'માં લોટ માંગવા આવે ત્યારે 'સત્ ચિદાનંદ' કહે ! આ તો 'છે' ! જ્ઞાન અને આનંદ આદિ અનંત ગુણનો પિંડ વિદ્યમાન છે ને ! આહા..હા...! 'તારી નજરને આળસે નારાયણ દેખાયા નહિ તને' ! આહા..હા...! અહીં તો શું કહેવું છે કે, અવિદ્યમાનને વિદ્યમાન કરે તો આ વિદ્યમાનને વિદ્યમાન (કેમ ન કરે) !? આ..હા..હા...!

**ભાવાર્થ :--** '**ક્રમપૂર્વક જાણવું, નિયત આત્મપ્રદેશેથી જ જાણવું,...**' (એટલે) મર્યાદાના આત્મપ્રદેશથી જાણવું '**...અમુકને જ જાણવું–ઇત્યાદિ મર્યાદાઓ મતિ–શ્રુતાદિ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જ સંભવે છે.**' આ બધું તો ક્ષયોપશમજ્ઞાનમાં સંભવે, આ..હા..હા...! '**ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી,...**' આહા...! ક્ષાયિક જ્ઞાન અમર્યાદિત હોવાથી ! એને મર્યાદા શું ? કહે છે. આ..હા..હા...! (એક ઠેકાણે) આવે છે ને ? 'મેહરામણ માજા ન મૂકે, ચેલૈયો સત્ ન ચૂકે' ! એમ આ અમર્યાદિત વસ્તુ છે ! આહા..હા...! એને ચેલૈયો–એની પ્રતીતિ જ્ઞાની કેમ ન કરે ? આ..હા..હા...! અન્ય(મતમાં) એ વાત આવે છે.

શ્રોતા :-- છદ્મસ્થ પણ આત્માને સર્વ પ્રદેશોથી જાણે છે ?

સમાધાન :-- (ક્ષાયિક જ્ઞાનમાં) સર્વ પ્રદેશ ખુલ્લા થઈ ગયા છે ! પહેલાં કીધું– ક્ષયોપશમવાળાને અમુક પ્રદેશ ખુલ્લા છે. આ (ક્ષાયિક જ્ઞાનમાં) તો આખાય પ્રદેશ ખુલ્લા છે. ક્ષયોપશમ ભલે બધે હોય પણ ઉપયોગ તો અમુક ઠેકાણે થાય, અમુક પ્રદેશનું કંપન (હોય). અહીં તો આખો ઉઘાડ ને આખો ઉપયોગ ! આ..હા..હા...! 'જયસેનાચાર્યદેવ'માં આવે છે ને ? 'એક ભાવ પણ બરાબર જે રીતે છે તે (રીતે) જાણે, તો એને બધાં ભાવ જાણવામાં આવી જાય !' આ..હા..હા...! 'જયસેનાચાર્ય' ! (એમની) ટીકામાં (આવે) છે. દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યાં છે !! દુનિયાને કરુણાથી હથેળીમાં ભગવાનને બતાવ્યો છે ને ! આહા..હા...! પણ પ્રભુ ! તું વિદ્યમાન છે ને ! 'છે' ને ! આહા...! આ તો 'નથી' તેને વિદ્યમાન કરે, તો 'છે'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેને વિદ્યમાન કરીને જાણ ને ! ભાઈ ! આ..હા..હા...!

(અહીંયાં કહે છે) **'ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી યુગપદ્ સર્વ આત્મપ્રદેશેથી,...'** 'યુગપદ' એટલે એક સમયે. **'...સર્વ આત્મપ્રદેશેથી ત્રણે કાળના પર્યાયો,...'** આ..હા..હા...! **'...ત્રણે કાળના પર્યાયો સહિત,...'** આ..હા..હા...! જેનો અંત નથી તેને પણ જાણે...! ગજબ વાત છે !! આ દ્રવ્યની છેલ્લી પર્યાય કઈ ? આ..હા..હા..! એ વસ્તુ છે એની છેલ્લી અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... હવે એ અનંતની છેલ્લી પર્યાય કઈ ? આ..હા..હા...! એને પણ એ જાણે ! જાણે માટે ત્યાં અંત આવી ગયો, એમ નહિ. અનંતને અનંત તરીકે જાણે છે.

**'...ત્રણે કાળના પર્યાયો સહિત સર્વ પદાર્થોને–તે પદાર્થો અનેક પ્રકારના,...'** (અર્થાત્) ચેતન અને અચેતન **'...વિરુદ્ધ જાતિના હોવા છતાં પણ–જાણે છે અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે,...'** આ..હા..હા...! **'...સર્વ આત્મપ્રદેશેથી સર્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને,...'** છેલ્લા ચાર આવ્યા ને ? છેલ્લા બોલ ત્યાં (ટીકામાં) આવ્યા હતા ને ? **'સર્વદા, સર્વત્ર, સર્વથા, સર્વને'** એ ! **'...સર્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને જાણે છે.'** આ..હા..હા...!

આ 'ક્રમબદ્ધ'ની વાત બહાર આવી ને તો કેટલાકને તો કેવળજ્ઞાનમાં શંકા પડવા મંડી ! 'ક્રમબદ્ધ થાય...! હાય..હાય... જ્ઞાન બધું ભવિષ્યનું જાણે ?' જે સમયે જે થશે તે થશે – એ કેવળજ્ઞાન કબૂલ કરવા જાય તો આ બધું નક્કી કરવું પડે ! અને આ બાજુ ક્રમબદ્ધને નક્કી કરવા જાય તો કેવળજ્ઞાનને નક્કી (કરવું પડે) ! (એક વિદ્વાને) લખ્યું છે ને ? 'આ ક્રમબદ્ધની વાત બહાર આવતાં, કેટલાક કેવળજ્ઞાનને માનતા હતા તે પણ જરી ફેરફાર કરવા માંડ્યા છે !' કારણ કે આ માનવા જાય તો તો એનામાં (એની માન્યતામાં ફેરફાર કરવો પડે) ! એક પછી એક (પર્યાય) ક્રમબદ્ધ થાય, ફેરફાર ન થાય ! પર્યાયમાં તો જે સમયે થવાની હોય તે થાય, તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર દે ! પર્યાયને માટે કેમ થાય ને કેમ (ન થાય), એ તારે જોવાનું નથી ! (તું તો) જ્ઞાતા–દ્રષ્ટા છો ! ત્યાં અકર્તાપણું કહ્યું છે ને ? ભાઈ ! ક્રમબદ્ધનો અર્થ અકર્તા છો ! અકર્તા છો એટલે જ્ઞાતા–દ્રષ્ટા છો ! અકર્તાનો અર્થ જ્ઞાતા–દ્રષ્ટા ! જ્ઞાતા–દ્રષ્ટાનો નિર્ણય થયો એટલે જે ક્રમબદ્ધ થાય તેને તું જાણ ! આ..હા..હા...! વિશેષ કહેશું....

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ सर्वमजानन्नेकमपि न जानातीति निश्चिनोति–

**जो ण विजाणदि जुगवं अत्थे तिक्कालिगे तिहुवणत्थे।**
**णादुं तस्स ण सक्कं सपज्जयं दव्वमेगं वा।।४८।।**

**यो न विजानाति युगपदर्थान् त्रैकालिकान् त्रिभुवनस्थान्।**
**ज्ञातुं तस्य न शक्यं सपर्ययं द्रव्यमेकं वा।।४८।।**

इह किलैकमाकाशद्रव्यमेकं धर्मद्रव्यमेकमधर्मद्रव्यमसंख्येयानि कालद्रव्याण्यनन्तानि जीवद्रव्याणि। ततोऽप्यनन्तगुणानि पुद्गलद्रव्याणि। तथैषामेव प्रत्येकमतीतानागतानुभूयमानभेद-भिन्ननिरवधिवृत्तिप्रवाहपरिपातिनोऽनन्ताः पर्यायाः। एवमेतत्समस्तमपि समुदितं ज्ञेयं, इहैवैकं किंचिज्जीवद्रव्यं ज्ञातृ। अथ यथा समस्तं दाह्यं दहन् दहनः समस्तदाह्यहेतुकसमस्तदाह्याकार-पर्यायपरिणतसकलैकदहनाकारमात्मानं परिणमति, तथा समस्तं ज्ञेयं जानन् ज्ञाता समस्तज्ञेय-हेतुकसमस्तज्ञेयाकारपर्यायपरिणतसकलैकज्ञानाकारं चेतनत्वात् स्वानुभवप्रत्यक्षमात्मानं परिणमति। एवं किल द्रव्यस्वभावः। यस्तु समस्तं ज्ञेयं न जानाति स समस्तं दाह्यमदहन् समस्तदाह्य-हेतुकसमस्तदाह्याकारपर्यायपरिणतसकलैकदहनाकारमात्मानं दहन इव समस्तज्ञेयहेतुकसमस्त-ज्ञेयाकारपर्यायपरिणतसकलैकज्ञानाकारमात्मानं चेतनत्वात् स्वानुभवप्रत्यक्षत्वेऽपि न परिणमति। एवभेतदायाति यः सर्वं न जानाति स आत्मानं न जानाति।।४८।।

---

अथ यः सर्वं न जानाति स एकमपि न जानातीति विचारयति – जो ण विजाणदि यः कर्ता नैव जानाति। कथम्। **जुगवं** युगपदेकक्षणे। कान्। **अत्थे** अर्थान्। कथंभूतान्। **तिक्कालिगे** त्रिकालपर्यायपरिणतान्। पुनरपि कथंभूतान्। **तिहुवणत्थे** त्रिभुवनस्थान्। **णादुं तस्स ण सक्कं** तस्य पुरुषस्य सम्बन्धि ज्ञानं ज्ञातुं समर्थं न भवति। किम्। **दव्वं** ज्ञेयद्रव्यम्। किंविशिष्टम्। **सपज्जयं** अनन्तपर्यायसहितम्। कतिसंख्योपेतम्। **पगं वा** एकमपीति। तथा हि-आकाशद्रव्यं तावदेकं, धर्मद्रव्यमेकं, तथैवाधर्मद्रव्यं च लोकाकाशप्रमितासंख्येयकालद्रव्याणि, ततोऽनन्तगुणानि जीवद्रव्याणि, तेभ्योऽप्यनन्तगुणानि पुद्गलद्रव्याणि। तथैव सर्वेषां प्रत्येकमनन्तपर्यायाः, एतत्सर्वं ज्ञेयं तावत्तत्रैकं विवक्षितं जीवद्रव्यं ज्ञातृ भवति। एवं तावद्वस्तुस्वभावः। तत्र यथा दहनः समस्तं दाह्यं दहन् सन् समस्तदाह्यहेतुकसमस्तदाह्याकारपर्यायपरिणतसकलैकदहन-स्वरूपमुष्णपरिणततृणपर्णाद्याकारमात्मानं (स्वकीयस्वभावं) परिणमति, तथायमात्मा समस्तं ज्ञेयं जानन् सन् समस्तज्ञेयहेतुकसमस्तज्ञेयाकारपर्यायपरिणतसकलैकाखण्डज्ञानरूपं स्वकीयमात्मानं परिणमति जानाति परिच्छिनत्ति। अथैव च स एव दहनः पूर्वोक्तलक्षणं दाह्यमदहन् सन् तदाकारेण न परिणमति, तथाऽऽत्मापि पूर्वोक्तलक्षणं समस्तं ज्ञेयमजानन् पूर्वोक्तलक्षणमेव सकलैकाखण्डज्ञानाकारं स्वकीयमात्मानं न परिणमति न जानाति न परिच्छिनत्ति। अपरमप्यु-दाहरणं दीयते – यथा कोऽप्यन्धक आदित्यप्रकाश्यान् पदार्थानपश्यन्नादित्यमिव, प्रदीपप्रकाश्यान्

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



पदार्थानपश्यन् प्रदीपमिव, दर्पणस्थबिम्बान्यपश्यन् दर्पणमिव, स्वकीयद्दष्टिप्रकाश्यान् पदार्थानपश्यन् हस्तपादाद्यवयवपरिणतं स्वकीयदेहाकारमात्मानं स्वकीयद्दष्ट्या न पश्यति, तथायं विवक्षितात्मापि केवलज्ञानप्रकाश्यान् पदार्थानजानन् सकलाखण्डैककेवलज्ञानरूपमात्मानमपि न जानाति। तत एतत्स्थितं यः सर्व न जानाति स आत्मानमपि न जानातीति।।४८।।

---

હવે સર્વને નહિ જાણનાર એકને પણ જાણતો નથી એમ નક્કી કરે છે :--

**જાણે નહિ યુગપદ ત્રિકાળિક ત્રિભુવનસ્થ પદાર્થને,**
**તેને સપર્યય એક પણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે. ૪૮.**

**અન્વયાર્થ :–** **[यः]** જે **[युगपद्]** એકીસાથે **[त्रैकालिकान् त्रिभुवनस्थान्]** ત્રૈકાલિક ત્રિભુવનસ્થ (–ત્રણે કાળના અને ત્રણે લોકના) **[अर्थान्]** પદાર્થોને **[न विजानाति]** જાણતો નથી, **[तस्य]** તેને **[सपर्ययं]** પર્યાય સહિત **[एकं द्रव्यं वा]** એક દ્રવ્ય પણ **[ज्ञातुं न शक्यं]** જાણવું શક્ય નથી.

**ટીકા :–** આ વિશ્વમાં એક આકાશદ્રવ્ય છે, એક ધર્મદ્રવ્ય છે, એક અધર્મદ્રવ્ય છે, અસંખ્ય કાળદ્રવ્યો છે, અનંત જીવદ્રવ્યો છે અને તેનાથી પણ અનંતગણા પુદ્ગલદ્રવ્યો છે; વળી તેમને જ પ્રત્યેકને અતીત, અનાગત અને વર્તમાન એવા (ત્રણ) ભેદોથી ભેદવાળા નિરવધિ વૃત્તિપ્રવાહની અંદર પડતા (–સમાઈ જતા) અનંત પર્યાયો છે. એ રીતે આ બધોય (દ્રવ્યો ને પર્યાયોનો) સમુદાય તે જ્ઞેય છે. તેમાં જ એક કોઈ પણ (ગમે તે) જીવદ્રવ્ય જ્ઞાતા છે. હવે અહીં, જેમ સમસ્ત દાહ્યને દહતો અગ્નિ સમસ્તદાહ્યહેતુક (–સમસ્ત દાહ્ય જેનું નિમિત્ત છે એવા) સમસ્તદાહ્યાકારપર્યાયે પરિણમેલું સકળ એક દહન જેનો આકાર છે એવા પોતારૂપે (–અગ્નિરૂપે) પરિણમે છે, તેમ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા (–આત્મા) સમસ્તજ્ઞેયહેતુક સમસ્તજ્ઞેયાકારપર્યાયે પરિણમેલું સકળ એક જ્ઞાન જેનો આકાર છે એવા પોતારૂપે–જે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ છે તે-રૂપે–પરિણમે છે. આ પ્રમાણે ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે. પરંતુ જે સમસ્ત જ્ઞેયને નથી જાણતો તે (આત્મા), જેમ સમસ્ત દાહ્યને નહિ દહતો અગ્નિ સમસ્તદાહ્યહેતુક સમસ્તદાહ્યાકારપર્યાયે પરિણમેલું સકળ એક દહન જેનો આકાર છે એવા પોતારૂપે પરિણમતો નથી તેમ, સમસ્તજ્ઞેયહેતુક સમસ્તજ્ઞેયાકારપર્યાયે પરિણમેલું સકળ એક જ્ઞાન જેનો આકાર છે એવા પોતારૂપે–પોતે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ હોવા છતાં પણ–પરિણમતો નથી (અર્થાત્ પોતાને પરિપૂર્ણપણે અનુભવતો નથી–જાણતો નથી). આ રીતે એમ ફલિત થાય છે કે જે સર્વને જાણતો નથી તે પોતાને (–આત્માને) જાણતો નથી.

**ભાવાર્થ :–** જે અગ્નિ કાષ્ટ, તૃણ, પર્ણ વગેરે સમસ્ત દાહ્યને દહતો (–બાળતો) નથી, તેનો દહનસ્વભાવ (કાષ્ટાદિ સમસ્ત દાહ્ય જેનું નિમિત્ત છે એવા) સમસ્તદાહ્યાકારપર્યાયે નહિ પરિણમતો હોવાથી અધૂરારૂપે પરિણમે છે–પરિપૂર્ણરૂપે પરિણમતો નથી, તેથી પરિપૂર્ણ એક દહન જેનું સ્વરૂપ છે એવો તે અગ્નિ પોતાપણે જ પૂર્ણ રીતે પરિણમતો નથી; તેવી જ રીતે જે આત્મા સમસ્ત દ્રવ્ય-પર્યાયરૂપ સમસ્ત જ્ઞેયને જાણતો નથી, તેનું જ્ઞાન (સમસ્ત જ્ઞેય જેનું નિમિત્ત છે એવા) સમસ્તજ્ઞેયાકારપર્યાયે નહિ પરિણમતું હોવાથી અધૂરારૂપે પરિણમે છે–પરિપૂર્ણરૂપે પરિણમતું નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેથી પરિપૂર્ણ એક જ્ઞાન જેનું સ્વરૂપ છે એવો તે આત્મા પોતાપણે જ પૂર્ણ રીતે પરિણમતો નથી અર્થાત્ પોતાને જ પૂર્ણ રીતે અનુભવતો–જાણતો નથી. આ રીતે સિદ્ધ થયું કે જે સર્વને જાણતો નથી તે એકને–પોતાને–(પૂર્ણ રીતે) જાણતો નથી. ૪૮.

---

## (તા. ૨૧-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૪૬)

'પ્રવચનસાર', 'જ્ઞાનતત્ત્વ અધિકાર !' ૪૮ (ગાથા). **'હવે સર્વને નહિ જાણનાર એકને પણ જાણતો નથી એમ નક્કી કરે છે :--'** આ..હા..હા...! અધિકાર જરી સૂક્ષ્મ છે. અંદર ભગવાન– આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને તે બધાંને જાણવાના સ્વભાવવાળું તત્ત્વ છે. જે કોઈ બધાંને જાણનારું તત્ત્વ છે એ બધાંને જાણતો નથી, એ પોતાને (પણ) જાણતો નથી. કેમકે જેટલાં જગતમાં જ્ઞેયો છે (તે) બધાંને જાણવારૂપે પરિણમવું (એવો તેનો સ્વભાવ છે). સર્વજ્ઞને તો પૂર્ણપણે પ્રત્યક્ષ પરજ્ઞેયાકારરૂપે (જ્ઞાન) પરિણમે છે. પણ નીચે છદ્મસ્થ શ્રુતજ્ઞાની ધર્મીજીવને (પણ) શ્રુતજ્ઞાનમાં બધાં જ્ઞેયો(ને) પરોક્ષરૂપે જાણવાના પર્યાયરૂપે પરિણમન છે, આ..હા..હા...! આવો માર્ગ ભારે..!

જે કોઈ સર્વને જાણે નહિ તો, પોતે સર્વનો જાણનાર, પોતાનો સ્વભાવ છે, તેથી તે પોતાને પણ જાણે નહિ, આહા..હા...! એ કહેશે.

**जो ण विजाणदि जुगवं अत्थे तिक्कालिगे तिहुवणत्थे।**
**णादुं तस्स ण सक्कं सपज्जयं दव्वमेगं वा।।४८।।**

નીચે હરિગીત :–

**જાણે નહિ યુગપદ ત્રિકાળિક ત્રિભુવનસ્થ પદાર્થને,**
**તેને સપર્યય એક પણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે. ૪૮.**

કાળ અને ક્ષેત્ર બન્ને લીધાં ! આહા..હા...! થોડો 'અન્વયાર્થ' લઈએ. ઝીણી વાત છે, ભાઈ ! આ આત્મા જે વસ્તુ છે ને ! જેનો જ્ઞાનસ્વભાવ છે. અનંત ગુણ તો છે, પણ એ જ્ઞાનસ્વભાવમાં શ્રુતજ્ઞાનની દશામાં પણ સર્વને પરોક્ષરૂપે જાણવાના પરિણમનરૂપે તેનો સ્વભાવ છે. કેવળજ્ઞાનમાં સર્વને પ્રત્યક્ષરૂપે જાણવાનો સ્વભાવ છે. જો (કેવળજ્ઞાન) ત્રણકાળ ને ત્રણલોકમાં રહેલાં પદાર્થોને એક સમયમાં (ન જાણે) અથવા નીચે શ્રુતજ્ઞાનમાં અસંખ્ય સમયમાં જો ન જાણે તો, એ જાણનારો એવડો છે તે જાણનારને જાણ્યો નહિ. દુનિયાથી બહુ ઝીણી વાત છે, બાપુ !

ફરીને, અન્વયાર્થ છે ને ? **'જે એકીસાથે ત્રૈકાલિક ત્રિભુવનસ્થ,...'** ત્રૈકાલિક (એટલે) ત્રણકાળના દ્રવ્ય, ગુણ, પર્યાય અને ત્રણ લોકના એટલે લોક ને અલોક બન્ને. ત્રણલોક એટલે લોક ને અલોક બધું લેવું. એ **'...પદાર્થોને જાણતો નથી, તેને પર્યાય સહિત એક દ્રવ્ય પણ જાણવું**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શક્ય નથી.**' કેમકે આત્માની જ્ઞાનની પર્યાય–સર્વને જાણવું એવી તાકાતવાળી છે ! આહા...! તો જે કોઈ સર્વને ન જાણે તો એ પર્યાય સર્વને જાણનારી છે, એવા આત્માને પણ જાણતો નથી. આવી વાતું હવે...! એ ટીકા(માં) કહેશે.

અહીં તો ચૈતન્યજ્યોતિ ઝળહળ ભગવાનઆત્મા ! કેવળજ્ઞાનપણે, પર્યાયમાં કેવળજ્ઞાનપણે ત્રણકાળ ને ત્રણલોકમાં રહેલાં દ્રવ્ય, ગુણ ને પર્યાયો (જો ન જાણે), એને જ્ઞાનાકારમાં જ્ઞેયાકારોનું પરિણમન ન થાય, તો એ જ્ઞાનાકારરૂપ પર્યાયને ધરનારું દ્રવ્ય છે, તેને દ્રવ્યની ખબર નથી. આ..હા..હા...! આવું ઝીણું છે ! બહુ ઝીણું છે, બાપુ ! આહા..હા...!

પરનું કરવું કે ન કરવું, એ પ્રશ્ન છે નહિ. આત્મા સિવાય પર કે રાગનું કંઈ કરી શકે, એ તો એના સ્વભાવમાં નથી, આ..હા..હા...! પણ પોતા સિવાય અનંત પદાર્થો છે તેને પોતાની પર્યાયમાં જાણવાના સ્વભાવવાળું છે. પરને પોતાનું માનવાવાળું એ તત્ત્વ નથી. તેમ પરને પોતાપણે કરે–પોતે પરને (કરે), એ પણ નથી, આહા..હા...! પણ અહીં જે જ્ઞાનસ્વભાવ છે, એનાથી વિશેષો (જુદાં) જગતના બધાં પદાર્થો છે, એને જાણવાના પર્યાયના સ્વભાવવાળો એ આત્મા છે. અત્યારે હોં...! આ..હા..હા...!

'**આ વિશ્વમાં એક આકાશદ્રવ્ય છે,...**' 'વિશ્વ' શબ્દે આ લોક (અને) અલોક બધું લેવું. '**...એક ધર્મદ્રવ્ય છે,...**' ધર્માસ્તિકાય (નામનો) એક પદાર્થ છે. ધર્માસ્તિ સમજે ? (ધર્માસ્તિ એટલે આ) 'ધર્મ' નહીં ! પણ જીવ અને જડ સ્વયં ગતિ કરતાં હોય ત્યારે તે (ધર્માસ્તિ) દ્રવ્ય તેને નિમિત્ત છે. એવું એક 'ધર્માસ્તિકાય' નામનું તત્ત્વ આખા લોકપ્રમાણે છે, એમ ભગવાને જોયું છે. '**...એક અધર્મદ્રવ્ય છે,...**' (અર્થાત્) જડ અને ચૈતન્ય ગતિ કરતાં સ્થિર થાય, જેમ થાકેલો માણસ ઝાડના છાંયે બેસે તો ઝાડ તેને નિમિત્ત છે, એમ ગતિ કરતાં જડ ને ચૈતન્ય સ્થિર થાય, તેમાં એક 'અધર્માસ્તિકાય' (નામનું) તત્ત્વ છે, એ સ્થિર (થવામાં) નિમિત્ત થાય. એવું એક તત્ત્વ છે. આહા...! કહેવું છે તો હજી બીજું ! '**...અસંખ્ય કાળદ્રવ્યો છે,...**' આકાશના અસંખ્ય પ્રદેશ છે એ દરેક પ્રદેશે એક-એક કાળદ્રવ્ય છે. અરૂપી કાળદ્રવ્ય (છે), આહા..હા...! જેમાં અનંતા ગુણો છે અને જેની અનંતી પર્યાય–અવસ્થા છે. એમ ધર્મ, અધર્મ, આકાશ દ્રવ્ય એક છે (પણ) ગુણ અનંત છે. એક આકાશ દ્રવ્ય છે (પણ) ગુણ અનંત છે અને એક સમયમાં તેની પર્યાય પણ અનંત છે અને ત્રિકાળી પર્યાય છે, આહા..હા...! એ આકાશ (છે) એમ ધર્માસ્તિ (છે). એક દ્રવ્ય છે, એના અનંત ગુણ છે, તેની વર્તમાન અનંતી પર્યાય છે. એમ ત્રિકાળી પર્યાય અનંત છે. એમ અધર્માસ્તિકાય એક દ્રવ્ય છે, અનંત ગુણ છે, વર્તમાન અનંતી પર્યાય છે, ત્રિકાળી અનંતી પર્યાય એથી અનંત ગુણી છે, આ..હા..હા...!

'**...અનંત જીવદ્રવ્યો છે,...**' આ એક જીવદ્રવ્ય (છે) એવા તો અનંત જીવદ્રવ્ય છે, આહા..હા...! અને એક–એક જીવદ્રવ્યમાં અનંતા ગુણો છે અને એક–એક ગુણની ત્રિકાળી અનંતી પર્યાયો છે. પર્યાય એટલે અવસ્થા. ઝીણી વાત છે, પ્રભુ ! આહા...! જગતમાં અત્યારે તો મૂળ વાત (ક્યાં છે ?) અહીં (તો) ધર્મ કેમ થાય, એ વાત છે.

આ..હા..હા...! પ્રભુ ! તારા જ્ઞાનસ્વભાવના પર્યાયનો ધર્મ એટલો રૂડો છે કે, જે અનંતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જીવો, અનંતા ગુણો, એની અનંતી પર્યાયો (બધાંને એક સમયમાં જાણે) ! છે ? '**...અને તેનાથી પણ અનંતગણાં પુદ્‌ગલદ્રવ્યો છે;...**' અહીં આ આત્મા તો અંદર એક છે અને આ પરમાણુ તો અનંત છે. આ જડ રજકણો છે, આ કંઈ એક દ્રવ્ય નથી. કટકા કરતાં.. કરતાં... છેલ્લો ટુકડો રહે, એને પરમ + અણુ = નાનામાં નાનો–છોટો ટુકડો કહે છે. એવા આ અનંતા માટીના ટુકડા છે. એવા તો અનંતા કર્મના પરમાણુ છે, એવા તૈજસ (શરીરના) અનંત છે, આ ઔદારિક (શરીરના) અનંત (પરમાણુ) છે. એટલે અનંત જીવ દ્રવ્યની સંખ્યા કરતાં પુદ્‌ગલદ્રવ્યની સંખ્યા અનંત ગુણી છે. છે ?

'**...વળી તેમને જ પ્રત્યેકને,...**' (ઉપર કહ્યાં) એ દ્રવ્ય કીધાં. (હવે) '**...તેમને જ પ્રત્યેકને અતીત, અનાગત અને વર્તમાન એવા (ત્રણ) ભેદોથી ભેદવાળા,...**' આ..હા..હા...! '**...નિરવધિ,..**' (એટલે) અવધિ–હદ–મર્યાદા વિનાના. અનંતી... અનંતી... પર્યાયો છે, આ..હા..હા...! '**...વૃત્તિપ્રવાહ,...**' (એટલે) એની ઉત્પાદ્‌–વ્યય–ધ્રૌવ્ય, અસ્તિત્વ, પરિણતિ છે. કેટલું તો પહેલા જાણ્યું હોય તો આ (સમજાય એવું છે) !

મૂળ આત્મા શું છે, તેને તેણે જાણ્યો નથી. અનંતકાળ થયાં....! અનંતકાળના અનંત પ્રવાહના પરિભ્રમણમાં અનંતા ભવ કર્યા–નરકના, પશુના, ઢોરના, નિગોદના...! અરે...! જૈન સાધુ થઈને પણ અનંતા ભવ કર્યા ! પણ આત્મા વસ્તુ શું છે, એ જ્ઞાનસ્વભાવી ભગવાન છે, તેનું જ્ઞાન ન કર્યું !! આહા..હા...! દયા, વ્રત, ભક્તિ (આદિ) ક્રિયાકાંડ કર્યાં. જોકે સંસારના પાપ આડે, એ (કરવા પણ) અત્યારે તો નવરો નથી ! આખો દિ' આ રળવું ને આ કરવું ને આ કરવું ! અરે...! જે કરી શકતો નથી, એને કરવું... કરવું... (એમ) બાવીસ કલાક માને ! એક–બે કલાક કદાચિત્ ક્યાંક સાંભળવા(નો) વખત મળે (અને) સાંભળવા જાય (તો) ત્યાં એને એ (સાંભળવા) મળે કે, 'કાંઈક તું વ્રત કર ને અપવાસ કર ને ભક્તિ કર ને દેરાસર કર ને દયા પાળ ને...!' એવું કહે. એ પણ રાગની ક્રિયા કરવાનું કહે, તો એ પણ મિથ્યાત્વભાવ છે ! આ..હા..હા...! એનો બધાંનો જાણનારો ભગવાન કેવડો છે, એની એને ખબર નથી, આહા..હા...! સમજાણું કાંઈ ?

અંદર ચૈતન્યસૂર્ય પ્રભુ ! અંદર ચૈતન્યના સ્વભાવના પ્રકાશનું અનંતુ... અનંતુ... જ્યાં પુર છે ! આ દ્રવ્ય કીધાં એ પ્રત્યેકને, ગયા કાળની અનંતી પર્યાયો છે–અવસ્થાઓ છે. વર્તમાનમાં અનંતી (પર્યાયો) છે અને અનાગત એથી અનંતગુણી છે. '**...એવા (ત્રણ) ભેદોથી ભેદવાળા,...**' પણ હદ વિનાની પર્યાયો..! આ..હા..હા...! અનાદિની અને અનંત... અનંત... અનંત... અનંત... કાળ–તેની મર્યાદા શું ? એવો વૃત્તિનો પ્રવાહ ! (વૃત્તિ એટલે) વર્તવું તે, ઉત્પાદ્‌–વ્યય–ધ્રૌવ્ય; અસ્તિત્વ; પરિણતિ. (તે વૃત્તિનો પ્રવાહ) '**...અંદર પડતા (–સમાઈ જતા) અનંત પર્યાયો છે.**' આ..હા..હા...! દરેક દ્રવ્યની અંદર સમાઈ જતી અનંતી પર્યાયો છે.

'**એ રીતે આ બધોય (દ્રવ્યો ને પર્યાયોનો) સમુદાય જ્ઞેય છે.**' 'એ બધોય' (એટલે) દ્રવ્યો–પદાર્થો અને એની પર્યાયો, તે જ્ઞેય છે, આ..હા..હા...! તે આત્માના છે, એમ નહિ. (પરંતુ) જ્ઞેય છે, આ..હા..હા...! આત્મા સિવાય અનંત જીવો છે, અનંત પરમાણુઓ છે, અસંખ્ય કાલાણુઓ છે, દરેક દ્રવ્યની અનંતી પર્યાય છે, તે જ્ઞેય તરીકે છે. આ જ્ઞાનમાં જણાય, એવા જ્ઞેય તરીકે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ આત્માની એ ચીજ નથી, આ..હા..હા...! સ્ત્રીનો આત્મા કે દીકરાનો આત્મા કે મા–બાપનો આત્મા, ગુરુનો આત્મા કે દેવનો આત્મા–એની અનંતી પર્યાયો સહિત છે, તે જ્ઞેય તરીકે છે–જાણવા તરીકે છે. 'મારા' તરીકે માનવા તરીકે છે નહિ. તેમ તે 'મારા' તરીકે માને તો પણ એનામાં કંઈ એ ચીજ છે નહિ, આ..હા..હા...! એ '**...(દ્રવ્યો ને પર્યાયોનો) સમુદાય જ્ઞેય છે,...**' 'એક કોર રામ ને એક કોર ગામ' ! એક બાજુ આખો દ્રવ્ય–પર્યાયનો બધો સમુદાય છે.

'**તેમાં જ એક કોઈ પણ (ગમે તે) જીવદ્રવ્ય,...**' એમાંથી કોઈ પણ એક જીવદ્રવ્ય, અનંતા જીવમાંથી કોઈ એક જીવદ્રવ્ય ! સમજાણું કાંઈ ? '**...તેમાં જ,...**' 'તેમાં જ' (એટલે) અનંતા જીવ દ્રવ્યો (છે) '**...તેમાં જ એક કોઈ પણ (ગમે તે) જીવદ્રવ્ય જ્ઞાતા છે.**' આ..હા..હા...! એ અનંત... અનંત... જ્ઞેયો છે–વસ્તુ (છે) અને ત્રણ કાળની પર્યાયોવાળા એ દ્રવ્યો તે જ્ઞેયો છે. એમાં કોઈ પણ એક આત્મા તેનો જ્ઞાતા એકરૂપે છે, આ..હા..હા...!

અનંત આત્માઓમાં અનંત સિદ્ધો અને સંખ્યાત–લાખો કેવળીઓ પણ આવી ગયા. અનંત જીવોમાં... આ..હા..હા...! એક લસણની રાઇ જેટલી કટકી લ્યે તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર અને એક શરીરમાં અનંતા જીવ ! અને અનંતા જીવની અનંતી ત્રિકાળી પર્યાયો, આ..હા..હા...! તે બધો સમુદાય જ્ઞેય છે.

શ્રોતા :-- અમારી માલિકીની કહેવાય કે નહિ ?

સમાધાન :-- માલિકીની ચીજ છે નહિ. કરોડો રૂપિયા, અબજો રૂપિયા અને કરોડોના મોટા હજીરા ! હજીરા એટલે આ મકાન ! અને તે–તે પરમાણુની ત્રણે કાળની પર્યાયો જ્ઞેય તરીકે છે. એ બધાંમાં (એટલે કે) અનંત આત્માઓમાં, અનંત પરમાણુમાં, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશની ત્રણ કાળની પર્યાયોમાં એક જીવ જ્ઞાતા છે, આ..હા..હા...!

આમાં તો આત્મા છે, એની રાગાદિ (પર્યાયો) છે અને નિર્મળ પર્યાયો (છે). કારણ કે આત્મા છે તો અનંત કેવળીઓ પણ છે. એ અનંત આત્માઓ છે એમાંથી પણ કેવળજ્ઞાન થશે એવી પર્યાયોવાળા જીવો તો છે ને ? તે બધાં પર્યાયો સહિત જીવ છે, આ..હા..હા...! (તે બધો) સમુદાય જ્ઞેય છે.

શ્રોતા :-- કોઈ તારું નહિ !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- તારું કોઈ નથી ! આ..હા..હા...! શું દિગંબર સંતોની વાણી...! ગજબ છે...!! એક–એક ગાથાએ આખા પૂર્ણ આત્માનું સ્વરૂપ શું છે (તે) બતાવે છે. પ્રભુ એમ કહે છે (કે), અસંખ્ય કાલાણુ દ્રવ્ય છે તેની અનંતી પર્યાયો ! ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ–(એ બધાં) (ભલે) એક દ્રવ્ય (છે) પણ તેની પર્યાયો અનંતી (છે) અને જીવ અનંત છે એની પણ ત્રિકાળી અનંત પર્યાયો ! આ..હા..હા...! એ બધાં જ્ઞેય તરીકે છે. કોના ? કોઈ પણ એક જીવના. બધાં જીવનો પ્રશ્ન નથી.

આ..હા..હા...! એક કોર એક જીવ જ્ઞાતા (અને) એક કોર પ્રભુ આત્મા–જ્ઞાતા રામ ! અને એક કોર લોકાલોક જ્ઞેયની અનંતી પર્યાયવાળું ગામ–સમૂહ ! 'સમુદાય' કીધું હતું ને ? 'સમુદાય' ! આ..હા..હા...! એમાં જાણનારો ભગવાનઆત્મા એક છે. કોઈ પણ એક જીવ દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાતા (છે). ભલે બીજો જ્ઞાતા હોય, ત્રીજો હોય... પણ અહીં તો આમાંથી એક લેવો છે. કારણ કે, બધાં જ્ઞાતા–જીવ છે તેનો પણ આ જાણનારો છે. એક જ્ઞાતા ! – અનંત જ્ઞાતા દ્રવ્યો જે પ્રગટ કેવળી આદિ છે કે અપ્રગટ શક્તિવાળા જે છે, એની ત્રણે કાળની પર્યાયો છે તેને જાણનારો એક જ્ઞાતા છે, આ..હા..હા...!

શ્રોતા :-- વાણિયાપણું મટી ગયું !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- ક્યાં વાણિયો હતો ! આ..હા..હા...! વાણિયો કે દિ' હતો ! જુવાન કે દિ' હતો ! બાયડી કે દિ' હતો ! આદમી કે દિ' હતો ! આહા..હા...! એ તો જડની પર્યાયો છે ને આત્મા છે તે વસ્તુ (છે), એ બધો આખો સમુદાય (છે) – એક કોર 'ગામ' (છે) (અને) એક કોર એક જીવ જ્ઞાતા (છે) ! એ 'રામ' (છે) ! 'એક કોર રામ ને એક કોર ગામ' ! આ..હા..હા...!

એમાં એમ કહેવું છે કે, તારા સિવાય જે પરમાણુઓ છે, આત્માઓ છે – તેનું કંઈક કરી શકે કે તેની રક્ષા કરી શકે–એ વસ્તુના સ્વરૂપમાં નથી. એ તો જ્ઞેયનો આખો જે સમુદાય છે, તેને એક આત્મા–જ્ઞાતા તરીકે જાણે એવો આત્મા છે. રૂપિયા–ધૂળ એ તો પરજ્ઞેય છે. ધૂળ છે એ જ્ઞેય છે, એમ કીધું ને અહીંયાં ? પુદ્‌ગલ કીધાં ને ? પુદ્‌ગલ છે – એ અનંત પરમાણુઓનો પિંડ છે. એવા જે અનંતા પરમાણુઓ જગતના છે... હીરા ને માણેક ને...! આ..હા..હા...! એ બધું જડ છે અને જડની ત્રણે કાળની પર્યાયો છે–તે એક કોર આખો સમુદાય છે. તેમાં કોઈ એક જીવ જાણનારો છે. બધાં થઈને–ભેગા થઈને, એમ નહિ. ગમે તે એક જીવ ! બધા આત્માઓને, બધા આત્માની ત્રણ કાળની પર્યાયોને, એથી અનંતગુણા પરમાણુને, એથી અનંત ગુણી પર્યાયોને (જાણનારો કોઈ એક જ્ઞાતા છે). આ..હા..હા...! એટલે શું કીધું ?

જે (જેટલી) સંખ્યામાં પરમાણુઓ છે, એની પર્યાયો એથી અનંત ગુણી છે ! આ..હા..હા...! એક કોર ભગવાનઆત્મા જ્ઞાતા છે (અને) એક કોર અનંત જ્ઞેયનો સમુદાય (છે), ત્રણ કાળની પર્યાયના સમુદાયવાળું દ્રવ્ય છે. આ..હા..હા...! શું પણ આમાં અમારે ધર્મ શું કરવો ? ભાઈ ! એમ કહે છે કે, તું તો તે જ્ઞેયોનો જ્ઞાતા છો ! આ..હા..હા...! એ પણ વ્યવહાર સંબંધથી (કહેવામાં આવે છે) ! આ..હા..હા...! એ કોઈ દ્રવ્ય તારું છે અને તારા માટે તે આવ્યું છે અને તેની તું રક્ષા કર તો રહે, એવી કોઈ ચીજ (વસ્તુનું સ્વરૂપ) નથી. સમજાણું કાંઈ ? આહા..! શું આમાં સમજવું ? આવું છે આ બધું !

(અહીંયાં) કહે છે, પ્રભુ ! એક વાર સાંભળને ! એ બધો ભંગાર ને હીરા ને માણેક ને ચૂનો ને પૈસા, એ મકાન ને એ મોટરું, એ જગતની જડ ચીજો અનંતી છે. અને એ અનંતી ચીજમાં એક-એક ચીજની અનંતી પર્યાયો છે. ગયા કાળની અનંત (પર્યાયો છે), વર્તમાનની અનંત (છે). વર્તમાનમાં પણ અનંત છે ને ? અનંત ગુણ છે તો અનંતી પર્યાય છે, આ..હા..હા...! એથી અનંતગુણી ભવિષ્યમાં પર્યાય છે. એવો જે આખો મોટો જ્ઞેય(નો) સમુદાય (છે) તેને જાણનારો ભગવાનઆત્મા એક જ્ઞાતા છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :-- આમાં તો કાંઈ ગરીબ–સાવકારનો ભેદ રહ્યો નહિ !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- કોણ ગરીબ ને કોણ તવંગર ! કોણ પૈસાવાળા ને કોણ નિર્ધન !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાપુ ! (એવું) કોણ છે, ભાઈ ? આ..હા..હા...! એ બધી પર્યાયોનો ધરનાર જે દ્રવ્ય છે–પરમાણુઓ (છે) અને આત્માની ત્રિકાળી પર્યાયને ધરનાર જે અનંત આત્મા છે–એ બધાં અનંત આત્મ દ્રવ્યો અને એથી અનંત ગુણા પરમાણુઓ–એમાં પૈસા ને નોટુ ને મકાન બધું આવી ગયું. હીરા ને માણેક ને એ બધું એમાં આવી ગયું, (એ બધાંનો તું જાણનાર છો) ! આ..હા..હા....!

પ્રભુ કહે છે – પરમાત્મા ત્રણ લોકના નાથ ! જિનેશ્વરદેવની દિવ્યધ્વનિમાં આ આવ્યું (કે), પ્રભુ ! તું એક કોર જ્ઞાતા છો ! અને એક કોર અમે બધાં તારા જ્ઞેય છીએ.

શ્રોતા :-- વીતરાગ (પ્રભુ) પણ જ્ઞેય ?

સમાધાન :-- હા...! આ..હા..હા...! (પ્રભુ એમ કહે છે કે) અમે જ્ઞાતા છીએ તો અમે પણ તારા (તને) અને બધાં જ્ઞેયને જાણનારા છીએ. તારા દેવ ને તારા ગુરુ અમે નથી, એમ કહે છે ! આ..હા..હા...! વીતરાગમાર્ગ ઝીણો બહુ, બાપુ ! લોકોને સાંભળવા મળે નહિ...!

આ..હા..હા...! આવો જે દ્રવ્ય ને પર્યાયનો સમુદાય (છે) એને એક જીવ દ્રવ્ય જાણનારો છે, (એમ) કહે છે. સમજાણું કાંઈ ? આ ભગવાનઆત્મા...! આહા...! છે (અંદર) ? '**...આ બધોય (દ્રવ્યો ને પર્યાયોનો) સમુદાય જ્ઞેય છે.**' (અર્થાત્) એ તો જ્ઞાનમાં જાણવા લાયક પરજ્ઞેય તરીકે જ્ઞેય છે. આ..હા..હા...! '**તેમાં જ,...**' (એટલે) એ બધાં પદાર્થોમાં '**...એક કોઈ પણ,...**' આત્મા ! અનંત આત્માઓ છે એમાંથી કોઈ પણ એક આત્મા લ્યો ! આ..હા..હા...! એ '**...જીવદ્રવ્ય જ્ઞાતા છે.**' એટલે ? એ બીજા જીવની દયા પાળી શકે કે મારી શકે, એ પ્રશ્ન જ નથી. બીજા જીવોને રાખી શકે, એ પ્રશ્ન જ નથી. એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે (જે) અનંત (જ્ઞેય) છે, તેનો તું જાણનાર એક આત્મા છો ! ભાષા તો સાદી છે, પણ બાપા ! આવું ક્યાં (મળે) છે, ભાઈ ? આ..હા..હા...!

અરે..રે...! એ શરીરની જુવાન અવસ્થા હોય એ તો માટીની–પુદ્‌ગલની અવસ્થા છે, એ તો જ્ઞાતાનું જ્ઞેય છે. આ..હા..હા...! રૂપાળું સુંદર શરીર અને પચાસ લાખ–કરોડનું રૂપાળું મકાન હોય અને પાંચ–દસ લાખની ઘરવખરી આમ ખડકી હોય ! કહે છે કે, એ તો જગતના પુદ્‌ગલ પરમાણુ છે અને તેની વર્તમાન પર્યાય સહિત એની ત્રિકાળી પર્યાયો છે. એ તો જ્ઞેય તરીકે છે, આ..હા..હા...! આ શાસ્ત્રના પાના પણ જ્ઞેય તરીકે છે, કહે છે. અરે.. ભગવાન ! આહા..હા...! આ અક્ષરો સામે છે એ પરમાણુની પર્યાયવાળા છે. અત્યારે આ પર્યાય છે એવી ભૂત–ભવિષ્યની અનંતી (પર્યાય) એમાં છે ! આ..હા..હા...! એ બધાં જ્ઞાનના જ્ઞેય છે. તું લખી શક કે ભૂંસાડી શક, એવું જ્ઞાનના સ્વભાવમાં નથી. આ..હા..હા....! તું જ્ઞાતા છો ! (અને) 'તે છે' તેને જ્ઞેય તરીકે જાણનારો છો !

આ..હા..હા...! આવું ક્યાંય મળે તેવું નથી. લોકોને બચારાને બહુ આકરું પડે છે ! આ ૪૬ ગાથાનો વિરોધ કરે છે (કે), 'અધ્યાત્મીઓ વ્યવહારને માનતા નથી !' અરે.. પ્રભુ ! સાંભળને ભાઈ ! આ બધાં જ્ઞેય છે એ આત્માની અપેક્ષાએ વ્યવહાર છે. સ્વને જાણવું તે નિશ્ચય છે અને પરને જાણવું તે વ્યવહાર છે. (એ) વ્યવહાર નથી ? પણ તે આદરણીય નથી, આ..હા..હા...! આત્મામાં દયા, દાનના પરિણામ થાય તે જ્ઞેયમાં જાય છે (અને) આત્મા તેનો (જાણનાર) જ્ઞાતામાં આવે છે. આ..હા..હા....! એને ઠેકાણે એમ ખતવવું કે, દયા, દાન, વ્રતના પરિણામ છે તે ધર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ! ધર્મ તો (તે છે કે) તે જ્ઞેય છે તેને જાણનાર જ્ઞાન છે, (તેને) જ્ઞાનમાં જાણે, એ જાણનારી પર્યાય છે તે ધર્મ છે, આ..હા..હા..હા....! છે તો આકરી વાત, પ્રભુ ! આ..હા..હા...!

અરે..રે...! અનંત કાળમાં તેણે સત્ય શું છે (તે જાણ્યું નથી) ! (અહીંયાં) કહે છે કે, તારું સત્ય તો એવડું છે, તારી હયાતી એવડી છે... આ..હા..હા...! તારી સત્‌ની મોજૂદગીની હયાતી એટલી છે કે, અનંત આત્માઓ અને અનંત પરમાણુઓના પર્યાયના સમૂહવાળો આખો સમુદાય (છે) તેને જાણનારો તું છો એવી તારી તાકાત છે !! આ..હા..હા...! સમજાય છે કાંઈ ? આ મંદિર બનાવવું ને ભગવાનની પ્રતિષ્ઠા કરવી, એ (બધી) ક્રિયા જ્ઞેય છે. એ જ્ઞેય તરીકે તું જાણ ! પણ એ 'મારા (છે)' ને 'હું કરું છું', એવું (માનવું) સ્વરૂપમાં નથી, (એમ) કહે છે. આ..હા..હા...!

શ્રોતા :-- વ્યવહારે આપણા નહિ માનીએ તો પૂજા કેમ કરાય ?

સમાધાન :-- કોણ કરે...!? એ પૂજા(માં) સ્વાહા... (થાય છે), એ પણ જ્ઞાનનું જ્ઞેય છે ! એમાં વિકલ્પ ઊઠ્યો છે એ પણ જ્ઞાનના જ્ઞેય(રૂપ) સમુદાયમાં જાય છે. એ બધું પરજ્ઞેય સમુદાયમાં જાય છે. આ..હા..હા...! ભગવાનનો માર્ગ પચવવો કઠણ (છે), બાપા ! આ..હા..હા...!

શ્રોતા :-- અનંત જીવોએ પ્રાપ્ત કર્યો છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- કર્યો છે ને ! મુક્તિએ જાય છે ! આ જીવને પણ કેવળજ્ઞાન થશે એની પર્યાયને પણ અત્યારે જાણનાર એ છે, (એમ) કહે છે. પછી(ની ગાથામાં) આવશે કે, એકને જાણે તે સર્વને જાણે. કેમકે એકને જાણે તો (તે) એક (જીવની) ત્રણે કાળની જે પર્યાય છે, એમાં કેવળજ્ઞાન થવાનું છે અને કેવળજ્ઞાન સાદિ–અનંત રહેવાનું છે, એનું પણ અહીં જ્ઞાન થાય છે. એ 'એકને જાણે તો સર્વને જાણે' ત્યાં એ આવશે. આ..હા..હા...! ન્યાયથી તો કહેવાય છે, ભાઈ ! બીજું શું થાય ? અત્યારે તો બધો ફેરફાર થઈ ગયો છે એટલે અત્યારે તો 'ચોર કોટવાલને દંડે' એવું કરી નાખ્યું (છે) ! સત્ય વાત બહાર આવી (તો કહે છે કે) 'એકાંત છે...! એકાંત છે...!' બાપુ ! એકાંત કઈ રીતે છે ? ભાઈ ! (આ) છે તો સમ્યક્ એકાંત ! આ..હા..હા...!

રાગના પરિણામ, વિકારી પર્યાય એ પુદ્‌ગલની પર્યાયમાં જાય છે ! આ..હા..હા...! એ બધો સમુદાય, દ્રવ્ય અને દ્રવ્યની પર્યાયનો સમુદાય (જ્ઞાતાનું જ્ઞેય છે). ભાષા તો પ્રભુ ! સાદી છે ! પ્રભુ ! તું અંદર સાદો છો, ભાઈ ! આહા...! એ અનંતા દ્રવ્યો અને અનંતી પર્યાયનો સમુદાય, આમાં ક્યો આત્મા બાકી રહ્યો ? ક્યો પરમાણુ બાકી રહ્યો ? ક્યા આત્માની અને (ક્યા) પરમાણુની પર્યાય જ્ઞેયમાં બાકી રહી ? આ..હા..હા...! એ જ્ઞેયમાં આત્માનું 'આ કરવું', એ ક્યાં આવ્યું ? (અર્થાત્) આત્મા રાગને કરે ને શરીરને કરે ને એ એમાં ક્યાં આવ્યું ? આ..હા..હા..!

આ..હા..હા...! પ્રભુ ! 'એક કોર રામ ને એક કોર ગામ' ! 'ગામ' એટલે સમુદાય. અનંત પરમાણુ ને અનંત આત્માઓ–(તે) દ્રવ્ય અને તેની પર્યાયો, તે બધાં જ્ઞેયનો સમુદાય છે. પ્રભુ ! તું તેનો એક જ્ઞાતા–જાણનારો ભિન્ન છો, બસ...! એ જાણનાર તરીકે (રહે) ! પરને આઘું–પાછું કરવું (એ તારો સ્વભાવ નહિ) ! આ..હા..હા...! પોતાની પર્યાય પણ જે ક્રમસર થાય છે... આ..હા..હા...! એને પણ જાણનારો જ્ઞાતા તરીકે છો ! આ..હા..હા...! સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાનની પર્યાય થશે ત્યારે તો લોકાલોક છે એ એનું પ્રત્યક્ષ જ્ઞેય છે. એ કેવળજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આદિ પર્યાયનો સમુદાય પોતે આત્મા છે. પણ એ બધું ખરેખર તો એક જ્ઞાતાનું વર્તમાન જ્ઞેય છે, આ..હા..હા...!

શ્રોતા :-- આમાં કઈ ચીજને અમારી માનવી ?

સમાધાન :-- કોઈ (તારા) નથી, બાપા !

(અહીંયાં) કહે છે કે, કોઈ પણ એક જીવદ્રવ્ય લ્યો ! આ..હા..હા...! એ જ્ઞાતા તરીકે જાણનારો (છે) ! પોતે તો જાણે (છે), એ પછી કહેશે (કે જે એકને જાણે તે સર્વને જાણે). અહીં તો (જે સર્વને જાણે તે એકને જાણે, એમ કહેવું છે) આ..હા..હા...! આવા જ્ઞેય પદાર્થોને (તું જાણનાર છો) ! પ્રભુ ! તારી મોટપનો પાર નથી, ભાઈ ! પણ મોટપ કેની (શેની) ? 'જાણવા–દેખવાની' ! એટલી તારી જાણવાની મોટપ છે કે, એક સમયમાં ત્રણ કાળના અનંતા દ્રવ્યો અને અનંતી પર્યાયને જાણે, એવું તારું સ્વરૂપ છે !! ભલે છદ્મસ્થને જાણવામાં થોડો ક્રમ પડે છતાં પણ તારા જ્ઞાનમાં ખરેખર તો એક સમયમાં શ્રુતજ્ઞાનમાં પણ, અનંતા દ્રવ્ય ને પર્યાયોના સમુદાયનો ભગવાન જાણનારો છે, આ..હા..હા...!

હવે આમાં (અજ્ઞાની એમ માને કે) 'આ મારા દીકરા ને આ મારી દીકરિયું ને... આ..હા..હા...! આપણા ઘર પ્રમાણે સારે ઠેકાણે નાખવી નહિતર શોભા શું ! અને સાધારણ (ઘરની) દીકરી લ્યે તોપણ (આપણી) શોભા શું ? ઠીક (ઘરની) દીકરી આવે તો આપણી શોભા કહેવાય...!' મારી નાખ્યા...! આત્મા જ્ઞાતા છે (અને તે) તેનું જ્ઞેય છે, તેમ ન જાણતા, તેનું હું કાંઈક કરું. એમાં મારી નાખ્યો આત્માને ! કેમકે આત્મા જ્ઞાતા છે, એમ ન માનતા, કાંઈક પરનું કરે એવું માન્યું છે, એ તો એણે જ્ઞાતાનો નાશ કરી નાખ્યો !! આ..હા..હા...! આવી વાત...! પછી 'સોનગઢવાળા'ને (લોકો) બિચારા એમ કહે ને કે, (વ્યવહારને નથી માનતા) ! કારણ કે, દયા કરો ને દાન કરો ને ભક્તિ કરો ને.... (તેને લોકો એમ કહે છે કે) 'ધર્મ છે ! (એવો) વ્યવહાર છે...!' પણ વ્યવહાર છે એની કોણે ના પાડી ? વ્યવહાર છે તે જ્ઞેય છે. અહીં તો એનો પણ નિષેધ આવ્યો છે ! પહેલા નિશ્ચય હોય તો વ્યવહાર (નામ પામે). (તો કહે છે કે) 'એમ નહિ...! વ્યવહાર હોય તો નિશ્ચય (થાય) !' 'પહેલો દીકરો તો પછી બાપ' એમ નહિ ! એમ કહે છે. 'પહેલો દીકરો પછી બાપ, એમ નહિ. પહેલો બાપ પછી દીકરો !' એમ લખ્યું છે. અરે... સાંભળને બાપા...! એક (લખાણમાં) એમ નાખ્યું છે કે, 'પહેલો બાપ હોય તો પછી દીકરો થાય ને !' એમ. ખૂબ આવ્યું છે ! અરે.. પ્રભુ ! શું કરે છે, ભાઈ ? (પર પદાર્થ) જ્ઞેય તરીકે છે એમાં ભક્ત મારો ને ગુરુ મારો ! એ છે ક્યાં ? આ..હા..હા...! 'આ ગુરુ મારાં ને આ દેવ મારાં' એ વસ્તુમાં ક્યાં છે ? આ..હા..હા...!

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવનો એ હુકમ છે ! એમણે એ જાણ્યું છે કે, દ્રવ્ય અને પર્યાયનો જે બધો સમુદાય છે, તેમાં એક જીવ–તું તારો જ્ઞાતા છો ! આ..હા..હા...! 'મારા' માનવા લાયક નથી, તેનું કંઈ કરવા લાયક નથી, તેનાથી તારામાં કંઈ થાય, એમ નથી. ફક્ત જ્ઞાતા તરીકે તે જ્ઞેય છે, તે જ્ઞેય તરીકે અહીં જણાય ! આ..હા..હા...! એ પણ હજી વ્યવહાર થયો ! શું થાય પણ અત્યારે તો એ સિદ્ધ કરવું છે ને ! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો સિદ્ધ એ કરવું છે ને ! કે, જ્ઞાનસ્વરૂપમાં જે અનંતી વસ્તુ છે, તે અહીં જાણવાના સ્વભાવને લઈને જણાય. તેથી તે જ્ઞેય છે, એટલું સિદ્ધ કરવું છે. આહા...! એ પર 'મારા', એ પણ (સ્વરૂપમાં) નથી અને પરની દયા પાળું કે પરને મારી શકું કે રક્ષણ કરું... આ..હા..હા...! ભૂખ્યાને આહાર આપું, તરસ્યાને પાણી આપું, રોગીને ઔષધ આપું–એ ચીજ વસ્તુમાં નથી, (એમ) કહે છે. એ તો બધું જ્ઞેય તરીકે જ્ઞાન–જ્ઞાતા જાણે, એવો એ છે. આ..હા..હા...! આવું સ્વરૂપ..! કોની મા ને કોનો બાપ ? કોની બાયડી ને કોનો ધણી ?

શ્રોતા :-- એ તો મરી જાય ત્યારે એમ જ બોલે–કોણ કોનું હતું !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- એ તો પછી (એવી બધી) વાતું કરે...! આ..હા..હા...!

ભગવાનની વાણી બહુ ટૂંકી છે ! આ..હા..હા...! દિગંબર સંતો જગતને જાહેર કરે છે કે, સર્વજ્ઞ પરમાત્મા એમ કહેતા હતા કે, જગતના જે અનંત પરમાણુ ને આત્માઓ (છે) એની જે થતી પર્યાયો, તેમાં થઈ ગઈ અને (જે પર્યાયો) થશે, એમાં તું એક આત્મા જ્ઞાતા છો ! બાપુ ! તેનું રક્ષણ કરનાર નથી, તેને તોડનાર નથી, તેને બનાવનાર નથી... આ..હા..હા...! તેને 'મારા' તરીકે માનવા તરીકે(નો સ્વભાવ) જ્ઞેયમાં પણ નથી અને તારામાં પણ નથી. આ..હા..હા...! આટલામાં જ કેટલું ભર્યું છે !! આ..હા..હા...!

ચક્રવર્તીનું રાજ ! ૯૬ હજાર સ્ત્રી, ૭૨ હજાર નગર, ૪૮ હજાર પાટણ, ૯૬ કરોડ ગામ ! આ..હા..હા...! નવ નિધાન ! ૧૬ હજાર દેવ ! (અહીંયાં) કહે છે કે, ભાઈ ! પ્રભુ ! એ નાનો સમુદાય કહ્યો, એ નાનો સમુદાય તે જ્ઞેય છે અને તું એક જ્ઞાતા છો ! અને આ જગતનો મોટો સમુદાય અનંતા પરમાણુઓ, અનંતા જીવોની ભૂત, ભવિષ્ય, વર્તમાનની થતી દશાઓ, એ બધો સમુદાય એક બાજુ જ્ઞેય છે, તું જ્ઞાતા છો ! બસ..! બીજી કોઈ વાત નથી. આ..હા..હા...! આ વાત જો ન બેસે તો તેને 'આત્મા' બેઠો નથી ! તેમ પરની વસ્તુ કેમ છે, એ (વાત) પણ બેઠી નથી. વિપરીત માન્યતા છે.

આ..હા..હા...! શું વાણી...!! પરમાત્મા ત્રિલોકનાથ ! કેટલું સમાડ્યું (છે) !! શેમાં ? કે, આ બધાંય '**...(દ્રવ્યો ને પર્યાયોનો) સમુદાય જ્ઞેય છે. તેમાં જ એક કોઈ પણ (ગમે તે) જીવદ્રવ્ય,...**' બધાં જીવદ્રવ્ય જ્ઞાતા છે, તે તો ભલે હો ! પણ તે એક–એક જ્ઞાતા તો બધાંનો જ્ઞાતા છે ! અહીં એમ લેવું છે. એક–એક જીવ ગમે તે લ્યો ! અનંતા જીવો જે છે અને અનંતા જીવોની જે ત્રિકાળી પર્યાય છે, અનંતા સિદ્ધો છે તેની વર્તમાન પર્યાય અને ત્રિકાળી પર્યાયો છે, વર્તમાન કેવળજ્ઞાનીઓ ભગવાન બિરાજે છે, એ કેવળજ્ઞાન અને તેની ત્રિકાળી પર્યાય છે ! આ..હા..હા...! તેનો કોઈ પણ એક જ્ઞાતા (છે). (આ જ્ઞાતા) છે ને તે જ્ઞેય (છે) ! આ..હા..હા...!

આ શરીરનાં આ બધાં રજકણો અને તેની આ વર્તમાન પર્યાય, એમાં ભૂત(કાળની) પર્યાય થઈ ગઈ, આ પરમાણુમાં તો વીંછીના ડંખની પર્યાય પણ થઈ હતી, સર્પના ઝેરની પર્યાય પણ થઈ હતી.. આ..હા..હા...! અને આ પરમાણુઓ(ની પર્યાય) સાકરની પર્યાયપણે પણ થઈ હતી, આહા..હા...! અને આ પરમાણુ હજી કોઈ વખતે વીંછીના ડંખપણે પણ થશે, સાકરની પર્યાયપણે થશે. ભૂત–ભવિષ્યની પર્યાયનો સમુદાય, તત્ત્વ અને તેની પર્યાયનો સમુદાય (છે) તે જ્ઞેય તરીકે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, જાણવાલાયક તરીકે છે. તું જાણનારો ભિન્ન એક છો, બસ...! આ..હા..હા...! કેમ ગળે ઊતરે ?

(કોઈ પંડિત એમ કહે છે કે) 'પરનો કર્તા ન માને (તો) એ દિગંબર જૈન નથી !' અરે... ભગવાન ! બાપુ ! તું તને નુકસાન કરે છે, ભાઈ ! આ..હા..હા...! કરવાની તો વાતે નથી, પણ એ મારાં છે, એ માનવું એ પણ એમાં નથી, આ..હા..હા...! શરીરના રજકણે રજકણો પુદ્ગલ છે અને તેની વર્તમાન થતી અવસ્થા અને ભૂત–ભવિષ્ય(ની બધી અવસ્થાઓ) અને આ અક્ષરોની–આ પુદ્ગલની (અવસ્થાઓ), એ બધાં દ્રવ્યો અને તેની ત્રિકાળી પર્યાયોનો આખો સમુદાય એક બાજુ ! પ્રભુ ! તે જ્ઞેય તરીકે–જાણવા તરીકે છે અને તું તેનો જાણનાર તરીકે છો ! તે પણ વ્યવહાર સંબંધ છે. પર જ્ઞેય અને આત્મા જ્ઞાતા ! આ..હા..હા...! અહીં તો સિદ્ધ એ કરવું છે ને ! કે, (જે) સર્વને જાણે તે એકને જાણે, એમ સિદ્ધ કરવું છે ને ? આ..હા..હા...!

ત્યાં ૪૭ શક્તિમાં તો એ લીધું, ભાઈ ! 'સર્વજ્ઞ શક્તિ' ! આ..હા..હા...! સર્વને જાણવું એટલે કે એ આત્મજ્ઞાન છે–આત્મજ્ઞ છે. સર્વને જાણ્યું માટે સર્વ પર આવ્યા, એમ નહિ ! આ..હા..હા...! એ સર્વજ્ઞ જે છે એ આત્મજ્ઞ છે. એ પર્યાય આત્માની છે. શક્તિ છે ને ? 'સર્વજ્ઞ, સર્વદર્શિ' ! આ..હા..હા...! પ્રભુ ! તારો પાર નથી ! આ..હા..હા...!

(અહીંયાં ચાલતા વિષયમાં) દૃષ્ટાંત આપે છે. '**...જેમ સમસ્ત દાહ્યને દહતો અગ્નિ સમસ્તદાહ્યહેતુક (–સમસ્ત દાહ્ય જેનું નિમિત્ત છે એવા) સમસ્તદાહ્યાકારપર્યાયે પરિણમેલું સકળ એક દહન જેનો આકાર છે એવા પોતારૂપે (–અગ્નિરૂપે) પરિણમે છે,...**' શું કીધું ? અગ્નિ જે છે તે દાહ્ય (એટલે કે) જે બળવા લાયક પદાર્થ છે,... છે ? સમસ્ત દાહ્ય બળવા લાયક પદાર્થ છે... દાહ્ય એટલે બળવા લાયક તેને દહતો–બાળતો '**...સમસ્તદાહ્યહેતુક (–સમસ્ત દાહ્ય જેનું નિમિત્ત છે એવા) સમસ્તદાહ્યાકારપર્યાયે,...**' (અર્થાત્) અગ્નિ બળવાના આકારે–પર્યાયે પરિણમેલું '**...સકળ એક દહન જેનો આકાર છે,...**' (એટલે) એ તો અગ્નિ જ એનો સ્વભાવ છે ! આ..હા..હા...! દહવું–બાળવું એ જ એનું સ્વરૂપ છે ! આ..હા..હા...! બળવાયોગ્યને બાળતો અગ્નિ, એ અગ્નિનું સ્વરૂપ છે, આ..હા..હા...! અગ્નિ બાળવાના આકારે પરિણમી ગઈ છે, એ અગ્નિની પર્યાય છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? 'અવલદોમ'ની વાતું છે, ભાઈ !

અરે..રે...! અનંત કાળ થયા...! આ..હા..હા...! અહીં અબજોપતિ કહેવાતો હોય (પણ) સમ્યગ્દર્શન નથી–આત્મભાન નથી અને એવા પુણ્ય પણ નથી કે, ચાર–ચાર કલાક સાચો સત્સમાગમ, વાંચન (હોય) તો પુણ્ય પણ બંધાય, આહા..હા...! એકાદ કલાક કાંઈક કરે, એ ક્યાં જાય, બાપુ ? 'એરણની ચોરી સોયનું દાન' ! અરે..રે...! એ દેહ છૂટની ક્યાં જાય ? ભાઈ...! આહા...! એ તિર્યંચ અવતારે અવતરે ! અર..ર...ર...! કષાય કર્યો છે ને ! કષાય જ કર્યો છે ! આ કર્યું... ને આ કર્યું... ને આ કર્યું... ને આ કર્યું... અરે..રે..રે...! (એમ કરીને) સ્વરૂપની આડોડાઈ કરી છે ! આડોડાઈ જ્ઞેય છે (અને પોતે તેનો) જ્ઞાતા છે, એમ જાણ્યું નથી. એ 'આડોડાઈ મેં કરી છે ને મારી છે...' આ..હા..હા...! (એ માન્યતામાં) તિર્યંચના અવતાર થાય, ભાઈ ! એના નિયમ એવા છે, બાપુ ! કુદરતના નિયમમાં કોઈ ધક્કો નહિ પહોંચાડી શકે. ત્યાં કોઈનો.... શું કહેવાય ? સફારશ.. સફારશ..! તમારી ભાષા પણ ભૂલી જવાય છે ! ત્યાં કોઈની સફારશ કામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ આવે ! આ..હા..હા...! આકરો માર્ગ, બાપા ! પ્રભુ ! ત્રણલોકનો નાથ ! એ વીરના માર્ગ જુદા છે, ભાઈ ! આ..હા..હા...!

એ અહીં કહે છે (કે), અગ્નિ–જેમ દાહ્યાકાર પર્યાયે પરિણમેલું દહન તે અગ્નિનું સ્વરૂપ છે, એવા પોતારૂપે પરિણમે છે. (એ) પોતારૂપે પરિણમ્યો છે. '**...તેમ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા,...**' આ..હા..હા...! (જેમ) સમસ્ત બળવાયોગ્યને બાળતો અગ્નિ અગ્નિરૂપ છે. '**...તેમ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા (–આત્મા) સમસ્તજ્ઞેયહેતુક,...**' (અર્થાત્) બધાં જ્ઞેયો જેમાં નિમિત્ત છે. એવો સમસ્ત જ્ઞેયાકારે (પરિણમેલો) પર્યાય '**...સમસ્તજ્ઞેયાકારપર્યાયે પરિણમેલું સકળ એક જ્ઞાન જેનો આકાર છે,...**' આ..હા..હા...! (સકળ એટલે) આખું, પરિપૂર્ણ. (તે) આત્મારૂપે થયો (થકો) પરિણમે છે, આ..હા..હા...! '**...એવા પોતારૂપે–જે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ છે તે-રૂપે–પરિણમે છે.**' એ તો પોતે પોતારૂપે સ્વાનુભવપણે પરિણમ્યો, (એમ) કહે છે. જેમ દાહ્યાકાર બળવા લાયક જે વસ્તુ છે તે રૂપે અગ્નિ થઈ છે. એમ જાણવા લાયક વસ્તુ છે તે જ્ઞાનાકારરૂપે જ્ઞાન પોતે થયું છે, આ..હા..હા...! સમજાણું કાંઈ ?

'**...પોતારૂપે–જે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ છે તે-રૂપે–પરિણમે છે.**' આ..હા..હા...! બળવા લાયક પદાર્થોને બાળતો અગ્નિ, અગ્નિરૂપ છે, એમ જ્ઞેયાકાર (–જ્ઞેયો જેમાં) – જ્ઞાનાકારમાં નિમિત્ત છે, એવું જ્ઞેયાકારરૂપે પરિણમતું જ્ઞાન તે આત્મા–જ્ઞાન છે, તે ચેતન છે, આ..હા..હા...! એ જ્ઞાતા ભિન્ન છે અને તે જ્ઞેય ભિન્ન છે. વિશેષ વિશેષ કહેશે...

❀ ❀ ❀

## (તા. ૨૨-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૪૭)

શું કહે છે ? જુઓ ! આ જગતની અંદર છ દ્રવ્ય છે. છ દ્રવ્ય ! અને એના અનંતા ગુણો ! અને એની ત્રણકાળની પર્યાયો ! એ બધાં જ્ઞેય છે. આ આત્મામાં, છ દ્રવ્ય જે ભિન્ન છે અને તેના ગુણો અને તેની ત્રિકાળી પર્યાયો છે–તે બધો સમુદાય જ્ઞેય છે. અને તે જ્ઞેયનું જાણનાર આ જ્ઞાન છે. એ જ્ઞાનમાં, જે ત્રિકાળી દ્રવ્ય, ગુણ, પર્યાયના જ્ઞેયાકારો છે–તે જ્ઞેયાકાર જેમાં હેતુ છે, એવું જ્ઞાનાકારે પરિણમવું એ જીવનો–આત્માનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ ?

આત્માનો જ્ઞાનસ્વભાવ છે. અને આત્મા સિવાય બીજી આખી દુનિયા... અરે...! અનંત કેવળીઓ, સિદ્ધો અને તીર્થંકરો આદિ જે છે, એ બધાં જ્ઞેય છે. એ જ્ઞેયની જે ત્રણકાળની પર્યાયો છે એવો એ જ્ઞેયનો સમુદાય, જેમાં (એ) જ્ઞેયાકાર હેતુ છે–નિમિત્ત (છે), એવું જે જ્ઞાનનું પરિણમન, એવું પૂરું જ્ઞાનનું પરિણમન–તેનું નામ 'આત્મા' કહેવાય છે. આખો જ્ઞેય સમુદાય–દ્રવ્ય (છે), એમાં કોઈ જ્ઞેય 'મારું છે', એમ આવ્યું નહિ.

જ્ઞાનસ્વભાવ જે ભગવાનઆત્મા ! અહીં તો એ સિદ્ધ કરવું છે કે, 'સર્વને જાણે તે એકને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણે !' એ સિદ્ધ કરવું છે. 'એકને જાણે એ સર્વને જાણે' એ પછી આવશે. કેમ ? કે, એ બધો સમુદાય–અનંત કેવળીઓ, સિદ્ધો, અનંત નિગોદના જીવો, એથી અનંતગુણા પુદ્ગલોની ત્રણકાળની પર્યાયો, એક બાજુ એ બધો–સારો સમુદાય જ્ઞેય છે અને એક બાજુ એનું જ્ઞાન કરનાર ભગવાન–આત્મા જાણનાર છે, આહા...! સમજાય છે ? અહીં સુધી આવ્યું છે, જુઓ ! '**...જીવદ્રવ્ય જ્ઞાતા છે.... બધોય (દ્રવ્યો ને પર્યાયોનો) સમુદાય જ્ઞેય છે. તેમાં જ એક કોઈ પણ (ગમે તે) જીવદ્રવ્ય જ્ઞાતા છે.**' કોઈ પણ જીવ ! કોઈ પણ (એટલે) બધા જીવ એમ નહિ. (પરંતુ) એક–એક આત્મા જ્ઞાતા છે ! આ..હા..હા...!

બીજી રીતે કહીએ તો જગતના બધાં જ્ઞેય પદાર્થો–ત્રણકાળની પર્યાય સહિત (જે છે), એમાં આત્માને (કોઈ પદાર્થમાં) સુખ છે, એવું એમાં કોઈ જ્ઞેય નથી. (અર્થાત્) આત્માનું એમાં સુખ છે, એવું (કોઈ) જ્ઞેય નથી. એ જ્ઞેય જાણવા લાયક છે, એવું જ્ઞેય છે. તેમ એ જ્ઞેયમાં બે ભાગ નથી કે, આ ઇષ્ટ છે અને આ અનિષ્ટ છે. આહા...! એ તો સારો સમુદાય, આ આત્માના જ્ઞાન સિવાય બધો–આખો સમુદાય જ્ઞેયપણે છે, આ..હા..હા...! સમજાણું કાંઈ ?

શ્રોતા :-- દીકરા–દીકરી જ્ઞેય થયાં !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- દીકરો–દીકરી હતા, કે દિ' ? એ તો કાલે કહ્યું હતું નહિ ? (કે) બધાં જ્ઞેય છે, આહા..હા...! આ શરીર, વાણી, મન, કુટુંબ–કબીલો, દીકરા–દીકરી, વહુ – એ બધાં જ્ઞેય સમુદાયમાં જાય છે. 'એ મારા છે' (એમ માનવું) એવું જ્ઞાનમાં કોઈ સ્વરૂપ નથી ! આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

શ્રોતા :-- લગ્નગ્રંથિથી તો જોડાય છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- એ તો માને છે ! જોડાયું કોણ ? કોણ જોડાતું હતું ? આ લગ્નમાં જોડાય છે, (એમ) કહે છે ! (પણ) કોણ જોડાય ? એ જ્ઞેય છે ! આ ગજબ વાત...! બાપુ ! આ..હા..હા...! વિષયની સામગ્રી–ઇન્દ્રિયો અને તેનાં બધાં નિમિત્તો જ્ઞેયમાં જાય છે, આહા..હા...! એમાં કોઈ જ્ઞેય મારું છે, એવું એમાં નથી. તેમ કોઈ જ્ઞેય ઇષ્ટ છે અને કોઈ અનિષ્ટ છે, એવું નથી. આ..હા..હા...!

શ્રોતા :-- ડાહ્યા દીકરા હોય તોપણ જ્ઞેય કહેવાય ?

સમાધાન :-- કોણ (ડાહ્યો) ? ધૂળમાં ડાહ્યો કોને કહેવો ? (મોટો) પગાર છે માટે (ડાહ્યો) કહેવાય એમ ?

આ..હા..હા...! અહીંયાં તો કેવળજ્ઞાનની વાત ચાલે છે પણ શ્રુતજ્ઞાનમાં પણ એમ છે ! આ..હા..હા...! સરવાળો તો ત્યાં લઈ જવો છે ને ! જ્યારે આ જગતના બધાં પદાર્થો–કેવળી, સિદ્ધો, ગુરુ, દેવ, શાસ્ત્રો... આ..હા..હા...! એ બધો જ્ઞેય સમુદાય છે ! એમાં કોઈ 'મારો છે', એવો કોઈ જ્ઞેયમાં સ્વભાવ નથી, આહા..હા...! તેમ જ્ઞાનમાં તે જ્ઞેય જણાય છે, જેના જ્ઞાનના પરિણમનમાં જ્ઞેયાકાર (એવા) જીવો (અને બીજાં) દ્રવ્યો આદિ છે એ નિમિત્ત છે. જ્ઞાનનું પરિણમન પોતાથી છે, આ..હા..હા...! સમજાય છે કાંઈ ? એ જ્ઞેયાકારપણે જ્ઞાનાકાર થાય છે એ તો જ્ઞેયોને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે માટે તે જ્ઞેયાકારરૂપ જ્ઞાન પરિણમે છે. એ જ્ઞેયાકારરૂપ જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણમે છે. એ જ્ઞેયાકાર નથી. ખરેખર જ્ઞાનાકાર છે ! આ..હા..હા...!

બીજી રીતે કહીએ તો–શ્રુતજ્ઞાન જે છે–ભાવશ્રુતજ્ઞાન ! (તેમાં) એ વ્યવહારના જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામથી માંડીને (બાકી બધાં દ્રવ્યો) જ્ઞેય સમુદાય છે, આ..હા..હા...! ભગવાનઆત્મા ! (પોતાના) સ્વભાવને લક્ષે પોતાના જ્ઞાન – ભાવશ્રુતજ્ઞાનપણે (જે) પરિણમે છે તે શ્રુતજ્ઞાન(ના) પરિણમનમાં જ્ઞાનીને પણ જે રાગાદિ થાય છે, એ રાગથી માંડીને આખી દુનિયા–જ્ઞેય સમુદાય છે, આ..હા..હા...! ફક્ત કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષપણું છે, શ્રુતજ્ઞાનમાં પરોક્ષપણું છે. પરની અપેક્ષાએ (પરોક્ષપણું છે), સ્વનું પ્રત્યક્ષપણું છે. શું કહ્યું ? ભાઈ ! સમજાય છે કાંઈ ? તત્ત્વદૃષ્ટિ ભગવાન બહુ આકરી ! આહા...!

આહા...! કોઈ જીવને મારી શકું કે જીવાડી શકું એવું (સ્વરૂપ) કોઈ જ્ઞેયમાં નથી, (તેમ) તેવું અહીં જ્ઞાનમાં નથી, આહા..હા...! એ આખી દુનિયા જ્ઞેય સમુદાય (છે). 'એક કોર રામ ને એક કોર ગામ !' 'ગામ' એટલે રાગથી માંડીને આખી દુનિયાનો સમૂહ ! પંચ પરમેષ્ઠી પણ એ જ્ઞેયમાં જાય છે ! એ પંચ પરમેષ્ઠી જ્ઞાનમાં જ્ઞેય છે. એ જ્ઞેય, જ્ઞાનની ચીજ નથી. એ જ્ઞેય છે એ જ્ઞાનની ચીજ નથી, આહા..હા...! પણ તે જ્ઞેયાકાર જ્ઞાન પોતે પોતાથી પરિણમે છે, તેવું જે જ્ઞાન બધાંને જાણવારૂપે પરિણમે એ જ્ઞાનાકાર જ્ઞાન (રૂપે થવું) એવો જ્ઞાનનો સ્વભાવ છે, આ..હા..હા...! આમાં તો એ પણ ઊડી જાય છે કે, વ્યવહાર હોય તો નિશ્ચય થાય, નિમિત્તથી થાય–એ બધી વાત ઊડી જાય છે. કેમકે વ્યવહાર અને બધાં નિમિત્ત જ્ઞેય સમુદાયમાં છે, આ..હા..હા...!

શ્રોતા :-- પંચ પરમેષ્ઠી તો જ્ઞેય છે પણ રાગ તો હેય છે ને ?

સમાધાન :-- રાગ પણ હેય તરીકે જ્ઞેય છે ! પરમેશ્વર પણ હેય તરીકે જ્ઞેય છે ! હેય (છે), પણ અત્યારે (હેયનું) કામ નથી. અત્યારે તો એટલું કે, એક કોર ભગવાનરામ–આતમરામ અને એક કોર રાગથી માંડીને સારો–બધો સમુદાય જ્ઞેય ! બસ..! 'ગુજરાતી' સમજતે હૈં થોડા–થોડા ? આ..હા..હા...!

આ..હા..હા...! આ શબ્દ અહીંયાં આવ્યો. **'એ રીતે બધોય (દ્રવ્યો ને પર્યાયોનો) સમુદાય જ્ઞેય છે.'** વચમાં છે ? **'તેમાં જ એક કોઈ પણ,...'** 'એક કોઈ પણ' (એટલે) (કોઈ પણ) એક જીવનો, બધા જીવનો નહિ. કોઈ પણ એક જીવનું દ્રવ્ય જ્ઞાતા છે, આહા..હા...! ભગવાનનો આત્મા લઈએ તોપણ એ જ્ઞાતા છે અને બધાં જીવો અને આખો દ્રવ્ય–પર્યાય(નો) સમુદાય જ્ઞેય છે. આ આત્મા લઈએ તોપણ આ આત્મા જ્ઞાન–જ્ઞાતા છે અને તે સિવાય રાગથી માંડીને દયા, દાનનો વિકલ્પ ઊઠ્યો, વિષય–વાસનાની વૃત્તિ ઊઠી–ત્યાંથી માંડીને આખી દુનિયા–પંચ પરમેષ્ઠી આદિ એ જ્ઞાનનું પરજ્ઞેય છે ! આહા..હા...! અને પરજ્ઞેયાકારમાં પર જ્ઞેયો છે એ પ્રકારે જ્ઞાનાકાર પરિણમે, જેમાં જ્ઞેયાકાર હેતુ–નિમિત્ત છે, આ..હા..હા...! આ બધાં પૈસા ને મકાન ને બધાં જ્ઞેય છે, એમ કહે છે !

શ્રોતા :-- અમે જ્ઞેય કહીએ તોપણ એ કાંઈ અમારા મટી થોડા જાય છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- કે દિ' હતું એનું ? એ જ્ઞેય (કે) જે જાણવા લાયક સમુદાય છે એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાગ પાડે કે, 'આ મારા' ને 'આ તારા'–(એ) મિથ્યાદૃષ્ટિ છે. કેમકે વસ્તુની સ્થિતિથી તે વિપરીત માને છે, આ..હા..હા..હા...! ગજબ કામ છે !! શાસ્ત્રની એક–એક ગાથા...! દિગંબર સંતોની વાણી કોઈ અલૌકિક છે !! એવી વાણી ક્યાંય છે નહિ ! સમજાય છે કાંઈ ? આ..હા..હા...! એવું સાંભળ્યું હશે તમે ? ખબર (હતી) અત્યાર સુધી ? સાંભળ્યું હતું ક્યાંય ? આહા...! એ બધો જ્ઞેય સમુદાય છે, તેમાં એક જ જીવદ્રવ્ય જ્ઞાતા છે.

**'હવે અહીં, જેમ,...'** આ દાખલો આવી ગયો હતો, ફરીને (કહે છે). **'...જેમ સમસ્ત દાહ્યને દહતો અગ્નિ સમસ્તદાહ્યહેતુક (–સમસ્ત દાહ્ય જેનું નિમિત્ત છે એવા) સમસ્તદાહ્યાકારપર્યાયે પરિણમેલું...'** (અર્થાત્) બળવાને લાયક લાકડા, છાણા આદિ જે બળવા લાયક દાહ્ય છે તેને આકારે પરિણમેલું **'...એક દહન,...'** અગ્નિ જેનો સ્વભાવ છે. (અર્થાત્) દાહ્ય જે બળવા લાયક (પદાર્થપણે) અગ્નિ પરિણમે છે તે અગ્નિ છે, આહા..હા...! દાહ્યાકાર–દાહ્ય જે લાકડાં, છાણાં આદિ બળવા યોગ્ય છે, એ દાહ્ય બળવા લાયક છે, તેને આકારે અગ્નિ તેને બાળીને અગ્નિ તે આકારે થાય છે–દાહ્યાકાર થાય છે, એ (ખરેખર) અગ્નિ છે. સમજાણું કાંઈ ? આ..હા..હા...!

**'...દાહ્યને દહતો અગ્નિ સમસ્તદાહ્યહેતુક,...'** (અર્થાત્) અગ્નિ થાય છે, તેમાં બળવા લાયક દાહ્ય જેમાં નિમિત્ત છે એવા **'...સમસ્તદાહ્યાકારપર્યાયે પરિણમેલું...'** દાહ્ય આકાર પર્યાયે પરિણમેલું સકળ એક અગ્નિ જેનું સ્વરૂપ છે **'...એવા પોતારૂપે (–અગ્નિરૂપે) પરિણમે છે,...'** આ..હા..હા...! શું કહ્યું ? કે, અગ્નિ કોને કહેવી ? કે, અગ્નિ એને કહેવી કે, જે સમસ્ત બળવા લાયક દાહ્ય છે તેને આકારે અગ્નિ પોતે પરિણમે છે, તે અગ્નિનું સ્વરૂપ છે. તેને અગ્નિ કહીએ, આહા..હા...! સમજાય છે કાંઈ ? વેપારીને (વેપારમાં આવા) કાંઈ તર્ક ન મળે ! આખો દિ' ચોપડા ! એના એ નામ ને એના એ ઠામ ! એના એ ધંધા ને એના એ નામ ! એમાં કોઈ તર્ક (ન મળે) ! આહા..હા...!

અહીં પરમાત્મા ત્રિલોકનાથના 'પ્રવચન' છે ને આ ? પ્ર + વચન = પ્ર (એટલે) દિવ્ય વચનો. દિવ્યધ્વનિ દ્વારા આવેલી જે વાણી, એની આમાં રચના થઈ છે ! પ્ર + વચન ! આહા..હા...! દિવ્ય વચનો !! ત્રિલોકના નાથ સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિ ! એ પણ નિમિત્તથી કથન છે. દિવ્યધ્વનિ પણ જ્ઞેય છે. એ બધાં જ્ઞેય સમુદાય જ્ઞાનમાં જ્ઞેયપણે હેતુ–નિમિત્ત છે. એ રીતે આત્મા પોતે બધાં જ્ઞેયને જાણવાપણે પરિણમે છે–તે આત્મા ! એમ બળવા લાયક લાકડા આદિને બાળતી અગ્નિ, બધાં દાહ્યને બાળવારૂપ અગ્નિ, જેનામાં અગ્નિનું પરિણમન થયું, તેમાં દાહ્યાકાર નિમિત્ત છે. છતાં પરિણમી છે અગ્નિ ! એને અગ્નિ કહીએ. આ..હા..હા...! (આવું સાંભળીને) બિચારાને એવું (આકરું) લાગે....! શું થાય ? સાંભળ્યું નથી તેણે ! આહા..હા...!

શું કહે છે ? બળવા લાયક જે દાહ્ય છે, તે રૂપે અગ્નિ પોતે દાહ્યાકારરૂપે પરિણમે છે તે અગ્નિ (છે). તે અગ્નિ ! તે અગ્નિનું રૂપ છે. એમ જ્ઞેયાકારો–જગતમાં જેટલાં જ્ઞેયો છે – અનંત સિદ્ધો, અનંત નિગોદ ને અનંત સ્કંધો ને અનંત પરમાણુ–એ બધાં જ્ઞેયો અને (તેની) ત્રણકાળની પર્યાયો, એ જ્ઞેયને આકારે જ્ઞાન પરિણમે છે. કેમકે એનું જ્ઞાન છે એ બધાંને જાણનારું છે. એ બધાંને જાણનારું (જ્ઞાન) જો આ રીતે ન હોય તો તે એકને પણ જાણતો નથી. કારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે એક પોતે છે એ બધાંને જાણવાપણે પરિણમેલું (પોતે) એકરૂપ છે. એ બધાંને જાણવાપણે પરિણમતો નથી—જાણતો નથી તો તે એકને પણ જાણતો નથી. ભાઈ ! આ ગાથા(નો વિષય) એ છે. 'એકને જાણે એ સર્વને જાણે' એ પછી કહેશે. અહીં તો 'બધાંને જાણતો નથી તે એકને જાણતો નથી', (એ સિદ્ધ કરવું છે).

કેમ (એમ કહ્યું) ? (કેમકે) જે અગ્નિ દાહ્ય (એવાં) બધાંને બળવા લાયકને બાળતી અગ્નિરૂપે ન થાય (તો) તે અગ્નિ નથી. એમ જ્ઞેયાકાર–જગતની અનંતી ચીજો જ્ઞેયાકાર, જ્ઞાનના પરિણમનમાં નિમિત્ત–હેતુ છે...! 'હેતુ' કીધો ને ? 'દાહ્યહેતુક' ! '**...તેમ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા (–આત્મા) સમસ્તજ્ઞેયહેતુક,...**' છે ? આ..હા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! આ તો ભગવાનની વાણી..! બાપા ! આ કોઈ વાર્તા – કથા નથી, આ..હા..હા...!

પ્રભુ ! તું કોણ છો ? ક્યાં છો ? એમ કહે છે. અને તને આત્મા કોને કહેવો ? (એ કહીએ છીએ) !આહા..હા...! કે, બળવા લાયક જે દાહ્ય છે તેને બાળીને અગ્નિ તે રૂપે–તે આકારે થાય છે, તે અગ્નિનું રૂપ છે. એમ જ્ઞેયાકારપણે જ્ઞાનમાં પરિણમવું, એ જ્ઞાનના પરિણમનમાં જ્ઞેયાકાર નિમિત્ત છે, એવું જે (જ્ઞાનનું) પરિણમન તે 'આત્મા' છે. તે આત્મા છે ! આહા...! જે બધાંને જાણતો નથી તે આત્માને જાણતો નથી. એટલે કે જે બધાં જ્ઞેયો છે તે જ્ઞેયાકાર જ્ઞાનના પરિણમનમાં નિમિત્ત છે અને એવું પરિણમન અહીં છે. એવું પરિણમન (જેને નથી) એટલે જે બધાંને જાણતો નથી તે એકરૂપ આત્મા છે તેને પણ જાણતો નથી, આ..હા..હા...! આવી વાતું....! પેલું તો સહેલુંસટ હતું ! જાત્રા કરવી, ભક્તિ કરવી, પૂજા કરવી, દયા પાળવી...! અરે... ભાઈ....!

આ..હા..હા...! અહીંયાં તો કહે છે કે, જે સમસ્ત જ્ઞેયનો સમુદાય છે તેને જાણવારૂપે જ્ઞાન પરિણમે તેમાં તે જ્ઞેય નિમિત્ત–હેતુ છે, પણ પરિણમન તો ઉપાદાન પોતાનું છે. બધાંને જાણવારૂપ પરિણમન છે એવો જ એનો સ્વભાવ છે. જો બધાને જાણે નહિ તો એકરૂપ આત્મા થયો છે તેને પણ જાણતો નથી. એને જાણવાની પર્યાયરૂપે (પરિણમ્યો) એ તો આત્મા છે, એમ કહે છે. ઝીણી વાતું બહુ, બાપુ ! દિગંબર સંતોની વાણી...! આ..હા..હા...! જગતમાં ક્યાંય છે નહિ !! દિગંબરમાં જન્મ્યા એને પણ ખબર નથી તો બીજે તો છે ક્યાં ? આ..હા..હા...! આ કોઈ સંપ્રદાય નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે.

જગતના છ દ્રવ્યો અને અનંત ગુણની ત્રિકાળી પર્યાયો–એવી જે અસ્તિ છે, એ જ્ઞેય સમુદાયની અસ્તિ છે. તેને કોઈ પણ એક જીવ જ્ઞાતા તે જ્ઞાનપણે–તેના આકારપણે પરિણમે (તો) તેના જ્ઞાન પરિણમનમાં તે નિમિત્ત છે. ઉપાદાન–જ્ઞાનનું પરિણમન બધાને જાણવાનો એનો સ્વભાવ છે. તો એ બધાને જાણવાના સ્વભાવરૂપે પરિણમ્યું (અને) બધાને જાણે તો પોતે એકરૂપે થયો. બધાંને જાણવાપણે એક જ્ઞાયક થયો છે. સમજાણું કાંઈ ? ભાષા તો (સાદી છે).

આ તો પ્રભુનો માર્ગ છે ! ત્રણ લોકના નાથ ! આ..હા..હા...! પરમેશ્વરની આ વાણી છે !! સંતો તો આડતિયા થઈને જગતને જાહેર કરે છે ! આ..હા..હા...! અરે.. પ્રભુ ! તું એક કોર જ્ઞાન અને એક કોર જ્ઞેય ! એ જ્ઞેયનો બધો આખો સમુદાય–અનંત કેવળીઓ, અનંત સિદ્ધો, અનંત આત્માઓ, એથી અનંતગુણા પરમાણુઓ અને એથી અનંતગુણી તેની પર્યાયો....! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ બધો જ્ઞેય સમુદાય, એને જ્ઞાનનું (જાણવાપણે) પરિણમવું (અર્થાત્) તે જ્ઞેયને જાણવું તેનો સ્વભાવ છે. અને જ્ઞેય તેમાં જણાવે તેવો જ્ઞેયનો સ્વભાવ છે. આ..હા..હા...! જ્ઞેયનો કોઈ એવો સ્વભાવ નથી કે એને સુખ આપે, આ..હા..હા...! વિષયની વાસના આવી અને ઇન્દ્રિય આદિ કઠણ થઈ, અને સમકિતી જ્ઞાની છે...! આ..હા..હા...! એને એ બધાં જ્ઞેય છે. રાગ પણ જ્ઞેય છે, ઇન્દ્રિય જ્ઞેય છે, સામી ચીજ (છે એ) જ્ઞેય છે. એ શ્રુતજ્ઞાનમાં તે જ્ઞેયપણે જાણવું (થયું) એ જ્ઞેયને લઈને નહિ. એ જ્ઞાનમાં જ્ઞાનને લઈને (જાણવું થાય છે). જ્ઞેય તો તેમાં નિમિત્ત છે. આહા..હા...! તેના પણે અહીં જાણવું એવું એનું સ્વરૂપ છે. જો એ બધાના સ્વરૂપને જાણવું (એવું સ્વરૂપ) છે તો બધાને ન જાણે તો એકરૂપ સ્વરૂપે પોતે રહ્યો છે તેને તેણે ન જાણ્યો, આ..હા..હા...! સમજાય છે કાંઈ ? આવો માર્ગ...! અરે.. પ્રભુ..! આહા..હા...! છે ?

'**...તેમ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા (–આત્મા) સમસ્તજ્ઞેયહેતુક,...**' (એટલે) જેમાં જ્ઞેય નિમિત્ત છે. '**...સમસ્તજ્ઞેયાકારપર્યાયે,...**' (એટલે) સમસ્ત જ્ઞેયના આકારે–સ્વરૂપે પોતાની પર્યાય પરિણમે. છે ને ? '**...પરિણમેલું સકળ એક જ્ઞાન જેનો આકાર છે,...**' (એટલે) સકળ એક જ્ઞાન જેનું સ્વરૂપ (છે). '**....એવા પોતારૂપે–જે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ છે તે-રૂપે–પરિણમે છે.**' આ..હા..હા...! બધાંને જાણવાપણે પરિણમે છે એ ચૈતન્યના પોતાનારૂપે પરિણમે છે. હવે આવું કેટલું યાદ રહે ? લાદીના ધંધા ને ફલાણાના ધંધા....! આ..હા..હા...!

પ્રભુ ! આઠ વર્ષની બાલિકા છે ને ! એ જ્યારે સમ્યગ્દર્શન પામે છે ને ! જ્ઞાયકસ્વરૂપને જ્યાં પ્રતીતમાં પકડ્યો છે અને જેણે જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકને જ્ઞેય બનાવ્યો છે, એને જે ભાવશ્રુતજ્ઞાન થયું... આ..હા..હા...! તેને તેના ભાવશ્રુતજ્ઞાનમાં રાગથી માંડીને બધી ચીજો જ્ઞેય સમુદાયરૂપે છે. તેને જ્ઞેયપણે અહીંયાં પરોક્ષપણે પણ જાણવું એ રીતે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે, આહા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ હશે..! આહા..હા...!

'**...એવા પોતારૂપે–જે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ છે તે-રૂપે–પરિણમે છે.**' પોતાના સ્વાનુભવપ્રત્યક્ષપણે પરિણમે છે. ('સમયસાર') બારમી ગાથામાં આમ કહ્યું ને, ભાઈ ? કે, રાગાદિ જ્ઞેયો વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. એનો અર્થ એ થયો, ભાઈ ! કે, વ્યવહાર એટલે જેટલો શ્રુતજ્ઞાનીને રાગ આવે એ બધો વ્યવહાર જ્ઞેય છે અને તેને જાણનારું શ્રુતજ્ઞાન પોતે પરિણમે છે તેમાં તે જ્ઞેયો જ્ઞેયહેતુક–નિમિત્ત છે. પરિણમે છે પોતે પરને જાણવાપણે પોતાનું જ્ઞાન પોતે પોતાથી, આ..હા..હા...!

બીજી રીતે કહીએ તો શ્રુતજ્ઞાની જે સમ્યક્દૃષ્ટિ છે, એનું જે શ્રુતજ્ઞાન એની પર્યાયમાં થયું, એ બધાં રાગથી માંડીને બધાંને જ્ઞેય તરીકે જાણવાનું (થયું). પોતાને પણ જાણવું અને (પરને પણ) જાણવું. એ પર્યાય ષટ્કારકપણે સ્વતંત્ર પરિણમી છે. એ સમ્યક્ શ્રુતજ્ઞાનની પર્યાય ષટ્કારકપણે (પરિણમી છે) એટલે પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય સાધન–કરણ, પર્યાય પર્યાય માટે થઈ, પર્યાયમાંથી પર્યાય થઈ, પર્યાયના આધારે પર્યાય થઈ. સમજાય છે કાંઈ ? આવું ઝીણું...!

'નિમિત્ત' કીધું ને ? 'નિમિત્ત' કીધું ! પણ અહીં ઉપાદાન તો ષટ્કારકપણે પરિણમેલું શ્રુતજ્ઞાન પર્યાય પૂર્ણ છે. બધા જ્ઞેયોને જાણવાનું જ્ઞાન અહીં પૂર્ણ છે. ભલે અહીં પરોક્ષ છે, કેવળીને પ્રત્યક્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, પણ છે તો પૂર્ણ ! આ..હા..હા...! તેથી કહ્યું ને ? કે, કેવળજ્ઞાની ભગવાન કેવળજ્ઞાનથી આત્માના પૂર્ણ સ્વરૂપને જાણે છે માટે તે કેવળી છે. અને અમે પણ, અમે શ્રુતજ્ઞાન દ્વારા આત્માને જાણીએ છીએ, માટે અમે પણ શ્રુતકેવળી છીએ, આહા...! ગજબ વાત છે !! ભાઈ ! આ..હા..હા...! આ પદ્ધતિ સાંભળવી કઠણ પડે એવી (છે) !

આ..હા..હા...! કહે છે કે, કેવળજ્ઞાની પરમાત્મા લોકાલોકને જાણે છે માટે કેવળી (છે), એમ નહિ. એ પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા ! આ..હા..હા...! એને પોતે જાણે છે માટે તેને કેવળી કહીએ છીએ. ભલે એને આખું–પૂર્ણ લોકાલોક જ્ઞાનમાં આવતું હોય પણ છતાં આત્માને જાણે છે માટે તે કેવળી કહેવાય છે, આહા..હા...! કેમકે લોકાલોકને જાણવું એવી જે પર્યાય એવી અનંતી પર્યાયનો પિંડ જ્ઞાનગુણ છે, એવા જ્ઞાનગુણના ધરનાર આત્માને અમે જાણીએ છીએ (અને) ભગવાન પણ એને જાણતા હતા, આહા..હા...! એ પહેલાં આવી ગયું છે–'અમે શ્રુતકેવળી છીએ !' મુનિઓ ! પંચમ આરાના સંત ! (કહે છે કે) અમે શ્રુતકેવળી છીએ !! કેમ ? (કેમકે) કેવળ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ જાણ્યો તેની પર્યાયમાં પૂર્ણ જાણવું એવો તેનો સ્વભાવ છે. એવી–એવી અનંતી પર્યાયનો પિંડ તો ગુણ છે (અને) એ અનંત ગુણનો પિંડ તો દ્રવ્ય છે. એવા દ્રવ્યને અમે શ્રુતથી જાણ્યું...! આ..હા..હા...! (માટે) અમે પણ શ્રુતકેવળી (છીએ) ! શ્રુતથી જાણનારા 'કેવળ'ને (આત્માને) જાણ્યો માટે શ્રુતકેવળી (છીએ). કેવળીએ પણ કેવળ આત્માને જાણ્યો માટે કેવળી (છે). આવું ક્યાંય મળે એવું નથી ! વેપારીને ધંધા આડે (આ બધું સમજવું) મુશ્કેલી જેવું લાગે, આહા..હા...!

**'આ પ્રમાણે ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે.'** જોયું ? છેલ્લો શબ્દ ! આ પ્રમાણે ખરેખર ભગવાન–આત્માનો સ્વભાવ છે. 'સ્વ–ભાવ' ! (અર્થાત્) લોકાલોકને–જ્ઞેયને જાણવું. જ્ઞેયને અડ્યા વિના જ્ઞેયની હયાતી છે માટે જાણે છે, એમ પણ નથી. પોતાની જ હયાતીમાં ત્રણકાળના દ્રવ્ય, ગુણ, પર્યાયોનો સમુદાય પરની અપેક્ષા વિના આ જીવના જ્ઞાનમાં જણાય, આ..હા..હા...! એવો જ કોઈ જીવનો સ્વભાવ છે ! આ..હા..હા...!

એ તો આવી ગયું ને ભાઈ એમાં ? 'પંચાસ્તિકાય સંગ્રહ'ની ૬૨મી ગાથાની ચર્ચા થઈ હતી ને ? 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા ! આત્મામાં મિથ્યાત્વનો કે રાગ–દ્વેષનો જે વિકાર થાય છે એ ષટ્કારકના પરિણમનથી થાય છે. એને પર કારકની અપેક્ષા નથી. કર્મના નિમિત્તના કારકની અપેક્ષા નથી. અરે...! વિકૃતરૂપે પરિણમે તેમાં (પર) કારકની અપેક્ષા નથી, એને દ્રવ્ય–ગુણની અપેક્ષા નથી. કેમકે દ્રવ્ય–ગુણ તો શુદ્ધ છે. (પર) કારક પર છે, દ્રવ્ય–ગુણ શુદ્ધ છે. તો વિકારનું પરિણમન જે પર્યાયમાં ષટ્કારકે થાય છે, એ પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે થાય છે.

તેમ ભગવાનઆત્મા ! કેવળજ્ઞાનપણે જે પર્યાય થાય છે, એ લોકાલોક જ્ઞેય છે–નિમિત્ત છે, માટે અહીં કેવળજ્ઞાન થાય છે, એવી એને અપેક્ષા નથી, આ..હા..હા...! સમજાણું કાંઈ ? એ કેવળજ્ઞાનની પર્યાય ષટ્કારકપણે પોતે પરિણમે છે.

એનો હેતુ એટલો કે જ્ઞાનની પર્યાયનું લક્ષ છે–ધ્યેય છે દ્રવ્ય ઉપર એટલું. પણ એ દ્રવ્ય (ઉપર) લક્ષ પણ (પોતે) સ્વતંત્ર કરે છે. સમજાણું કાંઈ આમાં ? જ્ઞાનનો પર્યાય કર્તા, કર્મ, ષટ્કારકથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઊભો થયો, પણ છતાં પણ એ પર્યાયનું કર્તાપણું (જે) છે, એ પર્યાય કર્તાપણે (પોતે) સ્વના લક્ષમાં જાય છે. એનું ધ્યેય છે–દ્રવ્ય. પણ એ દ્રવ્ય ધ્યેય છે એ પરાધીનતાથી નહિ. ન્યાય સમજાય છે ? એ જ્ઞાનની પર્યાય સ્વતંત્ર કર્તા છે. સ્વતંત્ર(પણે) કરે તે કર્તા. એટલે કે એને એનો (દ્રવ્યનો) આશ્રય છે માટે પરાધીન છે, એમ નહિ. પોતે સ્વાધીનપણે સ્વનો આશ્રય લે છે ! આ..હા..હા...! આવો માર્ગ...! સમજાણું કાંઈ ?

**'આ પ્રમાણે ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે.'** (અર્થાત્) ભગવાનઆત્માનો તો, અનંત દ્રવ્યો અને અનંત પર્યાયનો સમુદાય (જે) જ્ઞેય (છે) તેને પોતાથી પોતામાં પરિણમતો સ્વભાવ એનો પોતાનો છે. એ નિમિત્ત છે માટે નહિ. નિમિત્તનો અર્થ કે, એ ચીજ છે માટે અહીં પરિણમ્યો છે, એમ નહિ. સમજાણું કાંઈ ? આ..હા..હા...! શ્રુતજ્ઞાનમાં પણ જે કાંઈ દયા, દાનનો વિકલ્પ–રાગ આદિ આવે, એ આવ્યો છે માટે તેનું અહીં જ્ઞાન થયું છે, એવો એ જ્ઞાનનો પર્યાય પરતંત્ર નથી. એ જ્ઞાનનો પર્યાય પોતે સ્વપરપ્રકાશકપણે ઊપજતો, તેને જાણતો તે પર્યાય ઉત્પન્ન થાય છે. 'તેને જાણતો' એમ કીધું ! આવી વાતું છે ! લોકોને બહુ આકરી પડે ! શું થાય ? આ..હા..હા...! બાપુ ! જેમાં જન્મ–મરણના અંત (આવે) આ..હા..હા...! અનંત... અનંત... અવતારના અંત આવે એ ચીજ કોઈ (અલૌકિક છે) ! આ..હા..હા...! અરે..! દુનિયાને ન બેસે (માટે) 'એકાંત' કહે ! કહો ભાઈ ! આ..હા..હા...! એ લોકો તો એમ કહે છે કે, 'જુઓ ! આ દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા કરે તે ધર્મ નહિ !' વાત સાચી...! અને નિમિત્તથી પરમાં કાંઈ થાય નહિ. શું થાય બાપુ ?

અહીં કીધું ને ! જ્ઞેયહેતુક હોવા છતાં–એ તો નિમિત્ત કહ્યું. છતાં એ જ્ઞાનનું પરિણમન તો સ્વતઃ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાનથી પોતાથી પર્યાય થઈ છે. આવી વાતું છે ! આ..હા..હા...! હવે આમાં કહે છે કે, વાદવિવાદ કરો ! ભાઈ ! કોની સાથે વાદ કરે ! બાપુ !

શ્રોતા :-- 'કુંદકુંદાચાર્ય' જ ના પાડે છે કે, કોઈની સાથે વાદવિવાદ કરીશ નહિ !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- એ તો ભલે ના પાડે, પણ તમે કેમ ના પાડો છે ? (એમ) કહે છે ! તમારી વાત ખોટી છે, માટે (તમે વાદ કરતા નથી) ! ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન....! આ..હા..હા...! શું એક–એક ગાથા...!

(અહીંયાં કહે છે) **'...ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ છે તે-રૂપે–પરિણમે છે.'** સમજાય છે ? અનંત જ્ઞેયોના જ્ઞાનપણે પોતાના સ્વતઃ જ્ઞાનથી સ્વાનુભવપ્રત્યક્ષપણે પરિણમે છે, આ..હા..હા..હા....! આ બધા હીરા–માણેક કરતાં આ બધી જુદી ચીજ છે ! એ હીરલો આત્મા ! ચૈતન્ય હીરો ભગવાન ! આ..હા..હા...! જેની ચમકમાં નિમિત્ત ભલે જ્ઞેય હો ! પણ એ ચમકના પરિણમનમાં નિમિત્તની અપેક્ષા પણ જેને નથી ! આ..હા..હા...! એવું જે ભગવાન શ્રુતજ્ઞાનનું પરિણમન, વીતરાગી જ્ઞાન ! તેનું નામ ભગવાન 'ધર્મ' કહે છે. Logicથી તો વાત (કરે છે). આ..હા..હા...!

(હવે કહે છે) **'પરંતુ જે સમસ્ત જ્ઞેયને નથી જાણતો,...'** હવે આવે છે–(જે) સર્વને જાણતો નથી તે એકને જાણતો નથી–એમ સિદ્ધ કરવું છે ને ! **'પરંતુ જે સમસ્ત જ્ઞેયને નથી જાણતો તે (આત્મા), જેમ સમસ્ત દાહ્યને નહિ દહતો અગ્નિ,...'** (અર્થાત્) સમસ્ત દાહ્યને નહિ બાળતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અગ્નિ, આ..હા..હા...! '**...સમસ્તદાહ્યહેતુક સમસ્તદાહ્યાકારપર્યાયે પરિણમેલું સકળ એક દહન જેનો આકાર છે એવા પોતારૂપે પરિણમતો નથી,...**' (અર્થાત્) એ અગ્નિ બધાને બાળવા લાયક થઈને અગ્નિ જો પોતે બળે નહિ તો એ અગ્નિ જ નથી. એ અગ્નિ થઈ જ નથી, આ..હા..હા...! વાણિયાને આવા બધા વિચારો મૂકવા...! આખો દિ' ધંધો ને (બધી) ગડબડ કરતો હોય...! આહા..હા...!

શ્રોતા :-- બુદ્ધિવાળા તો વાણિયા જ છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- એ તો કહ્યું છે, 'જાપાન'ના કોઈ એક ઇતિહાસિકે કહ્યું છે, ભાઈ ! 'જાપાન'નો એક ૬૭ વર્ષની ઉમરનો ઇતિહાસિક છે અને સત્તર વર્ષનો છોકરો છે, પણ બન્ને બહુ જબરા ઇતિહાસિક છે ! પછી એણે બધું વાંચ્યું, જૈનનું (સાહિત્ય) વાંચ્યું, અન્યનું વાંચ્યું, પછી એણે કહ્યું કે, 'જૈનધર્મ એટલે અનુભૂતિ તે જૈનધર્મ છે !' અનુભૂતિ તે જૈનધર્મ છે. આત્મા આનંદસ્વરૂપ પ્રભુ ! એનો અનુભવ થવો તે જૈનધર્મ છે. પણ... આવો જૈનધર્મ વાણિયાને મળ્યો (તો) તે નિર્ણય કરવામાં વેપાર આડે નવરા નથી ! આ 'જાપાન'નો ઇતિહાસિક કહે છે !! ભાઈ ! એ આવ્યું છે, છાપામાં આવી ગયું છે. આહા..હા...! નવરો નથી ! નવરો હોય તો જાત્રા કરીએ ને ભક્તિ કરીએ ને પૂજા કરીએ ને... એ તો બધી રાગની ક્રિયા છે. ખરેખર તો એ જ્ઞેય છે ! આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

(અહીંયાં કહે છે કે) એવા સમસ્ત જ્ઞેયપણે પરિણમેલું જે જ્ઞાન (તે) જો ન હોય તો તે જ્ઞાન જ નથી, આહા..હા...! એક વાર આપણે આવી ગયું છે – જ્ઞાન નથી. પહેલા આવી ગયું છે—ક્ષાયિકજ્ઞાન નથી, ક્રમે–ક્રમે જાણે એ ક્ષાયિકજ્ઞાન નથી. ક્ષાયિકજ્ઞાન (તો) નથી પણ જ્ઞાન જ નથી, એમ ત્યાં કહ્યું છે. (એવાં) બે અર્થ લીધાં છે, પહેલાં આવી ગયા છે. આ..હા..હા...! જે જ્ઞાન પોતાથી પરિણમતું પરિણમે નહિ અને પરની અપેક્ષા રાખીને પરિણમે (તો) તે જ્ઞાન જ નથી. એ આમાં ક્યાંક આવી ગયું છે. ક્યાં આવ્યું છે ? ૪૨ ગાથા ! જુઓ ! '**જ્ઞાતા જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય, તો તેને સકળ કર્મવનના ક્ષયે પ્રવર્તતા સ્વાભાવિક જાણપણાનું કારણ (ક્ષાયિકજ્ઞાન) નથી;...**' છે ? ૪૨ (ગાથા) ! '**જ્ઞાતા જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય,...**' (એટલે) રાગાદિ પરરૂપે પરિણમતો હોય '**...તો તેને સકળ કર્મવનના ક્ષયે પ્રવર્તતા સ્વાભાવિક જાણપણાનું કારણ (ક્ષાયિકજ્ઞાન) નથી;...**' અરે...! '**...તેને જ્ઞાન જ નથી;...**' આ..હા..હા...! રાગપણે પરિણમે અને જ્ઞાનપણે પરિણમે નહિ અને (પોતાને) ભિન્નપણે ન રાખે તો તે જ્ઞાન જ નથી. આ..હા..હા...! છે એમાં ?

જે આત્માનું જ્ઞાન... આ..હા..હા...! દયા, દાન, વ્રતના રાગપણે પરિણમે, એ જ્ઞાન જ નથી. ક્ષાયિકજ્ઞાન તો નથી પણ એ જ્ઞાન જ નથી ! આ..હા..હા...! તે રાગ આદિના ભાવને જ્ઞેય તરીકે ગણી અને તે જ્ઞાનરૂપ પરિણમન પોતાથી, પોતામાં જ્ઞેયની અપેક્ષા વિના, સ્વપરપ્રકાશકપણે પરિણમવાનો દ્રવ્યનો સ્વભાવ હોવાથી પોતે પરિણમે છે, તેને અહીં 'જ્ઞાન' કહેવામાં આવે છે, આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો 'પ્રવચનસાર' છે ! જ્ઞાનપ્રધાન કથન છે, આ 'જ્ઞાનઅધિકાર' છે ને ! આ..હા..હા...! ઝીણું બહુ બાપુ ! આહા..હા...!

અહીં તો કહે છે કે, સમ્મેદશીખરની જાત્રા કરે ને ગિરનારની જાત્રા કરે, એ ભાવ રાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એ રાગરૂપે જો પરિણમી જાય તો તે મિથ્યાજ્ઞાન છે. એ જ્ઞાન જ નથી ! અર..ર..ર...! આવી વાત...! એ રાગને પોતાના જ્ઞાનમાં જ્ઞાનપણે રહીને, રાગને અડ્યા વિના, જ્ઞાનને સ્પર્શીને સ્વપરપ્રકાશક પરિણમન થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે, આહા..હા...! તેને સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે, આહા...! બાકી મિથ્યાજ્ઞાન છે. આવું આકરું...! અત્યારે ચાલતું નથી ને એટલે લોકોને (કઠણ પડે છે). શું થાય ? બચારા અનાદિથી એમ રખડે છે, રખડપટ્ટીમાં રોકાઈ ગયા છે, આહા..હા...!

અહીં એ કહ્યું '**...સમસ્તદાહ્યાકારપર્યાયે પરિણમેલું સકળ એક દહન જેનો આકાર છે એવા પોતારૂપે પરિણમતો નથી,...**' જો અગ્નિ દાહ્યાકારપણે પૂર્ણ ન પરિણમે તો તે અગ્નિ જ નથી. (એટલે કે) એ પોતારૂપે થયો જ નથી, પોતારૂપે રહ્યો જ નથી, આ..હા..હા...! ભાઈ ! છે ને આમાં ? '**...તેમ, સમસ્તજ્ઞેયહેતુક સમસ્તજ્ઞેયાકારપર્યાયે પરિણમેલું,...**' 'સમસ્તજ્ઞેયહેતુ' એ તો ફક્ત નિમિત્ત છે. નિમિત્ત એટલે કે એ ચીજ છે, પણ એનાથી અહીં કાંઈ થાય છે અને એની અપેક્ષાથી થાય છે, એમ નહિ. સમજાય છે કાંઈ ?

'**...સમસ્તજ્ઞેયહેતુક,...**' (અર્થાત્) સમસ્ત લોકાલોક આદિ જ્ઞેય જેમાં નિમિત્ત છે. એ તો આપણે ભાઈ કહ્યું હતું ને ? 'સર્વવિશુદ્ધ અધિકાર'માં ! (કે), લોકાલોક છે એ કેવળજ્ઞાનમાં નિમિત્ત છે અને કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે. નિમિત્ત એટલે એ ચીજ છે એટલું. નિમિત્ત છે માટે ત્યાં એ ચીજ છે અને એ ચીજ છે માટે અહીં કેવળજ્ઞાન છે, એમ નથી. આ..હા..હા...! 'નિમિત્ત' (શબ્દ) જ્યાં આવે ત્યાં (લોકો) ભડકે ! નિમિત્ત એટલે કે કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. એટલે શું ? એ લોકાલોકને લઈને જ્ઞાન થયું છે ? અને લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે. તેથી કાંઈ કેવળજ્ઞાન છે માટે લોકાલોક છે ? આહા...! ઝીણી વાત, બાપુ ! બહુ ઝીણું, ભાઈ ! આહા..!

જૈન વીતરાગ ત્રણલોકના નાથનું જ્ઞાન જે છે એ જ્ઞાન કોઈ અલૌકિક છે !! જે જ્ઞાનમાં પરવસ્તુ નિમિત્ત હોવા છતાં તે આત્મા જ્ઞાનપણે પરિણમે છે, એ ધર્મી–સમકિતી ચોથે ગુણસ્થાને, આ..હા..હા...! એ ચોથા ગુણસ્થાનમાં પણ જે શ્રુતજ્ઞાન છે તેને રાગાદિ વ્યવહાર આવે છતાં તે જ્ઞાનનું પરિણમન તેને અને પોતાને જાણતું પરિણમે છે. છતાં તે જ્ઞાન પરિણમનમાં એ રાગ નિમિત્ત કહો ! છતાં તે રાગને લઈને અહીં સ્વપરપ્રકાશક પરિણમ્યું છે, એમ નથી. આમાં કેટલું યાદ રાખવું ! આમ રૂપિયા (આવે) ત્યાં રાજી–રાજી થઈ જાય, લ્યો ! આહા..હા...! કાંકરા ઘણા પડ્યા છે જગતમાં ! અહીં તો કહે છે કે, એ રૂપિયા જ્ઞાનનું જ્ઞેય છે. એ જ્ઞેય છે 'એ મારું છે', એવું જ્ઞાનસ્વરૂપમાં નથી અને પૈસા જ્ઞેય છે તેમાં 'હું આનો છું' તેવું જ્ઞેયમાં નથી, આ..હા..હા...! અરે..રે...! જગત ક્યાં જાય છે !

અહીંયાં તો પ્રભુ એમ કહે છે કે, બળવા લાયક દાહ્યને બાળતી અગ્નિ પોતે પોતારૂપે પરિણમે છે તે અગ્નિ છે. પણ દાહ્યાકારરૂપે અગ્નિ પરિણમેલી નથી તે અગ્નિ જ પોતે અગ્નિ નથી. એમ જ્ઞેયાકારપણે પરિણમેલું જ્ઞાન છે તે આત્મા છે, પણ જ્ઞેયાકારપણે (નથી) પરિણમેલું જ્ઞાન (તો) તે જ્ઞાન નથી, તે જ્ઞાન જ નથી. જ્ઞેયાકારપણે પરિણમે છે એવો પોતાનો સ્વભાવ છે, એવું જો નથી તો તે આત્મા જ નથી ! આવી વાતું છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અહીંયાં કહે છે) '**...સકળ એક જ્ઞાન જેનો આકાર છે એવા પોતારૂપે–પોતે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ હોવા છતાં પણ–**' એ જ્ઞેયોને જાણવાનો (જે સ્વભાવ છે તે) જ્ઞેયપણાની હયાતી છે માટે નથી, (પરંતુ) પોતાને પોતામાં અનંતા જ્ઞેયોને જાણવાનો પોતાથી પોતાનો સ્વભાવ છે, એ રીતે જો ન થાય તો તે આત્મા જ નથી, તે જ્ઞાન જ નથી.

(આવું સાંભળીને) આ લોકો વિરોધ કરે ને બચારા ! આવું સોનગઢે' કાઢ્યું !! કોનું છે આ ? આ તો મુનિઓનું છે. આ તો પંચમ આરાના સંતો કહે છે ! કોઈક કહે કે, આ ચોથા આરાની વાત છે, ચોથા આરાવાળા માટે (છે). પણ આ પંચમ આરાના સાધુ પંચમ આરાના શ્રોતાને કહે છે અને એ શ્રોતા (આ) સાંભળીને અપ્રતિહત જ્ઞાની થાય છે ! એમ છે. ૩૮ ગાથા ! ('સમયસાર'માં) ૩૮ ગાથા આવે છે ને ? આહા..હા...! ત્યાં અપ્રતિબુદ્ધને ગુરુ સમજાવે છે. તે પોતે અપ્રતિબુદ્ધ છે–અજ્ઞાની છે, પંચમ આરાનો અપ્રતિબુદ્ધ શ્રોતા ! એને પંચમ આરાના ગુરુ વારંવાર કહે છે ! આ..હા..હા...! ત્યારે તે સમજે છે તે જ્ઞાન થઈને તેનું અપ્રતિહત જ્ઞાન થાય છે. જે જ્ઞાન થયું તે પાછું પડશે નહિ !! ૩૮ ગાથામાં છે, આ..હા..હા...! ભાઈ ! આરો–ફારો એને ક્યાં નડે છે ? આરો એ તો જ્ઞાનનું જ્ઞેય છે. આ પંચમ આરો છે કે આ ચોથો આરો છે એ તો જ્ઞેય છે. એ જ્ઞેયને જાણવાપણે પરિણમે છે એ કાળ છે માટે (પરિણમે છે એમ) નથી. આ..હા..હા...! આવી વાતું છે ! થોડું પણ સત્ય અને વાસ્તવિક હોવું જોઈએ. લાંબું–લાંબું મોટું (હોય) અને વાસ્તવિક સત્ય હોય નહિ, આ..હા..હા...!

'**...એવા પોતારૂપે–પોતે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ હોવા છતાં,...**' પણ તે પરના પૂર્ણ જ્ઞેયપણાના જ્ઞાનપણે પરિણમતો નથી તો તે આત્મા નથી. આહા..હા...! '**...(અર્થાત્ પોતાને પરિપૂર્ણપણે અનુભવતો નથી–જાણતો નથી).**' તે આત્મા નથી. આ..હા..હા...! '**આ રીતે એમ ફલિત થાય છે કે જે સર્વને જાણતો નથી તે પોતાને (–આત્માને) જાણતો નથી.**' આ સરવાળો ! શું કીધું એ ? કે જે સર્વ જ્ઞેય છે તેને અહીંયાં જ્ઞાનમાં પોતાથી જાણતો નથી તો સર્વને જાણતો નથી તો એ પોતે જ એ રૂપે છે, એ પોતાને જાણતો નથી. સમજાય છે ? આ..હા..હા...! આવી વાતું છે, પ્રભુ ! શું કરે ? લોકો બિચારા મશ્કરી કરે છે–'નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય...(છે) !' પ્રભુ ! તું... તું... તું... તું... નિશ્ચય એટલે તું !

જ્ઞેયો હોવા છતાં જ્ઞેયાકારપણે આત્મા જ્ઞાનાકારપણે થાય તેમાં એ બધાં જ્ઞેયો નિમિત્ત હોવા છતાં તેની અપેક્ષાથી અહીં જ્ઞાન પરિણમતું નથી. એ જ્ઞાનનો પોતાનો સ્વભાવ છે કે, એ રીતે સ્વપર(પ્રકાશકપણે) પરિણમવું તે જ્ઞાનનો સ્વભાવ છે. ત્યારે જો બધાને જાણતો નથી, કેમકે બધાનું જાણવું તે જ્ઞાનનું જાણવું છે (માટે) જો બધાનું જાણવું નથી થતું તો પોતે એવડો છે એ જાણતો નથી. બરાબર છે ? આ..હા..હા...! એ 'અમૃતચંદ્રાચાર્ય મહારાજ'ની ટીકા થઈ.

ટીકામાં તો બે–ત્રણ દાખલા આપ્યા છે, ભાઈ ! કે, જે કોઈ સૂર્યના પ્રકાશમાં પ્રકાશતી ચીજને નથી જાણતો તે સૂર્યને જાણતો નથી. દીપકના પ્રકાશમાં પ્રકાશતી ચીજને જાણતો નથી (તો) તે દીપકને જાણતો નથી. સમજાણું કાંઈ ? કેટલા દાખલા છે ? દર્પણમાં જે પ્રતિબિંબ પડે છે એવાને જાણતો નથી, તે દર્પણને જાણતો નથી. આંધળો માણસ સૂર્યના પ્રકાશમાં પ્રકાશતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચીજને જાણતો નથી તો તે આંધળો સૂર્યને જાણતો નથી. આંધળો માણસ દીપકના પ્રકાશમાં પ્રકાશતા પદાર્થને જાણતો નથી તો તે દીવાને જાણતો નથી, આ..હા..હા...! સમજાણું કાંઈ ? બે થયાં. દર્પણમાં જે પ્રતિબિંબ પડે છે એ દર્પણની અવસ્થા છે. તે જ્યારે દર્પણમાં પડેલી અવસ્થામાં (પડેલી) આ ચીજોને જે જાણતો નથી તે દર્પણને જ જાણતો નથી. કારણ કે દર્પણમાં અવસ્થા છે એ એની નથી. એના સંબંધીની દર્પણમાં અવસ્થા છે એ દર્પણની અવસ્થા છે. જે દીપકના પ્રકાશમાં રહેલા પદાર્થને જાણતો નથી એ દીવાને જાણતો નથી. દર્પણમાં જણાતા પદાર્થને જાણતો નથી તે દર્પણને જાણતો નથી. આંધળો છે, કહે છે ! વિશેષ કહેશે....

❀ ❀ ❀

## (તા. ૨૩-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૪૮)

'પ્રવચનસાર', ૪૮ ગાથાનો ભાવાર્થ. પહેલો દૃષ્ટાંત (આપે) છે. **'જે અગ્નિ કાષ્ટ, તૃણ, પર્ણ વગેરે સમસ્ત દાહ્યને દહતો (–બાળતો) નથી,...'** આ..હા..હા...! જે અગ્નિ બળવા લાયક દાહ્ય છે તેને જો બાળતો નથી, છે ને '**દહતો નથી**' ? 'દહતો નથી' એટલે બાળતો નથી... '**...તેનો દહનસ્વભાવ,...**' (અર્થાત્) તેનો બાળવાનો સ્વભાવ '**...(કાષ્ટાદિ સમસ્ત દાહ્ય જેનું નિમિત્ત છે એવા),...**' એ તો બધા પર નિમિત્તો છે એવા '**...સમસ્તદાહ્યાકારપર્યાયે નહિ પરિણમતો હોવાથી,...**' (અર્થાત્) બળવા લાયક દાહ્યને પૂર્ણ રીતે બાળતો (એવો) એ (અગ્નિ) બળવા લાયકપણે (જો) પરિણમતો નથી (તો તે) અગ્નિ '**...અધૂરારૂપે પરિણમે છે–પરિપૂર્ણપણે પરિણમતો નથી, તેથી પરિપૂર્ણ એક દહન જેનું સ્વરૂપ છે;...**' અગ્નિનું પરિપૂર્ણ એક દહન(સ્વરૂપ એટલે) બધાને બાળવું અને એક અગ્નિપણે રહેવું એવું જેનું સ્વરૂપ છે, આ..હા..હા...! '**...એવો તે અગ્નિ પોતાપણે જ પૂર્ણ રીતે પરિણમતો નથી,...**' આહા...! અગ્નિ બળવા લાયક પદાર્થ(ને) બાળતો નથી અને પૂર્ણ દાહ્ય જેનું નિમિત્ત છે એવા અગ્નિપણે જો પરિણમતો નથી તો તે અગ્નિ જ નથી, આહા..હા...! આ તો દૃષ્ટાંત છે.

'**તેવી જ રીતે જે આત્મા,...**' હવે અહીં સિદ્ધાંત ઉતારે છે. '**તેવી જ રીતે જે આત્મા સમસ્ત દ્રવ્ય–પર્યાયરૂપ સમસ્ત જ્ઞેયને જાણતો નથી,...**' આ..હા..હા...! કેવળજ્ઞાનપણે કહો કે શ્રુતજ્ઞાનપણે પણ (કહો), (કારણ કે) શ્રુતજ્ઞાનમાં પણ સર્વ જ્ઞેયોને જાણવાપણે પરિણમવું એવો એનો સ્વભાવ છે. ફક્ત પરોક્ષ અને પ્રત્યક્ષનો ફેર છે. આવી વાતું છે !

શ્રોતા :-- ક્રમ–અક્રમનો ફેર નહિ ?

સમાધાન :-- એ કંઈ નહિ, ક્રમ–અક્રમનું અહીં કાંઈ નહિ. ક્રમે–ક્રમે ભલે જાણે છતાં કેવળ પૂર્ણ આત્માને જાણે (છે) માટે શ્રુતકેવળી છે. ભલે ક્રમે જાણે, પણ ક્રમે જાણે એ (વાત) તો અપેક્ષિત છે. બાકી તો જ્ઞાન–શ્રુતજ્ઞાનની પર્યાયમાં પરોક્ષ રીતે પૂર્ણ જાણવું એવો એનો સ્વતઃ સ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એવી વાત છે. એ તો પછી એના ઉપયોગમાં જરી ક્રમ પડે છે. બાકી એની પર્યાયનો સ્વભાવ (તો પૂર્ણ જાણવું તે છે). સમજાણું કાંઈ ?

શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન ! જે ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે તેને અવલંબીને જે ભાવશ્રુતજ્ઞાન થયું, તે ભાવશ્રુતજ્ઞાનની એક સમયની પર્યાયમાં પરોક્ષ રીતે બધા જ્ઞેયો જાણવાને લાયક છે. એ રીતે જો પરિપૂર્ણ વસ્તુને ન જાણે તો એ જ્ઞાન જ નથી થયું, આ..હા..હા...! સમજાય છે કાંઈ ? એ ટીકામાં ઉતાર્યું છે, ભાઈ ! ટીકામાં 'સ્વસંવેદન' તરીકે (ઉતાર્યું છે). મૂળ હેતુ તો એ છે, એની તાકાત બતાવે છે કે, આત્મા છે એની તાકાત કેટલી ? એનું પોતાનું અસ્તિત્વ જે છે એનું જ્ઞાન અને એના અસ્તિત્વની તાકાત (બતાવવી છે).

એ જ્ઞાનમાં જેટલાં જ્ઞેયો છે તેટલાંને એક સમયમાં સ્વપર્યાયમાં પરિણમીને જાણે એવી તો એની તાકાત છે ! એ રીતે અગ્નિ જેમ દાહ્યાકારને પૂર્ણ રીતે ન બાળે તો તે અગ્નિ જ નથી. એમ જેટલાં જ્ઞેય છે તેટલાં બધાંને પોતાના પર્યાયમાં, જાણવા લાયકને પૂર્ણ રીતે જાણવારૂપે ન પરિણમે તો તે આત્મા જ નથી, તે જ્ઞાન નથી ! આ..હા..હા...! આવી વાત છે ! આત્માની સામે જેટલાં જ્ઞેય છે–દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, અનંત સિદ્ધો, લાખો કેવળી–એમાં કોઈ જ્ઞેય આત્માનો નથી. કોઈ જ્ઞેય આત્માનો નથી ! અને કોઈ જ્ઞેયને જાણ્યા વિનાનો રહેતો નથી, એવું એનું સ્વરૂપ છે ! આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્માનો જ્ઞાન સ્વભાવ એવો છે કે, એનાથી અનંત ગુણા બધા આત્માઓ છે, શરીરો, રજકણો (છે), એમાં કોઈ જ્ઞેય આ આત્માનો છે, એમ નથી. તેમ કોઈ જ્ઞેય જ્ઞાનમાં પૂર્ણ રીતે ન જણાય એવું (જ્ઞેયનું સ્વરૂપ) નથી. આ..હા..હા...! ન્યાય સમજાય છે ? સર્વજ્ઞને તો બધાં જ્ઞેયો જ્ઞેયાકારપણે જ્ઞાનાકાર પરિણમે છે, એવું તો એનું સ્વરૂપ છે. એ રીતે જો એ ન પરિણમે તો એ આત્મા જ નથી, આ..હા..હા...!

એમ નીચલી દશામાં–શ્રુતજ્ઞાનમાં દેવ, ગુરુ, ને શાસ્ત્ર આદિ બધાં પર જ્ઞેય છે. જ્ઞાનનું– આત્માનું રૂપ છે એ દેવ–ગુરુ નથી, આ..હા..હા..હા...! અનંત સિદ્ધો, પંચ પરમેષ્ઠી એ બધાં જ્ઞાનસ્વરૂપથી અન્ય જ્ઞેયો છે. એ અન્ય જ્ઞેયોને જ્ઞાનમાં પોતાથી પૂર્ણપણે જાણવાપણે ન પરિણમે તો તે જ્ઞાન જ નથી, તે આત્મા જ નથી, આ..હા..હા...! આવી વાત છે !

'શ્રીમદ'માં આવે છે–'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી ગુરુ ગમકી' એનો અર્થ એ કે, 'હે ભગવંત ! આપના જ્ઞાનમાં, હું આ સમયે બધાને જાણું છું એવું મારું જ્ઞાન છે, એવું આપના જ્ઞાનમાં જણાણું છે, એ જ આપની કરુણા છે !' શું કહ્યું એ ? આ..હા..હા...! પ્રભુ ! મારું આત્મજ્ઞાન, જ્ઞાનસ્વભાવ આપને અને બધાને જ્ઞેય તરીકે પર્યાયમાં પરિપૂર્ણ જાણવું થાય, એવી રીતે તમે જ્ઞાનમાં જાણ્યું છે કે, આ રીતે આને આ (જ્ઞાન) થયું ! પ્રભુ ! એ આપની કરુણા છે !! આ..હા..હા...!

શ્રોતા :-- આવા અર્થ ક્યાંથી કાઢ્યા ?

સમાધાન :-- જુઓ ને...! છે એમાં !

મૂળ તો પરમાત્માના જ્ઞાનમાં બધાં જ્ઞેયોનું જ્ઞાન પોતાની શક્તિથી પોતાથી થયું છે, આહા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ પ્રભુને એમ પણ કહે... આહા...! 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા, આ આત્માને નિજ સત્તાએ શુદ્ધ આપ પેખતા' ! આવે છે ને ? આહા..હા...! 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ.. આ નિજ સત્તાએ શુદ્ધ....' કાલે એક પ્રશ્ન (આવ્યો) હતો ને ? કે, આત્મજ્ઞાની તો બધાને સરખા દેખે ! આત્મજ્ઞાની તો દ્રવ્યસ્વભાવે (બધાને જોવે છે). બધાનો દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ શુદ્ધ છે તે આત્મા છે, એમ દેખે (છે). પણ એની પર્યાયમાં મિથ્યાત્વ છે અને રાગને પોતાનો માને (છે) અને રાગથી ધર્મ માને (છે, એમ જોતા નથી). એ મિથ્યાત્વની પર્યાય પણ જ્ઞાનમાં જ્ઞેયપણે પરિણમે છે, પર્યાયમાં તેને જાણે છે.

'શ્રીમદ'માં આવે છે ને ? 'આત્મજ્ઞાન સમદર્શિતા' (અર્થાત્) આત્મજ્ઞાની છે એ સમદર્શી છે. એનો અર્થ એ કે, બધા સરખા છે, એમ જાણે, એવો એનો અર્થ જ નથી. 'શ્રીમદ્દે' એ અર્થ કર્યો પણ નથી. 'સમદર્શી'ની વ્યાખ્યા–કુગુરુ, કુધર્મ, ને કુશાસ્ત્ર છે તેને તે બરાબર જાણે અને કુગુરુ, કુશાસ્ત્ર, કુધર્મ છે તેને સમ્યક્જ્ઞાન–સમભાવ બરાબર નિષેધે. લોકો કંઈકના કંઈક લગાવે ! એમાં શું થાય, બાપુ ! શ્વેતાંબરમાં આ વાત નથી એટલે એને અંદર ખટકે ! બાપુ ! શ્વેતાંબરમાં શું જૈનદર્શનનું તત્ત્વ દિગંબર દર્શન સિવાય ક્યાંય છે જ નહિ ! સમજાય છે ? આ કોઈ પક્ષની વાત નથી, વસ્તુસ્થિતિ છે, આહા..હા...!

શ્રોતા :-- સમદૃષ્ટિ હોય તે રાગ–દ્વેષ ન કરે, જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણે !

સમાધાન :-- જ્ઞેય (તરીકે જાણે) પણ પર્યાય મિથ્યાત્વ(ની) છે તેને મિથ્યાત્વ તરીકે જાણે. એનું દ્રવ્ય ચૈતનધ્રુવ છે તેને ચૈતનદ્રવ્ય તરીકે જાણે, પણ પર્યાયમાં મિથ્યાત્વ છે તેને મિથ્યાત્વ તરીકે, જ્ઞેય તરીકે જ્ઞાનમાં જાણે, આહા...! જગતમાં ૩૬૩ પાખંડીઓ છે એને જ્ઞાન બરાબર જાણે. જ્ઞેય તરીકે છે ને ! એનો જે શુદ્ધ આત્મા છે એ એકલો જ જ્ઞેય છે ? જ્ઞેયમાં તો એની અશુદ્ધતા, મિથ્યાત્વ, રાગ, દ્વેષ આદિ બધું જ્ઞેયમાં છે, આ..હા..હા..હા...! ઝીણી વાતું, બાપુ ! વાડાની વાત મૂકીને (આ) વાત સમજવી, બહુ કઠણ...!

અહીં તો એ સિદ્ધ કરવું છે પ્રભુ ! કે, એક કોર આતમરામ અને એક કોર આખી દુનિયાનું ગામ–જ્ઞેય ! એને જાણવું, એ છે માટે જાણવું એમ નહિ, (પણ) તારો જાણવાનો (સ્વભાવ છે). એને જાણવાનું અને તને જાણવાપણે થવું, એ તો તારું સ્વતઃ સ્વયંસિદ્ધ સ્વરૂપ છે, આ..હા..હા...!

લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત કહેવાય અને કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત કહેવાય. નિમિત્ત એટલે શું ? એમ જેટલાં જ્ઞેયો છે–દેવ, ગુરુ, શાસ્ત્ર આદિ, અનંત દ્રવ્યો, અનંત ગુણો, અનંત ભવી (જીવો)–જેવો તેનો દ્રવ્ય, ગુણ, ને પર્યાયનો જે રીતે જે સ્વભાવ છે, તે રીતે જ્ઞેયને જ્ઞાનાકારમાં જાણે, એવું તો એનું સ્વરૂપ છે. પૂર્ણ જ્ઞેયોને જ્ઞાનાકારમાં–જ્ઞાનમાં જાણે એવું એનું સ્વરૂપ છે. જો પૂર્ણને ન જાણે અને અધૂરુ રહે તો એ આત્મા જ નહિ, એ જ્ઞાન નહિ ! આ..હા..હા...! એમ કહીને અહીંયા જ્ઞાતા–દ્રષ્ટા સિદ્ધ કરવો છે ! ભાઈ ! આ..હા..હા...!

ગમે તો સમકિતીનો (આત્મા) હો ! અને કેવળજ્ઞાનીનો આત્મા હો ! પણ એ તો ફક્ત જ્ઞાતા–દ્રષ્ટા તરીકે (જાણે છે). એ પણ પરને જાણે છે, એમ કહેવું એ પણ વ્યવહાર છે. એનો પર્યાયનો ધર્મ જ એવો છે. શક્તિમાં કહ્યું છે ને ? ૪૭ શક્તિ ! ત્યાં સર્વજ્ઞ(શક્તિમાં) આત્મજ્ઞ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહ્યું (છે). એ આત્મજ્ઞ છે. સર્વને જાણે માટે આમ (સર્વજ્ઞ) છે, એમ નહિ. આ.હા..હા..હા....! શું એની શૈલી !! સર્વજ્ઞ એટલે તમને એમ લાગે કે, આ.. આ.. આ.. આ... બીજા બધાં ! (તો) એમ નથી. એ સર્વજ્ઞપણું એટલે કે આત્મજ્ઞપણું. એ આત્માના જ્ઞાનનું એવું જ (આત્મજ્ઞપણું) છે, આ..હા..હા...! એમાં આવે છે, શક્તિમાં...! સમજાય છે કાંઈ ? આ માર્ગ જુદા, બાપુ ! આ..હા..હા...!

'દીપચંદજી' તો બચારા લખી ગયા ! 'દીપચંદજી' એના વખતમાં 'અધ્યાત્મપંચસંગ્રહ' (લખી ગયા), આહા..હા...! 'અરે..રે...! આગમ પ્રમાણે અમને કોઈની શ્રદ્ધા દેખાતી નથી !' ૨૦૦ વર્ષ પહેલાં...! 'મોઢેથી કહીએ તો સાંભળતા નથી, માનતા નથી ! માટે હું લખી જાઉં છું, કહી જાઉં છું !' આ..હા..હા...!

ભગવાન ! 'ભગવાન' કરીને કીધો માટે પર્યાયે (પણ) ભગવાન છે, એમ નહિ. દ્રવ્ય તે ભગવાનસ્વરૂપ છે. જેણે પોતાનું ચૈતન્યસ્વરૂપ દ્રવ્ય ભગવાનસ્વરૂપ છે, એવું જાણ્યું એ બધા આત્માને દ્રવ્ય તરીકે, ભગવાન તરીકે જોવે છે ! એથી કરીને પર્યાયમાં (પણ) ભગવાન છે, (એમ નથી). આ..હા..હા...! આ બધી આખી જુદી જાતની વાતું (છે) ! 'મુંબઈ'માં એ બધાં વેપાર ને ધંધા ને હા..હો...! હા..હો....! અગ્નિ સળગતી હોય કષાયની !

શ્રોતા :-- પૈસા મળે ત્યાં હોંશ થાય !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- પૈસા કોને કહેવા, બાપા ! કોને મળે ? ભાઈ...! એ અનંતા પૈસા જગતમાં છે તે જ્ઞાનનું જ્ઞેય છે. એ જ્ઞેયપણે જ્ઞાનમાં પરિણમવામાં તો નિમિત્ત છે. પણ અહીં પરિણમે છે પોતાનો પર્યાય. એને જાણવા તરીકેનું જ્ઞાન તે જ્ઞાનપણે પરિણમે છે, આ..હા..હા...! નિમિત્તનો અર્થ એ કે, બીજી ચીજ છે. પણ અહીંયાં જેટલા જ્ઞેયો પરિણમે છે – પૈસાના, સ્ત્રી, કુટુંબ, મકાન, હીરા, માણેક... આ..હા..હા...! અરે...! સર્પ, વીંછી, કીડા, કાગડા, કૂતરા,...! ચાર ગતિના જીવો, પાંચમી ગતિના જીવો–સિદ્ધ ! (એ બધાં જ્ઞાનના જ્ઞેય છે). ભાઈ ! તારો સ્વભાવ પ્રભુ ! એ બધાં જ્ઞેયોને એક ક્ષણમાં (જાણે), એના કારણે નહિ, એના અવલંબને નહિ, અવલંબન કહેતાં નિમિત્ત ! અવલંબન કહેતાં નિમિત્ત (એવું) પહેલાં કીધું છે ને ભાઈ ? આ..હા..હા...! એ જ્ઞાનનો તારો સ્વભાવ જ એવો છે કે, સ્વતઃપણે પર જ્ઞેયને પોતાથી, પોતામાં, પોતા વડે, પોતાને આધારે, પોતે જાણે ! આ..હા..હા...! એવું તારું સ્વરૂપ છે, પ્રભુ ! જો એવડું સ્વરૂપ તું ન માન, ન જાણ તો એ આત્મા નથી ! આહા..હા...! આવી વાત છે !

સર્વ જાણવા લાયક ચીજોમાં કોઈ પણ નાની કે મોટી ચીજને પોતાની માનવી, એ વસ્તુના સ્વરૂપમાં નથી. એ જ્ઞેયમાં પણ નથી અને તારા સ્વરૂપમાં પણ નથી. જ્ઞેયમાં એમ નથી કે, 'આનો છું !' એવું છે જ્ઞેયમાં ? દેવ, ગુરુનો આત્મા છે તો એના આત્મામાં એ છે કે, 'આ જ્ઞાનનો હું છું ? એના જ્ઞાનનો હું છું ?'

'**...જે આત્મા સમસ્ત દ્રવ્ય–પર્યાય,...**' બન્ને લીધું ને ? 'સમસ્ત દ્રવ્ય–પર્યાય' ! દ્રવ્ય તરીકે ભગવાનઆત્મા (અને) પર્યાય તરીકે મિથ્યાત્વ, સમકિત, પંચમ, છઠ્ઠું, સાતમું, ચૌદમું અને સિદ્ધ આદિ (કોઈ પણ ગુણસ્થાન) હોય. બન્ને આવ્યા ને ? આહા..હા...! માર્ગ ભાઈ ! આકરો બહુ ! આહા..હા...! ગુલાંટ ખાય છે ને ! પર્યાય ઉપર દૃષ્ટિ છે એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેના જ્ઞાનના પરિણમનમાં આખું લોકાલોક જ્ઞેયપણે જણાય છે, એ ખરેખર એને જણાય છે, એમ કહેવું, એ વ્યવહાર (છે). એ જ્ઞાનનો સ્વભાવ જ પરિણમે છે તે ખરેખર તો પોતાનું જ્ઞેય છે, આ..હા..હા...! પોતાના દ્રવ્ય, ગુણ ને પર્યાય પોતે જ્ઞેય છે. એ 'પરિણતિ'નું આપણે આવી ગયું છે–'પરદ્રવ્યપણે પરિણમે નહિ, પરદ્રવ્ય–પર્યાયે પરિણમે નહિ' ('સમયસાર'–૭૬ થી ૭૯ ગાથા) ચારેમાં 'પરદ્રવ્ય, પરદ્રવ્ય' આવ્યું છે. પુદ્ગલ પણ પરદ્રવ્યપણે પરિણમે નહિ.

શ્રોતા :– એમાં તો પરદ્રવ્યમાં વિકાર પણ આવી ગયો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિકાર (આદિ) બધું આવી ગયું ! આહા..હા...! અહીં તો બીજું કહેવું હતું. સમજાણું ? એ આવ્યું હતું, ચાલ્યું ગયું ! પરદ્રવ્યપણે પરિણમતો નથી, એ સ્વદ્રવ્યપણે પરિણમે છે. સમજાણું કાંઈ ? 'પરદ્રવ્ય–પર્યાયે' નથી આવતું ત્યાં ? આહા..હા...! એ પરદ્રવ્ય–પર્યાય નહિ, (પરંતુ) એ પરિણમે છે પોતે પોતાની જ્ઞાનની પર્યાયપણે પરિણમે છે. ભલે એને એમાં નિમિત્ત કહો ! પણ એ નિમિત્ત એને કંઈ કરતું નથી. એનું જે આત્મામાં સ્વ–પરનું પોતાનું જ્ઞાન થાય, એ એનું સ્વરૂપ જ છે. એવડો જ આત્મા છે અને એવડો જ એનો સ્વભાવ છે, આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ..હા..હા...!

એક સમયના જ્ઞાનમાં સર્વ જ્ઞેયો જણાય એવી એની પર્યાય છે તેને દ્રવ્ય પહોંચી વળે છે. એ જ્ઞેયો પહોંચી વળે છે, એમ નથી. આ..હા..હા...! જુઓ તો શૈલી તો જુઓ ! ઓ..હો..હો...! પ્રાપ્ય એટલે તે સમયનું કેવળજ્ઞાન ધ્રુવ છે... આ..હા..હા...! શ્રુતજ્ઞાન...ધ્રુવ છે, પ્રાપ્ય છે એટલે ધ્રુવ છે. ભલે પર્યાય છે ! ધ્રુવ એટલે તે સમયનો તે જ પ્રકાર, તે જ છે માટે તેને ધ્રુવ કહીએ. આ..હા..હા...! એ જ્ઞાનની પર્યાય સર્વ જ્ઞેયોને, દ્રવ્ય–પર્યાયને પોતે પોતાથી જાણે છે અને પોતે પોતાથી પરિણમે છે, એવું જે સ્વરૂપ તેની પર્યાયને દ્રવ્ય પહોંચી વળે છે. દ્રવ્ય તેને પ્રાપ્ત કરે છે. નિમિત્ત તેને પ્રાપ્ત કરે છે, એમ નથી. આ..હા..હા...! વાત સમજાય છે કાંઈ ? ભઈ ! આ તો અગમગમની વાતું છે !!

શ્રુતજ્ઞાનમાં પણ જે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઊઠે એ પણ પરજ્ઞેયમાં જાય છે. અને એ પરજ્ઞેયપણે જાણેલો પ્રયોજનવાન (છે, એમ 'સમયસાર'ની બારમી ગાથામાં) કીધું ને ! એનો અર્થ જ એ (છે). તેણે તો એમ કીધું કે, 'જાણેલો પ્રયોજનવાન છે.' ત્યારે લોકો એમાં લગાડે છે કે, 'જુઓ ! આદરણીય પ્રયોજનવાન છે ! જુઓ ! આમાં કીધું '**ववहारदेसिदा पुण**' !' એ આવ્યું ને ? '**सुद्धो सुद्धादेसो.... अपरमे ट्ठिदा भावे।**' (અર્થાત્) 'જે અપરમભાવે સ્થિત છે તેને વ્યવહારનો જ ઉપદેશ કરવો !' એમ અર્થ કરે ! પ્રભુ ! એમ (તેનો અર્થ) નથી. જે અપરમ નામ પૂર્ણ દશાને પ્રાપ્ત નથી તેની દશા અલ્પ શુદ્ધ છે અને અલ્પ સાથે અશુદ્ધ પણ છે. તેને તે પ્રકારે તેને તે–તે સમયે (જાણેલો પ્રયોજનવાન છે). બીજે સમયે શુદ્ધતા વધી, અશુદ્ધતા ઘટી તો તે સમયે તેનું જ્ઞાન. જે સમયે થોડી શુદ્ધતા વધી અને અશુદ્ધતા ઘટી (તો) તે–તે સમયનું તે–તે જ્ઞાન તે સમયે જાણવા લાયક છે. સંસ્કૃતમાં '**तदात्वे**' શબ્દ છે, આ..હા..હા..! તે સમયને કાળે, બસ..! બીજે સમયે તે સમયને કાળે, ત્રીજે સમયે તે સમયને કાળે...! આ..હા..હા...! 'જાણેલો પ્રયોજનવાન છે' તેનો અર્થ કે, તે જ્ઞેય તરીકે જે છે તેનું અહીં જ્ઞાન સ્વતઃ,... સ્વતઃ (એટલે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે છે માટે નહિ, આ..હા..હા...! એ જ્ઞાન સ્વતઃ સ્વપરને જાણવાપણે પરિણમે છે. એવો જ એનો પર્યાયનો ધર્મ છે. અને એ જ આત્માનું પૂર્ણ સ્વરૂપ છે, આહા..હા...! આમાં તો યાદ રહેવું મુશ્કેલ પડે ! આ તો બહુ પરિચય કરે તો સમજાય એવું છે ! આ એવું (સહેલું) નથી ! આહા..હા...! માથામાં ઘણું ગરી (ઘુસી) ગયું હોય અને એમાં આ ધર્મના નામે પણ લાકડા ગરી ગયા હોય તેને કાઢવા આકરા છે !

શ્રોતા :-- એ વધારે આકરા છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- એ વધારે આકરા ! વાત સાચી ! આ..હા..હા...!

(અહીંયાં) '**...આત્મા સમસ્ત દ્રવ્ય–પર્યાય,...**' આવ્યું ને ? સામાના દ્રવ્યને અને આત્મા જે દ્રવ્ય છે તેને ભગવાન જાણે છે, જ્ઞાન (જાણે છે). અને તેની વિકારી–અવિકારી પર્યાય જે ગુણસ્થાનની જે–જે પર્યાય છે અને સિદ્ધની જે પર્યાય છે તેને પોતાના જ્ઞાનમાં તેના અવલંબન વિના (જાણે છે). અવલંબન કહેતાં નિમિત્ત છે, એવી ભાષા આવે છે. અવલંબનનો અર્થ (નિમિત્ત એવું આવે છે). પણ તેનો અર્થ એ કે તેના આશ્રય વિના. આ..હા..હા...!

આત્માનો–જ્ઞાનના પર્યાયનો સ્વભાવ છે કે, એ પરિપૂર્ણપણે પરિણમે. જો પરિપૂર્ણપણે પરિણમે નહિ તો એ આત્મા જ નહિ. કેમકે જ્ઞાનનો સ્વભાવ સર્વ જ્ઞેયને જાણવું (એ છે). તો એના જાણવાની પર્યાયનો ધર્મ જ એવો છે કે, જાણવામાં પૂર્ણપણે પરિણમે. એ રીતે જો ન પરિણમે તો એ આત્મા જ નહિ, આ..હા..હા...! સમજાણું કાંઈ... ? આવો ઉપદેશ....! (એટલે) 'સોનગઢવાળા આવો (ઉપદેશ કરે છે...)!' એમ લોકો બચારા કહે !

કાલે (એક જણનું) બહુ (લખાણ) આવ્યું છે, ઘણા આકરા શબ્દો વાપર્યા છે–'બધા મિથ્યાદૃષ્ટિઓ છે અને તમારા બધા સાંભળનારાઓ અમુમુક્ષુઓ છે !' ભગવાન ! વસ્તુએ તું પણ ભગવાન છો ને બાપુ ! પણ તારી પર્યાયમાં મોટી મૂઢતા....! આ..હા..હા...!

(અહીંયાં કહે છે) '**...સમસ્ત દ્રવ્ય–પર્યાયરૂપ સમસ્ત જ્ઞેયને,...**' 'સમસ્ત દ્રવ્ય–પર્યાયરૂપ સમસ્ત જ્ઞેયને' કીધું ને ! '**...જાણતો નથી, તેનું જ્ઞાન (સમસ્ત જ્ઞેય જેનું નિમિત્ત છે એવા) સમસ્તજ્ઞેયાકારપર્યાયે,...**' પરિણમતું નથી. સમસ્ત જ્ઞેયાકારે પરિણમતો નથી. જે અગ્નિ સમસ્ત દાહ્યાકારે પરિણમતો નથી તે અગ્નિ નથી. એમ સમસ્ત જ્ઞેયાકારે જે જ્ઞાન પરિણમતું નથી તે આત્મા નથી ! આ..હા..હા..હા....! સમજાણું કાંઈ ? '**...અધૂરારૂપે પરિણમે છે–પરિપૂર્ણરૂપે પરિણમતું નથી, તેથી પરિપૂર્ણ એક જ્ઞાન જેનું સ્વરૂપ છે,...**' (અર્થાત્) ભગવાનઆત્માનું તો પરિપૂર્ણ જ્ઞાન જેનું સ્વરૂપ છે. પરિપૂર્ણ જ્ઞાનમાં તો સર્વ જ્ઞેયાકારરૂપે જાણવું એવું એનું સ્વરૂપ છે, આહા..હા...!

'**...એવો તે આત્મા પોતાપણે જ પૂર્ણ રીતે પરિણમતો નથી,...**' એવો તે આત્મા... આ..હા..હા...! એકલા Logic–ન્યાય છે ! પણ એ સમજવા માટે (દરકાર જોઈએ). '**...પોતાપણે જ પૂર્ણ રીતે પરિણમતો નથી,...**' (અર્થાત્) પોતાનું જે સ્વરૂપ છે સર્વજ્ઞેયને જાણવું, જ્ઞેયના અવલંબન વિના–સ્વતઃ એવું જ એનું સ્વરૂપ છે તે રૂપે પરિણમતો નથી તો તે પોતારૂપે (જ) પરિણમતો નથી. '**...અર્થાત્ પોતાને જ પૂર્ણ રીતે અનુભવતો–જાણતો નથી.**' આ..હા..હા...! '**આ રીતે સિદ્ધ થયું...**' આ રીતે નક્કી થયું '**...કે જે સર્વને જાણતો નથી તે એકને–પોતાને–(પૂર્ણ રીતે) જાણતો નથી.**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथैकमजानन् सर्वं न जानातीति निश्चिनोति–

**दव्वं अणंतपज्जयमेगमणंताणि दव्वजादाणि।**
**ण विजाणदि जदि जुगवं किध सो सव्वाणि जाणादि।।४९।।**
**द्रव्यमनन्तपर्यायमेकमनन्तानि द्रव्यजातानि।**
**न विजानाति यदि युगपत् कथं स सर्वाणि जानाति।।४९।।**

आत्मा हि तावत्स्वयं ज्ञानमयत्वे सति ज्ञातृत्वात् ज्ञानमेव। ज्ञानं तु प्रत्यात्मवर्ति प्रतिभासमयं महासामान्यम्। तत्तु प्रतिभासमयानन्तविशेषव्यापि। ते च सर्वद्रव्यपर्यायनिबन्धनाः। अथ यः सर्वद्रव्यपर्यायनिबन्धनानन्तविशेषव्यापिप्रतिभासमयमहासामान्यरूपमात्मानं स्वानुभवप्रत्यक्षं न करोति स कथ प्रतिभासमयमहासामान्यव्याप्यप्रतिभासमयानन्तविशेषनिबन्धनभूतसर्वद्रव्य-पर्यायान् प्रत्यक्षीकुर्यात्। एवमेतदायाति य आत्मानं न जानाति स सर्वं न जानाति। अथ सर्वज्ञानादात्मज्ञानमात्मज्ञानात्सर्वज्ञानमित्यवतिष्ठते। एवं च सति ज्ञानमयत्वेन स्वसंचेतकत्वादात्मनो ज्ञातृज्ञेययोर्वस्तुत्वेनान्यत्वे सत्यपि प्रतिभासप्रतिभास्यमानयोः स्वस्यामवस्थायामन्योन्यसंवलनेना-त्यन्तमशक्यविवेचनत्वात्सर्वमात्मनि निरवातमिव प्रतिभाति। यद्येवं न स्यात् तदा ज्ञानस्य परिपूर्णात्मसंचेतनाभावात् परिपूर्णस्यैकस्यात्मनोऽपि ज्ञानं न सिद्ध्येत्।।४९।।

---

अथैकमजानन् सर्वं न जानातीति निश्चिनोति – दव्वं द्रव्यं **अणंतपज्जयं** अनन्तपर्यायं **एगं एकं अणंताणि दव्वजादीणि** अनन्तानि द्रव्यजातीनि **जो ण विजाणदि** यो न विजानाति अनन्तद्रव्यसमूहान् **किध सो सव्वाणि** जाणादि कथं स सर्वान् जानाति **जुगवं** युगपदेकसमये, न कथमपीति। तथा **हि**-आत्मलक्षणं तावज्ज्ञानं तच्चाखण्डप्रतिभासमयं सर्वजीवसाधारणं महासामान्यम्। तच्च महासामान्यं ज्ञानमयानन्तविशेषव्यापि। ते च ज्ञानविशेषा अनन्तद्रव्यपर्यायाणां विषयभूतानां ज्ञेयभूतानां परिच्छिदका ग्राहकाः। अखण्डैकप्रतिभासमयं यन्महासामान्यं तत्स्वभाव-मात्मानं योऽसौ प्रत्यक्षं न जानाति स पुरुषः प्रतिभासमयेन महासामान्येन ये व्याप्ता अनन्त-

---

(જે) સર્વને જાણતો નથી તે એકની–પોતાની પૂર્ણ દશા છે તેને જાણતો નથી એટલે પોતે છે નહિ.

શ્રોતા :-- છેલ્લે એમ કીધું કે 'પૂર્ણપણે પોતાને જાણતો નથી' (એટલે શું) ?

સમાધાન :-- પૂર્ણપણે જાણે તો એ આત્મા છે, એનું સ્વરૂપ જ એવું છે, આ..હા..હા...! કોઈ જ્ઞેયને પોતાનું માનવું એવું સ્વરૂપ નથી અને જ્ઞાનના પરિણમનમાં કોઈ જ્ઞેય જાણ્યા વિના રહે એવું કોઈ જ્ઞેય નથી, આ..હા..હા...! તેથી શ્રુતજ્ઞાનને અને કેવળજ્ઞાનને ફક્ત પ્રત્યક્ષ–પરોક્ષનો જ ભેદ કહ્યો. (બાકી) પૂર્ણ બધું કીધું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ज्ञानविशेषास्तेषां विषयभूताः येऽनन्तद्रव्यपर्यायास्तान् कथं जानाति, न कथमपि। अथ एतदायातम्—यः आत्मानं न जानाति स सर्वं न जानातीति। तथा चोक्तम् – `एको भावः सर्वभावस्वभावः सर्वे भावा एकभावस्वभावाः। एको भावस्तत्त्वतो येन बुद्धः सर्वे भावास्तत्त्वतम्तेन बुद्धाः।।' अत्राह शिष्यः— आत्मपरिज्ञाने सति सर्वपरिज्ञानं भवतीत्यत्र व्याख्यातं, तत्र तु पूर्वसूत्रे भणितं सर्वपरिज्ञाने सत्यात्मपरिज्ञानं भवतीति। यद्येवं तर्हि छद्मस्थानां सर्वपरिज्ञानं नास्त्यात्मपरिज्ञानं कथं भविष्यति, आत्मपरिज्ञानाभावे चात्मभावना कथं, तदभावे केवलज्ञानोत्पत्तिर्नास्तीति। परिहारमाह – परोक्षप्रमाणभूतश्रुतज्ञानेन सर्वपदार्था ज्ञायन्ते। कथमिति चेत्— लोकालोकादिपरिज्ञानं व्याप्तिज्ञानरूपेण छद्मस्थानामपि विद्यते, तच्च व्याप्तिज्ञानं परोक्षाकारेण केवलज्ञानविषयग्राहकं कथंचिदात्मैव भण्यते। अथवा स्वसंवेदनज्ञानेनात्मा ज्ञायते, ततश्च भावना क्रियते, तया रागादिविकल्परहितस्वसंवेदनज्ञानभावनया केवलज्ञानं च जायते। इति नास्ति दोषः।।४९।।

---

હવે એકને નહિ જાણનાર સર્વને જાણતો નથી એક નક્કી કરે છે :–

**જો એક દ્રવ્ય અનંતપર્યય તેમ દ્રવ્ય અનંતને**
**યુગપદ ન જાણે જીવ, તો તે કેમ જાણે સર્વને ? ૪૯.**

**અન્વયાર્થ :– [यदि]** જો **[अनन्तपर्यायं]** અનંત પર્યાયવાળા **[एकं द्रव्यं]** એક દ્રવ્યને (–આત્મદ્રવ્યને) **[अनन्तानि द्रव्यजातानि]** તથા અનંત દ્રવ્યસમૂહને **[युगपद्]** યુગપદ્ **[न विजानाति]** જાણતો નથી **[सः]** તો તે (પુરુષ) **[सर्वाणि]** સર્વને (–અનંત દ્રવ્યસમૂહને) **[कथं जानाति]** કઈ રીતે જાણી શકે ? (અર્થાત્ જે આત્મદ્રવ્યને ન જાણતો હોય તે સમસ્ત દ્રવ્યસમૂહને ન જાણી શકે).

---

શ્રોતા :-- શ્રુતજ્ઞાન સર્વ પર્યાયોને ન જાણે !

સમાધાન :-- એ પ્રત્યક્ષ તરીકે નથી જાણતું, એ અપેક્ષાએ નથી જાણતું, પણ પરોક્ષ રીતે તો સર્વને જાણે એવો સ્વભાવ છે, આ..હા..હા...! સમજાણું કાંઈ....? એ એક ગાથા થઈ–'સર્વને જાણતો નથી તે એકને જાણતો નથી' એક એ ગાથા થઈ. હવે, 'એકને જાણતો નથી તે સર્વને જાણતો નથી' એ ગાથા આવે છે. સમજાણું કાંઈ ? આ..હા..હા...!

**'હવે એકને નહિ જાણનાર સર્વને જાણતો નથી એમ નક્કી કરે છે :--'** આ..હા..હા...!

**दव्वं अणंतपज्जयमेगमणंताणि दव्वजादाणि।**
**ण विजाणदि जदि जुगवं किध सो सव्वाणि जाणादि।।४९।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :–** પ્રથમ તો આત્મા ખરેખર સ્વયં જ્ઞાનમય હોવાથી જ્ઞાતાપણાને લીધે જ્ઞાન જ છે; અને જ્ઞાન દરેક આત્મામાં વર્તતું (–રહેલું) પ્રતિભાસમય મહાસામાન્ય છે. તે (પ્રતિભાસમય મહાસામાન્ય) પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે; અને તે વિશેષોનાં (–ભેદોનાં) નિમિત્ત સર્વ દ્રવ્યપર્યાયો છે. હવે જે પુરુષ સર્વ દ્રવ્યપર્યાયો જેમનાં નિમિત્ત છે એવા અનંત વિશેષોમાં વ્યાપનારા પ્રતિભાસમય મહાસામાન્યરૂપ આત્માને સ્વાનુભવપ્રત્યક્ષ કરતો નથી, તે (પુરુષ) પ્રતિભાસમય મહાસામાન્યવડે વ્યાપ્ય (–વ્યાપવાયોગ્ય) જે પ્રતિભાસમય અનંત વિશેષો તેમનાં નિમિત્તભૂત સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી (–જાણી) શકે ? (ન જ કરી શકે). આ રીતે એમ ફલિત થાય છે કે જે આત્માને જાણતો નથી તે સર્વને જાણતો નથી.

હવે ત્યારે એમ નક્કી થાય છે કે સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન; અને આમ હોતાં, આત્મા જ્ઞાનમયપણાને લીધે સ્વસંચેતક હોવાથી, જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાનનું પોતાની અવસ્થામાં અન્યોન્ય મિલન હોવાને લીધે (અર્થાત્ જ્ઞાન અને જ્ઞેય, આત્માની–જ્ઞાનની અવસ્થામાં પરસ્પર મિશ્રિત–એકમેકરૂપ હોવાને લીધે) તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી, બધુંય જાણે કે આત્મામાં નિખાત (–પેસી ગયું) હોય એ રીતે પ્રતિભાસે છે–જણાય છે. (આત્મા જ્ઞાનમય હોવાથી પોતાને સંચેતે છે–અનુભવે છે–જાણે છે; અને પોતાને જાણતાં સર્વ જ્ઞેયો–જાણે કે તેઓ જ્ઞાનમાં સ્થિત હોય એ રીતે–જણાય છે, કારણ કે જ્ઞાનની અવસ્થામાંથી જ્ઞેયાકારોને ભિન્ન કરવા અશક્ય છે). જો આમ ન હોય તો (અર્થાત્ જો આત્મા સર્વને ન જાણે તો) જ્ઞાનને પરિપૂર્ણ આત્મસંચેતનનો અભાવ થવાથી પરિપૂર્ણ એક આત્માનું પણ જ્ઞાન સિદ્ધ ન થાય.

**ભાવાર્થ :–** ૪૮ ને ૪૯ મી ગાથામાં એમ દર્શાવ્યું કે જે સર્વને જાણતો નથી તે પોતાને જાણતો નથી, અને જે પોતાને જાણતો નથી તે સર્વને જાણતો નથી. પોતાનું જ્ઞાન અને સર્વનું જ્ઞાન એકીસાથે જ હોય છે. પોતે અને સર્વ–એ બેમાંથી એકનું જ્ઞાન હોય અને બીજાનું ન હોય એ અસંભવિત છે.

આ કથન એકદેશ જ્ઞાનની અપેક્ષાથી નથી પરંતુ પૂર્ણ જ્ઞાનની (કેવળજ્ઞાની) અપેક્ષાથી છે. ૪૯.

---

**જો એક દ્રવ્ય અનંતપર્યય તેમ દ્રવ્ય અનંતને**
**યુગપદ ન જાણે જીવ, તો તે કેમ જાણે સર્વને ? ૪૯.**

આ..હા..હા...! એનો અન્વયાર્થ લઈએ. બે અર્થ છે ને ? '**જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને (–આત્મદ્રવ્યને) તથા અનંત દ્રવ્યસમૂહને,...**' કારણ કે એક દ્રવ્ય પોતે છે એ અનાદિ-અનંત પર્યાયવાળું છે, આ..હા..હા...! અનાદિ–અનંત પર્યાયવાળું એ દ્રવ્ય છે ! '**જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને,..**' સમજાણું આમાં ? એકને જાણવાનો અર્થ એ કે, ત્રિકાળી અનંત પર્યાયવાળું દ્રવ્ય છે તેને જાણે. એક સમયની પર્યાયવાળું (દ્રવ્ય) એમ નહિ. આ..હા..હા...!

'અનંત પર્યાયવાળા એક દ્રવ્યને'–આમાં એમ કહેવું છે કે, એક આત્મા જાણે તો–તો આત્મામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જે ત્રિકાળી પર્યાય છે તે તેમાં આવી ગઈ. તે ત્રિકાળી પર્યાયમાં, (વર્તમાન) શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ બધું જણાણું એવું આવી ગયું. અને એને કેવળજ્ઞાન થવાનું છે એ કેવળજ્ઞાનની પર્યાય પણ એક દ્રવ્યને જાણતા અંદર કેવળજ્ઞાનની પર્યાય (પણ) આવી ગઈ. શું કીધું સમજાણું કાંઈ ? આ..હા..હા...! ગજબ શૈલી છે !!

આ ભગવાનઆત્મા ! 'એક દ્રવ્ય' એને કહીએ કે જે અનાદિ-અનંત પર્યાયવાળું તે દ્રવ્ય. હવે એને ભવિષ્યમાં અમુક ભવે તો કેવળજ્ઞાન થવાનું છે. સમજાણું કાંઈ ? હવે કેવળજ્ઞાન થશે એ સાદિ-અનંત (કાળ) રહેશે તો આત્મા એ અનાદિ–અનંત પર્યાયવાળું દ્રવ્ય છે, આ..હા..હા...! એક દ્રવ્યમાં અનાદિ–અનંત પર્યાયવાળું દ્રવ્ય છે એને જો જાણે તો સર્વને જાણે છે, એમ (એમાં) આવી ગયું. કારણ કે અનાદિ–અનંત પર્યાયમાં (ભવિષ્યમાં) કેવળજ્ઞાન થશે અથવા (વર્તમાનમાં) શ્રુતજ્ઞાન થયું તે (પર્યાય)વાળું દ્રવ્ય છે તેમાં બીજાં બધાં જણાય એ તો આવી ગયું, આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ..હા..હા...!

કોઈ કહે કે, 'શ્રુતજ્ઞાનનો એટલો જ અંશ લો અને કેવળજ્ઞાન (ન લો) !' પણ કેવળજ્ઞાન એના જ્ઞાનમાં આવી ગયું. આ આત્માને કેવળજ્ઞાન થવાનું છે અને એ કેવળજ્ઞાન સાદિ-અનંતકાળ રહેવાનું છે. (માટે) એ એક દ્રવ્યને જાણતાં અનંતી પર્યાયવાળું કેવળજ્ઞાનની પર્યાયવાળું (જાણવું) પણ અંદર આવી ગયું, આહા..હા...! એ 'પંચાસ્તિકાયસંગ્રહ'માં એક ઠેકાણે નાખ્યું છે. સમજાણું ? ભવિષ્યની પર્યાય પણ અલ્પજ્ઞ જ રહેશે, એ પ્રશ્ન જ અત્યારે નથી. એ તો આ તત્ત્વ–જ્ઞાન જેને ખ્યાલમાં આવી ગયું એને ભવિષ્યમાં કેવળજ્ઞાન થવાનું જ છે. અત્યારે શ્રુતજ્ઞાનમાં પરોક્ષ રીતે પૂર્ણ જાણે છે પછી કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ રીતે પૂર્ણ જાણશે. પણ જાણશે એમ ન લેતાં અત્યારે પોતે (પૂર્ણને જાણે છે, એમ કહે છે). આ..હા..હા...! પ્રભુ ! તારી બલિહારી છે ! તું કોણ છો ? કેવડો છો ? આ..હા..હા...! સમજાય છે ? જરી ઝીણી વાત છે થોડી ! તમારા ચોપડામાં આવે નહિ, વિચારમાં આવે નહિ, વેપારમાં આવે નહિ ! આ..હા..હા...!

ભગવાન ! એક સમયમાં ત્રણકાળ ને ત્રણલોકને (જાણે એવું) ત્રણકાળનું (ત્રિકાળી) પોતાનું સ્વરૂપ છે, આ..હા..હા...! એના જ્ઞાનમાં લોકાલોક જણાય છે, એવું એનું જ્ઞાન છે. એથી અનાદિ–અનંત પર્યાયવાળા દ્રવ્યને જે જાણે – એ એકને જાણે એ સર્વને જાણે છે, આ..હા..હા...! સમજાણું કાંઈ આમાં ?

'**અનંત પર્યાયવાળા એક દ્રવ્યને (–આત્મદ્રવ્યને) તથા,...**' તથા ભેગું લીધું છે પણ ખરેખર તો અનંતા દ્રવ્યને નીચે લેશે. નીચે છે, જુઓ ! '**જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને (–આત્મદ્રવ્યને) જાણતો નથી તો તે (પુરુષ) યુગપદ્ સર્વ અનંત દ્રવ્યસમૂહને કઈ રીતે જાણી શકે ?**' નીચે બીજો અર્થ (આપ્યો છે). અહીં તો પ્રભુ આત્મા ! અનાદિ–અનંત પર્યાયવાળું દ્રવ્ય અને અનાદિ–અનંત પર્યાયમાં શ્રુતજ્ઞાનની પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય પણ આવી ગઈ. આહા..હા...! અને એ શ્રુતજ્ઞાનની પર્યાયમાં પરોક્ષ રીતે સર્વને જાણે છે અને કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ રીતે સર્વને જાણે છે. એવું અનાદિ–અનંત પર્યાયવાળું દ્રવ્ય (છે) એવું જેણે જાણ્યું – એ એકને જાણ્યું તેણે બધાને જાણ્યું, (એ) એમાં આવી ગયું, આહા...! સમજાય છે કાંઈ ?

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! આત્મા અંદર શું વસ્તુ છે ! ચૈતન્ય નિધાન છે !! ચૈતન્ય હીરો ! જેના જ્ઞાનની પર્યાયની.... ગુણની તો શું વાત કરવી, પણ એની પર્યાયની અપરિમીતતા છે ! આ..હા..હા...! એવી પર્યાય પણ પ્રગટવાની છે તો તે અનંતી–અનંતી પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે, આહા..હા...! આ આત્મા અનંતી પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે, તો અનંતી પર્યાયમાં કેવળજ્ઞાનની પર્યાય. સિદ્ધની પર્યાય થવાની છે, તે બધી તેમાં આવી ગઈ, આહા..હા...! સમજાણું કાંઈ ? ન થાય, એ પ્રશ્ન અહીં છે નહિ ! અહીં તો થાય તેનો જ પ્રશ્ન છે !! આહા...! સમજાણું કાંઈ ?

બીજી રીતે કહીએ તો 'સમયસાર'ની ૩૮ ગાથા 'પ્રવચનસાર'ની ૯૨ ગાથા...! આ..હા..હા...! અપ્રતિબુદ્ધને પ્રતિબુદ્ધ જ્ઞાની, પંચમ આરાના સંતો, અપ્રતિબુદ્ધ પંચમ આરાના જીવને સંભળાવે છે અને સાંભળીને તેને જ્ઞાન થાય છે અને તે જ્ઞાન એવું થાય છે, એમ કહે છે કે, પડે નહિ ! આ.હા..હા..હા...! એવા શ્રોતા ત્યાં લીધા છે ! ('સમયસાર'ની) પાંચમી ગાથામાં કહ્યું ને ! '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' (અર્થાત્) મારા જ્ઞાનના વૈભવથી હું એકત્વ અને પરથી વિભક્તની વાત કરીશ ! '**जदि दाएज्ज**' ફરીને લીધું ! પહેલા તો કીધું '**एयत्तविहत्तं दाएहं**'– હું દેખાડીશ ! પણ '**जदि दाएज्ज**' -- (જો દેખાડું તો) અનુભવીને પ્રમાણ કરજે ! આ..હા..હા...! સમજાય છે કાંઈ આમાં ? એને પ્રભુએ એમ નથી કીધું કે, હું કહું છું એ તું નહિ સમજી શકે ! આ..હા..હા...! પ્રભુ ! તું સમજી શકીશ હોં...! અને સમજી શકીશ એમાં એવું સમજી શકીશ કે, તારી સમજણ જે પ્રગટશે તે નહીં પડે એવી રીતે સમજીશ !! આવી વાતું છે ! આ..હા..હા...!

('પ્રવચનસાર'ની) ૯૨ ગાથામાં પણ કહ્યું ને ? આગમકૌશલ્યથી જે જ્ઞાન અમને પ્રગટ્યું છે એ હવે પડવાનું નથી ! આ..હા..હા...! ('સમયસાર') ૩૮ (ગાથામાં) એમ કહ્યું કે, અપ્રતિબુદ્ધને સમજાવ્યો ! ગુરુએ વારંવાર સમજાવ્યો એમ કીધું છે. અને વારંવાર સમજાવ્યો એનો અર્થ એ છે કે, એણે વારંવાર એનું મનન કર્યું, આ..હા..હા...! 'ગુરુએ વારંવાર સમજાવ્યો' એ (પાઠ) પણ છે. પાંચમા આરાના જીવ છે તો ઘણી વાર કહેશે, એમ. ત્યારે એને વાત બેસી જાય છે. આ..હા..હા...! ('જીવ અધિકાર'ની) ૩૮ ગાથા છેલ્લી છે ને ? જીવનો અધિકાર પૂરો (થાય) છે. એટલે તેને દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેનું પરિણમન થઈ જાય છે ! આ..હા..હા...! એવો જ જીવ લીધો છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપણે પરિણમી જાય છે અને તે પરિણમન તેનું અપ્રતિહત છે. દર્શન અને જ્ઞાનની અપેક્ષાએ, ચારિત્રની અપેક્ષાએ નહિ. સમજાણું કાંઈ ? આ..હા..હા...!

અહીંયાં કહે છે, પ્રભુ ! અનંત પર્યાયવાળા એક આત્મદ્રવ્યને તથા અનંત દ્રવ્યસમૂહને (એક) સાથે જ (જાણે છે, એમ) કહે છે. ત્રણકાળની પર્યાયવાળું દ્રવ્ય જાણ્યું તે સાથે જ યુગપદ્ બધાને જાણે, આ..હા..હા...! એટલે શું કહ્યું સમજાણું ? કે, અનાદિ–અનંત પર્યાયવાળું દ્રવ્ય (છે) તો અનંત–અનંત પર્યાયવાળું (દ્રવ્ય છે એમ) અહીંયાં જાણ્યું એ સાથે યુગપદ્ બધાને જાણે છે. આત્માને અનાદિ–અનંત પર્યાયવાળો જાણ્યો અને બીજાને જાણવા માટે કોઈ બીજો કાળ છે, એમ નથી, એમ કહે છે. આ..હા..હા...! શું શૈલી...! શું શૈલી....!! ગજબ છે !! આહા..હા...!

શ્રોતા :-- આમાંથી એટલું નીકળે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- એમાં લખ્યું છે ! એમાં છે ને ! આહા...! અરે.. પ્રભુ ! બધું ભર્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, ભાઈ ! તારામાં શું નથી !? આમાં તો આમાં રહ્યું, તારામાં શું નથી !? એ અહીં (કહે છે). આ..હા..હા...! હજી તો આપણે 'અન્વયાર્થ' ચાલે છે !

**'જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને (–આત્મદ્રવ્યને) [अनन्तानि द्रव्यजातानि] તથા અનંત દ્રવ્યસમૂહને યુગપદ્,...'** (અર્થાત્) અનાદિ–અનંત પર્યાયવાળું દ્રવ્ય અને તે સમયે યુગપદ્ બધું પૂર્ણ જાણવાનું–એ સમય તો એક જ છે, આહા..હા...! ભગવાનઆત્મા ! અનાદિ–અનંત પર્યાય–અંત નહિ... અંત નહિ... અંત નહિ... એવું પર્યાયવાળું દ્રવ્ય જ્યાં જાણ્યું એની સાથે બધાં જ્ઞેયોને ભેગું જાણ્યું, (એ) આવી ગયું. 'યુગપદ્' શબ્દ વાપર્યો છે ને !

આ..હા..હા...! એવી વાતું સાંભળવા મળે... બાપુ ! એ તો મહાભાગ્ય હોય એને મળે એવું છે !! આ..હા..હા...! '**जदि दाएज्ज**' આ..હા..હા...! '**जदि**' દેખાડું... પહેલાં તો કીધું હું દેખાડીશ ! વળી કીધું કે, '**जदि दाएज्ज**' – જો તું સાંભળવા આવ્યો અને જો દેખાડું....! આ..હા..હા...! એવી જ શૈલી લીધી છે ! પ્રમાણ કરજે ! અનુભવથી પ્રમાણ કરજે ! 'હા' પાડ એટલું નહિ ! નિર્વિકલ્પપણે જાણીને અનુભવથી પ્રમાણ કરજે ! આ..હા..હા...! પ્રભુ ! તમે પંચમ આરાના અપ્રતિબુદ્ધ શ્રોતાને માટે આટલું બધું (કહો) ! ભગવાન છે ને ! એને કાળ ક્યાં નડે છે ? એ કાળમાં ક્યાં આત્મા છે ? એ તો જ્ઞાનમાં (છે) ! આ..હા..હા...! એ પંચમ આરાનો આત્મા છે ? ચોથા આરાનો આત્મા છે ? કાળનો આત્મા છે જ નહિ !! એ ત્રણેકાળની પર્યાયરૂપે દ્રવ્યને જાણ્યું એમાં ત્રણકાળના બધા કાળ પણ જ્ઞેય (તરીકે) જાણવામાં આવી ગયા, આ..હા..હા...! એ ચોથો આરો અને પાંચમા આરાની પર્યાય પણ પોતાની અનંત પર્યાયવાળા દ્રવ્યને જાણ્યું એમાં એ પર્યાય આવી ગઈ. 'યુપગદ્' આવી ગઈ, એમ કીધું ! આ..હા..હા...! ગજબ વાત છે ! છે ? હજી 'અન્વયાર્થ' ચાલે છે હોં...!

શ્રોતા :-- જામી...!

પૂજ્ય ગુરુદેવશ્રી :-- જામી..!? આ..હા..હા...! પ્રભુ ! તારે ત્યાં ન જામે તો ક્યાં જામશે, ભાઈ ? અનંત જ્ઞાન અને અનંત આનંદનો સાગર પ્રભુ ! તારામાં કમી ક્યાં છે ? તારે ખજાને ખોટ નથી, નાથ ! આ..હા..હા...! તારો ખજાનો પરિપૂર્ણ ભર્યો છે !! આ..હા..હા...! એવો જે ભગવાન ! અનંતી પર્યાયવાળું દ્રવ્ય એમાં ભેગું કેવળજ્ઞાન પણ આવી ગયું ! એવી અનંતી પર્યાયવાળું દ્રવ્ય જેણે જાણ્યું તેણે **[अनन्तानि द्रव्यजातानि]** અનંત દ્રવ્યને યુગપદ્ જાણ્યું છે. જો તે **'યુગપદ્ જાણતો નથી તો તે પુરુષ સર્વને (–અનંત દ્રવ્યસમૂહને) કઈ રીતે જાણી શકે ?'** એક સમયમાં અનાદિ–અનંત પર્યાયવાળા દ્રવ્યને જાણ્યું એમાં યુગપદ્ સર્વ આવી ગયું. જો યુગપદ્ સર્વ ન આવે તો તે એકને પણ જાણી શકતો નથી, આ..હા..હા..! આવી વાતું...! (સંપ્રદાયમાં) તો દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા (એવું સહેલું આવે) ! આ શેઠિયાઓને એમ કહે કે, દાન કરવા !

'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં આવે છે કે, જે પેદાશ થાય તેનો છઠ્ઠો ભાગ બાર મહિને દાન(માં) કાયમ ખર્ચવો ! એક ફેરી (વાર) પચાસ હજાર આપ્યા ને પચીસ હજાર (આપ્યા), એમ નહિ. છ બોલ નથી આવતા ? આ..હા..હા...! 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં આવે છે ! એવો જ એનો પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સમયે હોય છે, એમ કહે છે. આ..હા..હા...! એવો વિકલ્પ જે છે એ પણ અનાદિ–અનંત પર્યાયમાં આવી ગયો. સમજાણું કાંઈ ?

(અહીંયાં કહે છે) અનંત પર્યાયવાળું દ્રવ્ય જેણે જાણ્યું તેણે સર્વને જાણ્યું. અને જો સર્વને ન જાણે તો તેણે આત્માને અનાદિ–અનંત પર્યાયવાળો પોતાને જ જાણ્યો નથી, આ..હા..હા...! '**...તો તે (પુરુષ) સર્વને (–અનંત દ્રવ્યસમૂહને) કઈ રીતે જાણી શકે ? (અર્થાત્ જે આત્મદ્રવ્યને ન જાણતો હોય તે સમસ્ત દ્રવ્યસમૂહને ન જાણી શકે).**' આ..હા..હા...! 'એકને નહિ જાણનાર સર્વને જાણતો નથી' એમ અહીંયાં સિદ્ધ કરવું છે ને ? (આગળની ગાથામાં) એમ હતું કે, 'સર્વને ન જાણે તે એકને ન જાણે.' કેમકે સર્વને જાણનારું દ્રવ્ય પોતે છે, એ (જો) સર્વને ન જાણે તો એ દ્રવ્ય પોતાનું પરિપૂર્ણ સ્વરૂપ છે તેને પણ તેણે જાણ્યું નહિ, આ..હા..હા...! અહીંયાં (કહે છે) આત્માનું પરિપૂર્ણ સ્વરૂપ જે અનાદિ–અનંત પર્યાયવાળું દ્રવ્ય છે, એને જે ન જાણે તે ત્રણકાળના બીજા દ્રવ્યને જાણી શકે નહિ. અને જેણે ભગવાનઆત્માને અનાદિ–અનંત પર્યાયવાળો જાણ્યો તેને યુગપદ્ જ સર્વને ભેગું જાણવું એમાં આવી જાય છે, આ..હા..હા...! આવો માર્ગ છે !

નીચે (બીજા અન્વયાર્થ)નો અર્થ થઈ ગયો (છે). '**જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને (–આત્મદ્રવ્યને) જાણતો નથી તો તે (પુરુષ) યુગપદ્ સર્વ અનંત દ્રવ્યસમૂહને કઈ રીતે જાણી શકે ?**' એમ કહે છે, એમ અર્થ કર્યો. જે અનંત પર્યાયવાળા એક દ્રવ્યને જાણતો નથી તો તે યુગપદ્ તે જ કાળે અનંત દ્રવ્યસમૂહને કઈ રીતે જાણી શકે ? આ..હા..હા...! આવો આત્મા જેનો... આ..હા..હા...! જેની પર્યાયમાં અનંતા જ્ઞેયોને જાણવાનો સ્વતઃ સ્વભાવ છે, એવી–એવી અનંતી પર્યાયનો પિંડ–દ્રવ્ય, એને જેણે ન જાણ્યો તો (તેણે) સર્વને ન જાણ્યું. અને એને જેણે જાણ્યો, તેણે તે જ સમયે સર્વને જાણ્યું છે. તે જ સમયે સર્વને જાણ્યું છે !

આ..હા..હા...! આ તો સીધી ભગવાનની વાણી છે ! આ..હા..હા...! આવી વાત ક્યાં છે, પ્રભુ ! લોકોને એમ લાગે કે, 'આ દિગંબર સંપ્રદાયને સ્થાપે છે !' પણ બાપુ ! દિગંબર સંપ્રદાય એ સંપ્રદાય જ નથી ! એ વસ્તુ–વિશ્વ ધર્મ છે. '**ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન**' શું કહ્યું એ ? '**ઘટ ઘટ અંતર જિન વસે**' ભગવાન પૂર્ણાનંદનો નાથ ! બધા (ઘટમાં) જિન વસે છે ! અને '**ઘટ ઘટ અંતર જૈન**' એ આત્માને જેણે ત્રિકાળી પર્યાયવાળો જાણ્યો તે જૈન છે ! આહા..હા...! સમજાય છે કાંઈ ? અને તેના જ્ઞાનમાં અનાદિ–અનંત પર્યાયવાળું જે દ્રવ્ય આવ્યું તો એને પર્યાયમાં બીજા (પદાર્થો) જણાણા, એમાં જણાણા એ પર્યાય પણ ભેગી આવી ગઈ છે. એટલે સર્વને એ જાણે છે, આહા..હા...! આવી વાતું છે !

**ટીકા :--** '**પ્રથમ તો આત્મા ખરેખર સ્વયં જ્ઞાનમય હોવાથી,...**' હવે આ સિદ્ધ કરે છે. પ્રભુ છે એ તો જ્ઞાનમય છે. જ્ઞાનવાળો છે એમ પણ નહિ, આ..હા..હા...! સ્વયં ! ખરેખર ! 'ખરેખર' (શબ્દ) છે ને ! (સંસ્કૃતમાં) '**तावत**' છે ને ? આ..હા..હા...! '**आत्मा हि**' ! '**हि**' છે '**हि**' ! સંસ્કૃતમાં '**हि**' છે. '**तावत**'નો અર્થ 'પ્રથમ' (છે).

'**પ્રથમ તો આત્મા,...**' એટલે કે મુખ્ય વાત કહેવી છે કે આત્મા...! '**...ખરેખર સ્વયં જ્ઞાનમય હોવાથી,...**' (અર્થાત્) સ્વયં જ્ઞાનસ્વરૂપ છે ! આ..હા..હા...! '**...જ્ઞાતાપણાને લીધે,...**' '**...સ્વયં જ્ઞાનમય**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હોવાથી જ્ઞાતાપણાને લીધે જ્ઞાન જ છે;...**' સમજાણું કાંઈ...? '**...અને જ્ઞાન દરેક આત્મામાં વર્તતું...**' આ..હા..હા...! એ જ્ઞાન દરેક આત્મામાં રહેલું '**...પ્રતિભાસમય મહાસામાન્ય છે.**' (અર્થાત્) જ્ઞાન છે એ મહાસામાન્ય છે. હવે એમાં વિશેષો છે એ એના ભેદ છે. સ્વને જાણવું વિશેષો (છે) અને પરને જાણવું એ વિશેષો છે. જ્ઞાનસામાન્ય તો સામાન્ય તરીકે જ્ઞાન કીધું. સમજાણું કાંઈ ? આ..હા..હા...!

'**...જ્ઞાન દરેક આત્મામાં વર્તતું (–રહેલું) પ્રતિભાસમય,...**' પ્રતિભાસમય...! આ..હા..હા...! '**...મહાસામાન્ય છે.**' એ જ્ઞાનમાં જ્ઞાન જણાય – આત્મા જણાય એવું એ પ્રતિભાસમય મહાસામાન્ય છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, એમાં એ જ્ઞાનસ્વરૂપ પૂર્ણ જાણે એવું પ્રતિભાસમય મહાસામાન્ય જ્ઞાન છે. આહા..હા...! '**તે (પ્રતિભાસમય મહાસામાન્ય) પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે;...**' છે ? જે જ્ઞાનમાં ત્રિકાળી સામાન્ય છે તે જણાય છે, એવો જે જ્ઞાનસ્વભાવ તે અનંત વિશેષોમાં વ્યાપનારું (છે). એ જ્ઞાનનો સામાન્ય પર્યાય (છે) એમાં અનંત વિશેષો એટલે જગતના જેટલા પ્રકાર છે, એ બધાં પોતાની વિશેષ પર્યાયમાં જાણે છે, આ..હા..હા..! એ વિશેષ એનું સ્વરૂપ છે. (અર્થાત્) સામાન્યજ્ઞાનનું, વિશેષ એ સ્વરૂપ છે કે, જેમાં ત્રણકાળ, ત્રણલોકના અનંતા દ્રવ્ય, ગુણ, પર્યાયો આવી જાય છે, આ..હા..હા...! આવો માર્ગ....!

ભગવાનઆત્મા...! '**...ખરેખર સ્વયં જ્ઞાનમય હોવાથી,...**' એ તો જ્ઞાનસ્વરૂપે છે. એ કોઈ કર્મસ્વરૂપે ને રાગસ્વરૂપે (નથી), પરને મારા તરીકે (માને) એ સ્વરૂપે છે જ નહિ, આહા..હા...! દેહમાં ભગવાન ચૈતન્યસૂર્ય ! ચૈતન્યના પ્રકાશમય સ્વરૂપ છે ! આ..હા..હા...! આત્મા એટલે ચેતન અને જ્ઞાન એટલે ચેતનનું સ્વરૂપ, આહા..હા...! ભગવાનઆત્મા અંદર જ્ઞાનસ્વરૂપે છે. ચેતન છે એ ચૈતન્યના સ્વરૂપે છે. ચેતન છે એ ચૈતન્યસ્વરૂપે છે. એ ચેતનનું સત્ત્વ ચૈતન્યસ્વરૂપ છે. આત્માનું સત્ત્વ ચૈતન્યસ્વરૂપ છે. આહા...! આત્મ સત્તા એનું સત્ત્વ–ભાવપણું એ ચૈતન્યપણું છે. આ..હા..હા...!

'**...જ્ઞાન દરેક આત્મામાં વર્તતું (–રહેલું) પ્રતિભાસમય મહાસામાન્ય છે.**' હવે એના વિશેષોમાં વ્યાપનારું છે. (અર્થાત્) એ જ્ઞાન જગતના અનંતા પદાર્થોને પોતાની વિશેષ પર્યાયમાં જાણે, એવું વિશેષપણે પરિણમવું એ એનો સ્વભાવ છે. વિશેષ કહેશે....

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## (તા. ૨૪-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૪૯)

'પ્રવચનસાર', ૪૯ ગાથા ! ત્રણ લીટી થઈ ગઈ છે પણ ટીકા ફરીને (લઈએ). **'પ્રથમ તો (આ) આત્મા,...'** આ..હા..હા...! **'...ખરેખર સ્વયં જ્ઞાનમય હોવાથી,...'** સ્વયં જ્ઞાનમય હોવાથી ! જ્ઞાનવાળો એમ પણ નહિ. ભગવાન એ સ્વયં જ્ઞાનસ્વરૂપ જ છે, આહા..હા...! **'...જ્ઞાનમય હોવાથી જ્ઞાતાપણાને લીધે,...'** (અર્થાત્) આત્માનો સ્વભાવ જ્ઞાતા છે. **'...જ્ઞાન જ છે;...'** જ્ઞાતાપણાને લીધે ભગવાનઆત્મા (જ્ઞાન જ છે). ઝીણી વાત છે, ભાઈ ! અત્યારે તો એ બધી વાત (ફરી) ગઈ છે.

આ દેહમાં પ્રભુ ! જ્ઞાનસ્વરૂપી–જ્ઞાનસ્વભાવી હોવાથી તે આત્મા જ્ઞાતા છે, આ..હા..હા...! તેથી **'...જ્ઞાતાપણાને લીધે જ્ઞાન જ છે; અને જ્ઞાન દરેક આત્મામાં વર્તતું,...'** (અર્થાત્) જ્ઞાન તો દરેક આત્મામાં છે. એ જ્ઞાન **'...પ્રતિભાસમય મહાસામાન્ય છે.'** બધામાં છે એ અપેક્ષાએ (મહાસામાન્ય કહ્યું). હવે પ્રતિભાસમય મહાસામાન્ય જ્ઞાન છે એ **'...પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે;...'** આ..હા..હા...!

૪૭ શક્તિ છે ને ! (એ) શક્તિના સ્વરૂપમાં એવું લીધું છે (કે) અનંત ગુણો અક્રમ છે અને એ ગુણની નિર્મળ પરિણતિ ક્રમ(માં) છે. રાગને ત્યાં લીધો જ નથી. કારણ કે એનું એ સ્વરૂપ નથી, આ..હા..હા...! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! એવો આનંદસ્વરૂપી ! એવા અનંત ગુણસ્વરૂપી (છે) ! જ્ઞાન તો પ્રધાનપણે–મુખ્ય સ્વપરને જાણવાની તાકાતવાળું (છે) માટે જ્ઞાનને લીધું છે. બાકી (તો) જ્ઞાન સિવાય અનંત ગુણસ્વરૂપ સામાન્ય સ્વભાવ છે. અનંત ગુણ છે !

અહીંયાં તો આવું કેમ લીધું છે ? કે, એક આત્મા કેવડો છે ? (એ બતાવવું છે). આ..હા..હા...! એક આત્મા કેવડો છે ? કે, એ એવડો છે કે, તે જ્ઞાનમય છે. તેથી જ્ઞાતા છે, તેથી તે જ્ઞાતાના પર્યાયના વિશેષમાં જગતના ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાય નિમિત્તરૂપે છે અને પર્યાય તે (બધાંને જાણવા) રૂપે પરિણમે છે, એવું તેનું સ્વરૂપ છે ! ઓ..હો..હો...! આ એક–એક આત્માની વાત ચાલે છે.

શ્રોતા :-- કીડીનો આત્મા પણ એવો ?

સમાધાન :-- કીડીનો શું એક નિગોદના આટલા ભાગમાં... અહીં કણી છે ને..! અહીં નિગોદના જીવ છે ! અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે ! અહીં અસંખ્ય ભાગમાં અસંખ્ય ઔદારિક શરીર છે. એક શરીરમાં અનંતા જીવ છે. આહા...! એક–એક જીવ અનંત ગુણની શક્તિથી ભરેલો છે !

હવે અહીં તો પર્યાયમાં પૂર્ણ છે એ બતાવવું છે. જેવું એનું જ્ઞાન પૂર્ણસ્વરૂપ છે એવું જ એની પર્યાયમાં–વિશેષમાં (સ્વરૂપ છે). આહા..હા...! એક કોર એક જ જ્ઞાનની પર્યાય લ્યો અને એક બાજુ આખો આત્મા ને ગુણ ને લોકાલોક લ્યો તો એક જ પર્યાયમાં બધું આવી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું કીધું સમજાણું ? ઝીણું છે...! આ તો અત્યારે ચાલતું નથી, બાપા ! સત્ય વાત એવી છે !

આહા..હા...! અંદર આ ભગવાનઆત્મા જે છે એનો ખરેખર તો જ્ઞાનસ્વભાવ છે. 'સુખ' ગુણ છે ને, ભાઈ ? સુખ ગુણ છે. ત્યાં ૪૭ (શક્તિમાં) 'દર્શન' અને 'ચારિત્ર' (શક્તિને) જુદી નથી લીધી. 'દર્શન' (એટલે) સમકિત અને ચારિત્રને ભેગું 'સુખ' (શક્તિમાં) નાખીને એ ત્રણ ગુણનું વર્ણન (કર્યું) છે. મારે અહીં બીજું કહેવું છે કે, આત્મા જ્ઞાનસ્વભાવ છે, એ જ્ઞાન વીતરાગસ્વભાવે છે. એ આનંદસ્વભાવે છે, એ વીતરાગસ્વભાવે છે. કેમકે આત્મામાં એક ચારિત્ર નામનો વીતરાગી ગુણ–અકષાયસ્વભાવનો ગુણ છે, આ..હા..હા...! એ અકષાયસ્વભાવ એટલે કે વીતરાગસ્વભાવનું અનંતા ગુણમાં રૂપ છે, આ..હા..હા...! ધીમેથી સાંભળવું...! આ તો અગમગમની વાતું છે, પ્રભુ ! આ તો દુનિયામાં ક્યાંય (મળે એવી નથી) ! આહા..હા...!

ભગવાન જ્ઞાનસ્વભાવ છે એટલે કે એ વીતરાગસ્વભાવ છે, આહા..હા...! એનો દર્શનસ્વભાવ છે એ વીતરાગસ્વભાવ છે. કેમકે એમાં વીતરાગસ્વભાવનો ગુણ છે. અને એક ગુણનું અનંત ગુણમાં રૂપ છે. એટલે જેટલાં અનંતા ગુણ છે એ બધાંમાં વીતરાગપણાનું રૂપ છે, આ..હા..હા...! આ કાલનો ખુલાસો ચાલે છે. આ બધું લાંબું–લાંબું શું કામ (આવે છે) ? પણ આત્મા કેવડો છે એને બતાવે છે, આવા આત્માને જાણવો ! આ..હા..હા...!

જેમાં એવો સ્વભાવ છે કે, એમાં વીતરાગસ્વરૂપ છે, આ..હા..હા...! અંદર અનંત ષટ્કારકો ભર્યાં છે ! કર્તા, કર્મ, કરણ (આદિ જે ષટ્કારક છે એમાં) કર્તાની શક્તિ પણ અનંત છે. એ કર્તાની શક્તિમાં પણ વીતરાગનું રૂપ છે. કર્મ શક્તિ...! કર્મ એટલે કાર્ય થવાની (શક્તિ). એ કાર્ય શક્તિમાં પણ વીતરાગનું રૂપ છે, આ..હા..હા...! કર્તા, કર્મ, કરણ...! કરણ નામનો ગુણ સાધન છે તેમાં પણ વીતરાગનું રૂપ છે, આ..હા..હા...! 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યેહી વચન સે સમજ લે, જિનપ્રવચનકા મર્મ' આ..હા..હા...! ભગવાનઆત્મા...! કાને પડવા દો... હળવે... હળવે...! આહા..હા...! એ બધાં ષટ્કારકો જે છે – કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ – એ વીતરાગસ્વરૂપે છે. એમાં વીતરાગી રૂપ છે. એટલે એ ષટ્ ગુણનું જે વિકૃત પરિણમન થાય, એ વિકૃત(પણું) છે એ એનું સ્વરૂપ નથી.

તેથી 'ભાવ' નામનો એક ગુણ લીધો છે કે જે 'ભાવ' નામના ગુણને લઈને (નિર્મળ પર્યાય થાય જ). કારણ કે વિકાર થાય એવો કોઈ ગુણ નથી. એથી ષટ્કારકના વિકારપણે જે પરિણમન થાય છે એનાથી રહિત 'ભાવ' નામનો ગુણ છે. ૪૭ (શક્તિમાં)...! આ..હા..હા...! એ ષટ્કારકની પર્યાયમાં જે વિકૃતરૂપ–દયા, દાન, કામ, ક્રોધ આદિ થાય, એનાથી રહિત એવો એનો એક 'ભાવ' નામનો ગુણ છે. જે ભાવગુણને લઈને ત્યાં નિર્મળ પર્યાયનો જ ક્રમ હોય. ત્યાં મલિનતા છે એ તો ફક્ત તેના જ્ઞાન(ના) જ્ઞેયમાં જાય છે એટલે ખરેખર એને ગણ્યું જ નથી.

આ..હા..હા...! ભગવાનઆત્મા ! એ ષટ્કારકના વિકૃતપણે પરિણમે એનાથી રહિત એનો ગુણ છે. એટલે વીતરાગસ્વભાવ છે – એક વાત (થઈ). ષટ્કારક જે ગુણ છે એ ષટ્કારકપણે પરિણમવું એવો પણ એક 'ક્રિયા' નામનો ગુણ છે. આ ક્રિયા...! સમજાય છે કાંઈ ? આહા...! એ 'ક્રિયા' નામનો ગુણ છે, એની જે પર્યાય છે એ વીતરાગી પર્યાય છે. આ..હા..હા...! એથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંત ગુણનું રૂપ વીતરાગ છે અને તેની એક સમયની અનંતી પર્યાયો (છે, એ વીતરાગી પર્યાયો છે). એમાં અહીં એક સમયની જે જ્ઞાનની વિશેષપર્યાય લીધી કે, જે એક સમયના જ્ઞાનમાં... આ..હા..હા...! દ્રવ્ય–ગુણ તો જણાય છે પણ લોકાલોક (અને) અનંત કેવળીઓ જણાય ! એક જ પર્યાયનું આવડું મોટું અસ્તિત્વ છે !! સમજાય છે કાંઈ ? એક કોર એક સમયની જ્ઞાનની પર્યાય અને એક કોર પોતાનું ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી ગુણ અને એની પર્યાય ! એક જ સમયની પર્યાયનું (આ) બધું મોટું અસ્તિત્ત્વ છે ! અરે..રે...! ભાઈ ! આત્મા શું છે ? કેવડો છે ? એની ખબર નથી, આ..હા..હા...!

એ જ્ઞાનપણે પરિણમતા એ વીતરાગભાવપણે પરિણમે છે. સમજાય છે કાંઈ ? એ એક સમયની પર્યાયમાં પોતે, પોતાના દ્રવ્ય–ગુણ અને બધું...! (જાણે), એટલી તાકાત એની એક પર્યાયમાં છે ! એવડી જ બીજી શ્રદ્ધાની પર્યાયમાં એટલી તાકાત છે ! અહીં એક સમયની પર્યાય જે દ્રવ્ય–ગુણને જાણે એને પ્રતીત કરવાની તાકાત પણ અનંતી છે ! પર્યાયની વાત (છે) હોં..! ઝીણી વાત છે ! ત્યાં પૈસા–બૈસામાં ક્યાંય (મળે એવી) નથી ! આ..હા..હા...!

બીજી વાત—કે, એક સમયની (જ્ઞાનની) પર્યાય આવડી મોટી ! એવડી જ મોટી એક શ્રદ્ધાની પર્યાય છે ! એવડી જ મોટી એક આનંદની પર્યાય છે ! એવડી જ મોટી...! કારણ કે (અંદર) આવડો મોટો મહા આનંદ છે....! એવડી જ મોટી એક સ્વરૂપાચરણ ચારિત્રની પર્યાય છે ! આ..હા..હા...! સમજાય છે કાંઈ ? એવી એક–એક પર્યાયની આટલી તાકાત !! જેણે આખો લોકાલોક અને પોતાના દ્રવ્ય–ગુણ(ને જાણી લીધાં એવડું) એક પર્યાયનું આખું અસ્તિત્વ છે ! એવી શ્રદ્ધાની એક પર્યાયમાં શ્રદ્ધા સંબંધીનું પૂર્ણ અસ્તિત્વ છે ! આવી એક સમયની પર્યાય છે ! કેવળજ્ઞાનીની શ્રદ્ધાને પરમ અવગાઢ સમકિત કીધું છે–એનો અર્થ આ છે !! શ્રદ્ધા ગુણ સામાન્ય–ત્રિકાળ (છે). પણ એની જે પર્યાય છે, એ જ્ઞાયક અને જ્ઞેય બન્નેને જાણવાનું જે સ્વરૂપ છે, તેવી બન્નેની પ્રતીતિ છે. જ્ઞાયકની અને જ્ઞેયની (બન્નેની પ્રતીતિ છે). અનંતા જ્ઞેયો એક સમયની જ્ઞાનની વિશેષ પર્યાયમાં નિમિત્ત છે. નિમિત્ત છે એટલે 'છે'. કારણ કે વસ્તુ (જ્ઞાનનું પરિણમન) તો અહીં છે. એમ એક સમયની વીતરાગી પર્યાય જે છે – ચારિત્રની એક સમયની પર્યાય..! પૂર્ણ... પૂર્ણ... પ્રભુ ! એ તો શું કહીએ, આ..હા..હા...! જેની એક જ પર્યાયમાં આખો લોકાલોક જાણે એ પોતે જ છે, બસ ! એવી બીજી પર્યાયમાં આખો લોકાલોક જાણે, એ પોતે જ છે,..! એમ આનંદની એક સમયની પર્યાયમાં વીતરાગતા એટલી ભરી છે કે જેનું પૂર્ણ રૂપ છે ! વીતરાગતા પૂર્ણરૂપ છે. એમ અનંત ગુણમાં વીતરાગતાનું રૂપ છે. અને પર્યાયમાં–એક સમયની પર્યાયમાં પણ જે અનંતી પર્યાયો છે એમાં દરેક પર્યાયમાં વીતરાગપણાનું રૂપ છે. રૂપ છે ! આ..હા..હા...! ઝીણી પડશે વાતું, બાપા ! આ તો જુદી જાતની છે વાત !

'સર્વને જાણે તે આત્માને જાણે અને આત્માને જાણે તે સર્વને જાણે' એમ કેમ કહે છે ? આ..હા..હા...! બાપુ ! આ તો ત્રણલોકના નાથ ! સર્વજ્ઞ જિનેશ્વરદેવ આત્માનું વર્ણન કરે છે ! આ..હા..હા...! ભાઈ ! પ્રભુ ! તું કેવડો છો ? ક્યાં છો ? કેટલો છો ? આહા..હા...! પ્રભુ ! તારી એક સમયની જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાઇ જાય, એ લોકાલોક છે માટે (જણાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એમ) નથી. આહા..હા...! એમ અહીં દ્રવ્ય–ગુણ છે (માટે નહિ). એ પર્યાયની જ તાકાત એટલી છે !

શ્રોતા :-- આમાં આ બધું ક્યાં આવ્યું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :-- એમાં આ બધું છે ! એમાં તો ઘણું છે ! એક વાર રાત્રે પોણો કલાક કહેવાઇ ગયું છે ! હવે એ તો પાછું આવે ત્યારે છે ને ! ચાર દિ', પાંચ દિ' પહેલા પોણો કલાક (કહેવાઇ ગયું) ! પોણો કલાક...! એકલો વીતરાગ... વીતરાગ... વીતરાગ... ચાલ્યું હતું ! ખબર છે ? લોકોએ નવું સાંભળ્યું હતું ! આ..હા..હા...!

અનંતા... અનંતા... ગુણો છે એ વીતરાગસ્વરૂપે છે અને એની એક સમયની પર્યાય પણ વીતરાગસ્વરૂપે છે, આહા..હા...! એનો 'અકાર્યકારણ' નામનો ગુણ છે એ વીતરાગસ્વરૂપે છે. તે રાગનું કારણ ન થાય અને રાગનું કાર્ય ન કરે, આ..હા..હા...! ભગવાનઆત્મામાં એક 'અકાર્યકારણ' નામનો સામાન્ય ત્રિકાળ ગુણ છે. એની પર્યાયમાં અકાર્યકારણપણું પરિણમતા... આ..હા..હા...! એ વિકારનું કારણ ન થાય અને વિકાર ઉત્પન્ન (થવાનું) કાર્ય ન કરે. એવો એ વીતરાગી પર્યાયનો સ્વભાવ છે. સમજાય એટલું સમજો બાપુ ! આ તો દરિયો છે ! આત્મા એટલે અનંત ગુણનો દરિયો, બાપુ ! એમાં અનંત ચૈતન્યનાં રત્નો ભર્યાં છે ! આ..હા..હા...! એ વીતરાગ... વીતરાગ... વીતરાગ...! ષટ્કારકપણે પરિણમે છે પણ એ વીતરાગીપર્યાયપણે (પરિણમે છે). ભાવમાં વિકાર ષટ્કારકપણે પરિણમે છે, પણ એનાથી રહિતપણે વીતરાગીપણે (પરિણમે છે). ક્રિયાવર્તીશક્તિમાં પણ પરિણમે છે (એ પણ) વીતરાગીપર્યાયપણે. ભાવશક્તિ પણ પરિણમે છે... આ..હા..હા...! એ વિકારથી રહિત વીતરાગપણે પરિણમે છે, આ..હા..હા...!

એક 'ભાવ' નામનો જુદો ગુણ છે. આ ભાવ–વિકૃત ષટ્કારકપણે પરિણમે એનાથી અભાવસ્વરૂપ (જે છે) એ ભાવ (ગુણ). અને એક 'ભાવ' (ગુણ) ભગવાનઆત્મામાં એવો છે કે, વર્તમાનમાં એના અનંત ગુણની પર્યાય ઉત્પન્ન થાય એવો 'ભાવ' (નામનો) ગુણ છે. એને ઉત્પન્ન કરે તો થાય, એમ નહિ, આહા..હા...! 'ભાવ', 'અભાવ', 'ભાવ–અભાવ' (એમ) છ (શક્તિ આવે) છે ને ? એમાં પહેલો 'ભાવ' ! ભગવાનઆત્મામાં એક વીતરાગી 'ભાવ' ગુણ છે, આ..હા..હા...! કારણ કે ભાવ ગુણમાં વીતરાગસ્વરૂપ (રૂપ) છે. એ વીતરાગી ભાવ (ગુણને કારણે) એની પર્યાયમાં વીતરાગી પર્યાય હોય જ. જેણે જ્ઞાયકભાવની દૃષ્ટિ કરી એને એની પર્યાયમાં વીતરાગભાવ ઉત્પન્ન હોય જ. ઉત્પન્ન કરું તો થાય (એમ નહિ), (પણ) અંદર હોય જ ! આ..હા..હા...! સમજાય છે કાંઈ ? એમ અનંતા ગુણની પર્યાય ત્યાં વીતરાગભાવે હોય જ. કારણ કે ભાવનું રૂપ અનંત ગુણમાં છે, ભાઈ ! આ તો કાલની (વાતમાંથી) બધું મગજમાં (આવ્યું). આત્મા... આત્મા એટલે શું ? પણ બાપુ ! આત્મા (એટલે) કોણ ? ભાઈ ! તને શું કહીએ ? આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

'ભાવ' નામનો વીતરાગી ગુણ છે (અને) અનંતા ગુણમાં એનું રૂપ છે. તેથી તેની પર્યાયમાં પણ એક ભાવ પર્યાયપણે ઉત્પન્ન થાય જ. ઉત્પન્ન કરું, એવું ત્યાં નથી, આ..હા..હા...! જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડતાં સારા (આખા) ભગવાનને પકડ્યો...આ..હા..હા...! તો તેને 'ભાવ' નામની શક્તિથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંત ગુણમાં તે ભાવનું રૂપ છે માટે અનંત ગુણની પર્યાય ત્યાં હોય જ. સમજાણું કાંઈ ? આ..હા..હા...! એવો વીતરાગનો પિંડ પ્રભુ....! એ સુખશક્તિમાં ચારિત્ર ગુણ (સાથે લઈ લીધો) છે. એ ચારિત્ર ગુણ કહો કે વીતરાગભાવ કહો (બધું એકાર્થ છે) ! સુખશક્તિ...! આ..હા..હા...! દર્શનશક્તિ, ચારિત્રશક્તિ એ બધા ગુણ છે. એને ત્યાં ૪૭ (શક્તિમાં) સુખશક્તિમાં નાખી દીધું, આ..હા..હા...! એ શક્તિ છે એ તો ગુણરૂપે–સત્ત્વરૂપે, સત્ ધ્રુવરૂપે (છે). પણ એનું વિશેષ... અહીં વિશેષ કહે છે ને ? (એટલે) સામાન્યજ્ઞાન છે એની વિશેષપર્યાયો જે છે... આ..હા..હા...! એ વિશેષપર્યાયની એટલી તાકાત છે કે લોકાલોક છે (તે) તેમાં નિમિત્ત છે અને તેનું જાણવું પોતાથી થાય છે. એવી તાકાત છે ! આવું છે ! આહા...! એક ફેરી તો બહુ ચાલ્યું હતું ! અંદર ચાલે ત્યારે આવે ને ! પોણો કલાક ચાલ્યું હતું–વીતરાગ... વીતરાગ... વીતરાગ....! આ..હા..હા...!

એનો કર્તા ગુણ વીતરાગ, એનો કાર્ય ગુણ વીતરાગ, કાર્ય જે થાય છે–પર્યાયમાં જે નિર્મળ કાર્ય થાય છે, એ 'કાર્ય' નામનો ગુણ છે. 'કર્મ' ગુણ ! કર્મ કહો કે કાર્ય કહો (બન્ને એકાર્થ છે). એ કાર્ય ગુણ છે માટે પર્યાયમાં કાર્ય થાય જ. કાર્ય કરું તો (થાય) એમ નહિ. કાર્ય થાય જ ! અને તે અનંતી પર્યાયમાં વીતરાગતારૂપી કાર્ય થાય જ. કારણ કે ભાવ ગુણ છે તેમાં વીતરાગનું રૂપ છે અને અનંતા ગુણમાં વીતરાગનું રૂપ છે. માટે ભાવ ગુણને લઈને જે પર્યાય અસ્તિપણે થાય એ બધી વીતરાગપણે જ થાય, વીતરાગપણે હોય જ ! એવો એનો સ્વભાવ છે. આ..હા..હા..! આ ક્યાંય હાથ આવે એવું નથી ! આ..હા..હા...!

જ્યારે એક સમયની જ્ઞાનપર્યાય (પ્રગટ થઈ), એમાં પણ જે ચારિત્ર ગુણ પર્યાય(માં) પ્રગટ્યો એનું રૂપ પણ જ્ઞાનની પર્યાયમાં છે. અને જ્ઞાનની પર્યાયનું રૂપ વીતરાગી પર્યાયમાં છે. કેટલીક વાત તો અંદર આઘી હાલતી નથી ! પહેલાં ઘણા વિચારો કરેલા ! બધું મંથન (કરેલું) ! જેમ કે આત્મામાં એક જ્ઞાનગુણ છે અને એક અસ્તિત્વગુણ–સત્તા–હોવાપણું એક ગુણ છે. તો અસ્તિત્વ ગુણ છે એ જ્ઞાનગુણમાં ન હોય, છતાં એનું રૂપ હોય. એટલે ? કે, જ્ઞાનગુણ 'છે', પર્યાય 'છે', પર્યાય 'છે', એ પોતાના સત્તા–અસ્તિત્વગુણને લઈને છે. બીજો અસ્તિત્વગુણ છે એને લઈને નહિ. આ..હા..હા...! આ જુદી જાત છે, બાપુ ! આ..હા..હા...!

શ્રોતા :-- ગુરુદેવ ! એક–એક ગુણ 'અહંમિન્દ્ર' થઈ ગયો !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- 'અહંમિન્દ્ર' જ છે ! વીતરાગસ્વરૂપે છે ! આહા..હા...! એની એક–એક પર્યાય વીતરાગસ્વરૂપે છે !! અહીં તો વિશેષ એ સિદ્ધ કરવું છે ને !

શ્રોતા :-- 'સ્વયંભૂ' છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- આ..હા..હા...! સ્વયંભૂ તો પોતે ઉત્પન્ન થયું, પણ એ ઉત્પન્ન થયું કેમ ? કે, એનામાં એક ભાવ નામનો ગુણ છે, વીતરાગ નામનો ગુણ છે, ચારિત્ર એટલે વીતરાગ નામનો ગુણ છે. એક ગુણનું રૂપ દરેક ગુણમાં છે અને એક ગુણનું રૂપ પર્યાયમાં પણ છે, આ..હા..હા...! અનંતી પર્યાયો જે એક સમયમાં ઊપજી ! (તેમાં) એક પર્યાયની આટલી તાકાત ! કે, જે લોકાલોક અને પોતાના દ્રવ્ય–ગુણ એક (સમયની) પર્યાયમાં (જાણે). ભલે દ્રવ્ય–ગુણ અને (લોકાલોકની) પર્યાય અહીં આવે નહિ. એ પર્યાયમાં લોકાલોક આવે નહિ, જાણવાની પર્યાયમાં લોકાલોક આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ. જાણવાની પર્યાયમાં દ્રવ્ય–ગુણ આવે નહિ, પણ દ્રવ્ય અને ગુણનું જેટલું સામર્થ્ય છે એ બધું પર્યાયમાં આવે. આ..હા..હા...!

આ 'એક જાણે એ સર્વ જાણે' એમ કેમ કહ્યું ? (કેમકે) એક જાણે એની એક પર્યાય જાણે ! આ..હા..હા...! પર્યાય જાણે (એમ કહ્યું) પણ પર્યાયને જાણવાનો હેતુ (એ કે) એનું દ્રવ્ય ઉપર લક્ષ છે, જ્ઞાયક ઉપર આશ્રય છે. પર્યાયને જાણવી એમ કીધું પણ એનું તાત્પર્ય પાછું વીતરાગતા છે. ચારે અનુયોગની સ્થિતિનું (તાત્પર્ય વીતરાગતા છે) અને એ વીતરાગતા કેમ ઉત્પન્ન થાય ? કે, જ્ઞાયકભાવ ભગવાન છે તેનો આશ્રય લે તો વીતરાગતા (ઉત્પન્ન) થાય. એ વીતરાગપર્યાય થાય એ સ્વતંત્ર કર્તા થઈને વીતરાગી ત્રિકાળ જિનસ્વરૂપનો આશ્રય લે છે (અર્થાત્) લક્ષ કરે છે, આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

એવો જે વીતરાગી પર્યાય, અનંતગુણ વીતરાગ અને અનંતગુણી પર્યાયો...! આ..હા..હા...! એક સમયમાં અનંતી પર્યાય છે ! એક નહિ. અને અનંતી પર્યાયના પરિણમન વિનાનું કોઈ દ્રવ્ય હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ ? અને એ અનંત ગુણની જે અનંતી પર્યાય છે એ એક–એક પર્યાયમાં આટલું એનું પૂર્ણ રૂપ–સ્વરૂપ છે, એવું–એવું અનંતી પર્યાયનું પૂર્ણ રૂપ અનંતમાં છે ! આ..હા..હા...! અને એવા જે અનંત પર્યાયો છે એનું એકરૂપ તો ગુણ છે. જેમ જ્ઞાનની એવી અનંતી પર્યાયો (છે) પણ એનું રૂપ જ્ઞાનગુણમાં છે. એવા અનંત પર્યાયનો પિંડ (એક) ગુણ ! એવી અનંતી પર્યાય આવડી તાકાતવાળી ! એવી–એવી જે સાદિ–અનંત પર્યાય... આ..હા..હા...! તેનો પિંડ એક ગુણ છે ! અને એ અનંતા ગુણનો પિંડ તે દ્રવ્ય છે !! અને એક–એક દ્રવ્ય પોતાપણે છે, પરપણે નથી.

'પ્રવચનસાર'માં 'અતદ્ભાવ' આવ્યો છે, ભાઈ ! સર્વથા અન્ય ભાવ (એમ નથી). જેમ પૃથક્ પ્રદેશવાળો છે, એમ નહિ. પણ અતદ્ભાવ છે (અર્થાત્) દ્રવ્યમાં ગુણ નથી, ગુણમાં દ્રવ્ય નથી, ગુણમાં પર્યાય નથી, આ..હા..હા...! એવો અતદ્ભાવ સ્વપણે છે, ગુણપણે નથી. ગુણ, એક–એક ગુણપણે છે–અનંત ગુણપણે નથી. એક–એક પર્યાય સ્વપણે છે, અનંત પર્યાયપણે નથી. એવી બીજી, ત્રીજી,... એમ અનંત (લઈ લેવી)...! આ..હા..હા...! એના અસ્તિ–નાસ્તિના ભંગ અનંત ઊઠે છે !!

૪૭ (શક્તિમાં) આવે છે ને ? ૨૭ મી 'અનંતધર્મત્વશક્તિ' ! આ..હા..હા...! અનંતધર્મસ્વરૂપ એક શક્તિ છે ! એ એક શક્તિનું એક–એક ગુણમાં અનંતધર્મપણાનું રૂપ છે. સમજાય એટલું સમજવું ભાઈ ! સમજાય છે કાંઈ ? આ..હા..હા...! વચનાતીત નાથનું (વર્ણન) વચનમાં કેટલું કહેવું ?

શ્રોતા :-- ગમે તેટલું કહો બધું સ્વાહા થઈ જાય છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- સ્વાહા થઈ જાય છે, કીધું છે ને ! આ..હા..હા...! એક–એક પર્યાય સ્વપણે છે અને બીજાપણે નથી, એવી અનંતી સપ્તભંગી એક પર્યાયમાં ઊઠે છે. એવી અનંતી પર્યાયમાં ઊઠે છે, એવી અનંતા ગુણમાં ઊઠે છે. એવા એક પર્યાયમાં અનંતા અવિભાગપ્રતિચ્છેદ છે ! કારણ કે કેવળજ્ઞાનની એક સમયની પર્યાય અનંતા કેવળી અને અનંતા જીવ(ને) જાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો એની પર્યાયનું સામર્થ્ય કેટલું થયું ! સમજાણું કંઈ આમાં ? એક સમયની પર્યાય અનંતા સિદ્ધને જાણે, ત્રણલોકને જાણે તો એક પર્યાયમાં એના અંશ કેટલા થયા ? આ..હા..હા...! એ એક–એક અંશમાં સ્વપણે છે અને પરપણે નથી એવો એનો સ્વભાવ છે. આ..હા..હા...! ભાઈ ! આ વાત તો અંદર સમજ્યા વિના 'આત્મા' આવડો છે, એમ એને નહિ બેસે. આત્મા કેવડો છે ? આ..હા..હા...!

આ તો કાલે (કોઈએ) કહ્યું હતું કે, 'એકને જાણે એ સર્વને જાણે' આવું બધું શું લાંબું (સમજવું) ? એ લાંબું નથી. એવડો તું છો, એવડો એને જાહેર કરે છે ! અને તે એવડો છે એને જાણ તો એમાં બધું જાણવાનું આવી ગયું છે. અને બધું જાણવાનું જાણ તો એ બધું જાણવાનું પર્યાયમાં આવી ગયું માટે એ આત્માને જ (જાણ્યો છે). આવું છે...! પ્રભુ ! કોણ જાણે ભગવાન તો શું કરતા હશે ? એની દિવ્યધ્વનિમાં તો... આ..હા..હા...! ભગવાનની દિવ્યધ્વનિ તો અલૌકિક છે ! આ તો 'પ્રવચનસાર' છે ને ! પ્ર + વચનો = દિવ્ય વચનો છે ! દિવ્યધ્વનિની રચના છે.

આ..હા..હા...! એકલો વીતરાગભાવ ! પર્યાય દીઠ વીતરાગભાવ ! ગુણ દીઠ વીતરાગભાવ ! આ..હા..હા...! આખી વસ્તુ જિનસ્વરૂપી ! 'જિન સોહિ આત્મા' આ..હા..હા...! 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સો મતવાલ સમજે ન' આ..હા..હા...! 'ઘટ ઘટ અંતર જિન વસે' (અર્થાત્) જિનસ્વરૂપ જ છે. એના અનંતા ગુણો જિનસ્વરૂપે છે. એની અનંતી નિર્મળ પર્યાય જિનસ્વરૂપે છે, આ..હા..હા...!

શ્રોતા :-- 'સ્વયં જ્ઞાનમય'નો અર્થ ચાલે છે ?

સમાધાન :-- 'સ્વયં જ્ઞાનમય'નો નહિ, 'વિશેષ'નો અર્થ ચાલે છે. 'વિશેષોમાં વ્યાપનારું' એનો આ અર્થ ચાલે છે. આ..હા..હા...! શું કહીએ ? પ્રભુના વિરહ પડ્યા ! અને આ વાત પાછળ રહી ગઈ, આ..હા..હા...! અને લોકોએ વાદવિવાદે ચડાવી દીધી.

અહીં કહે છે કે, એક--એક પર્યાય અને એક--એક ગુણ વીતરાગભાવે ભરેલાં (છે) ! એ પણ અનંત... અનંત...! આ..હા..હા...! એક પર્યાયમાં જ્યાં અનંતા કેવળીઓ જણાય ! અનંતા કેવળી, સિદ્ધો જણાય ! આ..હા..હા...!

'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં' એવો શાસ્ત્રમાં શબ્દ આવે છે. ટૂંકો શબ્દ અત્યારે 'ણમો અરિહંતાણં' થઈ ગયો છે અને પાછળથી 'ણમો લોએ સવ્વ સાહુણં' (આવે છે) એ અંત્યદીપક છે. એટલે ખરેખર તો 'ણમો લોએ સવ્વ અરિહંતાણં' છે. પણ એથી ઉપરાંત 'જયધવલ'માં 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આયરિયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવ્વજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં' (પાઠ આવે છે) આ..હા..હા...! ભૂત અને ભવિષ્ય(ના) તીર્થંકરો કે આચાર્ય, ઉપાધ્યાય થઈ ગયા એને હું નમન કરું છું, એટલી મારી પર્યાયની તાકાત છે ! આહા...! બધાને મારા જ્ઞાનમાં ખ્યાલમાં લઈ (નમસ્કાર કરું છું) ! આ..હા..હા...! પેલી જેમ વિશેષ પર્યાય છે એમ આ ત્રણકાળના અરિહંતો(ને), ત્રણકાળના સિદ્ધોને જ્ઞાનમાં ખ્યાલમાં લઈ (નમસ્કાર કરે છે). તેથી '**वंदित्तु**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**सव्वसिद्धे**' કીધું છે ને ! આ..હા..હા...! ('સમયસાર') પહેલી જ ગાથા...! બાપુ ! પાર પડે એવું નથી, ભાઈ ! એની એક ગાથા, એનું એક પદ...! આ..હા..હા...! શ્રુતકેવળીઓ જાણે ! અને સર્વજ્ઞ ભગવાન જાણે ! આ..હા..હા...! એવો ભગવાન આત્મા...!

એક ફેરી (સંવત) ૧૯૮૫ની સાલમાં કહ્યું હતું કે, જુઓ ! આ એક જ પર્યાય છે ને એ જ બસ છે ! કારણ કે લોકાલોકનું જ્ઞાન આવે છે, એક સમયની પર્યાય એ જ આખું તત્ત્વ છે, બસ...! તો એવી--એવી અનંતી પર્યાય અને એવી--એવી અનંતી પર્યાયનો (પિંડ) એક ગુણ ને એવા અનંતા ગુણનો પિંડ પ્રભુ ! આ..હા..હા...! એવા નિર્વિકલ્પ સ્વભાવો બધા છે ! જેમાં રાગની ગંધ નથી ! દયા, દાન, વ્રતનો વિકલ્પ છે એની એના ગુણમાં અને પર્યાયમાં ગંધ નથી ! આ..હા..હા...! સમજાણું કાંઈ ?

(અહીંયાં કહે છે) '**...(પ્રતિભાસમય મહાસામાન્ય) પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે,...**'

શ્રોતા :-- સામાન્ય કરતાં વિશેષનો મહિમા બહુ વધી ગયો !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- વિશેષ કરતાં સામાન્યનો મહિમા (વધારે) છે ! કારણ કે એક સમયમાં આટલું છે એવી અનંતી પર્યાયનો ગુણ છે, એવી અનંતી પર્યાયનો બીજો ગુણ છે અને એવા અનંત ગુણનું દ્રવ્ય છે ! એની શું વાત કરવી !! આ..હા..હા...! ધન્ય ભાગ્ય હોય એને કાને પડે એવી વાત છે !! આ..હા..હા...! મગજમાં ખ્યાલમાં આવે એટલું બધું (કહી) શકાતું નથી ! આ..હા..હા...! શું ચીજ છે એ !! આહા...!

'**...પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું;...**' એક સમયનો વિશેષ પર્યાય..! જ્ઞાનનો એક સમયનો વિશેષ પર્યાય ! ગુણ સામાન્ય (છે) પણ એની વિશેષ પર્યાય. '**...અનંત વિશેષોમાં વ્યાપનારું છે;...**' આ..હા..હા...! જેટલાં દ્રવ્ય, ગુણ, પર્યાય લોકાલોકના છે એ બધાને જાણવામાં વ્યાપે છે. છે (અંદર) ? જુઓ ! અહીં સુધી આવ્યું હતું અને પાછું આમાં અહીં આવ્યું. લ્યો આમાં તો કલાક થવા આવશે ! અડધો કલાક ઉપર થયું !

(હવે કહે છે) '**...તે વિશેષોનાં (–ભેદોનાં) નિમિત્ત,...**' શું કહે છે ? જે જ્ઞાનસામાન્ય છે તેનો જે વિશેષ પર્યાય છે, એ વિશેષની પૂર્ણતાનું નિમિત્ત શું છે ? (તો કહે છે) '**...સર્વ દ્રવ્યપર્યાયો છે.**' આ તો હાથ આવે (મળે એવું નથી). પેલા ઘરના ચોપડા આવે તો હાથ તરત આવે ! આ (ફલાણું છે) ને ઢીકણું આ ઠેકાણે છે.. આની પાસે પાંચ હજાર લેણા છે...! અરે ભાઈ ! આ તો તારું નામુ છે !

શ્રોતા :-- પાનું ફરે ને સોનું ઝરે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- સોનું ઝરે–એનો અર્થ એ કે, કાંઈક--કાંઈક પાનામાં રહી ગયું હોય, કોઈ ઠેકાણે પાનામાં સોનું ઝરે એટલે આની પાસે આટલા પૈસા પેદા થઈ ગયા ! આ તો આ..હા..હા...! એક--એક પર્યાય ફરે અને અનંતો આનંદ આવે !! એવું અહીં છે. પેલામાં સોનું ઝરે અને આમાં આનંદ ઝરે ! આ.હા..હા..હા...!

શ્રોતા :-- કેટલો આનંદ ઝરે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમાધાન :-- એની અનંતતા.. કીધી ને ! એક સમયની જ્ઞાનની વિશેષ પર્યાયમાં અનંતા નિમિત્ત છે ! એવી સુખની એક સમયની પર્યાયમાં જ્ઞાનનું સુખ, અસ્તિત્વનું સુખ, વસ્તુત્વનું સુખ.. (એમ) બધાં આવ્યાં છે. પણ જરી અટક્યું છે ક્યાં ? કે, સર્વદર્શીમાં અસ્તિત્વ(નું રૂપ તો) ઠીક, પણ સર્વદર્શીનું અસ્તિત્વમાં શું રૂપ છે ? સમજાય છે ? એ આલૌકિક વાત છે ! સર્વદર્શી, સર્વજ્ઞ શક્તિ છે એનું દરેક ગુણમાં રૂપ છે. અસ્તિત્વગુણ છે એમાં એનું રૂપ શું ? કોઈ અલૌકિક વાતું છે, બાપા એ તો !! આ..હા..હા...! વિચારો તો બધા આવી ગયા છે ને ! નવા નથી કાંઈ !

આ..હા..હા...! આ વીતરાગમાર્ગ છે ! વીતરાગોનું કહેલું તત્ત્વ આ છે ! આહા...! એવડા આત્માને – એકને જાણે તે બધાને જાણે (એ) ભેગું છે. એ બધાને જાણે એવડો તો એ આત્મા છે ! બધાને જાણે એવડો તો એ આત્મા છે !! તેથી કહે છે કે, સર્વને જાણે તે આત્માને જાણે. અને આમાં તો (કહે છે કે), એકને જાણે એ સર્વને જાણે. એક એવડો આત્મા છે કે, જેની પર્યાયમાં લોકાલોક જણાય, અનંતી પર્યાયો (જણાય), તે એકને જાણે તો સર્વને જાણે. કારણ કે સર્વનું જ્ઞાન એમાં આવી જાય છે. આ..હા..હા...! એક જાણે તે સર્વને જાણે–એ છે ને આ ૪૯ (ગાથાનો) બોલ ? છે ને ? મથાળુ નથી ? '**...એકને નહિ જાણનાર સર્વને જાણતો નથી,...**' કેમકે એકને જાણે તો એક આવડો છે એને નથી જાણતો તો સર્વ એમાં આવી જાય છે એને પણ જાણતો નથી. આ..હા..હા...! આવી વાતું, બાપા ! આ તો લોકોએ (મનાવી દીધું છે કે) 'દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો ને... ધર્મ થઈ ગયો !' ધૂળેય નથી ધર્મ ! સાંભળને ! તારો નાથ અંદર બિરાજે છે મોટો ! 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચન ભેદ ભ્રમ ભારી, જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી' પરરૂપની જ્ઞાનની પર્યાયમાં સર્વ પર્યાય આવી જાય છે. એ કીધું ને ? આહા...! છે ?

'**...વિશેષોના (–ભેદોનાં) નિમિત્ત સર્વ દ્રવ્યપર્યાયો,...**' સર્વ દ્રવ્યપર્યાય એટલે સર્વ સિદ્ધો અને સર્વજ્ઞની પર્યાયો, નિગોદના અનંતા જીવો, એના અનંતા ગુણો અને એની અનંતી પર્યાયો, એથી અનંતગુણા પુદ્‌ગલો અને એક–એક પરમાણુમાં એટલાં–એટલાં ગુણો ! એક જીવના જેટલાં ગુણો તેટલાં ગુણો એક પરમાણુમાં ! ભલે (તેના) જડ (અને) આના ચેતન (છે). અને તે એક–એક પરમાણુમાં અનંતા ગુણો ! (તેવી રીતે) આકાશનો અંત નથી ! અનંત.. અનંત.. અનંત.. અનંત... (ક્ષેત્રમાં) ચાલ્યો જાય પછી આકાશ (પૂરું) થઈ રહે છે, એમ છે ? તો એના પ્રદેશથી અનંત ગુણા તો એક પરમાણુમાં ગુણ છે ! આ..હા..હા...! એથી અનંતગુણા તો એક ભગવાન આત્મામાં ગુણ છે !! આ..હા..હા...! એવું જે નિમિત્ત–વિશેષોનું નિમિત્ત '**...સર્વ દ્રવ્યપર્યાયો છે.**' આ..હા..હા...! કહો ! સમજાય છે ? થોડો વિચાર કરવાનો વખત રહે એવું છે. સાથે વિચાર કરે (તો સમજાય). આ કાંઈ એમને એમ પેલો પ્રોફેસર હાંકે જાય ને કૉલેજમાં ? એક કલાક બોલી જાય, થઈ રહ્યું પછી...! આ એમ નથી. આ તો સાંભળનારને સાથે વિચારમાં આવે એવો અંદર હળવે–હળવે (પ્રકાર આવે) છે, આ..હા..હા...! અરે..! આ કર્યા વિના તેણે કાંઈ કર્યું નથી.

આવો આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ ! જેની એક સમયની પર્યાયમાં લોકાલોક (જણાય). તેનું સામર્થ્ય કેટલું તે જ્ઞાનમાં આવી જાય, આહા...! એક ગુણની એવી–એવી અનંતી પર્યાયો...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'ચિદ્‌વિલાસ'માં આવે છે. એક ગુણની અનંતી પર્યાય, એક ગુણની અનંતી શક્તિ અને અનંતી પર્યાય–(એમ) બે (વાત) આવે છે. 'ચિદ્‌વિલાસ'માં આવે છે, બે બોલ આવે છે. શું (કહ્યું) ? એક ગુણ, એની અનંતી પર્યાય અને એક ગુણની અનંતી શક્તિ ! એવું આવે છે, બે બોલ આવે છે. 'ચિદ્‌વિલાસ' ! 'દીપચંદજી' !

આ..હા..હા...! એક–એક ગુણ...! આ..હા..હા..! અનંતી શક્તિ ! એક ગુણમાં અનંતી શક્તિ...! પર્યાયો થાય એ જુદી વસ્તુ–એક ગુણની ત્રિકાળ પર્યાય થાય એ જુદી. પણ એક ગુણમાં (પોતામાં) અનંતી શક્તિ ! આ..હા..હા...!

શ્રોતા :-- અનંત ગુણનું રૂપ છે એટલે અનંતી શક્તિ કહી ?

સમાધાન :-- એક–એક ગુણની અનંતી શક્તિ ! એવા અનંત ગુણની શક્તિનો પિંડ તે દ્રવ્ય ! આ..હા..હા...! બે બોલ લીધાં છે, ભાઈ ! 'દીપચંદજી'એ બે–ચાર ઠેકાણે લીધાં છે કે, એક–એક ગુણમાં અનંતી શક્તિ અને એક–એક ગુણની અનંતી પર્યાય એ જુદી. પર્યાય છે માટે અનંતી શક્તિ (છે), એમ પણ નથી. એક–એક ગુણમાં પોતામાં અનંતી શક્તિ છે. પોતે અનંત શક્તિ (ધારે છે). અનંત ગુણનું રૂપ એમાં ધારણ (કરેલું) છે ! આ..હા..હા...! એવી અનંતી શક્તિનો એક ગુણ અને એવી એક–એક ગુણની ત્રિકાળી પર્યાય ! એમાં આપણે અહીં તો સાદિ-અનંત શુદ્ધ (વિશેષ પર્યાય) લેવાની છે. સમજાય છે કાંઈ ? 'સાદિ અનંત અનંત સમાધિ સુખ' ! જે ભૂતકાળની પર્યાયોથી સંખ્યાએ અનંતગુણી પર્યાય છે. ભૂતકાળ છે એનો અંત આવ્યો તેથી અનાદિ–સાંત છે અને અહીંયાં કેવળજ્ઞાન થયું તે હવે અનંતકાળ રહેશે, સાદિ–અનંત છે. તેથી ભૂતકાળની સંખ્યા કરતાં ભવિષ્યની અનંતગુણી સંખ્યા છે ! આ..હા..હા...! એવા અનંત ગુણની સંખ્યાને પણ–વિશેષજ્ઞાનમાં એ બધાં નિમિત્તો છે તેથી વિશેષ જાણે છે. જાણવાનું કાર્ય પોતાના ઉપાદાનથી છે. સમજાણું કાંઈ ?

'**હવે જે પુરુષ સર્વ દ્રવ્યપર્યાયો જેમનાં નિમિત્ત છે એવા અનંત વિશેષોમાં વ્યાપનારા પ્રતિભાસમય મહાસામાન્યરૂપ આત્માને સ્વાનુભવપ્રત્યક્ષ કરતો નથી,...**' આ..હા..હા...! આવો જે ભગવાનઆત્મા ! જેના વિશેષોમાં લોકાલોકના દ્રવ્ય–પર્યાય નિમિત્ત છે એવો જે આત્માનો પર્યાય, એવો જે આત્મા... આ..હા..હા...! તેને '**...સ્વાનુભવપ્રત્યક્ષ કરતો નથી,...**' (અર્થાત્) અનુભવમાં–મતિ-શ્રુતજ્ઞાનમાં તેને પ્રત્યક્ષ કરતો નથી '**...તે (પુરુષ) પ્રતિભાસમય મહાસામાન્યવડે વ્યાપ્ય (–વ્યાપવાયોગ્ય) જે પ્રતિભાસમય અનંત વિશેષો તેમનાં નિમિત્તભૂત સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી (–જાણી) શકે ?**'

૩૨૦ ગાથામાં કહ્યું છે ને ! અંદર કેવો છે પ્રભુ ? 'જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય' ! અહીં પ્રત્યક્ષ કીધું ને ? એ પ્રત્યક્ષ થાય એવો જ એનો સ્વભાવ છે. (૪૭ શક્તિમાં) બારમો ગુણ છે ને ? 'સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ' બારમો પ્રકાશ ગુણ. સ્વસંવેદન પ્રકાશ ! એ પ્રત્યક્ષ થાય તેવો જ એનો સ્વભાવ છે ! આ..હા..હા...! આવો પ્રત્યક્ષ આત્મા જેણે પ્રત્યક્ષ અનુભવગમ્ય કર્યો નથી (તો તે) '**...સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી (–જાણી) શકે ?**' (અર્થાત્) જેની પર્યાયમાં આટલી તાકાત છે એવા આત્માને જેણે પ્રત્યક્ષ કર્યો નથી એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીજા બધાને કઈ રીતે જાણી શકે ? એકને ન જાણે એ બધાને ન જાણે. એકને જાણે એ બધાને જાણે ! આ..હા..હા...! આવી વાત કઈ હશે આ !? પેલું તો 'ભગવાનની પૂજા કરવી, દર્શન કરવા, સવારમાં આ કરવું, ટોકરી વગાડવી, જાપ કરવા.. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં...!' હવે એ બધી વાતું મૂકને ! એ તો બધી જડની ક્રિયાઓ છે. એ જડની ક્રિયાઓ અને તે વખતે થતો રાગ, તેની જ્ઞાનની પર્યાયની વિશેષતામાં તે બધાં નિમિત્તો છે. સમજાણું કાંઈ...? આ..હા..હા...!

એ જ્ઞાનની પર્યાય રાગથી થઈ નથી. જ્ઞાનની પર્યાય સામે ભગવાનને દેખ્યા માટે એનાથી એને જાણવાની પર્યાય થઈ, (એમ) નથી. આ..હા..હા...! એક જ સમયમાં ષટ્કારકના પરિણમનપણે પરિણમતી નિર્મળ પર્યાય અને તે જ સમયમાં ષટ્કારકપણે પરિણમતો બીજો રાગ છે, એ જ્ઞાનધારા અને રાગધારા બન્ને એક સમયે વર્તે છે, આ..હા..હા...! શું કહે છે આ !? કાંઈ દરકાર ન મળે ! જે કુળમાં જન્મ્યા એ (માની લે) ! મજૂરી કરી ! મજૂરી હોં આ બધી ! મજૂરી હશે આ બધી તમારી ? મોટી મજૂરી રાગની છે ! પાપ, આખો દિ' પાપ છે ! છ ભાઈઓ ભેગા થઈને વાતું કરે કે, આનું આમ છે ને આનું તેમ છે, ઢીકણું ને ફીકણું.... બધું પાપ છે. (માલ) વેચવાના ભાવનું પાપ છે, પૈસા લેવાનો ભાવ પાપ છે, ખાવા–પીવાનો ભાવ થાય એ પાપ છે, આ..હા..હા...! અહીં તો એ પાપના પરિણામ છે એ જ્ઞાનવિશેષમાં નિમિત્ત છે, આ..હા..હા...! સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, પ્રભુ !

એનામાં એક 'પ્રભુત્વ' નામનો ગુણ છે. આત્મામાં એક ઈશ્વરતા નામનો ગુણ છે કે જેથી અનંત ગુણ ઈશ્વરરૂપે છે ! આ..હા..હા...! અને તે અનંત ગુણની પર્યાય સ્વાધીનપણે, સ્વતંત્રપણે શોભાયમાન છે. અખંડપણે જેનો પ્રતાપ છે ! આ..હા..હા...! જેના ગુણમાં અખંડ પ્રતાપ(ની) સ્વતંત્ર શોભા છે, એવા જ અખંડ પ્રતાપ(ની) સ્વતંત્ર શોભા દરેક ગુણમાં છે, આ..હા..હા...! અને એની એક સમયની પર્યાય છે એમાં પણ અખંડ પ્રતાપ જેનો છે એવી સ્વતંત્રતાથી શોભિત તે પર્યાય છે. એવી અનંતી એક સમયની પર્યાયો છે. એ પર્યાયમાં આ બધું જણાય છે.

(અહીંયાં) કહે છે કે, જો એક આવો આત્મા છે એમ ન જાણ્યું (તો) એણે પરને પણ જાણ્યું નથી, આહા..હા...! સમજાણું કાંઈ ? આહા...! અરે..રે...! આવું ક્યારે મળે ? બાપા ! આહા..હા...! અને તે વાતને ધારણામાં લે એ કંઈ વસ્તુ નથી. તેથી અહીંયાં કીધું કે, કઈ રીતે પ્રત્યક્ષ કરી શકે ? છે એમાં ? ધારણામાં આ વાત લે એ તો પરજ્ઞેયનિષ્ઠ છે ! પરજ્ઞેયનિષ્ઠ છે ! આહા..હા...! સ્વજ્ઞેયમાં નિષ્ઠ નથી. બેનના વચનામૃતમાં આવે છે, આ..હા..હા...! શાસ્ત્રનું જાણવું થાય, એનું એ ધારણાનું જ્ઞાન પરાલંબી, પરસત્તાવલંબી જ્ઞાન છે. તેથી તેમાં નિષ્ઠ છે, રોકાઈ ગયો છે એ સ્વજ્ઞાનમાં નિષ્ઠ નથી, આ..હા..હા...! સમજાણું આમાં ?

ભગવાનઆત્મા...! આ.હા..હા...! 'ભગવાન' કેમ કહીએ છીએ ? ('સમયસાર'ની) ૭૨ (ગાથામાં) 'ભગવાન' તરીકે બોલાવ્યા છે ! આચાર્યોએ, મહાસંતોએ 'ભગવાનઆત્મા...!' (કહીને બોલાવ્યા છે). 'ભગ' નામ અનંત આનંદ આદિની લક્ષ્મી ! 'ભગ'નો અર્થ એ થાય છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદની લક્ષ્મી ! 'વાન' એટલે સ્વરૂપ. એ આવા આનંદ આદિ સ્વરૂપવાન છે. વાન (એટલે) એનું એ રૂપ છે. આ માણસ નથી કહેતા ? આ કાળા વાને છે, આ ધોળા વાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, લાલ વાને છે, વાને રૂપાળો છે, (તો) આ (આત્મા) વાને શું છે ? એ અનંત ગુણની લક્ષ્મી (એ) એનું 'વાન' છે, આ..હા..હા...! સમજાણું કાંઈ ?

(અહીંયાં કહે છે) '**...અનંત વિશેષો તેમનાં નિમિત્તભૂત સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી (–જાણી) શકે ? (ન જ કરી શકે). આ રીતે એમ ફલિત થાય છે કે જે આત્માને જાણતો નથી તે સર્વને જાણતો નથી.**' આવો આત્મા છે તેને જે જાણતો નથી તે સર્વને જાણતો નથી. ૪૮ (ગાથામાં એમ કહ્યું કે) (જે) સર્વને જાણતો નથી તે એકને જાણતો નથી. અહીં (એમ કહે છે કે) એકને જાણતો નથી તે સર્વને જાણતો નથી. બીજી રીતે કહીએ તો સર્વને જાણે છે તે એકને જાણે છે અને એકને જાણે છે એ સર્વને જાણે છે, આહા...!

'**હવે ત્યારે એમ નક્કી થાય છે કે સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન,...**' જોયું ? ૪૮ (ગાથાનો) સરવાળો કર્યો ! '**...સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન,...**' આ..હા..હા...! '**...અને આમ હોતાં, આત્મા જ્ઞાનમયપણાને લીધે સ્વસંચેતક હોવાથી, જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં,...**' શું કહે છે હવે ? કે, જાણનારો ભગવાન છે અને જ્ઞેય છે પર–અન્યત્વ. એમ હોવા છતાં જ્ઞાનની પર્યાયમાં બધું સમાઈ જાય છે. એનું જ્ઞાન આવે છે (તો) જાણે એમાં સમાઈ ગયું હોય....! એ વિશેષ કહેશે....

❀ ❀ ❀

## (તા. ૨૫-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૫૦)

અહીં સુધી આવ્યું છે ને ? '**અબ ઇસસે,...**' બીજો પેરાગ્રાફ. '**અબ ઇસસે ઐસા નિશ્ચિત હોતા હૈ કિ સર્વકે જ્ઞાનસે આત્માકા જ્ઞાન ઔર આત્માકે જ્ઞાનસે સર્વકા જ્ઞાન (હોતા હૈ);...**' ક્યા કહતે હૈં ? 'કુન્દકુન્દાચાર્ય' જો શ્લોકમેં કહતે હૈં, ઉસકી યહ ટીકા હૈ–'અમૃતચંદ્રાચાર્ય'કી. (કહતે હૈં કિ) જો કોઈ સર્વકે જ્ઞાનસે આત્માકા જ્ઞાન કરતે હૈં,... (અર્થાત્) આત્માકી જો એક સમયકી પર્યાય હૈ વહ વિશેષ હૈ. આત્મામેં જ્ઞાન સામાન્ય ત્રિકાલ હૈ. ઉસકી વર્તમાન પર્યાય હૈ વહ વિશેષ હૈ ઔર ઉસ વિશેષમેં લોકાલોક નિમિત્ત હૈ. એક સમયકી પર્યાયમેં લોકાલોકકા જ્ઞાન હોતા હૈ, આ..હા..હા...!

(કહતે હૈં) '**...સર્વકે જ્ઞાનસે આત્માકા જ્ઞાન,...**' યહાં હૈ અધિકાર કેવલજ્ઞાનકા, લેકિન ફિર ભી (ઇસમેં) ભાવશ્રુત(જ્ઞાન) ભી ઉતાર સકતે હૈં. ટીકામેં (આતા) હૈ. યહ આત્મા એક સમયમેં જબ કેવલજ્ઞાનકો પ્રાપ્ત હોતા હૈ તબ સામાન્યમેં સે ઉસકી વિશેષ પર્યાય હોતી હૈ. ઔર ઇસ વિશેષ (પર્યાયમેં) લોકાલોક નિમિત્ત હૈ. નિમિત્તકા અર્થ ઉસસે હુઆ ઐસા નહિ, (પરંતુ) યહાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લોકાલોકકા જ્ઞાન હૈ ઉસમેં વહ નિમિત્ત હૈ. કૌન ? લોકાલોક ! લોકાલોકકા વિશેષ જ્ઞાન હૈ ઉસમેં લોકાલોક નિમિત્ત હૈ. ભગવાન કેવલીકો એક સમયમેં લોકાલોકકા જ્ઞાન હો ગયા. તીનકાલ તીનલોક એક સમયમેં જાનનેમેં આ ગયે. ઐસી એક સમયકી કેવલજ્ઞાન પર્યાય ! કેવલજ્ઞાન એક સમયકી પર્યાય હૈ. પર્યાય હૈ ન ? (ઇસલિયે) દૂસરે સમયમેં દૂસરી, તીસરે સમયમેં તીસરી હોગી. ઐસા (કેવલજ્ઞાન) પર વહ નહિ. કેવલજ્ઞાન પર્યાય હૈ, ગુણ નહિ, આહા...! ગુણ તો ત્રિકાલી જ્ઞાન હૈ ઔર કેવલજ્ઞાન તો ઉસકી પર્યાય હૈ. એક સમયકી પર્યાયમેં–વિશેષ દશામેં તીનકાલ તીનલોક, અનંત દ્રવ્ય--ગુણ–પર્યાય જિતને (હૈં), (વે સભી) દ્રવ્ય ઔર પ્રત્યેક દ્રવ્યકી ત્રિકાલી પર્યાય ઉસકે જ્ઞાનમેં (વિશેષ દશામેં) નિમિત્ત હૈ. યહ જ્ઞાન અપનેસે સબ જાનતા હૈ, આહા...!

(ઇસલિયે યહાં ઐસા કહા કિ) '**...સર્વકે જ્ઞાનસે આત્માકા જ્ઞાન,...**' (ઇસકા મતલબ) એક સમયમેં સર્વકા જ્ઞાન હુઆ તો યહ આત્મા હી ઐસા હૈ ! આત્મા ઇતના બડા હૈ કિ એક સમયમેં તીનકાલ તીનલોક જાને ! તો ઐસા (જિસને) જાના (ઉસને) આત્માકો જાના. સમજમેં આયા ? (ઇસલિયે કહતે હૈં કિ) '**...સર્વકે જ્ઞાનસે આત્માકા જ્ઞાન,...**' સૂક્ષ્મ બાત તો હૈ, કલ તો બહુત બાત ચલ ગઈ હૈ.

'**...ઔર આત્માકે જ્ઞાનસે સર્વકા જ્ઞાન,...**' ક્યોંકિ એક સમયમેં તીનકાલ તીનલોક જાનનેમેં આતા હૈ, તો સર્વકો જાના ઉસને આત્માકો જાના. ઔર આત્માકો જાના (ઉસને) સર્વકો જાના. ક્યોંકિ ઉસકી પર્યાયમેં સબ જાનનેમેં આતા હૈ.

(અબ કિસીકો) ઐસા પ્રશ્ન (હો સકતા હૈ) કિ, યહ તો સર્વજ્ઞકો સર્વકા જ્ઞાન (હોતા હૈ). નીચેકે (ગુણસ્થાનવાલેકો) ક્યા કરના ? નીચે જો છદ્મસ્થ હૈ ઉસકો ક્યા ? (તો કહતે હૈં કિ) છદ્મસ્થકો ભી અપને ભાવશ્રુતજ્ઞાનમેં પરોક્ષરૂપસે લોકાલોકકા જ્ઞાન હોતા હૈ ! આ..હા..હા...! સમજમેં આયા ? બહુત સૂક્ષ્મ બાત હૈ, ભાઈ !

શ્રી 'જયસેનાચાર્યદેવ'કી સંસ્કૃત ટીકામેં (યહ બાત કહી) હૈ. '**केवलज्ञानोत्पत्तिर्नास्तीति**' ઇસ પ્રકાર જબ કેવલજ્ઞાનકી ઉત્પત્તિ નહીં હૈ તો આત્મા છદ્મસ્થ હૈ ઉસકો ત્રિકાલી જ્ઞાન નહીં હૈ. (જબ) ત્રિકાલી જ્ઞાન નહીં હૈ તો (વહ) કિસકા ધ્યાન કરે ? નીચેકે (ગુણસ્થાનમેં) આત્મા(કી દશા) તો પૂર્ણ હૈ નહીં તો જાને બિના ધ્યાન કિસકા કરે ? સમજમેં આયા ? કેવલજ્ઞાનીકો એક સમયમેં લોકાલોકકા પ્રત્યક્ષ જ્ઞાન હોતા હૈ. પરંતુ નીચે છદ્મસ્થ જીવકો લોકાલોકકા જ્ઞાન પર્યાયમેં પૂર્ણ નહીં હોતા તો આત્મા ઐસા (મહાન) હૈ, ઐસા આત્માકા જ્ઞાન કિસ પ્રકારસે કર સકે ? સૂક્ષ્મ બાત હૈ.

શિષ્યકા યહ પ્રશ્ન હૈ કિ, એક સમયકી કેવલીકી પર્યાય–અવસ્થામેં લોકાલોક નિમિત્ત હૈ, ઔર લોકાલોક અપનેસે જાનતે હૈં. નિમિત્તકા અર્થ ઐસા નહીં હૈ કિ, ઉસસે કુછ હોતા હૈ. કેવલજ્ઞાન જો હૈ વહ લોકાલોકકો નિમિત્ત હૈ ઔર લોકાલોક હૈ વહ કેવલજ્ઞાનમેં નિમિત્ત હૈ. વહ તો એક–દૂસરેકો નિમિત્ત હૈ ઇતના. ઇસસે કુછ હુઆ હૈ, ઐસા નહીં. આહા...!

યહાં કહતે હૈં કિ, એક સમયમેં તીનકાલકો જાનનેવાલા (જ્ઞાન પ્રગટ હુઆ) તો વહ આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂર્ણ હુઆ, સર્વકો જાના. તો ઐસા સર્વ જ્ઞાન તો નીચે હૈ નહીં. (ઔર) નીચે (ઐસા પૂર્ણ જ્ઞાન) નહીં હૈ તો આત્મા ઇતના હૈ (અર્થાત્) તીનકાલ તીનલોકકો જાને ઐસી પર્યાયવાલા (હૈ) ! ઇસકા ખ્યાલ નહીં હૈ તો આત્માકા ધ્યાન કૈસે કરે ? ન્યાય સમજમેં આતા હૈ ? આ..હા..હા...! દુનિયાસે યે સબ દૂસરી જાત હૈ ! આહા...!

યહાં કહતે હૈં દેખિયે ! ('જયસેનાચાર્યદેવ'કી સંસ્કૃત ટીકા) '**लोकालोकादिपरिज्ञानं व्याप्तिज्ञानरूपेण छद्मस्थानामपि विद्यते**' (અર્થાત્) ઐસા જ્ઞાન હૈ, તો પૂર્ણ જ્ઞાન હૈ, ઐસે અંદરમેં અનુમાનસે આત્મામેં વ્યાપ્તિ હો જાતી હૈ–ખ્યાલમેં આ જાતા હૈ. પ્રત્યક્ષ ભલે ન હો ! પરંતુ પરોક્ષરૂપસે અપના જ્ઞાન (જાન લેતા હૈ). શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદકા નાથકા આશ્રય લેકર જો સમ્યક્જ્ઞાન–ભાવશ્રુત(જ્ઞાન) હુઆ, ઇસ ભાવશ્રુતમેં ભી (યહ ખ્યાલમેં આ જાતા હૈ કિ) મૈં પરોક્ષરૂપસે ઇતના જાનતા હું તો પ્રત્યક્ષ જાનનેવાલા (ભી) હૈ ! (ઇસ પ્રકાર) પ્રત્યક્ષ જાનનેવાલે હૈં, ઐસા પરોક્ષજ્ઞાનમેં (જાનનેમેં) આ ગયા. ઐસા હૈ...! સમજમેં આતા હૈ કુછ ? સૂક્ષ્મ બાત, ભાઈ ! પ્રભુકા માર્ગ બહુત સૂક્ષ્મ હૈ.

એક સમયમેં તીનકાલ તીનલોક જાને ઐસી એક પર્યાયકી તાકત હૈ ! વહ તો આત્માકા ધ્યાન કરકે (કેવલજ્ઞાન) ઉત્પન્ન હુઆ. પરંતુ ઇતના જ્ઞાન નીચે (છદ્મસ્થદશામેં) નહીં હૈ તો ઉસકા (આત્માકા) ધ્યાન કરકે કેવલજ્ઞાનકી ઉત્પત્તિ કૈસે હો ? ક્યોંકિ આપ તો ઐસા કહતે હો કિ, સર્વકો જાને વહ આત્મા ! તો સર્વકો જાનના નીચે(કી દશામાં) નહીં હૈ તો ક્યા આત્મા નહીં હૈ ? ઔર આત્મા નહીં હૈ તો આત્માકા ધ્યાન કૈસે કરે ? (લેકિન) છદ્મસ્થકો ભી શ્રુતજ્ઞાનમેં–મૈં લોકાલોકકો જાનતા હું, ઐસા પરોક્ષ(રૂપસે) તો હૈ, આ..હા..હા...! પરોક્ષજ્ઞાનમેં આત્માકો જાનતે હૈં, આ..હા..હા...!

'જયધવલ'કી બાત દિમાગમેં આયી. એક સ્થંભ હૈ ન સ્થંભ ! થાંભલો..! (હિન્દીમેં) સ્થંભ કહતે હૈં ? ખંભા..! ઉસકી એક હાંસ દેખે તો ઉસસે સર્વ ખંભા ઐસા હૈ, (ઐસા) ખ્યાલ આ જાતા હૈ. ઐસે... આ..હા..હા...! અવયવી જો પૂર્ણ કેવલજ્ઞાન (હૈ) ઉસકા શ્રુતજ્ઞાન એક અવયવ હૈ. સૂક્ષ્મ બાત.. ભાઈ ! સ્થંભકા એક ભાગ–એક હિસ્સા દેખા તો સારા સ્થંભ ઐસા હૈ, ખ્યાલ આ ગયા. ઐસે આત્માકે જ્ઞાનકી પર્યાયમેં...આ..હા..હા...! કેવલજ્ઞાનકી પર્યાય કૈસી–કિતની હૈ, ઐસા યહાં જ્ઞાન હો ગયા. ક્યોંકિ કેવલજ્ઞાન અવયવી હૈ ઔર યહાં નીચે શ્રુતજ્ઞાન ઉસકા અવયવ હૈ. આહા..હા...! તો અવયવકો જિસને જાના ઉસને સાથમેં અવયવીકો ભી જાના ! આહા...! ઐસી બાતેં....! ક્યા હો સકતા હૈ, ભાઈ ?

ભગવાનઆત્મા ! સત્ ચિદાનંદ પ્રભુ ! કેવલજ્ઞાનઘન આત્મા હૈ ! અંદર જ્ઞાયક કેવલજ્ઞાનઘન આત્મા હૈ. પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ પ્રભુતા ઐસે અનંત ગુણસે પૂર્ણ ભરા હૈ, આહા...! ઉસમેં એક જ્ઞાનકી પર્યાયમેં કેવલજ્ઞાની તીનકાલ તીનલોકકો દેખતે હૈં તો વહ તો ઉસકો ફલ આયા. પરંતુ નીચે (છદ્મસ્થદશામેં) ઐસા તીનકાલ તીનલોક જાનનેમેં ન આયે તો (ઉસે) આત્મા (તો જાનનેમેં) આયા નહીં. (ઔર યહાં તો) સબ જાને તો (ઉસે) આત્મા કહા–સર્વ જાને તો (વહ) આત્મા ! તો સર્વકો જાને બિના આત્મા નહીં (ઐસા નિશ્ચિત હુઆ) !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો આત્મા બિના કિસકા ધ્યાન કરે? ઔર કેવલજ્ઞાનકી ઉત્પત્તિ કૈસે હો ? ઐસી બાતેં હૈં ! તો કહતે હૈં કિ, સુન તો સહી એકબાર !

ઇસ આત્મામેં ત્રિકાલી આનંદકંદ પ્રભુકા જો ભાવશ્રુતજ્ઞાન હુઆ, યહ ભાવશ્રુતજ્ઞાન હૈ યહ કેવલજ્ઞાનકા અવયવ હૈ. તો ઇસ અવયવકા જ્ઞાન હુઆ ઇસમેં કેવલીકા જ્ઞાન આ ગયા. બહુત સૂક્ષ્મ બાત...!

શ્રોતા :-- ગુરુદેવ ! છદ્મસ્થકો ભાવશ્રુતજ્ઞાન ઉત્પન્ન કૈસે હો ? ક્યોંકિ આત્માકો તો જાનતા નહીં !

સમાધાન :-- યહાં તો યહ પ્રશ્ન હૈ કિ, સર્વકો જાને વહ આત્માકો જાને (ઐસા કહા) તો નીચે છદ્મસ્થ (જીવ) સર્વકો નહીં જાનતા હૈ તો (વહ) આત્માકો નહીં જાનતા હૈ ન ? ઐસા પ્રશ્ન હૈ. તો કહતે હૈં–નહીં ! નીચે છદ્મસ્થ ભી પરોક્ષરૂપસે અવયવ–શ્રુતજ્ઞાન દ્વારા, કેવલજ્ઞાન ઐસા હૈ, ઐસા વર્તમાન શ્રુતજ્ઞાનમેં જાનતે હૈં.

શ્રોતા :-- પ્રશ્ન તો ગુરુદેવ યહ હૈ કિ, આત્માકો જાને બિના અવયવકી ઉત્પત્તિ હી કૈસે હો ?

સમાધાન :-- કહા ન ! શ્રુતજ્ઞાન તો હૈ. શ્રુતજ્ઞાન હૈ, યહ બાત લેની હૈ ન ! શ્રુતજ્ઞાનસે આત્માકો જાના હૈ. ઇસલિયે તો પહલે યહ બાત કહી કિ, જ્ઞાયક હૈ ઉસકા આશ્રય લેકર જ્ઞાન હુઆ હૈ. યહ તો પહલે બાત કહી થી. ધ્યાન રખે તો (સમજમેં આયે, ક્યોંકિ) એક ન્યાય સાથમેં આતા હૈ. ક્યા કહતે હૈં ?

ભગવાન 'કુન્દકુન્દઆચાર્ય' મહારાજ ! દિગંબર સંત ! ભગવાનકે પાસ ગયે થે. 'સીમંધર ભગવાન' મહાવિદેહમેં બિરાજતે હૈં, વહાં દિગંબર મુનિ ગયે થે–'કુન્દકુન્દઆચાર્ય' ! આઠ દિન રહે થે, વહાંસે આકર યહ શાસ્ત્ર બનાયા હૈ ! ત્રિલોકનાથ ભગવાન બિરાજતે હૈં ! વર્તમાન...! મહાવિદેહમેં ! દિખતે હૈં ? ભગવાન મહાવિદેહમેં બિરાજતે હૈં. ૫૦૦ ધનુષકા દેહ હૈ ઔર ક્રોડ પૂર્વકા આયુષ્ય હૈ. સમજમેં આયા ? આહા..હા...! ગયે કાલમેં (યહાં ભરતક્ષેત્રમેં) બીસવેં તીર્થંકર 'મુનિસુવ્રત ભગવાન' થે તબ વે (–'સીમંધર ભગવાન') મુનિ હુએ થે ઔર ઉસ વક્ત કેવલજ્ઞાન હુઆ હૈ. અભી ભી કેવલજ્ઞાનરૂપ હૈં (ઔર) અરબોં વર્ષ રહેંગે ! અરિહંતપદમેં...! દેહ છૂટ જાયેગા તો 'ણમો સિદ્ધાણં' પદમેં આયેંગે ! અરિહંતપદમેં હૈ તો પ્રભુકી વાણી નીકલતી હૈ. ૐધ્વનિ નીકલતી હૈ, આ..હા..હા...! યહ ૐધ્વનિ સુનકર ગણધર આગમ રચે. યહ (જો) આગમ રચે ઉસમેં સે યહ આયા હૈ ! આ..હા..હા...! થોડી શાંતિસે દેખો બાપુ !

જો યહ આત્મા હૈ ઉસકા જ્ઞાનગુણ ત્રિકાલી હૈ. જ્ઞાન ગુણ હૈ ન ગુણ ! યહ તો ત્રિકાલી (હૈ), યહ તો સામાન્ય યાની ધ્રુવ (હૈ). પરંતુ ઉસકી કેવલજ્ઞાનકી પર્યાય–અવસ્થા હુઈ, વહ પર્યાય–વિશેષ હુઈ. સામાન્ય ત્રિકાલ જ્ઞાનગુણ હૈ ઉસમેંસે યહ કેવલજ્ઞાનકી પર્યાય હુઈ વહ વિશેષ હુઈ. (ઇસ) વિશેષમેં લોકાલોક નિમિત્ત હૈ. ક્યોંકિ કેવલજ્ઞાન લોકાલોકકો જાનતે હૈં. ઔર લોકાલોકકો (કેવલજ્ઞાન) નિમિત્ત હૈ. ઐસા જ્ઞાનવાલા તો બરાબર કામ કરે (યહ બાત ઠીક હૈ). લેકિન (યહાં ઐસા કહા કિ) સર્વકો જાને વહ આત્માકો જાને. તો નીચે સર્વકો જાને બિના આત્માકો જાના

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહીં, તો આત્માકા ધ્યાન કૈસે કરે ? સમજમેં આયા ? અંદર (પાઠ) હૈ. '**छद्मस्थानामपि विद्यते**' ! '**व्याप्तिज्ञानरूपेण छद्मस्थानामपि विद्यते**' ! અનુમાનસે, ભાવશ્રુતજ્ઞાનસે જાનતે હૈં કિ, જબ (મેરી) અલ્પજ્ઞાનકી દશા ઐસી હુઈ (હૈ) તો કિસીકો પૂર્ણ પર્યાય હોતી હૈ. – ઐસા જ્ઞાન, શ્રુતજ્ઞાનમેં હોતા હૈ ! ઐસી બાતેં હૈં ! આ..હા..હા...! ક્યા હો ? કિતની ભી ભાષા સાદી કરે તો ભી ભાવકી મર્યાદામેં ભાવ રહેંગે ન ! આ..હા..હા...!

ફિર સે, '**અબ ઇસસે ઐસા નિશ્ચિત હોતા હૈ કિ સર્વકે જ્ઞાનસે આત્માકા જ્ઞાન,...**' ઇસ એક શબ્દકે અંદરમેં (સબ કુછ) હૈ ! (કહતે હૈં કિ) 'સર્વકો જાને વહ આત્માકો જાને' ! ક્યોં ? (ક્યોંકિ) આત્માકી વિશેષપર્યાયમેં લોકાલોક જાને ઐસા સ્વભાવ હૈ. તો જબ સ્વભાવ (પ્રગટ) હુઆ તો પૂર્ણ (લોકાલોકકો) જાના, ઉસને આત્માકો જાના. ઔર એક આત્માકો જો જાને... દો શબ્દ હૈ ન ? '**...ઔર આત્માકે જ્ઞાનસે સર્વકા જ્ઞાન,...**' ક્યોંકિ આત્મા જ્ઞાનકી પર્યાયમેં સર્વકો જાને, ઐસા આયા. તો આત્માકા જ્ઞાન યહ સર્વકા જ્ઞાન ઔર સર્વકા જ્ઞાન યહ આત્માકા જ્ઞાન (ઐસા નિશ્ચિત હોતા હૈ). આ..હા..હા...! ઐસા હૈ..!

તબ કહતે હૈં કિ, અલ્પજ્ઞ પ્રાણી જો છદ્મસ્થ હૈ ઉસકો, પ્રત્યક્ષ કેવલીકો હૈ ઐસા પૂર્ણ જ્ઞાન તો હૈ નહીં. (ઔર આપ કહતે હો કિ) આત્મા પૂર્ણ જાને તો (વહ) આત્મા (હૈ) ઔર પૂર્ણ જાને બિના આત્મા નહીં ! તો આત્માકા ધ્યાન કૈસે કરેગા ? બાત સમજમેં આતી હૈ ? આ..હા..હા...! તબ કહતે હૈં કિ, સુન તો સહી ! ભગવાનઆત્મા ! જ્ઞાનાનંદ પ્રભુ ! ઉસકા આશ્રય લેકર જો જ્ઞાન હુઆ... ભાવશ્રુત હાં...! યહ ભાવશ્રુતજ્ઞાન (જો) હૈ ઉસમેં મનનસે, અનુમાનસે (ઐસા જાન લેતા હૈ કિ) 'યહ (મેરી) જ્ઞાનકી પર્યાય ઇતની હૈ (ઉસસે) ભલે પરોક્ષરૂપસે જાનતા હું, તો કિસીકો જ્ઞાનકી પર્યાય પ્રત્યક્ષ હૈ !' ઐસા જ્ઞાન કરકે વ્યાપ્તિ નામ શ્રુતજ્ઞાનમેં ભી કેવલજ્ઞાનકા ભાવ આ ગયા, આ..હા..હા...! ઐસા માર્ગ હૈ..!

(યહાં) પ્રશ્ન ઐસા હુઆ કિ, આપ ઐસા કહો કિ, સર્વકા જ્ઞાન યહ આત્માકા જ્ઞાન ! તો યહ (બાત) તો ઠીક (હૈ). લેકિન નીચે છદ્મસ્થકો સર્વકા જ્ઞાન હૈ નહીં તો ઉસકો આત્મા નહીં હૈ. (ઔર) આત્મા નહીં હૈ તો આત્માકા ધ્યાન કૈસે કરે ? સમજમેં આયા ? આ..હા..હા...! સુન તો સહી પ્રભુ ! માત્ર પ્રત્યક્ષ ઔર પરોક્ષકા ફર્ક હૈ. કેવલજ્ઞાની તીનકાલ તીનલોક પ્રત્યક્ષ જાનતે હૈં (ઔર) શ્રુતજ્ઞાની પરોક્ષ જાનતે હૈં. ઇસ પરોક્ષ(જ્ઞાનમેં) કેવલજ્ઞાન કૈસા હૈ ? (ઉસકા જ્ઞાન હો જાતા હૈ). (ક્યોંકિ) શ્રુતજ્ઞાન એક અંશ–અવયવ હૈ. યહ અવયવ કિસકા ? ઇસ વક્ત દ્રવ્યકી (યહાં) બાત નહીં હૈ. કેવલજ્ઞાન અવયવી હૈ, ઉસકા શ્રુતજ્ઞાન અવયવ હૈ. જૈસે સ્થંભકા એક હિસ્સા દેખકર સારા સ્થંભ ઐસા હૈ, ઐસા જાન લેતે હૈં. ઐસે શ્રુતજ્ઞાન–અવયવમેં (જાન લેતે હૈં કિ) યહ અવયવ ઐસા હૈ તો ઉસકા પૂર્ણ–અવયવી ઐસા હૈ ! ઇસ પ્રકાર શ્રુતજ્ઞાનમેં ભી કેવલજ્ઞાનકા જ્ઞાન આ જાતા હૈ. અરે..! ઐસી બાતેં હૈં...! વીતરાગમાર્ગ બહુત સૂક્ષ્મ હૈ, ભાઈ...! (અભી તો) ક્રિયાકાંડમેં (ધર્મ) માન લિયા ! દયા, વ્રત પાલે, તપસ્યા કરે...! વહ તો રાગ હૈ, વહાં ધર્મ કહાં થા ! સમજમેં આયા ?

ભગવાનઆત્મા...! પૂર્ણ જાને ! ઉસકા રૂપ હી પૂર્ણ જાને (ઐસા હૈ). પૂર્ણ જાને ઐસી તાકત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હૈ. પૂર્ણ સ્વરૂપ જગતમેં હૈ ઉસે પૂરા જાને ઐસા હી ઉસકા સ્વરૂપ હૈ ! પર્યાયકા ઐસા સ્વરૂપ હૈ. તો સર્વકો જાના ઉસને આત્માકો જાના ! ક્યોંકિ આત્મા ઇતના હૈ ! આ..હા..હા...! દિગંબર સંતોકી વાણી અલૌકિક હૈ ! કહીં હૈ નહીં, દૂસરી જગહ કહીં હૈ નહીં ! આ..હા..હા...! શ્વેતાંબરમેં ભી સબ ગડબડ હૈ. (કહતે હૈં કિ) 'પહલે સમયમેં કેવલજ્ઞાન ઔર દૂસરે સમયમેં કેવલદર્શન !' સબ ગપ (હૈ)....! યહ તો સંતો.. દિગંબર સંત..! ભગવાન કેવલજ્ઞાનીકે અનુસાર કહનેવાલે હૈં ! ઐસી બાત કહીં ઔર જગહ નહીં હૈ ! આ..હા..હા...! ઉસમેં (શ્વેતાંબરમેં) ઐસા કહતે હૈં કિ, 'કેવલજ્ઞાન એક સમયમેં, દૂસરે સમયમેં દર્શન !' ઇસલિયે (ઇસકા મતલબ યહ હુઆ કિ) આધે હિસ્સેમેં જ્ઞાન ઔર આધેમેં દર્શન ! (ઇસમેં) અખંડજ્ઞાન રહા નહીં.

યહાં તો એક સમયમેં પૂર્ણ જ્ઞાન ઔર પૂર્ણ દર્શન ! ઇસ જ્ઞાન–દર્શનમેં લોકાલોક જાનનેમેં આતા હૈ. ક્યોંકિ સામાન્યમેં સે પ્રગટ હુઆ (જો) વિશેષ હૈ, ઇસ વિશેષમેં, જગતમેં જિતને પદાર્થ હૈં યે સબ વિશેષમેં જાનનેમેં આતે હૈં. તભી તો વિશેષકી પર્યાય કહનેમેં આતી હૈ. લોકાલોક જાને ઐસી પર્યાય હૈ તો ઉસ પર્યાયકો વિશેષજ્ઞાન કહનેમેં આતા હૈ. ઔર યહ વિશેષજ્ઞાન હૈ ઐસા (જિસને) જાના, ઉસને સર્વકો જાના. ક્યોંકિ વિશેષમેં સર્વકો જાના ન ? તો (ઉસને) એક કો જાના ! આહા..હા...! ઐસા હૈ...!

સંસ્કૃત ટીકામેં આતા હૈ ન, ભાઈ ! શ્રી 'જયસેનઆચાર્યદેવ' કી સંસ્કૃત (ટીકામેં) હૈ– '**एको भावः सर्वभाव–स्वभावः सर्वे भावा एकभावस्वभावाः। एको भावस्तत्त्वतो येन बुद्धः सर्वे भावास्तत्त्वतस्तेन बुद्धाः।।**' (ઐસા) શ્રી 'જયસેનાચાર્યદેવ'મેં સંસ્કૃત હૈ. જિસને એક ભાવ ભી યથાર્થ જાના–ઇસ દ્રવ્યકા, એક સમયકી પર્યાયકા એક ભાવ ભી યથાર્થ જાના...(તો) '**एको भावः सर्वभावस्वभावः**' ઉસને સર્વ ભાવ જાને. આહા...! 'જયસેનાચાર્ય'કી સંસ્કૃત ટીકા હૈ. '**एको भावः सर्वभाव–स्वभावः सर्वे भावा एकभावस्वभावाः एको भावस्तत्त्वतो येन बुद्धः**' જિસને એક સમયકી પર્યાય તત્ત્વસે બરાબર જાની (ઉસને) '**सर्वे भावास्तत्त्वतस्तेन बुद्धाः**' તો ઉસને સર્વ ભાવ તત્ત્વજ્ઞાનમેં જાન લિયે, જાનનેમેં આ ગયા, આહા..હા...! સૂક્ષ્મ હૈ, ઉસમેં આજ હિન્દી આયા હૈ ! સમજમેં આયા ? કઠિન કામ હૈ... !

'**...સર્વકે જ્ઞાનસે આત્માકા જ્ઞાન,...**' ઇસ પહલે પ્રશ્નકા (બોલકા સ્પષ્ટીકરણ) ચલ રહા હૈ. પર્યાય હૈ એક સમયકી, કેવલજ્ઞાન પર્યાય હૈ ન ? કેવલજ્ઞાન ગુણ નહીં, ગુણ તો ત્રિકાલ જ્ઞાન. આત્મા જૈસે ત્રિકાલી હૈ વૈસે જ્ઞાનગુણ ત્રિકાલ (હૈ). ઔર કેવલજ્ઞાન, મતિ, શ્રુત, અવધિ આદિ યે સબ પર્યાય હૈં. જ્ઞાનગુણકી અવસ્થા હૈ–પર્યાય હૈ. તો કહતે હૈં કિ, જિસકી એક પર્યાયમેં સર્વ જ્ઞાન આ ગયા, તો સર્વકો જાના ઉસને એક કો જાના. યદિ સર્વકો ઇસ પ્રકાર જાના તો એક કો જાના. સમજમેં આયા ? તબ શિષ્યકો પ્રશ્ન હુઆ કિ, ઇતના સબ સર્વકો (જાનના) છદ્મસ્થકો તો હૈ નહીં તો કેવલજ્ઞાનકી ઉત્પત્તિ હોનેકા ઉપાય ઉસે કૈસે લાગૂ પડે ? ક્યા કહા સમજમેં આયા ? આ..હા..હા...! એક–એક શબ્દમેં બહુત ગંભીરતા ભરી હૈ !

શિષ્યકા યહ પ્રશ્ન હૈ–પ્રભુ ! આપ કહતે હૈં 'જો સર્વકો જાને વહ એક કો જાને !' તો કેવલજ્ઞાનકી પર્યાયમેં સર્વકો જાના તો ઉસને આત્માકો જાના. તો સર્વકા જ્ઞાન જિસકો નહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હૈ ઉસે આત્માકા જ્ઞાન નહીં હૈ ઔર આત્માકા જ્ઞાન નહીં તો આત્મા કિતના હૈ (ઇસકી ભી) ખબર નહીં, તો (વહ) ધ્યાન કિસકા કરેગા ? સમજમેં આયા ? સારી દુનિયાસે અલગ જાત હૈ, આહા...!

આ..હા..હા...! પરમાત્મકી પુકાર હૈ ! સર્વજ્ઞકી દિવ્યધ્વનિ ! 'ૐકાર દિવ્યધ્વનિ સુની, અર્થ ગણધર વિચારે' યહ શાસ્ત્ર યે હૈ. ભગવાન 'કુન્દકુન્દાચાર્ય' ગયે થે, વહાંસે લાયે (ઔર) બનાયા. આ..હા...! વે ઐસા કહતે હૈં સુન તો સહી, પ્રભુ ! હમને ઐસા કહા કિ, સર્વકો જાને વહ આત્માકો જાને. ક્યોંકિ પર્યાયમેં સર્વકો જાનનેકા સ્વભાવ હૈ. ઉસ કારણ સે સર્વકો જાના ઉસને આત્માકો જાના. આત્મા હી ઐસા હૈ, ઇતના હૈ. અભી તક તો 'સર્વકો જાને વહ આત્માકો જાને' યહ બાત ચલતી હૈ. સમજમેં આયા...? આ..હા..હા...! ક્યા કહા ?

યહ ભગવાનઆત્મા જો હૈ અંદર, ઉસકા જ્ઞાનસ્વભાવ હૈ, જ્ઞાનમય હૈ. 'જ્ઞાનવાલા' ભી નહીં, જ્ઞાનમય હૈ ! અકેલા જ્ઞાનમય...! દૂસરી રીતસે કહેં તો, યહ સર્વજ્ઞ જ્ઞાનમય હૈ. આત્મા હૈ યહ સર્વજ્ઞ જ્ઞાનમય હૈ, નિત્ય, ધ્રુવ..! 'સર્વજ્ઞ' (ઐસા કહા તો) 'જ્ઞ' 'જ્ઞ' સ્વભાવી કહો યા સર્વજ્ઞ સ્વભાવી કહો ! યહ આત્મા જો હૈ વહ સર્વજ્ઞ સ્વભાવી હૈ. તો સર્વજ્ઞસ્વભાવ જો હૈ વહ તો સામાન્ય હુઆ. ઇસ સર્વજ્ઞસ્વભાવમેં સે વિશેષપના જો સર્વજ્ઞ(જ્ઞાન) પ્રગટ હોતા હૈ, ઇસ વિશેષમેં લોકાલોકકા જ્ઞાન હોતા હૈ. ઔર લોકાલોકકા જ્ઞાન હોતા હૈ તો સર્વકો જાના ઔર ઉસીને આત્માકો જાના. (જિસને) ઐસા પૂરા જાના ઉસને આત્માકો જાના. ઐસી બાતેં હૈં...! આ..હા..હા...!

'**...સર્વકે જ્ઞાનસે આત્માકા જ્ઞાન,...**' દૂસરી રીતસે કહેં તો આત્મામેં એક 'અકાર્યકારણ' નામકા ગુણ હૈ. 'અકાર્યકારણ' નામકા આત્મામેં એક ગુણ હૈ. જૈસે જ્ઞાનગુણ હૈ વૈસે અકાર્યકારણ નામકા ગુણ હૈ. ઇસ ગુણકી પરિપૂર્ણતા અપનેસે ઉત્પન્ન હુઈ હૈ. કોઈ પરકે કારણ સે (ઉત્પન્ન હુઈ હૈ) ઐસા નહીં. આ..હા..હા...! જ્ઞાનકા પરિપૂર્ણતા સ્વભાવ સ્વતઃ અપનેસે ઉત્પન્ન હુઆ હૈ, આ..હા...! યે પૂર્ણ (પ્રગટ) હુઆ ઇતના હી તો આત્મા હૈ. ક્યોંકિ પૂરા સ્વરૂપ હૈ ઉતની પર્યાય (પ્રગટ હુઈ) હૈ, ઉતના હી આત્મા હૈ. જિસને સર્વકો નહીં જાના ઉસને એક કો નહીં જાના. સર્વકો જાના ઉસને એક કો જાના. તો છદ્મસ્થકો તો સર્વકા જ્ઞાન હૈ નહીં, ઐસા શિષ્યકા પ્રશ્ન આયા. સમજમેં આયા ? આ..હા..હા...!

'છદ્મસ્થકો ભી હૈ !' સુન..! આ..હા..હા...! 'જયસેનાચાર્યને' તો લિયા હૈ–અવયવીકા અવયવ જ્ઞાન હૈ. અવયવસે સારા અવયવીકા જ્ઞાન ઉસમેં (હો જાતા) હૈ. સમજમેં આયા ? આહા...! એક હાથ હૈ યહ અવયવ હૈ, સારા શરીર અવયવી હૈ. સારા શરીર અવયવી હૈ, યહ હાથ, પૈર અવયવ હૈ. તો એક (હાથ) કો જાના તો જિસકા યહ અવયવ હૈ ઉસકો ભી જાના. સમજમેં આયા ? આ..હા..હા...!

ઐસે જિસને ભગવાનઆત્મા...! અંતર્મુખ હોકર સમ્યક્જ્ઞાન પ્રગટ કિયા, સમ્યગ્દર્શન ઔર સમ્યક્જ્ઞાન (પ્રગટ કિયા) તો યહ સમ્યક્જ્ઞાન ભાવશ્રુતજ્ઞાન હૈ. સમજમેં આયા ? ઔર એક સ્પષ્ટીકરણ ભી હો ગયા હૈ કિ, ઇસમેં 'શ્રુત' શબ્દ આયા હૈ તો શ્રુતજ્ઞાનમેં 'શ્રુત' શબ્દકી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કુછ ઉપાધિ હૈ ? તો કહતે હૈં, ના..ના...! ભગવાન સર્વજ્ઞ જો હૈ વે શ્રુતજ્ઞાન દ્વારા ઉપદેશ કરતે હૈં, કેવલજ્ઞાન દ્વારા નહિ. ક્યા કહા ? વે કેવલજ્ઞાની હૈ, પરંતુ ઉપદેશ શ્રુતજ્ઞાન દ્વારા કરતે હૈં ! ક્યોંકિ સુનનેવાલેકો શ્રુતજ્ઞાન હોતા હૈ ઉસમેં નિમિત્ત હૈ તો વે ભી શ્રુતજ્ઞાન દ્વારા કથન કરતે હૈં ! આ..હા..હા...! કેવલજ્ઞાની શ્રુતજ્ઞાન દ્વારા કથન કરતે હૈં તો યહાં નીચે શ્રુતજ્ઞાન (જો) હૈ વહ કેવલજ્ઞાનકો જાનતા હૈ ! આ..હા..હા...! ઐસા હૈ...! દો–ચાર દિન સુને તો ઇસમેં કુછ સમજમેં આયે ઐસા નહીં હૈ.

**'...સર્વકે જ્ઞાનસે આત્માકા જ્ઞાન ઔર આત્માકે જ્ઞાનસે સર્વકા જ્ઞાન,...'** આ..હા..હા...! પહલે લિયા–સર્વકે જ્ઞાનસે આત્માકા જ્ઞાન. અબ લેતે હૈં–આત્માકે જ્ઞાનસે સર્વકા જ્ઞાન. જિસને આત્મા જાના–(ઉસને) જ્ઞાનમય, આનંદમય, અનંત ગુણમય (જાના). ઉસકી પર્યાયમેં કેવલજ્ઞાન હોગા, એસા વર્તમાનમેં જાન લેતે હૈં. સમજમેં આયા ? કેવલજ્ઞાન હૈ, યે તો જાનતે હૈં, પરંતુ શ્રુતજ્ઞાનમેં સર્વ વસ્તુ દેખી–જાની તો ઉસમેં સારા આત્માકા જ્ઞાન આ ગયા. તો આત્મા જાના ઉસને સર્વ જાના. ક્યોંકિ પર્યાયમેં સર્વ આયા તો આત્માકો જાના ઉસને સર્વ જાના, આ..હા..હા...! ઐસા હૈ..!

(અબ કહતે હૈં કિ) **'...ઐસા હોનેસે, આત્મા જ્ઞાનમયતાકે કારણ,...'** દેખો ! આત્મા તો જ્ઞાનમય હૈ (ઐસા કહા). ઉસમેં રાગ, દ્વેષ, પુણ્ય–પાપ, વિકલ્પ હૈ હી નહીં. નવ તત્ત્વ હૈ ન ? (તો) પુણ્ય–પાપ, આસ્રવ તત્ત્વ, બંધ તત્ત્વ ભિન્ન હૈ ઔર જ્ઞાયક તત્ત્વ ભિન્ન હૈ, આ..હા..હા...! ઐસે **'....આત્મા જ્ઞાનમયતાકે કારણ,...'** જ્ઞાનમય હી હૈ. આ..હા..હા...! ચૈતન્યપુંજ હૈ ! ભગવાન ચૈતન્યપુંજ હૈ !! આ..હા..હા...!

('સમયસાર'કે) 'કર્તા–કર્મ અધિકાર'કી પહલી ગાથામેં આયા હૈ ન ? કિ, આત્મા ઔર જ્ઞાનકા તદાત્મ્યસંબંધ હૈ. તદાત્મ્ય ! અગ્નિ ઔર ઉષ્ણતા...! અગ્નિ ઔર ઉષ્ણતા તદ્રૂપ–તદાત્મ્યસંબંધ હૈ. વૈસે ભગવાનઆત્મા ઔર જ્ઞાનસ્વભાવ તદાત્મ્યસંબંધ હૈ, આહા..હા...! ઐસી બાતેં...! સમજમેં આયા ? ઔર પણ્ય–પાપકા ભાવ સંયોગી ભાવ હૈ ઔર જ્ઞાનમય ભાવ દ્રવ્યકે સાથ તદાત્મ્યસંબંધ હૈ. ઔર પુણ્ય–પાપકા ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ વિકલ્પ સંયોગી ભાવ હૈ, સ્વભાવભાવ નહિ. સ્વભાવભાવ તો જ્ઞાનમય, આનંદમય વહ સ્વભાવ હૈ, આ..હા..હા...! ઐસા સૂક્ષ્મ હૈ !

(યહાં કહતે હૈં) **'...આત્મા જ્ઞાનમયતાકે કારણ સ્વસંચેતક હોનેસે,...'** ક્યા કહતે હૈં ? સ્વયં અપના અનુભવ કરનેસે, સંચેતક (અર્થાત્) સમ્યક્ પ્રકારસે સચેતક. સ્વયંકી જો વસ્તુ હૈ ઉસમેં ચેતન–અનુભવ આયા. જ્ઞાનમયતાકે કારણ જ્ઞાનમયકા વેદન હુઆ. વિશેષ કહના હૈ ન ! **'...સ્વસંચેતક હોનેસે, જ્ઞાતા ઔર જ્ઞેયકે વસ્તુરૂપસે અન્યત્વ હોનેપર,...'** અબ બાત કો આગે લે ગયે. જો જ્ઞાનકી પર્યાયમેં લોકાલોક જાના હૈ તો કહતે હૈં કિ, (વહ) જ્ઞાનકી વિશેષ દશા હુઈ. (ઉસ) વિશેષદશામેં લોકાલોક જાનનેમેં આયા.

**'...જ્ઞાતા ઔર જ્ઞેયકા વસ્તુરૂપસે અન્યત્વ હોનેપર ભી,...'** જ્ઞાતા નામ જાનનેવાલા ભગવાન ઔર જ્ઞેય અન્ય (પદાર્થ), ઐસે અન્યત્વ હોને પર ભી, **'...પ્રતિભાસ ઔર પ્રતિભાસ્યમાનકર,...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**...એકીસાથે જ સર્વ પદાર્થોને અવલંબીને પ્રવર્તે છે તે જ્ઞાન–પોતામાં સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારો,...**' (અર્થાત્) જે જ્ઞેયનું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ જ્ઞાનાકારમાં આવી જાય છે. (ટંકોત્કીર્ણન્યાયે સ્થિત હોવાથી) '**...જેણે નિત્યત્વ પ્રાપ્ત કર્યું છે,...**' અહીંયાં નિત્યત્વ એટલે પર્યાય કાયમ છે તેને (નિત્ય) પ્રાપ્ત કહે છે, નિત્ય ગુણ નહિ. આ..હા...હા...! ટકતું જ્ઞાન જે સર્વજ્ઞ–કેવળ છે એ નિત્ય છે, આહા..હા...! કાયમ રહેનારું છે, ભલે એની એ પર્યાય કાયમ રહેનારી ન હોય, છતાં એ પર્યાયનો સ્વભાવ પૂર્ણ છે. એવો જ પૂર્ણ... એવો જ પૂર્ણ... એવો જ પૂર્ણ... તેથી તેને નિત્ય કહેવામાં આવે છે, આ..હા..હા...! છે ?

'**...સ્થિત હોવાથી જેણે નિત્યત્વ પ્રાપ્ત કર્યું છે,...**' આ..હા..હા...! ગુણ નિત્ય છે, એ વાત અત્યારે નથી. અહીં તો પર્યાય કાયમ સરખી રહે છે, એકરૂપ રહે છે, તેથી તેને નિત્ય કહેવામાં આવ્યું છે, આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**...અને સમસ્ત વ્યક્તિઓ પ્રાપ્ત કરી હોવાથી,...**' 'સમસ્ત વ્યક્તિઓ' એટલે જગતના જે પ્રગટ દ્રવ્ય, ગુણ, ને પર્યાયો છે (તે) સર્વ વ્યક્તિઓ... આ..હા..હા...! '**...પ્રાપ્ત કરી હોવાથી,...**' (અર્થાત્) એક સમયમાં બધી વ્યક્તિ–જે લોકાલોક છે... અરે...! આકાશનો અંત નથી તેને પણ જાણ્યું છે !! આ..હા..હા...! જાણ્યું છે માટે ત્યાં અંત આવી ગયો, એમ નથી. આ..હા..હા..! જ્ઞાનમાં બધું જણાઇ જાય છે. અંત વિનાની ચીજ પણ જ્ઞાનમાં જણાય છે. કાળની શરૂઆત નથી છતાં એ જ્ઞાનમાં 'શરૂઆત નથી', એવી રીતે જણાય છે. પૂર્ણ દશા છેલ્લી કઈ છે, એમ નથી પણ અનાદિ–અનંતપણે છે એ અનંતપણે જણાય છે. જાણે (છે) માટે ત્યાં અંત આવી ગયો, ક્ષેત્રને જાણે માટે અંત આવી ગયો, (એમ નથી). અહીં જ્ઞાન જાણે પણ ત્યાં તો અનંત છે. આ..હા..હા...! આવું ઝીણું–ઝીણું કાંતવું...!

(હવે કહે છે) '**...જેણે સ્વભાવપ્રકાશક ક્ષાયિકભાવ પ્રગટ કર્યો છે,...**' '**...સમસ્ત વ્યક્તિઓ પ્રાપ્ત કરી હોવાથી,...**' (અર્થાત્) બધી ચીજો જ્ઞાનમાં આવવાથી (–જાણવાથી) '**...સ્વભાવપ્રકાશક,...**' આ..હા..હા...! '**...ક્ષાયિકભાવ પ્રગટ કર્યો છે એવું–ત્રણે કાળે સદાય વિષમ રહેતા (–અસમાનજાતિપણે પરિણમતા) અને અનંત પ્રકારોને લીધે વિચિત્રતાને પામેલા,...**' 'વિષમ' એટલે અસમાનજાતિ–ચૈતન્ય અને જડ. અને 'વિચિત્રતા' એટલે અનંત પ્રકાર. (અર્થાત્) પરમાણુઓમાં અનેક પ્રકારનું પરિણમન, કેવળી સિવાય જ્ઞાનનું (પરિણમન) અનેક પ્રકારનું, એવા '**...અનંત પ્રકારોને લીધે વિચિત્રતાને પામેલા એવા આખાય સર્વ પદાર્થોના સમૂહને જાણતું થકું,...**' આ..હા..હા...!

એક આત્મામાં અનંતા ભાવ છે–ગુણ છે, એક પરમાણુમાં અનંતા ગુણો છે, આ..હા..હા...! એવા અનંત દ્રવ્યને, ક્ષેત્રનો અંત નથી એવા અનંત ક્ષેત્રને, કાળની શરૂઆત નથી અને છેડો નથી એવા કાળને અને સંખ્યામાં જેના ગુણોનો પાર નથી (એવા ગુણોને જાણે છે). એક–એક દ્રવ્યના કેટલા ગુણો છે ? (તો કહે છે કે), અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંતવાર અનંત ગુણો તોપણ પાર નહિ એવા ભાવને... આહા...! '**...દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને પહોંચી વળતું હોવાથી જેણે અદ્‌ભુત માહાત્મ્ય પ્રગટ કર્યું છે,...**' જેણે અદ્‌ભુત માહાત્મ્ય પ્રગટ કર્યું છે ! આ..હા..હા...! માટે '**...સર્વગત જ છે.**' સર્વગત છે, સર્વને પહોંચી વળ્યું છે, એમ (કહેવું છે). આ અપેક્ષાથી લેવું, હોં...!

'પંચાધ્યાયી' (શાસ્ત્ર)માં તો સર્વગત (માનવાવાળાને) મિથ્યાદૃષ્ટિમાં નાખ્યો છે. (એનો અર્થ) પરમાં એકલો વ્યાપી જાય છે (એમ જે માને છે તેને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે). 'પંચાધ્યાયી'માં બધું છે. આપણે આ અપેક્ષા છે. એક સમયમાં સર્વગત (એટલે) બધું પૂર્ણ જાણે અને તે રીતે પરિણમન શરૂ જ છે. એટલે એને નિત્ય પણ કહેવાય, આ..હા..હા...! અને બધા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને જાણ્યું પણ કહેવાય. એવું અદ્‌ભુત માહાત્મ્ય પ્રગટ કર્યું છે એવું સર્વગત છે. લ્યો !

**ભાવાર્થ :--** '**અક્રમે પ્રવર્તતું જ્ઞાન એક જ્ઞેયથી બીજા જ્ઞેય પ્રત્યે પલટાતું નહિ હોવાથી નિત્ય છે,...**' પલટાતું નથી તેથી તેને નિત્ય કહ્યું, જોયું ? '**...પોતાની સમસ્ત શક્તિઓ ખૂલી ગઈ હોવાથી ક્ષાયિક છે;...**' (અર્થાત્) બધી શક્તિઓ પ્રગટ થઈ ગઈ છે. જ્ઞાનની હોં...! '**...આવા અક્રમિક જ્ઞાનવાળો પુરુષ જ સર્વજ્ઞ હોઈ શકે. સર્વજ્ઞના એ જ્ઞાનનું કોઈ પરમ અદ્‌ભુત માહાત્મ્ય છે.**' વિશેષ કહેશે....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ ज्ञानिनो ज्ञप्तिक्रियासद्भावेऽपि क्रियाफलभूतं बन्धं प्रतिषेधयन्नुपसंहरति–

**ण वि परिणमदि ण गेण्हदि उप्पज्जदि णेव तेसु अट्ठेसु।**
**जाणण्णवि ते आदा अबंधगो तेण पण्णत्तो।।५२।।**

**नापि परिणमति न गृह्याति उत्पद्यते नैव तेष्वर्थेषु।**
**जानन्नपि तानात्मा अबन्धकस्तेन प्रज्ञप्तः।।५२।।**

इह खलु `उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णियदिणा भणिया। तेसु विमूढो रत्तो दुट्ठो वा बंधमणुभवदि।।' इत्यत्र सूत्रे उदयगतेषु पुद्गलकर्मांशेषु सत्सु संचेतयमानो मोहरागद्वेष-परिणतत्वात् ज्ञेयार्थपरिणमनलक्षणया क्रियया युज्यमानः क्रियाफलभूतं बन्धमनुभवति, न तु ज्ञानादिति प्रथममेवार्थपरिणमनक्रियाफलत्वेन बन्धस्य समर्थितत्वात्। तथा `गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं। पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं।'इत्यर्थपरिणमनादिक्रियाणामभावस्य शुद्धात्मनो निरूपितत्वाच्चार्थानपरिणमतोऽगृह्ण-तस्तेष्वनुत्पद्यमानस्य चात्मनो ज्ञप्तिक्रियासद्भावेऽपि न खलु क्रियाफलभूतो बन्धः सिद्ध्येत् ।।५२।।

(**स्रग्धरा**)

**जानन्नप्येष विश्वं युगपदपि भवद्भाविभूतं समस्तं।**
**मोहाभावाद्यदात्मा परिणमति परं नैव निर्लूनकर्मा।**
**तेनास्ते मुक्त एव प्रसभविकसितज्ञप्तिविस्तारपीत-**
**ज्ञेयाकारां त्रिलोकीं पृथगपृथगथ द्योतयन् ज्ञानमूर्तिः।।४।।**

**- इति ज्ञानाधिकारः।**

---

एवं केवलज्ञानमेव सर्वज्ञ इति कथनरूपेण गाथैका, तदनन्तरं सर्वपदार्थपरिज्ञानात्परमात्म-ज्ञानमिति प्रथमगाथा परमात्मज्ञानाच्च सर्वपदार्थपरिज्ञानमिति द्वितीया चेति। ततश्च क्रमप्रवृत्त-ज्ञानेन सर्वज्ञो न भवतीति प्रथमगाथा, युगपद्ग्राहकेण स भवतीति द्वितीया चेति समुदायेन सप्तमस्थले गाथापञ्चकं गतम्। अथ पूर्वं यदुक्तं पदार्थपरिच्छित्तिसद्भावेऽपि रागद्वेषमोहाभावात् केवलिनां बन्धो नास्तीति तमेवार्थं प्रकारान्तरेण दृढीकुर्वन् ज्ञानप्रपञ्च धिकारमुपसंहरति–**ण वि परिणमदि** यथा स्वकीयात्मप्रदेशैः समरसीभावेन सह परिणमति तथा ज्ञेयरूपेण न परिणमति। **ण गेण्हदि** यथैव चानन्तज्ञानादिचतुष्टयरूपमात्मरूपमात्मरूपतया गृह्णाति तथा ज्ञेयरूपं न गृह्णाति। **उप्पज्जदि णेव तेसु अट्ठेसु** यथा च निर्विकारपरमानन्दैकसुखरूपेण स्वकीयसिद्धपर्यायेणोत्पद्यते तथैव च ज्ञेयपदार्थेषु नोत्पद्यते। किं कुर्वन्नपि। **जाणण्णवि** ते तान्

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ज्ञेयपदार्थान् स्वस्मात् पृथग्रूपेण जानन्नपि। स कः कर्ता। **आदा** मुक्तात्मा। **अबंधगो तेण पण्णत्तो** ततः कारणात्कर्म-णामबन्धकः प्रज्ञप्त इति। तद्यथा-रागादिरहितज्ञानं बन्धकारणं न भवतीति ज्ञात्वा शुद्धात्मो-पलम्भलक्षणमोक्षविपरीतस्य नारकादिदुःखकारणकर्मबन्धस्य कारणानीन्द्रियमनोजनितान्येकदेश-विज्ञानानि त्यक्त्वा सकलविमलकेवलज्ञानस्य कर्मबन्धाकारणभूतस्य यद्बीजभूतं निर्विकारस्व- संवेदनज्ञानं तत्रैव भावना कर्तव्येत्यभिप्रायः।।५२।।

एवं रागद्वेषमोहरहितत्वात्केवलिनां बन्धो नास्तीति कथनरूपेण ज्ञानप्रपञ्चसमाप्तिमुख्यत्वेन चैकसूत्रेणाष्टमस्थलं गतम्।

अथ ज्ञानप्रपञ्चव्याख्यानानन्तरं ज्ञानाधारसर्वज्ञं नमस्कारोति –

**तस्स णमाइं लोगो देवासुरमणुअरायसंबंधो।**
**भत्तो करेदि णिच्चं उवजुत्तो तं तहा वि अहं।।२।।**

करेदि करोति। स कः। लोगो लोकः। कथंभूतः। **देवासुरमणुअरायसंबंधो** देवासुर-मनुष्यराजसंबन्धः। पुनरपि कथंभूतः। **भत्तो** भक्तः। **णिच्चं** नित्यं सर्वकालम्। पुनरपि किंविशिष्टः। **उवजुत्तो** उपयुक्त उद्यतः। इत्थंभूतो लोकः कां करोति। **णमाइं** नमस्यां नमस्क्रियाम्। कस्य। **तस्स** तस्य पूर्वोक्तसर्वज्ञस्य। **तं तहा वि अहं** तं सर्वज्ञं तथा तेनैव प्रकारेणाहमपि ग्रन्थकर्ता नमस्करोमीति। अयमत्रार्थः–यथा देवेन्द्रचक्रवर्त्यादयोऽनन्ताक्षयसुखादिगुणास्पदं सर्वज्ञस्वरूपं नमस्कुर्वन्ति, तथैवाहमपि तत्पदाभिलाषी परमभक्त्या प्रणमामि।।२।।

---

હવે જ્ઞાનીને (–કેવળજ્ઞાની આત્માને) જ્ઞપ્તિક્રિયાનો સદ્ભાવ હોવા છતાં પણ તેને ક્રિયાના ફળરૂપ બંધનો નિષેધ કરતાં ઉપસંહાર કરે છે (અર્થાત્ કેવળજ્ઞાની આત્માને જાણનક્રિયા હોવા છતાં બંધ થતો નથી એમ કહી જ્ઞાન–અધિકાર પૂર્ણ કરે છે) :--

**તે અર્થરૂપ ન પરિણમે જીવ, નવ ગ્રહે, નવ ઊપજે,**
**સૌ અર્થને જાણે છતાં, તેથી અબંધક જિન કહે. ૫૨.**

**અન્વયાર્થ :– [आत्मा]** (કેવળજ્ઞાની) આત્મા **[तान् जानन् अपि]** પદાર્થોને જાણતો હોવા છતાં **[न अपि परिणमति]** તે-રૂપે પરિણમતો નથી, **[न गृह्णाति]** તેમને ગ્રહતો નથી **[तेषु अर्थेषु न एव उत्पद्यते]** અને તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી **[तेन]** તેથી **[अबंधकः प्रज्ञप्तः]** તેને અબંધક કહ્યો છે.

**ટીકા :–** અહીં '**उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णियदिणा भणिया। तेसु विमूढो रत्तो दुट्ठो वा बंधमणुभवदि।।**' એ ગાથાસૂત્રમાં, 'ઉદયગત પુદ્ગલકર્માંશોની હયાતીમાં ચેતતાં-જાણતાં-અનુભવતાં મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ક્રિયા સાથે જોડાતો થકો આત્મા ક્રિયાફળભૂત બંધને અનુભવે છે, પણ જ્ઞાનથી નહિ' એમ પ્રથમ જ અર્થપરિણમનક્રિયાના ફળપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બંધનું સમર્થન કરવામાં આવ્યું છે (અર્થાત્ બંધ તો પદાર્થોરૂપે પરિણમવારૂપ ક્રિયાનું ફળ છે એમ નક્કી કરવામાં આવ્યું છે). તથા '**[गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं। पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं।।**' એ ગાથાસૂત્રમાં શુદ્ધાત્માને અર્થપરિણમનાદિ ક્રિયાઓનો અભાવ નિરૂપિત કરવામાં આવ્યો છે તેથી જે (આત્મા) પદાર્થોરૂપે પરિણમતો નથી, તેમને ગ્રહતો નથી અને તે-રૂપે ઉત્પન્ન થતો નથી તે આત્માને જ્ઞપ્તિક્રિયાનો સદ્ભાવ હોવા છતાં પણ ખરેખર ક્રિયાફળભૂત બંધ સિદ્ધ થતો નથી.

**ભાવાર્થ :–** કર્મના ત્રણ ભેદ પાડવામાં આવે છે : પ્રાપ્ત, વિકાર્ય અને નિર્વર્ત્ય. કેવળીભગવાનનું પ્રાપ્ય કર્મ, વિકાર્ય કર્મ અને નિર્વર્ત્ય કર્મ જ્ઞાન જ છે, કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે, જ્ઞાનરૂપે જ પરિણમે છે અને જ્ઞાનરૂપે જ ઊપજે છે. આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે. આમ હોવાથી કેવળીભગવાનને બંધ થતો નથી, કારણ કે જ્ઞપ્તિક્રિયા બંધનું કારણ નથી પરંતુ જ્ઞેયાર્થપરિણમન ક્રિયા અર્થાત્ જ્ઞેય પદાર્થો સન્મુખ વૃત્તિ થવી (–જ્ઞેય પદાર્થો પ્રતિ પરિણમવું) તે બંધનું કારણ છે. ૫૨.

(હવે પૂર્વોક્ત આશયને કાવ્યદ્વારા કહી, કેવળજ્ઞાની આત્માનો મહિમા કરી, આ જ્ઞાન-અધિકાર પૂર્ણ કરવામાં આવે છે :)

**અર્થ :–** જેણે કર્મોને છેદી નાખ્યાં છે એવો આ આત્મા ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણે કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને) યુગપદ્ જાણતો હોવા છતાં મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી, તેથી હવે જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.

આ રીતે **જ્ઞાન–અધિકાર** પૂર્ણ થયો.

---

## (તા. ૨૭-૨-૧૯૭૯ – પ્રવચન નંબર-૫૨)

'પ્રવચનસાર', ગાથા–૫૨. '**હવે જ્ઞાનીને (–કેવળજ્ઞાની આત્માને),...**' આ કેવળજ્ઞાનનો છેલ્લો શ્લોક છે. પછી 'સુખ'નો (અધિકાર) આવશે. '**...(–કેવળજ્ઞાની આત્માને) જ્ઞપ્તિક્રિયાનો સદ્ભાવ,...**' (અર્થાત્) જાણવાની ક્રિયા થાય છે '**...છતાં પણ તેને ક્રિયાના ફળરૂપ બંધનો નિષેધ,...**' (છે) (અર્થાત્) તેને બંધન થતું નથી. જ્ઞાનનું પરિણમન તો જ્ઞપ્તિ–જાણવું કરે છે, જાણવાની ક્રિયા થાય છે. બારમા ગુણસ્થાનમાં પલટાતી જ્ઞપ્તિક્રિયા છે તે આ નથી. એ તો જ્ઞપ્તિપરિવર્તન હતું – પરિવર્તન (હતું). અને આ જ્ઞપ્તિક્રિયા (છે) (એટલે કે) ફક્ત પરિણમન છે એ ક્રિયા છે. પર્યાય છે એ ક્રિયા છે. કેવળજ્ઞાનનું પરિણમન છે એ ક્રિયા છે. એ ક્રિયા હોવા છતાં... આ..હા..હા...! એ જ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય ષટ્કારકપણે પરિણમતી ક્રિયા હોવા છતાં... કેવળજ્ઞાનની હોં...! '**...તેને ક્રિયાના ફળરૂપ બંધનો નિષેધ કરતાં,...**' (એટલે) એને ક્રિયાનું ફળ (જે) બંધ (તે) નથી.

(તે બંધનો નિષેધ કરતાં) '**...ઉપસંહાર કરે છે (અર્થાત્ કેવળજ્ઞાની આત્માને જાણનક્રિયા હોવા છતાં બંધ થતો નથી એમ કહી જ્ઞાન–અધિકાર પૂર્ણ કરે છે) :--**'

**ण वि परिणमदि ण गेण्हदि उप्पज्जदि णेव तेसु अट्ठेसु।**
**जाणण्णवि ते आदा अबंधगो तेण पण्णत्तो।।५२।।**

**તે અર્થરૂપ ન પરિણમે જીવ, નવ ગ્રહે, નવ ઊપજે,**
**સૌ અર્થને જાણે છતાં, તેથી અબંધક જિન કહે. ૫૨.**

ટીકા(માં જે આધાર આપ્યો છે તે) ૪૩ ગાથા આવી ગઈ છે. '**અહીં `उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णियदिणा भणिया। तेसु विमूढो रत्तो दुट्ठो वा बंधमणुभवदि।।' એ ગાથાસૂત્રમાં,...**' એમ કહ્યું (કે) '**....`ઉદયગત પુદ્ગલકર્માંશોની હયાતીમાં,...**' (અર્થાત્) કર્મનો ઉદય છે તેની હયાતીમાં. '**...ચેતતાં–જાણતાં–અનુભવતાં મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ક્રિયા સાથે જોડાતો થકો આત્મા ક્રિયાફળભૂત બંધને અનુભવે છે,...**' એ ૪૩ (ગાથામાં) આવી ગયું છે. શું કીધું ? કે, કર્મનો ઉદય છે તેથી તેને બંધનું કારણ નથી. એમ જ્ઞાનસ્વભાવ જે છે એ બંધનું કારણ નથી. બંધનું કારણ તો તે વખતે વિમૂઢ–મિથ્યાત્વ ને રાગ–દ્વેષને કરે તો તેને બંધનું કારણ થાય. કર્મનો ઉદય પણ (બંધનું કારણ) નહિ અને જ્ઞાનસ્વભાવ પણ નહિ, જ્ઞાનસ્વભાવનું ભાન થયું છે, એને પણ નહિ. મોહ, રાગ–દ્વેષને કરે તો તે ક્રિયાનું ફળ એને બંધન થાય. કહો સમજાણું આમાં ?

કર્મનો ઉદય હોવા છતાં જાણતાં–ચેતતાં–અનુભવતાં જો એમાં મોહ ને રાગ–દ્વેષમાં પરિણત થાય તો '**...જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ક્રિયા,...**' (અર્થાત્) જ્ઞેયના અર્થે પરિણમતા રાગના અનુભવવાળો. એ (ક્રિયા) '**...સાથે જોડાતો થકો આત્મા ક્રિયાફળભૂત બંધને અનુભવે છે,...**' આવી વાતું...! ચોપડામાં ક્યાંય હાથ આવે નહિ !

કહે છે કે, આત્મા(ને) પોતાની જ્ઞાન પરિણતિ જે છે, તે કાળે સામે કર્મનો ઉદય તો છે. અત્યારે કેવળીના વાત નથી કહેવી, એની પહેલાંની (ભૂમિકાની) વાત છે. ઉદય છે છતાં જે જ્ઞાન રાગ, દ્વેષ અને મોહમાં જોડાય એ ક્રિયાનું ફળ બંધન છે. સમજાણું કાંઈ ? કર્મનો ઉદય છે એ બંધનું કારણ હોય તો કોઈ અબંધ થઈ શકે જ નહિ. જ્ઞાનસ્વભાવ બંધનું કારણ હોય તોપણ કોઈ દિવસ અબંધ થઈ શકે નહિ. જ્ઞાતા–દ્રષ્ટાનો સ્વભાવ પણ બંધનું કારણ નથી, કર્મનો ઉદય બંધનું કારણ નથી, આહા...હા...! બંધનું કારણ મિથ્યા શ્રદ્ધા–રાગાદિ તે હું છું તે, અને રાગ ને દ્વેષ–ઇષ્ટ-અનિષ્ટમાં વૃત્તિ, એવા મોહ ને રાગ–દ્વેષના પરિણામ ક્રિયાફળ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ ? આવી વાતું છે...!

આત્મા ચૈતન્યસ્વરૂપ ભગવાન ! એને કહે છે કે, જ્ઞાનનું પરિણમન હો તો એ જ્ઞાનનું પરિણમન કંઈ બંધનું કારણ નથી. તેમ તેને કર્મનો ઉદય પરદ્રવ્ય તરીકે હોય (તો) એ તો પરદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એથી એને કર્મનો ઉદય બંધનું કારણ નથી. ફક્ત તેમાં રાગ–દ્વેષ અને મોહ થઈને જ્ઞાન તેમાં જોડાઈ જાય...આહા..હા...! તેને બંધન થાય અને સંસાર વધે. એ કહ્યું લ્યો ! '**...પણ જ્ઞાનથી નહિ**' છે ?

'**ઉદયગત પુદ્‌ગલકર્માંશોની હયાતીમાં,...**' (એમ કહીને) તે એક કોર રાખ્યું. કર્મનો ઉદય છે તેની હયાતી ભલે હો ! તેની હયાતીમાં '**...ચેતતાં–જાણતાં–અનુભવતાં મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી,...**' (અર્થાત્) મિથ્યાશ્રદ્ધા, મિથ્યા રાગ–દ્વેષ રૂપે પરિણમવાથી '**...જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ક્રિયા,...**' (એટલે) જ્ઞેયને લક્ષે ચડી ગયો. જ્ઞેયને લક્ષે રાગ, દ્વેષ, મોહમાં ચડી ગયો. તે '**...ક્રિયા સાથે જોડાતો થકો આત્મા ક્રિયાફળભૂત બંધને અનુભવે છે, પણ જ્ઞાનથી નહિ,...**' પહેલાં કીધું– ઉદયથી નહિ, અહીં (કીધું)–જ્ઞાનથી નહિ, આ..હા..હા...! જાણવું છે એનાથી બંધનું કારણ નથી, (જો જાણવું બંધનું કારણ હોય) તો કેવળીને ત્રણકાળ ત્રણલોક જણાય છે (તેને વધારે બંધ થાય. પણ તેમને બંધ તો છે નહિ) એ જ અહીંયાં બતાવવું છે.

'પંચાધ્યાયી'માં કીધું છે, 'હે મહાપ્રજ્ઞ' ! એ પ્રશ્ન ઘણો ચર્ચાણો હતો. 'હે મહાપ્રજ્ઞ' શ્રદ્ધામાં જેમ એક જ ત્રિકાળ વિષય છે, તેમ જ્ઞાનમાં ઘણો બધો વિષય છે. જ્ઞાન બધાંને જાણે. જાણે માટે બંધનું કારણ નથી, આહા..હા...! જાણવું એ કાંઈ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ ? તેમ કર્મનો ઉદય છે એ બંધનું કારણ નથી. ફક્ત એ જ્ઞાનને મોહ, રાગ–દ્વેષ સાથે જોડી દે તો એ ક્રિયાનું ફળ બંધન છે, આ..હા..હા...!

'**...એમ પ્રથમ જ અર્થપરિણમનક્રિયાના ફળપણે બંધનું સમર્થન કરવામાં આવ્યું છે,...**' પહેલાં જે અર્થપરિણમન એટલે પદાર્થને લક્ષે પરિણમનક્રિયાનું ફળ બંધ કહેવામાં આવ્યું છે. જ્ઞેયાર્થપરિણમનક્રિયા–પરજ્ઞેયના પ્રયોજનને માટે મોહ, રાગ–દ્વેષથી પરિણમે તો બંધનું કારણ છે. પણ જ્ઞાનમાં જાણવાની ક્રિયા કરે–કેવળજ્ઞાની ત્રણકાળ ત્રણલોકને પૂર્ણ (જાણે) તેથી તે કાંઈ બંધનું કારણ નથી.

('સમયસાર'ની) સાતમી ગાથામાં એમ કહ્યું કે, દર્શન, જ્ઞાન, ચારિત્રનો ભેદ કરે તોપણ એ ભેદ છે એ બંધનું કારણ છે. કેમ ? (કે) રાગી છે માટે. આહા..હા...! અભેદ (સ્વરૂપ) તો દૃષ્ટિનો વિષય છે, પણ કહે છે કે, દર્શન, જ્ઞાન, અને ચારિત્ર એવા ભેદ પાડે તોપણ રાગી પ્રાણી છે માટે (બંધનું કારણ થાય છે). વીતરાગ કેવળીને બધા ભેદ (જણાય છે) – પોતાના ગુણોનો ભેદ, દ્રવ્યનો, પર્યાયનો (ભેદ) બધું જાણે, પરના બધા (ભેદને) જાણે, પણ જાણવું એ પોતે બંધનું કારણ નથી. છદ્મસ્થ(જીવ) જો અભેદની દૃષ્ટિ છોડીને જાણવામાં ભેદ કરે તો એ ભેદમાં એને રાગ થયા વિના રહે નહિ. ભેદને જાણે છે માટે રાગ થાય (છે), એમ નહિ. રાગી છે માટે ભેદ કરતાં રાગ ઊઠે છે, આહા..હા...! કેવળજ્ઞાની ત્રણકાળ ત્રણલોકને જાણે છે, ભેદાભેદ બધાંને જાણે છે, (હવે) ભેદને જાણવાથી રાગ (થતો) હોય તો એને પણ બંધન થાય, આ..હા..હા..!

શ્રોતા :-- મિથ્યાજ્ઞાન બંધનું કારણ છે કે નથી ?

સમાધાન :-- મિથ્યાશ્રદ્ધા કીધું ને ! મિથ્યાશ્રદ્ધામાં જ્ઞાન આવી ગયું ને ! જ્ઞાન પણ બંધનું કારણ છે. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા(ચારિત્ર) ત્રણે બંધના કારણ છે. એ પહેલાં આવી ગયું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નાંખ્યું છે કે, જેમ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર મોક્ષનું કારણ છે એમ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર બંધનું કારણ છે. એમાં પ્રશ્ન ઊઠ્યો છે કે, જ્ઞાન છે, એ મિથ્યાત્વ સાથે છે માટે બંધનું કારણ છે ? તો કહે, ના ! જ્ઞાન સ્વતંત્ર અલ્પજ્ઞ છે માટે બંધનું કારણ છે. સ્વને ન જાણતા પરને જાણીને રોકાય છે એ જ્ઞાનનો દોષ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે. એમ કહે (છે કે), મિથ્યાત્વ તે બંધનું કારણ છે અને તેની સાથે જ્ઞાન (છે) એ મિથ્યાત્વને લઈને વિપરીત જ્ઞાન છે, માટે જ્ઞાનમાં મિથ્યાત્વ બંધનું કારણ છે, એમ નથી. (પણ) જ્ઞાન પોતે અજ્ઞાનરૂપે પરિણમે છે. જે સ્વનો વિષય કરવો જોઈએ એને ઠેકાણે જ્ઞાન પરના વિષયમાં રોકાઈ ગયું. એ જ્ઞાન(નો) પોતાનો દોષ છે, મિથ્યાત્વ છે એ તો નિમિત્ત છે. સમજાણું આમાં ? મિથ્યાત્વ તો નિમિત્ત છે. ઉપાદાન–એનું અજ્ઞાનપણું–એકલું પરને જાણવું એ એનો–મિથ્યાજ્ઞાનનો પોતાનો સ્વભાવ છે.

શ્રોતા :-- જ્ઞાન તો એક ક્ષયોપશમનો અંશ છે એનાથી બંધ થતો નથી !

સમાધાનઃ-- ક્ષયોપશમથી બંધ ન થાય એ (વાત અત્યારે નથી). જ્ઞાનનો અંશ છે એ તો ઉઘાડ છે. પણ એ જ્ઞાનનો અંશ એકલો પરને જાણે અને સ્વને ન જાણે, એ દોષનું કારણ છે, આ..હા..હા...! એમ કહ્યું ને ? જુઓને...!

'**...પરિણમનસ્વરૂપ ક્રિયા સાથે જોડાતો થકો,...**' (અર્થાત્) મોહ અને રાગ, દ્વેષ થાય તેની સાથે જોડાય છે. માટે બંધનું કારણ છે. ઝીણી વાત છે, ભાઈ ! આ..હા..હા...! એક જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! એ ત્રણકાળ ત્રણલોકને જાણે, એ જાણવું કોઈ બંધનું કારણ નથી. તેમ એને અઘાતિકર્મનો ઉદય છે, મોહ તો છે નહિ, તો એ ઉદય છે એ બંધનું કારણ નથી. એમાં રાગ, દ્વેષ અને મોહ કરે, મિથ્યાત્વ કરે તો બંધનું કારણ છે, આહા..હા...! સમજાણું કાંઈ ?

'**(અર્થાત્ બંધ તો પદાર્થોરૂપે પરિણમવારૂપ ક્રિયાનું ફળ છે,...**' જોયું ? 'પદાર્થરૂપે' એટલે તેના લક્ષે, તેને આશ્રયે રાગથી પરિણમે, એ ક્રિયાનું ફળ છે '**...એમ નક્કી કરવામાં આવ્યું છે) તથા,...**' હવે અહીં આવ્યું છે. '**गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि...**' અહીંયાં આવ્યું છે. જુઓ આ ('સમયસાર'ની ૭૬ થી ૭૯ ગાથાના) ત્રણ બોલ આવ્યા–પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. એ આ ભાષા છે, પછી 'ભાવાર્થ'માં નાખશે, આહા...હા...! શું કહે છે ?

'**गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं। पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं।।**' એ ૩૨મી ગાથામાં આવી ગયું. એનો સાર હવે આમાં કહે છે. એ ૩૨મી ગાથા ! '**એ ગાથાસૂત્રમાં શુદ્ધાત્માને અર્થપરિણમનાદિ ક્રિયાઓનો અભાવ નિરૂપિત કરવામાં આવ્યો છે તેથી જે (આત્મા) પદાર્થોરૂપે પરિણમતો નથી, તેમને ગ્રહતો નથી,...**' પદાર્થરૂપે પરિણમવું તે તેને ગ્રહતો નથી, પોતાની પર્યાયને ગ્રહે છે, આહા..હા...! '**...અને તે–રૂપે ઉત્પન્ન થતો નથી,...**' (અર્થાત્) પરના પદાર્થરૂપે ઉત્પન્ન થતો નથી. '**...તે આત્માને જ્ઞપ્તિક્રિયાનો સદ્ભાવ હોવા છતાં,...**' પરિણમતો નથી, ગ્રહતો નથી, ઉત્પન્ન થતો નથી–આ બોલમાંથી પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય કાઢ્યું. એક તો ૭૬ થી ૭૯માં છે, એક ૧૦૭માં છે ! પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય–૧૦૭ ગાથા 'સમયસાર'માં છે. અને એક આ 'પ્રવચનસાર'ની ૫૨ ગાથામાં છે. શું કહે છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(શુદ્ધાત્માને અર્થપરિણમનાદિ ક્રિયાઓનો અભાવ) '**...નિરૂપિત કરવામાં આવ્યો છે તેથી જે (આત્મા) પદાર્થોરૂપે પરિણમતો નથી,...**' એ તો પોતાના જ્ઞાનરૂપે પરિણમે છે–એક વાત ! '**...તેમને ગ્રહતો નથી,...**' (એટલે) જ્ઞેયને ગ્રહતો નથી, એ તો પોતાની પર્યાયને ગ્રહે છે. '**...તે–રૂપે ઉત્પન્ન થતો નથી,...**' (એટલે) પરજ્ઞેયરૂપે ઉત્પન્ન થતો નથી (પણ) પોતાની નિર્મળ પર્યાયપણે ઉત્પન્ન થાય છે, આ..હા..હા...!

ખરેખર તો કેવળજ્ઞાન જે છે એ પોતે જ કર્તા થઈ અને પોતાનું કાર્ય તે જ સમયે પોતે કરે છે. પરને ગ્રહતો નથી અને પરનું કાર્ય કરતો નથી, આહા..હા...! કર્તા કેવળજ્ઞાનની પર્યાય ષટ્કારકરૂપે સ્વતંત્ર પરિણમે છે, આહા..હા...! એને પરપદાર્થની (અપેક્ષા) નથી છતાં સ્વપદાર્થની પણ તેને અપેક્ષા નથી, આહા...! કેવળજ્ઞાનની પર્યાય ષટ્કારકરૂપે (પરિણમે છે). અરે...! દરેક દ્રવ્યની (પર્યાય આમ પરિણમે છે) ! જેટલાં દ્રવ્યો છે તે વિકારપણે પરિણમે કે અવિકારપણે પરિણમે, તે–તે પર્યાય ષટ્કારકપણે સ્વતંત્ર થઈને પરિણમન (કરે છે). કર્તાનો અર્થ સ્વતંત્ર. કર્મનો અર્થ કાર્ય. કરણનો અર્થ સાધન. સંપ્રદાનનો અર્થ પોતામાં રાખે છે. અપાદાનનો અર્થ પર્યાયથી પર્યાય થાય. આધારનો અર્થ પર્યાયને આધારે પર્યાય થઈ, દ્રવ્ય–ગુણને આધારે નહિ ! આવી વાતું છે...!

'**...આત્માને જ્ઞપ્તિક્રિયાનો સદ્ભાવ હોવા છતાં,...**' (એટલે) જાણવાની ક્રિયા(નું) પરિણમન હોવા છતાં '**...ખરેખર ક્રિયાફળભૂત બંધ સિદ્ધ થતો નથી.**' (અર્થાત્) ક્રિયાનું ફળ જે રાગથી બંધ થવો એ રાગ એને નથી, મોહ નથી, માટે બંધ છે નહિ. એક સમયનો (ઉદય આવે) એની અહીં ગણતરી ન કરી. સમજાણું કાંઈ.. ? આ (રાગ–દ્વેષરૂપ) બંધ નથી. પેલો (ઉદય) તો એક સમય આવે છે ને બીજા સમયે છૂટી જાય છે, આહા..હા...!

**ભાવાર્થ :--** '**કર્મના ત્રણ ભેદ પાડવામાં આવે છે :**' કર્મ નામ કાર્ય ! કર્મ નામ કાર્યના ત્રણ ભેદ પાડવામાં આવ્યા છે. પ્રાપ્ય રૂપી કર્મ, વિકાર્ય રૂપી કાર્ય અને નિર્વર્ત્ય રૂપી કાર્ય. આ '**...પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. કેવળીભગવાનનું પ્રાપ્ય કર્મ, વિકાર્ય કર્મ અને નિર્વર્ત્ય કર્મ જ્ઞાન જ છે,...**' આ..હા..હા...! શું કીધું એ ? કેવળીભગવાન પોતાનું જ્ઞાન જે પ્રાપ્ય છે–તે વખતે થયું છે તેને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે, પરને નહિ, આહા..હા...! પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એક સમયના ઉત્પાદ્, વ્યય અને ધ્રૌવ્ય સિદ્ધ કરે છે. પ્રાપ્ય તે ધ્રુવ છે (એટલે કે) એ સમયની પર્યાય બરાબર એ સમયે થવાની, તેને 'પ્રાપ્ય' કહીએ. તેને જ્ઞાન પહોંચી વળે છે. અને પૂર્વથી પલટ્યું છે તેને 'વિકાર્ય' કહેવામાં આવે છે. છે તો એકની એક પર્યાય, પણ એકની એક પર્યાયને ત્રણ પ્રકારની અપેક્ષા લાગુ પડે છે.

કેવળજ્ઞાની ભગવાન એનું કાર્ય શું ? (તો) કહે છે કે, પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય–એ એનું કાર્ય ! એટલે શું ? કે, એ પોતે, જે છે તેને જાણે છે, તેને ગ્રહે છે. બીજા રાગને ગ્રહે છે, જ્ઞેયને ગ્રહે છે–એ છે નહિ. અને છે તેને–તે કાર્યને પહોંચી વળે છે, એ એનું કર્મ છે. કર્તા સ્વતંત્ર થઈ અને પ્રાપ્યને પહોંચી વળે છે. કર્તા સ્વતંત્ર થઈ અને કાર્યને કરે છે. કર્તા સ્વતંત્ર થઈ અને સાધન પોતે પર્યાયનું કરે છે. કર્તા સ્વતંત્ર થઈ અને પોતે પોતાને રાખે છે. કર્તા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વતંત્ર થઈ અને પોતામાંથી પોતે થાય છે. કર્તા સ્વતંત્ર થઈ અને પોતાના આધારે પોતે થાય છે, આ..હા..હા...! આવી વાત છે !

આ પરમાણુ લ્યો ને ! એક પરમાણુ ! એ પરમાણુની અનંત ગુણની સમયે–સમયે અનંતી પર્યાય થાય છે. કહેવાય એક સમયની એક પર્યાય ! (પણ) છે અનંતી ! એક રજકણ હોં...! એ રજકણમાં જે અનંતી પર્યાય થાય છે–એ છે, તેને પરમાણુ પહોંચી વળે તેનું નામ પ્રાપ્ય. પૂર્વની (પર્યાય) બદલીને થઈ તેનું નામ વિકાર્ય. વસ્તુ તો એની એ. આહા..હા...! કેટલાક એમ કહે છે કે, 'એક ધોળો પ્યાલો હોય (તેમાં) આપણે લાલ રંગ નાખીએ તો લાલ દેખાય, પીળો નાખીએ તો પીળો દેખાય !' પણ એમ નથી, એમ કહે છે. એ લાલ (રંગ) પડ્યો ત્યારે પોતાની પર્યાયમાં લાલપણે પરિણમવાની પર્યાય ષટ્કારકથી પોતાથી થઈ છે. રંગને લઈને નહિ ! અરે.. અરે...! આવી વાતું ક્યાં (સાંભળી હોય) ! નિમિત્તના પક્ષકારો આ દલીલ આપે છે. ધોળો પ્યાલો હોય લ્યો ! (એમાં) જેવું આપણે નાખીએ એવો રંગ દેખાય ! પણ એ રંગ છે એ પ્યાલાને અડતો પણ નથી !!

શ્રોતા :-- રંગને નાખી શકે છે કે નહિ !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- નાખી શકવાનો પ્રશ્ન પછી છે. નાખે કોણ ? એ અડતો જ નથી ને ! એ પણ એને અડતો નથી, આહા..હા...! એ પ્યાલામાં જ્યારે ધોળી પર્યાયના ષટ્કારકનું પરિણમન છે ત્યારે સ્વતંત્ર પોતાથી છે. અને પછી લાલ દેખાણું (તેમાં) રંગ તો નિમિત્ત છે, એ લાલ દેખાણું એ લાલ પર્યાય પણ ષટ્કારકથી પરિણમતી એનાથી ઊભી થઈ છે, આ..હા..હા...! આવું કામ આકરું છે ! વાણિયાને નવરાશ ન મળે, એને આવો નિર્ણય કરવો !! આ..હા..હા...!

દ્રવ્ય તો સ્વતંત્ર...! ત્રિકાળી છે માટે ! ગુણ સ્વતંત્ર...! ત્રિકાળી છે માટે ! કેમકે ત્રિકાળી છે એમાં આનાથી છે, એવું આવે નહિ. 'છે' એને આનાથી છે, એવું ન આવે. હવે દ્રવ્ય ને ગુણ 'છે' એમ ત્રીજી એક પર્યાય 'છે'–એમાં વાંધા ઊઠે ! પર્યાય પલટે છે, પલટતી ક્રિયા છે, તો એને માટે શું ? આને માટે (દ્રવ્ય–ગુણ માટે કોઈ કારણ નથી) એ તો 'છે' બસ...! પણ આનું (પર્યાયનું) કોઈ કારણ છે ? (તો કહે છે કે), હા ! એ પર્યાય (પોતે) પર્યાયનું કારણ છે ! એ પર્યાય પર્યાયનો આધાર અને પોતે પર્યાય કરીને પર્યાયમાં રાખી છે–એ સંપ્રદાન ! આ..હા..હા...! આવું છએ દ્રવ્યનું સ્વરૂપ છે. તો પછી કેવળજ્ઞાનમાં તો આવું હોય જ ને, એમ કહે છે, આ.હા..હા..હા...!

કેવળજ્ઞાની ઘણા–અનંત જ્ઞેયોને જાણે છે માટે તેના જ્ઞાનમાં ઉપાધિ આવી, (એમ નથી). એ તો જ્ઞાનનો સ્વભાવ છે. પોતાની જે નિર્મળ પર્યાય પ્રાપ્ય છે તેને ગ્રહે છે, આહા..હા...! અને પૂર્વની કેવળજ્ઞાનની પર્યાય બદલીને બીજી થાય છે, એ પોતાનું વિકાર્ય છે. અને તે વખતે ઊપજ્યું–નિપજી, એ પર્યાય પણ પોતાથી નિપજી છે, આ..હા..હા...! એ એક જ સમયમાં (ત્રણેય છે). ધ્રુવ તરીકે તે સમયની તે પર્યાય તે જ પ્રકારે થવાની તેને ધ્રુવ તરીકે ગણી અને વિકાર્ય પરિણમનને વ્યય તરીકે ગણી, અને ઉત્પન્ન તરીકે ઉત્પાદ્ ગણીને – એક જ સમયમાં ત્રણ સ્વતંત્ર છે, આ..હા..હા...! આવું બધું યાદ ક્યાં રહે, કહો ! આહા...! અને અત્યારે તો તકરાર (ચાલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે) 'આમ છે ને તેમ છે ને ફલાણું છે ને...! વ્યવહારથી તો થાય ને !' વ્યવહાર તો નિશ્ચયને બતાવે છે. વ્યવહાર વ્યવહારને (વ્યવહારમાં) રોકાવા માટે બતાવતું નથી, આહા..હા...! વસ્તુની જેવી સ્થિતિ છે તેને વ્યવહાર પ્રસિદ્ધ કરે છે. વ્યવહારથી એ (નિશ્ચય) પ્રસિદ્ધ થાય છે, એમ નહિ. આહા...! વ્યવહાર ભેદ પાડીને સમજાવે છે તો ભેદ છે એ અભેદને પ્રસિદ્ધ કરે છે. ભેદને લઈને અભેદ છે, એ અહીં પ્રશ્ન નથી, આહા..હા...! સમજાણું કાંઈ ? ભાષા તો સાદી છે પણ.. ભાવ ઝીણા...! આહા..હા...!

(અહીંયાં કહે છે) '**કર્મના ત્રણ ભેદ પાડવામાં આવે છે :**' કર્મ એટલે કાર્ય. કાર્યના ત્રણ પ્રકાર–ભેદ પાડવામાં આવે (છે). દરેક દ્રવ્યના સમયે–સમયે જે કાર્ય થાય છે, દરેક દ્રવ્યમાં સમયે–સમયે જે પરિણમનનું કાર્ય થાય છે, એ કાર્યના ત્રણ પ્રકાર–ભેદ પાડવામાં આવે છે, આ..હા..હા...! અહીં તો આપણે હવે કેવળજ્ઞાનીમાં ઉતારવું છે ! આ..હા..હા...!

પરમાણુ હો કે સ્કંધ હો કે અનંત આત્મા નિગોદમાં ભેગા હો....! ભેગા તો નથી, જુદા–જુદા છે, પણ એકક્ષેત્રાવગાહે બધાં ભેગા છે ને (એટલે ભેગા કહ્યું). છતાં પણ દરેક આત્મા અને દરેક પરમાણુ, તેના તૈજસ અને કાર્મણના પરમાણુ છે, તેનો દરેક પરમાણુ પોતાના પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યને ગ્રહે છે, પલટે છે, નિપજે છે. પર્યાય તો તેની તે (છે). 'છે' તેને ગ્રહે છે, 'છે' તેને પૂર્વથી પલટીને થયું છે અને 'છે' તે સીધું ઊપજ્યું છે, આહા..હા...!

'**કેવળીભગવાનનું પ્રાપ્ય કર્મ, વિકાર્ય કર્મ અને નિર્વર્ત્ય કર્મ જ્ઞાન જ છે,...**' છે ? શું કીધું એ ? કેવળીભગવાનનું કેવળજ્ઞાન છે એનું પ્રાપ્ય, વિકાર્ય, ને નિર્વર્ત્ય, એ એની પર્યાય છે. આ..હા..હા...! 'गेण्हदि', 'परिणमदि', 'उप्पज्जदि' ! 'गेण्हदि'–પ્રાપ્ય છે 'परिणमदि'–વિકાર્ય છે 'उप्पजदि'–નીપજવું છે. મૂળમાં પાઠ છે ને ? 'ण वि परिणमदि' એટલે વિકાર્ય. એટલે પહેલી જે પર્યાય હતી તે પલટીને થઈ એનું નામ 'परिणमदि' ! 'गेण्हदि' (એટલે) જે છે તેને પ્રાપ્ત કરવું તે 'गेण्हदि' ! 'उप्पज्जदि' (એટલે) એ ઊપજ્યું છે તેને નિર્વર્ત્ય કહીએ ! આ..હા..હા...!

જુઓ ! આ લાકડી છે ! આ લાકડી છે એ આમ હતી (પછી) આમ રહી. હવે આમ હતી તેનો વ્યય થઈ અને આનો ઉત્પાદ્ થયો. એની પર્યાયમાં કાર્ય એનું છે હોં..., આંગળીનું નહિ. એ પર્યાય જે આમ પલટે છે એને એ પરમાણુ ગ્રહતો નથી. ઊપજે છે તેને પકડે છે. ગ્રહતો નથી એટલે ? આમ પકડે છે. પકડે છે એટલે એ પર્યાય એનામાં થાય છે. અને પૂર્વની પલટીને થઈ એ વિકાર્ય છે. એની એ (પર્યાય) હોં...! અને એની એ પર્યાય ઊપજી એ અપેક્ષાએ નિર્વર્ત્ય (છે). ધ્રુવ છે એ અપેક્ષાએ પ્રાપ્ય છે, બદલી છે માટે વિકાર્ય છે અને વર્તમાન ઊપજી છે માટે નિર્વર્ત્ય છે, આ..હા..હા...! એક પર્યાયમાં ત્રણ (ભેદ) ! એમ અનંત દ્રવ્યમાં ત્રણ (ભેદ) ! આહા..હા...!

જે માટીમાંથી ઘડો થયો ઘડો...! એ ઘડાની પર્યાય (સ્વયંના) ષટ્કારકે પરિણમીને ઊભી થઈ છે. કુંભારથી નહિ, એના દ્રવ્ય–ગુણથી નહિ. આ..હા..હા...! માટી પ્રાપ્ય નામ ઘટની અવસ્થા થઈ તેને એ પહોંચી વળી છે. પૂર્વના પિંડની અવસ્થાને બદલીને થઈ એ પર્યાયને વિકાર્ય કહેવાય છે અને નિપજી–ઊપજી તેને ઉત્પાદ્ કહેવાય છે, આ..હા..હા...! અહીં કહે છે કે, પરને ગ્રહે

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને પરનું કરે, એ અહીં નથી. એમ કહેવું છે. પોતાના પ્રાપ્યને ગ્રહે, પોતાના વિકાર્યને પલટે (એટલે) પૂર્વની પર્યાયને પલટે અને પોતામાં ઊપજે. પણ પોતામાં (થાય). પરને ગ્રહે અને પરમાં ઊપજે ને પરને પલટાવે, (એવું નથી), આ..હા..હા...! કહો ! આવું સાંભળ્યું હતું કોઈ દિ' ? આ..હા..હા...!

છએ દ્રવ્યમાં જે સમયે જે પર્યાય થાય તે ષટ્કારકરૂપે થતી થાય, આહા..હા...! કારણ કે ષટ્કારક એના ગુણમાં છે, એથી પરિણમનમાં ષટ્કારકનું પરિણમન થયું, આહા..હા...! સમજાણું આમાં ?

શ્રોતા :-- ગુણનું પરિણમન છે તો ગુણની અપેક્ષા નથી ?

સમાધાન :-- નહિ, ગુણનું પરિણમન અપેક્ષાથી કહેવાય છે. એ પરિણમન પરિણમનનું છે. કહેવાય એમ (કે) ગુણનું પરિણમન (છે) પણ છે પરિણમન પરિણમનનું. (કારણ કે) ગુણ છે એ તો ધ્રુવ છે. ધ્રુવ ક્યાં પરિણમે છે ? સમજાણું કાંઈ...? આહા..હા...! માણસો રેલ નાખવા ડુંગરા ખોદી નાખે છે ! 'મુંબઈ' જતાં વચમાં એક નથી આવતું ? મોટા–મોટા ડુંગરા ખોદે અને આખી રેલને કાઢે છે ! અહીં કહે છે કે, પરને લઈને કાંઈ થયું નથી !! તે સમયે તે પરમાણુની પર્યાય એની જે પ્રાપ્ય છે એટલે (કે) 'છે' એને એ પહોંચી વળી છે. પૂર્વની બદલીને થઈ છે તે વિકાર્ય છે. ઊપજ્યું એ અપેક્ષાએ ઊપજ્યું. પેલું તો ધ્રુવ એટલે 'છે' તેને પ્રાપ્ત (કર્યું છે). એ 'છે' તેને ઊપજ્યું (કહીને) તેને નિર્વર્ત્ય કહ્યું, આહા..હા...! ગજબ સિદ્ધાંત..!

શ્રોતા :-- એમાં ધર્મ શું આવ્યો ?

સમાધાન :-- એમાં આત્માનો ધર્મ આવ્યો. એ ત્રણે મારાથી ઊપજે છે. એનું કાર્ય–કારણ પરમાર્થે દ્રવ્ય–હું છું. (આ સમજીને) એની દૃષ્ટિ જ્ઞાયક ઉપર પડવાની છે. એ કાર્ય કોઈ બીજાનું નથી, આહા..હા...! એ હેતું અંદર પણ લીધો છે. ('જયસેનાચાર્યદેવ')ની ટીકામાં અંદર લીધો છે, જુઓ ! '**तद्यथा–रागादिरहितज्ञानं बन्धकारणं न भवतीति ज्ञात्वा शुद्धात्मोपलम्भलक्षणमोक्षविपरीतस्य नारकादिदुःखकारणकर्मबन्धस्य कारणानीन्द्रियमनोजनितान्येकदेशविज्ञानानि त्यक्त्वा सकलविमलकेवलज्ञानस्य कर्मबन्धाकारणभूतस्य यद्बीजभूतं**' એ કેવળજ્ઞાનનું બીજભૂત (છે). '**निर्विकारस्वसंवेदनज्ञानं तत्रैव भावना कर्तव्येत्यभिप्रायः**' આહા...! દરેકનું ફળ અંદર સ્વરૂપમાં એકાગ્ર થવું (અને) વીતરાગ પર્યાય પ્રગટ કરવી (તે છે). વીતરાગ પર્યાય વીતરાગ સ્વભાવને આશ્રયે થાય–એ બધાંનું તાત્પર્ય છે. ગમે તે લખાણ અને ગમે તે Line આવે પણ ચારેય અનુયોગની દરેક ગાથા અને દરેકનો સાર વીતરાગતા છે. અને એ વીતરાગપર્યાય થાય કેમ ? (તો કહે છે કે) એનું લક્ષ વીતરાગ (સ્વભાવ) ઉપર જાય તો. છે વીતરાગપર્યાય(ના) સ્વતંત્ર કર્તા–કર્મ ! સમજાણું કાંઈ ? આ..હા..હા...! પણ એ વીતરાગ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને લક્ષ ત્યાં (દ્રવ્યનું) કરે છે. જ્ઞાયક સાથે એકાકાર કરે છે. એકાકારનો અર્થ એ બાજુ વળે છે. એકાકાર એટલે બે ભેગા થતા નથી.

શ્રોતા :-- તન્મય થઈ જાય છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- ના, ના...! તન્મય એટલે ? આ બાજુ (પર બાજુ) એકાકાર છે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ બાજુ (સ્વ બાજુ) એકાકાર (થાય છે). એમ એનો અર્થ (છે). દ્રવ્યની સાથે પર્યાય કંઈ એકમેક થઈ જાય છે, (એમ નથી). આ..હા..હા...! આવી ઝીણી વાતું...! આવો વીતરાગમાર્ગ છે ! અને લોકોએ કંઈકનું કંઈક કરી નાખ્યું ! આ..હા..હા...!

(હવે કહે છે) '**...કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે,...**' જોયું ? એ પ્રાપ્ય (થયું). કેવળજ્ઞાની ભગવાન જ્ઞાન(ની) પર્યાયને ગ્રહે છે, જ્ઞેયને નહિ. '**...જ્ઞાનરૂપે જ પરિણમે છે,..**' એ વિકાર્ય. જ્ઞાનરૂપે જ પરિણમે છે (એટલે) કેવળજ્ઞાનની પર્યાય કેવળજ્ઞાનપણે જ પરિણમે છે, આ..હા..હા...!

શ્રોતા :-- જ્ઞાન પરિણમે છે એટલે ?

સમાધાન :-- જ્ઞાન પરિણમે છે. પૂર્વની પર્યાયથી આ પર્યાય થઈ. એ વિકાર્ય એટલે બદલે છે. એની એ પર્યાય છે તેને પ્રાપ્ય કહીએ. તેને પરની અપેક્ષાનો અભાવ થયો અને થઈ છે માટે તેને વિકાર્ય કહીએ અને તે જ પર્યાય ઊપજી છે, અહીં નહોતી અને ઊપજી છે માટે નિર્વર્ત્ય કહીએ. આકરું છે, ભાઈ ! આહા..હા...! અહીં તો ૩૮ વર્ષ કાલે પૂરા થશે લ્યો ! મંદિરને ૩૮ વર્ષ...! ૩૯ મું બેસશે ! એવી વાત છે !

આ ઘડિયાલ છે, જુઓ ! આમ થઈ..! એ એની પર્યાય છે તેને એ પરમાણુએ ગ્રહ્યા છે, હાથથી નહીં. આહા...! એ પરમાણુ છે તેણે પ્રાપ્યને (એટલે) અવસ્થા જે આમ થઈ છે તેને ગ્રહી છે. પહેલી આ અવસ્થા આમ હતી પછી આમ થઈ એ વિકાર્યને પણ તે પરમાણુ પહોંચી વળ્યા છે અને નિપજ્યું છે (એટલે) આ અવસ્થા આમ હતી ને આમ (થઈ) એ પણ એનાથી–પરમાણુથી થઈ છે.

શ્રોતા :-- ઘડિયાલને પકડી તો રાખી છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :-- આંગળીના પરમાણુની પર્યાય, એક–એક પરમાણુ ષટ્કારકે પરિણમે છે, એ ઘડિયાલને અડ્યા વિના ! અને ઘડિયાલને આ આંગળી અડતી નથી. અરે...! આ તે કંઈ (વાત છે) !! આ..હા..હા...! પરમાણુની પર્યાય–અવસ્થા છે, તે કાળે પ્રાપ્ય (છે) તેને પહોંચી વળે છે. આ આંગળીને લઈને એમાં આમ થાય છે, (એ) ત્રણકાળમાં નથી. આ..હા..હા...! આવું તો દુનિયાને પાગલ જેવું લાગે એવું છે ! આ બધા (કામ) આખો દિ' કરીએ (છીએ) ને....! દયા પાળો, હિંસા ન કરો, ચહુવિયાર કરો...! છ કાયની હિંસા ન કરો ! પણ છ કાયમાં તું ન આવ્યો ? આહા..હા...!

'પંચાસ્તિકાયસંગ્રહ'માં આવે છે ને ? છ કાય તે જીવ નથી, તેમાં જ્ઞાન (છે) તે જીવ છે. એ આવે છે ને, વાત આવે છે ! પૃથ્વી આદિ એકેન્દ્રિયપણું જે છે એ કંઈ જીવ નથી. અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન છે તે જીવ છે, આ..હા..હા...!

(અહીંયાં કહે છે) '**આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે,...**' કેવળજ્ઞાનીનું કાર્ય જ્ઞાન છે. જ્ઞાન જે થયું તે તેનું કાર્ય છે. આ..હા..હા...! પહેલી પાંચ ગાથામાં 'ધર્મના કર્તા' કીધાં છે ને ? છે ને ? પહેલી પાંચ ગાથા નથી ? લ્યો ! ૧૬મી ગાથાનું જ સામે આવ્યું !! ઉઘાડ્યું ત્યાં ૧૬મી ગાથાના છ કારક આવ્યા ! જુઓ ! ભાવાર્થ :-- '**કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ–એ છ કારકોનાં નામ છે. જે સ્વતંત્રપણે (સ્વાધીનપણે) કરે તે કર્તા;**' ! અને આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેટલામી કીધી ? પહેલી પાંચ ! જુઓ ! (ટીકા) '**...જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ,...**' નિમિત્તથી કથન છે. '**આ સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ હું, જે સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી વંદિત હોવાથી ત્રિલોકના એક (અનન્ય, સર્વોત્કૃષ્ટ) ગુરુ છે, ઘાતિકર્મમળ ધોઈ નાખેલ હોવાથી જેમને જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ એવી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા છે, તીર્થપણાને લીધે જે યોગીઓને તારવાને સમર્થ છે,...**' 'યોગીઓને તારવા સમર્થ છે !' એ નિમિત્ત (છે). જ્ઞાનપ્રધાન કથન છે ને ! એ તો ઠીક ! '**...ધર્મના કર્તા હોવાથી જે શુદ્ધસ્વરૂપપરિણતિના કરનાર છે,...**' આ કહેવું છે ! મૂળ પાઠમાં 'કર્તા' લીધા છે ને ! ધર્મના કર્તા હોવાથી, શુદ્ધસ્વરૂપપરિણતિ (એટલે) કેવળજ્ઞાનની પરિણતિના એ કરનાર છે, આ..હા..હા...! એ ઉપદેશના કરનાર પણ નથી ! 'યોગીઓને તારવા સમર્થ છે' એ નિમિત્તથી કથન છે. યોગી પોતાની નિર્મળ પર્યાયને પ્રાપ્ય કરીને, પલટીને, ઊપજીને પોતે મોક્ષ કરે છે, આ..હા..હા...! 'નમોત્થુણં'માં આવે છે ને ? 'તિન્નાણં, તારયાણં' ! 'નમોત્થુણં'માં નથી આવતું ? 'તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં, બોહયાણં, મુત્તાણં, મોઅગાણં' !! એ બધાં નિમિત્તથી કથન છે. આ..હા..હા...!

મોક્ષની પર્યાય કહો કે કેવળજ્ઞાનની પર્યાય કહો, એ પર્યાય પોતે સ્વતંત્રપણે કર્તા થઈને તે પર્યાય ઉત્પન્ન થઈ છે. દ્રવ્યનો આશ્રય હતો માટે થઈ છે, એમ પણ નહિ. આશ્રયનો અર્થ એટલો કે ત્યાં લક્ષ ગયું છે. દ્રવ્ય ઉપર કર્તાપણે સ્વતંત્ર(પણે) ધ્યેયમાં (લક્ષ) ગયું છે. જ્ઞાનનું ધ્યેય ત્રિકાળ દ્રવ્ય છે, એ પર્યાયનું ધ્યેય ત્યાં ગયું છે. એ પણ સ્વતંત્રપણે ગયું છે, આ..હા..હા...! ઝીણી વાતું...! અહીં તો હજી પરનું કરવું ને આ કરીએ ને... (પરની દયા પાળીએ)...! અહીં કહે છે કે, પરને તું મારી શકતો જ નથી ને ! અને કદાચિત્ અજ્ઞાનીને (દયા આદિના) પરિણામ થાય તો તે પરિણામ તેનું પ્રાપ્ય છે, તેનો 'વિકાર' તે નિર્વર્ત્ય છે. જ્ઞાનીનું 'જ્ઞાન' પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય છે. અજ્ઞાનીનો રાગ, દ્વેષ કે મિથ્યાત્વ તે તેનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય છે. આહા..હા...! આવું ઝીણું છે !

શ્રોતા :-- કેટલા દિવસમાં આ બધું સમજાઇ જાય ?

સમાધાન :-- એક અંતર્મુહૂર્તમાં...! એક સમયાંતરમાં અંદર આંતરો પડી જાય છે ! 'શ્રીમદ્'માં આવે છે–'સમયાંતરમાં જ્ઞાન સમ્યક્ થઈ જાય છે.' એ તો પછી ખ્યાલમાં આવતાં ભલે અંતર્મુહૂર્ત લાગે ! આ..હા..હા...! આ હીરા, માણેકને ઉપાડી શકતા નથી, એમ કહે છે. લૌકિકમાં તો એ બોલવાનું કથન છે કે, ઉપાડે છે. એમાં પણ એ સિદ્ધ કરવું છે કે, એની પર્યાય તે કાળે થાય છે, એમ સિદ્ધ કરવું છે. આહા...! ઉપાડે છે, એ (વચન) વ્યવહારથી, તે કાળે તેની પર્યાય થાય છે, (એમ) એ વ્યવહારથી નિશ્ચયને બતાવે છે, આ..હા..હા...! આવું છે...! વ્યવહાર નિશ્ચયને પ્રસિદ્ધ કરે છે. વ્યવહાર, વ્યવહારની પ્રસિદ્ધિ નથી કરતો. ('સમયસાર'ની આઠમી ગાથામાં) આવ્યું નહિ ? '**जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं। तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं।।**' ઉપદેશ અશક્ય છે, એથી કરીને વ્યવહાર આદરણીય છે, એમ નથી. એમાં જ કહ્યું છે કે, વ્યવહાર અનુસરવા લાયક નથી, આ..હા..હા...! આવું ઝીણું...!

છ દ્રવ્યમાંથી એક–એક પર્યાય જે સમયની થવાની તે જ સમયે થાય, નિયત છે, એ નિશ્ચય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. 'ચિદ્દવિલાસ'માં આવે છે, 'ચિદ્દવિલાસ'માં 'નિશ્ચય અધિકાર' આવે છે ને ? ત્યાં આ મૂક્યું છે. જે સમયે જે પર્યાય થાય, તે નિશ્ચય છે. પણ એનું જ્ઞાન કરનાર કોણ ? એનું તાત્પર્ય (શું) ? કે, એની પોતાની પર્યાયમાંથી પણ દૃષ્ટિ છોડી...આ..હા..હા...! અને ગુણ–ગુણીના ભેદની પણ દૃષ્ટિ છોડી...આ..હા..હા...! અભેદ ઉપર દૃષ્ટિ કરે તો તે એનું ફળ છે. કહેવાનો આશય તો આ છે. ગમે તેટલી વાત આવે, લાખ (વાત) આવે...! આવે છે ને 'છ ઢાળા'માં ? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ–ફંદ નિશ્ચય આતમ ઉર ધ્યાવો' આહા..હા...! એ કહે છે. પણ વ્યવહારનાં જ્યાં લખાણ આવે (ત્યાં) પકડે ! 'જુઓ ! સોનગઢવાળા વ્યવહાર લોપ કરી નાખે છે !' પણ વ્યવહાર લોપ કરે ત્યારે નિશ્ચય થાય, વ્યવહાર રાખીને નિશ્ચય ન થાય. વ્યવહારનો લોપ કરે કે, એ (મારું સ્વરૂપ) નહિ અને આ (મારું સ્વરૂપ) છે. ત્યારે જ એને સત્ય વસ્તુ મળે. આહા..હા...! અને તે પણ વ્યવહારની અપેક્ષા છૂટી માટે નિશ્ચય થયો, એમ પણ નથી, આહા..હા...! જેની વર્તમાન પર્યાયના પ્રાપ્યને માટે પરની અપેક્ષા નથી, આહા..હા...!

તે દિ' ત્યાં કહ્યું હતું ને ? 'પંચાસ્તિકાય'ની ૬૨મી ગાથા ! 'વિકાર ષટ્કારકથી પોતાથી પરિણમે એને પર કારકની જરૂર નથી !' ભડક્યા ઘણા...! (ફક્ત એક વિદ્વાને કહ્યું) કે, 'નિશ્ચયથી પરની અપેક્ષા નથી, એમ સ્વામીજી કહે છે ! વિકારને પણ પરની અપેક્ષા નથી.' (વિકાર પોતે) ષટ્કારકપણે પરિણમે–પાઠ દેખો ! (એમ) કીધું. તો (એ કહે), 'એ તો અભેદની વાત છે !' પણ અભેદનો અર્થ શું ? પરની અપેક્ષા જ્યાં નથી, પોતે પોતાથી થાય છે–એનું નામ અભેદ. વિકાર પણ પોતે પોતાથી કરે છે. નહિ કે કર્મનો ઉદય આવ્યો અને કર્મનું જોર આવ્યું માટે વિકાર કરે છે ! બિલકૂલ જૂઠ ! આહા..હા...! એક દ્રવ્યનો ઉદય બીજા દ્રવ્યને અડે નહિ. દરેક દ્રવ્ય પોતાના ગુણ–પર્યાયને ચુંબે. બીજા દ્રવ્યની પર્યાયને પણ ચુંબે નહિ, અડે નહિ, આહા..હા...! સમજાય છે ?

જ્ઞાન છે તે જ્ઞેયને જાણે છતાં જ્ઞેયને અડે નહિ. જ્ઞેય જ્ઞાનમાં જણાય છતાં જ્ઞેય જ્ઞાનને અડે નહિ. એ જ્ઞેયને જાણ્યું એ જ્ઞાન જ્ઞેયનું નથી અને જ્ઞેયને લઈને નથી. એ પોતાની પર્યાયને કારણે તે જ્ઞેય જાણવામાં આવ્યું, તે પોતાનું કાર્ય છે. આહા..હા...!

ત્રણ બોલ અહીં મૂક્યા જોયું ! 'સમયસાર' ૭૬થી ૭૯ (ગાથાના) બોલ અહીં મૂક્યા. કારણ કે ન્યાય પણ એ જ છે ને ! આ..હા..હા...! '**...જ્ઞાનને જ ગ્રહે છે,...**' કેવળજ્ઞાની તો જ્ઞાનપર્યાય છે તેને ગ્રહે છે એટલે ધ્રુવપણે છે, એમ. '**...જ્ઞાનરૂપે જ પરિણમે છે,...**' (અર્થાત્) જ્ઞાનરૂપે એનું પરિણમન છે. પહેલી (પર્યાયથી) ભલે બદલી પણ જ્ઞાનરૂપે જ એનું પરિણમન–વિકાર્ય છે. '**...અને જ્ઞાનરૂપે જ ઊપજે છે.**' આ..હા..હા...! હવે અહીં તો ઘાતિકર્મ ક્ષય થયા માટે જ્ઞાનપર્યાય થઈ, એ પણ નહિ. નીચે (છદ્મસ્થ દશામાં) પણ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો અહીં ક્ષયોપશમજ્ઞાન છે, એમ પણ નહિ. ગજબ વાત...! એ (વાત એક વિદ્વાનને) આકરી પડી હતી. (એમના લખાણમાં) નાખ્યું છે ને ! 'કાનજીસ્વામી એમ કહે છે કે, જ્ઞાનમાં કમી–બેસી થાય છે એ પોતાને કારણે, જ્ઞાનાવરણીય(કર્મથી) નહિ !' જ્ઞાનની હીણી અવસ્થા પણ ષટ્કારકથી પરિણમતી ઊભી થાય છે અને પછી વિશેષ વિકાસ થાય એ પણ પોતે ષટ્કારકના પરિણમનથી થાય છે. એ કર્મને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લઈને–જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન હીણું પડ્યું છે અને એનો ઉઘાડ થાય માટે અહીં ક્ષયોપશમ (વધે), એ બધી નિમિત્તની વાતું (છે).

કોઈપણ દ્રવ્યની પર્યાય બીજી ચીજને લઈને થાય, એમ નથી. કેમકે બીજી ચીજ છે એ પણ એની (પોતાની) પર્યાયને ગ્રહે છે, પરિણમે છે અને નિપજે છે. એમ આત્મા પણ જ્યારે પોતાની વિકારી પર્યાયપણે ઊપજે છે, એ ઊપજે છે એ જ્ઞેય, પરિણમન બદલે છે અને તે ઊપજે છે એ નિપજવું. એક સમયમાં એ પર્યાયના ત્રણ પ્રકાર પડે છે અને એક સમયમાં તેમાં છ કારક આવે છે. આ..હા..હા...! એવા–એવા અનંતા ગુણો ! એની અનંતી પર્યાય ! એક–એક પર્યાયમાં ષટ્કારકપણું ! અને તે પર્યાયમાં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યપણું ! આ..હા..હા...! એવી અનંતી પર્યાય !! એ અનંતી પર્યાયનો એક ગુણ ! અને અનંતગુણનો પિંડ એ દ્રવ્ય, ભગવાન ! બાદશાહ ! આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ બધી તકરાર (ઊભી કરે) 'એ.. એકાંત છે ! સોનગઢનું એકાંત છે... !' સમ્યક્ એકાંત છે, એમ ન કહે ! એને બેઠું ન હોય, શું કરે ? 'જામે જિતની બુદ્ધિ હૈ, ઇતનો દિયો બતાય, વાંકો બૂરો ન માનિયે ઔર કહાંસે લાય' આવી વાત લાવે ક્યાંથી ? તેથી તો બિચારા જે બેઠું હોય એ વાત કરે ! એમાં શું થયું ? ભગવાન છે એ તો ! પર્યાયમાં તો જે વાત બેઠી એ પ્રમાણે કરે, આહા..હા...!

જુઓને ! આમાં કેટલો ખુલાસો આવ્યો ! '**આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે,...**' (કાર્ય છે). કોનું ? ભગવાન કેવળજ્ઞાનીનું ! '**...અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે.**' એ જાણવાની ક્રિયા એ જ્ઞપ્તિ (છે) એ એની પોતાની ક્રિયા છે, આહા...હા...! '**આમ હોવાથી કેવળીભગવાનને બંધ થતો નથી, કારણ કે જ્ઞપ્તિક્રિયા બંધનું કારણ નથી પરંતુ જ્ઞેયાર્થપરિણમન,..**' બંધનું કારણ છે. (અર્થાત્) જ્ઞેયને પ્રયોજને જે પરિણમે તેમાં રાગ આવે, એ બંધનું કારણ છે. આહા..હા...!

'**...જ્ઞપ્તિક્રિયા બંધનું કારણ નથી,...**' આ જ્ઞપ્તિપરિવર્તન (થાય) એ નહિ, હોં...! બારમાં ગુણસ્થાને ક્ષયોપશમ(જ્ઞાન) છે ને એટલે જ્ઞપ્તિપરિવર્તન થાય છે. આ તો એક સમયની જે પર્યાય છે તે જ્ઞપ્તિક્રિયા છે. એમાં પલટવું થાય છે, પણ જેમ (ક્ષયોપશમમાં) ઓછું જ્ઞાન થાય છે માટે એક પર્યાયથી બીજી પર્યાય થાય છે, (એવું અહીં નથી) એમાં ફેર છે. અને આ (કેવળજ્ઞાનનું) પરિણમન તો એકધારા (એક) સરખું છે. આહા...! આવો ઉપદેશ....!

જ્ઞપ્તિ–જાણવાની ક્રિયા એ બંધનું કારણ નથી. '**...પરંતુ જ્ઞેયાર્થપરિણમનક્રિયા,...**' જ્ઞેયાર્થપરિણમન (એટલે) જ્ઞેયને અર્થે પરિણમન (થયું) એમાં રાગ આવ્યો '**....અર્થાત્ જ્ઞેય પદાર્થો સન્મુખ વૃત્તિ થવી,...**' (અર્થાત્) જાણવા યોગ્ય પદાર્થની સન્મુખ વૃત્તિ થવી. કેવળજ્ઞાન(ની) પદાર્થને જાણવા સન્મુખ વૃત્તિ નથી, આ..હા..હા...! પોતાની સન્મુખ વૃત્તિ છે ! આ..હા..હા...! '**...(–જ્ઞેય પદાર્થો પ્રતિ પરિણમવું) તે બંધનું કારણ છે.**' આ..હા..હા...!

'(**હવે પૂર્વોક્ત આશયને કાવ્યદ્વારા કહી, કેવળજ્ઞાની આત્માનો મહિમા કરી, આ જ્ઞાન–અધિકાર પૂર્ણ કરવામાં આવે છે :**)' પછી સુખનો અધિકાર લેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(स्रग्धरा)

**जानन्नप्येष विश्वं युगपदपि भवद्भाविभूतं समस्तं।**
**मोहाभावाद्यदात्मा परिणमति परं नैव निर्लूनकर्मा।**
**तेनास्ते मुक्त एव प्रसभविकसितज्ञप्तिविस्तारपीत-**
**ज्ञेयाकारां त्रिलोकीं पृथगपृथगथ द्योतयन् ज्ञानमूर्तिः।।४।।**

**– इति ज्ञानाधिकारः।**

ઓ..હો..હો...! મુનિઓની પણ ક્ષયોપશમ દશા કેટલી ! જુઓ ! આહા..હા...! **'જેણે કર્મોને છેદી નાખ્યા છે,...'** એ વ્યવહારથી (કથન છે). **'...એવો આ આત્મા,...'** 'તત્ત્વ મિમાંસા'માં નાખ્યું છે ને ! 'મોહાદિ ક્ષયાત્ કેવળજ્ઞાન થાય છે.' 'તત્ત્વાર્થસૂત્ર'નું વચન છે. ત્યારે એમણે નાખ્યું છે કે, ક્ષાયિક(જ્ઞાન) થાય તો ત્યાં શું થયું ? મોહનો ક્ષય થઈને કર્મ પરમાણુ અકર્મપણે પરિણમ્યા. જે કર્મપણે હતા એ અકર્મપણે પરિણમ્યા. એમાં એને લઈને કેવળજ્ઞાન થયું એમ ક્યાં આવ્યું ? આહા..હા...! ઘાતિકર્મ(ની) પર્યાયનો નાશ થયો તો એ પર્યાયનો નાશ થઈને અકર્મરૂપે પર્યાય પરિણમી. પણ એનો નાશ થઈને અહીં કેવળજ્ઞાન ઊપજે એમ ક્યાં આવ્યું ? આ..હા..હા...! છતાં અહીંયાં નિમિત્તથી વાત કરે છે (કે) **'...કર્મોને છેદી નાખ્યાં છે,...'** બાકી આત્મા કર્મોને છેદી શકતો નથી.

**'...એવો આ આત્મા ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણે કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને),...'** **'विश्वं'** છે ને ? **'जानन्नप्येष विश्वं'** ! (તેનો અર્થ કરે છે). આહા..હા...! **'...યુગપદ્ જાણતો હોવા છતાં,...'** (અર્થાત્) એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના, ભવિષ્ય અને ભૂતને પણ એક સમયમાં વર્તમાન વિદ્યમાન કરીને જાણે છે, આ..હા..હા...! એ પહેલાં આવી ગયું છે. ભૂત–ભવિષ્યની પર્યાયની અપેક્ષાએ (તે પર્યાયો વર્તમાનમાં) અસદ્ભૂત હોવા છતાં પણ જ્ઞાનમાં તો પ્રત્યક્ષ વિદ્યમાન છે. એ અપેક્ષાએ તેને ભૂતાર્થ કહેવામાં આવે છે, આ..હા..હા...! ખરેખર અસદ્ભૂત છે (કેમકે) ભૂત અને ભવિષ્યની પર્યાય અત્યારે છે નહિ. એ અસદ્ભૂત પણ જ્ઞાનપ્રત્યક્ષમાં પ્રત્યક્ષ જણાય છે ! આ..હા..હા...! માટે જ્ઞાનની અપેક્ષાએ તેને વિદ્યમાન છે, એમ કહેવામાં આવે છે. આહા..હા...! એ શ્લોક પહેલા આવી ગયો છે.

**'...યુગપદ્ જાણતો હોવા છતાં મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી, તેથી હવે જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે,...'** (અર્થાત્) જ્ઞેયનું જેવું સામર્થ્ય છે તેટલું જ્ઞાનમાં આવી ગયું છે ! જ્ઞાન પી ગયું એને ! આ..હા..હા...! **'...એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.'** (અર્થાત્) ભિન્ન (પૃથક્ પદાર્થને) પણ પ્રકાશે છે અને પોતે અપૃથક્ છે તેને પણ પ્રકાશે છે. પોતાથી ભિન્ન છે તેને પણ પોતામાં રહીને પ્રકાશે છે અને પોતાના દ્રવ્ય અને અનંત ગુણનો મોટો ભંડાર છે, તેને પણ પ્રકાશે છે. **'આ રીતે જ્ઞાન–અધિકાર પૂર્ણ થયો.'** લ્યો !

❀ ❀ ❀

Please inform us of any errors on rajesh@AtmaDharma.com




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Please inform us of any errors on rajesh@AtmaDharma.com